

નમો અરિહંતાણં

નમો સિધ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવજઝાયાણં

નમો લેએ સવ્વ સાહુણં

એસો પંચ નમુકકારો

સવ્વ પાવપ્પણાસણો

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

**DVD No. 2**
(Gujarati Edition)

**:: યોજનાના આયોજક ::**

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# SHRI STHANANG SUTRA



PART : 05

# શ્રી સ્થાનાંગ સૂત્ર : ભાગ– ૦૫

जैनाचार्य–जैनधर्मदिवाकर–पूज्यश्री–घासीलालजी–महाराज-

विरचितया सुधाख्यया व्याख्यया समलङ्कृतं

हिन्दी–गुर्जर-भाषाऽनुवादसहितम्

# ॥ श्री-स्थानाङ्गसूत्रम् ॥

(पञ्चमो भागः)

# STHANANGA SUTRAM

नियोजक :

संस्कृत–प्राकृतज्ञ–जैनागमनिष्णात–प्रियव्याख्यानि
पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

स्व. श्रीमान् श्री महेता पुरुषोत्तमदास गुलाबचंदभाईना धर्म-
पत्नी गं.स्व. जीवकोरबाना स्मरणार्थे-घाटकोपर मुंबईनिवासि
महेता माणेकलाल अमुलखराय–तत्प्रदत्त द्रव्यसाहाय्येन
अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमिति प्रमुखः
श्रेष्ठि–श्रीशान्तिलाल–मङ्गलदासभाई–महोदयः
मु० राजकोट

| प्रथमा–आवृत्तिः | वीर–संवत् | विक्रम–संवत् | ईसवीसन् |
| --- | --- | --- | --- |
| प्रति १२०० | २४९२ | २०२२ | १९६६ |

मूल्यम्–रू० २५–०–०

મળવાનું ઠેકાણું :
શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ,
ઠે. ગરેડિયા કૂવા રોડ,
રાજકોટ, ( સૌરાષ્ટ્ર ).

Published by :
Shri Akhil Bharat S. S.
Jain Shastroddhara Samiti,
Garedia Kuva Road, RAJKOT,
(Saurashtra), W. Ry, India.

卐

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां,
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः ।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा,
कालोह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥ १ ॥

卐

हरिगीतच्छन्दः

卐

करते अवज्ञा जो हमारी यत्न ना उनके लिये ।
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये ॥
जनमेगा मुझसा व्यक्ति कोई तत्त्व इससे पायगा ।
है काल निरवधि विपुलपृथ्वी ध्यान में यह लायगा ॥ १ ॥

મૂલ્યઃ રૂ. ૨૫=૦૦

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૨૦૦
વીર સંવત્ ૨૪૯૨
વિક્રમ સંવત્ ૨૦૨૨
ઇસવીસન ૧૯૬૬

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઇંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઇન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઇચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रात: ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

સ્થાનાંગ સૂત્ર ભાગ ૫ કી

# વિષયાનુક્રમણિકા

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|

## આઠવાં સ્થાન


| | | |
|---|---|---|
| ૧ | આઠવેં સ્થાનકા વિષય વિવરણ | ૧ |
| ૨ | એકલવિહારી સાધુકે સ્વરૂપકા વર્ણન | ૧ |
| ૩ | યોનિસંગ્રહ ઔર ગતિઆગતિકા નિરૂપણ | ૩ |
| ૪ | કર્મપ્રકૃતિકે ચયાદિકા નિરૂપણ | ૪ |
| ૫ | માયાવી કે માયાકે આલોચનકા નિરૂપણ | ૬ |
| ૬ | માયાવી સાધુકે સ્વરૂપકા નિરૂપણ | ૮ |
| ૭ | અનાલોચિત–અપ્રતિક્રાન્ત માયાવી કે ઉપપાતકી ગર્હણાકા નિરૂપણ | ૧૧ |
| ૮ | અનાલોચિત–અપ્રતિક્રાન્ત માયાવીકી આયતિકી ગર્હણાકા નિરૂપણ | ૧૨ |
| ૯ | આલોચિત–પ્રતિક્રાન્ત માયાવી કે ઉપપાતકી પ્રશંસા | ૧૩ |
| ૧૦ | આલોચિત–પ્રતિક્રાન્ત માયાવીકી આયતિકી પ્રશંસા | ૧૫ |
| ૧૧ | સંવરાસંવરકા નિરૂપણ | ૧૭ |
| ૧૨ | આઠ પ્રકારકી લોકસ્થિતિકા નિરૂપણ | ૧૮ |
| ૧૩ | આઠ પ્રકારકી ગણિસંપદાકા નિરૂપણ | ૧૯ |
| ૧૪ | મહાનિધિકા નિરૂપણ | ૨૦ |
| ૧૫ | ઈર્યાસમિત્યાદિ ભાવનિધિકા નિરૂપણ | ૨૧ |
| ૧૬ | આલોચના દેનેવાલે આચાર્ય ઔર લેનેવાલે સાધુકે પ્રાયશ્ચિત્તકા નિરૂપણ | ૨૨ |
| ૧૭ | આઠ પ્રકારકે મદસ્થાનોંકા નિરૂપણ | ૨૭ |
| ૧૮ | આઠ પ્રકારકે અક્રિયાવાદિયોંકા નિરૂપણ | ૨૭ |
| ૧૯ | પાપશાસ્ત્રોંકા નિરૂપણ | ૩૬ |
| ૨૦ | વચનવિભક્તિકે સ્વરૂપકા નિરૂપણ | ૩૮ |
| ૨૧ | આયુર્વેદકે સ્વરૂપકા નિરૂપણ | ૪૦ |
| ૨૨ | શક્રાદિ દેવેન્દ્રોંકી અગ્રમહિષિયોંકા નિરૂપણ | ૪૧ |
| ૨૩ | અસમારંભ ઔર સમારંભસે સંયમાસંયમકા નિરૂપણ | ૪૨ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૪ | આઠ પ્રકારકે સુક્ષ્મજીવોંકા નિરૂપણ | ૪૩ |
| ૨૫ | સિદ્ધકે સ્વરૂપકા નિરૂપણ | ૪૪ |
| ૨૬ | દર્શનોં કે સ્વરૂપકા નિરૂપણ | ૪૫ |
| ૨૭ | અદ્ધૌપમ્ય કાલકે સ્વરૂપકા નિરૂપણ | ૪૬ |
| ૨૮ | ભગવાન્ મહાવીરકે દ્વારા પ્રવ્રજિત હુએ આઠ રાજાઓંકા નિરૂપણ | ૪૭ |
| ૨૯ | આહાર કે સ્વરૂપકા નિરૂપણ | ૫૦ |
| ૩૦ | કૃષ્ણરાજી ઔર તદ્દગત લોકાન્તિક વિમાન ઔર દેવોંકે સ્વરૂપ નિરૂપણ | ૫૦ |
| ૩૧ | ધર્માદિ ચારકે મધ્યભાગકા આઠસ્થાનોંસે નિરૂપણ | ૫૩ |
| ૩૨ | ભવિષ્યકે તીર્થકર દ્વારા પ્રવ્રજિત હોનેવાલે રાજાઓંકા નિરૂપણ | ૫૩ |
| ૩૩ | કૃષ્ણકી અગ્રમહિષિયોંકા નિરૂપણ | ૫૩ |
| ૩૪ | આઠ પ્રકારકે ગતિકા નિરૂપણ | ૫૪ |
| ૩૫ | અન્તર્દ્વીપોંકા નિરૂપણ | ૫૫ |
| ૩૬ | ચક્રવર્તીકે રત્નવિશેષકા નિરૂપણ | ૫૬ |
| ૩૭ | યોજનકે પ્રમાણકા નિરૂપણ | ૫૬ |
| ૩૮ | જમ્બૂસ્વામી આદિકોંકા નિરૂપણ | ૫૭ |
| ૩૯ | જમ્બૂ મન્દરમેં રહી અન્ય વસ્તુઓંકા નિરૂપણ | ૫૮ |
| ૪૦ | તીર્થકરકે સ્વરૂપકા નિરૂપણ | ૬૦ |
| ૪૧ | દીર્ઘવૈતાઢય આદિકોંકા નિરૂપણ | ૬૧ |
| ૪૨ | મન્દર ચૂલિકાકા નિરૂપણ | ૬૩ |
| ૪૩ | ક્ષેત્રાધિકારસે જમ્બૂદ્વીપાન્તર્ગત પદાર્થોકા નિરૂપણ | ૬૪ |
| ૪૪ | પર્વતકે ઊપર રહે કૂટોંકા નિરૂપણ | ૬૪ |
| ૪૫ | દેવકલ્પ ઔર દેવેન્દ્રોંકે વિમાનકા નિરૂપણ | ૬૮ |
| ૪૬ | તપોવિશેષકા નિરૂપણ | ૬૯ |
| ૪૭ | સંસારસમાપન્નક જીવોંકા નિરૂપણ | ૭૦ |
| ૪૮ | આઠ પ્રકારકે સંયમોંકે સ્વરૂપકા નિરૂપણ | ૭૧ |
| ૪૯ | આઠ પ્રકારકી પૃથિવીકે સ્વરૂપકા નિરૂપણ | ૭૩ |
| ૫૦ | શુભાનુષ્ઠાન શ્રવણસે આઠ સ્થાનોંકે સ્વરૂપકા નિરૂપણ | ૭૪ |
| ૫૧ | મહાશુક્ર સહસ્ત્રાર વિમાન કે ઉચ્ચત્વકા નિરૂપણ | ૭૫ |
| ૫૨ | આઠ પ્રકારકે સામાયિક ઔર કેવલી સમુદ્દ્યાતકા નિરૂપણ | ૭૬ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|


૫૩ દેવતાઓંકે સ્વરૂપકા નિરૂપણ ૭૭
૫૪ નક્ષત્રોંકે સ્વરૂપકા નિરૂપણ ૭૮
૫૫ પુરૂષવેદનીય કર્મકે સ્વરૂપકા નિરૂપણ ૭૯
૫૬ પુદ્ગલોંકે ચય ઔર ઉપચયકા નિરૂપણ ૮૦


## નવવેં સ્થાનકા પ્રારંભ


૫૭ સાંભોગિકોંકો વિસાંભોગિક કરનેકા નિરૂપણ ૮૦
૫૮ આચારાંગકે બ્રહ્મચર્યરૂપ નવ અધ્યયનોંકા નિરૂપણ ૮૧
૫૯ બ્રહ્મચર્ય ગુપ્તિ કે સ્વરૂપકા નિરૂપણ ૮૩
૬૦ બ્રહ્મચર્ય કે નવવિધ અગુપ્તિ કે સ્વરૂપકા નિરૂપણ ૮૬
૬૧ નવ પ્રકારકે સદ્ભાવ પદાર્થકા નિરૂપણ ૮૭
૬૨ નવ પ્રકારકે સંસારી જીવોંકે ગતિઆગતિ આદિકા નિરૂપણ ૮૭
૬૩ જીવોંકે રોગોત્પત્તિકે નિમિત્તકા નિરૂપણ ૮૯
૬૪ આંતરરોગકે કારણકા નિરૂપણ ૯૦
૬૫ ચન્દ્રયોગીનક્ષત્રોંકા નિરૂપણ ૯૨
૬૬ વર્તમાન અવસર્પિણીમેં બલદેવ વાસુદેવકે પિતાકા નિરૂપણ ૯૩
૬૭ ચક્રવર્તીકે મહાનિધિકા નિરૂપણ ૯૪
૬૮ નવપ્રકારકે વિકૃતિકે નામકા નિરૂપણ ૯૮
૬૯ શરીરકે નવ છિદ્રોંકા નિરૂપણ ૯૯
૭૦ નવ પ્રકારકે પુણ્યકા નિરૂપણ ૯૯
૭૧ પાપકે કારણોંકા નિરૂપણ ૧૦૦
૭૨ પાપશ્રુતકા નિરૂપણ ૧૦૧
૭૩ નિપુણ પુરૂષકા નિરૂપણ ૧૦૨
૭૪ સાધુકે ગણકા નિરૂપણ ૧૦૩
૭૫ નવકોટિ (નવવાડ) સે શુદ્ધ ભિક્ષાકા નિરૂપણ ૧૦૪
૭૬ ઈશાન દેવેન્દ્રકે અગ્રમહિષીકા નિરૂપણ ૧૦૪
૭૭ દેવનિકાયકે સ્વરૂપકા નિરૂપણ ૧૦૫
૭૮ અવ્યાબાધ દેવકે ગ્રૈવેયક વિમાન પ્રસ્તરકા નિરૂપણ ૧૦૫
૭૯ આયુકે પરિણામકા નિરૂપણ ૧૦૬
૮૦ ભિક્ષુપ્રતિમાકે સ્વરૂપકા નિરૂપણ ૧૦૭
૮૧ પ્રાયશ્ચિતકે સ્વરૂપકા નિરૂપણ ૧૦૭

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૮૨ | દક્ષિણ ભરતમેં રહે હુવે સિદ્ધાદિકૂટોંકા નિરૂપણ | ૧૦૮ |
| ૮૩ | આંતરરોગકે કારણ કર્મવિશેષકા નિરૂપણ | ૧૦૮ |
| ૮૪ | તીર્થંકરાદિકે નામ ગોત્રપ્રાપ્ત કરનેવાલે શ્રેણિક આદિકોંકા નિરૂપણ | ૧૧૧ |
| ૮૫ | ભાવી મધ્યમતીર્થંકર કેવલીકે સ્વરૂપકા નિરૂપણ | ૧૧૧ |
| ૮૬ | શ્રેણિકકે તીર્થંકરત્વકા નિરૂપણ | ૧૧૫ |
| ૮૭ | મહાપદ્મજિનકે દ્વારા પ્રરૂપિત હોનેવાલે આરમ્ભ આદિ સ્થાનોંકા નિરૂપણ | ૧૨૭ |
| ૮૮ | નક્ષત્રવિશેષકા નિરૂપણ | ૧૨૭ |
| ૮૯ | કલ્પવિશેષ મેં રહે હુએ વિમાનકી સંખ્યાકા નિરૂપણ | ૧૨૭ |
| ૯૦ | ઋષભ કુલકર વિશેષ ઋષભ પ્રવર્તિત પ્રવૃત્તિકા નિરૂપણ | ૧૨૮ |
| ૯૧ | ગ્રહ વિશેષવીથિ પ્રમાણકા નિરૂપણ | ૧૨૮ |
| ૯૨ | નવ પ્રકારકે નો કષાયકા નિરૂપણ | ૧૨૯ |
| ૯૩ | કુલકરકે કોટિકા નિરૂપણ | ૧૨૯ |
| ૯૪ | પુદ્ગલકે સ્વરૂપકા નિરૂપણ | ૧૩૦ |


**દશવેં સ્થાનકા પ્રારમ્ભ**


| | | |
|---|---|---|
| ૯૫ | દશવેં સ્થાનકા વિષય વિવરણ | ૧૩૦ |
| ૯૬ | લોકસ્થિતિકા નિરૂપણ | ૧૩૦ |
| ૯૭ | શબ્દભેદકા નિરૂપણ | ૧૩૨ |
| ૯૮ | દશ પ્રકારકે ઈન્દ્રિયાર્થો કા નિરૂપણ | ૧૩૩ |
| ૯૯ | પુદ્ગલકે સ્વરૂપકા નિરૂપણ | ૧૩૪ |
| ૧૦૦ | ક્રોધકે ઉત્પત્તિકે કારણકા નિરૂપણ | ૧૩૬ |
| ૧૦૧ | સંયમાદિ નિરૂપણ | ૧૩૭ |
| ૧૦૨ | અસંવરકા વિશેષ પકારકા કથન | ૧૩૮ |
| ૧૦૩ | સમાધિ ઔર અસમાધિકા નિરૂપણ | ૧૩૯ |
| ૧૦૪ | દશ પ્રકારકી પ્રવૃજ્યાકા નિરૂપણ | ૧૪૦ |
| ૧૦૫ | દશ પ્રકારકે શ્રમણધર્મકા નિરૂપણ | ૧૪૧ |
| ૧૦૬ | દશ પ્રકારકી વૈયાવ્રત્યકા નિરૂપણ | ૧૪૨ |
| ૧૦૭ | જીવકે પરિણામકા નિરૂપણ | ૧૪૨ |
| ૧૦૮ | અજીવકે પરિણામકા નિરૂપણ | ૧૪૬ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૦૯ | અસ્વાધ્યાયકે સ્વરૂપકા નિરૂપણ | ૧૫૦ |
| ૧૧૦ | સંયમાસંયમકે સ્વરૂપકા નિરૂપણ | ૧૫૪ |
| ૧૧૧ | સુક્ષ્મકે સ્વરૂપકા નિરૂપણ | ૧૫૪ |
| ૧૧૨ | ગંગાસિંધુ વગૈરહ નદિયોંમેં આત્મસમર્પણ કરનેવાલી નદીકા નિરૂપણ | ૧૫૬ |
| ૧૧૩ | ભરતક્ષેત્રગત રાજધાનીકા નિરૂપણ | ૧૫૬ |
| ૧૧૪ | જમ્બૂદ્વીપગત મેરૂકે ઉદ્વેધ આદિકા નિરૂપણ | ૧૫૭ |
| ૧૧૫ | જમ્બૂમન્દર ગત આઠ પ્રદેશવાલે રૂચક પર્વતકા નિરૂપણ | ૧૫૮ |
| ૧૧૬ | લવણસમુદ્રગત ગોતીર્થ રહિત ક્ષેત્રકા નિરૂપણ | ૧૫૯ |
| ૧૧૭ | ધાતકી ખણ્ડગત મંદરપર્વતકે ઉદ્વેધ આદિકા નિરૂપણ | ૧૬૦ |
| ૧૧૮ | જમ્બૂ દ્વીપગત ભરતાદિ દશક્ષેત્રકા નિરૂપણ | ૧૬૦ |
| ૧૧૯ | અંજનક પર્વત આદિકે ઉદ્વેધ આદિકા નિરૂપણ | ૧૬૧ |
| ૧૨૦ | રૂચકવર કુણ્ડલવર પર્વતકે ઉદ્વેધ આદિકા નિરૂપણ | ૧૬૨ |
| ૧૨૧ | દ્રવ્યાનુયોગકે સ્વરૂપકા નિરૂપણ | ૧૬૩ |
| ૧૨૨ | ચમરાદિ અચ્યુતેન્દ્ર આદિકે ઉત્પાત પર્વતકા નિરૂપણ | ૧૬૮ |
| ૧૨૩ | યોજન સહસ્ત્રાત્મક અવગાહનાકા નિરૂપણ | ૧૭૫ |
| ૧૨૪ | દશ પ્રકારકે અન્તકે સ્વરૂપકા નિરૂપણ | ૧૭૬ |
| ૧૨૫ | પૂર્વગતશ્રુતકા નિરૂપણ | ૧૭૭ |
| ૧૨૬ | દશ પ્રકારકી પ્રતિસેવનાકા નિરૂપણ | ૧૭૮ |
| ૧૨૭ | આલોચનામેં ત્યાગને યોગ્ય દોષોંકા નિરૂપણ | ૧૮૦ |
| ૧૨૮ | આલોચના દેનેવાલે ઔર લેનેવાલેકે ગુણકા નિરૂપણ | ૧૮૧ |
| ૧૨૯ | પ્રાયશ્ચિત્તકે સ્વરૂપકા નિરૂપણ | ૧૮૫ |
| ૧૩૦ | મિથ્યાત્વકા નિરૂપણ | ૧૮૬ |
| ૧૩૧ | વાસુદેવ સમ્બન્ધી વક્તવ્ય નિરૂપણ | ૧૮૭ |
| ૧૩૨ | ભવનવાસી દેવકા નિરૂપણ | ૧૮૮ |
| ૧૩૩ | દશ પ્રકારકે સુખકા નિરૂપણ | ૧૮૯ |
| ૧૩૪ | ઉપઘાત ઔર વિશોધિકે સ્વરૂપકા કથન | ૧૯૦ |
| ૧૩૫ | સંક્લેશ ઔર અસંક્લેશકે સ્વરૂપકા કથન | ૧૯૪ |
| ૧૩૬ | દશ પ્રકારકે બલકા નિરૂપણ | ૧૯૫ |
| ૧૩૭ | સત્યમૃષા આદિકા નિરૂપણ | ૧૯૭ |
| ૧૩૮ | દષ્ટિવાદકે નામકા નિરૂપણ | ૨૦૨ |
| ૧૩૯ | દશ પ્રકારકે શસ્ત્રકા નિરૂપણ | ૨૦૫ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૪૦ | વાગ્ (વાણી–વચન) યોગકા નિરૂપણ | ૨૧૪ |
| ૧૪૧ | દાનકે ભેદોંકા કથન | ૨૨૧ |
| ૧૪૨ | ગતિ કે ભેદોંકા નિરૂપણ | ૨૨૩ |
| ૧૪૩ | દશ પ્રકારકે મુણ્ડકે સ્વરૂપકા કથન | ૨૨૪ |
| ૧૪૪ | દશ પ્રકારકે સંખ્યાનકા નિરૂપણ | ૨૨૫ |
| ૧૪૫ | દશ પ્રકારકે પ્રત્યાખ્યાનકા નિરૂપણ | ૨૨૭ |
| ૧૪૬ | દશ પ્રકારકી સામાચારીકા નિરૂપણ | ૨૨૯ |
| ૧૪૭ | મહાવીર ભગવાનકે દશ મહાસ્વપ્નોંકા નિરૂપણ | ૨૩૩ |
| ૧૪૮ | દશ મહાસ્વપ્નકે ફલકા નિરૂપણ | ૨૩૪ |
| ૧૪૯ | સરાગ સમ્યગ્દર્શનકા નિરૂપણ | ૨૩૬ |
| ૧૫૦ | દશ પ્રકારકી સંજ્ઞાઓંકા નિરૂપણ | ૨૩૯ |
| ૧૫૧ | નૈરયિકોંકી દુઃખવેદનાકા નિરૂપણ | ૨૪૧ |
| ૧૫૨ | અમૂર્ત અર્થકો જિન હી જાનતેં હૈ એસા નિરૂપણ | ૨૪૨ |
| ૧૫૩ | જિનપ્રણીત પરોક્ષાર્થ પ્રદર્શક શ્રુતવિશેષકા નિરૂપણ | ૨૪૩ |
| ૧૫૪ | નારકાદિ જીવકે દ્રવ્યભેદકા નિરૂપણ | ૨૪૬ |
| ૧૫૫ | ભદ્રકર્મકારીકે કારણકા નિરૂપણ | ૨૪૯ |
| ૧૫૬ | આશંસા યોગકા નિરૂપણ | ૨૫૨ |
| ૧૫૭ | દશ પ્રકારકે ધર્મકા નિરૂપણ | ૨૫૩ |
| ૧૫૮ | દશ પ્રકારકે સ્થવિરોંકા નિરૂપણ | ૨૫૫ |
| ૧૫૯ | પુત્રકે ભેદોંકા નિરૂપણ | ૨૫૫ |
| ૧૬૦ | દશ પ્રકારકે અનુત્તરકા નિરૂપણ | ૨૫૭ |
| ૧૬૧ | મનુષ્ય ક્ષેત્રાદિકા નિરૂપણ | ૨૫૮ |
| ૧૬૨ | દુષ્ષમ સુષમાકે પરિજ્ઞાનકે પ્રકારકા નિરૂપણ | ૨૫૯ |
| ૧૬૩ | સુષમસુષમાકે કુછ વિશેષ કથન | ૨૬૦ |
| ૧૬૪ | દશ કુલકરોંકે નામકા નિરૂપણ | ૨૬૧ |
| ૧૬૫ | દશ પ્રકારકે વક્ષસ્કાર પર્વતકા નિરૂપણ | ૨૬૧ |
| ૧૬૬ | કલ્પકે સ્વરૂપકા નિરૂપણ | ૨૬૨ |
| ૧૬૭ | દશ પ્રકારકે પ્રતિમાકે સ્વરૂપકા નિરૂપણ | ૨૬૩ |
| ૧૬૮ | જીવકે ભેદકા નિરૂપણ | ૨૬૫ |
| ૧૬૯ | સંસારી જીવકે અવસ્થાકા નિરૂપણ | ૨૬૬ |
| ૧૭૦ | વનસ્પતિકી અવસ્થાકા નિરૂપણ | ૨૬૯ |
| ૧૭૧ | વિદ્યાધર શ્રેણિયોંકે વિષ્કમ્ભમાનકા નિરૂપણ | ૨૬૯ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૭૨ | દેશવાસ વિશેષકા નિરૂપણ | ૨૭૦ |
| ૧૭૩ | તેજોનિસર્ગકા નિરૂપણ | ૨૭૦ |
| ૧૭૪ | દશ પ્રકારકે આશ્ચર્યકા નિરૂપણ | ૨૭૪ |
| ૧૭૫ | રત્નપ્રભા પૃથ્વીકે સંબંધકા કથન | ૨૭૭ |
| ૧૭૬ | રત્નપ્રભાકે આધેયભૂત દ્વીપાદિકા નિરૂપણ | ૨૭૮ |
| ૧૭૭ | જ્ઞાનકે વૃદ્ધિ કરનેવાલે નક્ષત્રોંકા નિરૂપણ | ૨૭૯ |
| ૧૭૮ | કુલકોટી સૂત્રકા નિરૂપણ | ૨૭૯ |
| ૧૭૯ | ચયાદિકા નિરૂપણ | ૨૮૦ |
| ૧૮૦ | શાસ્ત્રપ્રશસ્તિ | ૨૮૩ |


**॥ સમાપ્ત ॥**

## આઠમા સ્થાનના પહેલા ઉદ્દેશાનો પ્રારંભ

સાતમાં સ્થાનનું નિરૂપણુ પૂરૂં કરીને હવે સૂત્રકાર ક્રમપ્રાપ્ત આઠમાં સ્થાનની શરૂઆત કરે છે- તેનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે–"अट्ठहिं ठाणेहिं" ઇત્યાદિ. આ સૂત્રનો આગલા સ્થાનના છેલ્લા સૂત્ર સાથે આ પ્રકારનો સંબંધ છે–આગલા સ્થાનના છેલ્લા સૂત્રમાં પુદ્‌ગલોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે પુદ્‌ગલો વડે જ કર્મ બને છે અથવા તે પુદ્‌ગલો કર્મરૂપ પણુ હોય છે. પ્રતિમાયુક્ત (અભિગ્રહધારી) મુનિ વડે તે કર્મરૂપ પુદ્‌ગલોની નિર્જરા વિશેષ રૂપે થાય છે. તેથી હવે સૂત્રકાર એકલવિહાર પ્રતિમાને યોગ્ય પુરુષનું નિરૂપણુ કરે છે–" अट्ठहिं ठाणेहिं संपन्ने " ઇત્યાદિ—(સૂ. ૧)

### એકલવિહારી સાધુકે સ્વરૂપકા વર્ણન

ટીકાર્થ—" अट्ठहिं ठाणेहिं संपन्ने ' ઇત્યાદિ

આઠ સ્થાનોથી (ગુણોથી) યુક્ત અણુગાર એકલ વિહાર પ્રતિમાથી યુક્ત થઈને એકલ વિહાર કરવાને યોગ્ય બને છે. આ કથનનો ભાવાર્થ એ છે કે આઠ ગુણોથી યુક્ત સાધુ જ એકલ વિહાર કરી શકે છે. ગચ્છથી–સાધુઓના સંઘથી–અલગ થઇને ગ્રામાદિકોમાં વિહાર કરવો તેનું નામ એકલ વિહાર પ્રતિમા છે. એવી તે એકલવિહાર પ્રતિમા જિનકલ્પ પ્રતિમારૂપ માસિકી આદિ ભિક્ષુપ્રતિમારૂપ હોય છે. જે મુનિ આઠ ગુણોથી સંપન્ન હોય છે. એજ એકલવિહારરૂપ પ્રતિમા (અભિગ્રહ) નો સ્વીકાર કરીને એકલ-વિહાર કરવાને પાત્ર ગણાય છે. જે સાધુ આ આઠ ગુણોથી યુક્ત હોતો નથી તે એકલવિહાર પ્રતિમાને અંગીકાર કરીને એકલવિહાર કરવાને પાત્ર ગણાતો નથી. તે આઠ ગુણ નીચે પ્રમાણે સમજવા—

(૧) શ્રદ્ધિ પુરુષ જાત—તત્ત્વ વિષયક શ્રદ્ધાનું નામ શ્રદ્ધિ છે. તેનું બીજુ નામ આસ્તિકય (આસ્તિકતા) પણુ છે. અથવા અનુષ્ઠાન વિષયક જે પોતાની અભિલાષા છે તેનું નામ શ્રદ્ધી છે. તેનાથી યુક્ત જે પુરુષ હોય છે તેને શ્રદ્ધિ પુરુષ જાત કહે છે. સકલ સુરેન્દ્રો દ્વારા ચલાયમાન કરવામાં આવે તો પણુ જે પુરુષ ગૃહીત સમ્યકત્વમાંથી ચલાયમાન થતો નથી, પરન્તુ મેરુના જેવો અડગ રહે છે, એવા પુરુષને આ ગુણુથી સંપન્ન માનવામાં આવે છે. (૨) सत्यं पुरुषजातम्—જે પુરુષ પોતાના ચારિત્રના નિર્વાહમાં શૂરવીર હોવાને કારણે સત્યવાદી હોય છે, અથવા જે પુરુષ જીવોનું ભલુ કરવાને તત્પર રહેતો હોય છે, એવા પુરુષને જ સત્ય પુરુષ જાત કહે છે.

તે પુરુષની એવી ભાવના રહે છે કે "મારા દ્વારા કોઈ પણ જીવને સહેજ પણ દુઃખ પહોંચવું જોઈએ નહી, પરન્તુ મારા દ્વારા સૌનું ભલું જ થવું જોઇએ."

(૩) મેધાવી પુરુષ જાત—ધારણાવાળી બુદ્ધિનું નામ મેધા છે. એવી બુદ્ધિથી જે પુરુષ યુક્ત હોય છે તેને મેધાવી પુરુષ કહે છે. અથવા મર્યાદાને અનુકૂલ પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ ચલાવનાર જે પુરુષ છે તેને મેધાવી પુરુષ કહે છે. એવા મેધાવી પુરુષ વિશેષને મેધાવી પુરુષ જાત કહે છે.

(૪) બહુશ્રુત પુરુષ જાત—સૂત્ર અને અર્થની અપેક્ષાએ જે આગમનો વિશેષ જ્ઞાતા હોય છે તેને બહુશ્રુત કહે છે. એવો બહુશ્રુત અધિકમાં અધિક દસ પૂર્વ કરતાં સહેજ ન્યૂન શ્રુતનો અને ઓછામાં ઓછો નવમાં પૂર્વની ત્રીજી આચાર વસ્તુ પર્યન્તનો જ્ઞાતા હોય છે,

(૫) શક્તિમાન—તપ આદિ રૂપ પાંચ સામર્થ્યથી જે પુરુષ વિશેષ યુક્ત હોય છે, તેને શક્તિમાન કહે છે. કહ્યું પણ છે કે—

"तवेण सत्तेण सुत्तेण" ઈત્યાદિ—

જે સાધુ જિનકલ્પ પ્રતિમારૂપ એકલવિહાર કરવા માગતો હોય, તે તપ, સત્ત્વ, સૂત્ર, એકત્વ અને બલથી સંપન્ન હોવો જોઈએ એટલે કે પ્રખર તપસ્વી, દૃઢ સત્ત્વધારી, સૂત્રનો પ્રખર જ્ઞાતા, અને શારીરિક બળથી યુક્ત હોય એવા પુરુષને જ શક્તિમાન કહે છે અને એવો જ એકલ વિહાર કરવાને પાત્ર ગણાય છે.

(૬) અલ્પાધિકરણ—જે પુરુષમાં કલહ કરવાનો સ્વભાવ હોતો નથી, એવા પુરુષને અલ્પાધિકરણ સંપન્ન કહે છે. અહી અલ્પપદ અવિદ્યમાનના અર્થનું દ્યોતક છે.

(૭) ધૃતિમાન—જે પુરુષ વિશેષ રતિ અરતિ, અનુકૂળ અને પ્રતિકૂળ, પરીષહ અને ઉપસર્ગોને સહન કરવાને સમર્થ હોય છે-ધૈર્યપૂર્વક તેમને સહન કરવાની ક્ષમતા ધરાવતો હોય છે, એવા પુરુષવિશેષને જ ધૃતિમાન્ કહે છે.

(૮) વીર્ય સંપન્ન—ઉત્સાહની અધિકતા હોવી તેનું નામ વીર્ય છે. આ વીર્યથી જે પુરુષ યુક્ત હોય છે તેને વીર્ય સંપન્ન કહે છે. એટલે કે વજ્રઋષભ નારાચ સંહનનવાળો પુરુષ આ પ્રકારના વીર્યથી સંપન્ન હોય છે.

ઉપર્યુક્ત આઠ ગુણોથી સંપન્ન મુનિ જ એકલવિહાર કરી શકે છે. અહીં પહેલા ચાર સ્થાનોમાં પુરુષજાત શબ્દ વપરાયો છે, બાકીના ચાર સ્થાનોમાં પણ તે શબ્દનો યોગ કરી લેવો જોઈએ. અહીં ગુણ અને ગુણીમાં અભેદ માનીને ગુણીને જ ગુણરૂપે પ્રકટ કરવામાં આવેલ છે. ॥ સૂ. ૧ ॥

આ પ્રકારનો અણગાર સર્વ જીવોની રક્ષા કરવાને સમર્થ હોય છે. આ પ્રકારના પૂર્વસૂત્ર સાથેના સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર યોનિસંગ્રહનું તથા તેમની ગતિ અને આગતિનું આઠ સ્થાનરૂપે કથન કરે છે—

"अट्ठविहे जोनिसंगहे पण्णत्ते" ઈત્યાદિ—(સૂ. ૨)

સૂત્રાર્થ--યોનિસંગ્રહ આઠ પ્રકારનો કહ્યો છે. જેમ કે (૧) અંડજ, (૨) પોતજ, અને ઉદ્ભિજ્જ પર્યન્તના સપ્તમ સ્થાનમાં દર્શાવેલા સાત પ્રકારો તથા (૮) ઔપપાતિક તેમાંથી અંડજ જીવો આઠ ગતિ અને આઠ આગતિવાળા હોય છે. એટલે કે અંડજોમાં ઉત્પદ્યમાન અંડજ જીવ અંડજોમાંથી, અને ઔપપાતિક પર્યન્તના આઠે પ્રકારોમાંથી આવીને અંડજોમાં ઉત્પન્ન થઇ જાય છે, તથા અંડજ જીવ અંડજ પર્યાયને છોડીને ફરી અંડજરૂપ પણ ઉત્પન્ન થઈ જાય છે અથવા પોતજથી લઈને ઔપપાતિક પર્યન્તના જીવો રૂપે પણ ઉત્પન્ન થઈ જાય છે. એજ પ્રકારનું કથન પોતજો અને જરાયુજોની ગતિ અને આગતિના વિષયમાં પણ સમજવું જોઈએ. બાકીના જીવોની ગતિ આગતિ થતી નથી.

ટીકાર્થ—આ સૂત્રમાં આવતી પહેલી સાત યોનિઓનું સ્પષ્ટીકરણ સાતમાં સ્થાનના ત્રીજા સૂત્રમાં થઈ ગયું છે ઔપપાતિક શબ્દ દ્વારા અહીં ઉપપાદ જન્મવાળા દેવો અને નારકો ગૃહીત થયા છે. અંડજ, પોતજ અને જરાયુજોમાં જ આઠ ગતિઓ અને આઠ આગતિઓનો સદ્ભાવ હોય છે. તે સિવાયના રસજ, સંસ્વેદિમ, સંમૂર્ચ્છિમ, ઉદ્ભિજ્જ અને ઔપપાતિક, આ પાંચ પ્રકારના જીવોમાં આઠ ગતિઓ હોતી નથી, કારણ કે રસજથી લઈને ઔપપાતિક પર્યન્તના જીવો ઔપપાતિકોમાં ઉત્પન્ન થતાં નથી. એટલે કે તે પાંચ પ્રકારના જીવો મરીને દેવો અને નારકોમાં જતાં નથી, કારણ કે દેવ અને નારકોમાં પંચેન્દ્રિય જીવો જ ઉત્પન્ન થાય છે એજ પ્રમાણે દેવો અને નારકો પણ રસજ આદિકોમાં ઉત્પન્ન થતાં નથી, પરન્તુ તેઓ પંચેન્દ્રિયોમાં અથવા પૃથ્વી, અપ્, અને વનસ્પતિકાય, આ એકેન્દ્રિયોમાં જ ઉત્પન્ન થાય છે. તે કારણે રસજથી લઇને ઔપપાતિક સુધીના જીવોમાં અષ્ટ ગતિકતા

અને અષ્ટ આગતિકતાનો અભાવ કહ્યો છે. એજ વાતને સૂચિત કરવાને માટે સૂત્રકારે અહીં " सेसाणं गई आगई णत्थि " આ સૂત્રપાઠ મૂકયો છે અહીં સંમૂચ્છિંમ પદના પ્રયોગ દ્વારા સંમૂચ્છિંમ પંચેન્દ્રિય તિર્યંચો ગૃહીત થયા નથી, કારણ કે તેઓ દેવો અને નારકોમાં પણ ઉત્પન્ન થાય છે ॥ સૂ ૨ ॥

આઠ પ્રકારના કર્મોનો ચયાદિ થવાથી જ જીવાને અંડજાદિ રૂપે ઉત્પન્ન થવું પડે છે, તેથી હવે સૂત્રકાર ચયાદિનું આઠ સ્થાનરૂપે નિરૂપણ કરે છે—

## કર્મપ્રકૃતિકે ચયાદિકા નિરૂપણ

" जीवाणं अट्ठकम्मपगडीओ " ઈત્યાદિ—(સૂ. ૩)

ટીકાર્થ–જીવોએ ભૂતકાળમાં આઠ કર્મપ્રકૃતિઓનું ઉપાર્જન કર્યું છે, વર્તમાન કાળમાં પણ તેઓ તેમનું ઉપાર્જન કરે છે તથા ભવિષ્યમાં પણ તેઓ તેમનું ઉપાર્જન (ચય) કરશે. તે આઠ કર્મપ્રકૃતિઓનાં નામ આ પ્રમાણે છે—(૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય (૫) આયુ, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અન્તરાય,. આ સામાન્ય સૂત્ર છે. હવે નારકાદિ જીવવિશેષોની અપેક્ષાએ કથન કરવામાં આવે છે—નારક જીવોએ ભૂતકાળમાં આઠ કર્મ-પ્રકૃતિઓનું ઉપાર્જન કર્યું છે, વર્તમાન કાળે પણ તેઓ તેનું ઉપાર્જન કરે છે. અને ભવિષ્યકાળમાં પણ તેઓ તેનું ઉપાર્જન કરશે. એજ પ્રકારનું કથન વૈમાનિક પર્યન્તના જીવો વિષે પણ સમજવું. વૈમાનિક પર્યન્તના જીવોના વિષયમાં પણ તેઓ તેમનું ઉપાર્જન કરતા હતા, કરે છે, અને કરશે. તેમ સમજવું

जीवाणं अट्ठकम्मपगडीओ उवचिणंसु वा, उपचिणंति वा, उवचिणिस्संति वा एवं चेव " ચય સૂત્રમાં જેવું કથન કરવામાં આવ્યું છે એવું જ કથન સામાન્ય જીવો અને નારકોથી લઈને વૈમાનિક પર્યંતના જીવોના વિષયમાં ઉપચયને અનુલક્ષીને પણ કરવું જોઈએ. એ જ પ્રમાણે સામાન્ય વિશેષરૂપ બન્ધાદિ સૂત્રોનું પણ કથન કરવું જોઈએ. એજ વાત પ્રકટ કરવાને માટે સૂત્રકારે અહીં સંગ્રહણી ગાથાનો આ ઉત્તરાર્ધ ભાગ પ્રકટ કર્યો છે—" एवं चिण उवचिण बंध उदिरवेय तह णिज्जरा चेव " આ કથનનો ભાવાર્થ એ છે કે જેવી રીતે સામાન્ય અને વિશેષરૂપે ચયસૂત્રનું કથન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે બન્ધસૂત્ર, ઉદીરણા સૂત્ર, વેદના સૂત્ર અને નિર્જરાસૂત્રનુ પણ સામાન્ય અને વિશેષરૂપે કથન કરવું જોઈએ.

આ ચયાદિનો અર્થ હવે સ્પષ્ટ કરવામાં આવે છે—કષાય આદિરૂપે પરિણત થયેલા જીવ દ્વારા જે કર્મપુદ્‌ગલોનું ઉપાર્જન થાય છે તેનું નામ ચય છે. આબાધાકાળને છોડીને ગૃહીત કર્મપુદ્‌ગલોનો જે જ્ઞાનાવરણીય આદિ રૂપે નિષેક થાય છે, તેનું નામ ઉપચયન છે. તે ઉપચયન રૂપ નિષેક આ પ્રકારે થાય છે—પ્રથમ સ્થિતિમાં બહુતર કર્મપુદ્‌ગલનો નિષેક થાય છે, ત્યાર બાદ દ્વિતીય સ્થિતિમાં વિશેષ હીન કર્મદલિકોનો નિષેક થાય છે, આ પ્રમાણે થતાં થતાં ઉત્કૃષ્ટ સ્થિતિ પર્યન્ત તે નિષેક વિશેષ વિશેષ હીન થતો જાય છે. જ્ઞાનાવરણીય આદિ રૂપે નિષિક્ત થયેલાં કર્મપુદ્‌ગલોનું કષાયપરિણતિ વિશેષ વડે આત્માની સાથે જે સંશ્લેષણા (સમ્બન્ધ) થાય છે, તેનું નામ બન્ધન છે. ઉદયાવલિકામાં નહીં આવેલાં કર્મદલિકોને વીર્યવિશેષ વડે એંચીને ઉદયાવલિકામાં પ્રવેશ કરાવવો તેનું નામ ઉદીરણુ છે. સ્વાભાવિક રીતે અથવા ઉદીરણાકરણુ વડે ઉદયાવલિકામાં પ્રવિષ્ટ થયેલા કર્મનું જે અનુભવન છે, તેનું નામ વેદન છે. જીવના આત્મપ્રદેશોમાંથી કર્મપુદ્‌ગલોનું જે પરિશટન (ઝરવાની ક્રિયા)—એક દેશમાંથી નષ્ટ થવા રૂપ કાર્ય છે તેનું નામ નિર્જરણુ છે. કોઈ કોઈ શાસ્ત્રોમાં આ ચયનાદિકોનું આ પ્રકારનું સ્વરૂપ પણ બતાવ્યું છે—આ સંકલનનું નામ ચયન છે, પરિપોષનું નામ ઉપચયન છે, નિર્માપણનું નામ બન્ધન છે, ઉદીરણાકરણ વડે કર્મદલિકોને ખેંચીને તેમનું ઉદયાવલિકામાં પ્રક્ષેપણ કરવું તેનું નામ ઉદીરણુ છે, કર્મોના ફલોને ભોગવવા તેનું નામ વેદન છે, તથા આત્મપ્રદેશોમાંથી કર્મદલિકોનો થોડો વિનાશ થવો તેનું નામ નિર્જરા છે. ॥ સૂ ૩ ॥

કોઇ જીવ એવો હોય છે કે જે આઠ પ્રકારના કર્મોના ચયાદિના કારણોનું આસેવન કરીને તેમના વિપાકને જાણવા છતાં પણ કર્મની ગુરુતા હોવાને કારણે અલોચના કરતો નથી. એજ વાત હવે સૂત્રકાર પ્રકટ કરે છે–

"अट्ठहिं ठणेहिं माई मायं कट्टु" ઈત્યાદિ—(સૂ. ૪)

ટીકાર્થ–માયાયુક્ત પુરુષ માયાપ્રધાન અતિચાર આદિનું સેવન કરીને, આઠ કારણોને લીધે તે અતિચારની આલોચના કરતો નથી–ગુરુની સમીપે પોતાના દ્વારા સેવાયેલા અતિચારોનું નિવેદન કરતો નથી, પ્રતિક્રમણ કરતો નથી–મિથ્યાદુષ્કૃત દેતો નથી, "नो निंदेज्जा, नो गरहेज्जा, नो विउट्टेज्जा, नो विसोहेज्जा, नो अकरणयाए, अब्भुट्ठिज्जा, नो जहारिहं तवोकम्मं" તેની નિન્દા કરતો નથી, ગર્હા કરતો નથી. ઈત્યાદિ કંઈ પણ કરતો નથી.

નિન્દા આદિ પદોના અર્થ હવે સ્પષ્ટ કરવામાં આવે છે—

"આ મેં ખોટું કર્યું", આ પ્રમાણે પોતાના દ્વારા થયેલા અતિચારની પોતાની જાતે જ નિન્દા કરવી અથવા પોતાના દોષો માટે આત્મગ્લાનિ અનુભવવી તેનું નામ નિન્દા છે.

પોતાના દ્વારા જે અતિચારો સેવાયા હોય તે અતિચારોની ગુરુની સમક્ષ નિંન્દા કરવી તેનું નામ ગર્હા છે. અતિચારો સેવતાં અટકી જવું અને ફરી તેમનું સેવન ન કરવું તેનું નામ વ્યાવર્તન છે. શુભ ભાવ રૂપ જલવડે અતિચારોનું પ્રક્ષાલન કરવું તેનું નામ વિશોધન છે. "હવે ભવિષ્યમાં હું અતિચારોનું આસેવન નહીં કરૂં" આ પ્રકારનો દૃઢ નિશ્ચય કરવો તેનું નામ "અકરણતયા અભ્યુત્થાન" છે. જે અતિચારો લાગ્યા હોય તેમની વિશુદ્ધિને માટે યોગ્ય પ્રાયશ્ચિત્ત લેવું તેનું નામ "યથાર્હતપઃકર્મ" છે. અહીં 'ઇત્યાદિ' પદ વડે વ્યાવર્તન આદિ "યથાર્હ તપઃકર્મ' પર્યન્તના પદો ગ્રહણ થયાં છે.

તે આડ કારણો હવે પ્રકટ કરવામાં આવે છે—(૧) મેં અતિચારનું સેવન કર્યું છે, હવે તે થઈ ગયેલા દોષની નિન્દા કરવાથી શું વળવાનું છે! (૨) હું અતિચાર સેવું છું, તેથી અનિષ્પન્ન અતિચારના સદ્દ્ભાવમાં તેની આલોચના કેવી કરૂં! (૩) હું ભવિષ્યમાં પણ અતિચારોનું સેવન કરવાનો જ છું, તેથી અત્યારે અતિચારોની આલોચના કરવી નિરર્થક જ છે. (૪) કૃત અતિચારની આલોચના કરવાથી મારો અવર્ણવાદ થશે, (૫) કૃત અતિચારની આલોચના કરવાથી મારી જે પૂજા થાય છે, તે બંધ પડી જશે (૬) કૃત અતિચારની આલોચના કરવાથી મારો સત્કાર થવાનું બંધ થઈ જશે (૭) કૃત અતિચારોની આલોચના કરવાથી મારી કીર્તિ ઘટી જશે (૮) કૃત અતિચારોની આલોચના કરવાથી મારો યશ ઘટી જશે.

સમસ્ત દિશાઓમાં વ્યાપેલી પ્રસિદ્ધિનું નામ કીર્તિ છે અને એક જ દિશામાં વ્યાપ્ત ખ્યાતિનું નામ યશ છે. અવર્ણવાદ એટલે અયશ થવો ।।સૂ.૪।।

હવે સૂત્રકાર ઉપર્યુક્ત અર્થ કરતાં વિપરીત રૂપે આઠ સ્થાનોની પ્રરૂપણા કરે છે—"जट्ठहिं ठाणेहिं माई मायं कट्टु" ઇત્યાદિ—

ટીકાર્થ-માયી (માયાયુક્ત પુરુષ) માયા (માયાપ્રધાન અતિચારો) કરીને તે માયાની આઠ કારણોને લીધે આલોચના કરે છે, તથા તેની વિશુદ્ધિ નિમિત્તે યોગ્ય તપઃકર્મ પર્યન્તનું (ઉપર્યુક્ત નિન્દા, ગર્હા આદિ) બધું કરે છે, અહીં 'માયી' પદ એ વાત પ્રકટ કરી છે કે જે કાળે તેણે માયાનું સેવન કર્યું હતું ત્યારે જ તે માયી હતો, પરન્તુ તે માયાની આલોચના આદિ કરતી વખતે તે માયી હોતો નથી. આ રીતે આસેવન કાળની અપેક્ષાએ તેને માયી કહ્યો છે. આલોચના કાળની અપેક્ષાએ તેને માયી કહેવામાં આવ્યો નથી. તે પોતાના દ્વારા જે અતિચારોનું સેવન થઈ ગયું હોય છે તે અતિચારોની નીચેના આઠ કારણોને લીધે આલોચના કરે છે—

માયાકારક મનુષ્યનો આ લોક તેના અતિચારોને કારણે નિન્દિત થવાને કારણે જુગુપ્સિત થાય છે, કહ્યું પણ છે કે—

" भीउव्विग्गनिलुक्को " ઈત્યાદિ—

માયાવી પુરુષ, પોતાના દ્વારા જે માયા ( માયા પ્રધાન અતિચારો )નું સેવન થઇ ગયું હોય છે તેને કારણે સદા ભયયુક્ત અને ઉદ્‌ભ્રાન્ત ચિત્તવાળો બની જાય છે. મારી માયાનો પર્દો ઉઘડી જશે, આ પ્રકારના ભયને કારણે પોતાની માયાને ઢાંકવાને માટે તે ઘણા પ્રયત્નો કર્યા કરે છે આ રીતે તે માયાચારી પુરુષ પ્રકટ રૂપે અને પ્રચ્છન્ન રૂપે અગણિત દોષો કરતો રહે છે. તે કારણે સામાન્યમાં સામાન્ય માણસ પણ તેનો વિશ્વાસ કરતો નથી. તેથી તે માયાવી પુરુષને પોતાના આ પ્રકારના માયાવી વર્તન પ્રત્યે ધિક્કારની લાગણી પેદા થાય છે. આ પહેલું કારણ છે તથા માયાચારીનો જન્મ કિલ્વિ ષિક આદિ હલકી કોટિના દેવોમાં થાય છે. આ રીતે તેનો પરભવ પણ ધિક્કારને યોગ્ય ગર્હિત બને છે. કહ્યું પણ છે કે—

" तवतेणे वइतेणे " ઈત્યાદિ—

જે જીવ તપચોર હોય છે, વચનચોર હોય છે, રૂપચોર હોય છે, આચાર અને ભાવચોર હોય છે, એવા પુરુષનો જન્મ કિલ્વિષિક જાતિના દેવોમાં થાય છે. આ પ્રકારનું બીજું કારણ સમજવું (૩) તેની આયાતિ પણ ગર્હિત થાય છે. એટલે કે જ્યારે તે કિલ્વિષિક દેવોમાંથી ચ્યવીને મનુષ્યભવમાં ઉત્પન્ન થાવ છે, ત્યારે પણ કુળ, જાતિ, રૂપ અને ઐશ્વર્યથી રહિત હોવાને કારણે નિન્દિત જ હોય છે. કહ્યું પણ છે કે—" तत्तो वि से चइत्ताणं " ઈત્યાદિ—

તે માયી જીવ કિલ્વિષિક દેવગતિનું આયું પુરૂં કરીને–ત્યાંથી ચ્યવીને જો મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય છે, તો મૂંગો, બહેરો આદિ શારીરિક ખોડ ખાંપણવાળો હોય છે, અથવા તો તે નારક, તિર્યંચ આદિ યોનિમાં પણ જન્મ લે છે. આ રીતે તેની આયતિ પણ ગર્હિત બને છે. આ પ્રકારનું આ ત્રીજું કારણ છે.

## માયાવી સાધુકે સ્વરૂપકા નિરૂપણ

(૪) જે માયી જીવ અતિચાર રૂપ માયાનું સેવન કરીને તેની શુદ્ધિને માટે યોગ્ય તપ કરતો નથી, તે જીવ વડે જ્ઞાનાદિ રૂપ મોક્ષમાર્ગની આરાધના થતી નથી. કહ્યું પણ છે કે—" लज्जाए गारवेण य " ઈત્યાદિ—

એટલે કે જે સાધુ લજ્જાને કારણે, ગૌરવને કારણે અથવા પોતે બહુશ્રુત છે એવા અહંકારને કારણે પોતાના અતિચારોને ગુરુજનો પાસે જાહેર કરતો નથી–તે અતિચારોની આલોચના કરતો નથી, તે સાધુ જ્ઞાન, દર્શન,

ચરિત્ર રૂપ મોક્ષમાર્ગનો આરાધક થઈ શકતો નથી. પ્રમાદી સંયત અવસ્થામાં અનુદ્ધૃત ભાવશૈલ્ય જેવા દુર્લભબોધિકત્વ રૂપ અને અનંત સંસારી રૂપએ અનર્થને ઉત્પન્ન કરે છે. એવો અનર્થ તો શસ્ત્ર પણ કરતું નથી, વિષ પણ કરતું નથી, દુષ્પ્રયુક્ત વેતાલ પણ કરતો નથી, દુષ્પ્રયુક્ત યંત્ર પણ કરતું નથી અને ક્રુદ્ધ સર્પ પણ કરતો નથી. એવું આ ચોથું કારણ સમજવું.

(૫) જે માયી જીવ માયા રૂપ અતિચારનું સેવન કરીને ગુરુની પાસે તેની આલોચના કરે છે, નિન્દા, ગર્હા આદિ કરે છે અને તેની વિશુદ્ધિને માટે યોગ્ય તપ કરે છે, તેના દ્વારા મોક્ષમાર્ગની આરાધના થઈ શકે છે. એટલે કે એવો જીવ મોક્ષમાર્ગનો આરાધક બને છે. કહ્યું પણ છે કે—

" उद्धरियसव्वसल्लो " ઈત્યાદિ

ભક્ત પરિજ્ઞામાં અત્યન્ત લવલીન થયેલો સાધુ સમસ્ત અતિચાર રૂપ શલ્યને દૂર કરીને રાધાવેધની જેમ દુઃસાધ્ય મોક્ષમાર્ગને સિદ્ધ કરી લે છે. એવું આ પાંચમું સ્થાન ( કારણ ) સમજવું.

એજ પ્રમાણે છઠ્ઠું અને સાતમું કારણ પણ સમજવું.

(૬) જે માયી અતિચાર રૂપ ઘણી જ માયાનું સેવન કરીને તેની આલોચના આદિ કરતો નથી, અને તેની વિશુદ્ધિ માટે યોગ્ય તપઃકર્મ પર્યન્તનું કશું પણ કરતો નથી તેનાથી આરાધના થતી નથી.

(૭) જે સાધુ ઘણી જ માયાનું સેવન કરીને તેની આલોચના આદિ કરે છે, અને તપઃકર્મ દ્વારા તેની વિશુદ્ધિ પણ કરે છે, તેના દ્વારા આરાધના થાય છે.

(૮) " મારા આચાર્યને અથવા ઉપાધ્યાયને જ્યારે અતિશયિત જ્ઞાન દર્શન ઉત્પન્ન થઈ જશે, ત્યારે તેમને ખબર પડી જશે કે હું માયાવી છું, તેથી તે અતિશયોનું વિશુદ્ધિ કરવા માટે મારે આલોચના આદિ કરવું જોઈએ. અહીં આદિ પદ દ્વારા નિંદાથી લઈને યોગ્ય તપઃકર્મ પર્યન્તના પૂર્વોક્ત સૂત્રપાઠને ગ્રહણ કરવો જોઈએ. આ પ્રકારનાં આઠ કારણોને લીધે માયીજન માયા કર્યા બાદ પણ આલોચના આદિ કરે છે અને યોગ્ય તપદ્વારા પોતાના દોષોની વિશુદ્ધિ કરી લે છે. ॥ સૂ૦ ૫ ॥

માયા કર્યા બાદ સાધુની કેવી હાલત થાય છે, તે હવે સૂત્રકાર પ્રકટ કરે છે-

" माई णं मायं कट्टु " ઇત્યાદિ—

ટીકાર્થ-જે માયાયુક્ત પુરુષ માયા કરીને તેની આલોચના કરતો નથી, નિન્દા, ગર્હા આદિ કરતો નથી, યોગ્ય તપઃકર્મ દ્વારા તેની વિશુદ્ધિ કરતો નથી, તેનો અંતરાત્મા પશ્ચાત્તાપ રૂપ અગ્નિ વડે પ્રજ્વલિત થયા કરે છે. તેનો અંતરાત્મા કેટલો બધો પ્રજ્વલિત રહે છે, તે નીચેની ઉપમાએ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

જેમ લોઢાની ખાણુ અંદરથી પ્રજ્વલિત થતી રહે છે, અથવા જેમ તાંબાની ખાણુ અંદરથી પ્રજ્વલિત થતી રહે છે, અથવા જેમ સીસાની ખાણુ અંદરથી પ્રજ્વલિત થતી રહે છે, અથવા જેમ ચાંદી કે સોનાની ખાણુ અંદરથી પ્રજ્વલિત થતી રહે છે, અથવા જેમ તલનો અથવા તુષનો ( અનાજના ભૂસાનો ) અગ્નિ, અથવા બાણુ જેવા છેદવાળા તૃણુવિશેષનો અગ્નિ, અથવા પર્ણોનો અગ્નિ, અથવા જેમ શુંડિકાલિચ્છ, અથવા ભાંડિકાલિચ્છ, અથવા ગોલિકાલિચ્છ અંદરને અંદર પ્રજ્વલિત રહે છે, અથવા જેવી રીતે કુંભારના નિભાડાનો અગ્નિ અંદરને અંદર પ્રજ્વલિત થતો રહે છે, અથવા જેમ નળિયાં પકાવવાનું સ્થાન અંદરને અંદર પ્રજ્વલિત થતું રહે છે, અથવા જેમ ઇંટોને પકવવાનું સ્થાન અંદરને અંદર પ્રજ્વલિત થતું રહે છે, અથવા શેરડીના રસમાંથી ખાંડ, ગોળ આદિ બનાવવા માટે તે રસને ઉકાળવા માટે બનાવેલી ભટ્ઠી કે ચૂલો જેમ અંદરથી પજવલિત થતો રહે છે, અથવા લુહારની ભટ્ઠી અંદર અને બહારથી ગરમ ગરમ થઇ જાય છે અને અગ્નિના જેવી લાલચોળ થઇ જાય છે-કિંશુકના ફૂલો જેવી લાલ લાલ થઈ જાય છે, અને તેમાંથી અનેક અગ્નિકણો ( તણખાએ ) બહાર ઉડ્યા કરે છે ( અહીં ' સહસ્ર ' પદ પ્રચુર અથવા અનેકના અર્થમાં વપરાયું છે ), પ્રચુર અગ્નિ શિખાએ જેમાંથી ચારે બાજુ ફેલાતી રહે છે, એવી લુહારની ભટ્ઠી જેમ અંદરથી પ્રજ્વલિત રહ્યા કરે છે, એજ પ્રમાણે માયા રૂપ અતિચારોનું સેવન કર્યા બાદ તે માયીનું અંતઃકરણ પશ્ચાત્તાપ રૂપ અગ્નિ વડે અંદરને અંદર પ્રજળ્યા કરે છે. જ્યારે આ માયાચારી અન્ય લોકોને કંઇ પણ કહે છે ત્યારે તેના પોતાના મનમાં જ તેને એવું લાગ્યા કરે છે કે આ લોકો મને માયાચ રી જ ગણે છે. કહ્યું પણ છે કે—

" निच्चं संकियमीओ " ઇત્યાદિ—

માયી પુરુષ સદા શંકિત જ રહે છે, ભયભીત રહે છે અને પોતાના ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. કોઇ પણ માણસ તેનું અપમાન કરતા સંકોચ અનુભવતો નથી, સાધુએ તેનો આદર કરતા નથી, સૌ તેનો અનાદર જ કરે

છે, અને એવો જીવ મરીને દુર્ગતિમાં જ જાય છે. આ પ્રકારના સંદર્ભને અનુલક્ષીને અહીં એવું પ્રકટ કરવામાં આવ્યું છે કે માયાચારીના આ લોક ગર્હિત હોય છે. ॥ સૂ૦ ૧ ॥

## અનાલોચિત–અપ્રતિક્રાન્ત માયાવી કે ઉપપાતકી ગર્હણાકા નિરૂપણ

આલોચના આદિ નહીં કરનારના ( માયાવીના ) ઉપપાત પણ ગર્હિત જ હોય છે, એજ વાતનું સૂત્રકાર હવે પ્રતિપાદન કરે છે.

“ माई णं मायं कट्टु अणालोइयपडिक्कंते ” ઇત્યાદિ—

ટીકાર્થ-માયાવી પુરુષ માયા કરીને તેની આલોચના, પ્રતિક્રમણુ આદિ કર્યા વિના કાળના અવસર આવે જો કાળધર્મ પામી જાય છે, તો તે વ્યન્તરાદિ દેવલોકમાં વ્યન્તરાદિદેવ રૂપે ઉત્પન્ન થઇ જાય છે–તે પરિવાર આદિથી સમૃદ્ધ એવા મહર્દ્ધિક આદિ દેવોમાં ઉત્પન્ન થતો નથી, પરન્તુ અમહર્દ્ધિક દેવોમાં જ ઉત્પન્ન થાય છે. અહી ‘ યાવત્ ’ પદ દ્વારા “ नो महाद्युतिकेषु नो महानुभागेषु, नो महाबलेषु, नो महासौख्येसु ” આ સૂત્રપાઠ ગ્રહણુ કરાયો છે. એટલે કે શરીરાભરણુ આદિની દીપ્તિથી યુક્ત જે દેવો હોય છે, તેમનામાં તેની ઉત્પત્તિ થતી નથી, જે દેવો વૈક્રિયાદિ લબ્ધિ રૂપ મહાપ્રભાવથી યુક્ત હોય છે, તે દેવોમાં પણુ તેની ઉત્પત્તિ થતી નથી, જે દેવો પ્રબળ શક્તિવાળા હોય છે, તે દેવોમાં પણુ તેની ઉત્પત્તિ થતી નથી, જે દેવો મહા સૌખ્યશાળી હોય છે, તે દેવોમાં પણુ તેની ઉત્પત્તિ થતી નથી, તથા સૌધર્મ આદિ કલ્પોમાં પણુ તેની ઉત્પત્તિ થતી નથી, તથા સાગરોપમની સ્થિતિવાળા દેવોમાં પણુ તેની ઉત્પત્તિ થતી નથી. આ રીતે જે માયી સાધુ આલોચન અને પ્રતિક્રમણુથી રહિત હોય છે, તે કાળના અવસર આવે કાળધર્મ પામીને વ્યન્તરાદિક દેવો-માંથી કોઈ પણુ એક દેવલોકમાં દેવપર્યાયે ઉત્પન્ન થાય છે, પરન્તુ તે મહર્દ્ધિકથી લઈને ચિરસ્થિતિક પર્યન્તના વિશેષણોથી યુક્ત થતો નથી વ્યન્તરાદિ દેવોમાંના કોઇ પણુ એક દેવલોકમાં ઉત્પન્ન થયેલા તે દેવની ત્યાં જે કોઇ બાહ્ય આભ્યન્તર પરિષદ હોય છે તે પણુ તેનો આદર કરતી નથી, તેને પોતાના સ્વામી રૂપે માનતી નથી તથા મહાપુરુષને યોગ્ય એવાં આસન પર તેને બેસાડતી નથી. તથા કોઈ પણુ દેવસભામાં જ્યારે તે દેવ જાય છે અને

કોઈ પણ વિષય પર જ્યારે બોલે છે, યાવત્ વિશેષ રૂપે યુક્તિપ્રયુક્તિઓ દ્વારા પોતાના વિષયનું પ્રતિપાદન કરવા માંડે છે, ત્યારે તે પરિષદમાં હાજર હોય એવા ચાર પાંચ દેવો-( કે જેમને અન્ય દેવો દ્વારા તેની વિરૂદ્ધ ઉશ્કેરવામાં પણ ન આવ્યા હોય- ) ઊભા થઇ જઇને તેને બોલવા દેવાનો નિષેધ કરે છે, અને કહે છે કે " હે દેવ ! હવે તમે અધિક ન બોલો. હે દેવ ! હવે તમે બોલવાનું બંધ કરો " અહીં જે આ પ્રકારની દ્વિરુક્તિ થઇ છે, તે તેના પ્રત્યે અત્યન્ત અપ્રિયતા ( અણગમો ) પ્રકટ કરવાને માટે થઈ છે.ાસૂ ૭ા

## અનાલોચિત–અપ્રતિક્રાન્ત માયાવીકી આયતિકી ગર્હણાકા નિરૂપણ

આ પ્રકારે તે માયીના ઉપપાતમાં ગર્હતા પ્રકટ કરીને હવે સૂત્રકાર તેની આયાતિમાં ગર્હતા પ્રકટ કરે છે—

" से णं ताओ देवलोगाओ आउक्खएणं " ઇત્યાદિ—

ટીકાર્થ–અતિચાર રૂપ માયાની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળધર્મ પામીને વ્યન્તરાદિક કોઇ પણ દેવવિશેષમાં ઉત્પન્ન થયેલો તે માયાવી પુરુષ, તેનું દેવલોક સંબંધી આયુષ્ય પૂરું થવાથી–આયુકર્મપુદ્ગલોની નિર્જરા થઈ જવાથી, આયુની સ્થિતિના કારણભૂત દેવપર્યાયનો નાશ થઈ જવાથી, આયુની સ્થિતિના બન્ધનો ( સ્થિતિબન્ધનો ) ક્ષય થઇ જવાથી, એજ સમયે તે દેવ શરીરને છોડીને હીન મનુષ્ય કુળોમાં ઉત્પન્ન થઇ જાય છે. અન્તકુલ, પ્રાન્તકુલ, તુચ્છકુલ, દરિદ્રકુલ, ભિક્ષાકકુલ, કૃપણકુલ, આદિને હીન કુલ કહે છે. વરુટ, છિમ્પક આદિના જે ક્ષુદ્રકુળો છે તેમને અન્તકુળ કહે છે. ચાંડાલ આદિના જે કુળ છે તેમને પ્રાન્તકુળ કહે છે. જે કુળોમાં અલ્પ ( તુચ્છ ) મનુષ્યો થાય છે તે કુળોને તુચ્છકુળો કહે છે. અથવા અગંભીર આશયવાળા જે કુળો હોય છે તેમને તુચ્છ કુળો કહે છે. ધન, ધાન્ય આદિ સમૃદ્ધિથી વિહીન જે કુળો હોય છે તેમને દરિદ્રકુળો કહે છે જે કુળના લોકો ભિક્ષા માગીને પોતાનું ગુજરાન ચલાવતા હોય છે તે કુળોને ભિક્ષાકકુળો કહે છે. રંક જનોના અથવા કૃપણ લોકોના જે કુળો હોય છે તેમને કૃપણકુળો કહે છે. આ કુળોમાંથી કોઇ

પણ એક કુળમાં તેની આયતિ થાય છે કહેવાનું તાત્પર્ય એ છે કે જે માયાવી પુરુષ પોતાના કૃત અતિચારોની આલોચના અને પ્રતિક્રમણ નહીં કરવાને કારણે વ્યન્તરાદિ દેવોમાં ઉત્પન્ન થયો હોય છે, તે જીવ ત્યાંનું આયુષ્ય પૂરૂં કરીને ઉપર્યુક્ત કોઇ પણ એક મનુષ્યકુળમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન થઇ જાય છે. ત્યાં ઉત્પન્ન થયેલો તે પુરુષ કુત્સિત રૂપવાળો અને દુર્વર્ણવાળો, (ઉત્પત્તિ થયા બાદ રોગાદિને કારણે વર્ણની વિકૃતિવાળો હોય છે, વળી તે દુર્ગન્ધયુક્ત (કુત્સિત ગન્ધવાળો) હોય છે, દૂરસ (કુત્સિત પ્રકૃતિવાળો) હોય છે, દુઃસ્પર્શ (રોગાદિને કારણે કુત્સિત સ્પર્શવાળો) હોય છે, અનિષ્ટ (લોકો જેના પ્રત્યે અણગમો રાખે એવો) હોય છે, અકાન્ત (અકમનીય) હોય છે, અપ્રિય, અમનોજ્ઞ, અમનામ (મનને અત્યંત અણગમો પ્રેરે એવો) હોય છે, હીનસ્વર (સ્વરની ખોડવાળો), દીનસ્વર (દીનતાયુક્ત સ્વરવાળો), અનિષ્ટ સ્વર (અણગમો પ્રેરે એવા સ્વરવાળો), અકાન્ત સ્વર (અકમનીય સ્વરવાળો) અપ્રિયસ્વરવાળો, અમનોજ્ઞ સ્વરવાળો, અને અમનઆમ સ્વરવાળો (મનને અનિષ્ટ લાગે એવા સ્વરવાળો હોય છે. તે કારણે તે અનુપાદેય વચનવાળો (આદેય વચનથી રહિત) હોય છે, અને એજ પ્રકારના અન્ય વિશેષણોથી પણ યુક્ત હોય છે. આ પ્રકારના દૂરૂપાદિ વિશેષણોથી યુક્ત, અને ઉપર્યુક્ત અન્તાદિ કુળોમાં ઉત્પન્ન થયેલા તે પુરુષનો કોઇ પણ માણસ આદર કરતું નથી. દાસદાસી રૂપ તેમની બાહ્ય પરિષદ અને પુત્રકલત્રાદિ રૂપ આભ્યન્તર પરિષદ પણ તેમનો આદર કરતી આદિ કરતી નથી. અહીં 'આદિ' પદ વડે "प्रज्ञापयतः प्ररूपयतः" આ પદોનો સંગ્રહ થયો છે. આગલા પદોનો અર્થ સ્પષ્ટ છે. ॥ સૂ. ૮ ॥

## આલોચિત–પ્રતિક્રાન્ત માયાવી કે ઉપપાતકી પ્રશંસા

આ પ્રકારે અનાલોચિત અને અપ્રતિક્રાન્ત માયાવીના આલોક, પરલોક અને આયતિમાં ગર્હિતતાનું પ્રતિપાદન કરીને હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે પોતાના અતિચારોની આલોચના અને પ્રતિક્રમણ કરનાર સાધુનો ઉપપાત કેવો હોય છે—

"माईणं मायं कट्टु आलोइयपडिक्कंते" ઇત્યાદિ

ટીકાર્થ–માયાવી સાધુ માયા કરીને આલોચના અને પ્રતિક્રમણ દ્વારા જો અતિચારોની શુદ્ધિ કરી લે છે અને આ રીતે આલોચિત અને પ્રતિક્રાન્ત થઈને કાળનો અવસર આવતા કાળધર્મ પામી જાય છે, તો સૌધર્મ આદિ દેવલોકોમાં દેવની પર્યાયે ઉત્પન્ન થઈ જાય છે. તે જે કોઈ દેવલોકમાં ઉત્પન્ન

થાય છે ત્યાં કોઈ સામાન્ય દેવ રૂપે ઉત્પન્ન થતો નથી, પરન્તુ મહર્દ્ધિક મહાદ્યુતિક આદિ વિશેષણોથી યુક્ત ચિરસ્થિતિક દેવ રૂપે ઉત્પન્ન થાય છે. મહર્દ્ધિકથી લઇને ચિરસ્થિતિક સુધીના પદોનો અર્થ આ સૂત્રમાં જ આગળ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. "हारविराजितवक्षाः" દેવ રૂપે ઉત્પન્ન થયેલા તેનું વક્ષસ્થલ હારથી સુશોભિત રહે છે, તેની બન્ને ભુજાઓ કડાં અને ત્રુટિતોથી (આભરણ વિશેષોથી) વિભૂષિત હોય છે, બાહુઓના ભૂષણ વિશેષ રૂપ કેયૂરોને તે ધારણ કરે છે, કપોલતલો સાથે ઘસાતાં કુંડલોને તેણે બન્ને કર્ણોમાં ધારણ કરેલા હોય છે. અથવા-તે દેવ કેયૂરોને, કુંડલોને મુલાયમ કપોલતલોને અને કર્ણપિંડોને-કાનના આભરણ વિશેષોને ધારણ કરે છે.

અહીં પહેલા વિગ્રહમાં એવું કહેવામાં આવ્યું છે કે તે દેવ કેયૂરવાળો હોય છે અને કપોલ પ્રદેશની સાથે ઘર્ષિત થનારા કર્ણકુંડળોવાળો હોય છે, બીજા વિગ્રહમાં એવું કહેવામાં આવ્યું છે કે તે દેવ કેયૂરવાળો હોય છે, અને કુંડળો વડે મૃષ્ટ કપોલોવાળો હોય છે. ત્રીજા વિગ્રહમાં એવું કહેવામાં આવ્યું છે કે તે દેવ કેયૂરવાળો હોય છે. કુંડલોવાળો હોય છે, મુલાયમ કપોલોવાળો હોય છે. અને કાનના આભૂષણો વાળો હોય છે. વિવિધ મુદ્રિકા આદિ રૂપ હસ્તાભરણોને તે ધારણ કરનારો હોય છે અને વિવિધ વસ્ત્રોને તથા આભરણોને તે ધારણ કરનારો હોય છે, વિવિધ વસ્ત્રોરૂપ આભરણોને તે પહેરતો હોય છે. અથવા પોતાની અવસ્થાને અનુરૂપ વિવિધ આભૂષણોને તે ધારણ કરતો હોય છે, વિવિધ માલાઓ જ તેના મુકુટરૂપ હોય છે અથવા અનેક માલાઓમાંથી નિર્મિત થયેલું તેનું શિરોભૂષણ હોય છે, અથવા તેના મસ્તક પર અનેક પ્રકારની માલાઓ વિરાજતી હોય છે. તે સદા માંગલિક વસ્ત્રો ધારણ કરે છે. તેના શરીર પર સુગન્ધયુક્ત માલાઓ શોભતી હોય છે, અને ચન્દનાદિ સુગંધિત દ્રવ્યોનું વિલેપન થતું હોય છે. તે કારણે તેનું શરીર દેદીપ્યમાન રહે છે. તે લાંબી લાંબી વનમાલાઓને ધારણ કરે છે. એવો તે આલોચિત, પ્રતિક્રાન્ત સાધુનો દેવપર્યાયમાં ઉત્પન્ન થયેલો જીવ, સ્વર્ગીય ગન્ધ વડે, સ્વર્ગીય રસ વડે (અનુરાગ રસ વડે), દિવ્ય સ્પર્શ વડે, વજ્રઋષભનારાચાત્મક દિવ્ય સંહનન વડે, દિવ્ય સમચતુરસ્ર સંસ્થાન વડે, સ્વર્ગીય વિમાનાદિ રૂપ ઋદ્ધિ વડે,

દિવ્ય ધતિ ( શારીરિક શોભા ) વડે, દિવ્ય અલંકારોની કાન્તિ રૂપ પ્રભાવડે, દિવ્ય પ્રતિબિંબ વડે, શરીર નિર્ગત દિવ્ય તેજોજવાલા વડે, દિવ્ય શરીર કાન્તિ વડે, અને અન્તઃપરિણામિની શુકલાદિ રૂપ દિવ્ય લેશ્યા વડે દસે દિશાઓને પ્રકાશિત કરતો થકો અને અતિશય રૂપથી પ્રભાસિત કરતો થકો દિવ્ય નાટ્ય ગીતોનો તથા નિપુણ કલાકારો દ્વારા બજાવવામાં આવતા તંત્રી, તાલ ત્રુટિત, ઘન મૃદંગ આદિ વાદ્યોના મધુર ધ્વનિની સાથે દિવ્ય ભોગોપભોગોનો ઉપભોગ કરતો રહે છે.

અહત એટલે અવિચ્છિન્ન નાટ્યગીત અને નૃત્ય યુકત ગીત, વાદિત એટલે કે વગાડવામાં આવતાં. વ જીંત્રો તંત્રી પદ વીણાના અર્થમાં, તલ પદ હસ્ત તાલના અર્થમાં તાલ શબ્દ કાંસા આદિના અવાજના અર્થમાં ત્રુટિત શબ્દ ઢાલ વિગેરે વાજીંત્રના અર્થમાં અને ઘનમૃદંગ પદ પડઘમ આદિ વાજિંત્રોના અર્થમાં વપરાયેલ છે. વાદળોની જેવી ગર્જના થાય છે, એવો અવાજ કરનારાં મૃદંગ, તબલાં, આદિને પણ ઘનમૃદંગ કહે છે. "પટુ પ્રવાદિત" એટલે વાદ્યો વગાડવામાં નિપુણ પુરુષો દ્વારા વગાડવામાં આવતાં. ભોગ પદ પ્રચુર શબ્દાદિક ભોગોના અર્થમાં અહીં પ્રયુકત થયેલ છે.

આ દેવની જે બાહ્ય અને આભ્યન્તર પરિષદ હોય છે, તે પણ તેનો આદર કરે છે, તેને પોતાના સ્વામી રૂપે સ્વીકારે છે અને મોટા મોટા દેવોને બેસવા યોગ્ય આસન પર તેને બેસાડે છે તથા જ્યારે તે દેવોની કોઇ પણ સભામાં કોઇ પણ વિષયને અનુલક્ષીને સામાન્ય રૂપે કહે છે, વિશેષ રૂપે કહે છે, યુકિતપ્રયુક્તિઓ દ્વારા પોતાના વિષયની પ્રજ્ઞાપના કરે છે અને પ્રરૂપણા કરે છે, ત્યારે કોઈની પણ સૂચના થયા વિના ચાર પાંચ દેવો ઊભા થઇને એવી વિનંતિ કરે છે કે "હજી આપ વધારે બોલો, થોડા વધુ સમય સુધી આપનું ભાષણ ચાલુ રાખો અમને આપની વાત ઘણી જ રુચિકર લાગે છે.

## આલોચિત–પ્રતિક્રાન્ત માયાવીકી આયતિકી પ્રશંસા

આ લોચિત અને પ્રતિક્રાન્ત સાધુનો ઉપપાત અવગર્હિત હોય છે, એ વાતનું પ્રતિપાદન કરીને હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે તેની આયતિ

પણ અગર્હિત જ હોય છે—" से णं तओ देवलोगाओ " ઈત્યાદિ—

ટીકાર્થ–તે આલોચિત અને પ્રતિક્રાન્ત સાધુ કે જે સૌધર્માદિ કોઈ એક દેવલોકમાં સંબંધી તેના આયુનો ક્ષય કરીને સ્થિતિનો ક્ષય કરીને અને ભવનો ક્ષય કરીને, દેવલોકમાંથી ચ્યવીને નીચે દર્શાવેલાં કુળોમાંથી કોઈ પણ એક ઉત્તમ કુળમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન થઇ જાય છે.

અહીં આઢય (સમૃદ્ધ)થી લઈને બહુજન દ્વારા પણ અપરિભૂત કુળ પર્યન્તના કુળો ગૃહીત થયાં છે. અહીં 'પર્યન્ત'ના પદ દ્વારા નીચેનાં સૂત્રપાઠને ગ્રહણ કરવાનો છે—

" दित्ताइं वित्थिन्नविउलभवणसयणासणजाणवाहणाइं, बहुजण-बहुजायरूवरययाइं आओगपओगसंपउत्ताइं, विच्छड्डियपउरभत्तपाणाइं, बहु-दासीदासमगोहिस-गवेलगप्पभूयाइं " આ સૂત્રપાઠનો અર્થ નીચે પ્રમાણે થાય છે–

લોક પ્રસિદ્ધ જે કુળો હોય છે તેને દસકુળ કહે છે અથવા ધર્મના ગૌરવ સંપન્નથી જે કુળો હોય છે, તેમને દસકુળો કહે છે. એવા દસકુળમાં તે પુત્ર રૂપે ઉત્પન્ન થાય છે. મોટાં મોટાં અનેક ઘરો, ખુરસી, પલંગ આદિ આસનો તથા સિંહાસનો, રથાદિ યાન, અશ્વાદિ વાહનો, ઈત્યાદિથી યુક્ત જે કુળો હોય છે, તેમાં, તથા પ્રચુર ગણિમ, ધરિમ આદિ રૂપ ધનસંપત્તિવાળાં, પ્રચુર સુવર્ણવાળાં, પ્રચુર રજત (ચાંદી) વાળાં, આયોગ પ્રયોગ આદિની અપેક્ષાએ દ્રવ્યને વ્યાપારિત કરનારા (ધીરધાર કરનારા), તથા વિચ્છર્દિત વિપુલ આહાર પાનવાળાં, તથા બહુ દાસદાસીથી યુક્ત, ગાયો, ભેંસો, બકરાં, ઘેટા આદિથી યુક્ત કુળોમાં પુત્ર રૂપે તે જન્મ ધારણ કરે છે. બેવડા અને ત્રેવડા લાભ થાય એવી રીતે દ્રવ્યનું ધીરાણ કરવું તેનું નામ આયોગ પ્રયોગ છે. જે ઘરોમાં અનેક માણસો જમે છે અને તેમણે ભોજન કરી લીધા બાદ પણ અનેક માણસો જમી શકે એટલું ભોજન વધે છે, તે પ્રકારનું કુટંબ અહીં " विच्छर्दित प्रचुरभक्तपान " આ શબ્દો દ્વારા ગૃહીત થયું છે. એવાં જ કુટુંબમાં તે પુત્ર રૂપે ઉત્પન્ન થાય છે. તે કન્યારૂપે જન્મ લેતા નથી.

હવે તે કેવા પુત્રરૂપે જન્મ લે છે, તે વાત પ્રકટ કરવામાં આવે છે—તે સુરૂપ (ઘણો જ રૂપાળો હોય છે, સુકર્ણ (સુંદર કાનવાળો) હોય છે, સુગન્ધયુક્ત શરીરવાળો હોય છે, (સુરસ શરીરવાળો) હોય છે, સુસ્પર્શ (સુંદર સ્પર્શવાળો) હોય છે, ઇષ્ટ હોય છે, કાન્ત હોય છે, પ્રિય હોય છે, મનોજ્ઞ હોય છે. મનઆમ હોય છે, અહીનસ્વરવાળો હોય છે ઈષ્ટ–કાન્ત–પ્રિય–મનોજ્ઞ અને મનઆમ સ્વરવાળો હોય છે, તથા આદેયવચનવાળો હોય છે. દ્રરૂપ આદિ શબ્દોનો અર્થ આ સૂત્રમાં આગળ આપવામાં આવેલ છે. અહીં

જે સુરૂપથી લઇને મનઆમ પર્યન્તના વિશેષણો વપરાયાં છે તેમના અર્થ દુરૂપ આદિ શબ્દો કરતાં વિપરીત થાય છે, એમ સમજવું. ત્યાં ઉત્પન્ન થયેલા તે પુરુષની જે બાહ્ય અને આભ્યન્તરિક પરિષદ હોય છે તે પણ તેનો આદર કરે છે અને તેને પોતાના સ્વામી રૂપે ગણે છે, તથા મહાપુરુષોને બેસવા યોગ્ય આસન પર તેને બેસાડે છે. જ્યારે કોઇ પણ મનુષ્ય સભામાં તે કોઇ પણ વિષય પર ભાષણ કરતો હોય છે, ત્યારે ચાર પાંચ માણસો કોઈ પણ પુરુષ દ્વારા પ્રેરિત કરાયા વિના પણ ઊભા થઈને એવું કહે છે કે "હે આર્યપુત્ર! આપ જે કહો છો તે યથાર્થ જ છે. આપની વાત અમને ખૂબ જ રુચિકર લાગે છે. આપ હજી પણ વધારે બોલો" આ પ્રકારે તે આલોચિત, અને પ્રતિક્રાન્ત સાધુનો ઉપપાત અને આયાતિ, બન્ને અગર્હિત જ હોય છે.

"આ લોક અગર્હિત થવો, તેનામાં લઘુતા (નિરાભિમાનીપણું) હોવી, દરેક માણસને તેના દ્વારા આનન્દ મળવો" ઇત્યાદિ કહ્યું પણ છે કે—

## સંવરાસંવરકા નિરૂપણ

"लहुयाल्हाइय जणणं" ઇત્યાદિ—

લઘુતા, આલ્હાદજનકતા, આત્મ નિયંત્રણ, આર્જવ, દુષ્કર કરણતા, આદર પ્રાપ્તિ, અને નિઃશલ્યતા, આ બધાં આલોચના રૂપ વિશુદ્ધિના ગુણો કહ્યા છે. ॥ સૂ. ૧૦ ॥

જે જીવો આલોચના, પ્રતિક્રમણ આદિ કરે છે તેઓ સંવરવાળા હોય છે, તેથી હવે સૂત્રકાર સંવરનું અને તેનાથી વિપરીત એવા અસંવરનું નિરૂપણ કરે છે—

"अट्ठविहे संवरे पण्णत्ते" ઇત્યાદિ—

સંવર એટલે રોકવું તે. સંવરના મુખ્ય બે ભેદ પડે છે—(૧) દ્રવ્યસંવર અને (૨) ભાવસંવર. પાણીની અંદર તરતી હોડી પડેલા છિદ્ર દ્વારા તેમાં પ્રવેશતા પાણીને અટકાવવા માટે તે હોડીમાં પડેલા છિદ્રને કોઇ પણ દ્રવ્ય વડે બંધ કરી દેવું તેનું નામ સંવર છે. જીવ રૂપ નૌકામાં ઇન્દ્રિયાદિકો આદિ દ્વારા આવનારાં કર્મોના કારણભૂત તે ઇન્દ્રિયાદિ દ્વારોને સમિતિ આદિ દ્વારા બંધ કરી દેવાં, તેનું નામ ભાવસંવર છે. ભાવસંવરના શ્રોત્રેન્દ્રિય સંવર આદિ આઠ ભેદ પડે છે.

સંવરથી વિપરીત સ્વરૂપવાળો અસંવર હોય છે. તેના પણ નીચે પ્રમાણે આઠ પ્રકાર પડે છે—(૧) શ્રોત્રેન્દ્રિય અસંવર, (૨) ચક્ષુઈન્દ્રિય અસંવર, (૩) ઘ્રાણેન્દ્રિય અસંવર, (૪) રસનેન્દ્રિય અસંવર, (૫) સ્પર્શેન્દ્રિય અસંવર, (૬) મન અસંવર (૭) વચન અસંવર અને (૮) કાય અસંવર ॥ સૂ. ૧૧ ॥

આગલા સૂત્રને અન્તે કાય અસંવરનો ઉલ્લેખ થયો છે તે અસંવરથી યુક્ત જે કાય છે, તે કાય આઠ સ્પર્શોથી યુક્ત હોય છે. પૂર્વસૂત્ર સાથેના આ પ્રકારના સંબંધને લીધે હવે સૂત્રકાર સ્પર્શની પ્રરૂપણા કરે છે—

"अट्ठ फासा पण्णत्ता" ઇત્યાદિ—

સ્પર્શના આઠ પ્રકાર કહ્યા છે-(૧) કર્કશ સ્પર્શ, (૨) મૃદુ સ્પર્શ, (૩) ગુરુ સ્પર્શ, (૫) શીત સ્પર્શ, (૬) ઉષ્ણ સ્પર્શ, (૭) સ્નિગ્ધ સ્પર્શ અને રૂક્ષ સ્પર્શ. ॥ સૂ. ૧૩ ॥

સ્પર્શ આઠ પ્રકારના જ હોય છે, એવી લોકની સ્થિતિ છે. તેથી હવે સૂત્રકારની લોકની સ્થિતિમાં અષ્ટવિધતાનું નિરૂપણ કરે છે—

"अट्ठविहा लोगट्ठिई" ઇત્યાદિ

ટીકાર્થ-લોકની સ્થિતિ આઠ પ્રકારની કહી છે—(૧) આકાશ પ્રતિષ્ઠિત વાત, (૨) વાત પ્રતિષ્ઠિત ઉદધિ, (૩) ઘનોદધિ પ્રતિષ્ઠિત પૃથ્વી એજ પ્રમાણે જેવું કથન છઠ્ઠા સ્થાનમાં કરવામાં આવ્યું છે, એવું જ "जीवा कम्मपइट्ठिया" આ પદ પર્યન્તનું કથન પણ અહીં ગ્રહણ થવું જોઈએ. ત્યાં આ પ્રમાણે કથન થયું છે— "उदही पइट्ठिया पुढवी३, पुढवि पइट्ठिया तसा थावरा४, अजीवाजीव पइट्ठिया५, जीवा कम्मपइट्ठिया६, આ પદોની વ્યાખ્યા છટ્ઠા સ્થાનમાં આપવામાં આવી છે. બાકીના બે સ્થાન નીચે પ્રમાણે છે—"अजीवा जीव संगृहीताः७, जीवाः कर्मसंगृहीताः८" ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધા સમય (કાળ), આ બધાં અજીવ જીવ સંગૃહીત છે, કારણ કે તેમના વિના તેમનો વ્યવહાર ચાલતો નથી, અને જીવો જ્ઞાનાવરણીય આદિ કર્મોથી બદ્ધ છે.

શંકા—આ સૂત્રના છટ્ઠા પદમાં "जीवाः कर्मप्रतिष्ठाः" આ પ્રકારનું કથન થયું છે; તો તે બન્ને કથન વચ્ચે શો તફાવત છે?

ઉત્તર—જીવોપગ્રાહક હોવાને કારણે છટ્ઠા પદમાં જીવમાં કર્મની આધારતા વિવક્ષિત થઇ છે, અને આઠમાં પદમાં તેમાં જીવબન્ધકતા વિવક્ષિત થઇ છે. ॥ સૂ. ૧૩ ॥

લોકસ્થિતિ આદિની પ્રરૂપણા ગણી જ કરે છે, તેથી હવે સૂત્રકાર ગણિસમ્પદાના આઠ પ્રકારોનું નિરૂપણ કરે છે—

"अट्ठविहा गणिसंपया पण्णत्ता" ઇત્યાદિ—

ટીકાર્થ—જ્ઞાનાદિ ગુણોના સમૂહનું નામ, અથવા સાધુસમુદાયનું નામ ગણ છે. અથવા વિપુલ પ્રતાપનું નામ ગણ છે આ ગણ જેને હોય છે તેનું નામ ગણી છે. એવા તે ગણી આચાર્ય રૂપ જ હોય છે. તે ગણીની જે રત્નાદિ ધનસમાન સંપત્તિ હોય છે, તેનું નામ ગણી સંપત્તિ છે. તે ગણીસંપત્તિના નીચે પ્રમાણે આઠ પ્રકાર કહ્યા છે—(૧) આચાર સંપત્ આચરણને આચાર કહે છે. આ આચાર વીતરાગ પ્રણીત જ્ઞાનાદિ આચાર રૂપ હોય છે. આચારમાં જે 'આ' ઉપસર્ગ વપરાયો છે. તે મર્યાદાના અર્થમાં વપરાયો છે. કાળ, નિયમ આદિ રૂપ મર્યાદા પ્રમાણે જે ચાર (ચરણ) છે, તેનું નામ આચાર છે. તે આચાર જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યરૂપ પાંચ પ્રકારવાળો કહ્યો છે. અથવા-મર્યાદા અનુસાર જે વિહાર છે તેનું નામ આચાર છે. અથવા-મોક્ષને નિમિત્તે જે અનુષ્ઠાન વિશેષ છે અથવા જ્ઞાનાદિ વિષયક જે અનુષ્ઠાન છે તેનું નામ આચાર છે. એવો તે આચાર સાધુજનો દ્વારા આચરિત આચરણ વિશેષ રૂપ હોય છે. અથવા શિષ્ટજનોના આચરણ પ્રમાણેનો જે જ્ઞાનાદિકોના સેવનનો વિધિ છે તેનું નામ આચાર છે. આ આચાર જ જેમની સંપત્તિ હોય છે. તેમને આચાર સંપત્ કહે છે. અથવા આચારાંગ સૂત્ર નામનું જે પહેલું અંગ છે, તેનું નામ પણ આચાર છે. તેને અધ્યયનને લીધે જ્ઞાનાદિ રૂપ પાંચ પ્રકારના આચારનું પરિજ્ઞાન પ્રાપ્ત થાય છે. તે આચારાંગ દ્વારા પ્રતિપાદિત અનુષ્ઠાનોનું આચરણ જ ધનાદિ સંપત્તિના જેવું ગણાય છે. તે કારણે તે આચારને ગણી સંપત્તિ રૂપ કહેલ છે. (૨) શ્રુત સંપત્—આગમોને શ્રુત કહે છે તે આગમોને સંપત્તિસમાન ગણવામાં આવ્યા છે. ગણી શ્રુતસંપત્ રૂપ સંપત્તિથી યુક્ત હોય છે.

શરીર સંપત્—કાયાને શરીર કહે છે. રૂપ, લાવણ્ય, આરોહ, પરિણાહ, સ્થિર સંહનન આદિ રૂપ કાયની સંપત્તિથી જે યુક્ત હોય છે તેને શરીર સંપત્ કહે છે. ગણી શરીર રૂપ સંપત્તિથી પણ સંપન્ન હોય છે

(૪) વચન સંપત્—સમસ્ત વ્યવહારના હેતુ રૂપ જે વાગ્વ્યાપાર છે

તે પણ સંપત્તિના જેવો જ હોવાને કારણે અહીં વચનને પણ સંપતિ રૂપે પ્રકટ કરવામાં આવેલ છે. જ્યારે વચન હિત, મિત, સત્ય અને પ્રિય હોય ત્યારે જ વચન સપંત્ સંભવી શકે છે.

(૫) વાચના સંપત્—ગુરુને મુખે શ્રુતને સ્પષ્ટ રૂપે શીખવું તેનું નામ વાચના છે. શ્રવણ રમણીયતા આદિ કારણોને લીધે તે વાચનાને પણ સંપત્તિ સમાન ગણીને વાચના સંપત્ કહ્યા છે.

(૬) મતિસંપત્—શીઘ્રતા પૂર્વક કોઈ પણ પ્રશ્નને અવગ્રહણ કરનારી જે બુદ્ધિ છે તેનું નામ મતિ છે. તેને પણ એક પ્રકારની સંપત્તિ જ કહેવાનું કારણ એ છે કે હેય અને ઉપાદેયનો વિવેક કરાવવામાં એ મતિ જ મદદરૂપ બને છે,

(૭) પ્રયોગ સંપત્—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જાણીને વાદાદિ કરવા રૂપ જે આત્મ સામર્થ્ય છે તેનું નામ પ્રયોગ છે. આ પ્રયોગને જે સંપત્તિના સમાન ગણાવનામાં આવ્યો છે, તેનું કારણ એ છે કે પ્રયોગ સંપતમાં પુરુષને વાદાવવાદ કરવાનુ લોકોત્તર સામર્થ્ય હોય છે.

(૮) સંગ્રહ પરિજ્ઞા—દ્રવ્યની અપેક્ષાએ વસ્ત્રપાત્રાદિને એકત્ર કરવા અને ભાવની અપેક્ષાએ અનેક શાસ્ત્રો તથા આપ્તજનો (શિષ્યો)ને એકત્રિત કરવા તેનું નામ સંગ્રહ છે. આ સંગ્રહ કરવામાં જે વિચક્ષણતાની જરૂર પડે છે તેને સંગ્રહ પરિજ્ઞા કહે છે.

આ આચારસંપત્ આદિ આઠ સંપત્તિઓનું વિસ્તૃત વિવેચન દશાશ્રુત સ્કન્ધના ચોથા અધ્યયનની મુનિહર્ષિણી ટીકામાં કરવામાં આવ્યું છે. તો આ વિષયનું વિસ્તૃત સ્વરૂપ જાણવાની ઈચ્છાવાળા પાઠકોએ તે ટીકા વાંચી જવી ॥ સૂ. ૧૪॥

## મહાનિધિકા નિરૂપણ

ગુણીજનો ગુણરૂપી રત્નોના નિધાન (ભંડાર) જેવાં હોય છે, આ પ્રકારના પૂર્વસૂત્ર સાથેના સંબંધને લીધે હવે સૂત્રકાર મહાનિધિઓના સ્વરૂપનું નિરૂપણ કરે છે—"एगमेगेणं महानिही" ઈત્યાદિ—

ટીકાર્થ—ચક્રવર્તીઓના નવ મહાનિધિઓ કહ્યા છે. તે પ્રત્યેક મહાનિધિ

અષ્ટચક્ર પ્રતિષ્ઠિત હોય છે. અષ્ટચક્ર પ્રતિષ્ઠિત તે મંજૂષાકાર નિધિ આઠ યોજન ઊંચી હોય છે. મહાનિધિ સ્વરૂપ આ પ્રકારનું કહ્યું છે —

"नव जोयणवित्थिण्णा" ઇત્યાદિ—

તે પ્રત્યેક મહાનિધિનો વિષ્કંભ નવ–નવ યોજનનો, આયામ વિસ્તાર સહિત છે. ઊંચાઈ આઠ–આઠ યોજનની હોય છે.

એક–એક હજાર યક્ષ તે પ્રત્યેક મહાનિધિની રક્ષા કરતા હોય છે અને તે પ્રત્યેક મહાનિધિ આઠ ચક્રો પર પ્રતિષ્ઠિત છે. ।। સૂ. ૧૫ ।।

## ઈર્યાસમિત્યાદિ ભાવનિધિકા નિરૂપણ

આ પ્રમાણે દ્રવ્યનિધિનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર ભાવનિધિનું નિરૂપણ કરે છે—

ટીકાર્થ—"अट्ठ समिईओ पण्णत्ताओ" ઇત્યાદિ—

નીચે પ્રમાણે આઠ સમિતિઓ કહી છે–(૧) ઈર્યાસમિતિ, (૨) ભાષા સમિતિ, (૩) એષણા સમિતિ, (૪) આદાનભાંડમાત્ર નિક્ષેપણા સમિતિ, (૫) ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ શિંઘાણ પરિષ્ઠાપનિકા સમિતિ, (૬) મનોગુપ્તિ, (૭) વાગ્ગુપ્તિ અને (૮) કાયગુપ્તિ.

એકીભાવ રૂપે (એકાગ્ર ભાવપૂર્વકની) જે શોભન એકાગ્રપરિણામની ચેષ્ટાઓ છે તેમને સમિતિ કહે છે. અથવા જીવોને પરિતાપ કરવાની પ્રવૃત્તિને છોડવાની ઈચ્છાપૂર્વક જે સમ્યક્ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, તેમનું નામ સમિતિઓ છે. હવે તેના આઠ પ્રકારોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

(૧) ઈર્યાસમિતિ–જ્યારે સૂર્યના પ્રખરતર કિરણો વડે દિશાઓ પ્રકાશિત થવા માંડે, અને દરેકે દરેક વસ્તુને આંખો વડે બરાબર જોઈ શકાય એવો પ્રકાશ બધે વ્યાપી જાય, જ્યારે મનુષ્યોના ચાલવાથી, રથચક્ર અને અશ્વાદિના

દાભડા વડે ઝાકળ આદિ જેના પરથી વિલીન થઈ ગયું હોય અને તે કારણે પ્રાસુક થઇ ગયો હોય એવા રસ્તા પર સામેની યુગપ્રમાણુ (ધુંસરી પ્રમાણ) ભૂમિનું અવલોકન કરતાં કરતાં જેણે પોતાના પૂર્વ અપર સંકુચિત કરી લીધો છે. એવા એકાગ્ર મનવાળા મુનિનું જે જતના પૂર્વક ધીરે ધીરે ચાલવાનું થાય છે, તેનું નામ ઈર્યાસમિતિ છે. આ કથનનો સારાંશ નીચે પ્રમાણે છે-કોઈ પણ જંતુને કલેશ ન થાય એ પ્રમાણે સાવધાની પૂર્વક ચાલવું તેનું નામ જ ઇર્યાસમિતિ છે.

(૨) ભાષાસમિતિ-સત્ય, હિતકારી, પરિમિત અને પ્રિય વચન બોલવા તેનું નામ ભાષાસમિતિ છે. ભાષા શબ્દનો અર્થ વચન થાય છે આ વચનમાં જે સમિતિ છે તેનું નામ ભાષાસમિતિ છે. વચનમાં સમિતતા ત્યારે જ આવે છે કે જ્યારે તે હિત, મિત અને પ્રિય હોય છે, કર્કશતા આદિ દોષોથી રહિત હોય છે-મૃદુ હોય છે અને પ્રાણિમર્દનથી રહિત હોય છે.

(૩) એષણા સમિતિ-જીવનયાત્રા માટે આવશ્યક હોય એવાં સાધનોની પ્રાપ્તિ કરવા માટે સાવધાની પૂર્વક પ્રવૃત્તિ કરવી તેનું નામ એષણાસમિતિ છે. એષણા એટલે ગવેષણા. તે ઉદ્ગમાદિ દોષોને છોડવા રૂપ, ગ્રહણૈષણા રૂપ અને પરિભોગૈષણા આદિ રૂપ હોય છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-ભિક્ષાપ્રાપ્તિને માટે નીકળેલા મુનિ દ્વારા જે ઉપયોગ યુક્ત થઈને નવ પ્રકારે વિશુદ્ધ આહારનું ગ્રહણ થાય છે તેનું નામ એષણા સમિતિ છે.

(૪) ભાંડમાત્રને જતના પૂર્વક ઉઠાવવા અને મૂકવા તેનું નામ આદાન ભાંડમાત્ર નિક્ષેપણા સમિતિ છે.

(૫) ઉચ્ચાર (મળ), પ્રસ્રવણ (મૂત્ર), ખેલ (કફ), જલ્લ (શરીરનો મેલ) શિંઘાણ (નાકમાંથી નીકળતો ચીકણો પદાર્થ), આ બધાનું જતના પૂર્વક વિસર્જન કરવું તેનું નામ ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ-શિંઘાણ પરિષ્ઠાપનિકા સમિતિ છે.

(૬) મનોગુપ્તિ—મનની કુશલતા પૂર્વકની જે પ્રવૃત્તિ છે તેનું નામ મનોગુપ્તિ છે. (૭) વચનની કુશલતા પૂર્વકની જે પ્રવૃત્તિ છે તેનું નામ વચન-ગુપ્તિ છે. (૮) કાયની સ્થાન આદિકોમાં જે કુશલતા રૂપ પ્રવૃત્તિ છે તેનું નામ કાયગુપ્તિ છે. ॥ સૂ. ૧૬ ॥

## આલોચના દેનેવાલે આચાર્ય ઔર લેનેવાલે સાધુકે પ્રાયશ્ચિત્તકા નિરૂપણ

જ્યારે સમિતિઓના પાલનમાં અતિચાર લાગી જાય છે. ત્યારે આલોચના અપાય છે. તેથી હવે સૂત્રકાર આલોચનાચાર્યના, આલોચના કરનાર અને પ્રાયશ્ચિત્તના સ્વરૂપનું નિરૂપણ કરે છે."अट्ठहिं ठाणेहिं संपन्ने अणगारे" ઇત્યાદિ—

ટીકાર્થ-નીચેના આઠ ગુણોથી યુક્ત હોય એવો અણગાર આલોચકના દ્વારા પ્રકટ કરવામાં આવેલા અતિચારોને સાંભળવાને યોગ્ય ગણાય છે-જે અણગાર આચારવાન્ હોય છે-જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપ આચાર અને વીર્યાચારનો જ્ઞાતા હોય છે અને તે આચારોનું પાલન કરનારો હોય છે, જે અણગાર અવધારવાન્ હોય છે, (આલોચકના આલોચ્યમાન અતિચારોનો નિશ્ચય કરવો તેનું નામ અવધારણ છે. જે અણગારમાં આ અવધારણનો સદ્ભાવ હોય છે તેને અવધારણવાન્ કહે છે. તે અવધારણવાન્ અણગાર અતિચારોના પ્રકારનો નિર્ણાયક હોય છે.)

"आयारवमायारं" ઇત્યાદિ જે વ્યવહારવાન્ હોય છે (આગમ વ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞા વ્યવહાર, ધારણા વ્યવહાર અને જીત વ્યવહારનો જે જાણકાર હોય છે તેને વ્યવહારવાન્ કહે છે), જે અણગાર અપવ્રીડક હોય છે (આલોચના કરનાર સાધુને જે લજ્જા (સંકોચ) રહિત કરે છે, તેને અપવ્રીડક કહે છે. એટલે કે જે અતિચાર યુક્ત સાધુ લજ્જાને કારણે સારી રીતે આલેચના કરતો નથી એવા સાધુને સમજાવીને સમ્યક્ પ્રકારે જે આલોચના કરાવી લે છે તેને અપવ્રીડક કહે છે.) કહ્યું પણ છે કે-"ववहारवं ववहारं" ઇત્યાદિ

જે આગમાદિ રૂપ પાંચ પ્રકારના વ્યવહારોને સારી રીતે જાણે છે, તેને વ્યવહારવાન્ કહે છે. એવા સાધુઓ પોતાના અતિચારોને યુક્તિપ્રયુક્તિ પૂર્વક સમજાવીને તેમના અતિચારોની આલોચના કરાવનાર સાધુને અપવ્રીડક કહે છે.

જે અણગાર પ્રકારક હોય છે (આલોચના કર્યા બાદ અતિચારવાળા સાધુની શુદ્ધિ કરાવનાર હોય છે તેને પ્રકારક કહે છે. કહ્યું પણ છે કે-"आलोइयम्मि सोहिं" ઇત્યાદિ), જે અપરિસ્રાવી હોય છે (આલોચકના દોષોને જે અન્યની પાસે પ્રકટ કરતો નથી તેને અપરિસ્રાવી કહે છે. કહ્યું પણ છે કે-"जो अन्नस्स उ दोसे" ઇત્યાદિ), જે નિર્યાપક હોય છે (જે પ્રદત્ત ગુરુ પ્રાયશ્ચિત્તનું પણ યુક્તિપૂર્વક શિષ્ય પાસે પાલન કરાવવાને સમર્થ હોય છે, તેને નિર્યાપક કહે છે કહ્યું પણ છે કે "निज्जवओ तह कुणई" ઇત્યાદિ), જે અપાયદર્શી હોય છે (જો શિષ્ય સમ્યક્ રીતે આલોચના આદિ કરે નહીં તો તેને બોધિ આદિની પ્રાપ્તિ થવાનું દુર્લભ બની જશે, ઇત્યાદિ અનર્થોનું શિષ્યને

ભાન કરાવવાના સામર્થ્યવાળા અણગારને અપાયદર્શી કહે છે. કહ્યું પણ છે કે- दुब्भिक्ख दुब्बलाई " ઇત્યાદિ )

શિષ્યને જો સારી રીતે ભિક્ષા આદિની પ્રાપ્તિ થતી નથી, તો તેનામાં દુર્બલ પણ આવી જાય છે. દુર્બલતા આવી જવાને કારણે તેનામાં માનસિક અસ્થિરતા આવી જવાનો પણ સંભવ રહે છે. માનસિક અસ્થિરતા આવી જાય તો તેને માટે પોતાનો નિર્વાહ ચલાવવાનું પણ કઠણ થઈ જાય છે. આ પ્રકારે જે આચાર્ય આદિ શિષ્યજનોને અપાય દર્શાવનારો હોય છે તેને અપાયદર્શી કહે છે. આ રીતે પોતાના અતિચારોની આલોચના કરવા માગતા આલોચક દ્વારા પોતાના જે અતિચારો પ્રકટ કરવાના હોય, તે અતિચારો સાંભળવાને પાત્ર એજ અણગારને ગણી શકાય છે, કે જેનામાં નીચેના આઠ ગુણોનો સદ્ભાવ હોય છે-(૧) તે આચારવાન હોવો જોઈએ, (૨) તે અવધારવાન્ હોવો જોઈએ (૩) તે વ્યવહારવાન્ હોવો જોઈએ (૪) તે અપવ્રીડક હોવો જોઈએ (૫) તે પ્રકારક હોવો જોઈએ, (૬) તે અપરિસ્રાવી હોવો જોઇએ. (૭) તે નિર્યાપક હોવો જોઇએ અને (૮) તે અપાયદર્શી હોવો જોઈએ. આ બધાં પદોનો અર્થ ઉપર સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

અહીં ગુણોનો નિર્દેશ થવો જોઈતો હતો, પરન્તુ ગુણ અને ગુણીમાં અભેદનો ઉપચાર કરીને અહીં ગુણીનો નિર્દેશ કરવામાં આવ્યો છે. એજ પ્રમાણે આગળ પણ સમજવાનું છે.

આ પ્રકારે આલોચના દાતાના ગુણોનું વર્ણન નિરૂપણ કરીને હવે સૂત્રકાર આલોચકના ગુણોનું નિરૂપણ કરે છે—

" अट्ठहिं " ઈત્યાદિ—નીચે દર્શાવેલા આઠ ગુણોથી સંપન્ન હોય એવો અણગાર પોતાના અપરાધરૂપ દોષોની આલોચના કરવાને યોગ્ય ગણાય છે.- (૧) જાતિ સંપન્ન, (૨) કુલ સંપન્ન, (૩) વિનય સંપન્ન, (૪) જ્ઞાન સંપન્ન (૫) દર્શન સંપન્ન (૬) ચારિત્ર સંપન્ન, (૭) ક્ષાન્ત અને (૮) દાન્ત.

જાતિ સંપન્ન—ઉત્તમ માતૃવંશ યુક્તને જાતિ સંપન્ન કહે છે. કુલ સંપન્ન- -ઉત્તમ પિતૃવંશથી સંપન્ન હોય એવાને કુલ સંપન્ન કહે છે. જાતિ સંપન્ન અને કુલ સંપન્ન સાધુ, સામાન્ય રીતે અકૃત્ય કરતા નથી. કદાચ તેનાથી કોઈ અકૃત્ય સેવન થઈ જાય છે, તો પશ્ચાત્તાપ રૂપી અગ્નિથી તેનું મન તપ્ત થઈ જાય છે, અને તે પોતાના દોષની આલોચના અવશ્ય કરી જ લે છે. આ પ્રકારે જાતિ

સંપન્ન અને કુલસંપન્ન સાધુને અહીં આલોચના કરવાને પાત્ર ગણાવ્યો છે. કહ્યું પણ છે કે-" जाइकुलसंपन्नो " ઈત્યાદિ. તેનો અર્થ સ્પષ્ટ છે.

વિનય સંપન્ન—જે સાધુ વિનીત હોય છે, તે કોઇ ન કહે તો પણ શાન્તિથી પોતાના અતિચારોની આલોચના કરે છે.

જ્ઞાનસંપન્ન—જે શિષ્ય (સાધુ) જ્ઞાનસંપન્ન હોય છે, તે દોષવિપાક-પ્રાયશ્ચિત્તને અનાયાસે જ જાણી લે છે. કહ્યું પણ છે કે—

" नाणेण उ संपन्नो " ઈત્યાદિ—

જે સાધુ સમ્યગ્જ્ઞાનથી યુક્ત હોય છે, તે આ વાત ઘણી જ સારી રીતે જાણી શકે છે કે—પોતાને જે અતિચારો લાગે છે, તેનો વિપાક ભયંકર ફલદાતા હોય છે, તે જાણે છે કે તે દોષો ગુરુની સમક્ષ પ્રકટ કરીને યોગ્ય પ્રાયશ્ચિત્ત લેવાથી જ તેમની શુદ્ધિ થઈ શકે છે તેથી તે પોતાના દોષોને ગુરુ સમક્ષ પ્રકટ કરવા રૂપ આલોચના પણ કરે છે અને ગુરુ દ્વારા જે પ્રાયશ્ચિત્ત આપવામાં આવે, તેનો પણ સમ્યક્ રૂપે સ્વીકાર કરે છે.

દર્શન સંપન્ન-જે શિષ્ય શ્રદ્ધાવાળો હોય છે, તેને એ વાત પ્રત્યે દૃઢ શ્રદ્ધા હોય છે કે " દોષ અનર્થંકર હોય છે."

ચારિત્ર સંપન્ન-જે શિષ્ય ચારિત્ર સંપન્ન હોય છે-ક્રિયાવાળો હોય છે-તે ફરી એવો અપરાધ કરતો નથી. તે પોતાના અતિચારોની સારી આલોચના કરે છે અને તે અતિચારોની વિશુદ્ધિ માટે જે પ્રાયશ્ચિત્ત આપવામાં આવ્યું હોય છે, તેનું સારી રીતે પાલન કરે છે. કહ્યું પણ છે કે—

" सुद्धो तहत्ति सम्मं " ઈત્યાદિ.

ક્ષાન્ત—જે શિષ્ય ક્ષમાશીલ હોય છે, તે આચાર્ય દ્વારા કઠોર વચનો કહેવામાં આવે તો પણ પોતાના મનમાં રોષ કરતો નથી. કહ્યું પણ છે કે—

" खंतो आयरिएहिं " ઇત્યાદિ

દાન્ત—જે શિષ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ કરનારો હોય છે તેને દાન્ત કહે છે. એવો શિષ્ય તેને જે પ્રાયશ્ચિત્ત આપવામાં આવ્યું હોય, તેને વહન કરવાને સમર્થ હોય છે. કહ્યું પણ છે કે दंतो समत्थो वोढुं" ઇત્યાદિ.

આ પ્રમાણે આલોચકના ગુણોનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર તેના દ્વારા કરાયેલા પ્રાયશ્ચિત્તોના આઠ પ્રકારોનું નિરૂપણ કરે છે—

"अट्ठविहे" ઇત્યાદિ.

"પ્રાયશ્ચિત્ત" આ પદ અપરાધ અને તેની શુદ્ધિના અર્થનું વાચક છે. એટલે કે અહીં પ્રાયશ્ચિત્ત પદ અપરાધના અર્થમાં પ્રયુક્ત થયું છે. આ રીતે પ્રાયશ્ચિત્ત રૂપ અપરાધના આઠ પ્રકારો અહીં પ્રકટ કરવામાં આવ્યા છે—

(૧) આલોચનાર્હ-જે પ્રાયશ્ચિત્ત આલોચના રૂપ નિવેદન માત્રથી જ શુદ્ધ થઈ જવાને યોગ્ય હોય છે, તેને આલોચનાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

(૨) પ્રતિક્રમણાર્હ-જે પ્રાયશ્ચિત્ત પ્રતિક્રમણ દ્વારા-મિથ્યા દુષ્કૃતિ દેવા માત્રથી શુદ્ધિને યોગ્ય હોય છે તેને પ્રતિક્રમણાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

(૩) તદુભયાર્હ-જે પ્રાયશ્ચિત્ત આલોચના અને પ્રતિક્રમણ, બન્ને દ્વારા શુદ્ધિને યોગ્ય હોય છે તેને તદુભયાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

(૪) વિવેકાર્હ પ્રાયશ્ચિત્ત-જે પ્રાયશ્ચિત્ત અશુદ્ધ આહાર આદિના ત્યાગ વડે શુદ્ધિને પાત્ર હોય છે, તેને વિવેકાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

(૫) વ્યુત્સર્ગાર્હ પ્રાયશ્ચિત-જે પ્રાયશ્ચિત્ત કાયોત્સર્ગ દ્વારા શુદ્ધિને યોગ્ય હોય છે, તેને વ્યુત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

(૬) તપ:અર્હ પ્રાયશ્ચિત્ત-જે પ્રાયશ્ચિત્ત તપસ્યા દ્વારા શુદ્ધિને યોગ્ય હોય તેને તપ:અર્હ પ્રાયશ્ચિત કહે છે.

(૭) છેદાર્હ પ્રાયશ્ચિત પ્રવ્રજ્યા પર્યાયના છેદન દ્વારા શુદ્ધિને યોગ્ય હોય છે, તેને છેદાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

(૮) મૂલાર્હ પ્રાયશ્ચિત્ત-મહાવ્રતારોપણને યોગ્ય જે પ્રાયશ્ચિત્ત હોય છે, તેને મૂલાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે. ॥ સૂ. ૧૭ ॥

## આઠ પ્રકારકે મદસ્થાનોંકા નિરૂપણ

જાત્યાદિ મદોનો જે મનુષ્યમાં સદ્ભાવ હોય છે તે મનુષ્ય જ આલોચના આદિ કરતો નથી. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લઇને હવે સૂત્રકાર આઠ પ્રકારના મદનું પ્રતિપાદન કરે છે–

" अट्ठ मयट्ठाणो पण्णत्ता " ઇત્યાદિ—

ટીકાર્થ–મદના આઠ પ્રકાર કહ્યા છે—(૧) જાતિમદ, (૨) કુળમદ, (૩) બલમદ (૪) રૂપમદ, (૫) તપમદ, (૬) શ્રુતમદ, (૭) લાભમદ અને (૮) ઐશ્વર્યમદ. જ્યારે માણુસમાં જાત્યાદિ મદોનો સદ્ભાવ હોય છે, ત્યારે માણુસ આ લોકમાં ઉન્મત્ત અને દુઃખી થાય છે, અને પરલોકમાં પણ હીનજાતિ આદિની પ્રાપ્તિ કરે છે. કહ્યું પણ છે કે—" जात्यादि मदोन्मत्तः " ઇત્યાદિ—

જાતિ આદિ મદો વડે ઉન્મત્ત બનેલો મનુષ્ય આ લોકમાં પિશાચ જેવો બની જાય છે, અને તે સદા દુઃખ જ ભોગવતો રહે છે. તથા પરભવમાં પણ તે જાતિ આદિની હીનતા પ્રાપ્ત કરીને દુઃખ જ પામતો રહે છે. ॥ સૂ ૧૮ ॥

ઉપરના સૂત્રમાં શ્રુતમદ નામનો એક પ્રકાર બતાવવામાં આવ્યો છે. વાદીજનોમાં સામાન્ય રીતે શ્રુતમદનો સદ્ભાવ હોય છે, તેથી હવે સૂત્રકાર વાદી વિશેષોની આઠ સ્થાનોની અપેક્ષાએ પ્રરૂપણા કરે છે–

" अट्ठ अकिरियावाई पण्णत्ता " ઇત્યાદિ—(સૂ. ૧૩)

## આઠ પ્રકારકે અક્રિયાવાદિયોંકા નિરૂપણ

ટીકાર્થ–આઠ અક્રિયાવાદી કહ્યા છે—(૧) એકવાદી (૨) અનેકવાદી, (૩) મિત-વાદી, (૪) નિર્મિતવાદી, (૫) સાતવાદી સમુચ્છેદવાદી, (૭) નિત્યવાદી અને (૮) ન શાન્તિ પરલોકવાદી.

સકળ પદાર્થોમાં અન્વય રૂપે રહેલી "અસ્તિ" એવી જે ક્રિયા તે અયથાર્થ હોવાથી કુત્સિત છે–અહીં નઞ્ કુત્સિત અર્થનો વાચક છે–અસ્તિ રૂપ ક્રિયાને–આ પ્રમાણે કુત્સિત રૂપે કહેવાનો જેમનો સ્વભાવ છે, તેમને અક્રિયાવાદી કહે છે.

તે અક્રિયાવાદીઓ નાસ્તિક છે, કારણ કે વસ્તુનું જે અનેકાન્તાત્મક સ્વરૂપ છે, તેને તેઓ માનતા નથી, પરન્તુ વસ્તુના એકાન્તાત્મક સ્વરૂપને જ તેઓ માને છે. આ એકાન્તવાદ વસ્તુતઃ પરલોક સાધક ક્રિયાને પણ માનતો નથી. તેમના દ્વારા અભિમત પદાર્થ સત્તામાં પરલોક સાધક ક્રિયાની અનુપપત્તિ છે. તેનો સદ્ભાવ સિદ્ધ થતો નથી આ રીતે તેઓ અક્રિયાવાદી જ છે. હવે તે અક્રિયાવાદીઓના આઠ પ્રકારોનું સ્પષ્ટીકરણ કરવામા આવે છે—"એક જ આત્માદિ પદાર્થ છે," આ પ્રકારની જેમની માન્યતા છે તેમને એકવાદી કહે છે. એકવાદીની માન્યતા આ પ્રકારની છે–તે એકવાદીઓમાં જે ભૂતાત્મવાદી છે, તેનું મંતવ્ય એવું છે કે—

"एक एव हि भूतात्मा" ઇત્યાદિ—

પ્રત્યેક ભૂતમાં એક જ ભૂતાત્મા વ્યવસ્થિત (વિદ્યમાન) છે. તે એક ભૂતાત્મા જ જલચન્દ્રની જેમ એક પ્રકારનો અને અનેક પ્રકારનો દેખાય છે. એજ પ્રમાણે પુરુષાદ્વૈત, શબ્દાદ્વૈત, સામાન્યાદ્વૈત, આદિ મતવાદીઓના મતને પણ એકવાદી જ કહેવામાં આવે છે. આ પ્રમાણે આત્માને, પુરુષને, શબ્દને અને સામાન્યને એક માનનારા હોવાને કારણે તે એકત્વવાદીઓના જ અનેક પ્રકાર પડે છે. તે એકવાદી આત્માદિ સિવાયના વિદ્યમાન પદાર્થોનો પણ સ્વીકાર કરતા નથી, આત્માદિકોમાં એકાન્તિક એકત્વ યુક્તિ દ્વારા સિદ્ધ થતું નથી, તેથી તેમને અક્રિયાવાદી કહ્યા છે. પદાર્થોમાં અમુક દૃષ્ટિએ એકત્વ હોવા છતાં પણ એકાન્તતઃ તેમની અનેકતાનું પ્રતિપાદન કરનારા લોકોને અનેકવાદી કહે છે. આ અનેકવાદી પ્રમાણની અપેક્ષાએ પદાર્થોમાં પરસ્પર વિલક્ષણતા હોવાને કારણે તે પદાર્થોમાં ભિન્નતા જ માને છે. જેમ કે એક વસ્તુ કરતાં બીજી વસ્તુના રૂપમાં ભિન્નતા જણાય છે, તે કારણે તેઓ તે પદાર્થોમાં ભિન્નતાને જ સ્વીકારે છે. તેમની માન્યતા આ પ્રકારની છે જો પદાર્થોમાં એકતા હોત તો જીવ

અજીવ બદ્ધ, મુક્ત, સુખી અને દુઃખી જીવોમાં પણ એકતા માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાત. આ પ્રકારે જો સમસ્ત પદાર્થોમાં એકતા આવી જાય, તો સુકૃત અને દુષ્કૃતના ફલમાં જે ભિન્નતા જોવામાં આવે છે, તે જોવામાં આવે જ નહીં અને જો તેમના ફલની વિલક્ષણતા જ ન રહે, તો દીક્ષાદિક લેવાની પ્રવૃત્તિનો જ જીવોમાં અભાવ રહેવા માંડે.

સામાન્યની અપેક્ષાએ એકત્વવાદીઓનો જે મત છે, તેને પણ આ અનેક વાદીઓ આ પ્રકારે દૂષિત કરાવે છે—

તેઓ એવું કહે છે કે જે લોકો સામાન્યને આશ્રિત કરીને પદાર્થોમાં એકતાનું પ્રતિપાદન કરે છે, તેમનું તે કથન એ કારણે ખરૂં નથી કે સામાન્ય વિશેષો કરતાં ભિન્ન હોવાનું અથવા અભિન્ન હોવાનું સિદ્ધ થઈ શકતું નથી– સામાન્ય વિશેષોથી ભિન્ન છે, અથવા સામાન્ય વિશેષોથી અભિન્ન છે એ વાત જ અશકય લાગે છે. એજ પ્રમાણે અવયવી અયવવોથી, અને ધર્મી ધર્મોથી ભિન્ન છે કે અભિન્ન છે, તે પણ કહી શકાય તેમ નથી. તે કારણે તે અનેક વાદી પદાર્થોમાં એકાન્તતઃ (સંપૂર્ણતઃ) અનેકતા જ માને આ અનેકવાદીને અક્રિયાવાદી કહેવાનું કારણ એ છે કે પદાર્થોમાં કયારેક એકતા સંભવિત પણ હોઈ શકે છે, છતાં પણ તેઓ તે એકતાને માનતા નથી, અને એકાન્ત રૂપે અનેકતાનું જ પ્રતિપાદન કરે છે. તેમણે સામાન્યનો જે સર્વથા નિષેધ કર્યો છે તે વાત અસંગત જ લાગે છે કારણ કે–પદાર્થોમાં અભેદજ્ઞાન અનુભવથી સિદ્ધ થાય છે. જો સર્વથા સામાન્યનો અભાવ માનવામાં આવે તો અભેદજ્ઞાનનું કથન જ થઈ શકે નહીં. આ રીતે પદાર્થોમાં સર્વથા ભિન્નતા હોવાથી એક પરમાણુ સિવાયના સઘળા પદાર્થોમાં અપરમાણુતા માનવાનો જ પ્રસંગ પ્રાપ્ત થશે. તથા અવયવી વગર અને ધર્મી વગર પ્રતિનિયત અયયવની અને ધર્મની વ્યવસ્થા થઇ શકતી નથી. તેથી સામાન્યનો, ધર્મીનો અને અવયવીનો સદ્ભાવ માનવો જ જોઇએ. તેમના સદ્ભાવને લીધે ભેદાભેદ રૂપ વિકલ્પ કરીને જે દૂષિતતા

ઠરાવવામાં આવી છે, તેનું સ્યાદ્વાદ મતનો આધાર લેવાથી નિવારણ (ખંડન) થઇ જાય છે.

મિતવાદી—અનન્તાન્ત જીવોનો સદ્ભાવ હોવા છતાં પણ તેમને જેઓ પરિમિત કહે છે તેમને મિતવાદી કહે છે. અથવા અંગુઠાના પર્વ બરાબર અથવા શ્યામાક ચોખાના બરાબર જેવો જીવને માને છે, તેમને મિતવાદી કહે છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-જીવ અસંખ્યાત પ્રદેશોવાળો છે, તેથી તે આંગળના અસંખ્યાતમાં ભાગથી લઇને સંપૂર્ણ લોકપ્રમાણ ક્ષેત્રને વ્યાપ્ત કરી લે છે, અને તે કારણે તે અપરિમિત જ છે, છતાં પણ તેને અંગુષ્ઠ પર્વ બરાબર અથવા શ્યામાક-સામાના ચોખા બરાબર માનીને પરિમિત કહેનારાને પરિમિતવાદી કહે છે, અથવા-જે લોકને સાત દ્વીપ સમુદ્રાત્મક રૂપે પરિમિત કહે છે, તેને મિતવાદી કહે છે. આ મિતવાદી પણ વસ્તુતત્ત્વનો નિષેધક છે, તેથી તેને પણ અક્રિયાવાદી કહેવામાં આવે છે.

નિર્મિતવાદી—"આ લોકનું ઇશ્વરે અથવા બ્રહ્માએ અથવા કોઈ વિશિષ્ટ પુરુષે સર્જન કર્યું છે." આ પ્રકારની માન્યતા ધરાવનાર લોકોને નિર્મિતવાદી કહે છે. નિર્મિતવાદીના મતને અનુસરનારા લોકો એવું કહે છે કે-

"आसीदिदं तमोभूतं" ઇત્યાદિ.

આ શ્લોકોનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-પહેલાં આ લોક અંધકારમય હતો. તેમાં સ્થાવર જીવો, ત્રસજીવો, મનુષ્યો, દેવો, ઉરગો, રાક્ષસો આદિ કોઈ પણ જીવો ન હતાં. તેમાં પંચ મહાભૂતોનો પણ સદ્ભાવ ન હતો. આ લોક એક વિશાળ ખાડા રૂપે જ હતો. તેમાં અચિન્ત્ય સ્વરૂપવાળા પરમાત્મા સૂતાં સૂતાં તપ કરી રહ્યા હતા ॥ ૧-૩ ॥ તે પરમાત્માની નાભિમાંથી એક કમલ નીકળ્યું, તેની પાંખડીઓ સુવર્ણની હતી. ॥ ૪ ॥

મધ્યાહ્નના સૂર્યમંડળ સમાન તે કમલ તેજસ્વી હતું. તે કમલમાંથી દંડ તથા જનોઈથી યુક્ત એવાં બ્રહ્મા ઉત્પન્ન થયા. તે બ્રહ્માએ જગતની માતાઓનું નિર્માણ કર્યું ॥ ૫ ॥ તેમણે સુરોની માતા અદિતિનું, અસુરોની માતા દિતિનું મનુષ્યોની માતા મનુનુ, પક્ષીઓની માતા વિનતાનું, સર્પોની માતા કદ્રુનું, નાગોની માતા સુલસાનુ, ચતુષ્પદોની માતા સુરભિનું અને સર્વ બીજોની માતા ઈલાનું સર્જન કર્યું ॥ ૬-૭ ॥

આ જગતનું સર્જન કોઇને કોઇ વડે અવશ્ય કરાયેલું છે, આ પ્રકારની માન્યતાને આ નિર્મિતવાદીઓ આ પ્રકારની દલીલ વડે સિદ્ધ કરે છે-જેમ ઘડો સંસ્થાનવાળો (આકારવાળો) હોવાથી કોઇને કોઈ વિશેષ બુદ્ધિ સંપન્ન કર્તા દ્વારા -કુંભાર દ્વારા બનાવાયો છે એજ પ્રમાણે આ જગત્ પણકોઈને કોઇ બુદ્ધિ-

શાળી કર્તાદ્વારા બનાવવામાં આવ્યું છે, કારણ કે તે સંસ્થાન (આકાર) વાળું છે. ઈશ્વર જ તેનો કર્તા (સર્જક) છે.

તેમની આ માન્યતાની વિરૂદ્ધમાં સિદ્ધાન્તવાદીઓની દલીલ આ પ્રમાણે છે– નિર્મિતવાદીઓ એવું જે માને છે કે આ જગત બુદ્ધિમાન કર્તારૂપ ઈશ્વરે જ બનાવ્યું છે, તે વાત માની શકાય એવી નથી. કારણ કે આ પ્રકારના કથનને માનવામાં આવે તો ઘટાદિ (ઘડા વગેરે)માં પણ ઈશ્વર કર્તૃકત્વ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે એટલે ઘડાનો કર્તા પણ ઈશ્વરને જ માનવો પડશે, અને તેમાં જે કુંભકારનાકર્તાપણાનું કર્ત્રુંકતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેને પણ વ્યર્થ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. કદાચ આપણે એ વાતને માની લઈએ કે ઘડાનો કર્તા કુંભાર છે, તો એવું માનવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થશે કે ઘડાદિના કર્તા કુંભારની જેમ જગતનો કર્તા ઈશ્વર પણ અનીશ્વર જ હોઈ શકે. વળી ઈશ્વરને શરીર તો હોતું નથી, તેથી શરીરના અભાવને લીધે તે જગતના નિર્માણમાં કારણભૂત પણ કેવી રીતે બની શકે ! જો તેને શરીર યુક્ત માનવામાં આવે તો એવો પ્રશ્ન ઉદ્દ્ભવશે કે તેના શરીરનો બનાવનાર પણ કોઈને કોઈ બીજો કર્તા હોવો જ જોઈએ ! અને ઈશ્વરના શરીરનો જે કર્તા હશે તે કર્તાના શરીરનો પણ બનાવનારો કોઈ ત્રીજો કર્તા હશે ! આ પ્રમાણે કર્ત્રન્તરને માનવાથી મૂળમાં જ ક્ષતિકરનારી અનવસ્થાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. તેથી એવું જ માનવું પડશે કે જગતમાં કોઈ ઈશ્વર કર્તૃકતા સિદ્ધ થતી નથી, પરન્તુ જગત તો જેવું છે એવું જ અનાદિ કાળથી હતું. તેથી જ એવું કહેવામાં આવ્યું છે કે–" न कदाचित् अनीदृशं जगत् " જગતના કર્તા તરીકે ઈશ્વરને માનનારના કથનમાં અક્રિયાવાદિતા તે કારણે પ્રકટ કરવામાં આવી છે કે આપ્તવચન અને બીજા અનુમાનો દ્વારા જગતમાં અકૃત્રિમતા જ સિદ્ધ કરવામાં આવી છે, છતાં પણ નિર્મિતાવાદીઓએ આ અકૃત્રિમતાનો જ નિષેધ કર્યો છે.

સાતવાદી—સાત એટલે સુખ, જે લોકોની એવી માન્યતા છે કે સુખ જ સેવન કરવા યોગ્ય છે–અસાત રૂપ તપ, બ્રહ્મચર્ય આદિ સેવન કરવા યોગ્ય નથી, તેમને સાતવાદી કહે છે. આ સાતવાદીઓ એવું કહે છે કે સુખાર્થીઓને માટે સાત (સુખ) જ અનુશીલનીય છે, તપ, બ્રહ્મચર્ય આદિ રૂપ અસાત અનુશીલનીય નથી, કારણ કે અસાતરૂપ બ્રહ્મચર્યાદિ દ્વારા કદી પણ

સાત (સુખ) ઉત્પન્ન થતું નથી. તેઓ એવી દલીલ કરે છે કે કાર્ય કારણાનુસાર જ થાય છે–લોકમાં પણ કારણને અનુસાર કાર્ય જ જોવામાં આવે છે. જેમ સફેદ તંતુઓમાંથી જ સફેદ વસ્ત્ર નિર્માણ થાય છે–લાલ તંતુઓમાંથી સફેદ વસ્ત્ર બનાવી શકાતું નથી, એજ પ્રમાણે સુખના અનુશીલનથી જ સુખની ઉત્પત્તિ થાય છે–દુઃખની ઉત્પત્તિ થતી નથી. આ સાતવાદીઓમાં અક્રિયાવાદિપણું, એ કારણે પ્રગટ કરવામાં આવ્યું છે કે–આ સાતવાદીઓ સંયમ અને તપનો દુઃખરૂપે સ્વીકાર કરે છે. સંયમ અને તપ તો વાસ્તવિક રૂપે પ્રશમરૂપ છે અને વાસ્તવિક સુખરૂપ છે. તેથી આ કાર્ય રૂપ મોક્ષમાં પણ પ્રશમરૂપતા અને વાસ્તવિક સુખરૂપતા છે.

સમુચ્છેદવાદી—જે પ્રતિક્ષણ નિરન્વય વસ્તુનો નાશ થતો રહેતો હોવાનું માને છે. તેમને સમુચ્છેદવાદી કહે છે. તેમનું બીજું નામ ક્ષણિકવાદી પણ છે. તેઓ એવું માને છે કે પ્રત્યેક વસ્તુનો પ્રત્યેક ક્ષણે નિરન્વય નાશ થતો રહે છે. તેઓ પોતાની આ માન્યતાને પુરવાર કરવાને માટે આ પ્રકારની દલીલોનો આધાર લે છે—વસ્તુની સત્તા (વિદ્યમાનતા) વસ્તુ કાર્યકારી હોવાને કારણે સિદ્ધ થાય છે. વસ્તુ કોઇ પણ કાર્ય ન કરે છતાં પણ તેની સત્તા સ્વીકારવી એ તો ગર્દભને પણ શિંગડાં હોવાની વાત સ્વીકારવા જેવું છે. જો કાર્યકારી હોવાને લીધે જ વસ્તુની સત્તા સિદ્ધ થતી હોય, તો વસ્તુ નિત્ય હોઈ શકે નહીં, કારણ કે જે વસ્તુ નિત્ય હોય છે તે ક્રમપૂર્વક પણ કાર્ય કરી શકતી નથી અને અક્રમપૂર્વક –યુગપતૂરૂપે–પણ કાર્ય કરી શકતી નથી, કારણ કે જે નિત્ય હોય છે તે એક સ્વભાવવાળી હોય છે, એક સ્વભાવવાળું હોવાથી તે નિત્ય રૂપ કારણ એક કાર્ય કર્યા બાદ અન્ય કાર્ય કરનારું હોઇ શકતું નથી, કારણ કે આ સ્થિતિમાં તેમાં સ્વભાવભિન્નતા આવી જાય છે, જે અનિત્યતાની સાધક હોય છે. તેથી એ માનવું પડશે કે નિત્યકારણ કાલાન્તરભાવી સકલ કાર્યોનું કર્તા ન હોઇ શકવાને કારણે કાર્યકારી ન હોવાથી અવસ્તુરૂપ જ છે. તેની સત્તા સિદ્ધ થતી નથી.

જો "કાલાન્તરભાવી કાર્યોનું તે નિત્યકારણ કર્તા હોય છે," આ વાત માનવાને માટે તેમાં સ્વભાવાન્તરોત્પત્તિનું કથન કરવામાં આવે તો આ પ્રકારની માન્યતાને લીધે તો તેમાં નિત્યતાનો જ વિઘાત થઈ જાય છે, કારણ કે સ્વભાવાન્તરોત્પાદ જ ગતિ અનિત્યતાનો સાધક થાય છે. જો એવું કહેવામાં આવે કે-નિત્ય કારણ એક સાથે જ સકલ કાર્યોને કરનારું હોય છે, તો એ પ્રકારનું કથન પણ યોગ્ય નથી, કારણ કે એક જ કાળમાં સકલ કાર્યો કરવાનો અભાવ તેમાં પ્રત્યક્ષરૂપે જ જોવામાં આવે છે. તથા જો તે એક જ કાળમાં સકળ કાર્યો કરી લેતું હોય, તો તે અપર કાળમાં શું કરશે? કંઈ પણ નહીં કરે! આ રીતે અર્થ ક્રિયાકારી નહીં હોવાથી તેમાં અવસ્તુતા જ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેથી એવું માનવું પડશે કે જે વસ્તુ ક્ષણિક હોય છે, એજ કાર્યકારી હોય છે કારણ કે ક્ષણિક વસ્તુમાં જ કાર્યકારિત્વ સંભવી શકે છે. આ પ્રકારે સમુચ્છેદવાદી માને છે કે "सर्वं वस्तु क्षणिकम्" "બધી વસ્તુઓ ક્ષણિક છે."

આ પ્રકારનો ક્ષણિકવાદીઓનો મત યુક્તિયુક્ત લાગતો નથી. જો વસ્તુને ક્ષણિક માનવામાં આવે તો પરલોકની સિદ્ધિ પણ સંભવી શકે નહીં, અને ફલાર્થી વ્યક્તિઓની ક્રિયામાં પ્રવૃત્તિ પણ સંભવી શકે નહીં. એવું જોવામાં આવે છે કે મનુષ્યોની સકળ ક્રિયાઓમાં પ્રવૃત્તિ પ્રયોજકવાક્ય વડે જ થઇ શકે છે. તે પ્રયોજકવાક્ય અસંખ્યાત સમયભાવી અનેક વર્ણાત્મક જ હોય છે. પરન્તુ આ પ્રકારની વાત ક્ષણિકવાદમાં સંભવી શકતી નથી, કારણ કે ક્ષણિકવાદમાં વર્ણને ક્ષણવિનાશી માનવામાં આવ્યો છે, તેથી પ્રયોજક વાક્યના અભાવમાં સકલ વ્યવહારનો ઉચ્છેદ થવાનો પ્રસંગ આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે. તથા કુંભાર આદિ પણ જો ક્ષણિક જ હોય, તો તેમના દ્વારા અર્થક્રિયા પણ થઈ શકે નહીં તેથી એવું જ માનવું જોઈએ કે સમુચ્છેદવાદીનો મત પણ બરાબર નથી. વાસ્તવિક દૃષ્ટિએ જોવામાં આવે તો એ વાતની પ્રતીતિ થાય છે કે પ્રત્યેક વસ્તુ દ્રવ્યની અપેક્ષાએ ક્ષણવિનશ્વર નથી, પણ પર્યાયની અપેક્ષાએ ક્ષણવિનશ્વર છે. આ સમુચ્છેદ

વાદીઓમાં અક્રિયાવાદિતા માનવાનું કારણ એ છે કે તેઓ એકાન્તરૂપે પ્રત્યેક વસ્તુને ક્ષણવિનશ્વર માને છે.

નિયતવાદી--નિયતવાદીનું બીજું નામ લોક નિત્યવાદી ' પણ છે. તેઓ પ્રત્યેક વસ્તુને સર્વથા નિત્ય જ માને છે. તેમના મતમાં તો ઉત્પાદ, વિનાશ, આવિર્ભાવ તિરોભાવ રૂપ માનવામાં આવ્યા છે. આવિર્ભાવ સત્‌નો જ થાય છે-અસત્‌નો થતો નથી. જો અસત્‌નો પણ આવિર્ભાવ થતો હોય, તો સસલાને શિંગડાંનો પણ આવિર્ભાવ થવો જોઇએ જેમ ઘટ ( ઘડા )નો સર્વથા વિનાશ થતો નથી એજ પ્રમાણે સત્‌નો પણ સર્વથા વિનાશ થતો નથી, પણ તેનો તિરોભાવ થાય છે જે પ્રમાણે ઘડો પોતાના અવિનશ્વર કારણમાં તિરોભૂત થઈ જાય છે એજ પ્રમાણે પ્રત્યેક સત્‌ પદાર્થ પણ પોતાના અવિનશ્વર કારણમાં તિરોભૂત થઇ જાય છે, તેનું નામ જ વિનાશ છે.

શંકા—ઘટના કારણભૂત જે કપાલદ્વય ( બે ફડાસિયાં ) છે તેમનો પણ વિનાશ થતો જોવામાં આવે છે. છતાં પણ આપ એવું શા કારણે કહો છો કે ઘટ પોતાના કારણભૂત કપાલદ્વયમાં તિરોભૂત થઈ જાય છે ?

ઉત્તર—વાસ્તવિક રૂપે તો ઘટના નિર્માણમાં કપાલદ્વય કારણભૂત બનતાં નથી, પરન્તુ માટી જ તેમાં કારણભૂત બને છે. માટી જ કપાલાદિ અવસ્થાઓમાંથી પસાર થતી થતી ઘટ રૂપે પરિણમી જાય છે. તેથી કપાલાદિ અવસ્થા પારમાર્થિકી નથી. પારમાર્થિકી તો મૃદવસ્થા ( માટીની અવસ્થા ) જ છે, અને એજ નિત્ય છે. તેથી જે પ્રકારે ઘટ પોતાના કારણરૂપ માટીમાં તિરોભૂત થઇ જાય છે, એજ પ્રમાણે સમસ્ત પદાર્થ પોતાના કારણોમાં જ તિરોભૂત થઈ જાય છે. આ પ્રકારે લોક સર્વથા નિત્ય છે, એવો નિયતવાદીનો મત બરાબર નથી, કારણ કે લોકને જો એકાન્તરૂપે નિત્ય માનવામાં આવે, તો તેમાં સ્થિર એકરૂપતા જ આવી જશે. તેથી સકલ ક્રિયાઓનો લોપ થઇ જવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. એવું તો છે નહીં. આ મત લોકને સર્વથા નિત્યરૂપે સ્વીકારે છે,તે કારણેજ આ મતમાં અક્રિયાવાદિતા પ્રકટ થાયછે.

ન શાન્તિ પરલોકવાદી—જે લોકો મોક્ષમાં અને પરલોકમાં (જન્માન્તરમાં) માનતા નથી, તેમને ભૌતિકવાદી કહે છે ચાર્વાકવાદી ન શાન્તિ પરલોકવાદી છે. તેઓ એક માત્ર પ્રત્યક્ષ પ્રમાણના વિષયરૂપ નહીં હોવાને કારણે તેઓ આત્માના અસ્તિત્વને જ માનતા નથી. જેમ ગર્દભને શિંગડાં હોવાની વાત માની ન શકાય એવી છે, એજ પ્રમાણે તેમની માન્યતા પ્રમાણે આત્માનો અભાવ હોવાની વાત પણ માની શકાય એવી નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે તેઓ આત્માનો અભાવ માને છે. તે કારણે તેઓ પાપકર્મ અને પુણ્યકર્મમાં પણ માનતા નથી, પરલોકના અસ્તિત્વમાં પણ તેઓ માનતા નથી, મોક્ષના સદ્ભાવની વાત પણ તેઓ સ્વીકારતા નથી. ચૈતન્યની પ્રતીતિ થાય છે, તો આત્મારૂપ નથી પણ ભૂતના એક ધર્મરૂપ છે. પુણ્ય, પાપ, જન્મ અને મોક્ષ આદિનો તેઓ અભાવ માને છે, તે કારણે આ મતવાળા ક્રિયામાં પ્રાણીઓથી પ્રવૃત્તિ હોવી જ જોઈએ, એવું માનતા નથી. આ પ્રકારે આ મતમાં અક્રિયાવાદિતા સુસ્પષ્ટ રૂપે દેખાઇ આવે છે. તેઓ પ્રત્યક્ષ પ્રમાણના અભાવને લીધે આત્માની અસત્તામાં જે માને છે, તે તેમની માન્યતા બરાબર નથી કારણ કે પ્રત્યક્ષ આદિની અપ્રવૃત્તિ હોવાને કારણે આત્માનું નિરાકરણ અશક્ય છે. કારણ કે પ્રત્યક્ષ આદિની અપ્રવૃત્તિ વડે વસ્તુનું સર્વથા અસત્ત્વ (અવિદ્યમાનપણું) સાબિત થતું નથી. જો એવું જ માની લેવામાં આવે તો દેશાન્તરગત વસ્તુના અસત્ત્વને માનવાનો પણ પ્રસંગ પ્રાપ્ત થશે. તેથી એવું માનવું જોઈએ કે આત્મા જો કે ઇન્દ્રિય પ્રત્યક્ષ વડે અનુપલભ્યમાન (અપ્રાપ્યકારી) છે, છતાં પણ તેનો અભાવ નથી–પરંતુ તેનો સદ્ભાવ જ છે. કારણ કે આગમવિશેષને આધારે પણ આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. આ મતમાં માનનાર આત્મા–ચૈતન્યને જે ભૂતના ધર્મરૂપ કહે છે તે કથન પણ સંગત લાગતું નથી, કારણ કે વિવક્ષિત ભૂતના અભાવમાં પણ જાતિસ્મરણ આદિ જોવામાં આવે છે. આ પ્રકારે અહીં આ આઠ પ્રકારના અક્રિયાવાદીઓનું સંક્ષિપ્તમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. આ વિષયમાં વધુ જાણવાની ઇચ્છાવાળા પાઠકોએ અન્ય સિદ્ધાન્ત ગ્રન્થોમાંથી આ મતો વિષે વિશેષ માહિતી મેળવી લેવી. ॥ સૂ. ૧૯ ॥

ઉપરના સૂત્રમાં આઠ પ્રકારના અક્રિયાવાદીઓની પ્રરૂપણા કરવામાં આવી તેઓ પાપશાસ્ત્રનાજ્ઞાનથી સંપન્ન હોય છે. તે કારણે હવે સૂત્રકાર આઠ સ્થાન રૂપે પાપશાસ્ત્રોનું નિરૂપણ કરે છે—

મહા નિમિત્તના નીચે પ્રમાણે આઠ પ્રકાર કહ્યા છે—(૧) ભૌમ, (૨) ઔત્પાત, (૩) સ્વપ્ન, (૪) આન્તરીક્ષ, (૫) આંગ, (૬) સ્વર (૭) લક્ષણ અને (૮) વ્યંજન.

ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ સંબંધી અતીન્દ્રિય પદાર્થોના પરિજ્ઞાનમાં નિમિત્તભૂત થાય છે તેને નિમિત્ત કહે છે. આ નિમિત્તનું પ્રતિપાદક જે શાસ્ત્ર છે તેને નિમિત્તશાસ્ત્ર કહે છે. આ નિમિત્ત પ્રત્યક્ષ શાસ્ત્ર સૂત્ર, વૃત્તિ અને વાર્તિકની અપેક્ષાએ ક્રમશઃ સહસ્ત્રલક્ષકોટિ પ્રમાણ છે. એજ ખ્યાલથી તેને 'महत्' મહા વિશેષણ લગાડવામાં આવ્યું છે. તે મહાનિમિત્ત શાસ્ત્રના આઠ પ્રકારોનું સ્વરૂપ હવે સમજાવવામાં આવે છે—

જે શાસ્ત્ર ભૂકંપ આદિ રૂપ ભૂમિના વિકારોનું નિરૂપક હોય છે તેને ભૌમ કહે છે. કહ્યું પણ છે કે—

"शब्देन महता भूमिः" ઇત્યાદિ—

જો ધરતીકંપ થાય અને સાથે સાથે ભૂમિમાંથી ઘણા ભારે અવાજ (કડાક) થાય, તો તેના ફલસ્વરૂપે સેનાપતિ, અમાત્ય, રાજા અને રાજ્યને કોઇ ભારે આફત આવી પડે છે.

ઔત્પાત—મજ્જા, રુધિરવૃષ્ટિ આદિ રૂપ ઉત્પાતના આગમનની સૂચક જે વસ્તુઓ બને છે, તેમનું ફળ દર્શાવનારૂં જે શાસ્ત્ર છે, તેને ઔત્પાતશાસ્ત્ર કહે છે. કહ્યું પણ છે કે—"मज्जानि रुधिरास्थीनि"

જે દેશમાં ઇન્દ્ર મજ્જાની, લોહીની, હાડકાંથી, ધાન્યાગારની કે ચર્બીની વૃષ્ટિ વરસાવે છે, ત્યાંના રાજા, અમાત્ય, સેનાપતિ અને રાષ્ટ્ર ઉપર ભય આવી પડે છે.

સ્વપ્નના શુભ અને અશુભ ફળને દર્શાવનારૂં જે શાસ્ત્ર છે તેનું નામ સ્વાપ્નશાસ્ત્ર છે કહ્યું પણ છે કે—" मूत्रं वा कुरुते स्वप्ने " ઇત્યાદિ—

જે માણુસને પેશાબ થઈ જવાનું કે ઝાડો થઇ જવાનું સ્વપ્ન આવે છે, અને આ પ્રકારનું સ્વપ્ન આવ્યા બાદ જો તે માણુસ જાગી જાય છે, તો તેના ધનના વિનાશરૂપ ફળની તેને પ્રાપ્તિ થાય છે.

આન્તરીક્ષ—ગન્ધર્વ નગર આદિના શુભાશુભનું સૂચક જે શાસ્ત્ર છે તેનું નામ આન્તરીક્ષ છે કહ્યું પણ છે કે—

" कपिलं सस्य घाताय " ઈત્યાદિ

જ્યારે તે (ગન્ધર્વ નગર) કપિલ વર્ણના હોય છે ત્યારે તેનાથી અનાજને નુકસાન થાય છે અને જ્યારે તે મંજીઠના રંગનો હોય છે ત્યારે ગાયોની ચોરી થાય છે અને જ્યારે તે અવ્યક્તવર્ણવાળાં હોય છે, ત્યારે બલનો વિનાશ કર્તા નીવડે છે અને જ્યારે તે સ્નિગ્ધ, પ્રાકાર (કોટ) સહિત તોરણુ સહિત હોય છે, ત્યારે તે ઉત્તર દિશાના રાજાના વિજયના સૂચક સમજવા.

આંગ—શરીરના અવયવનું નામ અંગ છે. આ અંગનો જે વિકાર છે (જેમ કે શિરનું સ્ફુરણુ આદિ થવું) તે વિકારના ફલનું સૂચક જે શાસ્ત્ર છે તેને ' આંગ ' કહે છે જેમ કે—,' दक्षिणपार्श्वे स्पन्दनं " ઇત્યાદિ—

સ્ત્રીનું જમણું અંગ જો ફરકે, તો તેને પૃથ્વીનો લાભ થશે એમ સમજવું એજ પ્રમાણે તેનું ડાબુ અંગ ફરકે તો પણુ તેને પૃથ્વીનો લાભ થશે એમ સમજવું. જો તેના શિરમાં સ્ફુરણુ (ફરવાની ક્રિયા થાય તો પણુ તેને પૃથ્વીનો લાભ થશે એમ સમજવું. જો તેના લલાટમાં સ્ફુરણુ થાય તો તેના સ્થાનની વૃદ્ધિ થશે એમ સમજવું.

સ્વર ષડ્જ આદિ સ્વરોના ફલનું પ્રતિપાદન કરનારું જે શાસ્ત્ર છે, તેને સ્વર કહે છે, કહ્યું પણુ છે કે—" सज्जेण लहमइ वित्तिं " ઇત્યાદિ—

ષડ્જ સ્વર વડે માણુસ પોતાની આજીવિકા પ્રાપ્ત કરી શકે છે, તેને કોઇ પણુ કાર્યમાં નિષ્ફળતા મળતી નથી, તેને અનેક ગાયો, મિત્રો અને પુત્રોની પ્રાપ્તિ થાય છે. તે અનેક સ્ત્રીઓનો પ્રિયતમ બને છે.

એજ પ્રમાણે બીજા સ્વરોના ફલનું પ્રતિપાદન અનુયોગદ્વાર સૂત્રની અનુયોગદ્વારચન્દ્રિકા નામની ટીકામાં કરવામાં આવ્યું છે, તો ત્યાંથી વાંચી લેવું. આજ સૂત્રના સાતમાં સ્થાનમાં પણુ સ્વરો વિષે ઘણી માહિતી આપવામાં આવી છે. અથવા પક્ષીઓના સુરનું શુભ અને અશુભ ફલ દર્શાવનારૂં જે શાસ્ત્ર છે, તેને સ્વર કહે છે, જેમ કે—" विविचिचिसद्दो पुन्नो " ઈત્યાદિ—

શ્યામા (પક્ષી વિશેષ)નો વિવિચિ વિશબ્દ પૂર્ણતાનો સૂચક હોય છે, 'સૂલિસૂલિ' શબ્દ ધાન્યનો સૂચક હોય છે, ' ચેરીચેરી ' શબ્દ દીપ્તિનો સૂચક હોય છે અને ' ચિકકુ ' શબ્દ લાભનો સૂચક હોય છે

લક્ષણ-સ્ત્રી અને પુરૂષ વિગેરેના લક્ષણોનું શુભ અશુભ બતાવનારું જે શાસ્ત્ર છે.

"अस्थिष्वर्थाः सुसंमासे" ઈત્યાદિ—

વ્યંજન શરીર પરનાં તલ, મસ આદિને વ્યંજન કહે છે,

જેમ કે "ललाटकेशः प्रमुत्वाय" ઈત્યાદિ ॥ સૂત્ર. ૨૦ ॥

## વચનવિભક્તિકે સ્વરૂપકા નિરૂપણ

આ શાસ્ત્રો વચન વિભક્તિના યોગથી અભિધેયનું પ્રતિપાદન કરનારાં હોય છે. તેથી હવે સૂત્રકાર વચન વિભક્તિના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"अट्ठविहा वयणविभत्ती पण्णत्ता" ઈત્યાદિ—

ટીકાર્થ-જે બોલવામાં આવે છે-કહેવામાં આવે છે-તેનું નામ વચન છે. વચનોનું બીજું નામ પદ છે, કર્તા, કર્મ આદિ રૂપ અર્થ જેના દ્વારા પ્રકટ કરવામાં આવે છે, તેનું નામ વચનવિભક્તિ છે. પહેલી, બીજી, ત્રીજી આદિ જે પ્રતિપદિક વિભક્તિઓ છે તે આઠ પ્રકારની કહી છે પ્રાતિપદિક અર્થમાત્રનું જે પ્રતિપાદન છે, તેનું નામ નિર્દેશ છે. પહેલી વિભક્તિ નિર્દેશાર્થે વપરાય છે. બીજી વિભક્તિ ઉપદેશનના અર્થમાં-અન્યતમ ક્રિયામાં પ્રવૃત્ત કરાવવામાં અને ઇચ્છાનું ઉત્પાદન કરાવવામાં-વપરાય છે. ગુજરતીમાં કર્માર્થે બીજી વિભક્તિ વપરાય છે જેમ કે "તમો ધર્મ કરો" આ વાકયમાં 'ધર્મ' પદ બીજી વિભક્તિમાં વપરાય છે. ઉપદેશન વિના પણ બીજી વિભક્તિનો પ્રયોગ થાય છે. જેમ કે-"ग्रामं गच्छति" આ વાકયમાં 'ग्रामम्" આ પદ બીજી વિભક્તિમાં વપરાયું છે. જેમ કે "તે ચપ્પૂથી ફલ કાપે છે" આ વાકયમાં ચપ્પૂ પદ કરણાર્થે ત્રીજી વિભક્તિમાં છે. કર્તા અર્થે પણ ત્રીજી વિભક્તિ વપરાય છે. જેમ કે 'રામે રાવણને માર્યો' આ વાકયમાં રામ પદ કર્તા અર્થે ત્રીજી વિભક્તિમાં વપરાયું છે. કર્તામાં-ક્રિયામાં સ્વતંત્ર રૂપે વિવક્ષિત થયેલા દેવદત્ત આદિમાં અને કરણમાં -ક્રિયાની સિદ્ધિમાં પ્રકૃષ્ટ ઉપકારકમાં ત્રીજી વિભક્તિનો પ્રયોગ થાય છે. જે ક્રિયા

કરે છે તેનું નામ કરણુ છે. આ અથવા ક્રિયા જેના દ્વારા કરાય છે તેનું નામ કરણુ છે આ કથનનું તાત્પર્ય એ છે કે કરણુ અને કર્તા અને બન્ને અર્થે ત્રીજી વિભક્તિ વપરાય છે જેને દાન અપાય છે તે પદને ચોથી વિભક્તિમાં વપરાય છે. જેમ કે "રાજા બ્રાહ્મણને દાન આપે છે." આ વાકયમાં 'બ્રાહ્મણને' ચોથી વિભક્તિ સંપ્રદાન અર્થે વપરાય છે.

અપાય-(વિશ્લેષ)ની અવધિ બતાવવા માટે પાંચમી વિભક્તિ વપરાય છે. સ્વસ્વામી સંબંધના કથનમાં છઠ્ઠી વિભક્તિ વપરાય છે. સ્વ શબ્દ વડે ભૃત્યાદિ (નોકર ચાકરો) અને સ્વામી શબ્દ વડે રાજા આદિ ગ્રહણુ થયા છે. સન્નિધાન (આધાર અથવા અધિકરણુ) અર્થે સાતમી વિભક્તિ વપરાય છે. સંબોધન કરવામાં સંબોધન વિભક્તિ વપરાય છે. હવે સૂત્રકાર દૃષ્ટાન્તો દ્વારા આઠે વિભક્તિઓનું સ્પષ્ટીકરણુ કરે છે-"सः अयं अहं वा" અહીં નિર્દેશાર્થે પહેલી વિભક્તિનો પ્રયોગ થયો છે. "भण, कुरु इदं वा तद्वा" અહીં ઉપદેશાર્થે બીજી વિભક્તિનો પ્રયોગ થયો છે. આ વાકયનો ભાવાર્થ નીચે-પ્રમાણે છે "આ પ્રત્યક્ષભૂત જે શ્રુત છે તેને તમો ભણો તથા આ પ્રત્યક્ષભૂત જે કાર્ય છે તે તમે કરો. અથવા પરોક્ષભૂત જે શ્રુત છે તેને તમો ભણો તથા પરોક્ષ-ભૂત જે કાર્ય છે તે તમો કરો" અહીં શ્રુત અને કાર્ય, આ બે પદો બીજી વિભક્તિમાં વપરાયાં છે. "कदा नीतं कृतं च तेन वा मया वा" અહીં કર્તા અર્થે ત્રીજી વિભક્તિ છે. "रथेन याति" અહીં કરણુ અર્થે ત્રીજી વિભક્તિ છે. "हन्दि! नमः स्वाहायै" અહીં સંપ્રદાન અર્થે ચોથી વિભક્તિનો પ્રયોગ થયો છે. "हन्दि!" આ પદ કોમલ આમંત્રણને માટે પ્રયુક્ત થયું છે. "अपनय, गृहाण, एतस्मात् इत्तोवेति" અપાદાન અર્થે પાંચમી વિભક્તિનો પ્રયોગ થયો છે. "गतस्य तस्य गतस्य अस्य वा इदं अस्ति" અહીં સ્વસ્વામિસંબંધના અર્થમાં છઠ્ઠી વિભક્તિ વપરાઈ છે. "अस्मिन् कुण्डादौ बदरादिकं अस्ति" અહીં અધિકરણાર્થે સાતમી વિભકિત છે, "मधौ रमते" અહીં કાળના અર્થમાં સાતમી વિભકિતનો પ્રયોગ થયો છે. "चारित्रेऽवतिष्ठते" અહીં ભાવના અર્થમાં સાતમી વિભકિતનો પ્રયોગ થયો છે.

'हे युवन्" અહીં સંબોધનાર્થે આઠમીવિભકિતનો પ્રયોગ થયો છે. ॥સૂ. ૨૧॥

વચન વિભકિતથી યુકત શાસ્ત્રો વડે સંપન્ન હોય એવા બુદ્ધિશાળી છદ્મસ્થો અદૃશ્ય પદાર્થોને સાક્ષાત્ રૂપે જાણી શકે છે. એજ વાતની સૂત્રકાર હવે પ્રરૂપણા કરે છે—"अट्ठ ठाणाइं छउमत्थेणं सव्वभावेणं" ઇત્યાદિ—

ટીકાર્થ-અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનથી રહિત એવો છદ્મસ્થ મુનિ નીચેનાં

આઠ સ્થાનોને સર્વભાવે ( સાક્ષાત્ રૂપે ) જાણતો પણ નથી–

(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૩) અશરીર પ્રતિબદ્ધ જીવ, (૫) પરમાણુ પુદ્ગલ, (૬) શબ્દ, (૭) ગન્ધ અને (૮) વાયુ.

પરન્તુ કેવળજ્ઞાની જિન આ આઠે સ્થાનોને સાક્ષાત્ રૂપે જાણે છે અને દેખે છે.આ સૂત્રમાં આવતા પદોની વ્યાખ્યા પાંચમાં સ્થાનના બીજા ઉદ્દેશામાં આપવામાં આવી છે તો ત્યાંથી વાંચી લેવી. ।। સૂ. ૨૨ ।।

## આયુર્વેદકે સ્વરૂપકા નિરૂપણ

જિન સર્વજ્ઞ હોય છે. તેથી તેઓ ધર્માસ્તિકાય આદિકોની જેમ આયુ-વેંદને પણ જાણતા હોય છે. તેથી હવે સૂત્રકાર આયુર્વેદના આઠ પ્રકારોનું નિરૂપણ કરે છે. " अट्ठविहे आउव्वेए पण्णत्ते " ઈત્યાદિ—

ટીકાર્થ–જીવિતકાળને આયુ કહે છે. જેના દ્વારા અથવા જેના સદ્ભાવને લીધે મનુષ્ય આ જીવિતને જાણે છે, તે શાસ્ત્રનું નામ આયુર્વેદ છે. આપણા જીવ-નનું રક્ષણ કેવી રીતે થઇ શકે. રોગોનો સામનો કેવી રીતે થઇ શકે, સર્પા-દિકોનું ઉપદ્રવથી જીવનની રક્ષા કેવી રીતે કરી શકાય, ઈત્યાદિ બાબતોને લોકો જે શાસ્ત્રની મદદથી, જે શાસ્ત્રને આધારે અથવા જે શાસ્ત્રના અભ્યાસથી જાણી શકે છે તે શાસ્ત્રનું નામ આયુર્વેદ છે અથવા જે શાસ્ત્રના દ્વારા જે શાસ્ત્રના બોધ દ્વારા મનુષ્ય વ્યાધિઓનો પ્રતીકાર કરીને પોતાના જીવનને તંદુરસ્તી પૂર્વક આનંદથી વ્યતીત કરે છે અને તેના રક્ષણની વિધિને જાણે છે, અથવા પથ્યાહાર આદિના સેવન દ્વારા પૂર્ણ તંદુરસ્ત જીવન પ્રાપ્ત કરે છે, તે શાસ્ત્રનું નામ આયુર્વેદના છે. તેનું બીજું નામ વૈદકશાસ્ત્ર છે. આ આયુર્વેદના નીચે પ્રમાણે અ ઠ પ્રકાર છે—(૧) કૌમારભૃત્ય, (૨) કાયચિકિત્સા, (૩) શાલાકય, (૪) શલ્ય-હત્યા, (૫) જઙ્ગોલી, (૬) ભૂતવિદ્યા, (૭) ક્ષારતંત્ર, અને (૮) રસાયન.

કૌમારભૃત્ય–જે આયુર્વેદ બાલકોના ભરણપોષણથી સારી સારી વિધિ બતાવે છે, તેનું નામ કૌમારભત્ય છે. બાળકોના પોષણને માટે ઉપયોગી એવા ગાય આદિના દૂધના સંશોધનની વિધિ તથા માતાના દૂધના સંશોધનની વિધિ આ શાસ્ત્ર બતાવે છે. માતાના સ્તનમાંથી દૂધને સૂકવી નાખનારી જે વ્યાધિઓ થાય છે તેમના શમનનો ઈલાજ આ શાસ્ત્રમાં બતાવવામાં આવ્યો છે.

(૨) કાયચિકિત્સા–શરીરની ચિકિત્સાને લગતું જે શાસ્ત્ર છે તેને કાય-ચકિત્સાશાસ્ત્ર કહે છે. આ શાસ્ત્રમાં જ્વર, અતિસાર આદિ વ્યાધિઓના તથા કોઢ, રક્તપિત્ત, રક્તશુદ્ધિ, ઉન્માદ આદિના પ્રતીકારના–ઉપશમનના ઈલાજો બતાવવામાં આવ્યા છે.

(૩) શાલકય–શલકા ( લોઢાનો સળીઓ )નું જે કાર્ય છે, તે શાલકય છે. ( સળીઆને ગરમ કરીને અમુક ભાગોમા ડામ દેવાથી અમુક રોગો મટે

છે). આ શલાકા વડે રોગનો પ્રતીકાર કરવાના ઇલાજો બતાવનારું જે શાસ્ત્ર છે તેને શાલકય કહે છે. આ શાસ્ત્રમાં કાન, નાક, આંખ અને મુખના રોગોનો સળીઓ દ્વારા ઇલાજ કરવાના માર્ગો બતાવ્યા છે.

(૩) શલ્યહત્યા–શરીરમાં ખૂંપી ગયેલા તીર આદિને બહાર કાઢવાના ઉપાયો જે શાસ્ત્રમાં બતાવ્યા છે, તે શાસ્ત્રનું નામ શલ્યહત્યા છે.

(૪) જહુગોલી–આ શાસ્ત્રમાં વિવિધ પ્રકારના વિષોના ઉપશમનના ઇલાજો બતાવ્યા છે. જેમ કે સર્પદંસ, વીંછીનો દંસ, વ્યક્તિના વિષને ઉતારવાની રીત આ શાસ્ત્રમાં બતાવી છે.

(૬) ભૂતવિદ્યા–આ વિદ્યા દ્વારા ભૂત આદિના નિગ્રહના ઉપાય પ્રકટ કરવામાં આવ્યા છે. એટલે કે ભૂત, દેવ, અસુર ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ, પિતૃ, પિશાચ, ગ્રહ, નાગ આદિ જનિત ઉપદ્રવોના શમન માટે શાન્તિકર્મ આદિ ઉપાય આ શાસ્ત્રમાં બતાવ્યા છે.

(૭) ક્ષારતંત્ર–આ શાસ્ત્રમાં વીર્યનું સ્ખલન થઈ જતું અટકાવવાના ઉપાયો બતાવ્યા છે.

(૮) રસાયન–અમૃતરસનું નામ રસ છે, સદા યુવાન રહેવા માટે-વૃદ્ધત્વના નિરોધ માટે, આયુષ્યની વૃદ્ધિ માટે મેધા (બુદ્ધિ પ્રતિભા)ની વૃદ્ધિ માટે જે શાસ્ત્રમાં ઇલાજો બતાવ્યા છે તે શાસ્ત્રનું નામ રસાયન શાસ્ત્ર છે. એટલે કે આ શાસ્ત્રમાં એવા ઔષધોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે જેના દ્વારા નિત્ય યૌવન આદિની પ્રાપ્તિ થઈ શકે છે. અથવા અમૃતરસનું જ્ઞાન, જે શાસ્ત્રના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. તે શાસ્ત્રનું નામ રસાયનશાસ્ત્ર છે. અથવા તે અમૃતરસના ઘર જેવું હોય છે. એવો આ આઠમો ભેદ સમજવો ॥ સૂ. ૨૩ ॥

## શક્રાદિ દેવેન્દ્રોંકી અગ્રમહિષિયોંકા નિરૂપણ

રસાયનના પ્રભાવથી માણુસ દેવના જેવા નિરુપક્રમ આયુવાળો બને છે. તેથી હવે સૂત્રકાર નિરૂપક્રમ આયુવાળા શક્રાદિની અગ્રમહિષીઓનું આઠ સ્થાનની અપેક્ષાએ કથન કરે છે. ''सक्कस्स णं देविंदस्स'' ઈત્યાદિ—

ટીકાર્થ–દેવેન્દ્ર દેવરાજ શક્રને આઠ અગ્રમહિષીઓ છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે–(૧) પદ્મા, (૨) શિવા. (૩) સતી, (૪) અન્જૂ, (૫) અમલા, (૬) અપ્સરા, (૭) નવમિકા અને (૭) રોહિણી.

દેવેન્દ્ર દેવરાજ ઈશાનને આઠ અગ્રમહિષીઓ છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે–(૧) કૃષ્ણા, (૨) કૃષ્ણરાજિ, (૩) રામા, (૪) રામરક્ષિતા, (૫) વસુ. (૬) વસુગુપ્તા, (૭) વસુમિત્રા અને (૮) વસુંધરા. દેવેન્દ્ર દેવરાજ શક્રના લોક-

પાલ સોમ મહારાજને આઠ અગ્રમહિષીઓ છે. એજ પ્રકારે દેવેન્દ્ર દેવરાજ ઇશાનના લોકપાલ વૈશ્રમણ મહારાજને આઠ અગ્રમહિષીઓ છે. ॥ સૂ. ૨૪ ॥

મહાગ્રહો પણ દેવો જ છે. તેથી હવે સૂત્રકાર તેમના આ પ્રકારોનું કથન કરે છે—" **अट्ठ महग्गहा पण्णत्ता** " ઈત્યાદિ

આઠ મહાગ્રહો કહ્યા છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે-(૧) ચન્દ્ર, (૨) સૂર્ય, (૩) શુક્ર, (૪) બુધ, (૫) બૃહસ્પતિ (ગુરુ) (૬) અંગાર (મંગળ), (૭) શનૈશ્ચર (શની) અને (૮) કેતુ. તેઓ મનુષ્યો અને તિર્યંચોને ઉપઘાત અને અનુગ્રહકારી હોય છે, તેથી જ તેમને મહાગ્રહો કહ્યા છે. ॥ સૂ. ૨૫ ॥

## અસમારંભ ઔર સમારંભસે સંયમાસંયમકા નિરૂપણ

મનુષ્યો અને તિર્યંચોને ઉપઘાત અને અનુગ્રહકારી એવા મહાગ્રહો બાદર વનસ્પતિકાયિકોને પણ ઉપઘાતિકારક પૂર્વસૂત્ર સાથેના આ પ્રકારના સંબંધને લીધે હવે સૂત્રકાર–બાદર વનસ્પતિકોના આઠ પ્રકારોનું નિરૂપણ કરે છે—

" **अट्ठविह तणवणस्सइकाइया पण्णत्ता** " ઇત્યાદિ—

ટીકાર્થ–તૃણરૂપ બાદર વનસ્પતિકાયિકના નીચે પ્રમાણે આઠ પ્રકાર કહ્યા છે—(૧) મૂળ, (૨) કન્દ, (૩) સ્કન્દ, (૪) ત્વક્, (૫) શાલા, (૬) પ્રવાલ, (૭) પત્ર અને (૮) પુષ્પ. અહીં તૃણવનસ્પતિકાયિક એટલે બાદરવનસ્પતિકાયિક સમજવા જોઈએ. તેના મૂળ આદિ આઠ પ્રકારોનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે--

વનસ્પતિકાયિકનો જમીનમાં રહેલો ભાગ મૂળને નામે ઓળખાય છે. થડના અધોભાગને કન્દ કહે છે. થડને સ્કન્ધ કહે છે. છાલને ત્વક્ કહે છે. શાખાને શાલા કહે છે. અંકુરને ( કોપળને ) પ્રવાલ કહે છે. પાનને પત્ર કહે છે. અને ફૂલને પુષ્પ કહે છે. ॥ સૂ. ૨૬ ॥

બાદર વનસ્પતિયોનો આશ્રય કરીને ચતુરિન્દ્રિય જીવો રહેલા હોય છે. તેમની વિરાધના નહીં કરવાથી સંયમ અને વિરાધના કરવાથી અસંયમ થાય

છે. તેથી હવે સૂત્રકાર ચતુરન્દ્રિય જીવોને અનુલક્ષીને સંયમ અને અસંયમના આઠ આઠ ભેદોનું નિરૂપણ કરે છે " चउरिंदियाणं जीवा "ઇત્યાદિ

ટીકાર્થ–ચૌઇન્દ્રિય જીવોની વિરાધના નહીં કરનાર જીવ વડે આઠ પ્રકારના સંયમનું પાલન થાય છે (૧) જે ચૌઇન્દ્રિય જીવોના અવ્યપરોપાયિતા (પ્રાણોની હિંસા ન કરનારો) હોય છે, તે તેમને ચક્ષુઇન્દ્રિય સંબંધી સુખથી વંચિત કરનારો હોતો નથી, (૨) તે તેમને ચક્ષુઇન્દ્રિય સંબંધી દુઃખથી સંયુક્ત કરનારો હોતો નથી. એજ પ્રમાણે આગળ પણ સમજવું એટલે કે અહીં ઘ્રાણ, રસના અને સ્પર્શેન્દ્રિય વિષયક આલાપકો પણ ઉપર મુજબ જ સમજી લેવા જેમ કે....(૩) ચૌઇન્દ્રિય જીવની વિરાધના નહીં કરનાર તેમને ઘ્રાણેન્દ્રિયના સુખથી વંચિત કરતો નથી. (૪) તે તેમને ઘ્રાણેન્દ્રિયના દુઃખથી સંયુકત કરતો નથી. (૫) તે તેમને રસનેન્દ્રિય સંબંધી સુખથી વંચિત કરનારો હોતો નથી (૬) તે તેમને રસનેન્દ્રિયમય દુઃખથી સંયુકત કરનારો હોતો નથી (૭) તે તેમને રસનેન્દ્રિયના સુખથી વંચિત કરનારો હોતો નથી. (૮) તે તેમને સ્પર્શેન્દ્રિયના દુઃખથી સંયુકત કરનારો હોતો નથી.

ચૌઇન્દ્રિય જીવોની વિરાધના કરનારો જીવ આઠ પ્રકારના અસંયમને પાત્ર બને છે- (૧) તેમની વિરાધના કરનારો માણુસ તેમના ચક્ષુઇન્દ્રિય સંબંધી સુખનો નાશકર્તા બને છે. (૨) તે તેમને ચક્ષુસંબંધી દુઃખથી સંયુકત કરનારો હોય છે. એજ પ્રમાણે ઘ્રાણ, રસના સ્પર્શેન્દ્રિયનો આશ્રય લઇને અસંયમના બીજાં છ ભેદોનું કથન પણ કરવું જોઈએ. ॥ સૂ. ૨૭ ॥

## આઠ પ્રકારકે સુક્ષ્મજીવોંકા નિરૂપણ

સૂક્ષ્મ જીવોને આશ્રિત કરીને પણ માણસ સંયમ કે અસંયમ સેવી શકે છે. તેથી હવે સૂત્રકાર સૂક્ષ્મ જીવોનું આઠ સ્થાનની અપેક્ષાએ કથન કરે છે--

" अट्ठ सुहुमा पण्णत्ता " ઇત્યાદિ—

સૂત્રાર્થ–સૂક્ષ્મ જીવોના નીચે પ્રમાણે આઠ પ્રકાર કહ્યા છે–(૧)પ્રાણુસૂક્ષ્મ, (૨) પનકસૂક્ષ્મ, (૩) બીજસૂક્ષ્મ, (૪) હરિતસૂક્ષ્મ, (૫) પુષ્પસૂક્ષ્મ, (૬) અંડસૂક્ષ્મ, (૭) લયનસૂક્ષ્મ અને (૮) સ્નેહસૂક્ષ્મ.

ટીકાર્થ–અહીં પહેલા ભેદમાં પ્રાણુ પદ વડે પ્રાણવાળો જીવ ગૃહીત થયો છે. જે જીવો હલનચલન કરે ત્યારે જ દેખાય છે, જ્યારે બેઠાં હોય છે ત્યારે દેખાતા નથી એવા કુન્થુ આદિ જીવોને પ્રાણુસૂક્ષ્મ કહે છે.

પનકજીવ–ચોમાસામાં જમીન, કાષ્ઠ આદિની ઉપર જે પાંચ વર્ણની ફૂગ થાય છે તે પનકજીવ રૂપ સમજવી.

બીજસૂક્ષ્મ–જે બીજમાંથી અંકુર ઉત્પન્ન થાય છે, તે બીજસૂક્ષ્મ જીવ રૂપ માનવામાં આવે છે.

હરિતસૂક્ષ્મ-જે જીવનો વર્ણ ભૂમિના વર્ણ જેવો જ હોય છે, અને જે પોતાની કાન્તિ વડે અલગ લાગતો નથી, એવા વનસ્પતિ વિશેષ રૂપ જીવને હરિતસૂક્ષ્મજીવ કહે છે.

પુષ્પસૂક્ષ્મ જીવ-ઉમરડા વિગેરેના પુષ્પ રૂપ જે જીવ હોય છે તેને પુષ્પ. સૂક્ષ્મ જીવ કહે છે.

અંડસૂક્ષ્મ જીવ-માખી. કીડી, ગરોળી, કાંચંડા આદિના જે ઇંડા હોય છે તેમને અંડસૂક્ષ્મ જીવો કહે છે.

લયનસૂક્ષ્મ જીવ-સત્ત્વોના આશ્રય સ્થાનરૂપ જે કીટિકા નગરાદિ (કીડિયારાં) હોય છે અને જ્યાં કીડાઓ અને અન્ય સૂક્ષ્મ જીવો રહેતા હોય છે, તેને લયન-સૂક્ષ્મ જીવ કહે છે. તેઓ પૃથ્વીના જેવાં જ લાગે છે, પરન્તુ તેઓ જીવ રૂપ લાગતા નથી.

સ્નેહસૂક્ષ્મ-બરફ, હિમ, ધુમસ આદિ રૂપ સ્નેહ હોય છે. તે સ્નેહને જ સ્નેહસક્ષ્મ જીવ રૂપ સમજવા ।। સૂ. ૨૮ ।।

## સિદ્ધકે સ્વરૂપકા નિરૂપણ

ઉપરના સૂત્રમાં આઠ પ્રકારના સૂક્ષ્મજીવો બતાવવામાં આવ્યા છે, તેમની અવિરાધનાપૂર્વક સંયમની આરાધના કરનાર મનુષ્ય સિદ્ધપદ પામે છે. તેથી હવે સૂત્રકાર આઠ સ્થાનોથી તેઓનું કથન કરે છે—

"भरहस्सणं रन्नो चाउरंत" ઈત્યાદિ—

ટીકાર્થ-ચતુરન્ત (ચાર અન્તવાળી) પૃથ્વીના ચક્રવર્તી રાજા ભરતના આઠ પુરુષો યુગ અન્તર રહિત થઇને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત અને સમસ્ત દુઃખોનો નાશ કરનારા બન્યા હતા. તે આઠ પુરુષોનાં નામ નીચે પ્રમાણે હતાં.-(૧) આદિત્યયશ, (૨) મહાયશ (૩) અતિબલ, (૪) મહાબલ, (૫) તેજોવીર્ય, (૬) કીર્ત્તવીર્ય, (૭) દંડવીર્ય અને (૮) જલવીર્ય. ચાર સમુદ્ર ( પૂર્વ, પશ્ચિમ, ઉત્તર

અને દક્ષિણ દિશાના ચાર સમુદ્રો) જ જેનો અન્ત (મર્યાદા) છે એવી પૃથ્વીના –છ ખંડોવાળા ભરતક્ષેત્રના–અધિપતિ હોવાને કારણે ભરત ચક્રવર્તીને ચતુરન્ત પૃથ્વીના ચક્રવર્તી કહેવામાં આવ્યા છે. ક્રમવૃત્તિવાળા હોવાને કારણે અહીં પુરુષોને યુગ સમાન કહેવામાં આવ્યા છે. અન્તર રહિત હોવાને કારણે અનુબદ્ધ કહ્યા છે. આ આઠ પુ ષો સિદ્ધ થયા છે એટલે કે તેઓ કૃતકૃત્ય થઈ ગયા છે જેમને કોઈ પણ કાર્ય કરવાનું બાકી રહ્યું હોતું નથી તેમને કૃતકૃત્ય થયેલા કહેવાય છે. વિમલ કેવળજ્ઞાન રૂપી આલોક વડે જેઓ સકલ લોક અને અલોકને જાણી દેખી શકે છે તેમને બુદ્ધ કહે છે. જેમનાં સકલ કર્મોનો સર્વથા ક્ષય થઈ ગયો હોય છે તેમને મુક્ત કહે છે જેઓ સમસ્ત કર્મકૃત વિકારોથી રહિત થઇને શારીરિક અને માનસિક પરિણામોથી રહિત થઈને શીતલીભૂત થઈ ગયા હોય છે તેમને પરિનિર્વૃત કહે છે, કે જે સઘળા કલેશો શાંત થઈ ગયા હોય છે, જેમણે સમસ્ત દુઃખોનો અન્ત કરી નાખ્યો છે તેમને સર્વદુઃખ પ્રહીણ (સમસ્ત દુઃખોના અન્તકર્ત્તા) કહે છે. ॥ સૂ. ૨૯ ॥

હવે સૂત્રકાર સંયમના અધિકાર સાથે સુસંગત એવાં સંયમી જીવોનું આઠ સ્થાન રૂપે કથન કરે છે—

"पासस्स णं अरहओ पुरिसादाणीयस्स" ઈત્યાદિ—

ટીકાર્થ–પુરુષાદાનીય (પુરુષો દ્વારા આશ્રયણીય) અર્હંત પાર્શ્વનાથના આઠ ગણ અને આઠ ગણનાયક હતાં. તેમનાં નામ આ પ્રમાણે હતાં–(૧) શુભ (૨) શુભઘોષ, (૩) વશિષ્ટ, (૪) બ્રહ્મચારી, (૫) સોમ, (૬) શ્રીધર, (૭) વીરભદ્ર અને યશ. ॥સૂ. ૩૦॥

## દર્શનોં કે સ્વરૂપકા નિરૂપણ

ગણધર દર્શનવાળા હોય છે. તેથી હવે સૂત્રકાર દર્શનનું નિરૂપણ કરે છે–

"अट्ठविहे दंसणे पण्णत्ते" ઈત્યાદિ—

ટીકાર્થ–દર્શનના નીચે પ્રમાણે આઠ પ્રકાર કહ્યા છે–(૧) સમ્યગ્દર્શન, (૨) મિથ્યાદર્શન, (૩) સમ્યગ્મિથ્યાદર્શન, (૪) ચક્ષુદર્શન, (૫) અચક્ષુદર્શન, (૬) અવધિદર્શન, (૭) કેવલદર્શન અને (૮) સ્વપ્નદર્શન.

આ સૂત્રમાં આવતાં પદોની વ્યાખ્યા સાતમા સ્થાનના સત્યાવીસમાં સૂત્રમાં આપવામાં આવી છે. તો જિજ્ઞાસુ પાઠકોએ તે વ્યાખ્યા ત્યાંથી વાંચી લેવી. સુપ્તાવસ્થામાં જે અર્થ વિકલ્પનો અનુભવ થાય છે તેનું નામ સ્વપ્નદર્શન છે. જો કે સ્વપ્ન દર્શનનો અચક્ષુદર્શનમાં સમાવેશ કરી શકાય છે, છતાં પણ સુપ્તાવસ્થા રૂપ ઉપાધિને આધારે અહીં તેને અલગ ભેદ રૂપે ગણાવવામાં આવેલ છે. ॥ સૂ. ૩૧ ॥

સમ્યગ્ દર્શન વિગેરેની સ્થિતિનું પ્રમાણ ઔપમ્યાદ્ધા ( ઉપમાકાળ ) વડે જાણી શકાય છે. તેથી હવે સૂત્રકાર ઔપમ્યાદ્ધાના આઠ પ્રકારોનું નિરૂપણ કરે છે–

" अट्ठविहे अद्धोवमिए पण्णत्ते " ઇત્યાદિ—

ટીકાર્થ–અદ્ધૌપમ્ય (ઉપમા કાળ) આઠ પ્રકારનો કહ્યો છે. તે પ્રકારો નીચે પ્રમાણે છે.(૧) પલ્યોપમ, (૨) સાગરોપમ, (૩) ઉત્સર્પિણી, (૪) અવસર્પિણી, (૫) પુદ્ગલ પરિવર્ત, (૬) અતીતાદ્ધા, (૭) અનાગતાદ્ધા, અને (૮) સર્વાદ્ધા.

જે કાળને ઉપમા દ્વારા જ સમજી શકાય છે તેને ઔપમ્યાદ્ધા કહે છે. પલ્યાદિ રૂપ પ્રધાનતાવાળો જે અદ્ધા (કાળ) છે, તેનું નામ અદ્ધૌપમ્ય છે.

પલ્યોપમ—જે કાળનું માપ પલ્યની ઉપમા દ્વારા જાણી શકાય છે, એવા કાળનું નામ પલ્યોપમ કાળ છે. એક યોજન લાંબા, એક યોજન પહોળા અને એક યોજન ઊંડા ખાડામાં જુગલીયાના બાલ ઠાંસી ઠાંસીને ભરવામાં આવે. પછી તેમાંથી સો સો વર્ષે એક એક બાલ કાઢતાં કાઢતાં તે આખો ખાડો ખાલી થતાં જેટલો કાળ વ્યતીત થાય છે, તેટલા કાળને પલ્યોપમ કાળ કહે છે–એજ પ્રમાણે સાગરોપમ કાળ વિષે પણ સમજવું. ૧૦ કોટાકોટી સાગરોપમ પ્રમાણ ઉત્સર્પિણી કાળ હોય છે. આ કાળમાં શુભ ભાવોની વૃદ્ધિ થાય અને અશુભ ભાવની હાનિ થાય છે અવસર્પિણીકાળ પણ ૧૦ કોટાકોટી સાગરોપમ પ્રમાણ હોય છે આ કાળમાં અશુદ્ધ(અશુભ)ભાવોની વૃદ્ધિ અને શુભ ભાવોની હાનિ થાય છે. આહારકવર્જિત રૂપી દ્રવ્યોને ઔદારિક આદિ પ્રકારે ગ્રહણ કરનાર એક જીવની અપેક્ષાએ જે તેમનો સંપૂર્ણ રૂપે સ્પર્શ ધારણ કરે છે, તેનું નામ પુદ્ગલપરિવર્ત છે. આ પુદ્ગલ પરિવર્ત જેટલા કાળમાં થાય છે તેટલા કાળને પણ પુદ્ગલ પરિવર્ત કાળ કહેવાય છે. તે પુદ્ગલ પરિવર્તકાળ અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળરૂપ હોય છે.અતીત (ભૂતકાલિન)પુદ્ગલપરાવર્તનું નામ અતીતાદ્ધા

છે.આગામી પુદ્ગલ પરાવર્તનું નામ અનાગતાદ્ધા છે. આનું વિશેષ વર્ણન અનુત્તરોપપાતિક સૂત્રના ત્રીજા વર્ગની અર્થબોધિની ટીકાના પુદ્ગલપરાવર્ત્ત પ્રકરણમાં જોઈ લેવું. તથા અતીત, અનાગત અને વર્તમાનકાળ સ્વરૂપ જે અદ્ધાકાળ ભેદ છે તેને સર્વાદ્ધા કહે છે. આ પ્રમાણે ઉપમા કાળના આઠ ભેદ થાય છે. અનુપમા કાળના સમયથી લઈને શીર્ષપ્રહેલિક પર્યન્તના અનેક ભેદો થાય છે, એમ સમજવું ।। સૂ. ૩૨ ।।

કાળનો અધિકાર ચાલી રહ્યો છે, તે કારણે હવે સૂત્રકાર અતીત કાળમાં સિદ્ધ પદની પ્રાપ્તિ કરનારા અરિષ્ઠનેમિના આઠ શિષ્યોનું કથન કરે છે—

"अरहओ णं अरिट्ठनेमिस्स" ઈત્યાદિ—

ટીકાર્થ—બાવીસમાં તીર્થંકર અરિષ્ટનેમિના આઠમાં પુરુષ યુગ સુધી—આઠ પુરુષ કાળ સુધી યુગાન્તકર ભૂમિ (તે યુગના પુરુષોની અપેક્ષાએ અન્તકરોની- ભવાન્તકરોની ભૂમિ) હતી. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-અરિષ્ટ નેમિના શિષ્ય પ્રશિષ્ય વગેરે ક્રમશઃ આઠ પુરુષો સુધીના મુનિઓ મુક્ત થયા હતા—ત્યારબાદ થયેલા મુનિઓમાં મુક્તિ પ્રાપ્ત કરવાનો આ ક્રમ ચાલુ રહ્યો ન હતો જ્યારે અરિષ્ઠનેમિની બે વર્ષની કેવલિપર્યાય વ્યતીત થઇ ગઇ ત્યારે અનેક સાધુઓએ જન્મ, જરા અને મરણરૂપ ભવોનો અન્ત કરી નાખ્યો હતો. ।।સૂ. ૩૩।।

## ભગવાન્ મહાવીરકે દ્વારા પ્રવ્રજિત હુએ આઠ રાજાઓંકા નિરૂપણ

આગલા સૂત્રમાં તીર્થંકરની વાત કરી. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લઈને હવે સૂત્રકાર મહાવીર પ્રભુની સમીપે પ્રવ્રજ્યા અંગીકાર કરનારા આઠ રાજાઓની પ્રરૂપણા કરે છે-

"सम णं भगवया महावीरे णं" ઈત્યાદિ—

ટીકાર્થ—નીચેના આઠ રાજાઓએ શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈને ગૃહસ્થાવસ્થાના ત્યાગપૂર્વક અણગારાવસ્થા અંગીકાર કરી હતી—એટલે કે મહાવીર પ્રભુએ તેમને પ્રવ્રજિત કર્યા હતા—(૧) વીરાંગદ, (૨) વીરયશ, (૩) સંજય, એણેયક રાજઋષિ, (૫) શ્વેત, (૬) શિવ, (૭) ઉદાયન અને (૮) શંખ—કાશિવર્દ્ધન તેમાં વિરાંગદ, વીરયશ અને સંજયની વાત તો પ્રસિદ્ધ છે. એણેયક રાજઋષિ—કૈતકાર્ધજનપદમાં જે શ્વેતામ્બી અથવા શ્વેતવિકા નામની નગરી હતી, તેનો સ્વામી પ્રદેશી નામનો શ્રમણોપાસક હતો. તે પ્રદેશીના આત્મીયજન એણેયક રાજર્ષિ હતા. એણેયક તેમનું ગોત્ર હતું તેથી તેમને અહીં એણેયક કહ્યા છે.

શ્વેત—તેઓ આમલક નગરીના રાજા હતા. તે નગરીમાં જ્યારે મહાવીર પ્રભુ પધારે છે ત્યારે સૂર્યાભ નામનો દેવ સૌધર્મકલ્પમાંથી તેમને વંદણા કરવા માટે આવે છે.

શિવ—તે હસ્તિનાપુરનો રાજા હતો. તેને એક દિવસે એવો વિચાર આવ્યો કે પૂર્વજન્મના પુણ્યકર્મોના પ્રભાવથી મારે ત્યાં ચાંદી, સોનું, રત્ન ધન

ધાન્ય આદિની વૃદ્ધિ થતી જાય છે. મારે ત્યાં કોઇ પણ વસ્તુની કમી નથી. તો મારે ફરી એવો પ્રયત્ન કરવો જોઇએ કે જેથી કરીને મારું આ પુણ્ય ક્ષીણ ન થઈ જાય. આ પ્રકારનો સંકલ્પ કરીને તેણે પોતાના પુત્રને રાજ્યનો અધિપતિ બનાવી દીધો. ત્યાર બાદ તે દિક્પ્રોક્ષિત તાપસ રૂપે દીક્ષિત થઇ ગયો (શિવ રાજર્ષિના આ તપનું વિસ્તાર પૂર્વકનું વર્ણન ભગવતી સૂત્રમાંથી લેવું) છઠ્ઠને પારણે છટ્ઠની તપસ્યા કરતા અને આતાપના લેતા અને પારણાને દિવસે કોઈ એક જ દિશામાંથી એકઠા કરેલાં જીર્ણ પાન, ફલ આદિ વડે પારણાં કરતાં એવાં તે શિવરાજર્ષિને કોઈ એક દિવસે વિભંગજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું. તે વિભંગ-જ્ઞાનના પ્રભાવથી તેણે સાત લોક અને સાત સમુદ્ર જોયાં. તેથી તેને એમ લાગ્યું કે મને દિવ્યજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે. ત્યાર બાદ જનપદમાં આવીને તેણે ગામ, નગરાદિમાં ફરીફરીને એવી પ્રરૂપણા કરવા માંડી કે સાત જ સમુદ્રો છે–અસંખ્યાત દ્વીપસમુદ્રો નથી. જ્યારે શિવરાજર્ષિ હસ્તિનાપુરમાં આ પ્રકારની પ્રરૂપણા કરી રહ્યો હતો, ત્યારે શ્રમણ ભગવાન મહાવીર પોતાના શિષ્ય સમુદાય સાથે ગ્રામાનુગ્રામ વિચરતા થકા હસ્તિનાપુર નગરમાં પધાર્યા મહાવીર પ્રભુના શિષ્ય ગૌતમ સ્વામીએ હસ્તિનાપુરમાં ગોચરી માટે ફરતાં ફરતાં શિવરાજર્ષિ દ્વારા પ્રરૂપિત ઉપર્યુક્ત તત્ત્વ વિષયક વાત સાંભળી ભિક્ષા વહોરીને આવ્યા બાદ તેમણે મહાવીર પ્રભુને આ વાત કહી સંભળાવી અને આ બાબતમાં યથાર્થ વાત શી છે તે જાણવાની ઇચ્છા પ્રકટ કરી. ભગવાને કહ્યું કે અસંખ્યાત દ્વીપસમુદ્રો છે. લોકો દ્વારા મહાવીર પ્રભુની આ પ્રકારની પ્રરૂપણાની વાત સાંભળીને શિવરાજર્ષિનું મન શંકાથી યુક્ત થયું. તેથી તે શ્રમણ ભગવાન મહાવીરની પાસે આવ્યો. મહાવીર પ્રભુએ તેના મનોગત ભાવોને જાણી લઈને એવો સચોટ ખુલાસો કર્યો કે જેથી શિવરાજર્ષિને મહાવીર પ્રભુ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા ઉત્પન્ન થઇ. તેણે તેમને સર્વજ્ઞ માન્યા અને તેણે તેમની પાસે પ્રવ્રજ્યા અંગીકારી લીધી. તેણે અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. અનેક આકરા તપ કરીને અન્તે સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત અને સમસ્ત દુઃખોથી રહિત થઇ ગયો.

ઉદાયન-તે સિન્ધુ સૌવીર આદિ ૧૬ જનપદોનો, વીતભય આદિ ૩૩૬ નગરોનો અને ૧૦ મુકુટબદ્ધ રાજાઓનો અધિપતિ હતો. તે શ્રમણોપાસક (શ્રાવક) હતો. ઉદાયન રાજા ઘણો જ શૂરવીર હતો. તેણે ઉજ્જયિની નગરી પર ચડાઈ કરીને, પોતાના અને દુશ્મનના સૈન્યની સમક્ષ જ ચંડપ્રદ્યોત રાજાને હાથીની પીઠ પરથી નીચે નાખીને પોતાનો કેદી બનાવી દીધો હતો. ત્યાર બાદ તેણે ચંડપ્રદ્યોતના કપાળમાં એવાં લખાણુવાળો પટ્ટો બંધાવ્યો હતો કે "આ દાસીપતિ છે." ત્યાર બાદ તે ભાગવતી દીક્ષા અંગીકાર કરવાનો વિચાર કરે છે તે વખતે તેના મનમાં એવો વિચાર આવે છે કે જો મારા પુત્ર અભિજિતને રાજ્યશ્રી સોંપીશ તો તે મદોન્મત્ત થઈ જઈને દુર્ગતિમાં ચાલ્યો જશે. તે કારણે તેણે પોતાના પુત્ર અભિજિતને રાજ્ય નહીં સોંપતા પોતાના ભાણેજ કેશીને રાજ્ય સોંપ્યું. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીર પાસે મુંડિત થઈને તેણે પ્રવ્રજ્યા અંગીકાર કરી. ત્યાર બાદ તે ભૂમિમંડલમાં વિહાર કરવા લાગ્યો. આ પ્રમાણે ગ્રામ નગરાદિમાં વિચરતાં વિચરતાં કોઈ એક સમયે તે પોતાની નગરીમાં આવી પહોંચ્યો. ત્યાં આવ્યા બાદ તેને કોઈ રોગ લાગૂ પડયો. વૈદ્યોની સલાહથી તેણે આહારમાં દહીંનો ઉપયોગ શરૂ કર્યો. હવે તેના ભાણેજ કેશી રાજાને એવો સંદેહ ઉત્પન્ન થયો કે ઉદાયન મારી પાસેથી રાજ્ય પડાવી લેવા માગે છે, અને તેથી જ તે રોગની સારવાર કરવાના બહાને નગરમાં આવ્યો છે. તે કારણે જ તે આ નગરને છોડવા માગતો નથી. તેથી તે મારો શત્રુ છે. મારે કોઈ પણ રીતે તેનો નાશ કરવો જોઈએ. આ પ્રકારના વિચારથી પ્રેરાઈને તેણે મુનિ ઉદાયનને વિષયુક્ત દહીં વહોરાવ્યું. તે દહીં ખાવાથી તે મરણ પામ્યો. આ પ્રકારે ઉદાયન મુનિની હત્યા થઈ જવાથી તેના ગુણાનુરાગી કોઈ દેવે કેશીના આખા નગર પર પત્થરની વૃષ્ટિ કરીને નગરનો નાશ કર્યો. મુનિ ઉદાયનને રહેવાને માટે આશ્રયસ્થાન અર્પણ કરનાર એક કુંભારનું ઘર જ આ વૃષ્ટિથી બચી ગયું.

કાશિવર્ધન—કાશી નગરીની વૃદ્ધિ કરનારો શંખ નામનો એક રાજા થઇ ગયો. તે પણ મહાવીર પ્રભુ પાસે પ્રવ્રજિત થયો હતો. ॥ સૂ. ૩૪ ॥

## આહાર કે સ્વરૂપકા નિરૂપણ

પૂર્વસૂત્રમાં વીરાંગદક આદિની વાત કરવામાં આવી છે. તેઓ મનોજ્ઞ અને અમનોજ્ઞ આહારાદિમાં સમવૃત્તિવાળા હતા. તેથી હવે સૂત્રકાર આહારના સ્વરૂપનું કથન કરે છે—" अट्ठविहे आहारे पण्णत्ते " ઇત્યાદિ—

ટીકાર્થ–આહારના મુખ્ય બે પ્રકાર પડે છે–(૧) મનોજ્ઞ અને (૨) અમનોજ્ઞ. મનોજ્ઞ અમનોજ્ઞ આહારના નીચે પ્રમાણે ચાર–ચાર પ્રકાર પડે છે–અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય. આ રીતે બન્નેના મળીને કુલ આઠ ભેદો થઈ જાય છે. ાસૂ. ૩પા

જેવી રીતે રસપરિણામ વિશિષ્ટ આહાર દ્રવ્ય મનોજ્ઞ અને અમનોજ્ઞ હોય છે, એજ પ્રમાણે ક્ષેત્રવિશેષો પણ પુદ્‌ગલગત વર્ણરૂપ પરિણામ વિશેષ-વાળાં હોવાથી મનોજ્ઞ અને અમનોજ્ઞ હોય છે. તેથી હવે સૂત્રકાર કૃષ્ણરાજિ નામના અમનોજ્ઞ ક્ષેત્રવિશેષોની પ્રરૂપણા કરે છે—

## કૃષ્ણરાજી ઔર તદ્‌ગત લોકાન્તિક વિમાન ઔર દેવોંકે સ્વરૂપ નિરૂપણ

" उप्पिं सणंकुमारमाहिंदाणं कप्पाणं " ઇત્યાદિ—

ટીકાર્થ–સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પોની ઉપર જે બ્રહ્મલોક કલ્પ છે તેમાં રિષ્ટ વિમાન નામનો પ્રસ્તર છે. તેની નીચે અખાડાના જેવી સમચોરસ આકારવાળી, કૃષ્ણવર્ણવાળાં પુદ્‌ગલોની આઠ રાજિઓ (પંક્તિઓ) છે. કૃષ્ણરાજિથી યુક્ત ક્ષેત્રવિશેષને પણ અહીં કૃષ્ણરાજિ કહેવામાં આવેલ છે. તે કૃષ્ણરાજિઓ આ પ્રમાણે છે–પૂર્વ દિશામાં બે, દક્ષિણ બે, પશ્ચિમ દિશામાં બે અને ઉત્તર દિશામાં બે કૃષ્ણરાજિઓ આવેલી છે. પૂર્વ દિશાની જે અંદર બે કૃષ્ણરાજિ છે તે દક્ષિણ દિશાની બહારની કૃષ્ણરાજિનો સ્પર્શ કરે છે દક્ષિણ દિશાની અંદરની કૃષ્ણરાજી પશ્ચિમ દિશાની બહારની કૃષ્ણરાજીનો સ્પર્શ કરે છે પશ્ચિમ દિશાની જે અંદરની કૃષ્ણરાજિ છે તે ઉત્તર દિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શે છે. ઉત્તર દિશાની જે અંદરની કૃષ્ણરાજિ છે તે પૂર્વ દિશાની બાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શે છે પૂર્વ દિશાની અને પશ્ચિમ દિશાની બે બાહ્ય કૃષ્ણરાજિઓ છ ખૂણાવાળી છે,

ઉત્તર અને દક્ષિણ દિશાની બે બાહ્ય કૃષ્ણરાજિઓ ત્રિકોણાકાર છે, તથા અંદરની બધી કૃષ્ણરાજિઓ ચતુષ્કોણ છે. આ આઠ કૃષ્ણરાજિઓનાં આઠ નામો નીચે પ્રમાણે છે-(૧) કૃષ્ણરાજી, (૨) મેઘરાજી, (૩) મઘારાજી, (૪) માઘવતી, (૫) વાતપરિઘ, (૬) વાતપ્રતિક્ષોભ, (૭) દેવપરિઘ અને (૮) દેવપ્રતિક્ષોભ તે રાજિઓ કૃષ્ણ પુદ્‌ગલ રૂપ હોવાથી તેમનું નામ કૃષ્ણરાજીઓ છે. તેઓ મેઘરાજીના જેવાં કૃષ્ણ વર્ણવાળી હોવાથી તેમનું નામ મેઘરાજી પડયું છે. મઘા નામની છઠ્ઠી નરકના જેવી અતિ કૃષ્ણ હોવાને કારણે તેમનું નામ મઘા-રાજીજ પડયું છે.-માઘવતી નામની સાતમી નરક પૃથ્વી કરતાં પણ અધિક કૃષ્ણ વર્ણવાળી હોવાને કારણે તેનું ચોથું નામ માઘવતી છે. વાયુના ગમનમાં પ્રતિઘાત (અવરોધ) ઉત્પન્ન કરનારૂં હોવાને કારણે તેનું પાંચમું નામ વાત પરિઘ છે. વાયુને માટે ક્ષોભજનક હોવાને કારણે તેનું છઠ્ઠું નામ વાતપ્રતિ ક્ષોભ છે. દેવોમાં ભય ઉત્પન્ન કરનારી હોવાને કારણે તેનું સાતમું નામ દેવ-પરિઘ છે. દેવોમાં ક્ષોભ ઉત્પન્ન કરનારી હોવાને કારણે તેનું આઠમું નામ દેવ પ્રતિક્ષોભ પડયું છે. આ આઠ કૃષ્ણરાજિઓના આઠ અવકાશાન્તરોમાં (બે રાજિની વચ્ચેનો ભાગ અહીં અવકાશાન્તરોથી ગ્રહણ થયો છે) આઠ લોકાન્તિક વિમાનો કહ્યાં છે. તે લોકાન્તિક વિમાનોનાં નામ અર્ચિ, અર્ચિમાલી આદિ છે. અર્ચિ નામનું લોકાન્તિક વિમાન પૂર્વદિશાની આભ્યન્તર કૃષ્ણરાજિને અગ્રવર્તી છે. અર્ચિમાલી નામનું લોકાન્તિક વિમાન પૂર્વની કૃષ્ણરાજિઓના મધ્ય ભાગે આવેલુ છે. વૈરોચન નામનું ત્રીજું લોકાન્તિક વિમાન દક્ષિણ દિશાની આભ્યન્તર કૃષ્ણરાજિને અગ્રવર્તી છે પ્રભંકર નામનું ચોથું લોકાન્તિક વિમાન દક્ષિણની કૃષ્ણરાજિઓની વચ્ચે આવેલું છે. ચન્દ્રપ્રભ નામનું પાંચમું લોકાન્તિક વિમાન પશ્ચિમ દિશાની આભ્યન્તર કૃષ્ણરાજિને અગ્રવર્તી છે. સૂરાભ નામનું છઠ્ઠું લોકાન્તિક વિમાન પશ્ચિમની કૃષ્ણરાજિઓની વચ્ચે આવેલું છે. સુપ્રતિષ્ટાભ નામનું લોકાન્તિક વિમાન ઉતર દિશાની આભ્યન્તર કૃષ્ણરાજિને અગ્રવર્તી છે. આગ્નેયાભ નામનું આઠમું લોકાન્તિક વિમાન ઉત્તરથી બન્ને કૃષ્ણરાજિઓની મધ્યમાં આવેલું છે. આ કૃષ્ણરાજિઓના બહુમધ્ય દેશ ભાગમાં રિષ્ટાભ નામનું વિમાન છે. પરન્તુ અહીં આઠ સ્થાનકોનો અધિકાર ચાલતો હોવાથી અહીં તેનું વર્ણન કર્યું નથી. આ લોકાન્તિક વિમાનોનું સ્થાન બતાવતી આકૃતિ આ સાથેના પેજમાં બતાવવામાં આવી છે-આ આઠ લોકાન્તિક વિમાનોમાં આઠ પ્રકારના લોકા-ન્તિક દેવો રહે છે. તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) સારસ્વત, (૨) આદિત્ય (૩) વહ્નિ, (૪) વરુણ, (૫) ગંર્દતોય, (૬) તુષિત. (૭) અવ્યાબાધ અને (૮) આગ્નેય. આ સઘળા લોકાન્તિક દેવોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આ બન્ને પ્રકારનું આયુષ્ય આઠ સાગરોપમનું કહ્યું છે. ।। સૂ. ૩૬।।

पृष्ठ १३२-३३ में कहा हुआ कृष्णराजीका कोष्टक




પેજ ૧૩૨-૩૩ માં બતાવેલ કૃષ્ણરાજી કોષ્ટક

## ધર્માદિ ચારકે મધ્યભાગકા આઠસ્થાનોંસે નિરૂપણ

આ કૃષ્ણરાજિઓ ઉર્ધ્વલોકના મધ્ય ભાગમ આવેલી છે. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લઈનેહવે સૂત્રકારધર્માસ્તિકાય આદિ ચાર અસ્તિકાયના મધ્ય ભાગનું કથન કરે છે—"अट्ठ धम्मत्थिकायमज्झपएसा पण्णत्ता" ઇત્યાદિ—
ટીકાર્થ–ધર્માસ્તિકાયનાં મધ્યપ્રદેશ આઠ કહ્યા છે અધર્માસ્તિકાયના મધ્યપ્રદેશ આઠ કહ્યા છે આકાશાસ્તિકાયના મધ્યપ્રદેશ આઠ કહ્યા છેજીવના મધ્યપ્રદેશ આઠ કહ્યા છે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના જે મધ્યપ્રદેશો છે તે રૂચકરૂપ છે જીવ જ્યારે કેવલિસમુદ્ઘાત કરે છે ત્યારે તેના મધ્યપ્રદેશો પણ રૂચકસ્થ જ હોય છે અન્યકાળેઆઠ મધ્યપ્રદેશો યથાસ્થિત જ રહે છે।સૂ ૩૭।

## ભવિષ્યકે તીર્થંકર દ્વારા પ્રવ્રજિત હોનેવાલે રાજાઓંકા નિરૂપણ

જીવના મધ્યપ્રદેશો આદિના પ્રરૂપક તીર્થંકરો જ હોય છે. તેથી હવે સૂત્રકાર બે સૂત્રો દ્વારા તીર્થંકરોની વક્તવ્યતાનું પ્રતિપાદન કરે છે—"अरहंताणं महापउमे अट्ठरायाणो" ઈત્યાદિ—(સૂ. ૩૨)
ટીકાર્થ–મહાપદ્મ અર્હન્ત આઠ રાજાઓને મુંડિત કરીને અગારાવસ્થાના ત્યાગ પૂર્વક અનગારાવસ્થાની દીક્ષા આપશે. તેમનાં નામ નીચે પ્રમાણે છે—(૧) પદ્મ, (૨) પદ્મગુલ્મ, (૩) નલિન, (૪) નલિનપદ્મ, (૫) પદ્મધ્વજ, (૬) ધનુર્ધ્વજ, (૭) કનકરથ અને (૮) ભરત. આ મહાપદ્મ અર્હંત આગામી ઉત્સર્પિણીમાં તીર્થંકર થશે. તેઓ શ્રેણિક રાજાના જીવરૂપ છે. ॥ સૂ. ૩૮ ॥

## કૃષ્ણકી અગ્રમહિષિયોંકા નિરૂપણ

"कण्हस्स णं वासुदेवस्स अट्ठ अग्गमहिसीओ" ઇત્યાદિ
ટીકાર્થ–કૃષ્ણવાસુદેવની આઠ પટ્ટરાણીઓએ અર્હંત અરિષ્ટ નેમિની પાસે મુંડિત થઈને અગારાવસ્થાના ત્યાગપૂર્વક અનગારાવસ્થાની દીક્ષા લીધી હતી. તેમનાં નામ નીચે પ્રમાણે હતાં–(૧) પદ્માવતી, (૨) ગૌરી, (૩) ગાન્ધારી, (૪) લક્ષ્મણા, (૫) સુષીમા, (૬) જામ્બવતી. સત્યભામા, અને (૮) રુક્મિણી, તે આઠે સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત અને સમસ્ત દુઃખોથી રહિત થઈ ગઈ.

હવે સિદ્ધ આદિ પદોનો અર્થ સ્પષ્ટ કરવામાં આવે છે. સિદ્ધ થઈ જવું. એટલે કોઈપણ કાર્ય કરવાનું બાકી ન રહેવું. બુદ્ધ એટલે વિમલ કેવળજ્ઞાન

વડે સકલ લોક અને અલોકને જાણનાર. મુક્ત એટલે સમસ્ત કર્મોથી રહિત થયેલો જીવ. પરિનિર્વૃત એટલે કર્મકૃત વિકારોથી રહિત બનીને સ્વસ્થીભૂત (શીતલીભૂત-સમસ્ત પરિતાપોથી છૂટિ જવું) સર્વદુઃખ પ્રહીણ એટલે સઘળા ક્લેશોનો અન્ત કરનાર. આ આઠેના ચરિત્રનું વર્ણન અન્તકૃદ્દશાંગમાં વર્ણવેલું છે, તો જિજ્ઞાસુઓએ તે શાસ્ત્રમાંથી તે વાંચી લેવું. ॥ સૂ ૩૯ ॥

કૃષ્ણવાસુદેવની તે અગ્રમહિષીઓ પોતાના વીર્યના પ્રભાવથી સિદ્ધ પદ પામી હતી. વીર્યપ્રવાહપૂર્વમાં વીર્યનું વર્ણન કરવામાં આવ્યું છે, તેથી હવે સૂત્રકાર વીર્યપ્રવાહ પૂર્વના સ્વરૂપનું વર્ણન કરે છે—

"वीरियपुव्वस्स णं अट्ठ वत्थू" ઈત્યાદિ—

ટીકાર્થ-વીર્યપ્રવાદ નામના ત્રીજા પૂર્વની મૂલ વસ્તુઓ-અધ્યયન વિશેષો આઠ છે, અને ચૂલિકા વસ્તુઓ પણ આઠ છે, જેવી રીતે આચારાંગ સૂત્રમાં પરિજ્ઞા આદિ અધ્યયન છે તથા લઘુ પ્રાયશ્ચિત્ત ગુરુપ્રાયશ્ચિત્ત અને આરોપણા પ્રાયશ્ચિત્ત રૂપ આચારાગ્ર છે, એજ પ્રમાણે અહીં પણ વસ્તુઓ અને ચૂલિકા વસ્તુઓ અને ચૂલિકાઓ છે એમ સમજવું. ॥સૂ. ૪૦॥

## આઠ પ્રકારકે ગતિકા નિરૂપણ

વિર્યરૂપ વસ્તુ વડે જ ગતિ થાય છે. તેથી હવે સૂત્રકાર આઠ ભેદ રૂપે ગતિનું વર્ણન કરે છે—"अट्ठ गइओ पण्णत्ताओ" ઈત્યાદિ—(સૂ. ૩૫)

ટીકાર્થ-ગમનક્રિયા રૂપ ગતિઓ આઠ કહી છે-(૧) નિરયગતિ, (૨) તિર્યગ્ગતિ, (૩) મનુજગતિ, (૪) દેવગતિ, (૫) સિદ્ધગતિ, (૬) ગુરુગતિ, (૭) પ્રણોદનગતિ અને (૮) પ્રાગ્ભારગતિ. નરકમાં જવું તેનું નામ નિરયગતિ છે. તિર્યંચોમાં જવું તેનું નામ તિર્યગ્ગતિ છે મનુષ્યયોનિમાં જવું તેનું નામ મનુજગતિ છે. દેવયોનિમાં જવું તેનું નામ દેવગતિ છે; સિદ્ધોમાં જવું તેનું નામ સિદ્ધગતિ છે. ગુરુ શબ્દ અહીં ભાવપરક છે. તેથી ઉર્ધ્વ, અધઃ તિર્યક્ રૂપે જે પરમાણું આદિકોની સ્વાભાવિક ગતિ થાય છે તેનું નામ ગુરુગતિ છે. પ્રેરણા વડે જે ગતિ થાય છે તે ગતિનું નામ પ્રણોદનગતિ છે, જેમ કે બાણ આદિકોની ગતિ ઈષદ્ અવનતિ દ્વારા જે ગતિ થાય છે તે ગતિનું નામ પ્રાગ્ભાર ગતિ છે. જેમ કે દ્રવ્યાન્તરથી આક્રાન્ત નાવ (હોડી) આદિની ગતિ. ॥ સૂ ૪૧ ॥

ગતિ વિષયક સૂત્રનું કથન કરીને હવે સૂત્રકાર ગતિવાળી નદીઓની અધિષ્ઠાત્રી દેવીઓના નિવાસસ્થાન રૂપ દ્વીપોના સ્વરૂપનું કથન કરે છે—

"गंगा सिंधु रत्ता रत्तवई देवाणं" ઇત્યાદિ—

ટીકાર્થ-ગંગા સિંધુ, રક્તા અને રક્તવતી આ ચારે દેવીઓના નિવાસ સ્થાન રૂપ દ્વીપોનો આયામ અને વિષ્કંભ આઠ આઠ યોજનનો કહ્યો છે. ગંગા આદિ નદીઓ ભરત અને ઐરવત ક્ષેત્રની નદીઓ છે. તે નદીઓનાં જેવાં નામો છે એવાં જ તેમની અધિષ્ઠાત્રી દેવીઓનાં નામો છે, તેમના નિવાસદ્વીપ પ્રપાત આદિ કુંડની મધ્યમાં છે.।। સૂ. ૪૨ ।।

## અન્તર્દ્વીપોંકા નિરૂપણ

આગલા સૂત્રમાં દ્વીપોનું વર્ણન કર્યું. હવે સૂત્રકાર અન્તરદ્વીપોનું વર્ણન કરે છે—"उक्कामुहमेहमुहविज्जुमुह" ઇત્યાદિ—

ટીકાર્થ-હિમવાન્ પર્વત અને શિખરી પર્વતની પૂર્વ અપર દંષ્ટ્રાઓમાંની પ્રત્યેક દંષ્ટ્રામાં સ્થિત સાત સાત અન્તર દ્વીપોમાં છટ્ઠા રૂપે પ્રસિદ્ધ ઉલ્કામુખ દ્વીપ, મેઘમુખદ્વીપ, વિદ્યુન્મુખ દ્વીપ અને વિદ્યદ્દન્ત દ્વીપ નામના પ્રત્યેક દ્વીપનો આયામ અને વિષ્કંભ ૮૦૦-૮૦૦ યોજન પ્રમાણ કહ્યો છે. ।। સૂ ૪૩ ।।

દ્વીપોનો અધિકાર ચાલી રહ્યો છે. તેથી હવે સૂત્રકાર દ્વીપોની પરિખાભૂત (ચારે બાજુ વિસ્તીર્ણ) કાલોદસમુદ્રના પ્રમાણનું કથન કરે છે.

"कालोएणं समुद्दे अट्ठ जोयण" ઇત્યાદિ—

ટીકાર્થ-કાલોદસમુદ્રના ચક્રવાલ વિષ્કંભ આઠ લાખ યોજનનો કહ્યો છે. ચક્રના જેવો ગોલાકાર વિસ્તારને ચક્રવાલ કહેવામાં આવે છે. ।। સૂ. ૪૪ ।।

દ્વીપોનો અધિકાર ચાલી રહ્યો છે. તેથી સૂત્રકાર પુષ્કરાર્ધ દ્વીપના પ્રમાણનું કથન કરે છે—"अब्भंतरपुक्खरद्धेणं" ઇત્યાદિ—

ટીકાર્થ-અભ્યન્તર પુષ્કરાર્ધ ચક્રવાલ વિષ્કંભની અપેક્ષાએ આઠ લાખ યોજન પ્રમાણ છે. એજ પ્રમાણે બાહ્ય પુષ્કરાર્ધનો ચક્રવાલ વિષ્કંભ પણ આઠ લાખ યોજનનો સમજવો. ।। સૂ. ૪૫ ।।

પુષ્કરાર્ધમાં ચક્રવર્તીઓ પણ હોય છે. તેમના કાકિણી નામના રત્ન વિશેષોનું હવે સૂત્રકાર કથન કરે છે—

"एगमेगस्स णं रन्नो चाउरंत चक्कवट्टिस्स" ઇત્યાદિ—

ટીકાર્થ–પ્રત્યેક ચાતુરન્ત ચક્રવર્તી રાજાનું કાકિણી રત્ન આઠ સુવર્ણ પ્રમાણ વજનનું હોય છે. તે રત્નને ૬ સપાટી હોય છે, ૧૨ ખૂણા હોય છે અને ૮ ખૂણાના વિભાગો હોય છે તેનો આકાર અધિકરણી (એરણ)ના જેવો હોય છે. સુવર્ણ પ્રમાણ વજનનો અર્થ હવે સ્પષ્ટ કરવામાં આવે છે–ચાર મધુર તૃણફલોનું વજન સરસવના એક સફેદ દાણા જેટલું થાય છે ૧૬ સોળ સરસવના દાણાનું વજન એક ધાન્યમાષ ફલ (અડદના દાણા) જેટલું બે ધાન્યમાષ ફલોની એક રતી (ચણોઠી થાય છે. પંચ રતીનો એક કર્મમાષક (વાલ) થાય છે અને ૧૬ કર્મમાષકોનો એક સુવર્ણ થાય છે આ મધુરતૃણફલાદિ રૂપ જે પ્રમાણ અહીં પ્રકટ કરવામાં આવ્યું છે, તે પ્રમાણ ભરત ચક્રવર્તીના જમાનામાં પ્રચલિત હતું. સમસ્ત ચક્રવર્તીઓના કાકિણી રત્નોનું પ્રમાણ ઉપર દર્શાવ્યા પ્રમાણે જ હોય છે. "एगमेगस्स" આ પદ દ્વારા એજ વાત પ્રકટ કરવામાં આવી છે કે સમસ્ત ચક્રવર્તીઓની કાકિણી રત્નનું પ્રમાણ એક સરખું હોય છે, અને પ્રત્યેક ચક્રવર્તી પાસે કાકિણી રત્ન અવશ્ય હોય છે. "रन्नो" આ પદ એ વાત સૂચિત કરે છે કે મસ્તક પર મુકૂટ ધારણ કરનાર સામાન્ય રાજા તો ઘણા હોય છે–તેમની પાસે કાકિણી રત્ન હોતું નથી, પણ "चाउरंत चक्कवट्टिस्स" ચાતુરન્ત ચક્રવર્તી પાસે જ તે રત્ન હોય છે. ચક્રવર્તી રાજા તો ભરતાદિ ક્ષેત્રોનો સર્વોપરી શાસક હોય છે. એટલે છ ખંડોનો અધિપતિ હોય છે. ॥ સૂ. ૪૬ ॥

## યોજનકે પ્રમાણકા નિરૂપણ

ઉપરના સૂત્રમાં જે કાકિણી રત્નની વાત કરી તે ચાર આંગળ–પ્રમાણ હોય છે. એજ વાત "चउरंगुल पमाणा सुवण्णवरकागिणी णेया" આ સૂત્રમાં કહેવામાં આવી છે. યોજનનું પ્રમાણ પણ આંગળના પ્રમાણ આધારે જ નક્કી થાય છે. તેથી હવે સૂત્રકાર આંગળલના પ્રમાણને આધારે નિષ્પન્ન થતાં યોજન

પ્રમાણનું નિરૂપણ કરે છે. "मागहस्स णं जोयणस्स अट्ठ धणुसहस्साइं" ઈત્યાદિ
ટીકાર્થ–મગધ દેશના યોજનનું પ્રમાણ ૮૦૦૦ ધનુષનું કહ્યું છે. તે પ્રમાણ પરમાણું આદિના પ્રમાણક્રમ વડે નક્કી થાય છે. પરમાણુ આદિનું પ્રમાણ નીચે પ્રમાણે સમજવું.–" परमाणू तसरेणू " ઈત્યાદિ–અનન્તાનન્ત સૂક્ષ્મ પરમાણુઓના સમુદાય રૂપ એક પરમાણું હોય છે. આ એક વ્યાવહારિક પરમાણુ છે. ઉર્ધ્વરેણુ આદિ ભેદ પણ તેના દ્વારા જ ગૃહીત થઈ જાય છે. આઠ પરમાણુઓનો એક ત્રસરેણુ થાય છે. એવાં આઠ ત્રસરેણુનો એક રથરેણુ બને છે. રથ ચાલતી વખતે જે ધૂળ ઊડે છે તેને રથરેણુ કહે છે. એવા આઠ રથરેણુનો બાલાગ્ર હોય છે. આઠ બાલાગ્રોથી એક લિક્ષા (લીખ) થાય છે અને આઠ લિક્ષાની એક યૂકા (જૂ) થાય છે. આઠ યૂકાઓ મળીને એક યવ થાય છે. આઠ યવોનો એક આંગળ થાય છે. ૨૪ આંગળનો ૧ હાથ થાય છે અને ચાર હાથ મળીને એક ધનુષ થાય છે. બે હજાર ધનુષનો એક કોશ (ગવ્યૂત) થાય છે અને ચાર કોશનો એક યોજન બને છે. મગધ દેશમાં યોજનનું આ પ્રકારનું પ્રમાણ ચાલે છે. "માગધ" આ પદ દ્વારા આ પ્રમાણ મગધમાં જ પ્રચલિત છે, એમ કહેવામાં આવ્યું છે. જે દેશમાં ૧૬૦૦ ધનુષનો એક ગવ્યૂત (કોશ) થાય છે, તે દેશમાં ૧૪૦૦ ધનુષનો યોજન ગણવો જોઈએ ।।સૂ. ૪૧।।

## જમ્બૂસ્વામી આદિકોંકા નિરૂપણ

યોજનની પ્રરૂપણા કરવામાં આવી. હવે સૂત્રકાર આઠ યોજનના પ્રમાણવાળા જમ્બૂ આદિકાનું નિરૂપણ કરે છે—

"जंबू णं सुदंसणा अट्ठ जोयणाइं" ઈત્યાદિ—

ટીકાર્થ–'જંબૂ' આ નામનું એક વૃક્ષ થાય છે. તે જંબૂના આકારવાળી જે સર્વરત્નમયી પૃથ્વી છે તેને પણ જંબૂ કહેવામાં આવે છે. આ જંબૂથી યુક્ત જે દ્વીપ છે તે દ્વીપને જંબૂદ્વીપ કહે છે. આ જંબૂનું બીજું નામ સુદર્શના છે. તેની સ્થિતિ આ પ્રમાણે છે-ઉત્તર કુરુના પૂર્વાર્ધમાં આવેલી શીતા મહા નદીની પૂર્વે ૫૦૦ યોજનના આયામ અન વિષ્કંભવાળી એક પીઠ ૧૨ યોજનના મધ્યભાગવાળી છે. મધ્યભાગથી છેડા તરફ જતાં તેની ઉંચાઈ ક્રમશઃ ઘટતાં ઘટતાં છેડાના ભાગમાં બે ગવ્યૂતિ (કોશ) પ્રમાણ થઈ જાય છે. તે બે ગવ્યૂતિ પ્રમાણ ઉંચાઈની અને ૫૦૦ ધનુષપ્રમાણ વિસ્તારવાળી એક પદ્મવરવેદિકાથી

પરિક્ષિપ્ત છે, તથા ગવ્યૂતિપ્રમાણ ઊંચા અને છત્રતોરણોથી યુક્ત ચાર દ્વારોથી યુક્ત છે. તે પીઠના બરાબર મધ્ય ભાગમાં ચાર યોજન ઊંચી એક મણિપીઠિકા છે. તેની લંબાઇ અને પહોળાઈ આઠ યોજનની છે. તે મણિપીઠિકાની ઉપર આ સુદર્શના જંબૂ વ્યવસ્થિત ( આવેલો ) છે. તે બાર વેદિકાઓ વડે સુરક્ષિત છે. આ સુદર્શના જંબૂ આઠ યોજન ઊંચો છે, તથા શાખાઓના વિસ્તરવાળા પ્રદેશમાં બહુ મધ્ય દેશ ભાગમાં આઠ યોજનનો તેનો વિષ્કંભ છે, તથા સર્વાગ્રની અપેક્ષાએ આઠ યોજન કરતાં સહેજ અધિક પ્રમાણવાળો છે. ' સર્વાગ્ર ' આ પદ વડે અહીં સર્વપ્રમાણ ગ્રહણ કરવામાં આવ્યું છે. બે ગવ્યૂતિપ્રમાણ ઉદ્વેધની અપેક્ષાએ અહીં આ અધિકતા ગ્રહણ કરવામાં આવી છે. આ રીતે આ જંબૂ સર્વપ્રમાણની અપેક્ષાએ આઠ યોજન કરતાં બે ગવ્યૂતિપ્રમાણ અધિક પ્રમાણ વાળો છે. એવો વાચ્યાર્થ અહીં સમજવો જોઇએ. અહીં પૂર્વાદિ ચારે દિશાઓમાં ચાર શાખાઓ છે. તેમની વક્તવ્યતા અન્ય ગ્રન્થોમાંથી જાણી લેવી જોઇએ. ભવનપતિ દેવવિશેષ સુવર્ણકુમારના નિવાસસ્થાન રૂપ જે કૂટ શાલ્મલિ વૃક્ષ દેવકુરુના પશ્ચિમાર્ધમાં આવેલું છે, તેનું પ્રમાણ પણ આ સુદર્શના જંબૂના પ્રમાણ મુજબ જ સમજવું તિમિસ્રગુફાનું અને ખંડપ્રપાતગુહાનું પ્રમાણ પણ એટલું જ સમજવું. ॥ સૂ. ૪૮ ॥

## જમ્બૂ મન્દરમેં રહી અન્ય વસ્તુઓંકા નિરૂપણ

પૂર્વોક્ત જંબૂવૃક્ષ આદિ પદાર્થ જંબૂદ્વીપમાં આવેલાં છે. તેથી હવે સૂત્રકાર જંબૂદ્વીપમાં આવેલી અન્ય વસ્તુઓનું આઠ સ્થાનની અપેક્ષાએ કથન કરે છે–

" जंबू मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं सीयाए " ઇત્યાદિ

ટીકાર્થ–જંબૂદ્વીપમાં આવેલા મન્દર પર્વતની પૂર્વ દિશામાં શીતા મહાનદીના બન્ને તટ પર આઠ વક્ષસ્કાર પર્વતો આવેલા છે. તેમનાં નામ આ પ્રમાણે છે. (૧) ચિત્રકૂટ, (૨) પદ્મકૂટ, (૩) નલિનકૂટ, (૪) એક શૈલ (૫) ત્રિકૂટ, (૬) વૈશ્રમણકૂટ, (૭) અંજન અને (૮) માતંજન. જંબૂદ્વીપમાં મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં આવેલી શીતોદા મહાનદીના બન્ને તટ પર આઠ વક્ષસ્કાર પર્વતો આવેલા છે. તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) અંકાવતી, (૨) પક્ષ્માવતી, (૩) આશીવિષ, (૪) સુખાવહ, (૫) ચન્દ્રપર્વત, (૬) સૂરપર્વત, (૭) નાગપર્વત અને (૮) દેવપર્વત. જંબૂદ્વીપના મન્દરપર્વતની પૂર્વદિશામાં મહાનદીની ઉત્તરે આઠ ચક્રવર્તી વિજય કહ્યા છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે–(૧) કચ્છ, (૨) સુકચ્છ, (૩) મહાકચ્છ, (૪) કચ્છ-

કાવતી, (૫) આવર્ત્ત, (૬) મંગલાવર્ત્ત (૭) પુષ્કલ અને (૮) પુષ્કલાવતી. જંબૂદ્વીપમાં આવેલા મન્દર પર્વતની પૂર્વ દિશામાં આવેલી શીતા મહાનદીની દક્ષિણ દિશામાં આઠ ચક્રવર્તી વિજય આવેલાં છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે-(૧) વત્સ, (૨) સુવત્સ, (૩) મહાવત્સ, (૪) વત્સક, (૫) રમ્યક, (૬) રમણીય (૭) મંગલ હશે (મંગલ) અને (૮) મંગલાવતી. જંબૂદ્વીપ મંદર પર્વતની પશ્ચિમ દિશામાં વહેતી શીતોદા મહાનદીની દક્ષિણ દિશામાં આઠ ચક્રવર્તી વિજય આવેલાં છે તેમનાં નામ નીચે પ્રમાણે છે-(૧) પક્ષ્મ, (૨) સુપક્ષ્મ, (૩) મહા પક્ષ્મ, (૪) પક્ષ્મવતી, (૫) શંખ, (૬) નલિન, (૭) કુમુદ અને (૮) સલિલાવતી. જંબૂદ્વીપના મંદર પર્વતની પશ્ચિમ દિશામાં વહેતી શીતોદા મહાનદીની ઉત્તરે આઠ ચક્રવર્તી વિજય આવેલાં છે. તેમનાં નામો નીચે પ્રમાણે છે-(૧) વપ્ર, (૨) સુવપ્ર, (૩) મહાવપ્ર, (૪) વપ્રાવતી, (૫) વલ્ગુ, (૬) સુવલ્ગુ, (૭) ગન્ધિલ અને (૮) ગન્ધિલાવતી. જંબૂદ્વીપમાં આવેલા મન્દર પર્વતની પૂર્વ દિશામાં શીતા મહા નદીની ઉત્તરે આઠ રાજધાનીઓ આવેલી છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે- (૧) ક્ષેમા, (૨) ક્ષેમપુરી, (૩) અરિષ્ટા. (૪) રિષ્ટાવતી, (૫) ખંગી, (૬) મંજૂષા, (૭) ઋષભપુરી અને પુંડરીકિણી જંબૂદ્વીપના મન્દર પર્વતની પૂર્વ દિશામાં શીતા મહાનદીની દક્ષિણ દિશામાં નીચે દર્શાવેલી આઠ રાજધાનીઓ આવેલી છે..(૧) સુષીમા, (૨) કુંડલા, (૩) અપરાજિતા, (૪) પ્રભંકરા, (૫) અંકવતી, (૬) પક્ષ્માવતી, (૭) શુભા અને (૮) રણસંચયા. જંબૂદ્વીપમાં આવેલા મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં શીતોદા મહાનદીની દક્ષિણ દિશામાં નીચે પ્રમાણે આઠ રાજધાનીઓ છે (૧) અશ્વપુરી, (૨) સિંહપૂરી, (૩) મહાપુરી, (૪) વિજયપુરી, (૫) અપરાજિતા (૩) અપરા (૭) અશોકા અને (૮) વીતશોકા. જંબૂદ્વીપના મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં શીતોદા મહાનદીની ઉત્તર દિશામાં આઠ રાજધાનીઓ છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે,-(૧) વિજયા, (૨) વૈજયન્તી, (૩) જયન્તી, (૪) અપરાજિતા, (૫) ચક્રપુરી, (૬) ખડ્ગપુરી, અવધ્યા અને (૮) અયોધ્યા. આ ક્ષેમા આદિ રાજધાનીઓ નવ યોજનના વિસ્તારવાળી (પહોળી) અને ૧૨ યોજન લાંબી છે. તેઓ કચ્છાદિક વિજયોમાં વહેતી શીતાદિ નદીઓની પાસેના ત્રણ ખંડોના મધ્યખંડોમાં આવેલી છે. ॥ સૂ. ૪૯ ॥

આ રાજધાનીઓમાં તીર્થંકર આદિ થતાં હોય છે. તેથી હવે સૂત્રકાર તીર્થંકર વગેરેની આઠ સ્થાનની અપેક્ષાએ પ્રરૂપણા કરે છે—

"जंबू मंदरपुरत्थिमेणं सीयाए" ઇત્યાદિ—

ટીકાર્થ–જંબૂદ્વીપમાં આવેલા મન્દર પર્વતની પૂર્વ દિશામાં જે શીતા મહાનદી વહે છે તેની ઉત્તરે જે કચ્છાદિક ચક્રવર્તિ વિજયો આવેલાં છે તેમાં આવેલી ક્ષેમાદિક રાજધાનીઓમાં વધારેમાં વધારે આઠ અર્હંતો, આઠ ચક્રવર્તીઓ, આઠ બલદેવો અને આઠ વાસુદેવો ઉત્પન્ન થયા હતા, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે ।૨। તથા જંબૂદ્વીપના મન્દર પર્વતની પૂર્વ દિશામાં શીતા મહાનદીના દક્ષિણ ભાગમાં વત્સાદિક ચક્રવર્તિ વિજયમાં આવેલી જે સુષમાદિક રાજધાનીઓ છે તેમાં પણ વધારેમાં વધારે આઠ અર્હંત આઠ ચક્રવર્તી આદિ ઉત્પન્ન થયા હતા ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે ।૧। તથા જંબૂદ્વીપના મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં શીતોદા મહાનદીના દક્ષિણ ભાગમાં આવેલા ચક્રવર્તિ વિજયમાં આવેલી અશ્વપુરી આદિ જે રાજધાનીઓ છે તેમાં પણ વધારેમાં વધારે આઠ અર્હંતો આઠ ચક્રવર્તી આદિ ઉત્પન્ન થયા હતા, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે. તથા જંબૂદ્વીપના મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં શીતોદા મહાનદીના ઉત્તર ભાગમાં આવેલા વપ્રાદિક જે ચક્રવર્તિ વિજયો છે તેમાં આવેલા વિજયાદિક રાજધાનીઓમાં પણ ભૂતકાળમાં વધારેમાં વધારે આઠ અર્હંતો, આઠ ચક્રવર્તીઓ આદિ ઉત્પન્ન થયા હતા, વર્તમાનમાં પણ ઉત્પન્ન થાય છે અને ભવિષ્યમાં પણ ઉત્પન્ન થશે. ।૪। અહીં એવું સમજવું જોઈએ કે એક એક વિજયમાં એક એક અર્હંતની ઉત્પત્તિ થતી હોવાથી ૩૨ વિજયોમાં એક સાથે ૩૨ તીર્થંકરો હોય છે. તથા ચક્રવર્તી, બલદેવ અને વાસુદેવ એક જ કાળમાં વધારેમાં વધારે ૨૮ જ હોય છે, કારણ કે તે વિજયોમાં ઓછામાં ઓછા ચાર વાસુદેવ અને ચાર ચક્રવર્તી તો અવશ્ય હોય જ છે. એક ક્ષેત્રમાં એક જ કાળે ચક્રવર્તી અને વાસુદેવ–બન્નેનો સદ્ભાવ હોતો નથી. તેથી ચક્રવર્તી અને વાસુદેવોની જે ૨૮ ની સંખ્યા કહી છે તેનો મેળ મળી જાય છે. તથા બલદેવ અને વાસુદેવ સહચરિત હોય છે, તેથી બળદેવોની સંખ્યા પણ ૨૮ ની જ થાય છે. ।।સૂ ૫૦।।

હવે સૂત્રકાર દીર્ઘવૈતાઢ્ય આદિકોની પ્રરૂપણા આઠ સ્થાન રૂપે કરે છે–

"जंबू मंदरपुरत्थिमेणं सियाए महानईए" ઇત્યાદિ—

સૂત્રાર્થ–જંબૂદ્વીપના મન્દર પર્વતની પૂર્વ દિશામાં જે શીતા મહાનદી વહે છે તેની ઉત્તર દિશામાં આઠ દીર્ઘવૈતાઢ્ય, આઠ તિમિસ્રગુફા, આઠ ખંડપ્રપાત ગુફા, આઠ કૃતમાલક દેવ, આઠ નાટ્યમાલક દેવ, આઠ ગંગાકૂંડ, આઠ સિંધુકુંડ, આઠ ગંગા, આઠ સિંધુ, આઠ ઋષભકૂટ પર્વત, અને આઠ ઋષભકૂટ દેવ કહ્યા છે ।૧। જંબૂદ્વીપના મન્દર પર્વતની પૂર્વ દિશામાં જે શીતા મહાનદી વહે છે તેની દક્ષિણ દિશામાં પણ આઠ દીર્ઘવૈતાઢ્ય પર્વતથી લઇને આઠ ઋષભકૂટ દેવ પર્યન્તની ઉપર્યુક્ત વસ્તુઓ કહી છે. વિશેષમાં ત્યાં રક્તા અને રક્તાવતી નદીઓ અને તેમના કુંડો છે. ।૨। જંબૂદ્વીપના મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં જે શીતોદા મહાનદી વહે છે તેની દક્ષિણ દિશામાં દીર્ઘ તાઢ્યથી લઇને આઠ નાટચમાલક દેવો આઠ ગંગાકુંડ, આઠ સિંધુકુંડ, આઠ ગંગા આઠ સિંધુ આઠ ઋષભકૂટ પર્વત અને આઠ ઋષભકૂટ દેવો પર્યન્તના ઉપર્યુક્ત પદાર્થોછે. (૩) જંબૂદ્વીપના મંદર પર્વતની પશ્ચિમ દિશામાં જે શીતોદ મહાનદી વહે છે, તેની ઉત્તરે આઠ દીર્ઘવૈતાઢય પર્વતથી લઈને આઠ નાટ્યમાલક દેવો, આઠ રક્તાકુંડ, આઠ રક્તાવતી કુંડ, આઠ રક્તા ઇત્યાદિ આઠ ઋષભકૂટ દેવો પર્યન્તની ઉપર્યુક્ત વસ્તુઓ છે. ।૪। જંબૂદ્વીપના મન્દર પર્વતની પૂર્વમાં શીતા મહાનદીની ઉત્તરે આઠ દીર્ઘવૈયાઢ્ય આદિ હોવાનું જે કથન કરવામાં આવ્યું છે, તેમાં વૈતાઢ્ય પર્વતોની આગળ જે 'દીર્ઘ' વિશેષણ લગાડવામાં આવ્યું છે તે વર્તુલ વૈતાઢ્યની નિવૃત્તિને માટે લગાડવામાં આવ્યું છે. આઠ દીર્ઘ વૈતાઢયોમાના પ્રગ્યેક દીર્ઘ વૈતાઢ્યમાં એક તિમિસ્રગુફા અને એક ખંડપ્રપાતગુહા છે. આ રીતે આઠ દીર્ઘવૈતાઢ્યની કુલ આઠ નિમિસ્ર ગુફાઓ અને આઠ ખંડપ્રપાત ગુફાઓ થઇ જાય છે. જે આઠ

કૃતમાલક દેવો છે, તેઓ આઠ તિમિસ્ત્ર ગુફાઓના અધિષ્ઠાપકો છે. જે આઠ નાટ્યમાલક દેવો કહ્યાં છે તેઓ આઠ ખંડપ્રપાત ગુફાઓના અધિષ્ઠાપકો છે. નીલવત્ વર્ષધરની દક્ષિણ મેખલા પર આઠ ગંગાકુંડ આવેલા છે. તે ગંગા કુંડોની લંબાઇ તથા પહોળાઈ ૬૦ યોજનની કહી છે તેમની વચ્ચે દ્વીપો છે તે દ્વીપો ગંગાદેવીના ભવનોથી યુક્ત છે. તે ત્રણ દિશાઓમાં છે અને બાહ્ય તથા આભ્યન્તર દ્વારોથી યુક્ત છે. આ આઠ ગંગાકુંડોમાંના પ્રત્યેક કુંડની દક્ષિણ દિશાના બાહ્ય દ્વારમાંથી એક એક ગંગા નદી નીકળે છે. આ રીતે કુલ આઠ ગંગા નદીઓ થાય છે. તે આઠે ગંગા નદીઓ વિજયો (ચક્રવર્તી વિજયક્ષેત્રો)નો વિભાગ કરતી થકી ભરતક્ષેત્રની ગંગા નદીની જેમ શીતા નદીમાં પ્રવેશ કરે છે. એજ પ્રમાણે આઠ સિંધુકુંડ વિષે પણ સમજવું. તે સિન્ધુ કુંડોની વચ્ચે દ્વીપો છે. તે દ્વીપો સિંધુદેવીના ભવનોથી યુક્ત છે તે કુંડોના દક્ષિણ દિશાના બાહ્ય દ્વારમાંથી આઠ સિંધુ નદીઓ નીકળે છે, અને વિજયોનો વિભાગ કરતી થકી શીતા મહાનદીમાં પ્રવેશ કરે છે. ઋષભકૂટ પર્વતો આઠ છે, કારણ કે આઠે વિજયોમાં એક એક ઋષભકૂટ પર્વત હોય છે. તે ઋષભકૂટ પર્વતો વર્ષધર પર્વતોની પાસે આવેલા છે, અને ત્રણ મ્લેચ્છ ખંડોના મધ્યખંડોમાં સ્થિત છે. સમસ્ત વિજયેમાં, ભરતોમાં અને ઐરવત ક્ષેત્રોમાં તેમનો સદ્ભાવ નીચે મુજબ છે—

"सव्वे वि उसभकूडा" ઇત્યાદિ—તે સમસ્ત ઋષભકૂટ પર્વતો આઠ આઠ યોજન ઊંચા છે. તેમનો વિસ્તર મૂળભાગમાં૧૨ યોજન, મધ્ય ભાગ આઠ યોજન અને ટોચ ૪ યોજનનો છે. તે કૂટો પર નિવાસ કરનારા દેવોનું નામ પણ ઋષભકૂટ દેવો છે. ઋષભકૂટ દેવો પણ આઠ જ છે. જંબૂદ્વીપના મન્દર પર્વતની પૂર્વમાં જે શીતા મહાનદી વહે છે તેની દક્ષિણ દિશામાં પણ આઠ દીર્ઘ વૈતાઢ્ય આદિ પૂર્વોક્ત વસ્તુઓ છે. વધારામાં ત્યાં ગંગાકુંડને બદલે રક્તાકુંડ છે અને સિંધુ-કુંડને બદલે રક્તાવતીકુંડ છે, એમ સમજવું. રક્તાકુંડની અધિષ્ઠાત્રી જે દેવીઓ છે તેમનું નામ છે. રકતાવતી દેવીઓ છે. ત્યાં ગંગાને બદલે રક્તા અને સિંધુને બદલે રકતાવતી નદીઓ છે, એમ સમજવું. જંબૂદ્વીપના મન્દર પર્વતની પશ્ચિમમાં જે શીતોદા મહાનદી વહે છે તેની દક્ષિણમાં પણ આઠ આઠ દીર્ઘ વૈતાઢ્ય પર્વત નાટ્યમાલક દેવો, ગંગાકુંડો, સિંધુકુંડો, ગંગા નદીઓ, સિંધુ નદીઓ, ઋષભ કૂટ પર્વતો અને ઋષભકૂટ દેવો છે, એમ સમજવું. જંબૂદ્વીપના મન્દર પર્વતની પશ્ચિમમાં જે શીતોદા નામની મહાનદી વહે છે તેની ઉત્તર દિશામાં પણ આઠ આઠ દીર્ઘવૈતાઢ્ય પર્વતો નાટ્યમાલક દેવો, રક્તાકુંડો, રક્તાવતીકુંડો, રક્તા નદીઓ, રક્તાવતી નદીઓ, ઋષભકૂટ પર્વતો અને ઋષભકૂટ દેવો છે, એમ સમજવું જોઇએ. ॥ સૂ. ૫૧ ॥

આ પ્રકારે જંબૂદ્વીપની વસ્તુઓનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર મન્દરની ચૂલિકાઓનું આઠ સ્થાન રૂપે નિરૂપણ કરે છે—

"मंदरचूलियाणं बहुमज्झदेसभाए" ઇત્યાદિ—

ટીકાર્થ–મન્દર પર્વતની ચૂલિકાઓનો વિષ્કંભ (વિસ્તાર) બહુમધ્યદેશ ભાગમાં આઠ આઠ યોજનનો કહ્યો છે. ॥ સૂ. પર ॥

આ પ્રકારે જંબૂદ્વીપ રૂપ ક્ષેત્રમાં આવેલા પદાર્થોનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર ક્ષેત્રના સાધર્મ્યને લીધે ધાતકીખંડાદિમાં રહેલા પદાર્થોનું નિરૂપણ કરે છે–

"धायइखंडदीवे पुरत्थिमद्धेणं" ઇત્યાદિ—

ટીકાર્થ–જેવી રીતે જંબૂદ્વીપમાં જંબૂવૃક્ષથી લઇને મન્દર ચૂલિકા પર્યન્તના સમસ્ત પૂર્વોક્ત પદાર્થોનો સદ્ભાવ છે, એજ પ્રમાણે ધાતકીખંડ આદિ દ્વીપોમાં પણ એ બધા પદાર્થોનો સદ્ભાવ છે. એટલે કે ધાતકીખંડના પૂર્વાર્ધમાં ધાતકી વૃક્ષની લઇને મન્દરચૂલિકા પર્યન્તના ઉપર્યુક્ત બધા પદાર્થો છે, એમ સમજવું જોઈએ. તથા ધાતકીખંડના પશ્ચિમાર્ધમાં પણ મહાધાતકી વૃક્ષને લઇને ઉપર્યુક્ત બધાં પદાર્થોનો સદ્ભાવ સમજવો. એજ પ્રમાણે પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધમાં પણ પદ્મવૃક્ષથી લઇને મન્દર ચૂલિકા પર્યન્તના પદાર્થોનો સદ્ભાવ સમજવો. એજ પ્રમાણે પુષ્કરવર દ્વીપાર્ધમાં પશ્ચિમાર્ધમાં પણ મહાપદ્મવૃક્ષથી લઇને મન્દર ચૂલિકા પર્યન્તના પદાર્થોનો સદ્ભાવ સમજવો. ધાતકીવૃક્ષ આદિ સમસ્ત પદાર્થોનું પ્રમાણ આગલા સૂત્રમાં જંબૂવૃક્ષ આદિનું જે પ્રમાણ બતાવ્યું છે તે પ્રમાણે જ સમજવું. કહ્યું પણ છે કે—"जा भणिओ जंबूए" ઈત્યાદિ.

એટલે કે જંબૂવૃક્ષનું જેવું વર્ણન કર્યું છે, એવું જ વર્ણન ધાતકીવૃક્ષ અને પદ્મવૃક્ષનું થવું જોઈએ. જંબૂદ્વીપના ઉપર્યુક્ત પદાર્થોના વર્ણન પ્રમાણે જ ધાતકીખંડાદિના ઉપર્યુક્ત પદાર્થોનું વર્ણન સમજવું. અહીં તે કથન કરતાં એટલો જ તફાવત છે કે જંબૂદ્વીપમાં જંબૂવૃક્ષ છે અને દેવકુરુઓમાં શાલમલી વૃક્ષ છે. ॥ સૂ. ૫૩ ॥

## ક્ષેત્રાધિકારસે જમ્બૂદ્વીપાન્તર્ગત પદાર્થોંકા નિરૂપણ

ક્ષેત્રાધિકાર ચાલી રહ્યો છે. તેથી હવે સૂત્રકાર જંબૂદ્વીપમાં આવેલા બીજાં પદાર્થોનું નિરૂપણ કરે છે—" जंबूदीवे दीवे मंदरे पव्वए " ઈત્યાદિ

ટીકાર્થ–જંબૂદ્વીપ નામના મધ્ય જંબૂદ્વીપમાં મન્દર પર્વતની ચારે દિશાઓમાં આવેલા ભદ્રશાલ વનમાં શીતા અને શીતોદા મહાનદીઓના તટ પર આઠ દિગ્હસ્તિકૂટ કહ્યા છે. આ કૂટ પૂર્વાદિ ચારે દિશાઓમાં હાથીના જેવાં આકારથી વ્યાપેલા હોવાને કારણે તેમને દિગ્હસ્તિકૂટ કહેવામાં આવ્યા છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે—(૧) પદ્મોત્તર, (૨) નીલવાન્, (૩) સુહસ્તી, (૪) અંજનાગિરિ, (૬) કુમુદ, (૬) પલાશક, (૭) અવતંસ, અને (૮) રોચનગિરિ.

આ જંબૂદ્વીપ નામના મધ્ય જંબૂદ્વીપની જગતી ( વેદિકાની આધારભૂત પાળ-દીવાલ ) આઠ યોજન ઊંચી છે, તથા તેના મધ્યભાગે આઠ યોજનના વિષ્કંભ ( પહોળાઈ ) વાળી છે. ॥ સૂ. ૫૪ ॥

## પર્વતકે ઊપર રહે કૂટોંકા નિરૂપણ

હવે સૂત્રકાર કૂટોનું નિરૂપણ કરે છે—

" जंबूद्दिवे दीवे मंदरस्स पव्वयस्स " ઇત્યાદિ—

ટીકાર્થ–જંબૂદ્વીપ નામના મધ્ય જંબૂદ્વીપમાં આવેલા મન્દર પર્વતની દક્ષિણદિશામાં જે મહાહિમવાન્ વર્ષધર પર્વત છે, તે વર્ષધર પર્વત પર આઠ કૂટો કહ્યા છે. તેમના નામ નીચે પ્રમાણે છે—(૧) સિદ્ધ, (૨) મહાહિમવાન્, (૩) હિમવાન્, (૪) રોહિત, (૫) હ્રીકૂટ, (૬) હરિકાન્ત, (૭) હરિવર્ષ અને વૈડૂર્યકૂટ. સિદ્ધકૂટ નામનું જે કૂટ છે તે સિદ્ધ દેવ વિશેષના આવાસથી યુક્ત છે. તે પૂર્વ દિશામાં આવેલું છે, ત્યારબાદ પશ્ચિમ આદિ દિશામાં મહાહિમવાન્ આદિ કૂટો અનુક્રમે આવેલા છે. મહાહિમવાન પર્વતનો અધિષ્ઠાતા જે દેવ છે તે દેવના આવાસથી

યુક્ત મહાહિમવાન્ કૂટ છે હૈમવત વર્ષના અધિષ્ઠાતા દેવના આવાસથી યુક્ત જે કૂટ છે તેનું નામ હિમવત્કૂટ છે. રોહિતા નામની નદીની અધિષ્ઠાત્રી દેવીના આવાસથી યુક્ત જે કૂટ છે તેનું નામ રોહિતકૂટ છે. હરિકાન્તા નામની નદીની જે દેવી છે તે દેવી વડે અધિષ્ઠિત જે કૂટ છે તેનું નામ હરિકાન્ત કૂટ છે. હરિવર્ષના નાયક દેવ વડે અધિષ્ઠિત જે કૂટ છે તેનું નામ હરિવર્ષકૂટ છે. વૈડૂર્ય નામના દેવ વડે અધિષ્ઠિત જે કૂટ છે તેનું નામ વૈડૂર્યકૂટ છે. જંબૂદ્વીપના મન્દર પર્વતની ઉત્તર દિશામાં જે રુકિમ નામનો વર્ષધર પર્વત છે તે પર્વત પર આઠ કૂટ કહ્યાં છે. તેમનાં નામ આ પ્રમાણે છે—(૧) સિદ્ધ, (૨) રુકમી, (૩) રમ્યક્, (૪) નરકાન્તા, (૫) બુદ્ધિ, (૬) રુકમકૂટ, (૭) હૈરણ્યવત અને (૮) મણિકાંચન. તે સિદ્ધાદિ કૂટ સિદ્ધાદિ નામના દેવો વડે અધિષ્ઠિત છે. કૂટનો અધિકાર ચાલી રહ્યો છે, તેથી હવે સૂત્રકાર જંબૂદ્વીપના પ્રાકાર (કોટ) રૂપ અને રુચક દ્વીપવર્તી જે વલયાકાર રુચક પર્વત છે તે પર્વતની ચારે દિશાઓમાં આવેલાં કૂટોનું તથા તે કૂટોમાં રહેતી દિક્કુમારીઓનું આઠ સ્થાન રૂપે નિરૂપણ કરે છે—" जंबूमंदरपौरस्त्ये " ઇત્યાદિ—

જંબૂદ્વીપના મન્દર પર્વતની પૂર્વ દિશામાં જે રુચકવર પર્વત છે તે પર્વત પર આઠ રુચક કૂટ કહ્યાં છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે—(૧) રિષ્ટ, (૨) તપનીય, (૩) કાંચન, (૪) રજત, (૫) દિશાસૌવસ્તિક, (૬) પ્રલમ્બ, (૭) અંજન અને (૮) અંજનપુલક. આ આઠ રુચકકૂટોમાં મહર્દ્ધિક (વિશિષ્ટ ભવન અને પરિવાર આદિરૂપ ઋદ્ધિવાળી), મહાદ્યુતિવાળી (શરીરાભરણ આદિની પ્રભાથી દેદીપ્યમાન) મહાબલસંપન્ન (વિશેષ બલથી યુક્ત) મહા યશસંપન્ન (વિશિષ્ટ કીર્તિસંપન્ન) મહા સૌખ્ય સંપન્ન (વિશિષ્ટ સુખસંપન્ન) અને મહાનુભાગ સંપન્ન (અતિશય પ્રભાવવાળી). એક પલ્યોપમની સ્થિતિવાળી આઠ મહત્તરિકા દિક્કુમારીઓ (પ્રધાનતમ દિક્કુમારીઓ) રહે છે. તેમનાં નામ નીચે પ્રમાણે

છે–(૧) નન્દોત્તરા, (૨) નન્દા, (૩) આનન્દા, નન્દિવર્દ્ધના. (૫) વિજયા, (૬) વૈજયન્તી, (૭) જયન્તી (૮) અપરાજિતા.

નન્દોત્તરા નામની દિક્કુમારી રિષ્ટકૂટ પર રહે છે, નન્દા તપનીય કૂટ પર રહે છે, આનંદા કાંચન કૂટ પર રહે છે, નન્દિ-વર્દ્ધના રજતકૂટ પર રહે છે, વિજયા દિશાસૌવાસ્તિક કૂટ પર રહે છે. વૈજયન્તી પ્રલમ્બકૂટ પર રહે છે, જયન્તી અંજનકૂટ પર રહે છે અને અપ-રાજિતા અંજનપુલકકૂટ પર રહે છે. આ નન્દોત્તરા આદિ દિક્કુમારીઓ ભગ-વાન અર્હંતના જન્મકાળે હાથોમાં દર્પણ લઇને ગીતો ગાય છે અને ભગવાનની પર્યુપાસના કરવા લાગી છે. ।૩। તથા જંબૂદ્વીપના મન્દર પર્વતની દક્ષિણ દિશામાં જે રુચકવર પર્વત છે તે પર્વત પર આઠ રુચકકૂટ કહ્યા છે. તેમનાં નામ આ પ્રમાણે છે–(૧) કનક, (૨) કાંચન, (૩) પદ્મ, (૪) નલિન, (૫) શશી, (૬) દિવાકર, (૭) વૈશ્રમણ, અને (૮) વૈડૂર્ય. આ કનકાદિ આઠે કૂટો પર મહર્દ્ધિકથી લઈને મહાપ્રભાવસંપન્ન પર્યન્તના પૂર્વોક્ત વિશેષણોથી યુક્ત અને એક પલ્યો-પમની સ્થિતિવાળી આઠ મહત્તરિકા (પ્રધાનતમ) દિક્કુમારીઓ નિવાસ કરે છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે—(૧) સમાહારા, (૨) સુપ્રદત્તા, (૩) સુપ્રબુદ્ધા, (૪) યશોધરા, (૫) લક્ષ્મીવતી, (૬) શેષવતી, (૭) ચિત્રગુપ્તા, અને (૮) વસુ-ન્ધરા. કનકકૂટ પર સમાહારા દિક્કુમારી, કાંચનકૂટ પર સુપ્રદત્તા, દિક્કુમારી, પદ્મકૂટ પર સુપ્રબુદ્ધા દિક્કુમારી, નલિનકૂટ પર યશોધરા દિક્કુમારી, શશીકૂટ પર લક્ષ્મીવતી દિક્કુમારી, દિવાકરકૂટ પર શેષવતી દિક્કુમારી, વૈશ્રમણકૂટ પર ચિત્રા-ગુપ્તા દિક્કુમારી અને વૈડૂર્યકૂટ પર વસુન્ધરા દિક્કુમારી નિવાસ કરે છે. આ સમાહારા આદિ આઠે દિક્કુમારીઓ ભગવાન અર્હન્તના જન્મ મહોત્સવમાં ભૃંગારો હાથમાં લઇને ગીતો ગાય છે અને ભગવાનની પર્યુપાસના કરે છે. ।૪। તથા જંબૂદ્વીપના મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં જે રુચકવર પર્વત છે તે

પર્વત પર આઠ રુચકકૂટ કહ્યાં છે. તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) સ્વસ્તિક, (૨) અમોહ, (૩) હિમવાન્, (૪) મન્દર, (૫) રુચક, (૬) રુચકોત્તમ, (૭) ચન્દ્ર, અને (૮) સુદર્શન. તે આઠે કૂટો પર મહર્દ્ધિક આદિ પૂર્વોક્ત વિશેષણોવાળી અને એક પલ્યોપમની સ્થિતિવાળી આઠ દિક્કુમારીઓ વસે છે. તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) ઇલાદેવી, (૨) સુરાદેવી, (૩) પૃથિવી. (૪) પદ્માવતી, (૬) એકનાસા, (૬) નવમિકા, (૭) સીતા અને ભદ્રા. ઇલાદેવી સ્વસ્તિકકૂટ પર, સુરાદેવી અમોહકૂટ પર, પૃથિવીદેવી હિમવત્ કૂટ પર, પદ્માદેવી મન્દરકૂટ પર, એકનાસાદેવી રુચકકૂટ પર, નવમિકાદેવી રુચકોત્તમકૂટ પર, સીતાદેવી ચન્દ્રકૂટ પર અને ભદ્રાદેવી સુદર્શનકૂટ પર નિવાસ કરે છે. આ ઇલા આદિ આઠે દિક્-કુમારિકાઓ અર્હંત ભગવાનના જન્મમહોત્સવના સમયે હાથમાં તાલવૃન્ત (વીંજણો) લઈને ગીતો ગાય છે અને ભગવાનની પર્યુપાસના કરે છે. ।૫।

તથા જંબૂદ્વીપના મન્દર પર્વતની ઉત્તર દિશામાં જે રુચકવર પર્વત છે, તે પર્વત પર આઠ કૂટ છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે-(૧) રત્ન (૨) રત્નોચ્ચય, (૩) સર્વરત્ન, (૪) રત્નસંચય, (૫) વિજય, (૬) વૈજયન્ત, (૭) જયન્ત અને (૮) અપરાજિતા. આઠ રત્નાદિક કૂટો પર મહર્દ્ધિક આદિ પૂર્વોક્ત વિશેષણોવાળી અને એક પલ્યોપમની સ્થિતિવાળી આઠ મહત્તરિકા દિક્કુમારીઓ વસે છે. તેમનાં નામ આ પ્રમાણે છે.—

(૧) અલમ્બુષા–આ દેવીનું નિવાસસ્થાન રત્નકૂટ છે. (૨) મિતકેશી–આ દેવી રત્નોચ્ચયકૂટ પર વસે છે. (૩) પુંડરીકિણી–આ દિક્કુમારી સર્વરત્નકૂટ પર વસે છે. (૪) વારુણી–આ દેવી રત્નસંચય કૂટ પર વસે છે. (૫) આશા–આ દેવી વિજયકૂટ પર વસે છે. (૬) સર્વગા—આ દેવી વૈજયન્તકૂટ પર વસે છે. (૭) શ્રીઃ–આ દેવી જયન્તકૂટ પર વસે છે અને (૮) હ્રીદેવી–આ દેવીઓ અપરાજિતાકૂટ પર વસે છે. આ અલમ્બુષા આદિ આઠે દેવીઓ ભગવાન અર્હંતના જન્મમહોત્સવના સમયે હાથમાં ચામરો લઈને ગીતો ગાય છે અને ભગવાનની સેવા કરે છે. ।૬।

દિક્કુમારીઓનો અધિકાર ચાલી રહ્યો છે, તેથી હવે સૂત્રકાર ઉર્ધ્વલોકમાં તથા અધોલોકમાં રહેતી દિક્કુમારીઓનું આઠ સ્થાન રૂપે નિરૂપણ કરે છે—

"अट्ठ अहेलोगवत्थव्वाओ" ઇત્યાદિ—

ટીકાર્થ–અધોલોકમાં આઠદિક્કુમારીઓ વસે છે તેમનાં નામો નીચેપ્રમાણે છે–

(૧) ભોગઙ્કરા, અને (૨) ભોગવતી—આ બે દેવીઓ સૌમનસ પર્વત પર રહે છે. (૩) સુભોગા અને (૪) ભોગમાલિની–આ બે દેવીઓ ગન્ધમાદન પર્વત પર રહે છે, (૫) સુવત્સા અને (૬) વત્સમિત્રા–આ બે દેવીઓ વિદ્યુત્પ્રભ પર્વત પર રહે છે. (૭) વારિષેણા અને (૮) બલાહકા–આ બે દેવીઓ માલ્ય પર્વત પર રહે છે. કહ્યું પણ છે કે—"सोमणसगंधमायण" ઇત્યાદિ—

આ ભોગંકરા આદિ આઠે દિક્કુમારીઓ ભગવાન અર્હન્તના જન્મભવનમાં સંવર્ત્તક પવન આદિ કરે છે, તેમ સમજવું. ।૭।

ઉર્ધ્વલોકમાં નિવાસ કરનારી આઠ દિક્કુમારીઓનાં નામ નીચે પ્રમાણે કહ્યા છે—(૧) મેઘંકરા, (૨) મેઘવતી, (૩) સુમેઘા, (૪) મેઘમાલિની, (૫) તોયધરા, (૬) વિચિત્રા, (૭) પુષ્પમાલા અને (૮) અનિન્દિતા આ આઠે દેવીઓ નન્દનકૂટ પર નિવાસ કરે છે. કહ્યું પણ છે કે—

"णंदणवणकूडेसुं" ઈત્યાદિ

આ આઠે દિક્કુમારીઓ અભ્રવર્દ્દલ આદિ કરે છે આ બધી દિક્કુમારિકાઓ ભવનપતિ નિકાયની દેવીઓ છે. ।।૦સૂ. ૫૫ ।।

## દેવકલ્પ ઔર દેવેન્દ્રોંકે વિમાનકા નિરૂપણ

આગલા સૂત્રમાં સૂત્રકારે દિક્કુમારિકાઓનું નિરૂપણ કર્યું. દિક્કુમારીઓને પણ દેવજાતિમાં જ ગણાવી શકાય છે. તેથી હવે સૂત્રકાર દેવોના કલ્પોનું દેવેન્દ્રોનું અને દેવેન્દ્ર વિમાનોનું આઠ સ્થાન રૂપે કથન કરે છે—

"अट्ठ कप्पा तिरियमिस्सोववन्नगा पण्णत्ता" ઈત્યાદિ—

ટીકાર્થ—જે કલ્પોમાં તિર્યંચો અને મનુષ્યો દેવ રૂપે ઉત્પન્ન થાય છે, એવાં કલ્પોઆઠ કહ્યાં છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે–સૌધર્મ કલ્પથી લઈને સહસ્રાર કલ્પ પર્યન્તના આઠ કલ્પો અહીં ગ્રહણ કરવા જોઈએ. તે આઠ કલ્પોના આઠ ઇન્દ્રો કહ્યા છે તેમનાં નામ—શક્રથી લઇને સહસ્રાર પર્યન્તના આઠ ઈન્દ્રોના નામો અહિયાં ગ્રહણ કરવા જોઈએ. તે આઠ કલ્પોના આઠ ઇન્દ્રોના આઠ પારિયાનિક વિમાન છે તે વિમાનોનાં નામ નીચે પ્રમાણે છે—

(૧) પાલક, (૨) પુષ્પક, (૩)સૌમનસ, (૪) શ્રીવત્સ, (૫)નન્દાવર્ત્ત (૬) કામરસ, (૭) પ્રીતિમન અને (૮) વિમલ. આ સૂત્રમાં પહેલા 'પર્યન્ત' પદ દ્વારા નીચેનાં કલ્પોનાં નામ ગ્રહણ કરાયા છે–ઐશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક અને મહાશુક્ર. આ કલ્પોના ઈન્દ્રોનાં નામ પણ કલ્પોનાં નામ જેવાં જ છે. સૌધર્મ કલ્પના ઈન્દ્રનું નામ 'શક્ર' છે.

આ આઠ કલ્પોમાં જે તિર્યંગ્ મિશ્રોપપન્નકતા કહેવામાં આવી છે, તે ત્યાં ઉત્પન્ન થયેલા દેવોના પૂર્વભવની અપેક્ષાએ કહેવામાં આવી છે, તે ત્યાં ઉત્પન્ન થયેલા દેવોના પૂર્વભવની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. એટલે કે તિર્યંચ અને મનુષ્યભવનું આયુષ્ય પૂરૂં કરીને જીવો ઉત્પન્ન થતા હોય છે. જે વિમાનમાં બેસીને ઈન્દ્ર અર્હંત ભગવાનના દર્શન કરવા માટે જાય છે અને દર્શન કરીને પાછાં ફરે છે, તે વિમાનનું નામ પારિયાનિક વિમાન છે. આ વિમાનોની રચના આભિયોગિકો (નોકર જાતિના દેવો) કરે છે. ભગવાન અર્હંતના પાંચે કલ્યાણકોમાં જવા માટે ઇન્દ્ર આ વિમાનનો ઉપયોગ કરે છે. એવાં પારિયાનિક વિમાનો આઠ કહ્યાં છે.।। સૂ. ૫૬ ।।

જીવ તપસ્યાના પ્રભાવથી દેવ પર્યાયની પ્રાપ્તિ કરે છે. તેથી હવે સૂત્રકાર તપો વિશેષનું કથન કરે છે—" अट्ठट्ठमियाणं भिक्खुपडिमा " ઇત્યાદિ—

ટીકાર્થ—આઠ અષ્ટકો દ્વારા આરાધના કરવા યોગ્ય ભિક્ષુપ્રતિમા ૬૪ રાતદિનોનીર૮૮ ભિક્ષાઓ વડે સૂત્ર અનુસાર આરાધિત થાય છે—

આ સૂત્રનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—સાધુઓના અભિગ્રહ વિશેષને જ અહીં ભિક્ષુપ્રતિમા રૂપે પ્રકટ કરવામાં આવેલ છે. આ ભિક્ષુપ્રતિમાની આરાધના કરનાર સાધુ પહેલા અષ્ટક ( આઠ દિન )માં પહેલા દિવસથી લઇને આઠમા દિવસ સુધી એક એક દત્તિ આહારની અને એક એક દત્તિ પાણીની વધારતાં વધારતાં આઠમે દિવસે આઠ દત્તિ આહારની અને આઠ દત્તિ પાણીની ગ્રહણ કરે છે. એટલે કે પ્રથમ અષ્ટકના પહેલા દિવસે એક દત્તિ આહારની અને એક દત્તિ પાણીની, બીજે દિવસે બે દત્તિ આહારની અને બે દત્તિ પાણીની ત્રીજે દિવસે ત્રણ દત્તિ આહ રની અને ત્રણ દત્તિ પાણીની, ચોથે દિવસે ચાર દતિ આહારની અને ચાર દત્તિ પાણીની, પાંચમે દિવસે પાંચ દત્તિ આહારની અને પાંચ દત્તિ પાણીની છઠ્ઠે દિવસે છદત્તિ આહારની અને છ દત્તિ પાણીની, સાતમે દિવસે સાત દત્તિ આહારની અને સાત દત્તિ પાણીની, અને આઠમે દિવસે આઠ દત્તિ આહારની અને આઠ દત્તિ પાણીની ગ્રહણ કરે છે. આ રીતે પહેલા અષ્ટકમાં બધી મળીને આહારની ૩૬ દત્તિઓ અને પાણીની પણ ૩૬ દત્તિઓ થાય છે. આ રીતે આઠે અષ્ટકમાં આહારની કુલ ૩૬ × ૮ = ૨૮૮ દત્તિઓ અને પાણીની પણ ૨૮૮ દત્તિઓ થાય છે. આ રીતે આહાર અને પાણીની કુલ દત્તિઓ ૨૮૮ + ૨૮૮ = ૫૭૬ થાય છે. અહીં સૂત્રમાં એવું જે કહેવામાં આવ્યું છે કે ૨૮૮ ભિક્ષાઓ વડે આ પ્રતિમાની આરાધના થાય છે, તે માત્ર દત્તીઓને અનુલક્ષીને જ કહેવામાં આવ્યું છે—પાણીની દત્તિઓને અહીં ગણતરીમાં લેવામાં આવી નથી, કારણ કે અહીં પાણીની દત્તિઓની વિવક્ષા કરવામાં આવી નથી.

અથવા પ્રથમ અષ્ટકમાં ( આઠ દિવસમાં ) દરરોજ એક એક દત્તિ આહારની અને એક એક દત્તિ પાણીની, બીજા અષ્ટકમાં પ્રતિદિન બબ્બે દત્તિ આહારની અને બબ્બે દત્તિ પાણીની, ત્રીજા અષ્ટકમાં પ્રતિદિન ત્રણત્રણ દત્તિ આહારની અને ત્રણ ત્રણ દત્તિ પાણીની ચોથા અષ્ટકમાં પ્રતિદિન ચાર ચાર દત્તિ આહારની અને ચાર ચાર દત્તિ પાણીની, પાંચમાં અષ્ટકમાં પ્રતિ દિન પાંચ પાંચ દત્તિ આહારની અને પાંચ પાંચ દત્તિ પાણીની, છઠ્ઠા અષ્ટ-

કમાં પતિદિન છ-છદત્તિ આહારની અને છ-છ દત્તિ પાણીની, સાતમાં અષ્ટકમાં પ્રતિદિન સાત સાત દત્તિ આહારની અને સાત સાત દત્તિ પાણીની અને આઠમાં અષ્ટકમાં પ્રતિદિન આઠઆઠ દત્તિ આહારની અને આઠ આઠ દત્તિ પાણીની ગ્રહણ કરવામાં આવે છે. આ પ્રમાણે પહેલા અષ્ટકની કુલ૮, બીજા અષ્ટકની કુલ ૧૬, ત્રીજા અષ્ટકનીકુલ૨૪, ચોથા અષ્ટકની કુલ ૩૨, પાંચમાં અષ્ટકની કુલ ૪૦, છટ્ઠા અષ્ટકની કુલ ૪૮,સાતમા અષ્ટકની કુલ ૫૬ અને આઠમાં અષ્ટકની કુલ ૬૪ દત્તિઓ થાય છે. આ રીતે આઠે અષ્ટકની મળીને આહારની કુલ ૨૮૮ દત્તિઓ થાય છે. આ પ્રકારના કથનમાં પણ પાણીની ૨૮૮ દત્તિઓની વિવક્ષા થઈ નથી એમ સમજવું. ॥ સૂ. ૫૭ ॥

## સંસારસમાપન્નક જીવોંકા નિરૂપણ

તપનું અનુષ્ઠાન જીવો દ્વારા જ થાય છે. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લઇને હવે સૂત્રકાર સમસ્ત જીવોનું આઠ સ્થાન રૂપે કથન કરે છે-

" अट्ठविहा संसारसमावन्नगा जीवा पण्णत्ता " ઇત્યાદિ—

સૂત્રાર્થ-સંસાર સમાપન્નક જીવોના નીચે પ્રમાણે આઠ પ્રકાર કહ્યા છે-(૧) પ્રથમ સમય નૈરયિક, (૨) અપ્રથમ સમય નૈરયિક, (૩) પ્રથમ સમય તિર્યગ્યોનિક, (૪) અપ્રથમ સમય તિર્યગ્યોનિક, (૫) પ્રથમ સમય મનુષ્ય (૬) અપ્રથમ સમય મનુષ્ય. (૭) પ્રથમ સમય દેવ, અને (૮) અપ્રથમ સમય દેવ.

સમસ્ત જીવોના આ પ્રમાણે પણ આઠ પ્રકાર પડે છે—(૧) નૈરયિક, (૨) તિર્યંચ, (૩) તિર્યંચિણી. (૪) મનુષ્ય, (૫) માનુષી (સ્ત્રી), (૬) દેવો, (૭) દેવીઓ અને (૮) સિદ્ધો.

સમસ્ત જીવોના નીચે પ્રમાણે આઠ પ્રકાર પણ પડે છે—(૧) આભિનિબોધિકજ્ઞાની (૨) શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની, (૪) મનઃપર્યયજ્ઞાની, (૫) કેવળજ્ઞાની, (૬) મત્યજ્ઞાની, (૭) શ્રુતાજ્ઞાની. અને (૮) વિભંગજ્ઞાની.

ટીકાર્થ–હવે પ્રથમ સમય નૈરયિક આદિનો ભાવાર્થ સમજાવવામાં આવે છે–જે જીવ નૈરયિક અવસ્થાના પ્રથમ સમયમાં વર્તમાન હોય છે તેને પ્રથમ સમય નૈરયિક કહે છે. તે સિવાયના જે નારકો હોય છે તેમને અપ્રથમ સમય નૈરયિક કહે છે. એજ પ્રમાણે પ્રથમ સમય તિર્યગ્યોનિક, અપ્રથમ સમય તિર્યગ્યોનિક આદિ જીવો વિષે પણ સમજવું.

બીજી રીતે સમસ્ત જીવોના જે આઠ ભેદો કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે.

નૈરયિકોમાં નરજાતિ અને નારી જાતિ રૂપ ભેદો હોતા નથી. બધાં નૈરયિકો નપુંસકલિંગના (નાન્યેતર જાતિના) જ હોય છે. તિર્યંચોમાં નરજાતિ અને નારીજાતિ રૂપ બે ભેદો હોય છે. મનુષ્યોમાં પણ નરજાતિ અને નારીજાતિ રૂપ બે ભેદો હોય છે. એજ પ્રમાણે દેવોમાં પણ નર અને નારીજાતિ રૂપ ભેદો (દેવો અને દેવીઓ) હોય છે, સિદ્ધ જીવોમાં નરજાતિ અને નારી રૂપ ભેદો હોતા નથી, તે કારણે તેમનો એક જ ભેદ કહ્યો છે. આ રીતે સમસ્ત જીવોના કુલ આઠ ભેદ પડે છે.

પૂર્વોક્ત રૂપે આભિનિબોધિક જ્ઞાની (મતિજ્ઞાની) આદિના ભેદથી પણ જીવોના આઠ પ્રકાર પડે છે. ॥ સૂ. પર ॥

## આઠ પ્રકારકે સંયમોંકે સ્વરૂપકા નિરૂપણ

આગલા સૂત્રમાં જ્ઞાની જીવોની વાત કરવામાં આવી. જ્ઞાની જીવો સંયમ યુક્ત પણ હોય છે. તેથી હવે સૂત્રકાર આઠ સ્થાનક રૂપે સંયમનું નિરૂપણ કરે છે.

"अट्ठविहे संजमे पण्णत्ते" ઇત્યાદિ—

ટીકાર્થ-સંયમના નીચે પ્રમાણે આઠ પ્રકાર કહ્યા છે—(૧) પ્રથમ સમય સૂક્ષ્મ સમ્પરાય સરાગ સંયમ, (૨) અપ્રથમ સમય સૂક્ષ્મ સમ્પરાય સરાગ સંયમ, (૩)પ્રથમ સમય બાદર સંપરાયસરાગ સંયમ,(૪)અપ્રથમ સમય બાદર સંપરાય સરાગસંયમ, (૫)પ્રથમ સમય ઉપશાન્ત કષાય વીતરાગ સંયમ (૬)અપ્રથમ સમય ઉપશાન્ત કષાય વીતરાગ સંયમ, (૭) પ્રથમ સમય ક્ષીણુ કષાય વીતરાગ સંયમ અને (૮) અપ્રથમ સમય ક્ષીણુકષાય વીતરાગ સંયમ.

સંયમ એટલે ચારિત્ર. તેના મુખ્ય બે ભેદ છે-(૧) સરાગ સંયમ અને (૨) વીતરાગ સંયમ. તેમાંને જે સરાગ સંયમ છે તેના બે ભેદ પડે છે-(૧) સૂક્ષ્મ સાંપરાય અને (૨) બાદર સાંપરાય. આ બન્ને પ્રકારના સંયમના પ્રથમ સમય અને અપ્રથમ સમયના ભેદથી બબ્બે પ્રકાર કહ્યા છે. આ રીતે સરાગ સંયમના ચાર પ્રકાર થઇ જાય છે. વીતરાગ સંયમના પણ ઉપશાન્ત કષાય અને ક્ષીણુકષાય નામના બે ભેદ પડે છે. આ બન્ને પ્રકારના સંયમના પણ પ્રથમ સમય અને અપ્રથમ સમયના ભેદથી બબ્બે પ્રકાર પડે છે. આ રીતે વીતરાગ સંયમના પણ ચાર પ્રકાર થઈ જાય છે. આ પ્રકારે બન્નેના ચાર ચાર પ્રકારો મળીને સંયમના કુલ આઠ પ્રકારો પડે છે. હવે આ દરેક પ્રકારના સંયમનો ભાવાર્થ સ્પષ્ટ કરવામાં આવે છે.

પ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ—જે સંયમ રાગથી યુક્ત હોય છે, જેની પ્રાપ્તિમાં એક સમય થતો હોય છે અને જેમાં સંજ્વલન લોભરૂપ કષાય વેદ્યમાન થઈ રહ્યો હોય છે, એવાં આ ત્રણુ વિશેષણોવાળા સંયમને પ્રથમ સમયસૂક્ષ્મ સંપરાય કહે છે. બીજો ભેદ પણ ઉપર્યુક્ત લક્ષણોવાળો જ છે, પરન્તુ અહીં પ્રથમ સમયને બદલે અપ્રથમ સમય કહેવો જોઇએ. આ બન્ને ભેદો પણ શ્રેણીદ્વયની અપેક્ષાએ બબ્બે ભેદોથી યુક્ત છે, અને તે કારણે તે બન્નેના ચાર ભેદ પડે છે, પરન્તુ અહીં તે ભેદોનું વર્ણન કરવામાં આવ્યું નથી. અહીં તો ભેદો જ પ્રકટ કરવામાં આવ્યા છે. ॥૨॥

પ્રથમ બાદર સંપરાય સંયમ—જે સંયમમાં સંજ્વલન કષાય આદિ સ્થૂલ હોય છે અને જેની પ્રાપ્તિમાં પ્રથમ સમય હોય એવો જે સંયમ છે તેનું નામ પ્રથમ સમય બાદર સંપરાય સંયમ છે. તથા ચોથો ભેદ અપ્રથમ સમય બાદર સંપરાય સંયમ છે. આ બન્ને સંયમના પણ શ્રેણીદ્વયની અપેક્ષાએ ભેદોની વિવક્ષા થઇ નથી, તેથી અહીં ઉપર્યુક્ત બે ભેદો જ પ્રકટ કરવામાં આવ્યા છે.

તથા–ઉપશાન્ત કષાય અને ક્ષીણ કષાય રૂપ શ્રેણીદ્વયની અપેક્ષાએ વીત-રાગ સંયમ પણ બે પ્રકારનો કહ્યો છે. આ બન્ને પ્રકારના સંયમના પણ પ્રથમ સમય અને અપ્રથમ સમય નામના બબ્બે ભેદો પડે છે. આ રીતે વીતરાગ સંયમના કુલ ચાર ભેદ પડે છે. એજ વાત સૂત્રકારે "प्रथमसमयोपशान्त-कषायवीतरागसंयमः" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે. ॥ સૂ. ૫૮ ॥

## આઠ પ્રકારકી પૃથિવીકે સ્વરૂપકા નિરૂપણ

સંયમી જીવો પૃથ્વીની ઉપર હોય છે. તેથી હવે સૂત્રકાર આઠ ભેદ રૂપે પૃથ્વીનું કથન કરે છે—" अट्ठ पुढवीओ पण्णत्ताओ " ઇત્યાદિ—

સૂત્રાર્થ–પૃથ્વીઓ આઠ કહી છે. રત્નપ્રભાથી લઇને અધઃસપ્તમી પર્યન્તની સાત પૃથ્વીઓ અને આઠમી ઇષિત્પ્રાગ્ભારા પૃથ્વી આ સૂત્રની વ્યાખ્યા સુગમ છે. ।સૂ. ૫૯।

આગલા સૂત્રમાં જે ઇષિત્પ્રાગ્ભારા પૃથ્વી નામનો પ્રકાર કહ્યો તેનું પ્રમાણ તથા તેના નામોને હવે સૂત્રકાર પ્રકટ કરે છે—

" ईसिपब्भाराए पुढवीए " ઇત્યાદિ

ટીકાર્થ–ઇષત્પ્રાગ્ભારા પૃથ્વીના બહુ મધ્યદેશભાગમાં આઠ યોજન પ્રમાણનું ક્ષેત્ર કહ્યું છે તે આઠ યોજનનું સ્થૂલ છે. ઇષત્પ્રાગ્ભારા પૃથ્વીના આઠ નામો નીચે પ્રમાણે છે–(૧) ઇષત્, (૨) ઇષત્પ્રાગ્ભારા, (૩) તનુ, (૪) તનુતનુ, (૫) સિદ્ધિ, (૬) સિદ્ધાલય, (૭) મુક્તિ, અને (૮) મુક્તાલય.

રત્નપ્રભા પૃથ્વી કરતાં નાની હોવાને કારણે તેનું નામ ઇષત્ પડયું છે. રત્નપ્રભા આદિ પૃથ્વીઓ કરતાં ઊંચાઇ આદિ રૂપ પ્રાગ્ભાર ( પ્રમાણ )ની અપે-ક્ષાએ તે લઘુ હોવાને કારણે તેનું બીજું નામ ઇષત્પ્રગ્ભારા છે. પ્રતલ (પાતળી) હોવાને કારણે તેનું ત્રીજું નામ તનુ છે. ઘણી જ પ્રતલ હોવાને કારણે તેનું ચોથું નામ તનુતનુ છે. ત્યાં જનાર જીવ સિદ્ધ થઇ જાય છે તેથી તેનું નામ

સિદ્ધિ પડયું છે. તે સિદ્ધાલયની પાસે છે-અથવા ત્યાં સિદ્ધ જીવોના નિવાસ સ્થાન રૂપ સિદ્ધશિલા આવેલી છે તેથી તેનું છટ્ઠું નામ સિદ્ધાલય છે. સકલ કર્મોથી રહિત થયેલા મુક્ત જીવો ત્યાં રહે છે તેથી તેનું નામ મુક્તિ છે. તે મુકત જીવોનાં નિવાસ સ્થાનની પાસે હોવાથી તેનું નામ મુકતાલય છે. આ સૂત્રમાં જ્યાં જ્યાં "इति" શબ્દનો પ્રયોગ થયો છે તે સ્વરૂપના નિર્દેશને માટે થયો છે અને "वा" પદનો પ્રયોય વિકલ્પાર્થે થયો છે. ।।સૂ. ૬૧।।

## શુભાનુષ્ઠાન શ્રવણસે આઠ સ્થાનોંકે સ્વરૂપકા નિરૂપણ

જે જીવ પ્રમાદનો ત્યાગ કરીને શુભ અનુષ્ઠાનોમાં રત રહે છે, એ જીવ જ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. તેથી હવે સૂત્રકાર શુભ અનુષ્ઠાનોનું આઠ સ્થાન રૂપે કથન કરે છે—"अट्ठहिं ठाणेहिं सम्मं संघडियव्वं" ઇત્યાદિ—

ટીકાર્થ–સાધુઓએ નીચેની આઠ વસ્તુઓનો સારી રીતે યોગ કરવો જોઈએ એટલે કે જો તેમની પ્રાપ્તિ ન થઇ હોય તો તેમને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, અને જો તેની પ્રાપ્તિ થઈ જાય તો તેમનો નાશ ન થાય તે માટે પ્રયત્ન કરવો જોઈએ. શકિત ન રહે તો પણ તેમની રક્ષા માટે ખૂબ જ ઉત્સાહ રાખવો જોઈએ તથા આ આઠ સ્થાનોમાં-આઠ બાબતોમાં બિલકુલ પ્રમાદ કરવો જોઇએ નહીં. તે આઠ સ્થાનો નીચે પ્રમાણે છે—

(૧) જે શ્રુતભેદોનું કદી પણ શ્રવણ કર્યું નથી. તે શ્રુત ભેદોનું સારીરીતે શ્રવણ કરવાને પ્રયત્નશીલ રહેવું જોઇએ.

(૨) જે શ્રુતભેદોનું સારી રીતે શ્રવણ થઇ ચૂકયું હોય, તેમની વિસ્મૃતિ ન થાય-મનમાં દૃઢતાથી તેમની સ્થાપના થઇ જાય, તેમની અપિચ્યુતિ, સ્મૃતિ અને વાસનારૂપ ધારણા ટકી રહે તે માટે સાધુજનોએ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

(૩) પ્રાણાતિપાત આદિરૂપ પાપકર્મોનો સંયમ દ્વારા વિનાશ થતો રહે તે માટે તેમણે ખૂબ જ પ્રયત્નશીલ રહેવું જોઇએ.

(૪) પૂર્વોપાર્જિત કર્મોની તપસ્યા દ્વારા નિર્જરા થતી રહે-આત્માની ઉપર લાગેલો કર્મમલ રૂપ કાદવ દૂર થતો રહે—તે માટે તેણે સદા પ્રયત્નશીલ રહેવું જોઇએ

(૫) જેઓ હજી સુધી શિષ્યમંડળમાં સામેલ થયા ન હોય તેમને તેમાં લાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

(૬) જ્ઞાનાદિ રૂપ પાંચ પ્રકારના આચારો, તથા ભિક્ષાચર્યાના નિયમો પ્રતિલેખના આદિનું શિષ્યજનોને-ખાસ કરીને નવદીક્ષિત શિષ્યોને ગ્રહણ કરાવવું જોઇએ. તેમને આ બધાં નિયમોની શિક્ષા આપવાને તેમણે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

(૭) સંઘમાં જે ગ્લાન (વ્યાધિ યુક્ત) સાધુઓ હોય તેમનું બિલકુલ ખેદ વિના વૈયાવૃત્ય કરવાને તેમણે સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

(૮) સાધર્મિક સાધુઓમાં જ્યારે કલહ ઉત્પન્ન થાય ત્યારે રાગદ્વેષથી રહિત થઇને-અથવા આહારાદિ અભિલાષાથી શિષ્ય સમુદાય અ દિની ઇચ્છાથી રહિત થઇને, કોઇ પણ વ્યક્તિ તરફ પક્ષપાત કર્યા વિના-મધ્યસ્થ ભાવયુક્ત બનીને "આ મારા સાધર્મિક સાધુઓ કલહ રહિત તથા કલહ જન્ય ક્રોધાદિ મનોવિકારોથી કેવી રીતે રહિત બને," એવા શુભ વિચારથી પ્રેરાઇને કલહના શમનને માટે પ્રયત્નો કરવા જોઇએ.

સાધુજનોએ આ આઠ બાબતોમાં બિલકુલ પ્રમાદ સેવવો જોઈએ.નહીં.સૂ. ૬૨।

## મહાશુક્ર સહસ્ત્રાર વિમાન કે ઉચ્ચત્વકા નિરૂપણ

ઉપર્યુક્ત આઠ સ્થાનોની અપેક્ષાએ જે જીવો પ્રમાદ રહિત બનીને પ્રયત્ન શીલ રહે છે, તેઓ દેવલોકમાં પણ ગમન કરે છે તેથી હવે સૂત્રકાર દેવલોક વિશેષનાં આઠ સ્થાનરૂપે કથન કરે છે.

"महासुक्कसहस्सारेसु णं कप्पेसु" ઈત્યાદિ—

મહાશુક્ર અને સહસ્રારકલ્પોનાં વિમાનોની ઊંચાઈ ૮૦૦ યોજનની કહી છે. ।।સૂ. ૬૩ ।।

આગલા સૂત્રમાં દેવલોકના વિમાનોની વાત કરી કેટલાક વાદી એવાં જ્ઞાની હોય છે કે દેવલોકના વિમાનોમાં રહેતા દેવો પણ તેમને પરાજિત કરી શકતા નથી. તેથી હવે સૂત્રકાર આઠ સ્થાનરૂપે એવાં વાદીઓનું નિરૂપણ કરે છે-

" अरहओ णं अरि णेमिस्स " ઈત્યાદિ—

ટીકાર્થ-અર્હંત અરિષ્ટનેમીની ઉત્કૃષ્ટ વાદિસંપત્તિ ૮૦૦ નાં હતી. કહેવાનું તાત્પર્ય એ છે કે અર્હંત અરિષ્ટનેમિના ૮૦૦ શિષ્યો એટલા બધાં જ્ઞાની અને વાદવિવાદમાં નિપુણ હતા કે દેવો અને મનુષ્યોની પરિષદમાંથી કોઈ પણ દેવ કે મનુષ્ય તેમને વાદમાં પરાજિત કરી શકવાને સમર્થ ન હતા ાાસૂ ૬૪ાા

## આઠ પ્રકારકે સામાયિક ઔર કેવલી સમુદ્ઘાતકા નિરૂપણ

ભગવાન અર્હંત અરિષ્ટનેમિના આ શિષ્યસમુદાયમાં કોઇ કોઇ એવાં શિષ્યો પણ હતાં કે જેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને વેદનીય આદિ ચાર અઘાતિયા કર્મોની સ્થિતિને આયુકર્મની સ્થિતિની બરાબર કરવા માટે કેવલિસમુદ્ઘાત કર્યો હતો. તેથી હવે સૂત્રકાર એજ કેવલિસમુદ્ઘાતનું આઠ સ્થાન રૂપે નિરૂપણ કરે છે—अट्ठ समइए केवलिसमुग्घाए पण्णत्ते " ઇત્યાદિ—

ટીકાર્થ-જેમને અન્તમુહૂર્ત્ત બાદ પરમપદની પ્રાપ્તિ થવાનીછે. એવા કેવળજ્ઞાનીને કેવલી કહે છે. તે કેવલીનો જે સમુદ્ઘાત છે તેને કેવલિસમુદ્ઘાત કહે છે. કર્મની નિર્જરા માટેના વ્યાપાર વિશેષ રૂપ આ સમુદ્ઘાત હોય છે. તે કેવલિસમુદ્ઘ ત આઠ સમયની સ્થિતિવાળો કહ્યો છે. કેવલિસમુદ્ઘાતના પ્રથમ સમયમાં કેવલી આત્મપ્રદેશોને દંડરૂપ કરે છે. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે—

સમુદ્ઘાત ક્રિયામાં પ્રવૃત થયેલા કેવલી અન્તર્મુહૂર્ત પ્રમાણ આવર્જીકરણ કરે છે. ઉદીરણાવલિકામાં કર્મનો પ્રક્ષેપ કરવાના વ્યાપાર રૂપ આ આવર્જીકરણ હોય છે ત્યાર બાદ તેઓ સમુદ્ઘાત કરે છે. પ્રથમ સમયમાં કેવલી જીવ પ્રદેશ સંઘાતને જ્ઞાનાભોગ વડે દંડના જેવો કરે છે. તે દંડ પોતાના શરીર જેવો પહોળો હોય છે અને ઉપરથી નીચે સુધી ( શિરથી પગ સુધી ) લાંબો હોય છે. અને બન્ને તરફથી લોકાન્તગામી હોય છે. બીજા સમયમાં તેઓ એજ દંડને પૂર્વ અને પશ્ચિમ દિશામાં ફેલાવીને લોકાન્તગામી કમાડના જેવો કરે છે. ત્રીજા સમયમાં તેઓ એજ કમાડને દક્ષિણ અને ઉત્તર દિશામાં ફેલાવીને લોકાન્તગામી મન્થાન ( વલોણા )ના જેવો કરે છે. આ મન્થાન દંડ કરવાના સમયમાં જ લોક ઘણે ખરે અંશે તો પૂરિત થઇ જાય છે.

ચોથા સમયમાં તેઓ લોકને પૂર્ણ રૂપે ભરી દે છે. આ રીતે આત્મ-પ્રદેશો દ્વારા સમગ્ર લોક સંપૂર્ણ રૂપે ભરાઇ જાય છે.

પાંચમાં સમયમાં તેઓ જીવપ્રદેશોને સઘળા સંકુચિત કરે છે. છટ્ઠા સમયમાં ઘણાંખરા જીવપ્રદેશો સંકુચિત થઇ જવાથી તેઓ મન્થાનને સંકુચિત કરે છે અને આઠમા સમયમાં કમાડને દંડ રૂપે સંકુચિત કરી નાખે છે આ પ્રકારનો સમુદ્‌ઘાત કરનાર કેવલી શરીરસ્થ જ ચાલુ રહે છે. અહીં એવું સમજવું જોઈએ કે સમુદ્‌ઘાત કરનારા કેવલી પ્રયોજનનો અભાવ થઈ જવાને કારણે અને વાગ્યોગનો વ્યાપાર તો કરતા નથી, પરન્તુ કાયયોગનો વ્યાપાર કરે છે. કાયયોગનો વ્યાપાર કરતા તે કેવલી ઔદારિક શરીર કાયયોગનો, ઔદારિક મિશ્રશરીર કાયયોગનો અને કાર્મણ શરીર કાયયોગનો જ વ્યાપાર કરે છે. ઔદારિકશરીર કાયયોગ પ્રથમ સમયમાં અને આઠમાં સમયમાં થાય છે. ઔદારિક મિશ્ર શરીર કાયયોગ બીજા સમયમાં છટ્ઠા સમયમાં અને સાતમાં સમયમાં થાય છે, અને કાર્મણ શરીર કાયયોગ ત્રીજા સમયમાં. ચોથા સમયમાં અને પાંચમાં સમયમાં હોય છે. ત્રીજા ચોથા અને પાંચમા સમયમાં સમુદ્ઘાત કર્તા કેવલી નિયમથી જ અનાહારક હોય છે.કહ્યું પણ છે કે —"औदारिकप्रयोक्ता" ઇત્યાદિ

"પ્રથમ સમયમાં અને આઠમાં સમયમાં ઔદારિક શરીર કાયયોગ થાય છે, છટ્ઠા; સાતમા અને બીજા સમયમાં મિશ્રઔદારિક-શરીર કાયયોગ થાય છે. ।૧। ત્રીજાં, ચોથા અને પાંચમાં સમયમાં કાર્મણ શરીર કાયયોગ થાય છે. એજ ત્રીજા, ચોથા અને પાંચમાં સમયમાં કેવલી અનાહારક રહે છે. ॥ સૂ. ૬૫ ॥

## દેવતાઓંકે સ્વરૂપકા નિરૂપણ

આગલા સૂત્રમાં કેવલિ સમુદ્ઘાતનું નિરૂપણ કરવામાં આવ્યું. કેવલી તો મુક્તિગામી હોય છે. પરન્તુ કેવલી સિવાયના જે ગુણવાન જીવો હોય છે. તેઓ તો દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. તેથી હવે સૂત્રકાર આઠ સ્થાન રૂપે દેવોનું નિરૂપણ કરે છે—"समणस्स णं भगवओ महावीरस्स अट्ठ सया" ઇત્યાદિ

ટીકાર્થ- શ્રમણ ભગવાન મહાવીરના આઠ સો શિષ્યો મનુષ્ય ભવ સંબંધી આયુષ્ય પૂરૂં કરીને અનુત્તરોપપાતિક દેવલોકમાં ઉત્પન્ન થયા છે. ત્યાંથી ચ્યવીને તેઓ છેલ્લો ભવ કરીને મોક્ષ પ્રાપ્ત કરશે. તે આઠ સો શિષ્યોને અહીં દ્રવ્ય દેવ રૂપે પ્રકટ કરવામાં આવ્યા છે. "गतिकल्याण" તેમને 'ગતિકલ્યાણ વિશેષણ લગાડવાનું કારણ એ છે કે દેવગતિ રૂપ કલ્યાણની તેમને પ્રાપ્તિ થઇ છે. "સ્થિતિ કલ્યાણ" આ પદનો અહીં પ્રયોગ થવાનું કારણ એ છે કે તેઓ ૩૩ સાગરોપમ પ્રમાણ સ્થિતિના ત્યાં ભોક્તા બનવાના છે. "आगमेसिभद्दाणं"

આ પદના પ્રયોગ દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે અનુત્તરોપપાતિક દેવલોકમાંથી ચ્યવન થયા બાદ તેઓ આગામી કાળમાં-એજ ભવમાં-મુક્તિ પ્રાપ્ત કરવાના છે. ॥ સૂ. ૬૬ ॥

તીર્થંકરોની દેવો દ્વારા પણ પર્યુંપાસના કરાય છે, તેથી હવે સૂત્રકાર દેવસ્વરૂપનું આઠ સ્થાન રૂપે કથન કરે છે—

" अट्ठविहा वाणमंतरा देवा पण्णत्ता " ઇત્યાદિ—

ટીકાર્થ-વ્યન્તર દેવોના નીચે પ્રમાણે આઠ પ્રકાર કહ્યા છે-(૧) પિશાચ, (૨) ભૂત,(૨) યક્ષ, (૪) રાક્ષસ, (૫) કિન્નર, (૬) કિંપુરુષ, (૭) મહોરગ, અને (૮) ગન્ધર્વ.

આ આઠ વ્યન્તર દેવોના આઠ ચૈત્યવૃક્ષો કહ્યાં છે. તે નામ નીચે પ્રમાણે છે-(૧) પિશાચોના ચૈત્યવૃક્ષનું નામ કદમ્બ છે. (૨) યક્ષોના ચૈત્યવૃક્ષનું નામ વડ છે. (૩) ભૂતોના ચૈત્યવૃક્ષનું નામ તુલસી છે. (૪) રાક્ષસોના ચૈત્યવૃક્ષનું નામ કંડક છે. (૫) કિન્નરોના ચૈત્યવૃક્ષનું નામ અશોક છે, (૬) કિંપુરુષોના ચૈત્યવૃક્ષનું નામ ચંપક છે. (૭) ભુજંગોના ચૈત્યવૃક્ષનું નામ નાગવૃક્ષ છે અને (૮) ગન્ધર્વોના ચૈત્યવૃક્ષનું નામ તિન્દુક છે. આ પ્રકારે આ આઠ પ્રકારના વ્યન્તરોના આઠ ચૈત્યવૃક્ષો છે. તે આઠ ચૈત્યવૃક્ષો મણિપીઠિકાની ઉપર ઊભાં છે. તેઓ સર્વરત્નમય છે. તેમની ઉપરનો ભાગ છત્ર, ધ્વજા આદિકો વડે વિભૂષિત છે. તે ચૈત્યવૃક્ષો સુધર્માદિ સભાઓની આગળ ઉભેલાં છે. અને તેઓ આવાસવૃક્ષો છે. આ સૂત્રમાં ભુજંગ પદ વડે મહોરગ નામનો વ્યન્તરોનો સાતમો પ્રકાર ગ્રહણ કરવામાં આવ્યો છે. ॥ સૂ. ૬૬ ॥

## નક્ષત્રોંકે સ્વરૂપકા નિરૂપણ

આગલા સૂત્રમાં દેવવિશેષોનું નિરૂપણ કરવામાં આવ્યું. હવે સૂત્રકાર જયોતિષ્ક દેવોના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

इमीसे रयणप्पभाए पुढवीए " ઈત્યાદિ—

આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી ૮૦૦ યોજનની ઊંચાઈએ સૂર્યનું વિમાન કોઈ પણ પ્રકારની રુકાવટ વિના ગતિ કરે છે. ॥સૂ. ૬૮॥

" अट्ठ नक्खत्ता चंदेणं सद्धिं " ઈત્યાદિ—

ટીકાર્થ-આઠ નક્ષત્રો ચન્દ્રની સાથે પ્રમર્દ યોગથી યુક્ત હોય છે. તે નક્ષત્રોનાં નામ આ પ્રમાણે છે-(૧) કૃત્તિકા, (૨) રોહિણી, (૩) પુનર્વસૂ, (૪) મઘા, (૫) ચિત્રા, (૬) વિશાખા, (૭) અનુરાધા અને (૮) જયેષ્ઠા.

ચન્દ્રની સાથે સ્પર્શ થવો તેનું નામ પ્રમર્દયોગ છે. આ પ્રકારનો યોગ ક્યારેક જ સંભવી શકે છે.-કાયમ સંભવતો નથી કહ્યું પણ છે કે-" पुणव्वसु रोहिणी चित्ता " ઈત્યાદિ.

આ કથન અનુસાર ચન્દ્રના ઉભયયોગ થાય છે. એટલે કે પુનર્વસૂ આદિ નક્ષત્ર ચન્દ્રના દક્ષિણ ઉત્તર રૂપ બન્ને પાર્શ્વોમાં યોગવાળાં હોય છે. તેથી તેઓ ક્યારેક પ્રમર્દ યોગવાળા પણ હોય છે. " एतेषामुत्तरगा ग्रहाः सुभिक्षाय चंद्रमा नितरां सुभिक्षाय" આ સૂત્રપાઠ દ્વારા તેમનું ફલ આપ્યું છે-પુનર્વસૂ આદિ નક્ષત્રો ચન્દ્રમાની ઉત્તરમાં રહે તો સુભિક્ષ (સુકાળ) રૂપ ફળની પ્રાપ્તિ થાય છે. ॥ સૂ. ૬૯ ॥

દેવનિવાસનો અધિકાર ચાલી રહ્યો છે. તેથી હવે સૂત્રકાર દેવનિવાસભૂત જે જંબૂદ્વીપ આદિ ક્ષેત્રો છે તેમનાં દ્વારોનું નિરૂપણ કરે છે—

" जंबूद्दीवस्स दारा " ઇત્યાદિ—(સૂ. ૬૪)

ટીકાર્થ-જંબૂદ્વીપ નામનો જે મધ્યદ્વીપ છે તેના દ્વારોની ઊંચાઈ આઠ યોજનની કહી છે. સમસ્ત દ્વીપસમુદ્રોનાં દ્વારો પણ એજ પ્રમાણે આઠ આઠ યોજન ઊંચાં કહ્યાં છે. ॥ સૂ. ૭૦ ॥

દેવનો અધિકાર ચાલી રહ્યો છે. તેથી હવે સૂત્રકાર જે કર્મોના પ્રભાવથી જીવ દેવત્વની પ્રાપ્તિ કરે છે તે કર્મોનું કથન કરે છે-

## પુરૂષવેદનીય કર્મકે સ્વરૂપકા નિરૂપણ

" पुरिसवेयणिज्जस्स णं कम्मस " ઈત્યાદિ—

ટીકાર્થ-પુરુષ વેદનીય કર્મની જઘન્ય (ઓછામાં ઓછી) સ્થિતિ આઠ વર્ષની કહી છે યશઃકીર્તિ નામના કર્મની બન્ધસ્થિતિ પણ જઘન્યની અપેક્ષાએ આઠ મુહૂર્તની કહી છે, ઉચ્ચગોત્રકર્મની બંધ સ્થિતિઆઠ જ મુહૂર્તની કહી છે. ।સૂ૭૧।

કર્મનો અધિકાર ચાલી રહ્યો છે. તેથી હવે સૂત્રકાર તેના કારણભૂત કુલકોટિ સૂત્રનું કથન કરે છે " तेइंदियाणं अट्ठ जाइ कुलकोडी जोणीपमुहसयसहस्सा" ઇત્યાદિ

ટીકાર્થ-તેઇન્દ્રિય જીવોની તેઈન્દ્રિય જાતિમાં જે બે લાખ યોનીઓ (ઉત્પત્તિ રૂપયોનીઓ) કહી છે, તેમાં ઉત્પન્ન થયેલી એવી જે કુલ કોટીઓછે તેમની સંખ્યા આઠ લાખની કહી છે, કારણ કે એક જ યોનીમાં અનેક કુલકોટીઓ હોય છે. જેમ કે-એક જ ગોમય રૂપ યોનીમાં વિચિત્ર આકારવાળા કૃમિ ઉત્પન્ન થઈ જાય છે તે કારણે તેમની (ત્રીન્દ્રિય જીવોની) કુલકોટીઓ આઠ લાખ કહેવામાં આવી છે. ॥ સૂ. ૭૨ ॥

કર્મપુદ્ગલોના ચયાદિ સત્વનો સદ્ભાવ હોય તો જ તેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. તેથી હવે સૂત્રકાર ચયાદિકોનું નિરૂપણ કરે છે-

"जीवाणं अट्ठट्ठाणणिव्वत्तिए पोग्गले" ઈત્યાદિ—

ટીકાર્થ-જીવોએ જ્ઞાનાવરણીય વિગેરે આઠ સ્થાનોથી નિવર્તિત પુદ્ગલોનો પાપકર્મ રૂપથી ચય-ઉપાદાન અર્થાત્ ગ્રહણ કર્યો છે. વર્તમાનમાં પણ તેઓ તે ઉપાદાન કરે છે. અને ભવિષ્યમાં પણ તેઓ તેનો ચય કરશે. એજ રીતે પુદ્ગલોનો ઉપચય અર્થાત્ પરિશોષણ-બંધ બાંધવો, ઉદીરણ-ઇન્દ્રિયોથી ખેંચીને દલિકોનો ઉદયમાં લાવવા વેદન-અનુભવ કરવો. અને નિર્જરા-આત્મપ્રદેશથી પરિશાટન-અલગ કરવું. જીવોએ જ્ઞાનાવરણીય વિગેરે આઠ સ્થાનોથી નિવર્તિત પુદ્ગલોને ચય ઉપચય બન્ધ, ઉદીરણ, વેદન અને નિર્જરા આ બધા પહેલાં કર્યો છે. વર્તમાનમાં કરે છે, અને ભવિષ્ય કાળમાં કરશે. ॥ સૂ. ૭૩ ॥

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મ દિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "સ્થાનાંગ સૂત્ર" ની સુધા નામની ટીકામાં આઠમું સ્થાન સમાપ્ત ॥ ૮ ॥

## સાંભોગિકોંકો વિસાંભોગિક કરનેકા નિરૂપણ

## નવમા સ્થાનનો પ્રારંભ-

આઠમું સ્થાન પૂરું થયું. હવે ક્રમપ્રાપ્ત નવમા સ્થાનનો પ્રારંભ થાય છે તેનો પૂર્વસ્થાન સાથે આ પ્રકારનો સંબંધ છે-પૂર્વસ્થાનમાં જીવાદિ ધર્મનું કથન કરવામાં આવ્યું છે, આ નવમા સ્થાનમાં પણ તેમનું જ કથન કરવામાં આવશે. આઠમા સ્થાનના છેલ્લા સૂત્ર સાથે આ સ્થાનના પહેલા સૂત્રનો આ પ્રકારનો સંબંધ છે-આઠમા સ્થાનના છેલ્લા સૂત્રમાં પુદ્ગલોનું કથન કરવામાં આવ્યું છે. તે પુદ્ગલોના ઉદયથી કોઈ જીવ શ્રામણ્યપર્યાય પ્રાપ્ત કરેલ હોવા છતાં પણ પોતાના ધર્માચાર્ય પ્રત્યે વિરુદ્ધ વર્તન બતાવે છે. એવા સાંભોગિક સાધુને વિસાંભોગિક જાહેર કરનાર સાધુ જિનાજ્ઞાનો વિરાધક ગણાતો નથી. એજ વાતનું સૂત્રકારે આ સ્થાનના પહેલા સૂત્રમાં પ્રતિપાદન કર્યું છે.

" नवहिं ठाणेहिं समणे णिग्गंथे संभोइयं विसंभोइयं " ઇત્યાદિ—

ટીકાર્થ—સમાન સમાચારીવાળા સાધુઓને—પરસ્પરના ઉપધિ આદિ લેવા દેવાને વ્યવહાર હોય એવા સાધુઓને—સાંભોગિક સાધુએ કહે છે. નીચેનાં નવ કારણો ને લીધે કોઇ પણ સંભોગિક સાધુને વિસંભોગિક જાહેર કરનાર સાધુ જિનાજ્ઞાનો વિરાધક ગણાતો નથી. (૧) જો કોઇ સાંભોગિક સાધુ આચાર્ય પ્રત્યનીક હોય (વિરોધી, દ્વેષી, અથવા દુશ્મનાવટ રાખનારને પ્રત્યનીક કહે છે.), (૨) જો કોઈ સાધુ ઉપાધ્યાય પ્રત્યનીક હોય. (૩) સ્થવિરપ્રત્યનીક હોય, (૪) કુલ પ્રત્યનીક હોય, (૫) ગણ પ્રત્યનીક હોય, (૬) સંઘ પ્રત્યનીક હોય, (૭) જ્ઞાન પ્રત્યનીક હોય, (૮) દર્શન પ્રત્યનીક હોય અને (૯) ચારિત્ર પ્રત્યનીક હોય, તો તેને વિસંભોગિક જાહેર કરનાર સાધુ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કર્તો ગણાતો નથી. ।સૂ. ૧।

## આચારાંગકે બ્રહ્મચર્યરૂપ નવ અધ્યયનોંકા નિરૂપણ

જિનાજ્ઞાનું ઉલ્લંઘન નહીં કરનાર શ્રમણ નિર્ગ્રંથ સદા બ્રહ્મચર્યના પાલનમાં પ્રયત્નશીલ રહે છે. તેથી હવે સૂત્રકાર બ્રહ્મચર્યનું પ્રતિપાદન કરનારાં અધ્યયનોનું નિરૂપણ કરે છે—" णव बंभचेरा पण्णत्ता " ઇત્યાદિ—

ટીકાર્થ—કુશલ અનુષ્ઠાનોનું નામ બ્રહ્મચર્ય છે. આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધ રૂપે પ્રતિબદ્ધ જે નવ અધ્યયનો છે તેમાં આ કુશલ અનુષ્ઠાન રૂપ બ્રહ્મચર્યનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે નવ અધ્યયનો નીચે પ્રમાણે છે-(૧) શસ્ત્રપરિજ્ઞા, (૨) લોકવિજય (યાવત્) (૮) ઉપધાનશ્રુત, અને (૯) મહાપરિજ્ઞા

અહીં 'યાવત્' પદ વડે "सीओसणिज्जं३, सम्मत्तं४, आवंती५, धुयं६, विमो-हायणं" (૩) શીતોષ્ણીયા અધ્યયન, (૪) સમ્યકત્વ અધ્યયન, (૫) અવંતી અધ્યયન, (૬) ધુત અધ્યયન અને (૭) વિમોહ અધ્યયન, આ અધ્યયનોને ગ્રહણ કરવામાં આવ્યાં છે.

(૧) શસ્ત્રપરિજ્ઞા –શસ્ત્રના દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ બે ભેદ પડે છે. જીવહિંસાના નિમિત્તભૂત શસ્ત્રનો જ્ઞાનપૂર્વક ત્યાગ કરવો તેનું નામ શસ્ત્રપરિજ્ઞા છે. જે અધ્યયનમાં આ વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે અધ્યયનમાં પણ અહીં 'શસ્ત્રપરિજ્ઞા' નામ આપવામાં આવ્યું છે.

(૨) લોકવિજય–શત્રુની જેમ રાગદ્વેષ રૂપ ભાવલોકને દૂર કરવો તેનું નામ લોકવિજય છે. આ લોકવિજયનું પ્રતિપાદન કરનાર જે અધ્યયન છે તેનું નામ પણ અહીં "લોકવિજય" આપવામાં આવ્યું છે.

(૩) શીતોષ્ણીય અધ્યયન–શીત (અનુકૂલ પરીષહ) અને ઉષ્ણ (પ્રતિકૂળ પરીષહ) આ બન્ને પ્રકારના પરીષહો વિષેનું જે અધ્યયન છે તેનું નામ "શીતોષ્ણીય અધ્યયન" છે.

(૪) સમ્યકત્વ અધ્યયન–કષ્ટપૂર્વક તપનું સેવન કરનાર તાપસ આદિના અણિમા આદિ રૂપ આઠ પ્રકારના ઐશ્વર્યરૂપ ગુણોને જોઈને દષ્ટિમોહ કરવો જોઇએ નહીં, આ પ્રકારનું પ્રતિપાદન કરનારું જે પ્રકરણ છે તેનું નામ "સમ્યકૃત્વ અધ્યયન" છે.

(૫) અવંતી અધ્યયન–આચારાંગના બ્રહ્મચર્ય વિષયક નવ અધ્યયનોમાં લોકસાર નામનું જે પાંચમું અધ્યયન છે તેનું નામ 'અવંતી' છે. આ અધ્યયનમાં અજ્ઞાન આદિરૂપ અસાર વસ્તુઓને કાઢી નાખીને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને ગ્રહણ કરવાની યોગ્યતા કેવી રીતે આવી શકે, એ વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(૬) ધુત અધ્યયન–પરિગ્રહના ત્યાગનું પ્રતિપાદન કરનાર જે અધ્યયન છે તેનું નામ 'ધુત અધ્યયન' છે. (૭) વિમોહ અધ્યયન–મોહ જન્ય પરીષહો અને ઉપસર્ગો આવી પડે ત્યારે ચિત્તમાં જે વ્યાકુલતાનો ભાવ પેદા થાય છે તેનું નામ વિમોહ છે. એવો વિમોહ થાય ત્યારે તે પરીષહો અને ઉપસર્ગોને ધૈર્યપૂર્વક સહન કરવા જોઇએ, એવું પ્રતિપાદન કરનાર અધ્યયનનું નામ "વિમોહ અધ્યયન" છે. (૮) ઉપધાનશ્રુત-મહાવીર સ્વામી દ્વારા આસેવિત તીવ્ર તપ ઉપધાનનું પ્રતિપાદન કરનાર જે શાસ્ત્રરૂપ શ્રુત છે. તેનું નામ 'ઉપધાન-શ્રુત' છે. (૯) મહાપરિજ્ઞા અધ્યયન–"મહતી અન્તક્રિયા રૂપ પરિજ્ઞા સારી રીતે વિધેય છે," આ વિષયનું પ્રતિપાદન કરનાર જે અધ્યયન છે. તેનું નામ "મહાપરિજ્ઞા અધ્યયન" છે. ।। સૂ. ૨ ।।

આ પ્રકારે બ્રહ્મચર્યનું પ્રતિપાદન કરનારાં અધ્યયનો પ્રકટ કરવામાં આવ્યાં આ અધ્યયનોને બ્રહ્મર્યને નામે ઓળખાવ્યાં છે. મૈથુનની વિરતિ વડે જ બ્રહ્મચર્યનું પાલન થાય છે. આ રીતે કાર્યકરણમાં અભેદના ઉપચારની અપેક્ષાએ મૈથુનવિરતિ રૂપ બ્રહ્મચર્ય હોય છે. તેથી હવે સૂત્રકાર બ્રહ્મચર્ય ગુપ્તિઓનું કથન કરે છે. "नव बंभचेरगुत्तीओ पण्णत्ताओ" ઇત્યાદિ—

ટીકાર્થ–મૈથુનથી વિરમણ થવા રૂપ બ્રહ્મચર્યની ગુપ્તિઓ-(રક્ષાના પ્રકારો) નવ કહી છે (૧) જે વ્યક્તિ સ્ત્રી, પશુ અને પંડક (નપુંસક)થી રહિત શયનાસનોનું વસતિ (નિવાસસ્થાન) આદિનું સેવન કરવાના સ્વભાવવાળી હોય છે, એજ વ્યક્તિ પોતાના બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી શકે છે. એટલે કે જે વ્યક્તિ સ્રીસંસક્ત (દેવી, નારી, તિર્યંચણી આદિના સંસર્ગથી યુક્ત) શયનાસન આદિનું સેવન કરતી નથી, પશુસંસક્ત (ગાય આદિ પશુઓના સંસર્ગથી યુક્ત) શયનાસનાદિનું સેવન કરતી નથી, અને પંડકસંસક્ત (નપુંસકોના સંસર્ગથી યુક્ત) શયનાસનોનું સેવન કરતી નથી, તેના દ્વારા જ બ્રહ્મચર્યનું પાલન થઈ શકે છે. (ગવાદિકૃત વિકારો નજરે પડવાથી મનોવિકાર થઇ જવાનો સંભવ રહે છે. નપુંસકો વડે સેવિત થયેલાં શયનાસનોનો ઉપયોગ કરવાથી પણ મનોવિકાર થઇ જવાનો સંભવ રહે છે તે કારણે એવાં શયનાસનો તથા વસતિને બ્રહ્મચર્ય વ્રતના પાલનમાં બાધક ગણાવવામાં આવ્યાં છે)

(૨) "णो इत्थीणं कहं कहेत्ता भवइ" જે સાધુ સ્ત્રીઓની વચ્ચે બેસીને (પુરુષોની હાજરી ન હોય અને એકલી સ્ત્રીઓની જ હાજરી હોય એવા સ્ત્રી સમુદાયની વચ્ચે બેસીને) અથવા કોઈ એક જ સ્ત્રીની સમીપે બેસીને ધર્મોપદેશ આપતો નથી અથવા જાતિ આદિ ચાર પ્રકારની કથાઓનું વર્ણન કરવાનાસ્વભાવવાળો હોતો નથી, તેના દ્વારા પોતાના બ્રહ્મચર્ય વ્રતનું સમ્યક્ રીતે પાલન કરી શકાય છે.

(૩) "णो इत्थिठाणाइं सेवित्ता भवइ" જે સ્થાન પર કોઈ સ્ત્રી બેઠી હોય તે સ્થાનનું સેવન ન કરનાર વ્યક્તિ પોતાના બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી શકે છે.

જે સ્થાન પર કોઈ સ્ત્રી બેઠી હોય સ્થાનનો બ્રહ્મચર્યવ્રતધારી પુરૂષ એક મુહૂર્ત સુધી ઉપયોગ કરવો જોઇએ નહીં જો આ પ્રમાણે કરવામાં આવે તોજ તેના બ્રહ્મચર્યવ્રતની રક્ષા થઈ શકે છે. સ્ત્રીએ તે સ્થાનનો ત્યાગ કર્યા બાદ એક મુહૂર્ત પ્રમાણ કાળ વ્યતીત થયા પહેલાં તે સ્થાનનું સેવન કરનાર પુરુષને પોતાના બ્રહ્મચર્યવ્રતની રક્ષા કરનારો ગણવામાં આવ્યો નથી. (૪, " णो इत्थीणमिंदियाइं मणोहराइं मणोरमाइं आलोइत्ता णिज्झाइत्ता भवइ " જે સાધુ સ્ત્રીઓના મનોરમ અને મનોહર નયન, મુખ, નાક આદિ અવયવોને જોઇને પોતાના મનમાં તેનું ચિન્તવન કરનારો હોતો નથી, તે સાધુ જ પોતાના બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી શકે છે એટલે કે સ્ત્રીઓનાં સુંદર અંગો જેના મનને બિલકુલ ચલાયમાન કરી શકતાં નથી એવો સાધુ જ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરી શકે છે. સ્ત્રીઓનાં સુંદર અંગો જોતાં જ જેનું ચિત્ત ચંચળ બની જાય છે અને જે તે અંગોનું વારંવાર ચિન્તવન કર્યા કરે છે તેના દ્વારા પોતાના બ્રહ્મચર્યવ્રતની રક્ષા થઇ શકતી નથી.

(૫) " णो पणीयरसभोई भवइ " જે સાધુ પ્રચુર ઘીથી ભરપૂર આહાર લેતો નથી-જેમાંથી ઘી ટપકતું હોય એવો આહાર લેતો નથી, તે સાધુ પોતાના બ્રહ્મચર્ય વ્રતની રક્ષા કરી શકે છે.

(૬) "णो पाणभोयणस्स अइमत्तं आहारए सया भवइ" જે સાધુ રૂક્ષ (લૂખા સૂકા) આહારનું પણ અધિક માત્રામાં નિત્ય સેવન કરતો નથી, તેના દ્વારા જ પોતાના બ્રહ્મચર્ય વ્રતની રક્ષ થઈ શકે છે સાધુએ કેટલો આહાર લેવો જોઇએ તે નીચેની ગાથામાં પ્રકટ કરવામાં આવ્યું છે-" अद्धमसणस्स सव्वंजणस्स " ઈત્યાદિ—

આ ગાથાનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-ઉદરના છ ભાગ કરો. પછી તેમાંના ત્રણ ભાગ વ્યંજન સહિત આહારથી ભરવા જોઇએ, બે ભાગ પાણીથી ભરવા જોઈએ અને એક ભાગ વાયુના સંચરણને માટે ખાલી રાખવો જોઈએ. અન્યત્ર આહારનું પ્રમાણ આ પ્રકારનું કહ્યું છે—

" अर्द्धमन्नेन सम्पूर्यं " ઈત્યાદિ-ઉદરના ચાર ભાગ પાડો. તેમાંથી બે ભાગ અન્ન વડે ભરવા જોઇએ, એક ભાગ પાણી વડે ભરવો જોઇએ અને એક ભાગ ખાલી રાખવો જોઇએ.

(૭) णो पुव्वरयं पुव्वकीलियं समरेत्ता भवइ " ગૃહસ્થાવસ્થામાં જે કામ ક્રીડાઓનું સેવન કર્યું હોય તથા સ્ત્રીની સાથે જે કામક્રીડા કરી હોય તેનું સ્મરણ નહીં કરનાર સાધુ પોતાના બ્રહ્મચર્ય વ્રતની રક્ષા કરી શકે છે.

(૮) " णो सद्दाणुवाई णो रूवाणुवाई णो सिलोगाणुवाई " જે સાધુ શબ્દાનુપાતી (વિષયાભિલાષાજનક શબ્દનું અનુસરણ કરનાર હોતો નથી, સ્ત્રી આદિના રૂપને દેખવાના સ્વભાવવાળો હોતો નથી, તે સાધુ પોતાના બ્રહ્મચર્ય વ્રતની રક્ષા કરી શકે છે.

" णो सात सोक्खपडिबद्धे यावि भवइ " જે સાધુ પુણ્યપ્રકૃતિના ઉદયથી જન્ય વૈષયિક સુખમાં (ગન્ધ, રસ, સ્પર્શ આદિના સેવનમાં) આસક્ત થતો નથી તે સાધુ પોતાના બ્રહ્મચર્ય વ્રતની રક્ષા કરી શકે છે.

આ કથનનો સંક્ષિપ્ત સારાંશ નીચે પ્રમાણે છે.

જે સાધુ વિવક્ત (સ્ત્રી આદિના સંસર્ગથી રહિત) શયનાસનોનું સેવન કરે છે અને સ્ત્રીસંસક્ત, પશુસંસક્ત નપુંસક સંસકત શયનાસનોનું (શય્યા, આસન આદિનું)સેવન કરતો નથી, એજ સાધુ પોતાના બ્રહ્મચર્યવ્રતની રક્ષા કરી શકે છે. જે સાધુ સ્ત્રીઓની પાસે એકાન્તમાં બેસીને કથા કરતો નથી, જે સાધુ સ્ત્રીઓના મનોહર અને મનને ડોલાવનારાં અંગો અને ઉપાંગોનું રાગભાવપૂર્વક અવલોકન કરતો નથી, જે સાધુ સ્ત્રીદ્વારા સેવિત સ્થાનનો એક મુહૂત પર્યન્તનો સમય વ્યતીત થયા બાદ જ ઉપયોગ કરે છે, જે ઘતાદિથી યુક્ત ભોજન કરતો નથી, જે લૂખો સૂકો આહાર પણ અધિક માત્રામાં લેતો નથી, જે ગૃહસ્થાવસ્થામાં સેવેલાં કામભોગોને યાદ કરતો નથી, અને જે વૈષયિક સુખોમાં આસક્તિથી યુક્ત હોતો નથી એવો સાધુ પોતે ગ્રહણ કરેલા બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવાને સમર્થ બને છે. આ નવ સ્થાનોને બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ (વાડો) કહી છે. ।।સૂત્ર-૩।।

આ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિઓનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર તેનાથી વિપરીત એવી બ્રહ્મચર્યની જે અગુપ્તિઓ છે તેમનું નિરૂપણ કરે છે–

"णवबंभचेर अगुत्तीओ पण्णत्ताओ" ઇત્યાદિ—

ટીકાર્થ–બ્રહ્મચર્યની અગુપ્તિઓ નવ કહી છે, તે નીચે પ્રમાણે છે (૧) જે સાધુ વિવિક્ત (સંસર્ગરહિત)શયનાસનોનું સેવન કરવાના સ્વભાવવાળો હોય છે. એટલે કે જે સાધુ સ્ત્રીસંસક્ત, પશુસંસક્ત અથવા નપુંસક સંસક્ત શયનાસનોનું સેવન કરવાના સ્વભાવવાળો હોય છે, (૨) જે સ્ત્રીઓની પાસે એકાન્તમાં કથા કરતો હોય છે, (૩) જે સ્ત્રીઓ દ્વારા સેવિત સ્થાનનું સેવન કરનારો હોય છે, (૪) જે સ્ત્રીઓનાં અંગોપાંગોનું રાગ ભાવપૂર્વક નિરીક્ષણ કરનારો હોય છે, (૫) જે પ્રણીત રસભોજી (ઘૃતાદિ જેમાંથી ટપકતાં હોય એવાં આહાર ખાનાર) હોય છે, (૬) જે લૂખાસૂકા ભોજનને પણ અધિક માત્રામાં જમનારો હોય છે, (૭) જે ગૃહસ્થાવસ્થામાં ભોગવેલા કામભોગોનું અને કામક્રીડાઓનું સ્મરણ કરનારો હોય છે, (૮) જે શબ્દાનુપાતી, રૂપાનુપાતી અને શ્લોકાનુપાતી હોય (૯) જે વૈષયિક સુખમાં આસક્ત હોય છે, એવો સાધુ પોતાના બ્રહ્મચર્ય વ્રતની રક્ષા કરી શકતો નથી. આ પ્રકારની નવ બ્રહ્મચર્યની અગુપ્તિઓ છે. તેમની વ્યાખ્યા બ્રહ્મચર્ય સૂત્રનાં પ્રતિપાદિત ગુપ્તિઓના સ્વરૂપ કરતાં વિપરીત રૂપે સમજી લેવી જોઈએ ॥ સૂ. ૪ ॥

"નવ ગુપ્તિઓ સહિત બ્રહ્મચર્ય વ્રત હોય છે," આ પ્રકારનું સૂત્રકારે જે કથન કર્યું છે, તે જિનેન્દ્રો દ્વારા પ્રરૂપિત થયેલું છે. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને અનુલક્ષીને સૂત્રકાર હવેના સૂત્રમાં સ્થાન સાથે સુસંગત એવું બે જિનેન્દ્ર વિશેષોનું કથન કરે છે–

"अभिणंणाओ णं अरहओ" ઇત્યાદિ—

ટીકાર્થ–અભિનન્દ જિનેન્દ્ર થઇ ગયા બાદ નવ લાખ સાગરોપમ કોટિ કાળ પૂરો થયા બાદ સુમતિ જિનેન્દ્ર ઉત્પન્ન થયા હતા. ॥ સૂ ૫ ॥

## નવ પ્રકારકે સદ્ભાવ પદાર્થકા નિરૂપણ

અભિનન્દ અને સુમતિ જિનેન્દ્રે જે સદ્ભૂત (તત્વરૂપ) પદાર્થો પ્રરૂપિત કર્યા છે તે નવ છે. એજ વાત સૂત્રકાર નીચેના સૂત્ર દ્વારા પ્રકટ કરે છે–

"नव सब्भाव पयत्था पण्णत्ता" ઈત્યાદિ—

ટીકાર્થ–સદ્ભાવ રૂપ જે નવ પદાર્થો કહ્યા છે તે નીચે પ્રમાણે છે-(૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આસ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બન્ધ અને (૯) મોક્ષ.

તત્ત્વભૂત પદાર્થોનું નામ સદ્ભાવ પદાર્થો છે. ઉપર મુજબ નવ સદ્ભાવ પદાર્થો છે. તેમનું વિવરણ પ્રથમ સ્થાનમાં કરવામાં આવ્યું છે. ॥ સૂત્ર ૬ ॥

## નવ પ્રકારકે સંસારી જીવોંકે ગતિઆગતિ આદિકા નિરૂપણ

ઉપર્યુક્ત નવ સદ્ભાવ પદાર્થોમાં સૌથી પહેલો પદાર્થ જીવ છે. તેથી હવે સૂત્રકાર તેના ભેદોનું, ગતિ આગતિનું, અવગાહનાનું, સંસાર નિર્વર્તનનું અને રોગોત્પત્તિના નિમિત્તોનું પ્રતિપાદન કરવા માટે "णव विहा संसार समावन्नगा जीवा पण्णत्ता" ઈત્યાદિ સૂત્રનું કથન કરે છે–

"णव विहा संसारसमावन्नगा जीवा पण्णत्ता" ઈત્યાદિ—

ટીકાર્થ–સંસારી જીવોના નીચે પ્રમાણે નવ પ્રકારો કહ્યા છે–

પૃથ્વીકાયિકથી લઈને વનસ્પતિકાયિક પર્યન્તના પાંચ પ્રકારો તથા (૬) દ્વીન્દ્રિય (૭) ત્રીન્દ્રિય, (૮) ચતુરિન્દ્રિય અને (૯) પંચેન્દ્રિય. ।૧।

પૃથ્વીકાયિક જીવો નવ ગતિવાળા અને નવ આગતિવાળા કહ્યા છે જેમ કે પૃથ્વીકાયિક જીવ રૂપે ઉત્પન્ન થતો જીવ પૃથ્વીકાયિકોથી લઈને પંચેન્દ્રિય પર્યન્તના જીવોમાંથી આવીને પૃથ્વીકાય જીવ રૂપે ઉત્પન્ન થઈ જાય છે. વળી એજ પૃથ્વીકાયિક જીવ જ્યારે પૃથ્વીકાયિક પર્યાય છોડી દે છે, ત્યારે પૃથ્વીકાયિકથી લઈને પંચેન્દ્રિય પર્યન્તની કોઈ પણ પર્યાયમાં ઉત્પન્ન થઈ શકે છે. ।૨।

એજ પ્રકારનું કથન અપ્કાયિકથી લઈને પચેન્દ્રિય પર્યન્તના જીવોની ગતિ અને આગતિ વિષે પણ સમજવું. ।૧૦।

સમસ્ત જીવોના નીચે પ્રમાણે નવ પ્રકાર પડે છે-

(૧) એકેન્દ્રિય, (૨) દ્વીન્દ્રિય, (૩) તેઇન્દ્રિય, (૪) ચૌઇન્દ્રિય, (૫) નૈરયિક, (૬) પંચેન્દ્રિય તિર્યંગ્યોનિક, (૭) મનુષ્ય, (૮) દેવ અને (૯) સિદ્ધ. ।૧૧।

અથવા-સમસ્ત જીવોના આ પ્રમાણે નવ પ્રકાર પણ કહ્યા છે-(૧) પ્રથમ સમય નૈરયિક, (૨) અપ્રથમ સમય નૈરયિક, ઈત્યાદિ (૮) અપ્રથમ સમય દેવ અને (૯) સિદ્ધ. ।૧૨।

સમસ્ત સંસારી જીવોની અવગાહના નવ પ્રકારની કહી છે-(૧) પૃથ્વીકાયિક અવગાહના (૨ થી ૫) અપ્કાયિક અવગાહનાથી લઈને વનસ્પતિકાયિક અવગાહના પર્યન્તની ચાર અવગાહના (૬) દ્વીન્દ્રિય અવગાહના, (૭) ત્રીન્દ્રિય અવગાહના, (૮) ચતુરિન્દ્રિય અવગાહના, (૯) પંચેન્દ્રિય અવગાહના. ।૧૩।

પાંચ સ્થાવર અને ચાર ત્રસ આ નવ સ્થાનોમાં જીવે ભૂતકાળમાં રહ્યા છે, વર્તમાનમાં રહે છે અને ભવિષ્યમાં પણ રહેશે. તે નવ સ્થાન નીચે પ્રમણેછે (૧) તેઓ પૃથ્વીકાયિક રૂપ સ્થાનોમાં રહ્યા હતા, રહે છે અને રહેશે. (૨થી૯) એજ પ્રમાણે તેઓ અપ્કાયિકથી લઇને પંચેન્દ્રિય પર્યન્તના આઠસ્થાનોમાં પણ ભૂતકાળમાંરહ્યા હતા, વર્તમાનમાં રહે છે અને ભવિષ્યમાં રહેશે ।૧૪।

ટીકાર્થ-આ સૂત્રની વ્યાખ્યા સરળ છે. પહેલા સૂત્રમાં પૃથ્વીકાયિક પર્યન્તના જીવો ગણાવતી વખતે જે 'પર્યન્ત' પદ વાપર્યું છે તેના દ્વારા અપ્કાયિક, તેજસ્કાયિક અને વાયુકાયિક' આ ત્રણે પદો ગ્રહણ કરવામાં આવ્યાં છે.

બીજા સૂત્રનું વિવેચન-પૃથ્વીકાયિકને લઇને પંચેન્દ્રિય પર્યન્તના નવે પ્રકારના જીવો નવ ગતિક અને નવ આગતિક હોય છે. એટલે કે પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થતો કોઈક જીવ પૃથ્વીકાયિકોમાંથી આવીને ત્યાં તે રૂપે ઉત્પન્ન થઇ જાય છે, અપ્કાયિકોમાંથી આવીને ત્યાં પૃથ્વીકાયિક રૂપે ઉત્પન્ન થઇ જાય છે તેજસ્કાયિકોમાંથી આવીને ત્યાં પૃથ્વીકાયિક રૂપે ઉત્પન્ન થઈ જાય છે, વાયુકાયિકોમાંથી આવીને ત્યાં પૃથ્વીકાયરૂપે ઉત્પન્ન થઈ જાય છે. વનસ્પતિકાયિકોમાંથી આવીને ત્યાં પૃથ્વીકાયિક રૂપે ઉત્પન્ન થઈ જાય છે. દ્વીન્દ્રિયોમાંથી આવીને ત્યાં પૃથ્વીકાયિક રૂપે ઉત્પન્ન થઇ જાય છે, ત્રીન્દ્રિયોમાંથી આવીને ત્યાં પૃથ્વીકાયિક રૂપે ઉત્પન્ન થઇ જાય છે, ચતુરિન્દ્રિમાંથી આવીને ત્યાં પૃથ્વીકાયિક રૂપે ઉત્પન્ન થઇ જાય છે, અને એજ પ્રમાણે પંચેન્દ્રિયોમાંથી આવીને પણ કોઈક જીવ પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થઇ જાય છે.

એજ પ્રમાણે કોઈ પૃથ્વીકાયિક જીવ મરીને પૃથ્વીકાયિક રૂપે પણ ઉત્પન્ન થાય છે, અપ્કાયિક રૂપે પણ ઉત્પન્ન થાય છે, તેજસ્કાયિક રૂપે પણ ઉત્પન્ન થાય છે, વાયુકાયિક રૂપે પણ ઉત્પન્ન થાય છે, વનસ્પતિકાયિક પણ રૂપે ઉત્પન્ન થાય છે, દ્વીન્દ્રિય રૂપે પણ ઉત્પન્ન થાય છે, ત્રીન્દ્રિય રૂપે પણ ઉત્પન્ન થાય છે, ચતુરિન્દ્રય રૂપે પણ ઉત્પન્ન થાયુ છે, અને પંચેન્દ્રિયરૂપે પણ ઉત્પન્ન થાય

છે, પૃથ્વીકાયિકની જેમ અપ્કાયિક જીવો પણ નવ ગતિવાળા અને નવ આગતિ વાળા હોય છે. એજ પ્રમાણે તેજસ્કાયિકથી લઇને પંચેન્દ્રિય પર્યન્તના અન્ય સાત પ્રકારના જીવો પણ નવ ગતિવાળા અને નવ આગતિવાળા હોય છે, એમ સમજવું. જોઇએ.

"णव विहा सव्व जीवा" આ સૂત્રની વ્યાખ્યા સ્પષ્ટ છે. નૈરયિક પર્યાયની પ્રાપ્તિનો પ્રથમ સમય જેમને ચાલુ છે એવાં નૈરયિકોને પ્રથમ સમય નૈયિરકો કહે છે, અને તેમના કરતાં ભિન્ન એવાં જે નૈરયિકો છે તેમને અપ્રથમ સમય નૈરયિકો કહે છે. આ સૂત્રમાં વપરાયેલા 'પર્યન્ત' પદ દ્વારા "પ્રથમ સમય પંચેન્દ્રિય તિર્યંચયોનિક, પ્રથમ સમય મનુષ્ય, અપ્રથમ સમય મનુષ્ય, પ્રથમ સમય દેવ" આ પાંચ પદોને ગ્રહણ કરવામાં આવ્યાં છે. ।૧૧।

અવગાહના પદ શરીરના અર્થમાં વપરાયું છે. અવગાહના સૂત્રમાં વપરાયેલા 'પર્યન્ત' પદ દ્વારા "તેજસ્કાયિક અવગાહના અને વાયુકાયિક અવગાહના", આ બે પદો ગ્રહણ કરવા જોઇએ.

૧૪માં સૂત્રમાં એ વાત પ્રકટ કરવામાં આવી છે કે જીવોએ પૃથ્વીકાયિક આદિ નવે સ્થાનોમાં ભૂતકાળમાં ભ્રમણ કર્યું છે, વર્તનાનકાળમાં પણ ભ્રમણ કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ ભ્રમણ કરશે. આ સૂત્રમાં "પર્યન્ત" પદ વડે અપ્કાયિકથી લઇને ચતુરિન્દ્રિય સુધીના સાતે સ્થાનો ગ્રહણ કરવામાં આવ્યાં છે. ॥ સૂત્ર ૭ ॥

## જીવોંકે રોગોત્પત્તિકે નિમિત્તકા નિરૂપણ

હવે સૂત્રકાર જીવોના રોગોત્પત્તિનાં નિમિત્તો ( કારણો )નું નિરૂપણ કરે છે-

"णवहिं ठाणेहिं रोगुप्पत्ती सिया" ઇત્યાદિ—

ટીકાર્થ-જીવોને રોગની ઉત્પત્તિ થવાનાં નીચે પ્રમાણે નવ કારણો કહ્યાં છે-(૧) અધિક પ્રમાણમાં ભોજન કરવાથી. આ કારણે અજીર્ણ થાય છે અને અજીર્ણ થવાથી વાયુપ્રકોપ આદિ વિવિધ રોગો થાય છે. (૨) અહિતાશનતા-એટલે કે અપથ્ય આહારનું સેવન અથવા અપચો થયો હોય છતાં ભોજન લેવાથી પણ રોગોત્પત્તિ થાય છે. (૩) અતિનિદ્રા, (૪) અતિ જાગરણ, (૫) મળનો નિરોધ થવાથી, (૬) પેશાબ બંધ થઈ જવાથી, (૭) ઘણા જ લાંબા અંતર સુધી ચાલવાથી, (૮) પ્રકૃતિને અનુકૂળ ન હોય એવો ખોરાક ખાવાથી, અને (૯) કામવિકાર-ઇન્દ્રિયોના અર્થ શબ્દાદિકોનો વિકાર-જ્યારે ઇન્દ્રિયોમાં કામવિકાર

ઉત્પન્ન થાય છે ત્યારે સ્ત્રી આદિના સંયોગની અભિલાષા ઉત્પન્ન થાય છે, ચિન્તા દ્વારા સ્મરણ થાય છે, સ્મરણ દ્વારા ગુણકીર્તન થાય છે. તેના દ્વારા ઉદ્વેગ થાય છે અને તેમાંથી ઉન્માદ આદિ રોગોની ઉત્પતિ થાય છે. કહ્યું પણ છે કે- "आदावभिलाषः" ઈત્યાદિ-॥ સૂત્ર ૮ ॥

આ પ્રકારે વિષયાસકિતને વીષે રોગોત્પત્તિ થાય છે. અતિશય વિષયાસક્ત મનુષ્યોને ક્ષય રોગ આદિ રોગો થતાં હોય છે. આ પ્રકારે શારીરિક રોગોની ઉત્પત્તિના કારણોનું પ્રતિપાદન કરીને હવે સૂત્રકાર આન્તર રોગનાં કારણો રૂપ કર્મવિશેષોનું નિરૂપણ કરે છે-

## આંતરરોગકે કારણકા નિરૂપણ

"णव विहे दरिसणावरणिज्जे" ઈત્યાદિ—

દર્શનાવરણીય કર્મના નવ પ્રકારજિનેન્દ્ર દેવોએ કહ્યા છે તે નવ પ્રકારો નીચે પ્રમાણે છે-(૧) નિદ્રા, (૨) નિદ્રાનિદ્રા (૩) પ્રચલા, (૪) પ્રચલા પ્રચલા, (૫) સ્ત્યાન ગૃદ્ધિ, (૬) ચક્ષુર્દર્શનાવરણ, (૭) અચક્ષુર્દર્શનાવરણ, (૮) અવધિ દર્શનાવરણ, અને (૯) કેવળદર્શનાવરણ

પદાર્થ સામાન્ય વિશેષરૂપ છે. તેમાંથી સામાન્ય માત્રને ગ્રહણ કરનારો જે બોધ છે તેનું નામ દર્શન છે. આ દર્શનને આવરણ (આચ્છાદિત) કરનારું જે કર્મ છે તે કર્મનું નામ દર્શનાવરણીય કર્મ છે. તેના નિદ્રા, નિદ્રાનિદ્રા, આદિ નવ પ્રકારો ઉપર દર્શાવવામાં આવ્યા છે. હવે તેમનો અર્થ સમજાવવામાં આવે છે-

જેના દ્વારા ચેતના અવિસ્પષ્ટત્વ પ્રાપ્ત કરી લે છે, એવી અવસ્થાનું નામ નિદ્રા છે. તે નિદ્રા સુખ પ્રબોધ-સ્વાપાવસ્થા (નિદ્રાવસ્થા) રૂપે

હોય છે. આ અવસ્થામાં રહેલો જીવ સહેજ અવાજ થતાં જ જાગી જાય છે. આ નિદ્રારૂપ વિપાક વડે જ આ નિદ્રારૂપ પ્રકૃતિ વેદ્ય હોય છે. આ પ્રકૃતિ કર્મની એક પ્રકૃતિ રૂપ હોવાથી આ કર્મપ્રકૃતિને પણ નિદ્રાને નામે પ્રકટ કરવામાં આવી છે.

નીંદ પર નીંદ (ઉપરાઉપરી નિદ્રા) આવવા રૂપ અવસ્થાનું નામ 'નિદ્રા નિદ્રા' છે. આ નિદ્રાનિદ્રા દુઃખપ્રબોધ સ્વાપાવસ્થારૂપ (નિદ્રાવસ્થા રૂપ) હોય છે. તેથી નિદ્રાનિદ્રા રૂપ વિપાક વડે વેદ્ય આ કર્મપ્રકૃતિને પણ નિદ્રાનિદ્રાને નામે ઓળખવામાં આવેલ છે.

બેઠાં બેઠાં અથવા ઊભાં ઊભાં જે ઊંઘ આવી જાય છે તેને 'પ્રચલા' કહે છે. આ પ્રચલાપ્રકૃતિ એજ પ્રકારના વિપાક વડે વેદ્ય હોય છે, તેથી આ કર્મપ્રકૃતિને 'પ્રચલા' કહેવામાં આવે છે.

ચાલતાં ચાલતાં જ જે ઊંઘ આવી જાય છે તે ઊંઘને 'પ્રચલાપ્રચલા' કહે છે. આ પ્રચલાપ્રચલા કર્મપ્રકૃતિને 'પ્રચલાપ્રચલા' કહેવામાં આવે છે.

જાગૃતાવસ્થામાં જે કામ કરવાના વિચાર કરવામાં આવ્યા હોય, તે કામને કરી નાખવાનું સામર્થ્ય જે નિદ્રામાં આવી જાય છે તે નિદ્રાનું નામ 'સ્ત્યાન ગૃદ્ધિ' છે. તેને કોઇ કોઈ જગ્યાએ સ્ત્યાનગૃદ્ધિને બદલે 'સ્ત્યાનર્દ્ધિ' પણ કહેવામાં આવેલ છે. આ કથનનું તાત્પર્ય એ છે કે આ નિદ્રાવસ્થામાં સ્વાભાવિક બલ કરતાં અનેક ગણું અધિક બળ પ્રકટ થાય છે. અથવા–જેમાં ચેતના રૂપ ઋદ્ધિ જડીભૂત (કોઈ જડીબુટ્ટી સમાન) થઈ જાય છે, તે નિદ્રાનું નામ સ્યાનર્દ્ધિ છે. આ કર્મપ્રકૃતિને પણ સ્ત્યાનગૃદ્ધિ અથવા સ્ત્યાનર્દ્ધિને નામે ઓળખવામાં આવે છે. નિદ્રાપંચક (પાંચ પ્રકારની નિદ્રા) દર્શનાવરણના ક્ષયોપશમવાળાઓની દર્શનલબ્ધિનું આવરક બને છે. તથા દર્શનલબ્ધિઓના લાભને મૂળમાંથી જ આવૃત કરનાર દર્શનાવરણના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે–"चक्खुदंसणावरणं" ઇત્યાદિ–(૧) ચક્ષુદર્શનાવરણ, (૨) અચક્ષુદર્શનાવરણ, (૩) અવધિદર્શનાવરણ અને કેવળ દર્શનાવરણ.

ચક્ષુ વડે સામાન્યમાત્ર ગ્રાહી બોધ થાય છે તેને ચક્ષુદર્શન કહે છે ચક્ષુર્દર્શનનું જે આવરણછે તેનું નામચક્ષુર્દર્શનાવરણ છે. ચક્ષુ સિવાયની ઇન્દ્રિયોને અચક્ષુ કહે છે અથવામનને પણ અચક્ષુ કહેછે. અચક્ષુ વડે જે પદાર્થનો સામાન્ય બોધ થાય છે તેનું નામ અચક્ષુર્દર્શન છે. આ દર્શનનું જે આવરણ છે-તેને આચ્છાદિત કરનાર જે કર્મ છે તેનું નામ અચક્ષુર્દર્શનાવરણ છે. રૂપી પદાર્થોનું મર્યાદાપૂર્વકનું જે દર્શન છે એટલે કે અમુક મર્યાદિત અંતરે અથવા અમુક જ દિશામાં રહેલા રૂપી પદાર્થોનો બોધ થવો તેનું નામ અવધિદર્શન છે. અથવા ઇન્દ્રિયોની મદદ વિના રૂપી પદાર્થોનો જે સામાન્યગ્રાહી બોધ થાય છે તેનું નામ અવધિદર્શન છે. અવધિદર્શનનું સ્વરૂપ આગળ પ્રકટ કરવામાં આવ્યું છે. તે અવધિદર્શનનું જે આવરણ છે તેને અવધિદર્શનાવરણ કહે છે.

કેવલદર્શન-સમસ્ત વસ્તુઓને ગ્રહણ કરનારા કેવલજ્ઞાનની પહેલાં તેના અંશનું જે ગ્રહણ થાય છે તેનું નામ કેવલદર્શન છે. આ દર્શનનું આવરણ સામાન્ય બનનાર કર્મને કેવલદર્શનાવરણ કહે છે. ।। સૂત્ર ૯ ।।

## ચન્દ્રયોગીનક્ષત્રોંકા નિરૂપણ

ટીકાર્થ-જીવોને કર્મના પ્રભાવથી નક્ષત્રાદિ દેવપર્યાય તિર્યંચ પર્યાય અને મનુષ્ય પર્યાયની પ્રાપ્તિ થાય છે. તેથી હવે સૂત્રકાર નક્ષત્રાદિની વક્તવ્યતાવાળાં ચાર સૂત્રોનું કથન કરે છે-अभिईणं णक्खत्ते साइरेगे नव मुहुत्ते" ઇત્યાદિ—

અભિજિત નક્ષત્ર નવ મુહૂર્ત કરતાં સહેજ અધિક સમય સુધી ચન્દ્રના યોગવાળું રહે છે. અભિજિત્ આદિ નવ નક્ષત્રો ચન્દ્રના ઉત્તર ભાગમાં યોગ વાળાં હોય છે. તે નવ નક્ષત્રોનાં નામ નીચે પ્રમાણે છે-(૧) અભિજિત, (૨) શ્રવણ, (૩) ધનિષ્ઠા. (૪) શતભિષા, (૫) પૂર્વભાદ્રપદા, (૬) ઉત્તરભાદ્રપદા, (૭) રેવતી, (૮) અશ્વિની અને (૯) ભરણી. ।। સૂત્ર ૧૦ ।।

"इमीसेणं रयणप्पभाए पुढवीए" ઇત્યાદિ—(સૂ. ૧૧)

ટીકાર્થ—આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ (સમતલવાલા) રમણીય ભાગથી ઉપર -ભૂમિભાગની અપેક્ષાએ પર્વતગર્તની (પર્વતની ખીણની) અપેક્ષાએ નહીં- નવસો યોજનની ઊંચાઈએ તારામંડલમાં ભ્રમણ કરે છે. એટલે કે આ રત્નપ્રભા પૃથ્વીના સમતલ ભૂમિભાગથી ૯૦૦ યોજન ઊંચે તારામંડલ આવેલું છે. ।સૂ. ૧૧।

"जंबूद्दीवे दीवे णवजोयणिया मच्छा" ઇત્યાદિ—(સૂ. ૧૨)

ટીકાર્થ—આ મધ્ય જંબૂદ્વીપ નામના દ્વીપમાં નવ યોજન પ્રમાણવાળાં મત્સ્યો પહેલાં પ્રવિષ્ટ થયેલાં છે, વર્તમાનમાં પ્રવિષ્ટ થાય છે અને ભવિષ્યમાં પણ પ્રવિષ્ટ થશે. જો કે લવણસમુદ્રમાં ૫૦૦ યોજન લાંબી માછલીઓ હોય છે, છતાં પણ નદી-મુખોમાં પૃથ્વીગતરન્ધ્ર (છિદ્ર)ની યોગ્યતા એવી હોય છે કે તેમાં નવ યોજનની લંબાઇવાળાં જ મત્સ્યો પ્રવેશ કરી શકે છે. ॥ સૂ. ૧૨ ॥

"जंबूद्दीवे णं दीवे भारहे वासे" ઇત્યાદિ—(સૂ. ૧૩)

આ મધ્ય જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં નવ બલદેવ અને વાસુદેવોના પિતા થઈ ગયા છે. તેમનાં નામ આ પ્રમાણે છે.

"प्रजापति श्च ब्रह्मा च रुद्रः" ઈત્યાદિ—

(૧) પ્રજાપતિ, (૨) બ્રહ્મા, (૩) રુદ્ર, (૪) સોમ, (૫) શિવ, (૬) મહાસિંહ, (૭) અગ્નિશિખ, (૮) દશરથ અને (૯) વાસુદેવ. ત્યાર પછીનું સમસ્ત કથન સમવાયાંગસૂત્રમાં કહ્યા પ્રમાણે સમજવું.

વાસુદેવ અને બળદેવ ભાઈઓ હોય છે અને પિતા પણ એક જ હોય છે તેથી નવ વાસુદેવ અને નવ બળદેવની માતાઓ નવ હોય છે અને પિતા પણ નવ હોય છે. તેમના પૂર્વભવનાં નામ, ધર્માચાર્ય, નિદાનબન્ધનાં કારણો, પ્રતિશત્રુ અને ગતિ, એ બધાનું કથન સમવાયાંગસૂત્રમાં આપ્યા અનુસાર જ અહીં ગ્રહણ કરવું જોઈએ. "जाव एगासे" ઇત્યાદિ ગાથાના પશ્ચાર્દ્ધ સુધીનું કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. સંગ્રહણી ગાથાના પૂર્વાર્ધ સાથે પશ્ચાર્દ્ધને જોડવાથી આ પ્રકારનો સૂત્રપાઠ બને છે—

"अट्ठंतकडा रामा" ઈત્યાદિ—

આ ગાથાનો ભાવાર્થ એવો છે કે નવ બળદેવોમાનો એક બળદેવ બ્રહ્મલોકકલ્પમાં દેવની પર્યાયે ઉત્પન્ન થયેલ છે, બાકીના આઠ બળદેવે સિદ્ધિપદની

પ્રાપ્તિ કરી છે બ્રહ્મલોક કલ્પમાં દેવની પર્યાયે ઉત્પન્ન થયેલા એક બળદેવ પણ ત્યાંથી ચ્યવીને, મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને ભવિષ્ય કાળમાં સિદ્ધિપદને પ્રાપ્ત કરશે. આ વિષયનું સમવાયાંગસૂત્રમાં વિસ્તારથી પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તો ત્યાંથી આ વિષયની વધુ માહિતી મેળવી લેવી.

"जंबुद्दीवे दीवे भारहे" ઈત્યાદિ—

આ જંબૂદ્વીપ નામના દ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં બલદેવ–વાસુદેવના નવ પિતા થશે, બલદેવ–વાસુદેવની માતાઓ પણ નવ થશે, ઈત્યાદિ સમસ્ત કથન સમવાયાંગ સૂત્રમાં કહ્યા અનુસાર જ અહીં પણ ગ્રહણ કરવાનું છે. "महाभीमसेन एवं सुग्रीव" સૂત્રપાઠ પર્યન્તનું સમવાયાંગ સૂત્રમાં આવતું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. નવ વાસુદેવોના પ્રતિવાસુદેવ પણ નવ જ થશે. આ નવે પ્રતિવાસુદેવો ચક્રયોધન શીલ (ચક્ર વડે યુદ્ધ કરનારા) હશે. તેઓ વાસુદેવોને મારવાને માટે છોડેલા પણ વાસુદેવો દ્વારા પાછા વળાયેલાં પોત-પોતાનાં જ ચક્રો વડે જ માર્યા જશે.

એટલે કે વાસુદેવ અને પ્રતિવાસુદેવની વચ્ચે જ્યારે યુદ્ધ ચાલુ થાય છે. ત્યારે પ્રતિવાસુદેવ વાસુદેવને હણવા માટે પોતાનું ચક્ર તેના તરફ છોડે છે. તે ચક્ર વાસુદેવનો વાળ પણ વાંકો કરી શકતું નથી અને વાસુદેવ પાસેથી પાછું ફરીને પ્રતિવાસુદેવને જ હણી નાખે છે, આ પ્રકારની સિદ્ધાન્તની માન્યતા છે. તેથી જ "स्व चक्रैर्हनिष्यन्ते" આ પ્રકારનો સૂત્રપાઠ અહીં મૂકવામાં આવ્યો છે. ॥ સૂત્ર. ૧૩ ॥

## ચક્રવર્તીકે મહાનિધિકા નિરૂપણ

મહાપુરુષોનો અધિકાર ચાલી રહ્યો છે, તેથી હવે સૂત્રકાર મહાપુરુષ વિશેષ રૂપ ચક્રવર્ત્તીઓના મહાનિધિઓનું કથન કરે છે–

"एगमेगेणं महानिही णव णव जोयणाइं" ઈત્યાદિ—(સૂ ૧૪)

ટીકાર્થ–પ્રત્યેક મહાનિધિનો વિષ્કંભ નવ નવ યોજનનો કહ્યો છે. પ્રત્યેક ચક્રવર્તી રાજાના નવ નવ મહાનિધિઓ કહ્યા છે. તેમનાં નામ નીચે પ્રમાણ છે–(૧) નવ સર્પ, (૨) પાંડુક, (૩) પિંગલક, (૪) સર્વરત્ન, (૫) મહાપદ્મ, (૬) કાલ, (૭) મહાકાલ, (૮) માણવક અને (૯) મહાનિધિશંખ.

"णो सप्पंमि" ઇત્યાદિ—નૈસર્પનિધિ નૈસર્પ દેવ વડે અધિષ્ઠિત હોય છે, તે કારણે તે નિધિને નૈસર્પનિધિ કહ્યો છે. તેમાં ગ્રામ, આકર, નગર, પત્તન, દ્રોણમુખ, મડમ્બ, સ્કન્ધાવાર; અને ગૃહની સ્થાપના કરે છે. કાંટાવાળી વાડથી ઘેરાયેલા સ્થાનને ગ્રામ કહે છે. સુવર્ણ, રત્ન આદિ જે સ્થાનમાં નીકળે છે. તે

સ્થાનને 'આકર' કહે છે. ૧૮ પ્રકારનાં કરથી રહિત સ્થાનને નકર (નગર) કહે છે જલપત્તન સ્થલપત્તન અને ઉભયપત્તનના ભેદથી પત્તન ત્રણ પ્રકારના કહ્યા છે તેમાં જ્યાં ગાડાઆદિમાં બેસીને જઈ શકાય છે એવાં સ્થાનને પત્તન સ્થલ કહે છે અથવા ગાડા આદિ વાહનો વડે અને નૌકાઓ વડે જ્યાં જઈ શકાય છે તે સ્થાનને ઉભયપત્તન કહે છે અથવા માત્ર નૌકાઓ દ્વારા જ જ્યાં જઈ શકાય છે તે સ્થાનને જલપત્તન અથવા પટ્ટન કહે છે. કહ્યું પણ છે કે–

"पत्तनं शकटैर्गम्यं" ઇત્યાદિ—

સમુદ્રની ભરતી આવવાથી જ્યાં જળમાર્ગે પણ જઈ શકાય છે અને ભરતી ન આવે ત્યારે સ્થળમાર્ગે જઈ શકાય છે એવાં સ્થાનનું નામ દ્રોણ-મુખ છે. જે ગ્રામની આસપાસના અઢી ગાઉ સુધીના વિસ્તારમાં બીજું કોઈ ગામ હોતું નથી એવાં ગામને મડમ્બ કહે છે. જ્યાં લશ્કરની છાવણી હોય છે એવાં સ્થાનને સ્કન્ધાવાર કહે છે. મનુષ્યોના નિવાસસ્થાનનું નામગૃહ છે."गणियस्स य बीयाणं" ઈત્યાદિ ચક્રવર્તીના બીજા મહાનિધિનું નામ પાંડુક મહાનિધિ છે. તેનો અધિષ્ઠાતા દેવ પાંડુક હોવાથી તેને મહાનિધિ કહે છે. આ પાંડુક મહાનિધિમાં ગણીને લેવડદેવડ કરી શકાય એવાં દીનાર આદિ ધનનો તથા ફલાદિકોનો સદ્ભાવ હોય છે. આ ગણી શકાય એવાં પદાર્થોને 'ગણિમ' કહે છે. તથા તેમાં (માણા આદિ વડે માપી શકાય એવાં) પદાર્થોનો પણ સદ્ભાવ હોય છે. શાલિ (ચોખા), જવ આદિની ઉત્પત્તિના કારણભૂત બીજોનો પણ તેમાં સદ્ભાવ હોય છે. તથા માન ઉન્માનનો પણ તેમાં સદ્-ભાવ હોય છે. શેર, પાસેરી, મણીકું આદિ વડે તોળવા યોગ્ય ધાન્યોને મેય પદાર્થો કહે છે અથવા માણા, પવાલા વગેરે વડે જેનું માપ કાઢી શકાય છે એવાં પદાર્થોને પણ મેય પદાર્થ કહે છે. તોલા, વાલ, રતી આદિ રૂપ ઉન્મા-નને વિષયભૂત પદાર્થોનો પણ આ નિધિમાં સદ્ભાવ રહે છે. અથવા તોલવાને પાત્ર ગોળ, સાકર આદિ પદાર્થોનો પણ તેમાં સદ્ભાવ રહે છે, તોળી શકાય એવાં પદાર્થોને ધરિમ કહે છે. આ કથનનું તાત્પર્ય એ છે કે ગણિમ, ધરિમ (ગણી શકાય અને જોખી શકાય) આદિ પદાર્થોના વજનનું અથવા માપનું જ્ઞાન પાંડુક મહાનિધિ વડે થાય છે. તથા વ્રીહી આદિ (ચોખા વગેરે) ધાન્યની અને સસ્ય આદિની ઉત્પત્તિના કારણભૂત સસ્ય (ઘાસ) વિશેષોની ઉત્પત્તિ પાંડુક મહાનિધિમાં કહી છે.

"सर्वआभरणविधि" पिंगल महानिधिमां पुरुषोनां, स्त्रीओनां, अश्वोनां अने हाथीओनां समस्त आभरणो रहेलां होय छे.

ચોથા મહાનિધિનો અધિષ્ઠાતા દેવ સર્વરત્ન છે, અને તે નિધિમાં ચક્રવર્તીના ૧૪ શ્રેષ્ઠ રત્નો ઉત્પન્ન થાય છે, તેથી તે નિધિનું નામ સર્વરત્ન મહાનિધિ છે. એજ પ્રમાણે બાકીના પાંચ નિધિઓનાં નામો વિષે પણ સમજવું. આ સર્વરત્ન મહાનિધિમાં ચક્રવર્તીના જે ૧૪ શ્રેષ્ઠ રત્નો ઉત્પન્ન થાય છે તેમાંના ૭ રત્નો એકેન્દ્રિય જાતિના અને ૭ રત્નો પંચેન્દ્રિય જાતિના હોય છે. એકેન્દ્રિય જાતિનાં સાત રત્નો નીચે પ્રમાણે કહ્યા છે-(૧) ચક્ર, (૨) છત્ર, (૩) દંડ, (૪) ખડ્ગ, (૫) ચર્મ, (૬) મણિ અને (૭) કાકિણીરત્ન. પંચેન્દ્રિય જાતિના સાત રત્નો આ પ્રમાણે કહ્યાં છે-(૧) સેનાપતિ, (૨) ગાથાપતિ, (૩) વાર્ધકિ, (૪) પુરોહિત, (૫) સ્ત્રી, (૬) અશ્વ અને (૭) ગજ.

પાંચમો જે મહાપદ્મનિધિ હોય છે તેમાં રંગેલાં અને ધોયેલાં સર્વ પ્રકારનાં વસ્ત્રોની અને મોર, પોપટ, આદિના ચિત્ર રૂપ સર્વ પ્રકારની રચનાઓની નિષ્પત્તિ (ઉત્પત્તિ) થાય છે.

છટ્ઠો જે કાળનિધિ છે તેમાં શુભઅશુભ કાળને બોધ થાય છે. તેના દ્વારા ભવિષ્યમાં ત્રણ વર્ષ પછી બનનારા બનાવનું જ્ઞાન થાય છે, ભૂતકાળના ત્રણ વર્ષ દરમિયાન બનેલા બનાવો જાણી શકાય છે અને "च" પદ દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે કાલ મહાનિધિ દ્વારા વર્તમાન કાળની વસ્તુઓનો પણ બોધ થાય છે એજ વાત "भव्यपुराणं च त्रिषु वर्षेषु" આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરવામાં આવી છે, તથા ઘટ સંબંધી ૨૦ પ્રકારનાં શિલ્પ-માટીનાં વાસણો બનાવવાની ૨૦ પ્રકારની પદ્ધતિઓ, લોહસંબંધી ૨૦ પ્રકારનાં શિલ્પ, ચિત્રના ૨૦ પ્રકારનાં શિલ્પ, વસ્ત્રના ૨૦ પ્રકારનાં શિલ્પ, નાઈઓના ૨૦ પ્રકારનાં શિલ્પ,તથા પ્રજાનું હિત સાધનારાં અને ઉન્નતિ સાધનારાં જે કૃષિ, વાણિજ્ય આદિ કર્મો છે, તે સઘળાનોમહાનિધિમાં સદ્‌ભાવ હોય છે.

સાતમાં મહાકાળનિધિમાં લોઢાની, તાંબાની, સીસાની, ચાંદીની, સોનાની, મણિની, મુક્તાફળની, શિલા પ્રવાલની, ચન્દ્રકાન્ત આદિ મણિઓની, મુક્તાફલોની, સ્ફટિકાદિકોની, મૂંગા (રત્નવિશેષ) આદિકોની ખાણોની ઉત્પત્તિ થાય છે.

આઠમો જે માણવક નામનો મહાનિધિ છે. તેમાં ભટોની, બખતરોની અને ખડ્ગ આદિરૂપ હથિયારોની ઉત્પત્તિ થાય છે. તથા તેમાં વ્યૂહરચના રૂપ યુદ્ધ નીતિનો, અને ગુનેગારોને દંડ દેવારૂપ દંડનીતિનો ખજાનો હોય છે.

નવમો જે શંખ મહાનિધિ છે તેમાં નાટ્યવિધિ થાય છે, કાવ્યની ઉત્પત્તિ થાય છે, અને સમસ્ત ત્રુટિતાંગોની ઉત્પત્તિ થાય છે. નૃત્યના પ્રકારનું નામ નાટ્યવિધિ છે. જે પાઠ ભજવવાનો હોય તેને અનુરૂપ અભિનય

કરવો–ચેષ્ટાઓનું પ્રદર્શન કરવું–તેનું નામ નાટકવિધિ છે. ગદ્ય, પદ્ય, કથા અને ગેયના ભેદથી કાવ્યના ચાર પ્રકાર પડે છે. અથવા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપ ચતુર્વિધ પુરુષાર્થથી પ્રતિબદ્ધ ગ્રંથરૂપ કાવ્ય હોય છે. અથવા–સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને સંકીર્ણ ભાષા વડે પ્રતિબદ્ધ ગ્રંથરૂપ કાવ્ય હોય છે. સમવૃત્ત, વિષમવૃત્ત, અર્દ્ધસમવૃત્ત અને ગદ્યરૂપ ચાર પ્રકારનું કાવ્ય હોય છે. તેની ઉત્પત્તિ શંખમહાનિધિમાં થઇ છે. તથા મૃદંગ આદિ જેટલાં વાદ્યો છે તેમની ઉત્પત્તિ પણ આ શંખમહાનિધિમાંથી થઈ હોય છે.

આ પ્રત્યેક મહાનિધિ ચક્રવ્યૂહના અષ્ટકની મધ્યમાં રહેલ હોય છે એટલે કે મધ્યમાં પ્રત્યેક મહાનિધિ હોય છે અને તેની આસપાસ રહેલાં આઠ ચક્રો તેની રક્ષમા કરતાં હોય છે. આ પ્રત્યેક મહાનિધિ ઊંચાઇ આઠ આઠ યોજનની હોય છે, પહોળાઈ નવ નવ યોજનની અને લંબાઇ બાર બાર યોજનની હોય છે. તેમનો આકાર મંજૂષાના જેવો હોય છે. તે મહાનિધિઓ ગંગામહાનદીના ઉદ્દગમ દ્વારોમાં હોય છે.

તે નવ મહાનિધિઓ વૈડૂર્યમણિઓમાંથી બનાવેલાં કપાટો (કમાડો )થી યુક્ત હોય છે. અને કર્કેતન, મરકત, વૈડૂર્ય, વજ્ર, ઇન્દ્રનીલ આદિ વિવિધ રત્નોથી પરિપૂર્ણ હોય છે તે મહાનિધિઓ શશિ, સૂર્ય અને ચક્રના ચિહ્નોથી યુક્ત હોય છે, સમતલ હોય છે અને વિષમતાથી રહિત હોય છે. ધુંસરીના જેવા ગોળ અને લાંબા હોય છે.

આ મહાનિધિઓના અધિનાયક જે દેવો હોય છે. તેમની એક પલ્યોપમની સ્થિતિ હોય છે. તે પ્રત્યેક નિધિના નામ જેવાં જ નામવાળા દેવ વડે તે પ્રત્યેક મહાનિધિ અધિષ્ઠિત છે એટલે કે તે મહાનિધિઓની જેવાં જ નામો વાળા દેવો ત્યાં નિવાસ કરે છે. આ મહાનિધિઓ અક્રેય છે એટલે કે તેઓ એટલા બધા કીમતિ છે કે તેમને ખરીદી લેવાનું કાર્ય કોઇ પણ માનવીથી શકય બને તેમ નથી. તે મહાનિધિઓ સદા દેવતાઓ વડે અધિષ્ઠિત હોવાને કારણે દેવોના આધિપત્યથી યુક્ત છે.

આ મહાનિધિઓ ઘણા જ ધાડા છે અને રત્નોના સમૂહથી ચક્રવર્તીઓની અધીનતા સ્વીકારે છે એટલે કે તેમની ચક્રવર્તીઓને પ્રાપ્તિ થાય છે. ।। સૂત્ર ૧૪ ।।

ઉપર્યુંક્ત મહાનિધિઓ ચિત્તવિકારમાં કારણભૂત બને છે અને દુર્ગતિની પ્રાપ્તિ કરાવે છે આ પ્રકારે અહીં વિકાર અથવા વિકૃતિનો પ્રસંગ પ્રાપ્ત થતો હોવાથી હવે સૂત્રકાર તે પ્રકારની વિકૃતિઓનું નિરૂપણ કરે છે—

"णव विगईओ पण्णत्ताओ" ઈત્યાદિ--(સૂ ૧૫)

નવ પ્રકારની વિકૃતિઓ કહી છે. તે નવ પ્રકારો નીચે પ્રમાણે છે—

(૧) ક્ષીર, (૨) દધિ, (૩) નવનીત, (૪) સર્પિ (ઘી), (૫) તેલ, (૬) ગોળ, (૭) મધ, (૮) મદ્ય (સુરા) અને (૯) માંસ.

ઉપર્યુંક્ત વસ્તુઓ વિકારકારક હોવાથી વિકારકારક વસ્તુમાં અભેદ માનીને ક્ષીરાદિ વસ્તુઓને પણ અહીં વિકૃતિરૂપે પ્રકટ કરવામાં આવેલ છે.

ક્ષીર (દૂધ) રૂપ જે વિકૃતિ છે. તેના પાંચ પ્રકાર કહ્યા છે—

(૧) અજાદુગ્ધ–બકરીનું દૂધ, (૨) મેષીદુગ્ધ-ઘેટીનું દૂધ, (૩) ગોદુગ્ધ-ગાયનું દૂધ, (૪) મહિષીદુગ્ધ-ભેંસનું દૂધ અને (૫) ઉષ્ટ્રદુગ્ધ–સાંઢણીનું દૂધ.

દધિરૂપ (દહીંરૂપ) વિકૃતિ, નવનીત (માખણ) રૂપ વિકૃતિ, સર્પિરૂપ (ઘીરૂપ) વિકૃતિ, આ ત્રણે વિકૃતિઓના ચાર ચાર પ્રકાર કહ્યા છે, કારણ કે- અજા, મેષી, ગાય અને મહિષીના દૂધમાંથી દહીં, માખણ અને ઘી બને છે. તેથી તે ત્રણે વિકૃતિઓના ચાર ચાર પ્રકાર કહ્યા છે. સાંઢણીના દૂધમાંથી દહીં, માખણ અને ઘી બનતા નથી, તે કારણે આ ત્રણે વિકૃતિઓના પાંચ પ્રકારને બદલે ચાર જ પ્રકાર પડે છે.

તેલરૂપ વિકૃતિના અનેક પ્રકાર પડે છે કારણ કે તલ, મગફળી આદિ અનેક પદાર્થોમાંથી તેલ મળે છે. ગોળરૂપ વિકૃતિના દ્રવ (પ્રવાહી) અને પિંડના ભેદથી બે પ્રકાર પડે છે. મધુ (મધ) રૂપ વિકૃતિના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર પડે છે-(૧) માક્ષિક (મધમાખીઓએ બનાવેલું મધ), (૨) કોતુક(....) ? અને ત્રીજું ભ્રામર મધ (ભમરીઓએ બનાવેલું મધ). કાષ્ઠ અને પિષ્ટના ભેદથી મદ્ય (મદિરા) રૂપ વિકૃતિ બે પ્રકારની કહી છે. માંસરૂપ વિકૃતિ જલચર, સ્થલચર અને ખેચરના ભેદથી ત્રણ પ્રકારની કહી છે. આ પ્રકારની આ નવ વિકૃતિઓ છે. ।સૂ. ૧૫।

## શરીરકે નવ છિદ્રોંકા નિરૂપણ

ઉપર્યુક્ત વિકૃતિઓ શરીરના ઉપચયમાં કારણભૂત બને છે. શરીરમાં કેટલાંક છિદ્રો હોય છે, તેથી હવે સૂત્રકાર તે છિદ્રોની સંખ્યા પ્રકટ કરે છે—

"णव सोय परिस्सवा" ઈત્યાદિ—(સૂ. ૧૬)

ટીકાર્થ–આ ઔદારિક શરીર નવ છિદ્રોવાળું કહ્યું છે. "बोंदी" આ પદ શરીરના અર્થમાં વપરાયું છે અહીં શરીર પદ વડે ઔદારિક શરીરને જ ગ્રહણ કરવામાં આવ્યું છે. 'સ્રોત' પદ છિદ્રના અર્થમાં વપરાયું છે ઔદારિક શરીરના નવ છિદ્ર રૂપ નવ દ્વાર નીચે પ્રમાણે છે–બે શ્રોત્ર (કાન), બે નેત્ર, બે ઘ્રાણ (નસકોરાં), મુખ, મૂત્રેન્દ્રિય અને ગુદા. ॥ સૂત્ર ૧૬ ॥

## નવ પ્રકારકે પુણ્યકા નિરૂપણ

આ પ્રકારે છિદ્રોવાળા શરીરનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર તે શરીર દ્વારા સાધ્ય એવાં પુણ્યના ભેદોનું નિરૂપણ કરે છે—

"णवविहे पुण्णे पण्णत्ते" ઈત્યાદિ....(સૂ. ૧૭)

ટીકાર્થ–પુણ્યના નીચે પ્રમાણે નવ પ્રકારો કહ્યા છે–(૧)અન્નપુણ્ય (૨) પાનપુણ્ય, (૩) વસ્ત્રપુણ્ય, (૪) લયનપુણ્ય, (૬) મનઃપુણ્ય. (૭) વાક્પુણ્ય, (૮) કાયપુણ્ય અને (૯) નમસ્કારપુણ્ય.

જે આત્માને પવિત્ર કરે છે તેનું નામ પુણ્ય છે. એવું તે પુણ્ય શુભકર્મ રૂપ હોય છે. તે શુભકર્મ રૂપ પુણ્યના અન્નપૂર્ણ આદિ નવ પ્રકાર પડે છે. સુપાત્ર આદિકોને અન્નનું દાન દેવું તેનું નામ અન્નપુણ્ય છે, કારણ કે સુપાત્રને અન્નદાન દેવાથી દાતા તીર્થંકર નામકર્મ આદિ પુણ્યપ્રકૃતિઓનો બન્ધ કરે છે. પાણી, દૂધ આદિ પેય પદાર્થોનું સુપાત્રને દાન દેવાથી જે પુણ્યની પ્રાપ્તિ થાય છે તે પુણ્યને પાનપુણ્ય કહે છે.

વસ્ત્રોનું દાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તેને વસ્ત્રપુણ્ય કહે છે. નિવાસ કરવાને માટે સ્થાનનું દાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તેનું

નામ લયનપુણ્ય છે. સંસ્તારક (બિછાનું) આદિનું દાન દેવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તેનું નામ શયનપુણ્ય છે. સદ્ભાવના ભાવનારા મન વડે જે પુણ્ય પ્રાપ્ત થાય છે તેનું નામ મનઃપુણ્ય છે. સ્વાધ્યાય આદિમાં લીન થયેલી વાણી વડે જે પુણ્ય થાય છે તેનું નામ વાક્‌પુણ્ય છે, સુદેવ સુધર્મ અને સુસાધુની સેવા કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તેનું નામ કાયપુણ્ય છે. તથા સુદેવ અને સુસાધુને નમસ્કાર કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તેનું નામ નમસ્કાર પુણ્ય છે. ॥ સૂત્ર ૧૭ ॥

આ પ્રકારે પુણ્યના ભેદોનું કથન કરીને હવે સૂત્રકાર આ પુણ્ય કરતાં વિપરીત એવાં પાપનાં કારણોનું કથન કરે છે—

## પાપકે કારણોંકા નિરૂપણ

"णव पावस्सायत्तणा पण्णत्ता" ઇત્યાદિ—(સૂ. ૧૮)

ટીકાર્થ–અશુભ પ્રકૃતિ રૂપ પાપનો બન્ધ નીચેનાં નવ કારણો વડે બંધાય છે–(૧) પ્રાણાતિપાત, (૨) મૃષાવાદ, (૩) અદત્તાદાન, (૪) મૈથુન, (૫) પરિગ્રહ, (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા અને (૯) લોભ. પ્રાણીઓની હિંસા કરવી તેનું નામ પ્રાણાતિપાત છે. અસત્ય વચન બોલવું તેનું નામ મૃષાવાદ છે બાકીનાં સાતે પદોનો અર્થ સુગમ છે. આ સૂત્ર દ્વારા સૂત્રકારે નવ પાપકારણોનું નિરૂપણ કર્યું છે. ॥ સૂત્ર ૧૮ ॥

પાપકારણોનું કથન કરીને હવે સૂત્રકાર પાપશ્રુત પ્રસંગોનું કથન કરે છે–

"णव विहे पावस्सुयप्पसंगे पण्णत्ते" ઇત્યાદિ—(સૂ. ૧૯)

પાપશ્રુતના પ્રસંગ–પાપના જનક શ્રુતનું સેવન–અથવા પાપશ્રુતના સૂત્ર-વૃત્તિ અને વાર્તિક રૂપ પ્રસંગ નવ પ્રકારના કહ્યાં છે. તે નવ પ્રકારો નીચે પ્રમાણે છે—

(૧) ઉત્પાત, (૨) નિમિત્ત, (૩) મંત્ર, (૪) આખ્યાયક, (૫) ચૈકિત્સિક, (૬) કલા, (૭) અજ્ઞાન અને (૯) મિથ્યાપ્રવચન.

ઉત્પાત–પ્રકૃતિમાં થતાં વિકારોનું નામ ઉત્પાત છે અહીં સામાન્ય રીતે રુધિરવૃષ્ટિ આદિ રૂપ વિકારોને ઉત્પાત સમજવા જોઇએ. આ પ્રકારના ઉત્પાતોનું પ્રતિપાદન કરનાર જે શ્રુત છે તેને અહીં ઉત્પાત નામ આપવામાં આવેલ છે.

નિમિત્ત ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનું જ્ઞાન કરાવવામાં ઉપયોગી થઈ પડે એવું જે શ્રુત છે તેનું નામ નિમિત્તશાસ્ત્ર છે.

મંત્રશાસ્ત્ર–જીવોદ્ધરણ, ગારુડ આદિ મંત્રો જે શાસ્ત્રમાં આપવામાં આવ્યા છે, તે શાસ્ત્રનું નામ મંત્રશાસ્ત્ર છે.

આખ્યાયક–માતંગવિદ્યા આદિ ભૂતકાળ આદિના બનાવોને કહેનારી વિદ્યા જે ગ્રંથો દ્વારા શીખી શકાય છે તે ગ્રંથોને આખ્યાયક કહે છે.

ચકિત્સિક–આયુર્વેદશાસ્ત્રને ચૈકિત્સિક કહે છે.

કલા- લેખગણિતથી લઈને શકુનરુત પર્યન્તની ૭૨ કલાઓનું પ્રતિ-પાદન કરનાર જે શાસ્ત્ર છે તેનું નામ કલા છે. અહીં શાસ્ત્રને કલા કહેવાનું કારણ એ છે કે તે શાસ્ત્રમાં કલાઓનું પ્રતિપાદન કરાયું છે. કલા અને કલાનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રમાં અભેદ માનીને અહીં શાસ્ત્રને પણ કલા રૂપે પ્રકટ કરવામાં આવ્યું છે.

આવરણ–જેના દ્વારા ગગનને આચ્છાદિત કરાય છે, એવી વસ્તુઓને આવરણ કહે છે, અહીં ભવન, પ્રાસાદ અને નગરાદિરૂપ આવરણ ગ્રહણ કરવાના છે તે ભવન આદિકોના નિર્માણનું સૂચક જે શાસ્ત્ર છે તે શાસ્ત્રને પણ અહીં 'આવરણ' કહેવામાં આવ્યું છે. તેને વાસ્તુ વિદ્યારૂપ ગણી શકાય.

અજ્ઞાન–જેના વાંચનથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી એવાં લૌકિકશાસ્ત્ર રૂપ મહાભારત, કાવ્ય, નાટક આદિને અજ્ઞાનશ્રુત રૂપ સમજવા.

મિથ્યાપ્રવચન -બૌદ્ધ આદિને પરતીર્થિક જનોના જે ધર્મગ્રન્થો છે તેમને મિથ્યાપ્રવચન કહે છે આ પ્રકારના નવ પાપશ્રુત છે. ॥ સૂત્ર ૧૯ ॥

ઉત્પાત આદિ શ્રુતોનું નિરૂપણ કરવામાં આવ્યું તે શ્રુતોને જાણનાર નિપુણ હોય છે. તેથી હવે સૂત્રકાર નિપુણ પુરૂષોના સ્વરૂપનું કથન કરે છે.

" णव **णेउणिया** वत्थू पण्णत्ता " ઈત્યાદિ....(સૂ ૨૦)

ટીકાર્થ–જે પુરુષો સૂક્ષ્મજ્ઞાનથી યુક્ત હોય છે તેમને અથવા જેઓ ચતુર હોય છે તેમને નૈપુણિક કહે છે. એવાં તે નૈપુણિકો આચાર્ય આદિ રૂપ સમજવા. નૈપુણિકોના નવ પ્રકાર પડે છે—(૧) સંખ્યાત, (૨) નિમિત્ત, (૩) કાયિક, (૪) પુરાણ, (૫) પારિહસ્તિક, (૫) પરપડિત, (૭) વાદિક (૮) ભૂતિકર્મ અને (૯) ચિકિત્સક.

સંખ્યાત પદ ગણિતનું વાચક છે. આ ગણિતના વિષયમાં જે માણસ નિપુણ હોય છે તેને 'સંખ્યાત' કહે છે. અથવા " संखाणे " આ પદની છાયા संख्याने" પણ થાય છે. આ સંસ્કૃત છાયાની દૃષ્ટિએ તેનો અર્થ આ પ્રમાણે થાય છે--ગણિતના જે પ્રથમ નિપુણ થાય છે તેને સંખ્યાન કહે છે. એજ પ્રકારનું કથન નિમિત્ત આદિ પદો વિષે પણ સમજવું. અતીત (ભૂત) અને ભવિષ્યકાળ સંબંધ શુભઅશુભનું સૂચક જે શાસ્ત્ર છે તેનું નામ નિમિત્ત છે. તે શાસ્ત્રમાં નિપુણ પુરૂષ માટે નિમિત્તપદ પ્રયુક્ત થયું છે. ઈડા, પિંગલા, સુષુમ્ણા આદિ પ્રાણતત્ત્વનું નિરૂપક જે શારીરિક શાસ્ત્ર છે તેને કાયિક કહે છે. તે શાસ્ત્રમાં નિપુણ હોય એવા પુરુષને પણ કાયિક કહે છે. પુરાણ પદ પુરાભવ (વૃદ્ધ)નું વાચક છે. તે વૃદ્ધ ચિરંજીવી હોવાને કારણે અનેક પ્રકારના પ્રસંગોનો દ્રષ્ટા હોય છે. તેથી તેને નૈપુણિક કહેવામાં આવે છે. અથવા પુરાભવવૃત્તનું–પ્રાચીનસમયના ઇતિહાસનું પ્રતિપાદન કરનાર જે શાસ્ત્રછે, તેને પુરાણ કહે છે. તે શાસ્ત્રનો જે જ્ઞાતા હોય છે તે પણ સામાન્ય રીતે નિપુણ જ હોય છે પારિહસ્તિક-સમસ્ત કાર્યોને જે સમુચિત સમયમાં પૂરાં કરનારો હોય છે તે પણ સ્વાભાવિક રીતે નિપુણ જ હોય છે તેથી એવી નિપુણ વ્યક્તિને પારિહસ્તિક કહેલ

છે. જે માણુસ અસાધારણુ વિદ્વાન્ હોય તેને પરપંડિત કહે છે. અથવા જેના મિત્રાદિજન પંડિત હોય છે તેને પરપંડિત કહે છે, કારણુ કે એવો પુરુષ મિત્રાદિ પંડિતોના સંસર્ગથી નિપુણુ બની જાય છે. જે માણુસ વાદલબ્ધિથી સંપન્ન હોય છે તેને વાદી કહે છે; એવો વાદી અન્યના દ્વારા પરાજિત કરાતો નથી. અથવા-જે મંત્રવાદી કે ધાતુવાદી હોય છે એવા વાદીને જ વાદિક કહે છે. અથવા જે વાદયુક્ત છે તેને વાદિક કહે છે. ભસ્મ લગાવીને અથવા શરીર પર માટીનો લેપ કરીને અથવા કોઈને માદળિયું બાંધીને બીજા માણુસોને જે વશ કરવામાં આવે છે. અથવા રક્ષાને નિમિત્તે જે વસતિ આદિ સ્થાનોને પરિ-વેષ્ટિત કરવામાં આવે છે, અથવા તાવ આદિને દોરા ધાગા કે માદળિયું બાંધીને જે રોકવામાં આવે છે, તે સઘળી ક્રિયાઓનું નામ ભૂતિકર્મ છે. આ ભૂતિ-કર્મના જ્ઞાનવાળો માણુસ પણુ નિપુણુ જ હોય છે. રોગનો પ્રતિકાર કરનાર વૈદ્યને ચિકિત્સક કહે છે. તે પણુ નિપુણુ જ હોય છે. આ રીતે અહીં નવ પ્રકારની નિપુણુ વ્યક્તિઓ પ્રકટ કરવામાં આવી છે. ॥ સૂત્ર ૨૦ ॥

નિપુણુ પુરુષોનું નિરૂપણુ કરવામાં આવ્યું, ગણોની અંદર રહેતા સાધુઓ પણુ નિપુણુ જ હોય છે. તેથી હવે સૂત્રકાર ગણોનું નિરૂપણુ કરે છે—

"समणस्स णं भगवओ महावीरस्स" ઇત્યાદિ—(સૂ. ૨૧)

## સાધુકે ગણકા નિરૂપણ

ટીકાર્થ-શ્રમણુ ભગવાન મહાવીરના નવ ગણુ થયા છે-(૧) ગોદાસગણુ, (૨) ઉત્તર બલિસ્સહ ગણુ, (૪) ચારણુ ગણુ, (૫) ઉડુવાદિક ગણુ, (૬) વિશ્વવાદિક ગણુ,(૭) કામર્દ્ધિક ગણુ, (૮) માનવગણુ અને (૯) કોટિક ગણુ.

ગોદાસ આદિ આ નવ ગણુ એક વાચનાવાળા, એક આચારવાળા અને એક ક્રિયાવાળા સાધુઓના સામુદાયરૂપ હોય છે. આ ગણો સુવિખ્યાત હોવાથી અહીં તેમનું અધિક વિવેચન કરવામાં આવ્યું નથી. ॥સૂ૦૨૧॥

ઉપર્યુક્ત નવ ગણુ ભિક્ષાજીવી હોય છે. તેથી હવે સૂત્રકાર ભૈક્ષનું નિરૂપણુ કરે છે-"समणेणं भगवया महावीरेणं" ઇત્યાદિ—(સૂ. ૨૨)

ટીકાર્થ-શ્રમણ ભગવાન મહાવીરના શ્રમણ નિર્ગ્રંથોની ભિક્ષા નવ પ્રકારે વિશુદ્ધ હોયછે. તે નવ કોટિ વિશુદ્ધતા આ પ્રમાણે સમજવી-(૧)સાધુ પોતે ઘઉં આદિને દળતો નથી અને તે કારણે તે પોતાના આહાર નિમિત્તે જીવ-હિંસા કરતો નથી, (૨) તે ગૃહસ્થ આદિને ઘઉં દળવાનું કહેતો નથી. આ રીતે તે અન્યની પાસે જીવોની વિરાધના કરાવતો નથી. (૩) આ પ્રકારનું કાર્ય કરનારને તે તેમ કરવાની અનુમોદના દેતો નથી. (૪) સાધુ પોતે આહાર રાંધતો નથી, (૫) પોતાને માટે બીજા પાસે ભોજન રંધાવતો નથી અને (૬) ભોજન રાંધન રની અનુમોદન પણ કરતો નથી. (૭) તે પોતાને માટે આહાર વિગેરે ખરીદતો નથી (૮) પોતાને માટે બીજા પાસે ભોજનાદિ ખરીદ કરાવતો નથી અને (૯) અને પોતાને માટે ભોજનાદિ ખરીદવાની અનુમોદના પણ કરતો નથી. આ પ્રકારે નવ કોટિ વિશુદ્ધ અશન, વસનાદિ મુનિજનો ગ્રહણ કરે છે.ાાસૂત્ર૨૨ાા

આ પ્રકારે શ્રમણોના નવ કોટિ (નવ પ્રકારના) વિશુદ્ધ ભૈક્ષનું કથન કરીને હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે આ પ્રકારનો વિશુદ્ધ આહાર કરનાર સાધુ કદાચ કોઈ પણ કારણે મોક્ષની પ્રાપ્તિ ન કરી શકે તો પણ તેને દેવગતિની પ્રાપ્તિ તો અવશ્ય થાય જ છે. આ પ્રકારના પૂર્વસૂત્ર સાથેના સંબધને લઈને હવે સૂત્રકાર દેવગતિ સંબંધી કેટલીક વસ્તુઓનું નિરૂપણ કરે છે-

## ઈશાન દેવેન્દ્રકે અગ્રમહિષીકા નિરૂપણ

"ईसाणस्स णं देविंदस्स देवरण्णो" ઇત્યાદિ—(સૂ. ૨૩)

ટીકાર્થ-દેવેન્દ્ર, દેવરાય ઈશાનના લોકપાલ વરુણ મહારાજને નવ અગ્રમહિષીઓ કહી છે. ।। સૂ. ૨૩ ।।

"ईसाणस्स णं देविंदस्स देवरण्णा" ઈત્યાદિ—(સૂ. ૨૪)

ટીકાર્થ-દેવેન્દ્ર દેવરાય ઈશાનની અગ્રમહિષીઓની સ્થિતિ નવ પલ્યોપમની કહી છે. ઈશાન કલ્પનિવાસી દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ નવ પલ્યોપમની કહી છે. ઈશાન કલ્પના ઇન્દ્રની પરિગૃહીત દેવીઓહોવાને કારણે અગ્રમહિષીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ નવ પલ્યોપમની કહી છે અને તેમની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ

કરતાં સહેજ અધિક કહી છે. તથા અપરિગૃહીત દેવીઓની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ કરતાં સહેજ વધુ સમયની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૫૫ પલ્યોપમની કહી છે. ॥ સૂ. ૨૪ ॥

## દેવનિકાયકે સ્વરૂપકા નિરૂપણ

"णव देवनिकाया पण्णत्ता" ઇત્યાદિ—(સૂ. ૨૫)

ટીકાર્થ–નવ દેવનિકાય કહ્યા છે–(૧)સારસ્વત, (૨)આદિત્ય, (૩) વહ્નિ, (૪) વરુણ, (૫) ગર્દતોય, (૬) તુષિત, (૭) અવ્યાબાધ, (૮) આગ્નેય અને (૯) રિષ્ટ. આ નવ દેવનિકાયોમાંના પહેલા આઠ દેવનિકાય આઠ કૃષ્ણરાજ્યન્તરોમાં છે. તથા જે રિષ્ટ દેવનિકાયના દેવો છે તેઓ કૃષ્ણરાજિઓની મધ્યમાં આવેલા રિષ્ટાભવિમાન-પ્રસ્તટમાં રહે છે. આ પ્રમાણે નવ દેવનિકાયોના નિવાસસ્થાન વિષે સમજવું.॥સૂ. ૨૫॥

## અવ્યાબાધ દેવકે ગ્રૈવેયક વિમાન પ્રસ્તરકા નિરૂપણ

"अव्वाबाहाणं णव देवा" ઈત્યાદિ— (સૂ. ૨૬)

ટીકાર્થ–લોકાન્તિક દેવવિશેષોમાં જે અવ્યાબાધ (ઉપર્યુક્ત સાતમી દેવનિકાયના) દેવો છે તેમાં નવ મુખ્ય દેવો છે અને ૯૦૦ સામાન્ય દેવો છે. એજ પ્રમાણે આગ્નેય અને રિષ્ટનિકાયના દેવો વિષે પણ સમજવું. અહીં નવ સ્થાનનો અધિકાર હોવાથી નવ સ્થાનને અનુરૂપ ત્રણ લોકપાલોની જ વાત કરવામાં આવી છે. ॥સૂ. ૨૬॥

"णव गेवेज्जविमाणपत्थडा पण्णत्ता" ઇત્યાદિ—(સૂ. ૨૭)

ટીકાર્થ–ગ્રૈવેયક વિમાનપ્રસ્તટ નવ કહ્યાછે–(૧) અધસ્તનાધસ્તન ગ્રૈવેયક વિમાન-પ્રસ્તટ, (૨)અધસ્તન મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ,(૩) અધસ્તનોપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ, (૪) મધ્યમાધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ, (૫) મધ્યમમધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ, (૬) મધ્યમોપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ, (૭) ઉપ-રિતનાધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ, (૮) ઉપરિતન મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ અને (૯) ઉપરિતનોપરિતન ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ. આ નવ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટોનાં નવ નામ નીચે પ્રમાણે છે—

(૧) ભદ્ર, (૨) સુભદ્ર, (૩) સુજાત, (૪) સૌમનસ, (૫) પ્રિયદર્શન, (૬) સુદર્શન, (૭) અમોઘ, (૮) સુપ્રબુદ્ધ અને (૯) યશોધર.

વિશેષ રચનાવાલો જે સમૂહ છે તેને પ્રસ્તટ કહે છે. ॥ સૂ. ૨૭ ॥

"णवविहे आउपरिणामे पण्णत्ते" ઇત્યાદિ—(સૂ. ૨૮)

ટીકાર્થ–આઠ કર્મપ્રકૃતિઓમાંની એક કર્મપ્રકૃતિનું નામ આયુ છે. તે આયુનું પરિણામ (સ્વભાવ, શક્તિ, ધર્મ નવ પ્રકારનું કહ્યું છે. તે નવ પ્રકારોની નીચે પ્રમાણે છે–(૧) ગતિ પરિણામ, (૨) ગતિબન્ધન પરિણામ, (૩) સ્થિતિ પરિણામ, (૪) સ્થિતિબન્ધન પરિણામ, (૫) ઉર્ધ્વગૌરવ પરિણામ, (૬) અધોગૌરવ પરિણામ, (૭) તિર્યગ્ગૌરવ પરિણામ, (૮) દીર્ઘગૌરવ પરિણામ અને (૯) હ્રસ્વગૌરવ પરિણામ.

ગતિ પરિણામ–અહીં ગતિ પદ દેવાદિ ગતિનું સૂચક છે. તે તે ગતિમાં (તે દરેક ગતિમાં) રહેવા આદિના પ્રમાણની અપેક્ષાએ નિશ્ચિત એવી તે દેવાદિ ગતિની પ્રાપ્તિ જે સ્વભાવ વડે આયુ જીવને કરાવે છે તે સ્વભાવનું નામ ગતિ પરિણામ છે. જે આયુઃસ્વભાવ પ્રતિનિયત ગતિકર્મના બન્ધનના નિમિત્ત રૂપ હોય હોય છે, તેને ગતિબન્ધન પરિણામ કહે છે. જેમ કે નરકાયુના સ્વભાવથી જીવ મનુષ્યગતિ અને તિર્યંચગતિ નામકર્મનો બન્ધ કરે છે, દેવ અને નારક ગતિ નામકર્મનો બન્ધ કરતો નથી. અન્તર્મુહૂર્તથી લઇને ૩૩ સાગરોપમ પર્યન્તના અવસ્થાન (આયુસ્થિતિ) રૂપ જે આયુનો સ્વભાવ છે તેનું નામ સ્થિતિપરિણામ છે. તથા–પરભવના આયુષ્યના નિયત સ્થિતિબન્ધનના નિમિત્ત રૂપ જે પૂર્વભવના આયુનું પરિણામ છે તેનું નામ સ્થિતિબન્ધન પરિણામ છે જેમ કે તિર્યગ્ આયુના પરિણામથી જીવ વધારેમાં વધારે ૧૮ સાગરોપમનો દેવાયુનો સ્થિતિબન્ધ કરે છે, કારણ કે તિર્યંચોમાંથી મરીને જીવ સહસ્રાર દેવલોક પર્યન્ત જઈ શકે છે. જીવના ઉર્ધ્વ દિશામાં ગમનના નિમિત્ત રૂપ જે આયુ સ્વભાવ છે. તેનું નામ ઉર્ધ્વ ગૌરવ પરિણામ છે. અહીં ગૌરવ પદ ગમનના અર્થનું વાચક છે. એજ પ્રમાણે અધોગૌરવ પરિણામ અને તિર્યંગ્ ગૌરવ પરિણામ વિષે પણ સમજવું. લોકાન્તથી લોકાન્ત પર્યન્ત ગમનના અતિશયના નિમિત્તભૂત જે આયુસ્વભાવ છે, તેનું નામ દીર્ઘ ગૌરવ પરિણામ છે. એજ પ્રમાણે હ્રસ્વ ગૌરવ પરિણામના વિષયમાં પણ સમજવું. ॥ સૂ. ૨૮ ॥

આયુપરિણામનું પ્રતિપાદન કરવામાં આવ્યું. આયુપરિણામ વિશેષ હોય ત્યારે જ તપઃસામર્થ્ય સંભવી શકે છે. પૂર્વસૂત્ર સાથેના આ પ્રકારના સંબંધને લઇને હવે સૂત્રકાર તપવિશેષોનું નિરૂપણ કરે છે–

'णवणवमियाणं भिक्खुपडिमा' ઇત્યાદિ—(સૂ. ૨૯)

ટીકાર્થ—નવ નવ દિનના નવ સમૂહ રૂપે આરાધિત થતી ભિક્ષુપ્રતિમાની આરાધના ૮૧ દિનરાતમાં આરાધિત કરાય છે. આ ભિક્ષુપ્ર તમાની આરાધના કરનાર સાધુ પ્રથમ નવકમાં ( નવ દિવસમાં ) દરરોજ એક દત્તિ પાનકની ( પ્રવાહીની ) અને એક દત્તિ આહારની લે છે. દરેક નવકમાં આહાર અને પાનકની એક એક દત્તિ વધારતા વધારતાં નવમાં નવકમાં તે પ્રતિદિન પાનકની નવ દત્તિઓ અને આહારની નવ દત્તિઓ ગ્રહણ કરે છે. આ રીતે ૮૧ દિવસમાં તે સાધુ આહારની કુલ ૪૦૫ દત્તિઓ ગ્રહણ કરે છે. અહીં પાનકની દત્તિઓને ગણાવવામાં આવેલ નથી. ( જો આહાર અને પાનક બન્નેની દત્તિઓ ગણાવવામાં આવે તો કુલ ૮૧૦ દત્તિઓ થાય છે. ) " यथासूत्रं " આ સૂત્રપાઠ દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે આ ભિક્ષુપ્રતિમાની આરાધનાની જેવી વિધિ શાસ્ત્રમાં બતાવી છે એવી વિધિ અનુસાર ૮૧ દિવસમાં તેની આરાધના થાય છે. " यावत् " પદ દ્વારા અહીં " यथाकल्पं, यथा मार्गं, यथातत्त्वं सम्यक्कायेन, स्पृष्टा पालिता, शोभिता, तीरिता, कीर्तिता " આ સૂત્રપાઠ ગ્રહણ કરાયો છે. આ સૂત્રમાં વપરાયેલાં પદોની વ્યાખ્યા સાતમાં સ્થાનના પાંચમાં સૂત્રમાંથી વાંચી લેવાની ભલામણ કરવામાં આવે છે. ॥ સૂ ૨૯ ॥

## પ્રાયશ્ચિતકે સ્વરૂપકા નિરૂપણ

આ રીતે ભિક્ષુપ્રતિમાનું કથન કરીને હવે સૂત્રકાર તેમાં લાગેલા અતિચારનું પ્રાયશ્ચિત્ત થાય છે. તે અભિપ્રાયથી પ્રાયશ્ચિત્ત સૂત્રનું કથન કરે છે.

" णवविहे पायच्छित्ते पण्णत्ते " ઇત્યાદિ—(સૂ ૩૦)

ટીકાર્થ—પાપવિશોધન (પાપની શુદ્ધિ નું નામ પ્ર યશ્ચિત્ત છે. તે પાપવિશોધન રૂપ પ્રાયશ્ચિત્ત નવ પ્રકારનું કહ્યું છે. તે પ્રકારો નીચે પ્રમાણે છે—

(૧) આલોચનાર્હ, (૨) પ્રતિક્રમણાર્હ, (૩) તદુભયાર્હ, (૪) વિવેકાર્હ (૫) વ્યુત્સર્ગાર્હ, (૬) તપઃઅર્હ (૭) છેદાર્હ, (૮) મૂલાર્હ અને (૯) અનવસ્થાપ્યાર્હ

આલોચનાર્હ-ગુરુની પાસે આલોચના ( નિવેદન ) કરવાથી જ જે પાપની વિશુદ્ધિ થઈ જાય છે એવા પાપને આલોચનાર્હ પાપ કહે છે, અને એવા પાપના પ્રાયશ્ચિત્તને આલોચનાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે. એજ પ્રમાણે આગળ પણ સમજવું.

મિથ્યા દુષ્કૃત દેવું તેનું નામ પ્રતિક્રમણ છે. આલોચના કરવી અને મિથ્યાદુષ્કૃત દેવું–આ બન્નેનો જે પ્રાયશ્ચિત્તમાં સદ્ભાવ રહે છે તે પ્રાયશ્ચિતને તદુભયાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

અશુદ્ધ ભક્ત (આહાર) આદિનો ત્યાગ કરવો તેનું નામ વિવેક છે. કાયો-ત્સર્ગ કરવો તેનું નામ વ્યુત્સર્ગ છે.નિર્વિકૃતિક આદિ તપસ્યાઓનું નામ તપ છે. પ્રવ્રજ્યા પર્યાયમાં ઘટાડો કરવો તેનું નામ છેદ છે. મહાવ્રતોનું આરોપણ કરવું તેનું નામ મૂળ છે, તથા જેણે તપસ્યા કરી છે એવા પુરુષમાં વ્રતોનું આરોપણ કરવું તેનું નામ અનવસ્થાપ્ય છે. જે પાપશુદ્ધિ ઉપર્યુક્ત પ્રાયશ્ચિત્તોને યોગ્ય હોય છે, તેમનું જ અહીં આલોચનાર્હ, પ્રતિક્રમણાર્હ, તદુભયાર્હ આદિ નવ પ્રકારે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અહીં નવ સ્થાનનો અધિકાર હોવાથી નવ પ્રકારના પ્રાયશ્ચિત્તોનું જ નિરૂપણ કરવામાં આવ્યું છે પ્રાયશ્ચિત્તનો દસમો પ્રકાર પારાંચિક પ્રાયશ્ચિત્ત છે. તે લિંગાદિ ભેદ રૂપ એટલે કે સાધુના રજોહરણ, વસ્ત્ર આદિનો ત્યાગ કરાવવા રૂપ હોય છે. ॥ સૂ. ૩૦ ॥

ઉપર્યુક્ત પ્રાયશ્ચિત્તોનો સદ્ભાવ ભરતાદિ ક્ષેત્રોમાં જ હોય છે, તેથી હવે

## દક્ષિણ ભરતમેં રહે હુવે સિદ્ધાદિકૂટોંકા નિરૂપણ / આંતરરોગકે કારણ કર્મવિશેષકા નિરૂપણ

સૂત્રકાર ભરતાદિ ક્ષેત્રગત વસ્તુ વિશેષોનું નિરૂપણ કરે છે—“ જંબૂ મંદર દાહિણેણં ઇત્યાદિ—(સૂ. ૩૧)

જંબૂદ્વીપમાં આવેલા મન્દર પર્વતની દક્ષિણ દિશામાં રહેલા ભરત ક્ષેત્રમાં જે વૈતાઢ્ય પર્વત છે તેના ઉપર નવ કૂટ છે. તેમનાં નામ આ પ્રમાણે છે–(૧) સિદ્ધ, (૨) ભરત, (૩) ખંડક, (૪) માણિ. (૫) વૈતાઢ્ય. (૬) પૂર્ણ, (૭) તિમિસ્ર ગુહા, (૮) ભરત અને (૯) વૈશ્રમણ ॥૧॥

જંબૂદ્વીપના મન્દરપર્વનની દક્ષિણદિશામાં રહેલા નિષધ વર્ષધર પર્વત પર નવ કૂટ કહ્યાં છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે–(૧) સિદ્ધ, (૨) નિષધ, (૩) હરિવર્ષ, (૪) વિદેહ, (૫) હ્રી (૬) ધૃતિ, (૭) શીતોદા, (૮) અપરવિદેહ અને (૮) રુચક ॥૧॥

જંબૂદ્વીપમાં આવેલા મન્દરપર્વતના નંદનવનમાં નવ કૂટ કહ્યા છે તેમનાં નામો નીચે પ્રમાણે છે (૧) નંદન, (૨) મન્દર, (૩) નિષધ, (૪) હિમવાન, (૫) રજત, (૬) રુચક, (૭) સાગરચિત્ર, (૮) વજ્ર અને (૯) બલકૂટ. ॥૧॥

જંબૂદ્વીપના માલ્યવાન્ વક્ષસ્કાર પર્વત પર નવ કૂટ કહ્યાં છે. તેમનાં નામો આ પ્રમાણે છે–(૧) સિદ્ધ, (૨) માલ્યવાન, (૩) ઉત્તરકુરુ, (૪) કચ્છ, (૫) સાગર,

(૬) રજત, (૭) શીતા, પૂર્ણનામા અને (૯) હરિસહકૂટ ॥૧॥

જંબૂદ્વીપમાં આવેલા માલ્યવાન્ વક્ષસ્કાર પર્વતની કક્ષમાં દીર્ઘવૈત ઢય પર નવ કૂટ કહ્યાં છે. તેમનાં નામો નીચે પ્રમાણે છે-

(૧) સિદ્ધ, (૨) સુકક્ષ, (૩) ખંડક, (૪) મણિ, (૫) વૈતાઢ્ય, (૬) પૂર્ણ, (૭) તિમિસ્રગુહા (૮) સુકચ્છ અને (૯) વૈશ્રમણ ॥૧॥

એજ પ્રમાણે પુષ્કરાવતી પર્યન્તના ક્ષેત્રોમાં દીર્ઘવૈતાઢ્ય પર નવ કૂટો છે એજ પ્રમાણે વક્ષસ્કારમાં દીર્ઘવૈતાઢ્ય પર નવ કૂટો છે એજ પ્રમાણે મંગલાવતી પર્યન્તમાં દીર્ઘવૈતાઢ્ય પર નવ કૂટો કહ્યા છે. જંબૂદ્વીપમાં આવેલા વિદ્યત્પ્રભ નામના વક્ષસ્કાર પર્વત પર નવ કૂટ કહ્યાં છે તેમનાં નામો નીચે પ્રમાણે છે-

(૧) સિદ્ધ, (૨) પદ્મ, (૩) ખંડક (૪) માણિ (૫) વૈતાઢ્ય પૂર્ણ ૬ તિમિસ્ર ગુહા ૭ સુકચ્છ ૮ વૈશ્રવણ ૯

એજ પ્રમાણે સલિલાવતીમાં દીર્ઘવૈતાઢ્ય પર નવ કૂટો કહ્યા છે, વપ્રમાં દીર્ઘવૈતાઢ્ય પર નવ કૂટો કહ્યા છે અને ગન્ધિલાવતીમાં પણ દીર્ઘવૈતાઢ્ય પર પણ નવ કૂટો કહ્યાં છે. તેમનાં નામો નીચે પ્રમાણે સમજવા-(૧) સિદ્ધ, (૨) ગન્ધિલ (૩) ખંડક, (૪) માણિ, (૫) વૈતાઢ્ય, (૬) પૂર્ણ, (૭) તિમિસ્રગુહા, (૯) ગન્ધિલાવતી અને (૯) વૈશ્રમણ. આ પ્રકારે સમસ્ત દીર્ઘવૈતાઢ્યોમાં બે કૂટ સમાન નામવાળાં છે અને બાકીનાં કૂટોમાં નામ ઉપર કહ્યા પ્રમાણે છે.

જંબૂદ્વીપમાં આવેલા મન્દરપર્વતની ઉત્તરે નીલવાન્ વર્ષધર પર્વત પર નવ કૂટ કહ્યાં છે. તેમનાં નામો નીચે પ્રમાણે છે-

(૧) સિદ્ધ, (૨) નીલવાન્, (૩) વિદેહ, (૪) સીતા, (૫) કીર્તિ, (૬) હરિકાન્તા (૭) અપરવિદેહ (૮) રમ્યક કૂટ અને (૯)ઉપદર્શન ॥૧॥

જંબૂદ્વીપમાં આવેલા મન્દરપર્વતની ઉત્તરે ઐરવત ક્ષેત્રના દીર્ઘવૈતાઢ્ય પર નવ કૂટ કહ્યાં છે-(૧) સિદ્ધ, (૨) રજત, (૩) ખંડક, (૪) માણિ, (૫) વૈતાઢ્ય, (૬) પૂર્ણ (૭) નિમિસ્રગુહા, (૮) ઐરવત અને (૯) વૈશ્રવણ ॥૧॥

આ સૂત્રની વ્યાખ્યા અન્ય શાસ્ત્રોની મદદથી સમજી લેવી. ॥ સૂ ૩૧ ॥

તીર્થંકરો દ્વારા ઉપર્યુક્ત કૂટો પ્રરૂપિત થયેલા છે તેથી સત્રકાર નવરત્નિ પ્રમાણ જિનવિશેષનું (પાર્શ્વનાથ ભગવાનનું) નવ સ્થાનને અનુરૂપ એવું કથન કરે છે–" पासेणं अरहा ' ઇત્યાદિ—(સૂત્ર ૩૨)

ટીકાર્થ–પાર્શ્વનાથ અર્હંત કે જેઓ પુરુષોમાં શ્રેષ્ઠહતા, વજઋષભનારાચ સંહનન

વાળા હતા અને સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા, તેમના શરીરની ઊંચાઈ નવ રત્નિપ્રમાણ (નવ હાથની) હતી. તેઓ અતિશયોથી વિરાજિત હતા, તે કારણે તેમને પુરુષાદાનીય કહ્યા છે.

વજ્રઋષભનારાચ સંહનનનો ભાવાર્થ આ પ્રમાણે છે–કીલિકાના (ખીલીના) આકારનું જે હાડકું હોય છે તેનું નામ વજ્ર છે. પરિવેષ્ટન કરવા માટેના વસ્ત્રના આકારનું જે હાડકું હોય છે તેનું નામ ઋષભ છે, અને બન્ને તરફ જે મર્કટબન્ધ હોય છે તેનું નામ નારાચ છે. આ પ્રકારે વિચાર કરતા વજ્ર ઋષભનારાચ સંહનનનો અર્થ એવો થાય છે કે–બન્ને તરફ મર્કટબન્ધ વડે બાંધેલા તથા પટ્ટીના આકારના ત્રીજા હાડકાથી પરિવેષ્ટિત થયેલા એવા બે હાડકાંઓ ઉપર–આ રીતે તે ત્રણે હાડકાંને દૃઢ કરવાને માટે જે કીલિકા (ખીલી) ના આકારનું વજ્ર નામનું હાડકું જે જગ્યાએ સંધાએલું હોય છે તે જગ્યાનું નામ વજ્રઋષભનારાચ સંહનન છે. જેના દ્વારા શરીરના પુદ્ગલોને મજબૂત કરાય છે તેનું નામ સંહનન છે. અસ્થિઓના સમૂહને પણ સંહનન કહે છે. પાર્શ્વનાથ ભગવાનનું શરીર આ પ્રકારના સંહનનથી યુક્ત હતું. જે સંસ્થાનમાં (આકારમાં) શરીરના ઉપરના ભાગનાં અવયવો, નીચેના ભાગનાં અવયવો, તથા હાથ અને પગરૂપ અવયવો, આ ચારે વિભાગો શુભ લક્ષણથી યુક્ત હોય છે–સપ્રમાણ હોય છે, એવા શરીરના આકારને સમચતુરસ્રસંસ્થાન કહે છે. સમ એટલે તુલ્ય (સમાન) અવયવોમાં ન્યૂનાધિકતા ન હોવી–સપ્રમાણતા હોવી તેનું નામ તુલ્યતા છે. "ચતુઃ" એટલે ચાર. 'અસ્રિ' એટલે હાથ, પગ, શરીરનો ઉપરનો ભાગ અને શરીરનો નીચેનો ભાગ. આ રીતે શરીરનો જે સમપ્રમાણ આકારવિશેષ હોય છે તેને સમચતુરસ્રસંસ્થાન કહે છે. પાર્શ્વનાથ ભઘવાનનું શરીર આ પ્રકારના આકારવાળું હતું. ॥ સૂ. ૩૨ ॥

## તીર્થંકરાદિકે નામ ગોત્રપ્રાપ્ત કરનેવાલે શ્રેણિક આદિકોંકા નિરૂપણ

આગલા સૂત્રમાં પાર્શ્વનાથ ભગવાન વિષે કેટલુંક કથન કરવામાં આવ્યું. હવે સૂત્રકાર એવી નવ વ્યક્તિઓનાં નામ પ્રકટ કરે છે કે જેમણે મહાવીર ભગવાનના ( તીર્થંકરના ) શાસનમાં તીર્થંકર નામગોત્રકર્મનું ઉપાર્જન કર્યું હતું

"समणस्स णं भगवओ महावीरस्स" ઈત્યાદિ—

ટીકાર્થ–શ્રમણ ભગવાન મહાવીરના તીર્થમાં નવ જીવોએ તીર્થંકર નામ ગોત્ર કર્મનો બન્ધ કર્યો છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે–(૧) શ્રેણિક, (૨) સુપાર્શ્વ, (૩) ઉદાયી, (૪) પોટ્ટિલ અણગાર, (૫) દૃઢાયુ, (૬) શંખ, (૭) શતક, (૮) શ્રાવિકા સુલસા અને (૯) રેવતી.

શ્રેણિક–તેઓ રાજગૃહ નગરના પ્રસિદ્ધ રાજા થઇ ગયા.

સુપાર્શ્વ–તેઓ મહાવીર પ્રભુના કાકા થતા હતા.–

ઉદાયી-તેઓ શ્રેણિકના પ્રપૌત્ર કોણિકના પુત્ર હતા.

રેવતી–તે શ્રાવિકા હતી તેણે ભગવાન મહાવીરને માટે ઔષધિનું દાન કર્યું હતું. ॥ સૂ ૩૩ ॥

## ભાવી મધ્યમતીર્થંકર કેવલીકે સ્વરૂપકા નિરૂપણ

તીર્થંકરત્વને માટે યોગ્ય હોય એવાં જીવોનું કથન કરીને હવે સૂત્રકાર મધ્યમ તીર્થંકરોનું અને કેવલીઓનું કથન કરે છે–

"एस णं अज्जो कण्हे वासुदेवे" ઈત્યાદિ—(સૂ ૩૪)

ટીકાર્થ–ભગવાન મહાવીરે સાધુઓને અનુલક્ષીને આ પ્રમાણે કહ્યું–" હે આર્યો !

કૃષ્ણ વાસુદેવ નામના જે નવમાં નારાયણ છે તેઓ તથા તેમના મોટાભાઇ બળદેવ, તથા પેઢાલનો પુત્ર ઉદક, તથા પોટ્ટિલ, તથા શતક ગાથાપતિ, તથા દારુક નિર્ગ્રંથ તથા નિર્ગ્રંથીપુત્ર સત્યકિ તથા શ્રાવિકાબુદ્ધ અમ્બડ પરિવ્રાજક તથા પાર્શ્વાપત્યીયા સુપાર્શ્વા આર્યિકા, આ નવે વ્યક્તિઓ આગામી ઉત્સર્પિણીમાં ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા કરીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત્ત અને સમસ્ત દુઃખોના અંત કરનારા થશે.

(૧) નવ નારાયણો ( વાસુદેવો )માં નવમાં નારાયણ કૃષ્ણવાસુદેવ થઇ ગયા છે.

(૨) કૃષ્ણના મોટાભાઈનું નામ બળદેવ હતું. (૩) ઉદક નામના જે અણગાર થઇ ગયા તેઓ પેઢાલના પુત્ર હતા તેઓ પાર્શ્વનાથ ભગવાનના શિષ્ય હતા. તેમનું વર્ણન સૂત્રકૃતાંગના બીજા શ્રુત સ્કન્ધના નાલન્દીય નામના અધ્યયનમાં કરવામાં આવ્યું છે. તેઓ રાજગૃહ નગરના બહ્ય પ્રદેશમાં આવેલ નાલન્દાની ઇશાન દિશામાં આવેલા હસ્તિદ્વીપ નામના વનખંડમાં રહેતા હતા. તેમના મનમાં જે સંદેહ ઉત્પન્ન થયો હતો તેનું નાલંદામાં તે સમયે રહેતા ગૌતમ સ્વામીએ નિવારણ કર્યું હતું. તેથી તેમણે ચાતુર્યામ ધર્મનો ત્યાગ કરીને પંચયમ ધર્મને અંગીકાર કર્યો હતો (૪) દારુક નિર્ગ્રંથ–તેઓ કૃષ્ણવાસુદેવના પુત્ર હતા, અને ભગવાન અરિષ્ટનેમિનાથના શિષ્ય હતા. અનુત્તરોપપાતિક સૂત્રમાં તેમનું વર્ણન કરવામાં આવ્યું છે.

(૫) સત્યકી–તેઓ નિર્ગ્રંથી સાધ્વીના પુત્ર હતા. બ્રહ્મચારિણી સાધ્વીને પુત્ર કેવી રીતે હોઈ શકે, એ વાતનો ખુલાસો કરવામાં આવે છે–ચેટક મહારાજાને સુજ્યેષ્ઠા નામની એક પુત્રી હતી. તેને કોઇ કારણે સંસાર પર વૈરાગ્ય આવી ગયો, તેથી તેણે દીક્ષા અંગીકાર કરી, ત્યારબાદ કોઇ એક દિવસે તે ઉપાશ્રયમાં આતાપના લઈ રહી હતી. ત્યારે પેઢાલ નામનો કોઇ એક પરિવ્રાજક ત્યાં આવ્યો. તેણે અનેક વિદ્યાઓ સિદ્ધ કરી હતી. તે કોઇ બ્રહ્મચારિણીના પુત્રને પોતાની આ વિદ્યાઓ શિખવવા માગતો હતો તેણે સુજ્યેષ્ઠા સાધ્વીને ઉપાશ્રયમાં આતાપના કરતી નિહાળી તેણે પોતાની વિદ્યાના પ્રભાવથી ધૂમિકાવ્યામોહ કરીને ( ચારે બાજુ અંધકાર કરી દઇને ) અલક્ષિત રૂપે ( કોઇને ખબર ન પડે

એવી રીતે) પોતાના વીર્યને તે સાધ્વીની યોનિમાં દાખલ કરી દીધું. તેથી તે સાધ્વીને ગર્ભ રહ્યો અને ત્યાર બાદ યોગ્ય સમયે તેણે એક પુત્રને જન્મ આપ્યો તેનું નામ ' સાત્યકી ' રાખવામાં આવ્યું. ધીરે ધીરે બાલ્યાવસ્થા પૂરી કરીને જ્યારે તે સમજણો થયો ત્યારે તે એક દિવસ ભગવાનના સમવસરણમાં જઈ પહોંચ્યો. ત્યાં કાલસંદીપ નામનો એક વિદ્યાધર પણ આવેલો હતો. તે વિદ્યાધરે ભગવાનને વંદણા કરીને આ પ્રમાણે પૂછ્યું-" હે ભગવન્ ! મારે કોનાથી ભય પામવો પડશે ?" ભગવાને તેને કહ્યું-" તારે સાત્યકીથી ભય પામવો પડશે" (સાત્યકી તારી હત્યા કરશે). ભગવાનનો આ પ્રકારનો જવાબ સાંભળીને કાલસંદીપ સાત્યકીની પાસે જઈને તેનો તિરસ્કાર કરવા લાગ્યો-" છોકરા ! શું તું મને મારીશકીશ!" આ પ્રમાણે કહીને તે પોતાના નિવાસસ્થાન તરફ ચાલ્યો ગયો. ત્યારબાદ કોઇ એક દિવસે સાત્યકીના પિતા પેઢાલ પરિવ્રાજક વિદ્યાધરે સુજ્યેષ્ઠા પાસેથી સાત્યકીનું અપહરણ કર્યું. તે તેને પોતાને ઘેર લઇ ગયો. ત્યારબાદ તેણે તેને પોતાની વિદ્યાઓ શિખવી દીધી. પાંચ પૂર્વભવોમાં રોહિણીવિદ્યા દ્વારા સાત્યકીને મારી નાખવામાં આવ્યો હતો. તેથી પોતાના છઠ્ઠા ભવમાં જ્યારે પોતાનું છ માસનું આયુષ્ય બાકી રહ્યું હતું ત્યારે તેણે તે વિદ્યા પ્રાપ્ત કરવાની અભિલાષા છોડી દીધી. પરન્તુ આ સાતમા ભવમાં તેને તે રોહિણી વિદ્યા સિદ્ધ થઈ ગઈ. તે વિદ્યા તેના કપાળમાં છિદ્ર પાડીને તેના શરીરમાં દાખલ થઈ ગઈ તેના કપાળમાં જે છિદ્ર પડયું હતું. તેનું દેવ દ્વારા ત્રીજા નેત્રમાં પરિણમન કરવામાં આવ્યું. ત્યાર બાદ સત્યકીએ તેના પિતા પેઢાલ પરિવ્રાજકને અને કાલસંદીપ વિદ્યાધરને મારી નાખ્યા અને પોતે વિદ્યાધરોનો ચક્રવર્તી બની ગયો.

(૬) અમ્બડ-અમ્બડને શ્રાવિકાબુદ્ધ વિશેષણ લગાડવામાં આવ્યું છે તેને વિષે આ પ્રકારની કથા છે-

અમ્બડ નામનો કોઈ એક વિદ્યાધર હતો. તે ચંપા નગરીમાં રહેતો હતો અને શ્રમણોપાસક (શ્રાવક) હતો. એક દિવસ તે મહાવીર પ્રભુના દર્શન કરીને તથા ધર્મોપદેશ સાંભળીને જ્યારે તે રાજગૃહ નગર તરફ જવા ઉપડયો, ત્યારે

ભગવાન મહાવીરે અનેક જીવો પર ઉપકાર કરવા નિમિત્તે તેને આ પ્રમાણે કહ્યું-"સુલસા શ્રાવિકાને ધર્મધ્યાન કરવાનું મારા તરફથી કહેશો." જ્યારે મહાવીર પ્રભુએ તે વિદ્યાધરને આ પ્રમાણે કહ્યું ત્યારે તેના મનમાં એવો વિચાર થયો કે "સુલસા કેટલી બધી પુણ્યશાલિની છે. ત્રિલોકીનાથ ભગવાનની તેના પ્રત્યે કેવી કૃપાદષ્ટિ છે! અહો! ખુદ મહાવીર પ્રભુ તેને ધર્મધ્યાન કરવાની પ્રેરણા આપી રહ્યા છે." ત્યાર બાદ તેણે વિચાર કર્યો કે સુલસા શ્રાવિકાના સમ્યક્ત્વની મારે કસોટી કરવી જોઈએ. આ પ્રમાણે વિચાર કરીને તેણે પરિવ્રાજકનો વેષ ધારણ કર્યો. સુલસાની પાસે જઈને તેણે આ પ્રમાણે કહ્યું-"હે આયુષ્મતિ! જો તું ગુરુબુદ્ધિથી (મને ગુરુ માનીને) મને ભોજન પ્રદાન કરીશ તો તને ખૂબ જ ધર્મલાભ થશે." ત્યારે સુલસાએ તેને જવાબ આપ્યો-"ગુરુબુદ્ધિથી કોને આહાર પ્રદાન કરવો તે હું જાણું છું." એટલે કે હું આપને ગુરુબુદ્ધિથી ભોજન પ્રદાન કરી શકીશ નહીં. ત્યારે અમ્બડે પોતાની વિદ્યાના પ્રભાવથી આકાશમાં કમળનું નિર્માણ કર્યું. તે કમલ પર બેસીને તેણે લોકોને આશ્ચર્યચકિત કરી નાખ્યા. લોકોએ તેને ભોજનને માટે આમંત્રણ આપવા માંડ્યું, પણ તેણે કોઈના આમંત્રણનો સ્વીકાર ન કર્યો. ત્યારે લોકોએ તેને પૂછ્યું-"ભગવન્! માસખમણને અન્તે આપ કયા ભાગ્યશાળીના હાથનો આહાર ગ્રહણ કરીને તેના સૌભાગ્યની અભિવૃદ્ધિ કરશો?" ત્યારે અમ્બડે જવાબ આપ્યો-"હું સુલસાને ત્યાંથી આહાર ગ્રહણ કરીને તેના સૌભાગ્યની અભિવૃદ્ધિ કરીશ." તેની આ વાત સાંભળીને લોકોએ સુલસા પાસે જઈને તેને કહ્યું-"હે સુલસા! તું ઘણી ભાગ્યશાળી છે, કારણ કે માસખમણને અન્તે તે સાધુ તારા ઘરનું ભોજન વહોરીને પારણું કરવાનો છે." ત્યારે સુલસાએ કહ્યું-"હું ગુરુભાવથી (તેને મારો ગુરુ ગણીને) તેને આહાર પ્રદાન કરવા માગતી નથી." લોકોએ અમ્બડ પાસે જઇને આ વાત તેને કહી સંભળાવી. ત્યારે તેને ખાતરી થઇ ગઇ કે સુલસા પરમ સમ્યગ્દષ્ટિ જીવ છે. તેથી જ મારા આ ચમત્કારની પણ તેના ઉપર બિલકુલ અસર થઈ નથી. આ પ્રકારે સુલાસાની કસોટી કરીને તે લોકોની સાથે સુલસાને ઘેર ગયો નૈષેધિકી કરતો

થકો અને પંચ નમસ્કાર મંત્રનો જાપ કરતો તે તેના ઘરમાં દાખલ થયો. સુલસાએ પણ અભ્યુત્થાન આદિ શિષ્ટાચાર પૂર્વક તેનો સત્કાર કર્યો. અમ્બડે પણ સુલસાની ખૂબ જ પ્રશંસા કરી.

"અમ્બડ મહાવિદેહમાં સિદ્ધ પદ પ્રાપ્ત કરશે" આ પ્રકારનું જે કથન ઔપપાતિક ઉપાંગમાં કરવામાં આવ્યું છે, તે કથન આ અમ્બડને અનુલક્ષીને કરાયું નથી, પરન્તુ તે કથન અન્ય અમ્બડના વિષયમાં કરવામાં આવ્યું છે. એમ સમજવું.

સુપાર્શ્વ–તે એક આર્યિકા (સાધ્વી) હતી. તેઓ પાર્શ્વનાથ ભગવાનના શિષ્યની શિષ્યા હતાં.

ઉપર્યુક્ત નવે જીવો આગામી ઉત્સર્પિણીમાં ચાર મહાવ્રતવાળા ધર્મની પ્રરૂપણા કરીને સિદ્ધ થશે. અહીં "યાવત્" પદથી નીચેનો સૂત્રપાઠ ગ્રહણ થયો છે–બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વૃત થશે અને સમસ્ત દુઃખોનો અન્ત કરશે. તેમાંથી કેટલાક મધ્યમ તીર્થંકરો રૂપે ઉત્પન્ન થશે અને કેટલાક કેવળી રૂપે ઉત્પન્ન થશે. ॥ સૂ. ૩૪ ॥

## શ્રેણિકકે તીર્થંકરત્વકા નિરૂપણ

આગામી કાળમાં જે જીવો તીર્થંકર બનવાના છે તેમનું કથન આગલા સૂત્રમાં કરવામાં આવ્યું. મહારાજા શ્રેણિકનો જીવ પણ આગામી ઉત્સર્પિણીમાં તીર્થંકર બનવાનો છે. તેથી હવે સૂત્રકાર શ્રેણિકનું કથન કરે છે–

"एस णं अज्जो! सेणिए राया" ઈત્યાદિ—(સૂ. ૩૫)

"હે આર્યો!" આ પ્રકારનું સંબોધન કરીને મહાવીર પ્રભુ ગૌતમાદિ સાધુઓને આ પ્રમાણે કહે છે–("હે આર્યો" અહીં જે આર્ય પદનો પ્રયોગ થયો છે તે આર્ય પદની વિસ્તૃત વ્યાખ્યા ઉપાસક દશાંગ સૂત્રની મેં લખેલી અગર સંજીવની ટીકામાં આપવામાં આવ્યો છે જે નવ જીવોએ મહાવીર પ્રભુના તીર્થમાં તીર્થંકર નામ ગોત્રનું ઉપાર્જન કર્યું છે તેમનું વર્ણન ૩૩માં સૂત્રમાં

કરવામાં આવ્યું છે. તે નવ વ્યક્તિઓમાં સૌથી પહેલી વ્યક્તિ શ્રેણિક કહી છે. તેઓ મગધના મહારાજા અને તેમનું નામ બિંબિસાર પણ હતું)

કાળનો અવસર આવતા કાળધર્મ પામીને તે શ્રેણિક રાજા રત્નપ્રભા પૃથ્વીના સીમાન્તક નામના નરકાવાસમાં ૮૪ હજાર વર્ષની આયુસ્થિતિવાળા નારકોમાં નારકની પર્યાયે ઉત્પન્ન થશે. સીમન્તક નામનું પ્રથમ પ્રસ્તટ છે તે મધ્યભાગમાં સ્થિત છે અને તેનો આકાર ગોળ છે. તેનો આયામ અને વિષ્કંભ (લંબાઈ, પહોળાઇ) ૪૫ લાખ યોજનપ્રમાણ છે. શ્રેણિક રાજાનો જીવ ત્યાં એવા નરકરૂપે ઉત્પન્ન થશે કે જે કાળા વર્ણવાળો હશે, કાળાવભાસી હશે. એટલે કે દેખનાર પણ કાળરૂપે જ પ્રતિભાસિત થશે. અહીં 'યાવત્ (પર્યન્ત)' પદ વડે "गम्भीर, लोमहर्षः भीमः उद्वेगजनकः" આ પદોને ગ્રહણ કરવામાં આવ્યાં છે. આ પદો દ્વારા એવું પ્રકટ કરવામાં આવ્યું છે કે તેનો ભયવિકાર મહાન્ હશે, તેનું સ્વરૂપ ભીમ (વિકરાળ) હશે, તેનો દેખાવ ત્રાસજનક હશે, અને તેનો વર્ણ પરમ કૃષ્ણ હશે. હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે શ્રેણિક રાજાનો જીવ ત્યાં કેવી પીડા ભોગવશે–

"उज्ज्वलां, विपुलां, प्रगाढां, कटुकां, कर्कशां, चण्डां, दु खां, दुर्गां, दिव्याम्" તે પીડા ઉજ્જવળ હશે–એટલે કે આગના જેવી દઝાડનારી હશે, એટલે કે ત્યાં લેશમાત્ર સુખનો પણ સંભવ નહીં હોય તે પીડા વિપુલ હશે, એટલે કે સમસ્ત શરીરમાં વ્યથા ઉત્પન્ન કરનારી હશે, પ્રગાઢ હશે એટલે કે આખા શરીરમાં ભયંકર વેદના ઉત્પન્ન કરનારી હશે, કટુક હશે એટલે કે કડવા રસના જેવી દુઃખ દાયક અથવા કડવા દ્રવ્યના જેવી અનિષ્ટ હશે, કર્કશ હશે–કઠોર સ્પર્શથી ઉત્પાદિત અથવા કર્કશ દ્રવ્યના જેવી કઠોર હશે, ચંડ હશે–એટલે કે વેગીલી હશે અથવા તુરત જ મૂર્છિત કરી નાખનારી હશે, દુઃખ રૂપ હશે, પર્વત આદિની જેમ દુરુલ્લંઘનીય હશે, અને દિવ્ય હશે. પરમા--ધાર્મિક દેવો વડે તે પીડા કરાતી હોવાથી તેને દિવ્ય કહી છે. આ પ્રકારની અસહ્ય વેદના તેને તે નરકાવાસમાં ભોગવવી પડશે.

તે નરકમાંથી નીકળીને શ્રેણિકનો જીવ કયાં જશે તે હવે પ્રકટ કરવામાં આવે છે–તે શ્રેણિક રાજાનો જીવ ત્યાંથી નીકળીને આગામી ઉત્સર્પિણી કાળમાં આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વૈતાઢ્યગિરિની તળેટીમાં આવેલા પુંડ્ર નામના જનપદના શતદ્વાર નામના નગરમાં સંમુચિ કુલકરની ભદ્રા નામની ભાર્યાની કુખે પુત્ર રૂપે જન્મ લેશે. ભદ્રાના ગર્ભમાં નવ માસ અને સાડા સાત દિવસ રહીને તે સુંદર પુત્ર રૂપે જન્મ ધારણ કરશે, તેના હાથ પગ સુકુમાર હશે, તેની પાંચે ઇન્દ્રિયો પરિપૂર્ણ હશે એટલે કે ખોડખાંપણથી રહિત હશે, તે ઉત્તમ લક્ષણો અને ગુણોથી યુક્ત હશે અને અત્યંત સૌંદર્યસંપન્ન હશે. જે રાત્રે ભદ્રા આ પુત્રનો જન્મ આપશે, તે રાત્રે શતદ્વાર નગરમાં અને નગરની બહાર ભારાગ્રપ્રમાણ અને કુંભાગ્રપ્રમાણ એટલે કે અનેક કુંભ ભરાય એટલા પદ્મોની અને અનેક રત્નોની વર્ષા થશે. જ્યારે તે પુત્રનો જન્મ થયાને ૧૧ દિવસ પસાર થઈ જશે અને બારમો દિવસ બેસશે ત્યારે તે બાળકના માતાપિતા તેનો નામકરણ વિધિ કરશે. આ બાળકના જન્મ સમયે શતદ્વાર નગરની અંદર અને બહાર ભારાગ્રપ્રમાણ અને કુંભાગ્રપ્રમાણ (અનેક કુંભપ્રમાણ) એટલે કે પુંજરૂપે પદ્મવર્ષા અને રત્નવર્ષા થઈ હતી. તેથી આ પુત્રનું 'મહાપદ્મ' એવું નામ રાખવું જોઈએ. તે નામ જ ગુણસંપન્ન અને અર્થસંપન્ન (સાર્થક) થશે. આ વિચારથી પ્રેરાઇને તેઓ તેનું નામ 'મહાપદ્મ' રાખશે. જ્યારે મહાપદ્મ આઠ વર્ષનો થશે ત્યારે તેના માતાપિતા ઘણી જ ધામ-ધૂમથી તેનો રાજ્યાભિષેક કરાવશે. આ રીતે તે શતદ્વાર નગરનો રાજા બનશે. તે મહાપદ્મ રાજા મહા હિમવાન્, મલય, મન્દર અને મહેન્દ્રના જેવો શક્તિ-શાળી થશે. ઈત્યાદિ તેની શક્તિ, સમૃદ્ધિ આદિનું વર્ણન અન્ય શાસ્ત્રોમાં રાજાઓના વર્ણન પ્રમાણે જ ગ્રહણ થવું જોઇએ. "તે રાજ્ય કરશે" આ કથન પર્યન્તનું રાજાને લગતું સમસ્ત કથન મહાપદ્મના વિષયમાં પણ ગ્રહણ કરવું જોઈએ (જ્ઞાતાધર્મકથાંગ સૂત્રમાં રાજાનું વર્ણન આપવામાં આવ્યું છે). ત્યારબાદ બે મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલિષ્ઠ, મહા યશસ્વી અને મહા સુખશાળી દેવો તેની સેનાના કાર્યના સંવાહક થશે. તે દેવોનાં

નામ પૂર્ણભદ્ર અને મણિભદ્ર હશે. આ પ્રમાણે તેની સેનાઓનું સંચાલન કરતા દેવોને જોઈને તે શતદ્વાર નગરના અનેક રાજેશ્વરો, તલવરો, મડમ્બિકો, કૌટુમ્બિકો, ઇભ્યો, શ્રેષ્ઠિઓ, સેનાપતિઓ, સાર્થવાહો આદિ ભેગાથઈને એવો વિચાર કરશે કે "આપણા મહારાજા મહાપદ્મની સેનાનું સંચાલન પૂર્ણભદ્ર અને મણિભદ્ર નામના મહર્દ્ધિક, મહાદ્યુતિક. મહાબલિષ્ઠ મહાયશસ્વી અને મહાસુખસંપન્ન દેવો કરે છે. તો હે દેવાનુપ્રિયો! આપણા મહારાજા મહાપદ્મનું બીજું નામ દેવસેન શા માટે ન રાખવું?" આ પ્રમાણે વિચાર કરીને તેઓ તેનું બીજું નામ દેવસેન રાખશે. આ પ્રકારે તેનું દેવસેન નામ પ્રચલિત થયા બાદ કેટલોક સમય વ્યતીત થયા પછી તેની હસ્તિશાળાની કોઈ એક હાથણી એક સુંદર હસ્તિરત્નનો જન્મ આપશે. તેનો વર્ણ સફેદ હશે, અને તે શંખતલના જેવો વિમલ હશે. તે હાથીને ચાર દંતૂશળો હશે. તે શ્વેત શંખતલના જેવા વિમલ અને ચાર દંતૂશળોવાળા હાથી પર સવાર થઈને તે દેવસેન રાજા શતદ્વાર નગરના રસ્તાઓ ઉપર થઇને વારંવાર અવરજવર કરશે તેને એવા સુંદર હાથી પર બેસીને શતદ્વાર નગરમાં વિચરતો જોઇને પૂર્વોક્ત રાજેશ્વર, તલવર આદિ લોકો ફરી એકત્ર થઇને એવો વિચાર કરશે કે "હે દેવાનુપ્રિયો! આપણા દેવસેન રાજાને સફેદ વર્ણના, શંખતલ જેવાં વિમલ, ચાર દંતૂશળવાળા હસ્તિરત્નની પ્રાપ્તિ થઈ છે. તો આપણા દેવસેન રાજાનું ત્રીજું નામ વિમલવાહન શા માટે ન રાખવું?" આ પ્રમાણે વિચાર કરીને તેનું ત્રીજું નામ વિમલવાહન રાખશે. તેઓ ૩૦ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં રહેશે. ત્યાર બાદ દેવત્વ પદની જેમણે પ્રાપ્તિ કરી છે એવા તેના માતાપિતા દ્વારા તેને બોધ અપાશે. સંબુદ્ધ થયેલા એવા તે વિમલવાહન ગુરુજનોની–કુટુંબના વયોવૃદ્ધ જનોની આજ્ઞા લઈને શરદઋતુમાં સર્વશ્રેષ્ઠ મુક્તિમાર્ગની આરાધના નિમિત્તે સુભૂમિભાગ નામના ઉદ્યાનમાં જશે. પ્રવ્રજ્યા અંગીકાર કરવાને માટે જ્યારે તેઓ તે ઉદ્યાન તરફ પ્રયાણ કરશે ત્યારે લોકાન્તિક દેવો ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનોમ, ઉદાર, કલ્યાણ સ્વરૂપ ધન્ય, શિવ, મંગળવિધાયક અને શ્રીયુક્ત વાણી વડે વારંવાર તેમની પ્રશંસા કરશે. આ પ્રકારે તેમના અભિનંદનો અને સ્તુતિવચનો ઝીલતો ઝીલતો તે શતદ્વાર નગરની બહાર આવેલા સુભૂમિભાગ નામના ઉદ્યાનમાં પહોંચશે. ત્યાં તે એક દેવદૂષ્ય (દેવોદ્વારા અર્પણ થયેલું વસ્ત્ર) લઇને મુંડિત થઈને ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરશે. ત્યાર બાદ ૧૨ વર્ષ સુધી તેમના ઉપર જે કોઈ ઉપસર્ગો આવી પડશે ચાહે દેવકૃત

ઉપસર્ગો હોય, ચાહે મનુષ્યકૃત ઉપસર્ગો હોય તે ચાહે તિર્યંચકૃત ઉપસર્ગો હોય) તે ઉપસર્ગોને તે ભાગ્યશાળી વિમલવાહન મુનિરાજ સહન કરશે. ઉપસર્ગ કરનાર પર તેઓ સહેજ પણ ક્રોધ કરશે નહીં, ઉપસર્ગો સહન કરતી વખતે તેઓ બિલકુલ દીનતા નહીં બતાવે, પરન્તુ તેઓ અડગતાથી તે ઉપસર્ગોને સહન કરશે. તેઓ ઇર્યાસમિત બનશે, ભાષાસમિત બનશે, ગુપ્તબ્રહ્મચારી બનશે, અમમ (મમત્વભાવથી રહિત) બનશે, અકિંચન (ધર્મોપકરણ સિવાયની સામગ્રીથી રહિત) થશે, છિન્નગ્રંથ (દ્રવ્યગ્રંથ અને ભાવગ્રંથથી રહિત) થશે, ઉપલેપ રહિત (રાગાદિ ભાવરૂપ લેપથી રહિત) થશે, અને શાસ્ત્રોકત ભાવનાથી યુક્ત બનેલા એવા તે વિમલવાહન મુનિરાજ કાંસાના પાત્રના જેવાં 'મુક્તતોય' બનશે-સંસારબન્ધના કારજરૂપ સ્નેહભાવથી રહિત બનશે અને ઘી આદિની આહુતિથી પ્રદીપ્ત થયેલા અગ્નિના સમાન તેજથી પ્રદીપ્ત બનીને વિચરશે.

તેમની આ વિહારાવસ્થામાં તેમને કોઈ પણ પ્રકારની રુકાવટ થશે નહીં- તેઓ અપ્રતિબંધ વિહાર કરશે-એટલે કે તેમને કોઈ પણ વસ્તુ પર આસક્તિ નહીં થાય,-અંડજ વિષયક આસક્તિ પણ નહીં થાય, પોતજ વિષયક આસક્તિ પણ નહીં થાય, અવગ્રહિક (રજોહરણ આદિ)માં પણ તેમને આસક્તિ રહેશે નહીં. જે જે દિશામાં જવાનો વિચાર તેઓ કરશે, તે તે દિશામાં તેઓ અપ્રતિબદ્ધ, શુચિભૂત, લઘુભૂત અને પરિગ્રહ રહિત થઇને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા થકા વિચરશે. અનુત્તર જ્ઞાન વડે, અનુત્તર દર્શન વડે, અનુત્તર ચારિત્ર વડે, અનુત્તર આલય વડે, અનુત્તર વિહાર વડે, અનુત્તર આર્જવ વડે, અનુત્તર માર્દવ વડે, અનુત્તર લાઘવ વડે, અનુત્તર ક્ષાન્તિ વડે, અનુત્તર મુક્તિ વડે, અને સત્ય સંયમ અને તપોગુણની સમ્યક્ આરાધનાના ફલરૂપ નિર્વાહ માર્ગ વડે પોતાના આત્માને ભાવિત કરતા એવાં તે વિમલવાહન ભગવાન જયારે ધ્યાનાન્તરિકામાં (શુકલધ્યાનના બીજા પાદની સમાપ્તિમાં) વર્તમાન હશે ત્યારે અનન્ત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન અને પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થશે. ત્યારથી તેઓ છદ્મસ્થ અણગારને બદલે અર્હંત જિન ભગવાન બની જશે. આ રીતે તેઓ કેવળી, સર્વજ્ઞ અને સર્વદર્શી થઇને દેવ, મનુષ્ય અને અસુર આદિથી યુક્ત લોકની પર્યાયોને જાણી શકશે અને દેખી શકશે સમસ્ત લોકમાં સર્વે જીવોની આગતિ અને ગતિને સ્થિતિને, ચ્યવનને, ઉપપાતને, તર્કને, મનોભાવોને મુકિતને, પ્રતિસેવિત કર્મને, પ્રકટ કર્મને

અને એકાન્ત કર્મને જાણી શકાશે અને દેખી શકાશે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ કોઈ પણ વસ્તુ તેમને માટે અજ્ઞેય કે અદશ્ય નહીં રહે, ત્યાર બાદ જે પદો વપરાયાં છે તેનો અર્થ સ્પષ્ટ છે. આ સૂત્રમાં વપરાયેલાં કેટલાંક પદોનો અર્થ હવે સમજાવવામાં આવે છે

પૂર્ણભદ્ર દક્ષિણ નિકાયનો ઈન્દ્ર છે અને મણિભદ્ર ઉત્તર નિકાયનો ઇન્દ્ર છે. મહાપદ્મના પુણ્યપ્રભાવને લીધે આ બન્ને ઇન્દ્રો તેની સેનાનું સંચાલન કરશે -શત્રુઓને વશ કરશે.

રાજેશ્વર આદિ જે પદો આ વપરાયાં છે, તે પદોનો અર્થ સૂત્રમાં નીચે પ્રમાણે છે-માંડલિક જે હોય છે તેને રાજા કહે છે. ઐશ્વર્ય સંપન્ન વ્યક્તિને ઈશ્વર કહે છે. ઐશ્વર્ય સંપન્ન માંડલિક રાજાને રાજેશ્વર કહે છે.

તલવર-રાજા ખુશી થઈને જેને પટ્ટબન્ધ પ્રદાન કરે છે, અને તે પટ્ટબન્ધથી જે વિભૂષિત હોય છે એવા માણસને તલવર કહે છે.

માડમ્બિક-૫૦૦ ગામના અધિપતિને માડમ્બિક કહે છે અથવા અઢીઅઢી કોશને અંતરે વસેલાં ગામોનો જે અધિપતિ હોય છે તેને માડમ્બિક કહે છે.

કૌટુમ્બિક-પોતાના કુટુંબનું ભરણપોષણ કરવાના કાર્યમાં લીન રહેનાર માણસને કૌટુમ્બિક કહે છે, અથવા અનેક કુટુંબોનું પાલનપોષણ કરનારને કૌટુમ્બિક કહે છે.

ઇભ-હાથીને ઈભ કહે છે. હાથીના વજન જેટલા વજનના દ્રવ્યના જે અધિપતિ હોય છે તેમને ઈભ્ય કહે છે. તેમના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ, એવાં ત્રણ ભેદ કહ્યા છે. જેમની પાસે હસ્તિપ્રમાણ મણિ, મોતિ, પ્રવાલ, સોનું ચાંદી વિગેરે દ્રવ્યનો સમૂહ હોય છે, તેને જઘન્ય ઇભ્ય કહે છે. જેમની પાસે હસ્તિપ્રમાણ વજ્ર મણિ અને માણેકની દ્રવ્યરાશિ હોય છે તેમને મધ્યમ ઇભ્ય કહે છે, જેમની પાસે હસ્તિપ્રમાણ વજ્ર (હીરા)હોય છે તેમને ઉત્કૃષ્ટ ઈભ્ય કહે છે.

શ્રેષ્ઠી-જેમના ઉપર લક્ષ્મીદેવીની સદા કૃપાદષ્ટિ રહે છે, અને તે કારણે જેમના ઘરમાં લાખો રૂપીયા પડયા હોય છે અને તે કારણે રાજા જેને નગર શેઠની પદવી એનાયત કરે છે, અને નગરશેઠની પદવીનો સૂચક સુવર્ણનો પટ્ટ-બન્ધ જેમના મસ્તક ઉપર શોભતો હોય છે એવા ભાગ્યશાળી પુરુષને શ્રેષ્ઠી પુરુષ કહે છે.

સેનાપતિ-ગજદળ, હયદળ રથદળ અને પાયદળ રૂપ ચતુરંગી સેનાના નાયકને સેનાપતિ કહે છે.

સાર્થવાહ-ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય રૂપ ક્રય, વિક્રય વસ્તુઓને લઈને લાભની ઈચ્છાથી પરદેશમાં તેનું વેચાણ કરવા માટે જનારા જન-સમૂહનું યોગક્ષેમ દ્વારા પરિપાલન કરનાર તથા પોતાનું ધન તેમને આપીને તેમને સંવર્દ્ધિત કરનારને સાર્થવાહ કહે છે. જે વસ્તુને ગણીને વેચવા કે

ખરીદવામાં આવે છે એવી વસ્તુને ગણિમ કહે છે. દાખલા તરીકે નાળિયેર, સોપારી વગેરે. જે વસ્તુને ત્રાજવા વડે જોખીને અપાય છે તે વસ્તુને ધરિમ કહે છે. જેમકે ચોખા, જવ, મીઠું, સાકર વગેરે. પળી, મણુ, પાત્ર આદિ દ્વારા ભરીને જે વસ્તુ અપાય છે તેને મેય કહે છે. જેમ કે દૂધ ઘી, તેલ વગેરે. જે વસ્તુની કસોટી પથ્થર આદિ વડે પ્રત્યક્ષ કસોટી કરીને લેવા-દેવામાં આવે છે તે વસ્તુને પરિચ્છેદ્ય વસ્તુ કહે છે. જેમ કે મણિ, મોતી, પ્રવાલ, આભૂષણો વગેરે. આ રાજેશ્વરોથી લઇને સાર્થવાહ પર્યન્તના લોકો તેનું નામ દેવસેન પાડશે, કારણ કે દેવો પણ તેની સેનાનું સંચાલન કરતા હશે. દેવો દ્વારા તેની સેવા થતી હોવાથી આ નામ રાખવાનું તેમના દ્વારા સૂચન થશે.

હવે વિમલવાહન કેવી રીતે દીક્ષા અંગીકાર કરશે તે સ્પષ્ટ કરવામાં આવે છે-વિમલવાહન ૩૦ વર્ષની ઉંમર સુધી ગૃહસ્થાવાસમાં રહેશે, અને ત્યાર બાદ તેના માતાપિતાનું દેવલોકગમન થશે. દેવપર્યાય પામેલા માતાપિતા દ્વારા પ્રતિબોધિત થઈને તે દીક્ષા લેવાનો વિચાર કરશે. ગુરુજનોની-માનને પાત્ર વડીલોની અને મહત્તરોની-અતિશય મહાન વયોવૃદ્ધજનોની આજ્ઞા લઇને શરદઋતુમાં તેઓ સર્વશ્રેષ્ઠ મુક્તિમાર્ગે સંબુદ્ધ થશે. તે વખતે લોકાન્તિક દેવો તેની પાસે આવીને ઇષ્ટ આદિ પૂર્વોકત વચનો વડે વારંવાર તેને અભિનન્દન આપશે. તેઓ વારંવાર તેની સ્તુતિ કરશે. મીઠાં વચનોને ઇષ્ટવાણી કહે છે. મનને રુચે એવી વાણીને કાન્તવાણી કહે છે. જે વચનો પ્રિય લાગે તે વચનોને પ્રિય વાણી કહે છે. જે વાણી વડે મનનું હરણ થાય-જે વાણી મનને મુગ્ધ કરી નાખે છે એવી વાણીને મનોજ્ઞ વાણી કહે છે. હૃદયને આકર્ષિત કરનારી વાણીને મનઃઆમ (मनोऽम) વાણી કહે છે. ઉદાત્ત આદિ સ્પષ્ટ શબ્દોના ઉચ્ચારણથી યુક્ત હોય એવી વાણીને ઉદારવાણી કહે છે. કલ્યાણકારક વચનોને કલ્યાણવાણી કહે છે. પ્રશંસનીય વાણીને ધન્યવાણી કહે છે. જે વચનોમાં વાણીના કોઈ પણ દોષનો અભાવ હોયછે એવી વાણીને શિવ કહેછે. મંગલજન્યવાણીને મંગલ્ય કહે છે અને અલંકારોથી શોભાસંપન્ન બનેલી વાણીને સશ્રીકવાણી કહે છે. પ્રવ્રજ્યા અંગીકાર કર્યા બાદ ૧૨ વર્ષ સુધી તે દેવસેન (વિમલવાહન) અણગાર કાયોત્સર્ગ કરશે-પોતાના શરીરના મમત્વભાવનો ત્યાગ કરશે, અને ત્યારે તેમની સામે જે કોઈ દેવકૃત, મનુષ્યકૃત અથવા તિર્યંચકૃત ઉપસર્ગો આવી પડશે, તેમને સમભાવપૂર્વક સહન કરીને કર્મની નિર્જરા કરશે. "सहिष्यते" આ ક્રિયાપદ દ્વારા એ સૂચિત કરવામાં આવ્યું છે કે જ્યારે ઉપસર્ગો આવી પડશે ત્યારે તેઓ પોતાના મુખાદિ પર કોઈ પણ પ્રકારની વિકૃતિ આવવા દીધા વિના તેમને સહન કરશે. "क्षमिष्यते" આ ક્રિયાપદ દ્વારા એ વાત પ્રકટ

કરવામાં આવી છે કે તેઓ ઉપસર્ગો કરનાર ઉપર ક્રોધ નહીં કરે પણ ક્ષમા ભાવ જ રાખશે. "तितिक्षिष्यते" આ ક્રિયાપદ દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે તેઓ તે પરીષહો સહન કરવામાં કોઈ પણ પ્રકારે દીનભાવનું પ્રદર્શન નહીં કરે. "अध्यासिष्यते" આ ક્રિયાપદ દ્વારા એ પ્રકટ કરવામાં આવ્યું છે કે તેઓ જીવનની આશાથી અને મરણના ભયથી રહિત થઈને એ પરીષહોને સહન કરશે "अमम"–એટલે મમત્વભાવથી રહિત થવું. રજોહરણ આદિ ધર્મોપકરણો સિવાયની વસ્તુઓથી રહિત હોવું તેનું નામ અકિંચન છે. દ્રવ્ય ગ્રન્થ અને ભાવગ્રન્થ રૂપ બન્ને પ્રકારના ગ્રંથો (બંધનો)થી રહિત હોવું તેનું નામ 'છિન્નગ્રન્થ છે. કર્મબન્ધના કારણરૂપ જે રાગાદિભાવો છે તેનાથી રહિત હોવું તેનું નામ 'નિરુપલેપતા' છે. યથાભાવનાથી યુક્ત થવું એટલે શાસ્ત્રોક્ત વિશુદ્ધ ભાવનાથી યુક્ત થવું. અહીં જે "कांस्य-पात्रीवमुक्ततोयः" આ પ્રકારનો સૂત્રપાઠ આપવામાં આવ્યો છે તેનો ભાવાર્થ નીચે પ્રમાણે સમજવો –જેવી રીતે કાંસાની થાળીમાં પડેલું જળ પણ તેમાં લિપ્ત થતું નથી–તેલના જેવી ચીકણી વસ્તુ જેમ તે કાંસાની થાળીને ચોંટી જાય છે તેમ તે કાંસાના પાત્ર સાથે ચોંટી જતું નથી એજ પ્રમાણે સંસારના બન્ધના હેતુભૂત (કારણ રૂપ) જે સ્નેહ છે તે પણ તેમાં લિપ્ત થતો નથી. અહીં 'યાવત્' પદ દ્વારા નીચેનો સૂત્રપાઠ ગ્રહણ કરાયો છે–" संखइवनिरंजणे, जीवो इव अप्पडिहयगई, गगणमिव निरालंबणे, वाए इव निरालए, सारयसलिलं व सुद्धहियए, पुक्खरपत्तं व निरुवलेवे, कुम्मोइव गुत्तिंदिए, विहग इव सव्वओ विप्पमुक्के खग्गिविसाणमिव एगजाए, भारंडपक्खीव अप्पमत्ते, कुंजरे इव सोंडीरे वसभे इव जायथामे, सीहे इव दुद्धरिसे, मंदरे इव अप्पकंपे, सागरे इव अक्खोभे, चंदे इव सोमलेसे, सूरे इव दित्ततेए, जच्चकणगं पिव जायरूवे, वसुंधरा इव सव्वफासविसहे" હવે આ પદોનો ભાવાર્થ સ્પષ્ટ કરવામાં આવે છે–

જેવી રીતે શંખમાં કોઇ પણ અંજન રહી શકતું નથી, એજ પ્રમાણે તે વિમલવાહન અણગારમાં પણ રાગાદિ રહેશે નહીં. જેમ જીવ અપ્રતિહત ગતિથી (કોઈ પણ પ્રકારના અવરોધ રહિત ગતિથી) સર્વત્ર ગમન કરે છે, તે પ્રમાણે તે અણગાર પણ ગ્રામ નગર આદિમાં અપ્રતિબંધ વિહારી બનશે. આકાશની જેમ તેઓ પણ ગ્રામ, નગર આદિકોમાં કોઇ પણ જાતના આલં-

બનની આશાથી રહિત બનીને વિચરશે. વાયુની જેમ તેમનું પણ કોઇ નિશ્ચિત ઘર નહીં હોય, શરદઋતુમાં મળનો નાશ થઇ જવાથી જેમ જળ નિર્મળ બની જાય છે, તેમ રાગદ્વેષ રૂપ મળ દૂર થઈ જવાને કારણે તે અણગારનું ચિત્ત પણ નિર્મળ બની જશે. જેમ પાણીની ઉપર ઉગવ છતાં કમળપત્ર પાણીથી ભીંજાતુ નથી એજ પ્રમાણે તેઓ પણ સંસારીજનોની વચ્ચે રહેવા છતાં સંસારની વસ્તુઓમાં આસક્ત નહીં થાય જેમ કાચબો પોતાના અંગોને પોતાના શરીરમાં જ સંકોચી લે છે એજ પ્રમાણે તેઓ પણ અસંયતસ્થાનો-માંથી સમસ્ત ઇન્દ્રિયોને સંવૃત્ત કરી લેશે જેમ પક્ષી સંપૂર્ણ મુક્ત થઇને વિચરે છે એજ પ્રમાણે તેઓ પણ પરિવારનો ત્યાગ કરીને તથા નિયત વાસથી રહિત બનીને મુક્તપણે વિચરશે. જેમ ગેંડાને એક જ શીંગડું હોય છે તેમ તેઓ પણ રાગાદિરૂપ સહાયથી વર્જિત હોવાને કારણે માત્ર એક જ માર્ગની –નિર્વાણમાર્ગની આરાધનામાં એકાગ્ર બનશે. તેઓ ભારંડ પક્ષીની જેમ સદા અપ્રમત્ત રહેશે. ભારંડ પક્ષીને બે જીવ, ત્રણ પગ, બે મુખ, બે ડોક અને એક જ ઉદર હોય છે. છતાં પણ બન્ને જીવ અપ્રમત્તપણે-ઘણી જ સાવધાનીથી પોતાનો નિર્વાહ ચલાવે છે. જો તે બન્નેમાંથી કોઇ પણ એક જીવ પ્રમાદ કરે તો બન્નેનો નાશ થઈ જવાનો ભય રહે છે. તે કારણે તે બન્ને જીવો સદા ઉદ્યમશીલ રહે છે. આ રીતે રહે તો જ તેમનો નિર્વાહ થઈ શકે છે. એજ પ્રમાણે વિમલવાહન અણગાર પણ તપ અને સંયમની આરાધના કરવામાં બિલકુલ પ્રમાદ નહીં કરે. તેઓ કુંજરની જેમ શોન્ડીર (શત્રુઓનો નાશ કરવાને તત્પર) બનશે એટલે કે ક્રોધાદિ કષાય રૂપ શત્રુઓનો વિનાશ કરવામાં પ્રયત્નશીલ રહેશે. તેઓ સંયમ રૂપ ભારનું વહન કરવામાં વૃષભના સમાન સમર્થ બનશે. તેઓ સિંહના સમાન દુર્ધર્ષ (અજેય) બનશે એટલે કે પરીષહ અને ઉપસર્ગ રૂપ મૃગો તેમને પરાજિત કરી શકશે નહીં. મેરૂપર્વતની જેમ પ્રકમ્પ વગરના થશે અર્થાત્ પરીષહ અને ઉપસર્ગરૂપ પવનથી તે મેરૂની માફક અડગ રહેશે સાગરની જેમ તેઓ અક્ષુબ્ધ બનશે–

એટલે કે હર્ષ, શોક આદિ રૂપ ક્ષોભથી તેઓ વિહીન હશે. ચન્દ્રના સમાન સૌમ્ય લેશ્યાવાળા હશે-તેઓ અનુપતાપ રૂપ મનઃપરિણામના ધારક હશે. તેઓ સૂર્યના જેવા દીપ્ત તેજવાળા હશે એટલે કે દ્રવ્યની અપેક્ષાએ શારીરિક કાન્તિથી અને ભાવથી અપેક્ષાએ જ્ઞાનથી દેદીપ્યમાન હશે. જેવી રીતે શોધિત સુવર્ણમાં મેલ આદિ રૂપ અશુદ્ધિનો અભાવ હોવાને કારણે ચળકાટ હોય છે તેમ રાગાદિ મળનો અભાવ થઇ જવાને કારણે તેઓ નિર્મળ તેજથી દેદીપ્યમાન થશે. પૃથ્વીની જેમ તેઓ સહનશીલ હશે એટલે કે કર્કશ, કઠોર આદિ સ્પર્શોને તથા અનુકૂળ તથા પ્રતિકૂળ પરીષહોને સહન કરવાના સ્વભાવવાળા હશે. અગ્નિમાં ઘૃતાદિની આહુતિ આપવાથી જેમ અગ્નિ વધુ પ્રજ્વલિત થાય છે તેમ તેઓ પણ સદા તપ અને સંયમના તેજથી દેદીપ્યમાન થશે આ પ્રકારે સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિમલવાહન અણગાર ૧૨ વર્ષ પર્યંત છદ્મસ્થ રૂપ વિચરશે.

અહીં મૂળમાં જે "कंसे संखे" ઈત્યાદિ-ઇત્યાદિ બે ગાથાઓ આપી છે. તેમનો અર્થ પણ ઉપર દર્શાવ્યા પ્રમાણે જ છે.

"नत्थिणं" ઇત્યાદિ—આ પ્રકારે વિચરતા વિમલવાહન અણગારમાં કોઇ પણ વસ્તુ પ્રત્યે આસક્તિ નહીં રહે. આસક્તિ ચાર પ્રકારની કહી છે—(૧) અંડજ આસક્તિ-ઇંડામાંથી ઉત્પન્ન થતાં હંસ, મોર આદિ જીવોને અંડજ કહે છે. આ હંસ, મયૂર આદિ પક્ષીઓ મારાં છે, આ પ્રમાણે માનવું તેનું નામ અંડજ આસક્તિ છે આ પ્રકારની આસક્તિથી તેઓ રહિત હશે અથવા-સૂત્ર (દોરા) માંથી જે વસ્ત્રાદિક બનાવવામાં આવે છે તેમનું નામ અંડજ છે. આ અંડજ-નિર્મિત વસ્ત્રોમાં મમત્વભાવ ન રાખવો તેનું નામ અંડજઆસક્તિ વિહીનતા છે. (૨) પોતજ આસકિત-હાથી, ગાય, આદિ જીવોને પોતજ કહે છે. તે જીવો પ્રત્યે આસકિત રાખવી તેનું નામ પોતજ આસક્તિ છે, તે વિમલવાહન અણગાર પોત જ આસકિતથી રહિત હશે. અથવા-"पोयएइवा" આ પદની સંસ્કૃત છાયા "पोतके वा" થાય છે. આ સંસ્કૃત છાયાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તેનો અર્થ આ પ્રમાણે થશે-બાલકમાં અથવા સૂતરાઉ વસ્ત્રમાં તેમને આસક્તિ નહીં રહે. (૩) પ્રગ્રહિક આસક્તિ-રજોહરણ, સદોરક

મુહપત્તી આદિ ઉપકરણો સાધુ માટે આવશ્યક ગણાય છે તે ધર્મોપકરણોને પ્રગ્રહિક કહે છે. તેમના પ્રશસ્ત અને અપ્રશસ્ત વિષયમાં હર્ષ અને શોક ન કરવો તેનું નામ પ્રગ્રહિત આસક્તિનો ત્યાગ છે. તે વિમલવાહન અણગાર પ્રગ્રહિક શક્તિથી ત્યાગ રહિત બનશે.

"जं णं" ઈત્યાદિ-તેઓ જે દિશામાં વિચરવાની ઇચ્છા કરશે તે દિશામાં અપ્રતિબદ્ધ (ભાવ શુદ્ધિથી યુક્ત) થઈને, લઘુભૂત (અલ્પઉપધિવાળા અને ગૌરવના ત્યાગી હોવાને કારણે હળવા) થઈને, અનાત્મગ્રન્થ (સોના, આદિના પરિગ્રહથી રહિત) થઈને, (આગમના અતિશય જ્ઞાતા) થઈને અથવા "अणुप्पगंथे" અનુપ્રગ્રન્થ (વીતરાગના શાસ્ત્રથી સંપન્ન) થઈને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરશે.

"तस्सणं" ઇત્યાદિ—આ પ્રકારે ૧૨ વર્ષ સુધી સંયમ અને સમ્યક્ આરાધના કર્યા બાદ તે વિમલવાહન અણુગારને કેવળજ્ઞાન કેવળદર્શનની પ્રાપ્તિ થશે એજ વાતનું હવે લંબાણથી વિવેચન કરવામાં આવે છે–

તે વિમલવાહન અણુગાર અનુત્તર (અસાધારણ) જ્ઞાન, દર્શન અને ચારિત્રથી, અનુત્તર વસતિ (ઉપાશ્રય) રૂપ આલયથી અનુત્તર વિહારથી અને આર્જવ, માર્દવ, લાઘવ, ક્ષાન્તિ, મુક્તિ (નિર્લોભતા) આદિ વડે, તથા સમ્યક્ પ્રકારે આરાધિત અને ઉત્કૃષ્ટતા યુક્ત સંયમ અને તપથી તથા ફલપ્રધાન મુક્તિમાર્ગથી આત્માને ભાવિત કરતા થકા વિચરશે. આ પ્રકારે વિચરતા એવા તે તે અણુગાર જ્યારે ધ્યાનાન્તરિકામાં (શુકલધ્યાનના દ્વિતીય તૃતીયપાદના મધ્ય ભાગ રૂપ ધ્યાનાન્તરિકામાં-એટલે કે શુકલ ધ્યાનના દ્વિતીય પાદની સમાપ્તિમાં અને તૃતીય પાદની અસમાપ્તિમાં) સ્થિત હશે ત્યારે તેમને અનન્ત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન અને પ્રતિપૂર્ણ, સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાન ઉત્પન્ન થશે.

"तएणं से" ત્યારે તે દેવસેન (વિમલવાહન) અણુગાર ભગવાન અર્હંત જિન કેવલી સર્વજ્ઞ અને સર્વદર્શી થઇ જશે. ત્યાર બાદ તેઓ દેવ, મનુષ્ય અને અસુર રૂપ લોકની પર્યાયને અને સમસ્ત લોકમાં સર્વ જીવોની આગતિ આદિને જાણી શકશે અને દેખી શકશે. અહીં "આદિ" પદ દ્વારા પ્રકટ કર્મ પર્યન્તનું પૂર્વોક્ત બધું તેઓ જાણી–દેખી શકશે એમ સમજવું સંસારની કોઈ પણ વસ્તુ તેમને માટે અજ્ઞેય કે અદૃષ્ટ નહીં રહે. ॥ સૂ. ૩૫ ॥

## મહાપદ્મજિનકે દ્વારા પ્રરૂપિત હોનેવાલે આરમ્ભ આદિ સ્થાનોંકા નિરૂપણ

" से जहाणामए अज्जो ! " ઇત્યાદિ—(સૂ. ૩૬)

આ સૂત્રની વ્યાખ્યા સરળ છે. " एगे आरंभट्ठाणे " પ્રમાદ–યોગ રૂપ એક આરંભસ્થાનની પ્રજ્ઞાપના તેઓ કરશે બાકીના કથનનો અર્થ સરળ છે ॥સૂત્ર ૩૬॥

આગલા બે સૂત્રમાં આગામી ઉત્સર્પિણીમાં થનારા મહાપદ્મ જિનેશ્વર વિષે કહેવામાં આવ્યું. મહાવીર સ્વામીના જન્માદિ વખતે જેમ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર ચાલતું હતું, તેમ મહાપદ્મ જિનેશ્વરના જન્માદિના સમયે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ચાલતું હતું. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લીધે હવે સૂત્રકાર નક્ષત્ર વિશેષોનું નિરૂપણ કરે છે–" णव णक्खत्ता चंदस्स पच्छंभागा " ઇત્યાદિ–(સૂ. ૩૭)

ટીકાર્થ–નવ નક્ષત્ર ચન્દ્રના પૃષ્ઠ ભાગમાં સ્થિત કહ્યા છે. ચન્દ્રમાં નવ નક્ષત્રોને અતિક્રમ કરીને પીઠ દઈને ભોગવે છે એટલે કે આ નવ નક્ષત્રો ચન્દ્રની પાછળ રહેલાં છે–(૧) અભિજિત્, (૨) શ્રવણ, (૩) ધનિષ્ઠા, (૪) રેવતી, (૫) અશ્વિની, (૬) મૃગશીર્ષ, (૭) પુષ્ય, (૮) હસ્ત અને (૯) ચિત્રા. ॥ સૂત્ર ૩૭ ॥

## નક્ષત્રવિશેષકા નિરૂપણ

આગલા સૂત્રમાં નક્ષત્રોની વાત કરી. નક્ષત્ર વિશેષોમાં વિમાનોનો સદ્-ભાવ હોય છે. વિમાનોનો પૂર્વસૂત્ર સાથે આ પ્રકારનો સંબંધ હોવાથી હવે સૂત્રકાર આ નવમાં સ્થાન સાથે સુસંગત એવું કલ્પવિશેષગત વિમાનોનું કથન કરે છે–" आणयपाणयआरणच्चुएसु " ઇત્યાદિ—(સૂ. ૩૮)

આનત, પ્રાણત, આરણ અને અચ્યુત, આ ચાર કલ્પોમાં જે વિમાનો છે તેમની ઊંચાઇ નવ યોજનની કહી છે. ॥ સૂત્ર ૩૮ ॥

## કલ્પવિશેષ મેં રહે હુએ વિમાનકી સંખ્યાકા નિરૂપણ

વિમાન વિશેષોની ઊંચાઇનું કથન કરીને સૂત્રકાર કુલકર વિશેષની ઊંચાઈનું કથન કરે છે-विमलवाहणेणं कुलगरे " ઇત્યાદિ—(સૂ ૩૯)

વિમલવાહન કુલકર ૯૦૦ ધનુષપ્રમાણ ઊંચા હતા. (સૂ ૩૯)

કુલ કર વિશેષની ઉંચાઇનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર કુલકર વિશેષ ઋષભદેવે તીર્થની જે પ્રવૃત્તિ કરી હતી તેનું નિરૂપણ કરે છે—

" उसभेण अरहया कोसलिएणं " ઇત્યાદિ—(સૂ. ૪૦)

કોશલ દેશમાં ઉત્પન્ન થયેલા ઋષભદેવ અર્હંતે આ અવસર્પિણી કાળની નવ સાગરોપમ કોટી કોટી સમાપ્ત થઈ ગયા બાદ તીર્થની પ્રવૃત્તિ કરી હતી. ॥ સૂત્ર ૪૦ ॥

## ઋષભ કુલકર વિશેષ ઋષભ પ્રવર્તિત પ્રવૃત્તિકા નિરૂપણ

આગલા સૂત્રમાં એવું કહેવામાં આવ્યું કે ઋષભ કુલકરે તીર્થની પ્રવૃતિ કરી. તે કુલકર મનુષ્ય જ હોય છે. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લઇને હવે સૂત્રકાર અન્તરદ્વીપજ મનુષ્યોના ક્ષેત્રનું પ્રમાણ કહે છે–

ઘણદંત લટ્ઠદંત" ઈત્યાદિ—(સૂ. ૪૧)

સૂત્રનો અર્થ સુગમ છે. ઘનદન્ત, લષ્ટદન્ત, ગૂઢદન્ત અને શુદ્ધદન્ત આ ચાર અન્તરદ્વીપ છે. તે પ્રત્યેક અન્તરદ્વીપનો આયામ (લંબાઈ) અને વિષ્કંભ (પહોળાઈ) ૯૦૦-૯૦૦ યોજનની કહી છે. ॥ સૂ. ૪૧ ॥

નવસો યોજનના પ્રમાણવાળા અન્તર દ્વીપોની વાત કરીને હવે સૂત્રકાર સમભૂમિભાગથી ઉપર ૯૦૦ યોજનપ્રમાણ ઊંચાઈની નીચે ગમન કરનારા ગ્રહ વિશેષની વીથિના પ્રમાણનું કથન કરે છે–

## ગ્રહ વિશેષવીથિ પ્રમાણકા નિરૂપણ

"सुक्कस्स णं महागहस्स णव वीहिओ" ઈત્યાદિ—(સૂ ૪૨)

શુક્ર મહાગ્રહની નવ વીથિઓ (માર્ગો) કહી છે–જેમ કે–(૧) હયવીથિ, (૨) ગજવીથિ, (૩) નાગવીથિ, (૪) વૃષભવીથિ, (૫) ગોવિથી, (૬) ઉરગવીથિ, (૭) અજવીથિ, (૮) મૃગવીથિ, અને (૯) વૈશ્વાનરવીથિ.

વીથિ એટલે માર્ગ અથવા ક્ષેત્રવિભાગ. આ વીથિઓ સામાન્ય રીતે ત્રણ ત્રણ નક્ષત્રો વડે થાય છે. ॥ સૂત્ર ૪૨ ॥

વીથિ વિશેષમાં ચાલવાથી શુક્ર આદિ ગ્રહો મનુષ્ય આદિકો પર અનુગ્રહ અને નિગ્રહ કરે છે. તેથી સત્રકાર દ્રવ્યાદિ સામગ્રીના નિમિત્ત વડે કર્મોના ઉદયાદિના સદ્ભાવને લઈને કર્મસ્વરૂપનું કથન કરે છે–

णवविहे नोकसायवेयणिज्जे कम्मे पण्णत्ते" ઈત્યાદિ—(સૂ. ૪૩)

નો કષાય વેદનીય કર્મના નીચે પ્રમાણે નવ પ્રકાર કહ્યા છે-(૧) સ્ત્રીવેદ, (૨) પુરુષવેદ, (૩) નપુંસકવેદ, (૪) હાસ્ય, (૫) રતિ, (૬) અરતિ, (૭) ભય (૮) શોક અને (૯) જુગુપ્સા.

અહીં "નો" શબ્દ સહચરના અર્થમાં વપરાયો છે. તેથી કષાયોના જે સહચર છે તેમને નોકષાય રૂપ સમજવા જોઈએ. "कषाय नो वेदनीय" એવો પાઠ આપવામાં આવ્યો છે, તેનો શબ્દ આર્ષ હોવાથી તેનો પૂર્વનિપાત (પૂર્વ મૂકવ.ની ક્રિયા) કરી નાખવાને લીધે આપવામાં આવેલ છે. નોકષાય રૂપે જે કર્મનું વેદન કરવામાં આવે છે તે કર્મને નોકષાય વેદનીય કહે છે. બાકીનો પાઠ સુગમ છે. ॥ સૂત્ર ૪૩ ॥

ઉપર્યુક્ત કર્મના પ્રભાવથી જીવ અનેક કુલ કોટિઓમાં ઉત્પન્ન થાય છે. તેથી હવે સૂત્રકાર  લકોટિઓનું કથન કરે છે-

"चउरिंदियाणं णव जाइ कुलकोडी" ઈત્યાદિ—(સૂ. ૪૪)

ચતુરિન્દ્રિય જીવોની કુલકોટિ સંખ્યા નવ લાખ કહી છે. ભુજપરિસર્પ સ્થલચર તિર્યંચોની કુલકોટિસંખ્યા નવ લાખ કહી છે. આ સૂત્રની વ્યાખ્યા સ્પષ્ટ છે. ॥ સત્ર ૪૪ ॥

## કુલકરકે કોટિકા નિરૂપણ

"जीवाणं णवट्ठाणणिवत्तिए" ઈત્યાદિ—(સ. ૪૫)

ટીકાર્થ–જીવોએ નવ સ્થાનોમાં મિથ્યાત્વ આદિ કારણો વડે ઉપાર્જિત પુદ્ગલોનો –કર્મદલિકોનો પાપકર્મ રૂપે ચય (સંગ્રહ) કર્યો છે, વર્તમાનમાં પણ તેઓ તેમનો ચય કરતા જ રહેશે તે નવ સ્થાન નીચે પ્રમાણે છે-(૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેજસ્કાય, (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય, (૬) દ્વીન્દ્રિય, (૭) ત્રીન્દ્રિય, (૮) ચતુરિન્દ્રિય અને (૯) પંચેન્દ્રિય. ॥ સ. ૪૫ ॥

## પુદ્ગલકે સ્વરૂપકા નિરૂપણ

કર્મપુદ્ગલોના ચય આદિનું કથન કરીને હવે સૂત્રકાર તેની સાથે સુસંગત એવું પુદ્ગલોનું નિરૂપણ કરે છે-

णव पएसिया खंधा अणंता " ઈત્યાદિ—(સ. ૪૬)

નવ પ્રદેશોવાળા સ્કન્ધ અનન્ત કહ્યા છે. નવ પ્રદેશોમાં અવગાઢ (રહેલાં) પુદ્ગલ અનંત કહ્યાં છે. (યાવતૂ) નવ ગણાં રૂક્ષ પુદ્ગલ અનંત કહ્યાં છે સૂ. ૪૬।

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "સ્થાનાંગ સૂત્ર" ની સુધા નામની ટીકામાં નવમું સ્થાન સમાપ્ત ॥ ૯ ॥

## દશવેં સ્થાનકા વિષય વિવરણ

# દશમા સ્થાનનો પ્રારંભ

નવમાં સ્થાનની પ્રરૂપણા પૂરી કરીને હવે સૂત્રકાર દસમાં સ્થાનની પ્રરૂપણાનો પ્રારંભ કરે છે. નવમાં સ્થાન સાથે આ દસમાં સ્થાનનો સંબંધ આ પ્રકારનો છે-નવમાં સ્થાનમાં જીવ અને અજીવનું નવ સ્થાનોની દૃષ્ટિએ પ્રતિ પાદન કરાયું છે. આ દસમાં સ્થાનમાં દસ સ્થાનોની અપેક્ષાએ તેમનું પ્રતિપાદન કરવામાં આવશે. નવમાં સ્થાનના છેલ્લા સૂત્ર સાથે આ સ્થાનના પહેલા સૂત્રનો સંબંધ આ પ્રકારનો છે-નવમાં સ્થાનના અન્તિમ સૂત્રમાં નવ ગણાં રૂક્ષ ગુણવાળાં પુદ્ગલો અનંત કહ્યાં છે. તે પુદ્ગલો અસંખ્યાત પ્રદેશોવાળા લોકમાં વ્યાપ્ત છે-આ પ્રકારની તેમની લોકસ્થિતિ છે. તેથી હવે સૂત્રકાર આ સ્થાનના પહેલા સૂત્રમાં તે લોકસ્થિતિનું નિરૂપણ કરે છે-

## લોકસ્થિતિકા નિરૂપણ

" दसविहा लोगट्ठिई पण्णत्ता " ઇત્યાદિ—(સૂ ૧)

ટીકાર્થ-પંચ અસ્તિકાયરૂપ આ લોકની સ્થિતિ (લોકનો સ્વભાવ) દસ પ્રકારની કહી છે, જે આ પ્રમાણે છે-(૧) જીવો વારંવાર મરીને લોકરૂપ દેશમાં અથવા

ગતિમાં અથવા જાતિમાં અથવા કુલમાં વારંવાર સાન્તરરૂપે કે નિરન્તરરૂપે ઉત્પન્ન થતાં રહે છે. આ પ્રકારની પહેલી લોકસ્થિતિ કહી છે (૨) બીજી લોકસ્થિતિ આ પ્રકારની છે–જીવો દ્વારા સદા–પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનન્તકાળ સુધી –નિરન્તર મોક્ષના વિઘાતક પાપકર્મોરૂપ જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં પાપ કર્મોનો બન્ધ થતો રહે છે. (૩) ત્રીજી લોકસ્થિતિ આ પ્રકારની છે–જીવો દ્વારા અનન્તકાળ સુધી નિરન્તર મોહનીય કર્મની પ્રધાનતાને લીધે મોહનીય આઠ પ્રકારનાં પાપકર્મોનો બંધ થતો રહે છે. (૪) ચોથી લોકસ્થિતિ આ પ્રકારની છે–ત્રણે કાળમાં એવું કદી બન્યું નથી, બનતું નથી અને બનવાનું પણ નથી એટલે કે એ વાત બિલકુલ અસંભવિત છે કે જીવ અજીવ બની જાય અને અજીવ જીવ બની જાય એટલે કે જીવ કદી પણ અજીવ રૂપતાને પ્રાપ્ત કરતો નથી. (૫) પાંચમી લોકસ્થિતિ આ પ્રકારની છે–ત્રણે કાળમાં એવું કદી સંભવી શકતું નથી કે આ લોકમાંથી ત્રસ જીવોનો વ્યુચ્છેદ (સંદતર નાશ થઈ જાય અને માત્ર સ્થાવર જીવોનો જ સદ્ભાવ રહે.—

(૬) છટ્ઠી લોકસ્થિતિ આ પ્રકારની છે–લોક અલોક રૂપે પરિણમન પામી જાય, અને અલોક લોક રૂપે પરિણમી જાય, એવી વાત પણ ત્રણે કાળમાં બની નથી, એટલે કે એ વાત પણ સર્વથા અસંભવિત છે.

(૭) સાતમી લોકસ્થિતિ આ પ્રકારની છે–એ વાત પણ ત્રણે કાળમાં કદી સંભવી શકવાની નથી કે લોકનો અલોકમાં પ્રવેશ થઇ જાય અને અલોકનો પ્રવેશ લોકમાં થઈ જાય.

આઠમી લોકસ્થિતિ આ પ્રકારની છે–જેટલા ક્ષેત્રમાં લોકનો વ્યપદેશ થાય છે–જેટલા ક્ષેત્રને લોકને નામે ઓળખવામાં આવે છે, એટલાં ક્ષેત્રમાં જીવોનું અસ્તિત્વ છે અને જેટલાં ક્ષેત્રમાં જીવોનું અસ્તિત્વ છે એટલાં જ ક્ષેત્રમાં લોક છે.

(૯) નવમી લોકસ્થિતિ આ પ્રકારની છે-( આ ભેદમાં જે " जाव ताव, तावं, ताव " આ પદોનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે વાકયવિન્યાસની સુંદરતાને માટે કરવામાં આવ્યો છે. એજ પ્રમાણે આગળ પણ સમજવું ) જેટલાં ક્ષેત્રમાં જીવો અને પુદ્ગલોની ગતિરૂપ પર્યાય છે એટલાં ક્ષેત્રમાં લોકવ્યપદેશ (લોક શબ્દનો પ્રયોગ) છે અને જેટલાં ક્ષેત્રમાં લોકવ્યપદેશ છે એટલાં ક્ષેત્રમાં જીવોની અને પુદ્ગલોની ગતિપર્યાય છે.

(૧૦) દસમી લોકસ્થિતિ આ પ્રકારની છે-સમસ્ત લોકાન્તોમાં પુદ્ગલો અબદ્ધપાર્શ્વસ્પૃષ્ટ જ છે. એટલે કે તેઓ ગાઢ રૂપે સંશ્લિષ્ટ પણ નથી અને માત્ર નામના જ સ્પૃષ્ટ પણ નથી. આ પ્રકારે તે પુદ્ગલો રૂક્ષ દ્રવ્યાન્તરની સાથે ગાઢ સંશ્લેષ અને પાર્શ્વસ્પર્શ આ બન્નેથી રહિત છે. આ કથનનો

ભાવાર્થ એ છે કે તે પુદ્ગલો જો કે દ્રવ્યાન્તરના સંપર્કથી અસંજાત રૂક્ષ પરિણામવાળાં છે, કારણ કે તેઓ સ્વભાવતઃજ રસ રૂપે પરિણત થાય છે, અથવા સમસ્ત લોકાન્તોમાં જે સ્વભાવથી જ રૂક્ષતા હોય છે તેના વડે તે પુદ્ગલો અબદ્ધપાર્શ્વસ્પૃષ્ટ-પરસ્પરમાં અસંબદ્ધ-કરાય છે એટલે કે ત્યાં જઈ ને તેઓ વિકીર્ણ થઈ જાય છે. અર્થાત્ વેરાઈજાય છે તેઓ ત્યાં સંપૂર્ણ વિકીર્ણ થતાં નથી. પરન્તુ એટલાં જ વિકીર્ણ થાય છે. કે જેટલાં વિકીર્ણ થવાને લીધે કર્મપુદ્ગલ અને પરમાણુપુદ્ગલઆદિ લોકાન્તમાંથી બહાર જવાને માટે સમર્થ બની શકે નહીં. ।સૂ ૧।

લોકસ્થિતિ (લોક સ્વભાવ) એવો છે કે પુરુષ દ્વારા ઉચ્ચારિત શબ્દપુદ્ગલો લોકાન્તમાં જાય છે. આ પ્રકારના પૂર્વસૂત્ર સાથેના સંબંધને લઈને હવે સૂત્રકાર શબ્દભેદોનું કથન કરે છે-दसविहे सद्दे पण्णत्ते ઈત્યાદિ ( સૂ. ૨ )

## શબ્દભેદકા નિરૂપણ

મૂલાર્થ-શબ્દના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે-(૧) નિર્હારી (૨) પિંડિમ, (૩) રૂક્ષ, (૪) ભિન્ન, (૫) જર્જરિત, (૬) દીર્ઘ, (૮) હ્રસ્વ, (૮) પૃથક્ત્વ (૯) કાકણી અને (૧૦) કિંકિણી.

ટીકાર્થ-શ્રોત્રેન્દ્રિય દ્વારા ગ્રાહ્ય જે નિયત ક્રમવર્ણવાળો ધ્વનિ હોય છે તેનું નામ શબ્દ છે. હવે આ દસે પ્રકારના શબ્દોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે-

ઘંટના અવાજ જેવો જે ધ્વનિ થાય છે તે ધ્વનિને નિર્હારી શબ્દ કહે છે. આ શબ્દ ઘોષથી યુક્ત હોય છે. મોટા ઢોલ, નગારાં આદિના અવાજની જેમ જે શબ્દઘોષથી રહિત હોય છે તેને "પિંડિમ શબ્દ" કહે છે. કાગડા આદિના અવાજ જેવો જે અવાજ હોય છે તેને "રૂક્ષશબ્દ" કહે છે. કુષ્ઠ રોગ આદિથી પીડિત જીવના અવાજ જેવો જે અવાજ હોય છે તે અવાજને 'ભિન્નશબ્દ' કહે છે. તંત્રીક (તારવાળાં વાદ્યોને

તંત્રીક કહે છે) કરટિકા આદિ વાદ્યના અવાજ જેવો જે અવાજ હોય છે તેને 'જર્જરિત શબ્દ' કહે છે. "આ" આદિ દીર્ઘ વર્ણના ઉચ્ચારણની જેમ જે શબ્દ દીર્ઘવર્ણવાળો હોવાના કારણે દીર્ઘ ઉચ્ચારવાળો હોય છે તેને 'દીર્ઘશબ્દ' કહે છે. અથવા જે અવાજ મેઘ આદિના અવાજની જેમ દૂરથી શ્રવણ કરવાને યોગ્ય હોય છે તે અવાજને "દીર્ઘશબ્દ" કહે છે. "अ, इ" ઇત્યાદિના ઉચ્ચારનની જેમ જે શબ્દ હ્રસ્વવર્ણવાળાં અક્ષરને કારણે હ્રસ્વ ઉચ્ચારવાળો હોય છે તેને 'હ્રસ્વશબ્દ' કહે છે. અથવા વીણા આદિના સૂરની જેમ જે સૂર સમીપમાંથી જ સાંભળવા યોગ્ય હોય છે તેને 'હ્રસ્વશબ્દ' કહે છે. અનેક તુરી આદિ વાજિંત્રોના સંયોગથી-વિવિધ પ્રકારનાં વાજિંત્રોના સંયોગથી-યમલ શંખાદિના ધ્વનિ જેવો જે ધ્વનિ થાય છે તેનું નામ "પૃથકત્વશબ્દ" છે. સૂક્ષ્મ કંઠ વડે ગવાતાં ગીતનો જે ધ્વનિ હોય છે તેને 'કાકલી શબ્દ' કહે છે. નાની ઘંટડીને કિંકિણી કહે છે. તે કિંકિણીના ધ્વનિ જેવા અવાજને "કિંકિણી સ્વર" કહે છે. ॥ સૂત્ર ૨ ॥

શબ્દના ઉપર્યુક્ત ૧૦ ભેદો શ્રવણેન્દ્રિય દ્વારા ગ્રાહ્ય છે. તેથી હવે સૂત્રકાર કાળભેદને અનુલક્ષીને ઇન્દ્રિયાર્થોનું કથન કરે છે-

## દશ પ્રકારકે ઇન્દ્રિયાર્થો કા નિરૂપણ

"दस इंदियत्था तीया पण्णत्ता" ઈત્યાદિ—(સૂ ૩)

**ટીકાર્થ**-ભૂતકાલિક ઇન્દ્રિયાર્થ દસ કહ્યા છે. તે દસ પ્રકાર નીચે પ્રમાણે સમજવા-કેટલાક પુરુષો એવાં થયાં છે કે જેમણે વિવક્ષિત શબ્દ સમૂહની અપેક્ષાએ એક દેશ (ભાગ)રૂપે કેટલાક શબ્દોને સાંભળ્યા છે. કેટલાક પુરુષો એવાં થયાં છે કે જેમણે સમુદાયરૂપે પણ શબ્દોને સાંભળ્યા છે આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-જેમને સંભિન્ન શ્રોતોલબ્ધિ થઈ ગઇ છે તેમણે તે અવસ્થામાં સમસ્ત ઈન્દ્રિયો વડે શબ્દોને સાંભળ્યા છે અને જેમને તે લબ્ધિ પ્રાપ્ત થઇ નથી તેમણે ઇન્દ્રિયોની અપેક્ષાએ માત્ર શ્રોત્રેન્દ્રિય વડે જ શબ્દોને સાંભળ્યા છે અથવા દેશતઃ એટલે એક કાન વડે અને સર્વતઃ એટલે બે કાન, વડે આ અર્થની દૃષ્ટિએ વિચારવામાં આવે તો અહીં આ સૂત્રપાઠનો અર્થ આ પ્રમાણે થાય છે-કેટલાક પુરુષોએ એક કાનથી શબ્દ દિકોને સાંભળ્યા છે અને કેટલાક પુરુષોએ બન્ને કાન વડે શબ્દાદિકોને સાંભળ્યા છે. એજ પ્રમાણે કેટલાક પુરુષોએ ભૂતકાળમાં એક દેશથી પણ રૂપોનું અવલોકન કર્યું છે અને કેટલાક પુરુષોએ ભૂતકાળમાં સર્વદેશથી (સર્વદેશતઃ) પણ રૂપોનું અવલોકન કર્યું છે. એજ પ્રમાણે ભૂતકાળમાં કેટલાક પુરુષોએ દેશ અને સર્વ રૂપે ગન્ધોનું, રસોનું અને સ્પર્શોનું અનુભવન કર્યું છે (૧)

એજ પ્રમાણે વર્તમાનકાલિક ઇન્દ્રિયાર્થ પણ દસ કહ્યા છે. જેમ કે કેટલાક પુરુષો દેશરૂપ શબ્દોને સાંભળે છે અને કેટલાક સર્વતઃ (સર્વરૂપે) પણ શબ્દોને સાંભળે છે. કેટલાક દેશતઃ રૂપોને દેખે છે અને કેટલાક સર્વતઃ રૂપોને દેખે છે કેટલાક દેશરૂપે ગંધોનું અનુભવન કરે છે અને કેટલાક સર્વરૂપે ગંધોનું અનુભવન કરે છે એ જ રીતે કેટલાક દેશ રૂપે રસોનું અને કેટલાક સર્વ રૂપે રસોનું અનુભવન કરે છે. કેટલાક દેશ રૂપે સ્પર્શોનું અને કેટલાક સર્વરૂપે સ્પર્શોનું અનુભવન કરે છે. (૨)

ભવિષ્યકાલિક ઇન્દ્રિયાર્થ પણ એજ પ્રમાણે દસ પ્રકારના કહ્યા છે. જેમ કે–કેટલાક લોકો દેશ રૂપે શબ્દોને સાંભળશે અને કેટલાક સર્વ રૂપે શબ્દોને સાંભળશે. કેટલાક દેશ રૂપે રૂપોનું અવલોકન કરશે અને કેટલાક સર્વ રૂપે રૂપોનું અવલોકન કરશે. કેટલાક દેશ રૂપે ગન્ધોનું અનુભવન કરશે અને કેટલાક દેશ રૂપે અને કેટલાક સર્વ રૂપે રસોનું અનુભવન કરશે. કેટલાક દેશ રૂપે અને કેટલાક સર્વ રૂપે સ્પર્શોનું સંવેદન કરશે. આ સૂત્રનો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

પાંચ ઇન્દ્રિયોના પાંચ વિષય કહ્યા છે. જેમ કે શ્રોત્રેન્દ્રિયનો વિષય શબ્દોનું શ્રવણ કરવાનો છે. ભૂતકાળ, વર્તમાન કાળ અને ભવિષ્યકાળની અપેક્ષાએ તેમનો વિચાર કરવામાં આવે તો પ્રત્યેક કાળની અપેક્ષાએ તેમના પાંચ –પાંચ ભેદ પડે છે. તે પાંચ ઇન્દ્રિયાર્થોને એક દેશ રૂપે અને સર્વ દેશ રૂપે પોતપોતાની ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ કરવાની અપેક્ષાએ બબ્બે ભેદ પડી જાય છે. આ રીતે ભૂતકાલિક ઇન્દ્રિયાર્થ ૧૦ પ્રકારના, વર્તમાનકાલિક ઇન્દ્રિયાર્થ પણ દસ પ્રકારના થઇ જાય છે. ॥ સૂત્ર ૩ ॥

## પુદ્ગલકે સ્વરૂપકા નિરૂપણ

ઇન્દ્રિયોના વિષયભૂત જે પદાર્થો છે તેઓ પુદ્ગલોના ધર્મ રૂપ છે. તેથી હવે સૂત્રકાર પુદ્ગલના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

"दसहिं ठाणेहिं अच्छिन्ने पोग्गले" ઇત્યાદિ—(સૂ ૪)

ટીકાર્થ-દશ કારણોને લીધે અચ્છિન્ન-અલગ નહીં પડેલું-શરીરમાં અથવા અમુક સ્કન્ધમાં સંબદ્ધ હોય એવું પુદ્ગલ સ્થાનાન્તરમાં જઇ શકે છે. તે દસ કારણો નીચે પ્રમાણે છે-

(૧) આહાર રૂપે ગ્રહણ કરાયેલું પુદ્ગલ એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકે છે. (૨) જે પરિણમ્યમાન (જઠરાગ્નિ વડે પરિણતિને પામેલું) પુદ્ગલ હોય છે તે પણ એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકે છે. (૩) ઉચ્છ્વસ્યમાન પુદ્ગલ (જે ઉચ્છ્વાસના વાયુરૂપ પુદ્ગલ હોય છે તે) પણ એક સ્થાનેથી બીજે સ્થાને જઇ શકે છે. (૪) નિઃશ્વસ્યમાન પુદ્ગલ (નિઃશ્વાસ વાયુરૂપ પુદ્ગલ) પણ એક સ્થાનેથી બીજે સ્થાને ગમન કરી શકે છે. (૫) જે વેદ્યમાન પુદ્ગલ (અનુભૂયમાન કર્મપુદ્ગલ) હોય તે પણ એક સ્થાનેથી બીજે સ્થાને જઇ શકે છે. (૬) જે પુદ્ગલો નિર્જીર્યમાન હોય છે-એક દેશથી ક્ષીયમાણ હોય છે-તે એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકે છે. (૭) જે વિક્રિયમાણ પુદ્ગલ હોય છે-વૈક્રિય શરીરરૂપ પરિણતિને પામેલું પુદ્ગલ હોય છે, તે પણ એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકે છે. (૮) જે પરિચાર્યમાણ પુદ્ગલ હોય છે, એટલે કે જે મૈથુનક્રિયા દ્વારા જન્ય પુદ્ગલ હોય છે અથવા જે વીર્યરૂપ પુદ્ગલ હોય છે તે પણ એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકે છે. (૯) યક્ષાવિષ્ટ પુદ્ગલ-ભૂતાદિ વડે અધિષ્ઠિત હોય એવું પુદ્ગલ પણ ચલાયમાન થાય છે એટલે કે એક સ્થાનેથી બીજે સ્થાને જઇ શકે છે.

(૧૦) જે પુદ્ગલ વાતપરિણત હોય છે-દેહગત વાયુથી પ્રેરિત હોય છે. તે પણ એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકે છે. ॥ સૂત્ર ૪ ॥

ઇન્દ્રિયોના વિષયભૂત પુદ્ગલ ધર્મોનો આશ્રય લઈને ક્રોધની ઉત્પત્તિ થાય છે. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લઇને હવે સૂત્રકાર ક્રોધની ઉત્પત્તિના દસ કારણોનું નિરૂપણ કરે છે–"दसहिं ठाणेहिं कोहुप्पत्ती सिया" ઇત્યાદિ (સૂ. ૫)

ટીકાર્થ–દશ કારણોને લીધે ક્રોધની ઉત્પત્તિ થાય છે. તે દશ કારણો નીચે પ્રમાણે છે–(૧) આ પુરુષે મારાં મનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગન્ધનું હરણ કરાવ્યું હતું (૨) આ પુરુષે મને અમનોજ્ઞ શબ્દાદિકો સમર્પિત કર્યા હતા. એજ પ્રકારે વર્તમાનકાલિક અને ભવિષ્યકાલિક મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દાદિ વિષયક અપહાર અને ઉપહારનો આશ્રય લઇને બીજાં ચાર કારણોનું કથન કરી શકાય. પૂર્વોક્ત બે કારણો સાથે આ ચાર કારણોનો સંયોગ કરવાથી ક્રોધોત્પત્તિનાં ૬ સ્થાનો (કારણો)નું પ્રતિપાદન અહીં સુધીમાં પૂરૂં થાય છે.

ત્રણે કાળમાં કર્તૃક (કરાયેલ) મનોજ્ઞ શબ્દાદિ વિષયક એક અપહારનો (તેનાથી વંચિત કરવાની ક્રિયાનો) જ આશ્રય લઈને સાતમું સ્થાન (કારણ) નક્કી થઈ જાય છે. ત્રણે કાળમાં કર્તૃક અમનોજ્ઞ શબ્દાદિ વિષય ઉપર (તેનો સંયોગ કરાવવાની ક્રિયા)નો આશ્રય લઇને આઠમું સ્થાન (કારણ) નક્કી કરી શકાય છે. તેથી ત્રણે કાળમાં કર્તૃક એક મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દાદિ વિષયક અપહાર અને ઉપહારનો આશ્રય લઇને ક્રોધોત્પત્તિનું નવમું સ્થાન (કારણ) નક્કી કરી શકાય છે. દસમું કારણ નીચે પ્રમાણે છે–કોઇ વ્યક્તિ એવી માન્યતા સેવતી હોય છે કે હું તો આચાર્ય અને ઉપાધ્યાયો પ્રત્યે સમ્યક્ વર્તન રાખું છું–તેમનો આદર કરું છું, પણ તેઓ મારા પ્રત્યે વિપરીત રૂપે જ વર્તે છે. આ પ્રકારના કારણને લીધે પણ ક્રોધની ઉત્પત્તિ થાય છે. ॥ સૂત્ર–૫ ॥

આગલા સૂત્રમાં ક્રોધોત્પત્તિનાં કારણોનું પ્રતિપાદન કરવામાં આવ્યું. સંયમી જીવો ક્રોધ કરતા નથી. તેથી સંયમના, સંયમથી વિપરીત એવા અસંયમના, સંવરના તથા સંવરથી વિરૂદ્ધ એવાં અસંવરના ભેદોનું સૂત્રકાર નિરૂપણ કરે છે–

"दसविहे संजमे पण्णत्ते" ઇત્યાદિ—(સૂ. ૬)

સૂત્રાર્થ—સંયમના નીચે પ્રમાણે દસ પ્રકાર કહ્યા છે.

(૧) પૃથ્વીકાયિક સંયમ (૨ થી ૫) અપ્કાયિકથી લઈને વનસ્પતિ કાયિક સંયમ પર્યન્તના ચાર પ્રકારો. (૬ થી ૯) દ્વીન્દ્રિય સંયમથી લઈને પંચેન્દ્રિય સંયમ પર્યન્તના ચાર પ્રકારો અને (૧૦) અજીવકાય સંયમ.

અસંયમના પણ નીચે પ્રમાણે દસ પ્રકાર કહ્યા છે.—

(૧) પૃથ્વીકાયિક અસંયમ, (૨) અપ્કાયિક અસંયમ, (૩) તેજસ્કાયિક અસંયમ, (૪) વાયુકાયિક અસંયમ, વનસ્પતિકાયિક અસંયમ (૬ થી ૯) દ્વીન્દ્રિય અસંયમથી લઇને પંચેન્દ્રિય અસંયમ પર્યન્તના ચાર પ્રકારો (૧૦) અજીવકાય અસંયમ.

સંવરના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે. (૧ થી ૫) શ્રોત્રેન્દ્રિય સંવર થી લઇને સ્પર્શેન્દ્રિય સંવર સુધીના પાંચ પ્રકારો, (૬) મનાસંવર, (૭) વક્-સંવર, (૮) કાયસંવર, (૯) ઉપકરણસંવર અને (૧૦) સૂચીકુશાગ્રસંવર.

અસંવરના નીચે પ્રમાણે ૧૦ પ્રકારો કહ્યા છે–શ્રોત્રેન્દ્રિય અસંવરથી લઈને સૂચીકુશાગ્રઅસંવર પર્યન્તના ઉપર્યુક્ત દસ પ્રકારો અહીં ગ્રહણ કરવા જોઈએ.

ઉપકરણ સંવરનો અર્થ હવે સ્પષ્ટ કરવામાં આવે છે–પરિમાણથી અધિક અને અકલ્પનીય વસ્ત્ર, પાત્ર આદિ ગ્રહણ ન કરવા તેનું નામ ઉપકરણ સંવર છે. અથવા ફેલાયેલા (વિખરાયેલાં) વસ્ત્ર દિ ઉપકરણોને એકઠાં કરવા તેનું નામ ઉપકરણ સંવર છે. ઔપધિક ઉપકરણોના પ્રમાણને મર્યાદિત કરવાથી ઉપકરણ સંવર થાય છે.

સૂચીકુશાગ્ર સંવર–સોય અથવા દર્ભની અણી પર રહી શકે એટલી અલ્પ પ્રમાણ વસ્તુને પણ યતનાપૂર્વક નીચે મૂકવી તેનું નામ સૂચીકુશાગ્ર સંવર છે.

અહીં જે દસ ભેદોને બતાવવામાં આવ્યા છે. તેમાંના છેલ્લા બે ભેદો (ઉપકરણ સંવર અને સૂચીકુશાગ્રસંવર દ્રવ્યવિષયક છે. અસંવરના દસ ભેદો સંવરના દસ ભેદો કરતાં વિપરીત સ્વરૂપવાળા હોય છે. ॥ સૂત્ર ૬ ॥

## અસંવરકા વિશેષ પ્રકારકા કથન

આગલા સૂત્રમાં ૧૦ પ્રકારના અસંવરો પ્રકટ કરવામાં આવ્યા. હવે સૂત્રકાર તે અસંવરના વિષયમાં વિશેષ કથન કરે છે–

"दसहिं ठाणेहिं अहमंतीइ थंभिज्जा" ઇત્યાદિ–(સૂ. ૭)

ટીકાર્થ–"હું જાતિ આદિની અપેક્ષાએ "શ્રેષ્ઠ છું," આ પ્રકારે ગર્વ કરવો તેનું નામ 'અહમ્' અથવા અભિમાન છે. अहम् + अन्ती = अहमन्ती "હું અન્તી છું" એટલે કે જાતિ આદિની અપેક્ષાએ હું શ્રેષ્ઠ છું. આ પ્રકારનો અહંકાર કરનારને 'અહમન્તી' કહે છે. આ પ્રકારના અહમન્તીના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર પડે છે–

(૧) જાતિમદ–માતૃવંશને જાતિ કહે છે. "હું વિશુદ્ધ માતૃવંશમાં ઉત્પન્ન થયો છું," આ પ્રકારનો જાતિનો મદ કરવાથી માણસ અહમન્તી બને છે.

(૨) કુલમદ–પિતૃવંશને કુળ કહે છે. "હું વિશુદ્ધ કુળમાં ઉત્પન્ન થયો છું, આ પ્રકારનો મદ કરવો તેનું નામ કુળમદ છે. એવો મદ કરનાર માણસ પણ અહમન્તી (અહંકારી) ગણાય છે. અહીં 'યાવત્' પદથી નીચેનો સૂત્રપાઠ ગ્રહણ થયો છે–"बलमएणं, रूवमएणं, सुयमएणं, तवमएणं, लाभमएणं" (૩) બલમદ, (૪) રૂપમદ, (૫) શ્રુતમદ, (૬) તપમદ અને (૭) લાભમદ, આ મદોને કારણે પણ માણસ અહંકારી બને છે. આ પદોનો અર્થ સમજી શકાય એવો છે. હવે અહંકારના બાકીનાં ત્રણ સ્થાનો પ્રકટ કરવામાં આવે છે–(૮) ઐશ્વર્યમદ–પોતાનો વૈભવ ઘણો જ છે એવો મદ પણ માણસને થાય છે અને તે કારણે પણ તે અહંકારી બને છે. (૯) લબ્ધિમદ–"મારી પાસે એવી લબ્ધિ છે કે નાગકુમાર અને સુપર્ણકુમાર પણ મારી પાસે જ્યારે હું ધારું ત્યારે તુરત જ આવી જાય છે" આ પ્રકારના મદને લબ્ધિમદ કહે છે. આ મદને કારણે પણ માણસ અહંકારી બને છે. દસમું સ્થાન નીચે પ્રમાણે છે. સાધારણ પુરુષો કરતાં પણ મેં વધારે જ્ઞાનદર્શનની પ્રાપ્તિ કરી છે અથવા જ્ઞાન અને દર્શન જેટલું ઉત્પન્ન થવું જોઇએ, તેટલું મારામાં ઉત્પન્ન થઇ ગયું છે, આ પ્રકારનો મદ કરવાથી પણ માણસ અહમન્તી થઇ જાય છે ॥ સૂત્ર ૭॥

જાત્યાદિ મદોથી વિપરીત સમાધિ હોય છે. તેથી હવે સૂત્રકાર સમાધિના ભેદોનું કથન કરે છે અને ત્યારબાદ સમાધિથી વિપરીત એવી અસમાધિના ભેદોનું નિરૂપણ કરે છે—"दसविहा समाही पण्णत्ता" ઈત્યાદિ—( સૂ. ૮ )

ટીકાર્થ–સામાન્ય રૂપે રાગાદિકોનો અભાવ હોવો તેનું નામ સમાધિ છે. ઉપાધિ-ભેદની અપેક્ષાએ તે સમાધિના નીચે પ્રમાણે દસ પ્રકાર પડે છે–(૧) પ્રાણાતિપાત વિરમણ, (૨) મૃષાવાદ વિરમણ, (૩) અદત્તાદાન વિરમણ, (૪) મૈથુન વિરમણ, (૫) પરિગ્રહ વિરમણ, (૬) ઇર્યાસમિતિ, (૭) ભાષાસમતિ, (૮) એષણાસમિતિ, (૯) આદાનભાંડમત્રનિક્ષેપણા સમિતિ, અને (૧૦) ઉચ્ચારપ્રસ્રવણશ્લેષ્મ જલ્લશિંઘાણ પરિષ્ઠાપનિકા સમિતિ.

અસમાધિના પણ દસ પ્રકાર પડે છે. તે પ્રકારો નીચે પ્રમાણે છે–(૧ થી ૫) પ્રાણાતિપાતથી લઇને પરિગ્રહ પર્યન્તના પાંચ પ્રકારો. (૬) ઇર્યાઅસમિતિ (૭) ભાષાઅસમિતિ, (૮) એષણાઅસમિતિ, (૯) આદાનભાંડમત્ર નિક્ષેપણાઅસમિતિ, અને (૧૦) ઉચ્ચાર પ્રસ્રવણ–શ્લેષ્મજલ્લશિંઘાણ પરિષ્ઠાપનિકા અસમિતિ. ।સૂ ૮।

સુપ્રવ્રજ્યાનો આધાર સમાધિ પર રહે છે અને અસમાધિને કારણે પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા રૂપ બની જાય છે. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લીધે હવે સૂત્રકાર પ્રવ્રજ્યાના દસ પ્રકારોનું નિરૂપણ કરે છે—

"दसविंहा पव्वज्जा पण्णत्ता" ઇત્યાદિ—(સૂ. ૯)

ટીકાર્થ=સાવદ્ય વ્યાપારોથી નિવૃત્ત થવું. સાવદ્ય કૃત્યોનો પરિત્યાગ કરવો તેનું નામ પ્રવજ્યા છે. તે પ્રવજ્યાના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે-(૧) છન્દા, (૨) રોષા, (૩) પરિદ્યૂના, (૪) સ્વપ્ના, (૫) પ્રતિશ્રુતા, (૬) સ્મારણિકા, (૭) રોગિણિકા, (૮) અનાદૃતા, (૯) દેવ સંજ્ઞાપ્તિ, અને (૧૦) વત્સાનુબન્ધિકા.

જે પ્રવજ્યા પોતાના અથવા પરકીય અભિપ્રાયને આધારે ધારણ કરાય છે તે પ્રવજ્યાને છન્દા પ્રવ્રજ્યા કહે છે. જેમ કે ભગવાન મહાવીરની સાથે વાદવિવાદ કરવા આવેલા ગૌતમાદિએ જે પ્રવજ્યા અંગીકાર કરી હતી તે સ્વકીય અભિપ્રાયને કારણે અંગીકાર કરી હતી. ભવદત્તે જે પ્રવજ્યા અંગીકાર કરી હતી તે પોતાના ભાઈના અભિપ્રાયને કારણે અંગીકાર કરી હતી આ રીતે સ્વકીય અથવા પરકીય અભિપ્રાયથી પ્રેરાઈને જે દીક્ષા અંગીકાર કરવામાં આવે છે તેને છન્દા પ્રવજ્યા કહે છે.

(૨) રોષ–રોષને કારણે જે પ્રવજ્યા ધારણ કરાય છે તે પ્રવજ્યાનું નામ રોષાપ્રવજ્યા છે. જેમ કે શિવભૂતિએ રોષને કારણે પ્રવજ્યા અંગીકાર કરી હતી. તેથી તે પ્રવજ્યાને રોષા પ્રવજ્યા કહી શકાય.

(૩) પરિદ્યૂન એટલે દારિદ્રય. કાષ્ઠહારકની જેમ જે પ્રવજ્યા દારિદ્રયને કારણે લેવામાં આવે છે તેને પરિદ્યૂના પ્રવજ્યા કહે છે.

(૪) કોઇ વિશિષ્ટ સ્વપ્નને કારણે અથવા પુષ્પચૂલાની જેમ સ્વપ્નમાં જે પ્રવજ્યા ધારણ કરવામાં આવે છે તેને સ્વપ્ના પ્રવજ્યા કહે છે.

(૫) શાલિભદ્રના બનેવી ધન્યની જેમ જે પ્રવજ્યા પ્રતિજ્ઞાને કારણે ધારણ કરાય છે તે પ્રવજ્યાને પ્રતિશ્રુત પ્રવજ્યા કહે છે.

(૬) જે પ્રવજ્યા પૂર્વભવ આદિના સ્મરણને કારણે ધારણ કરાય છે તે પ્રવજ્યાને સ્મારણિકા પ્રવજ્યા કહે છે. મલ્લિનાથ ભગવાન દ્વારા જે ૭ રાજાઓને પૂર્વભવનું સ્મરણ કરાવવામાં આવ્યું હતું તે રાજાઓની પ્રવજ્યાને સ્મારણિકા પ્રવજ્યા કહી શકાય. (૭) સનત્કુમારની જેમ જે પ્રવજ્યા રોગને કારણે ગ્રહણ કરાય છે તે પ્રવજ્યાને રોગિણિકા પ્રવજ્યા કહે છે. (૮) નન્દિષેણની જેમ જે પ્રવજ્યા અનાદરને કારણે લેવામાં આવે છે તે પ્રવજ્યાને અનાદૃતા પ્રવજ્યા કહે છે.

(૯) મેતાર્ય આદિની જેમ જે પ્રવજ્યા દેવકૃત પ્રતિબોધથી પ્રેરાઇને લેવામાં આવે છે તે પ્રવજ્યાને દેવસંજ્ઞપ્તિ પ્રવજ્યા કહે છે. (૧૦) વૈર સ્વામીની માતા જેમ જે પ્રવજ્યા પુત્ર પ્રત્યેના સ્નેહને કારણે લેવામાં આવે છે તે પ્રવજ્યાને વત્સાનુબન્ધિપ્રવજ્યા કહે છે. ॥ સૂત્ર ૯ ॥

## દશ પ્રકારકે શ્રમણધર્મકા નિરૂપણ

પ્રવજ્યાયુક્ત વ્યક્તિ જ શ્રમણધર્મની અધિકારી થઇ શકે છે. તેથી હવે સૂત્રકાર શ્રમણધર્મોના દસ પ્રકારોનું વર્ણન કરે છે.

"दसविहे समणधम्मे पण्णत्ते" ઇત્યાદિ—(સૂ. ૧૦)

ટીકાર્થ–શ્રમણધર્મ દસ પ્રકારના કહ્યા છે–(૧) ક્ષાન્તિ, (૨) મુક્તિ, (૩) આર્જવ, (૪) માર્દવ, (૫) લાઘવ, (૬) સત્ય, (૭) સંયમ, (૮) તપ, (૯) ત્યાગ અને (૧૦) બ્રહ્મચર્યવાસ.

પોતાની નિન્દા થતી સાંભળવાથી પણ ક્રોધ ન કરવો અથવા પોતાનું અહિત કરનાર પ્રત્યે પણ ક્ષમાભાવ રાખવો તેનું નામ ક્ષાન્તિ છે. બાહ્ય અને આભ્યન્તર વસ્તુઓ પ્રત્યેના લોભનો ત્યાગ કરવો તેનું નામ મુક્તિ છે. માયા (કપટ)નો ત્યાગ કરવો તેનું નામ આર્જવ છે. માનનો પરિત્યાગ કરવો તેનું નામ માર્દવ છે. દ્રવ્યની અપેક્ષાએ અલ્પ ઉપધિ (ઉપકરણો) રાખવી અને ભાવની અપેક્ષાએ ગૌરવત્રયનો ત્યાગ કરવો તેનું નામ લાઘવ છે. સત્ય બોલવું તેનું નામ સત્ય છે. પ્રાણાતિપાત આદિના ત્યાગનું નામ સંયમ છે. આઠ પ્રકારના કર્મોને જે બાળી નાખે છે તેને તપ કહે છે. સાંભોગિક મુનિઓને આહારાદિ આપવા તેનું નામ બ્રહ્મચર્યવાસ છે. ॥ સૂત્ર ૧૦ ॥

## દશ પ્રકારકી વૈયાવૃત્યકા નિરૂપણ

વૈયાવૃત્ય પણ શ્રમણધર્મ જ ગણાય છે. તેથી હવે સૂત્રકાર વૈયાવૃત્યના દસ પ્રકારોનું વર્ણન કરે છે-"दसविहे वेयावच्चे पण्णत्ते" ઈત્યાદિ—(સૂ. ૧૧)

ટીકાર્થ-શુભ વ્યાપારવાળાનો જે ભાવ અથવા તેનું જે કર્મ હોય છે તેનું નામ વૈયાવૃત્ય છે. ધર્મોપગ્રહકારી વસ્તુરૂપ ભક્ત (આહાર) આદિ દ્વારા ગ્લાન (બીમાર, અશક્ત) આદિ સાધુઓની સેવા કરવી તેનું નામ વૈયાવૃત્ય છે. તે અથવા વ્યાવૃત (સેવા)નો જે ભાવ છે અથવા સેવાનું જે કાર્ય છે તેનું નામ વૈયાવૃત્ય છે. તે વૈયાવૃત્યના નીચે પ્રમાણે દસ પ્રકાર પડે છે-(૧) આચાર્ય વૈયાવૃત્ય, (૨) ઉપાધ્યાય વૈયાવૃત્ય, (૩) સ્થવિર વૈયાવૃત્ય, (૪) તપસ્વી વૈયાવૃત્ય, (૫) ગ્લાન વૈયાવૃત્ય, (૬) શૈક્ષ વૈયાવૃત્ય, (૭) કુલ વૈયાવૃત્ય, (૮) ગણ વૈયાવૃત્ય, (૯) સંઘ વૈયાવૃત્ય અને (૧૦) સાધર્મિક વૈયાવૃત્ય.

પહેલાં નવ પ્રકારોનો અર્થ આજ ગ્રન્થમાં આગળ આપવામાં આવેલ છે. સમાન ધર્મનું નામ સધર્મ છે. સમાન ધર્મથી રહેનારા અથવા સમાન સધર્મવાળા જે સાધુઓ હોય છે તેમને સાધર્મિક કહે છે. તેમના વૈયાવૃત્યને સાધર્મિક વૈયાવૃત્ય કહે છે. ॥ સૂત્ર ૧૧ ॥

## જીવકે પરિણામકા નિરૂપણ

વૈયાવૃત્ય જીવધર્મરૂપ છે. તેથી હવે સૂત્રકાર જીવપરિણામોનું નિરૂપણ કરે છે-"दसविहे जीवपरिणामे पण्णत्ते" ઈત્યાદિ—(સૂ ૧૨)

ટીકાર્થ-જીવપરિણમનરૂપ પરિણામ દસ પ્રકારનું કહ્યું છે. તે દસ પ્રકારો નીચે પ્રમાણે છે-(૧) ગતિપરિણામ, (૨) ઈન્દ્રિયપરિણામ, (૩) કષાયપરિણામ, (૪) લેશ્યાપરિણામ, (૫) યોગપરિણામ, (૬) ઉપયોગપરિણામ. (૭) જ્ઞાનપરિણામ, (૮) દર્શનપરિણામ, (૮) ચારિત્રપરિણામ અને (૧૦) વેદનાપરિણામ.

પરિણમનરૂપ પરિણામના બે પ્રકાર પડે છે-(૧) દ્રવ્યાર્થિક નયની માન્યતા પ્રમાણેનું પરિણમન અને પર્યાયાર્થિક નયની માન્યતા પ્રમાણેનું પરિણમન.

જે દ્રવ્ય કોઈ અપેક્ષાએ (રીતે) પોતાનું અસ્તિત્વ ટકાવી રાખીને ઉત્તર પર્યાયરૂપ ધર્માન્તરને ધારણ કરે છે, તે પ્રકારના પરિણમનને દ્રવ્યાર્થિક નયની માન્યતા પ્રમાણેનું પરિણમન કહે છે.

આ કથન અનુસાર દ્રવ્યમાં પૂર્વપર્યાયનું સર્વથા અવસ્થાન (અસ્તિત્વ) પણ હોતું નથી અને તેનો સંપૂર્ણતઃ નાશ પણ થતો નથી. કહ્યું પણ છે કે-

"परिणामो ह्यर्थान्तरगमनं" ઈત્યાદિ—

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–એક પર્યાયમાંથી બીજી પર્યાયમાં પરિણમન થવાની વાત દ્રવ્યમાં જ સંભવી શકે છે, કારણ કે પર્યાયોના આધાર રૂપ દ્રવ્ય હોય છે. તેથી જ્યારે એક પર્યાયનો પરિત્યાગ કરીને પર્યાયાન્તર (અન્યપર્યાય)ને ધારણ કરે છે ત્યારે તે દ્રવ્યના મૌલિક રૂપનો નાશ થતો નથી. પૂર્વપર્યાયમાં તેનું જેવું અસ્તિત્વ હતું એવું જ તેનું અસ્તિત્વ પર્યાયાન્તરમાં પણ ટકી રહે છે. તેથી અર્થાન્તરગમન જ પરિણામ છે,–દ્રવ્યનું સદા એક સરખી સ્થિતિમાં રહેવું તેનું નામ પરિણામ (પરિણમન) નથી. આ અવસ્થામાં પણ પૂર્વપર્યાયનો તે દ્રવ્યમાં સર્વથા વિનાશ પણ થતો નથી અને તેનું સર્વથા અવસ્થાન પણ રહેતું નથી, કારણ કે જ્યારે કોઈ એક પર્યાયમાં જ્યારે તે દ્રવ્યનું પરિણમન થાય છે, ત્યારે તે પૂવપર્યાય દ્રવ્યમાં અન્તર્હિત થઈ જાય છે–એજ તેનું પ્રથમ પર્યાયથી રહિત થવાનું કાર્ય (પરિણમન) છે.

પર્યાયાર્થિક નયની માન્યતા આ પ્રકારની છે–જ્યારે દ્રવ્યમાં ઉત્તરપર્યાયનો ઉત્પાદ (ઉત્પત્તિ) થાય છે, ત્યારે તો તે દ્રવ્યમાં તે ઉત્તર પર્યાય અસત્ (અવિદ્યમાન) હોય છે અને તેનો તેમાં ઉત્પાદ થાય છે, તેથી આ ઉત્તરપર્યાયની અપેક્ષાએ દ્રવ્યનો ઉત્પાદ અને વર્તમાનમાં સત્ (વિદ્યમાન) પર્યાયની અપેક્ષાએ તેનો વિનાશ થાય છે. કહ્યું પણ છે કે–"सत्पर्ययेण नाशः" ઇત્યાદિ—

જીવનું જે પરિણામ છે તે જીવપરિણામ પ્રયોગકૃત હોય છે. તેના જે દસ પ્રકારો કહ્યા છે તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–ગતિ નામકર્મના ઉદયથી જીવમાં નારક આદિરૂપ જે ઓળખવામાં આવે છે–તેનું નામ ગતિપરિણામ છે. તે ગતિપરિણામના નારક આદિ ચાર ભેદ પડે છે. જ્યાં સુધી ભવનો ક્ષય થતો નથી, ત્યાં સુધી જીવમાં આ ગતિપરિણામનો સદ્ભાવ રહે છે.

દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય રૂપ જીવનું પરિણામ છે તેને ઇન્દ્રિયપરિણામ કહે છે. તે ઇન્દ્રિયપરિણામ શ્રોત્રાદિના ભેદથી પાંચ પ્રકારનું છે–

કષાયરૂપ જે જીવનું પરિણામ છે તેને કષાયપરિણામ કહે છે. તે ક્રોધાદિના ભેદથી ચાર પ્રકારનું હોય છે.

લેશ્યારૂપ જે જીવનું પરિણામ છે તેનું નામ લેશ્યાપરિણામ છે તેના કૃષ્ણલેશ્યા આદિ રૂપ છ પ્રકાર કહ્યા છે.

યોગરૂપ જે જીવનું પરિણામ છે તેને યોગપરિણામ કહે છે. મનઃયોગ, વચનયોગ અને કાયયોગના ભેદથી તે યોગપરિણામ ત્રણ પ્રકારનું કહ્યું છે. વસ્તુને જાણવાને માટે જીવ જે વ્યાપાર (પ્રવૃત્તિ) કરે છે, તેનું નામ ઉપયોગ રૂપ જે વ્યાપાર હોય છે તેને ઉપયોગ પરિણામ કહે છે. તેના સાકાર અને અનાકાર એવા બે ભેદો છે.

જ્ઞાનરૂપ જે જીવનું પરિણામ છે તેને જ્ઞાનપરિણામ કહે છે. તે જ્ઞાન-પરિણામના આભિનિબોધિક આદિ પાંચ પ્રકાર છે જો કે મિથ્યાદૃષ્ટિ જીવના જ્ઞાન રૂપે પ્રસિદ્ધ મત્યજ્ઞાન, શ્રુતાજ્ઞાન, અને વિભંગજ્ઞાન, આ ત્રણે અજ્ઞાનરૂપ પરિણામવાળાં હોવાથી અજ્ઞાનરૂપ જ હોય છે, છતાં પણ વિશેષ ગ્રહણના સાધર્મ્યને લીધે તેઓ પણ જ્ઞાનપરિણામના ગ્રહણથી જ ગૃહીત થયાં છે, એમ સમજવું જોઇએ. દર્શનરૂપ જીવનું જે પરિણામ છે તેને દર્શનપરિણામ કહે છે. તે દર્શન-પરિણામના સમ્યકત્વ, મિથ્યાત્વ અને મિશ્રરૂપ ત્રણ ભેદ કહ્યા છે. ચારિત્રનો અર્થ ક્રિયારૂપ જે જીવનું પરિણામ છે તેને ચારિત્રપરિણામ કહે છે. તે સામાયિક આદિના ભેદથી પાંચ પ્રકારનું હોય છે. વેદ રૂપ જીવનું જે પરિણામ છે તેને વેદપરિણામ કહે છે. તેના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર છે. સ્ત્રીવેદ, પુંવેદ અને નપુંસકવેદ.

અહીં જીવના પરિણામનો ગતિપરિણામ, ઇન્દ્રિયપરિણામ, સંભવી શકે છે. આ કારણે સૌથી પહેલાં ગતિપરિણામનો નિર્દેશ કરવામાં આવ્યો છે. ગતિ-પરિણામ પછી સૌથી ઇન્દ્રિયપરિણામ જ થાય છે, તે કારણે ગતિપરિણામનો નિર્દેશ કરીને ત્યારબાદ ઇન્દ્રિયપરિણામનો નિર્દેશ કરાયો છે ઇન્દ્રિયપરિણામનો સદ્ભાવ હોય તો જ ઇષ્ટ અને અનિષ્ટ વિષયનો સંબંધ થાય છે, અને તે કારણે જ રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. તે કારણે ઇન્દ્રિયપરિણામનો નિર્દેશ કર્યા

બાદ કષાયપરિણામનો નિર્દેશ કરવામાં આવ્યો છે કષાયપરિણામનું અસ્તિત્વ હોય તો જ લેશ્યાપરિણામ સંભવી શકે છે, તે કારણે ત્યાર બાદ લેશ્યાપરિણામનો નિર્દેશ કરાયો છે.

શંકા-આપ એવું કઈ દલીલને આધારે કહો છો કે કષાયપરિણામ હોય ત્યારેજ લેશ્યાપરિણામ સંભવી શકે છે?

ઉત્તર-ક્ષીણકષાયવાળા જીવોમાં લેશ્યાપરિણત હોય છે, પરન્તુ જે ક્ષીણ લેશ્યાવાળો જીવ છે તેમાં કષાયપરિણામ હોતું નથી. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-બારમાં ગુણસ્થાનવર્તી જીવ ક્ષીણકષાયવાળો હોય છે, ત્યાં લેશ્યાપરિણામનો પણ સદ્ભાવ હોય છે. પરન્તુ જ્યાં લેશ્યા ક્ષીણ થઈ જાય છે એવાં ૧૪માં ગુણસ્થાનવાળા જીવમાં કષાયપરિણામનો સદ્ભાવ હોતો નથી. એજ કારણે ક્ષીણકષાયવાળાની શુકલલેશ્યા પરિણતિ દેશોન પૂર્વ કોટિ પર્યન્ત હોય છે. કહ્યું પણ છે કે-" मुहुत्तद्धं तु जहन्ना " ઈત્યાદિ-

તે કારણે કષાય પરિણામનો નિર્દેશ કર્યા બાદ લેશ્યાપરિણામનો નિર્દેશ કરાયો છે. યોગપરિણામનો સદ્ભાવ હોય ત્યારે જ લેશ્યાપરિણામનો સદ્ભાવ રહે છે; કારણ કે જેના યોગનો નિરોધ થઈ ગયો છે એવાં જીવનું-૧૪મા ગુણસ્થાનવાળા જીવનું-લેશ્યાપરિણામ દૂર થઇ જાય છે. તેથી જ એવું કહ્યું છે કે "समुच्छिन्नक्रियं ध्यानमलेश्यस्य भवति" સમુચ્છિન્ન ક્રિયાવાળું ધ્યાન અલેશ્ય જીવમાં હોય છે." આ કારણે લેશ્યાપરિણામનો નિર્દેશ કર્યા પછી યોગપરિણામનો નિર્દેશ કરાયો છે.

સંસારી જીવોમાં યોગપરિણામ હોય ત્યારે જ ઉપયોગ પરિણામનો પણ સદ્ભાવ રહે છે, તેથી યોગપરિણામનું કથન કર્યા બાદ ઉપયોગ પરિણામનો સદ્ભાવ હોય તો જ જ્ઞાનપરિણામનો સદ્ભાવ રહે છે. તેથી ઉપયોગપરિણામ પછી જ્ઞાનપરિણામનો નિર્દેશ કરાયો છે.

જ્ઞાનપરિણામનો સદ્ભાવ હોય તો જ જીવમાં સમ્યકત્વ આદિરૂપ પરિણતિ હોઈ શકે છે, તે કારણે જ્ઞાનપરિણામનું કથન કરીને ત્યારબાદ દર્શનપરિણામનું કથન કરવામાં આવ્યું છે.

સમ્યકત્વનો સદ્ભાવ હોય ત્યારે જ ચારિત્રનો સદ્ભાવ રહે છે, તે કારણે દર્શનપરિણામનો નિર્દેશ કર્યા પછી ચારિત્ર પરિણામનો નિર્દેશ થયો છે. સ્ત્રી આદિરૂપ વેદપરિણામનો સદ્ભાવ હોય ત્યારે જ ચારિત્રપરિણામનો સદ્ભાવ રહે છે. ચારિત્રપરિણામનો સદ્ભાવ હોય ત્યારે વેદપરિણામનો સદ્ભાવ રહે છે, એવી વાત શક્ય નથી, કારણ કે અવેદકમાં પણ યથાખ્યાત (શાસ્ત્રોક્ત) ચારિત્રપરિણામ જોવામાં આવે છે. તે કારણે ચારિત્રપરિણામનું કથન કર્યા પછી વેદપરિણામનું કથન કરવામાં આવ્યું છે. ॥ સૂત્ર ૧૨ ॥

પૂર્વસૂત્રમાં જીવના દસ પ્રકારના પરિણામનું નિરૂપણ કરવામાં આવ્યું છે. હવે સૂત્રકાર જીવથી વિપરીત એવા અજીવના દસ પ્રકારના પરિણામનું નિરૂપણ કરે છે—दसविहे अजीवपरिणामे पण्णत्ते " ઇત્યાદિ—(સૂ. ૧૩)

ટીકાર્થ–પુદ્ગલરૂપ અજીવોનું પરિણામ દસ પ્રકારનું કહ્યું છે. તે પ્રકારો નીચે પ્રમાણે છે–(૧) બન્ધન પરિણામ, (૨) ગતિ પરિણામ, (૩) સંસ્થાન પરિણામ (૪) ભેદ પરિણામ, (૫) વર્ણ પરિણામ, (૬) ગન્ધ પરિણામ, (૭) રસ પરિણામ, (૮) સ્પર્શ પરિણામ, (૯) અગુરુ–લઘુ પરિણામ અને (૧૦) શબ્દ પરિણામ

પુદ્ગલોનો જે સંયોગ છે તેનું નામ બન્ધન છે. તે બન્ધનરૂપ જે પરિણામ છે તેને બન્ધન પરિણામ કહે છે. તે બન્ધનરૂપ વિષમમાત્રાવાળાં સ્નિગ્ધ પુદ્ગલોના અને રૂક્ષ પુદ્ગલોનાં સંયોગરૂપ હોય છે. આ સંયોગ આ પ્રકારે થાય છે–સમગુણ સ્નિગ્ધતાવાળા પુદ્ગલનો સમગુણ સ્નિગ્ધતાવાળા પુદ્ગલ સાથે સંયોગ થતો નથી અને સમગુણ રૂક્ષ પુદ્ગલનો રૂક્ષ પુદ્ગલ સાથે સંયોગ થતો નથી. પરન્તુ વિષમમાત્રાવાળાં સ્નિગ્ધ પુદ્ગલોનો અને રૂક્ષ પુદ્ગલોનો સ્નિગ્ધપુદ્ગલોની સાથે અને રૂક્ષ પુદ્ગલોની સાથે સંયોગ (બન્ધ) થઈ શકે છે. કહ્યું પણ છે કે–

" समनिद्धाए बंधो " ઇત્યાદિ–

આ કથનનો ભાવાર્થ એ છે કે વિષમ સ્નિગ્ધ રૂક્ષ ગુણવાળાં પુદ્ગલોનો જ બન્ધ થાય છે–સમગુણવાળા (સમાન માત્રામાં) સ્નિગ્ધરૂક્ષ પુદ્ગલોનો બન્ધ થઇ શકતો નથી. જો સ્નિગ્ધ ગુણવાળાં પરમાણુ સમાન હોય તો તેમનો બન્ધ અન્ય સમાન સ્નિગ્ધ ગુણવાળાં પરમાણુઓની સાથે પણ થશે નહીં અને સમાન રૂક્ષ ગુણવાળાં પરમાણુઓની સાથે પણ થશે નહીં. એજ પ્રમાણે જો રૂક્ષગુણવાળાં પુદ્ગલો સમાન હોય તો તેમનો બન્ધ પણ અન્ય સમાન રૂક્ષ ગુણવાળાં પરમાણુઓની સાથે પણ થશે નહીં અને અન્ય સમાન સ્નિગ્ધગુણવાળાં પરમાણુઓની સાથે પણ થશે નહીં. બન્ધ થવાને માટે વિષમ માત્રામાં સ્નિગ્ધ પુદ્ગલનો દ્વયધિક સ્નિગ્ધ રૂક્ષ ગુણતા હોવી આવશ્યક ગણાય છે. તે વિષમતા

દ્વયધિકતાવાળી હોવી જોઇએ. એટલે કે સ્નિગ્ધ પુદ્ગલનો દ્વયધિક સ્નિગ્ધ પુદ્ગલની સાથે સંયોગ થઇ શકે છે, અને રૂક્ષ પુદ્ગલનો દ્વયધિક રૂક્ષ પુદ્ગલની સાથે સંયોગ થઈ શકે છે. જઘન્ય ગુણવાળા સ્નિગ્ધ પુદ્ગલનો એટલે કે ઓછામાં ઓછી સ્નિગ્ધતાવાળા પુદ્ગલોનો ઓછામાં ઓછી રૂક્ષતાવાળા પુદ્ગલની સાથે બન્ધ (સંયોગ) થઈ શકતો નથી સમગુણવાળાં (સમમાત્રામાં સ્નિગ્ધતા અથવા રૂક્ષતાવાળા) પુદ્ગલોનો બન્ધ થતો નથી, પરન્તુ દ્વયધિક સમગુણવાળાં પુદ્ગલોનો અને વિષમ ગુણવાળાં પુદ્ગલોનો બન્ધ થાય છે. કહ્યું પણ છે કે–

"निद्धस्स निद्धेण दुहाहिएणं" ઇત્યાદિ—

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-ધારો કે એક તરફ બે ગણી સ્નિગ્ધતાવાળાં પરમાણુઓ હોય અને બીજી તરફ ચાર ગણી સ્નિગ્ધતાવાળા પરમાણુ હોય, તો તેમનો બન્ધ થઈ જશે. પરન્તુ જો એક તરફ એક ગણી સ્નિગ્ધતાવાળું પરમાણુ હોય, તો તેમનો બન્ધ નહીં થાય, કારણ કે જઘન્ય ગુણવાળાં (ઓછામાં ઓછા પ્રમાણની સ્નિગ્ધતા કે રૂક્ષતાના ગુણવાળા) પરમાણુઓના બન્ધનો નિષેધ કહ્યો છે. એજ પ્રમાણે ચાર ગણી સ્નિગ્ધતાવાળા પરમાણુઓ અને ચાર ગણી રૂક્ષતાવાળાં પરમાણુઓનો બન્ધ પણ એક બીજા સાથે થતો નથી, ચારગણી સ્નિગ્ધતાવાળાં પરમાણુઓનો ચાર ગણી સ્નિગ્ધતાવાળાં અન્ય પરમાણુઓ સાથે પણ બન્ધ થતો નથી, કારણ કે સમગુણોવાળાં પરમાણુઓનો બન્ધ થઇ શકતો નથી.

આ રીતે અહીં એવો નિયમ સમજવો કે બે ગણી અધિક સ્નિગ્ધતાવાળા પરમાણુઓનો સ્નિગ્ધની સાથે, રૂક્ષનો રૂક્ષની સાથે, બે ગણાં અધિક સ્નિગ્ધનો રૂક્ષની સાથે અને રૂક્ષનો સ્નિગ્ધની સાથે બન્ધ–સંયોગ થાય છે. આ પ્રકારનો આ પહેલો ભેદ છે.

ગતિપરિણામના બે પ્રકાર છે-(૧) સ્પૃશદ્ગતિ પરિણામ, (૨) અસ્પૃશદ્ગતિ પરિણામ.—

જે પરિણામ વડે પુદ્ગલ પ્રયત્ન વિશેષનો આશ્રય લઈને ક્ષેત્રપ્રદેશોને સ્પર્શતું સ્પર્શતું ચાલ્યું જાય છે તે પરિણામને સ્પૃશદ્ગતિ પરિણામ કહે છે. જે પરિણામ વડે પુદ્ગલ પ્રયત્નવિશેષનો આશ્રય લઇને ક્ષેત્રપ્રદેશોનો સ્પર્શ કર્યા વિના ચાલ્યું જાય છે તે પરિણામને અસ્પૃશદ્ગતિ પરિણામ કહે છે. જે દ્રવ્યો ગતિવાળાં હોય છે તેઓમાં પ્રયત્નભેદ તો જોવામાં આવે જ છે; તેથી

પ્રયત્નભેદને લઈને પરિણામમાં ભેદ પડી જાય છે. એ વાત તો પ્રત્યક્ષ જોવામાં આવે છે કે કોઇ ઊંચા મકાનની અગાશીમાં ઊભેલાં અનેક માણસો દ્વારા એક જ સમયે જો અનેક પથ્થરો નીચે ફેંકવામાં આવે તો તે પથ્થરો એકી સાથે જમીન પર પડતાં નથી પણ તેમનાં પતનના કાળમાં તફાવત જોવામાં આવે છે. એજ પ્રમાણે સમતલ ભૂમિ પર ઊભેલાં અનેક માણસો દ્વારા જે પથ્થરો ફેંકવામાં આવે છે તેઓ જો કે એકધારી ગતિથી આગળ વધે છે, છતાં પણ દેશાન્તર પ્રાપ્તિમાં કાળભેદ જોવામાં આવે છે. અથવા-ગુરુ અને લઘુના ભેદથી પણ ગતિપરિણામ બે પ્રકારનું કહ્યું છે.

સંસ્થાન પરિણામ-સંસ્થાન એટલે આકાર તે આકારના નીચે પ્રમાણે પાંચ પ્રકાર છે-પરિમંડલ. વૃત્ત ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયત. આ રીતે સંસ્થાન રૂપ જે પરિણામ છે તેને સંસ્થાનપરિણામ કહે છે.

ભેદપરિણામ-ભેદ રૂપ જે પરિણામ છે તેને ભેદ પરિણામ કહે છે. તે ભેદપરિણામના નીચે પ્રમાણે પાંચ પ્રકાર કહ્યા છે-ખંડભેદ, પ્રતરભેદ, અનુતટ ભેદ, ચૂર્ણભેદ અને ઉત્કરિકાભેદ.

માટીના ઢેફાને ફેંકવાથી તેના જે ટુકડે ટુકડા થાય છે તેને ખંડભેદ કહે છે. મેઘસમૂહના જે સ્વતઃ (આપમેળે) ટુકડે ટુકડા થઈ જાય છે તેને પ્રતરભેદ કહે છે. વાંસ ફાટવાની જે ક્રિયા થાય છે તેને અનુતટભેદ કહે છે, કોઈ પણ વસ્તુનો તદ્દન ભૂકો થઈ જવો તેનું નામ ચૂર્ણભેદ છે. પહાડના ભેદનની જે ક્રિયા થાય છે તેરે ઉત્કરિકા ભેદ કહે છે.

વર્ણ પરિણામ-વર્ણરૂપ જે પરિણામ છે તેને વર્ણપરિણામ કહે છે. તે વર્ણપરિણામના નીચે પ્રમાણે પાંચ પ્રકાર કહ્યા છે-કૃષ્ણ, નીલ, પીત, રક્ત અને શ્વેત.

ગન્ધપરિણામ-ગન્ધરૂપ જે પરિણામ છે તેને ગન્ધપરિણામ કહે છે. ગન્ધના બે પ્રકાર છે-(૧) સુરભિ અને (૨) દુરભિ. તેથી ગન્ધપરિણામના પણ સુરભિ ગન્ધપરિણામ અને દુરભિગન્ધપરિણામ નામના બે ભેદ પડે છે.

રસપરિણામ-રસરૂપ જે પરિણામ છે તેને રસપરિણામ કહે છે. રસના મધુરાદિ પાંચ પ્રકાર છે, તેથી રસપરિણામના પણ પાંચ પ્રકાર પડે છે.

સ્પર્શપરિણામ-સ્પર્શરૂપ પરિણામને સ્પર્શપરિણામ કહે છે સ્પર્શના મૃદુ, કઠિન આદિ આઠ પ્રકાર છે, તેથી સ્પર્શપરિણામના પણ આઠ પ્રકાર પડે છે.

અગુરુ લઘુપરિણામ-જે દ્રવ્ય ગુરુ સ્વભાવવાળું પણ હોતું નથી અને લઘુસ્વભાવવાળું પણ હોતું નથી. એવાં દ્રવ્યને અગુરુ-લઘુરૂપ ગણવામાં આવે છે. ભાષા, મન, કર્મ આદિ રૂપ દ્રવ્ય હોય છે તે અગુરુલઘુરૂપ હોય છે. આ અગુરુલઘુરૂપ જે પરિણામ છે તેનું નામ અગુરુલઘુપરિણામ છે. જો કે અગુરુલઘુને ગુણ માનવામાં આવેલ છે અને ગુણ રૂપ હોવાને લીધે તે દ્રવ્યાશ્રિત હોય છે, પરન્તુ અહીં જે દ્રવ્યને અગુરુલઘુ રૂપ કહેવામાં આવ્યું છે તે પરિણામ અને પરિણામી દ્રવ્યમાં અભેદનો ઉપ-ચારની અપેક્ષાએ જ કહેવામાં આવ્યું છે. અહીં અગુરુલઘુના ગ્રહણને લીધે તેનાથી વિપરીત જે ગુરુલઘુ પરિણામ છે, તેને પણ ગ્રહણ કરવું જોઈએ. જે દ્રવ્યની ગુરુ દ્રવ્ય રૂપે વિવક્ષા થાય છે, તે દ્રવ્ય ગુરુ હોય છે અને જે દ્રવ્યની લઘુદ્રવ્ય રૂપે વિવિક્ષા થાય છે,તે દ્રવ્ય લઘુ હોય છે.એવું તે ગુરુલઘુ દ્રવ્ય ઔદારિક આદિ દ્રવ્ય-રૂપ હોય છે. કારણ કે ગુરુલઘુ દ્રવ્ય સ્થૂલતર હોય છે આ ગુરુલઘુરૂપ જે પરિણામછે તેને ગુરુલઘુપરિણામ કહે છે. અહીં પરિણામ અને પરિણામવાળમાં અભેદ સંબંધની અપેક્ષાએ આ પરિણામને ગુરુલઘુપરિણામ કહેવામાં આવ્યું છે. નિશ્ચય નયની માન્યતા પ્રમાણે અગુરુલઘુપરિણામ અને ગુરુલઘુપરિણામરૂપ બે ભેદ પડે છે, છતાં પણ વ્યવહાર નયની માન્યતા અનુસાર તેના ચાર પ્રકાર પડે છે. જેમ કે અધોગમનના સ્વભાવવાળું દ્રવ્ય ગુરુક હોય છે. વજ્રાદિ દ્રવ્યને આ કારણે ગુરુક કહી શકાય. ઉર્ધ્વગમનના સ્વભાવવાળું દ્રવ્ય લઘુક હોય છે જેમ કે દીપ શિખાને લઘુક કહી શકાય.

ગુરુલઘુ સ્વભાવવાળા દ્રવ્યને ગુરુલઘુક કહે છે જેમ કે તિર્યગ્ગામી વાયુ, જ્યોતિષ્ક વિમાન આદિ.—આકાશ આદિ દ્રવ્ય અગુરુલઘુક હોય છે.

શબ્દપરિણામ-શબ્દરૂપ જે પરિણામ હોય છે તેને શબ્દપરિણામ કહે છે. શબ્દના બે ભેદ પડે છે-(૧) શુભશબ્દ અને (૨) અશુભશબ્દ. તેથી શબ્દપરિણામ ના બે પ્રકાર પડે છે. આ રીતે અજીવપરિણામના દસ પ્રકારનું સ્પષ્ટીકરણ અહીં સમાપ્ત થાય છે. ॥ સૂત્ર ૧૩ ॥

પૂર્વસૂત્રમાં અજીવપરિણામનું નિરૂપણ કરવામાં આવ્યું. હવે સૂત્રકાર પુદ્ગલરૂપ અજીવના પરિણામને અને અન્તરીક્ષરૂપ અજીવના પરિણામને આધારે અસ્વાધ્યાયિકોનું નિરૂપણ કરે છે-

"દસવિહે અંતલિક્ખિએ પણ્ણત્તે" ઈત્યાદિ—(સૂ. ૧૪)

અન્તરીક્ષિક (આકાશ સાથે સંબંધ રાખનારાં) અસ્વાધ્યાયિક (સ્વાધ્યાય કરવાનો નિષેધ હોય એવી બાબતો દસ પ્રકારના કહ્યા છે. જેમ કે (૧) ઉલ્કાપાત (૨) દિગ્દાહ, (૩) ગર્જિત, (૪) વિદ્યુત, (૫) નિર્ઘાત, (૬) યૂપક, (૭) યક્ષાદીપ્ત, (૮) ધૂમિકા, (૯) મિહિકા અને (૧૦) રજઉદ્ઘાત.

અન્તરીક્ષ એટલે આકાશ. આકાશમાં જે હોય છે તેને આન્તરીક્ષિક કહે છે. શીખેલા મૂલપાઠનું આવર્ત્તન (પુનરાવર્તન) કરવું તેનું નામ સ્વાધ્યાય છે. તે સ્વાધ્યાય જે કાળમાં થાય છે તે કાળને સ્વાધ્યાયિક કહે છે. જ્યારે તે સ્વાધ્યાય કરી શકતો નથી તે કાળને અસ્વાધ્યાયિક કહે છે. આકાશ સાથે સંબંધ ધરાવતી નીચેની દસ પ્રકારની પરિસ્થિતિમાં સ્વાધ્યાય કરવાનો નિષેધ ફરમાવ્યો છે.

(૧) ઉલ્કાપાત–તારાનું પતન થવું તેનું નામ ઉલ્કાપાત છે. ઉલ્કાપાત થાય ત્યારથી એક પ્રહર સુધી સ્વાધ્યાય કરવો જોઈએ નહીં. ભૂકમ્પનો પણ આ કારણમાં જ સમાવેશ થઇ જાય છે.

(૨) દિગ્દાહ–પૂર્વાદિ દિશાઓમાં જે છિન્નમૂલવાળું પ્રજ્વલન થાય છે તેને દિગ્દાહ કહે છે. કેટલીક વખત કોઈ મહાનગરને આગ લાગી હોય એવી રીતે ઉપર પ્રકાશ અને નીચે અંધકાર નજરે પડે છે. તેનું નામ જ દિગ્દાહ છે. જ્યાં સુધી તે દિશામાં રતાશ દેખાતી બંધ ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો જોઇએ નહીં.

(૩) ગર્જિત–આ પદ મેઘગર્જનાનું વાચક છે. આ આર્દ્રા નક્ષત્રથી લઇને સ્વાતિ પર્યન્તના દસ નક્ષત્રો સિવાયના નક્ષત્રોમાં જ્યારે મેઘગર્જના સંભળાય ત્યારે એક પ્રહર સુધી સ્વાધ્યાય કરવાનો નિષેધ છે.

વિદ્યુત–વિજળીનો ચમકારો થાય ત્યારે પણ એક પ્રહર સુધી સ્વાધ્યાયનો નિષેધ ફરમાવ્યો છે.

નિર્ઘાત–આકાશ વાદળાઓથી ઘેરાયેલું હોય કે ઘેરાયેલું ન હોય એવી સ્થિતિમાં આકાશમાં વ્યન્તર દેવકૃત જે મહાગર્જના જેવો અવાજ–કડાકા જેવો અવાજ–થાય છે તેનું નામ નિર્ઘાત છે એવો કડાકો થાય ત્યારે પણ ચાર પ્રહર સુધીનો, આઠ પ્રહર સુધીનો અને બાર પ્રહર સુધીનો અસ્વાધ્યાય કાળ સમજવો.

યૂપક–સંધ્યાના તેજનું અને ચન્દ્રના તેજનું જે મિશ્રણ હોય છે તેનું નામ યૂપક છે. આ પ્રકારનું યૂપક શુકલપક્ષની પડવે, બીજ અને ત્રીજની

તિથિએ થાય છે. આ તિથિઓમાં ચન્દ્ર સંધ્યાગત હોય છે, તે કારણે સંધ્યા નજરે પડતી નથી, કારણ કે ત્યારે ચન્દ્રપ્રભા અને સંધ્યાપ્રભાનું મિશ્રણ થઇ જાય છે. આ યૂપક લોકમાં "બાલચન્દ્ર"ના નામથી પ્રસિદ્ધ છે. ત્યારે રાત્રિના પ્રથમ એક પ્રહર સુધીના સમયને અસ્વાધ્યાય કાળ કહ્યો છે.

યક્ષદીપ્ત–કોઇ એક દિશામાં રહી રહીને જે વિજળી જેવો પ્રકાશ દેખાય છે તેને યક્ષદીપ્ત કહે છે. જ્યાં સુધી તે પ્રકાશ દેખાયા કરે ત્યાં સુધીના સમયને અસ્વાધ્યાયકાળ કહ્યો છે.

ધૂમિકા–આકાશમાં ધુમાડાના જેવી જે ધૂળ દેખાય છે તેને ધૂમિકા કહે છે. તે ધૂમિકા રૂપ રજ જ્યાં સુધી ખર્યાં કરતી હોય ત્યાં સુધીના કાળને અસ્વાધ્યાય કાળ કહ્યો છે.

મિહિકા–જલકણ સહિતની ધૂમિકાને મિહિકા કહે છે. જ્યાં સુધી આ મિહિકાનું અસ્તિત્વ રહે ત્યાં સુધીના કાળને અસ્વાધ્યાયકાળ કહ્યો છે. ધૂમિકાપાત અને મિહિકાપાત કારતક આદિ ગર્ભ મહિનાઓમાં જ થાય છે.

રજઉદ્ઘાત–પવન આદિને કારણે જે ધૂળ આકાશમાં ઊંચે ચડે છે અને આખું આકાશ તેનાથી આચ્છાદિત થઈ જાય છે ત્યારે રજઉદ્ઘાત થયો કહેવાય છે. જ્યાં સુધી તે રજઉદ્ઘાત રહે ત્યાં સુધીના કાળને અસ્વાધ્યાયકાળ કહ્યો છે.

આ પ્રમાણે દસ પ્રકારના આન્તરીક્ષિક અસ્વાધ્યાયકાળ કહ્યા છે—

મનુષ્ય અને પંચેન્દ્રિયતિર્યંચના શરીરને ઔદારિક શરીર કહે છે. તે ઔદારિક શરીર વિષયક નીચે બતાવેલી દસ પ્રકારની પરિસ્થિતિમાં સ્વાધ્યાય કરવો જોઈએ નહીં એટલે કે ઔદારિક શરીરસંબંધી નીચેનાં કારણો જ્યારે ઉદ્ભવે તે કાળને અસ્વાધ્યાયકાળ સમજવો–(૧) અસ્થિ, (૨) માંસ, (૩) શોણિત, (૪) અશુચિસામન્ત, (૫) શ્મશાનસામન્ત, (૬) ચન્દ્રોપરાગ, (૭) સૂર્યોપરાગ, (૮) પતન, (૯) રાજવ્યુદ્ગ્રહ અને (૧૦) ઉપાશ્રયસ્યાન્તઃ ઔદારિક શરીરક.

પંચેન્દ્રિય તિર્યંચોનાં અસ્થિ, માંસ અને શોણિત, આ ત્રણે પદાર્થો દ્રવ્યની અપેક્ષાએ અસ્વાધ્યાયિકો છે. અહીં ઉપલક્ષણથી ચર્મને પણ ગ્રહણ કરવું જોઇએ.

જોઈએ. એટલે કે ચર્મ પણ દ્રવ્યની અપેક્ષાએ અસ્વાધ્યાયિક જ છે. એટલે કે અસ્થિ, માંસ, રુધિર અને ચર્મની જ્યાં ઉપસ્થિતિ (વિદ્યમાનતા) હોય, ત્યાં સ્વાધ્યાય કરવો જોઈએ નહીં. એટલે જ તેમને અસ્વાધ્યાયના કારણો રૂપે પ્રકટ કરવામાં આવેલ છે. કહ્યું પણ છે કે–" सोणियमंसं चम्मं " ઈત્યાદિ.

ક્ષેત્રની અપેક્ષાએ જો મનુષ્યનું શબ ૧૦૦ હાથ સુધીના અંતરે પડેલું, હોય તો સ્વાધ્યાય કરવો જોઇએ નહીં. જો તિર્યંચનું કલેવર સાઠ હાથ સુધીના અંતરે પડેલું હોય તો જ્યાં સુધી તે કલેવરને ત્યાંથી દૂર કરવામાં ન આવે ત્યાં સુધીનો કાળ અસ્વાધ્યાયકાળ સમજવો. કાળની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો જેટલા કાળ સુધી તે નજરે દેખાતું રહે તેટલા કાળ સુધી સ્વાધ્યાય કરવો જોઇએ નહીં. ભાવની અપેક્ષાએ એટલા સમય પર્યન્ત તે પાઠનું મનમાં પણ પઠન કરવું જોઈએ નહીં. મનુષ્યોનાં અસ્થિ, માંસ, ચર્મ અને શોણિતને દ્રવ્યની અપેક્ષાએ અસ્વાધ્યાયિક કહ્યા છે. ક્ષેત્રની અપેક્ષાએ જો તે ૧૦૦ હાથના અંતર સુધીમાં પડેલાં હોય તો સ્વાધ્યાય નહી કરવામાં કારણભૂત બને છે પરન્તુ જ્યાં તે અસ્થિ આદિ અસ્વાધ્યાયિકો પડયાં હોય તે સ્થાનને પાણીથી ધોઇને સાફ કરી નાખવામાં આવે અથવા તે સ્થાન પર અગ્નિ સળગાવીને શુદ્ધિ કરવામાં આવે, તો એવી પરિસ્થિતિમાં તે સ્થાન અસ્વાધ્યાયને યોગ્ય રહેતું નથી, પણ સ્વાધ્યાયને યોગ્ય બની જાય છે. અસ્થિ, માંસ, ચર્મ, શોણિત આદિ ચીજો સ્વાધ્યાય કરનાર વ્યકિતથી ૧૦૦ હાથ સુધીને અંતરે હોય તો તેણે સ્વાધ્યાય કરવો જોઈએ નહીં કાળની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો જેટલા સમય સુધી તે ચીજો ત્યાં પડી હોય, તેટલા સમયને અસ્વાધ્યાયકાળ ગણવો જોઈએ ઉપાશ્રયની સમીપના સાત ઘર સુધીના ક્ષેત્રમાં કોઈ સ્ત્રીએ પુત્રનો જન્મ આપ્યો હોય તો જન્મકાળથી સાત દિવસ સુધીનો અસ્વાધ્યાયકાળ સમજવો અને જો કોઈ સ્ત્રીએ પુત્રીનો જન્મ આપ્યો હોય તો આઠ દિવસ સુધીનો અસ્વાધ્યાયકાળ ગણવો. નવમાં દિવસે સ્વાધ્યાય કરી શકાય છે.

અશુચિ સામન્ત–અશુચિ પદાર્થ એટલે મળ, મૂત્ર આદિ અપવિત્ર પદાર્થ

એવાં અશુચિ પદાર્થો સમીપમાં પડેલાં હોય અથવા તેમની દુર્ગંધનો ઘ્રાણેન્દ્રિય દ્વારા અનુભવ થતો હોય, તો એવી સ્થિતિમાં પણ સ્વાધ્યાય કરવાનો નિષેધ છે.

શ્મશાન સામન્ત–શ્મશાનની સમીપમાં પણ સ્વાધ્યાય કરવાનો નિષેધ છે. અહીં એવો અર્થ ગ્રહણ કરવાનો છે કે જ્યાં સુધી શ્મશાનમાં કોઈ શબનો અગ્નિદાહ ચાલુ હોય ત્યાં સુધી–એટલે કે શ્મશાનનો અગ્નિ દૃષ્ટિગોચર થતો હોય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો જોઈએ નહીં.

ચન્દ્રોપરાગ–જ્યાં સુધી ચન્દ્રગ્રહણ ચાલુ હોય ત્યાં સુધી પણ સ્વાધ્યાય કરવાનો નિષેધ છે. જો ચન્દ્રગ્રહણ વખતે ચન્દ્રનો સ્વલ્પગ્રાસ હોય તો તે અવસ્થામાં ચાર પ્રહર પર્યન્તનો અસ્વાધ્યાયકાળ સમજવો. જો અધિકગ્રાસ હોય તો આઠ પ્રહરપર્યન્તનો અસ્વાધ્યાયકાળ સમજવો અને જ્યારે સર્વગ્રાસ થયો હોય ત્યારે બાર પ્રહર સુધીનો અસ્વાધ્યાય કાળ સમજવો.

સૂર્યોપરાગ–સૂર્યગ્રહણ વખતે પણ સ્વાધ્યાયનો નિષેધ ફરમાવ્યો છે. અલ્પગ્રાસમાં આઠ, તેથી અધિકગ્રાસમાં બાર અને સર્વગ્રાસ અવસ્થામાં સોળ પ્રહરનો અસ્વાધ્યાયકાળ સમજવો,

પતન–જ્યારે કોઇ રાજા આદિનું મરણ થાય ત્યારે પણ સ્વાધ્યાય કરવાનો નિષેધ છે. જ્યાં સુધી બીજા રાજાની વરણી ન થાય ત્યાં સુધીનો અસ્વાધ્યાય કાળ આ સ્થિતિમાં સમજવો. એવી જ અન્ય પરિસ્થિતિમાં અસ્વાધ્યાયકાળ કેટલો કહ્યો છે તે અન્ય શાસ્ત્રોમાંથી જાણી લેવું.

રાજવ્યુદ્ગ્રહ–બે રાજાઓ વચ્ચેના યુદ્ધને રાજવ્યુદ્ગ્રહ કહે છે. આ રીતે જ્યારે યુદ્ધ ચાલતું હોય, ત્યારે પણ સ્વાધ્યાય કરવાનો નિષેધ ફરમાવ્યો છે. જે ક્ષેત્રમાં જ્યાં સુધી આ રાજવ્યુદ્ગ્રહ ચાલતો હોય ત્યાં સુધીના કાળને અસ્વાધ્યાયકાળ ગણવો જોઇએ દસમો અસ્વાધ્યાયકાળ નીચે પ્રમાણે કહ્યો છે-

જ્યાં સુધી મનુષ્યનું મૃતશરીર ઉપાશ્રયમાં પડ્યું હોય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો જોઇએ નહીં. પરન્તુ જ્યારે ત્યાંથી તે મૃતશરીરને બહાર લઈ જવામાં આવે છે ત્યારે તે સ્થાન શુદ્ધ થઈ જાય છે; તેથી ત્યાર બાદ સ્વાધ્યાય કરવાનો નિષેધ નથી.

અસ્વાધ્યાયકાળના વિષયમાં વિશેષ જાણવાની જિજ્ઞાસાવાળા પાઠકોએ અન્યત્ર જોઈ લેવું. ॥ સૂત્ર ૧૪ ॥

પૂર્વસૂત્રમાં પંચેન્દ્રિયના કલેવરને અસ્વાધ્યાયિક રૂપે પ્રકટ કરવામાં આવ્યું હવે પંચેન્દ્રિયઆશ્રિત સંયમ અને અસંયમનું નિરૂપણ કરવામાં આવે છે.

पंचिंदियाणं जीवा असमारभमाणस्स" ઈત્યાદિ—(સૂ. ૧૫)

ટીકાર્થ–પંચેન્દ્રિય જીવોની વિરાધના ન કરનાર જીવ દ્વારા દસ પ્રકારના સંયમનું પાલન થાય છે. તે દસ પ્રકારો નીચે પ્રમાણે છે–(૧) તે તેને શ્રોત્રેન્દ્રિયના સુખથી વંચિત કરવાનું પાપકૃત્ય કરતો નથી. (૨) તે તેને શ્રોત્રેન્દ્રિય વિષયક દુઃખથી યુક્ત કરતો નથી. એજ પ્રમાણે ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય વિષયક બબ્બે પ્રકારો પણ શ્રોત્રેન્દ્રિયવિષયક બે પ્રકારો જેવાં જ સમજી લેવા. આ પ્રકારે સંયમના છેલ્લા બે ભેદ નીચે પડશે–(૯) તે તેને સ્પર્શમય સુખથી વંચિત કરનારો બનતો નથી (૧૦) તે તેને સ્પર્શમય દુઃખનો સંયોગ કર્તા બનતો નથી. એજ વાત "एवं जाव फासामएणं दुक्खेणं" ઈત્યાદિ સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

આ સંયમથી વિપરીત અસંયમ હોય છે. હવે સૂત્રકાર તે અસંયમના દસ પ્રકારો પ્રકટ કરે છે–જે જીવ સંયમી હોતો નથી તેને અસંયમી કહે છે. તે દસ પ્રકારે જીવોની વિરાધના કરતો હોય છે, તેથી અસંયમના નીચે પ્રમાણે દસ પ્રકાર પડે છે–

(૧) અસંયમી જીવ શ્રોત્રેન્દ્રિયવિષયક સુખથી પંચેન્દ્રિય જીવને વંચિત કરે છે (૨) અસંયમી જીવ શ્રોત્રેન્દ્રિય વિષયક દુઃખનો તેને સંયોગ કરાવનાર બને છે. એજ પ્રમાણે બાકીની ચારે ઇન્દ્રિયોના સુખથી તેમને વંચિત કરવા રૂપ ચાર બીજા ભેદો અને દુઃખથી યુક્ત કરવા રૂપ ચાર ભેદો મળીને અસંયમના કુલ દસ ભેદ થાય છે. એજ વાત "एवं असंजमो वि भाणियव्वो" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરવામાં આવી છે. ॥ સૂત્ર ૧૫ ॥

## સુક્ષ્મકે સ્વરૂપકા નિરૂપણ

આ પ્રકારે સંયમ અને અસંયમની પ્રરૂપણા કરીને હવે સૂત્રકાર એજ વિષય સાથે સુસંગત એવાં સૂક્ષ્મ જીવોનું નિરૂપણ કરે છે–

"दस सुहुमा पण्णत्ता" ઇત્યાદિ–(સૂ. ૧૬)

ટીકાર્થ–સૂક્ષ્મ જીવોના દસ પ્રકારો નીચે પ્રમાણે પડે છે (૧ થી ૮) પ્રાણુસૂક્ષ્મથી લઈને સ્નેહસૂક્ષ્મ પર્યન્તના આઠ પ્રકારો, (૯) ગણિતસૂક્ષ્મ અને (૧૦) ભંગસૂક્ષ્મ.

સૂક્ષ્મ જીવોના દસ પ્રકારોનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

(૧) પ્રાણસૂક્ષ્મ–જે જીવો ચાલતાં હોય ત્યારે જ નજરે પડે છે એવાં જીવોને પ્રાણસૂક્ષ્મ કહે છે. પ્રાણ એટલે પ્રાણી અથવા જીવ. અને સૂક્ષ્મ એટલે બારીક આ વ્યુત્પત્તિ અનુસાર "પ્રાણિ (જીવ) રૂપ સૂક્ષ્મ વસ્તુને 'પ્રાણસૂક્ષ્મ' કહે છે. જેમ કે કુન્થુ ( કુંથવા ) વગેરે જીવો.

(૨) પનકસૂક્ષ્મ–વર્ષાઋતુમાં જમીન, કાષ્ઠ આદિ પર જે પંચવર્ણી લીલ ફુગ થાય છે તેને પનક કહે છે. આ પનકરૂપ જે સૂક્ષ્મ વસ્તુ છે તેનું નામ પનકસૂક્ષ્મ છે.

પ્રાણસૂક્ષ્મ પછી જે 'યાવત્' પદનો પ્રયોગ થયો છે તેના દ્વારા "પનક સૂક્ષ્મ, બીજસૂક્ષ્મ, હરિતસૂક્ષ્મ, પુષ્પસૂક્ષ્મ, અંડસૂક્ષ્મ અને લયનસૂક્ષ્મ" આ પ્રકારોનો સંગ્રહ થયો છે.

(૩) બીજસૂક્ષ્મ–જેમાંથી અંકુર ઉત્પન્ન થાય છે તેને બીજ કહે છે. આ બીજરૂપ જે સૂક્ષ્મ વસ્તુ છે તેને બીજસૂક્ષ્મ કહે છે.

(૪) હરિતસૂક્ષ્મ હરિતરૂપ જે સૂક્ષ્મ છે. તેને હરિતસૂક્ષ્મ કહે છે. આ હરિતસૂક્ષ્મ એક પ્રકારની વનસ્પતિવિશેષરૂપ હોય છે. તે જ્યારે નવીન રૂપે ઉત્પન્ન થાય છે, ત્યારે તેનો વર્ણ ભૂમિનાવર્ણ જેવો હોય છે, તે કારણે તે ભૂમિથી અલગ કોઈ વસ્તુ રૂપે દેખતાં નથી.

(૫) પુષ્પસૂક્ષ્મ–પુષ્પરૂપ જે સૂક્ષ્મ છે તેને પુષ્પસૂક્ષ્મ કહે છે. ઉદુમ્બર (ઉમરડા) આદિના ફૂલને પુષ્પસૂક્ષ્મ જીવ કહી શકાય.

(૬) અંડ ( ઇંડાં )રૂપ જે સૂક્ષ્મ છે તેને અંડસૂક્ષ્મ કહે છે. તે માખી, કીડી, ગરોળી, કાંચીડા આદિનાં ઇંડાંરૂપ હોય છે.

લયનસૂક્ષ્મ–કીડિયારાંને લયન કહે છે. તેમાં કીડી આદિ સૂક્ષ્મ જીવો રહે છે. તેથી તેને લયનસૂક્ષ્મ કહે છે. આ કીડિયારાં આદિ પૃથ્વીના જેવાં જ લાગે છે, અને "આ સજીવ છે" એવું સમજતાં ઘણી જ મુશ્કેલી ખડી થાય છે. –તે સજીવ છે એવી ખાતરી સરલતાથી થતી નથી.

સ્નેહસૂક્ષ્મ–સ્નેહરૂપ જે સૂક્ષ્મ છે તેને સ્નેહસૂક્ષ્મ કહે છે બરફ, હિમ, ધુમસ, ઝાકળ, આદિ રૂપ તે સ્નેહસૂક્ષ્મ હોય છે,

ગણિતસૂક્ષ્મ–જે ગણિત સૂક્ષ્મ બુદ્ધિવાળાં જીવો દ્વારા સમજી શકાય એવું હોય છે–એવું તે સંકલન–વ્યવકલન આદિ જે ગણિત છે તેને ગણિતસૂક્ષ્મ કહે છે.

ભંગસૂક્ષ્મ–વસ્તુવિકલ્પોનું નામ ભંગ છે. તે ભંગો (વિકલ્પો) રૂપ જે સૂક્ષ્મ છે તેને ભંગસૂક્ષ્મ કહે છે. ભંગોમાં જે સૂક્ષ્મતા કહી છે તે ભજનીય (વૈકલ્પિક) પદોની બહુલતામાં ગહન ભાવને લઈને સૂક્ષ્મબુદ્ધિવાળા ગમ્ય હોવાને કારણે કહી છે. ।। સૂ. ૧૬ ।।

## ગંગાસિંધુ વગૈરહ નદિયોંમેં આત્મસમર્પણ કરનેવાલી નદીકા નિરૂપણ

હવે સૂત્રકાર ગણિતસૂક્ષ્મના વિષયરૂપ " જંબૂમંદર "થી લઈને " एवं कुंडलवरे वि " ' કુંડલવર ' પર્યન્તનાં સૂત્રોનું કથન કરે છે–

जंबू मंदरदाहिणेणं गंतासिंधु महानईओ " ઇત્યાદિ—(સૂ. ૧૭)

ટીકાર્થ–જંબૂદ્વીપસ્થ મેરુ પર્વતની દક્ષિણ દિશામાં જે ગંગા અને સિંધુ નામની મહાનદીઓ મળે છે તેમને નીચે દર્શાવેલી દસ મહાનદીઓ મળે છે-(૧) યમુના (૨) સરયૂ, (૩) આદી, (૪) કોશિકી, (૫) મહી, (૬) સિન્ધુ (૭) વિવત્સા, (૮) વિભાસા, (૯) ઐરાવતી અને (૧૦) ચન્દ્રભાગા.

જંબૂદ્વીપસ્થ મેરુ પર્વતની ઉત્તર દિશામાં જે રક્તા અને રક્તાવતી નામની બે મહાનદીઓ છે, તે નદીઓને આ દસ મહાનદીઓ મળે છે-(૧) કૃષ્ણા, (૨) મહાકૃષ્ણા, (૩) નીલા, (૪) મહાનીલા, (૫) તીરા, (૬) મહાતીરા, (૭) ઈન્દ્રા, (૮) ઇન્દ્રસેના, (૯) વારિષેણા અને (૧૦) મહાભોગા. ।। સૂત્ર ૧૭ ।।

## ભરતક્ષેત્રગત રાજધાનીકા નિરૂપણ

" जंबूदीवे दीवे भरहे वासे " ઇત્યાદિ—(સૂ. ૧૮)

ટીકાર્થ–જંબૂદ્વીપમાં આવેલા ભરતવર્ષમાં દસ રાજધાનીઓ આવેલી છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) ચંપા, (૨) મથુરા, (૩) વારાણસી, (૪) શ્રાવસ્તી, (૫) સાકેત, (૬) હસ્તિનાપુર, (૭) કાંપિલ્ય, (૮) મિથિલા, (૯) કૌશામ્બી અને (૧૦) રાજગૃહ. જે નગરોમાં રાજાઓનો અભિષેક થાય છે, તે નગરોને રાજધાનીઓ કહે છે. રાજધાની જનપદની મુખ્ય નગરીરૂપ હોય છે. અંગ જનપદની રાજધાની ચંપા

નગરી હતી, સૂરસેન જનપદની રાજધાની મથુરામાં હતી, કાશી જનપદની રાજધાની વારાણસીમાં હતી, કુણાલા જનપદની રાજધાની શ્રાવસ્તી હતી, કોસલ દેશની રાજધાની અયોધ્યા ( સાકેત ) નામની નગરી હતી, પંચાલની રાજધાની કાંપિલ્યમાં હતી, કુરુજનકપદની રાજધાની હસ્તિનાપુરમાં હતી, વત્સદેશની રાજધાની કૌશમ્બી નગરીમાં હતી, વિદેહની રાજધાની મિથિલામાં હતી અને મગધની રાજધાની રાજગૃહ નગરમાં હતી. અહીં દસ સ્થાનની પ્રરૂપણા ચાલી રહી છે તેથી દસ રાજધાનીઓનાં નામો જ અહીં આપવામાં આવ્યાં છે. આમ તો ૨૫ાા આર્યજનપદોની ૨૬ રાજધાનીઓ હતી.

ઉપર્યુક્ત દસ રાજધાનીઓમાંની કોઇ પણ રાજધાનીઓમાંથી મુંડિત થઇને ગૃહસ્થાવસ્થાના પરિત્યાગપૂર્વક અણગારાવસ્થા ધારણ કરનાર દસ રાજાઓનાં નામ નીચે પ્રમાણે કહ્યાં છે-(૧) ભરત, (૨) સગર, (૩) મઘવા, (૪) સનત્કુમાર, (૫) શાન્તિ, (૬) કુન્થુ, (૭) અર, (૮) મહાપદ્મ, (૯) હરિષેણ અને (૧૦) જયનામા. આ દસ રાજાઓમાંના ભરત અને સગરે સાકેતમાં પ્રવ્રજ્યા લીધી હતી. મઘવાએ શ્રાવસ્તીમાં અને સનત્કુમાર શાન્તિ, કુન્થુ, અર અને મહાપદ્મે હસ્તિનાપુરમાં પ્રવ્રજ્યા લીધી હતી. હરિષેણે કાંપિલ્યમાં અને જયનામના તીર્થંકરે રાજગૃહ નગરમાં પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી. ઉપર્યુક્ત ૧૦ રાજધાનીઓમાં ઉપર્યુક્ત ૧૦ રાજાઓએ ક્રમશઃ પ્રવ્રજ્યા લીધી હતી, એવું કથન કરવું જોઇએ નહીં કેમકે–એવું કથન કરવામાં શાસ્ત્રોક્ત કથન કરતાં વિપરીત કથન કરવાનો દોષ લાગે છે તે કારણે અહીં " दश राजधानीषु " આ સૂત્રપાઠનો અર્થ આ પ્રમાણે કરવો જોઈએ–

" દસ રાજધાનીઓમાંની કોઈ પણ રાજધાનીઓમાં " કયા રાજાએ કઈ રાજધાનીમાં દીક્ષા લીધી હતી, તે વાત પણ ઉપર પ્રકટ કરવામાં આવી છે, તેથી આ સૂત્રપાઠનો અર્થ સ્પષ્ટ થઇ જાય છે. ॥ સૂત્ર ૧૮ ॥

## જમ્બૂદ્વીપગત મેરૂકે ઉદ્વેધ આદિકા નિરૂપણ

" जंबुद्दीवे दीवे मंदरे पव्वए " ઈત્યાદિ-(સૂ. ૧૯)

ટીકાર્થ–જંબૂદ્વીપ નામના દ્વીપમાં જે મંદર (સુમેરુ) પર્વત છે, તે તેની પહોળાઇ ૧૦ હજાર યોજનની છે, અને પંડકવનમાં તેનો વિસ્તાર એક હજાર યોજનનો છે આ રીતે સર્વપ્રમાણની અપેક્ષાએ તેનું પ્રમાણ દસ હજાર યોજન કરતાં ૧૦ ગણું–એટલે કે એક લાખ યોજનપ્રમાણ છે. ॥ સૂત્ર ૧૯ ॥

जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स" ઈત્યાદિ—(સૂ. ૨૦)

ટીકાર્થ–જંબૂદ્વીપ નામના દ્વીપમ આવેલા મન્દર પર્વતના બહુમધ્યદેશ ભાગમાં સ્થિત આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરિતન અને અધસ્તન બે ક્ષુલ્લક (હ્રસ્વ) પ્રતરોમાં આઠ પ્રદેશિક રુચક કહ્યા છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–

મન્દર પર્વતના બરાબર મધ્યભાગમાં જે રત્નપ્રભા પૃથ્વી આવેલી છે તે પૃથ્વીનું ઉપરનું અને નીચેનું જે ક્ષુલ્લક પ્રતર છે (આ રીતે જે બે ક્ષુલ્લક પ્રતરો છે) તેમાં કુલ આઠ રુચકાકાર પ્રદેશો છે. ગાયના આંચળને રુચક કહે છે ગાયનાં આંચળના જેવા આકારને રુચકાકાર કહે છે. એવાં ચાર રુચકાકાર પ્રદેશો ઉપરના પ્રતરમાં છે અને ચાર રુચકાકાર પ્રદેશો નીચેના પ્રતરમાં છે. આ રીતે ત્યાં કુલ આઠ રુચકાકાર પ્રદેશો આવેલા છે. ત્યાં ઉપરના તથા નીચેના ક્ષુલ્લક પ્રતરો સિવાયના જે પ્રતરો છે તેઓ વર્દ્ધમાન (દીર્ઘ) પ્રતરો છે. ઉપર અને નીચેના પ્રતરો તેમના કરતાં ક્ષુલ્લક (હ્રસ્વ) છે આ રીતે સૌથી ક્ષુલ્લક બે પ્રતરો જ છે તેમાંનું એક ઉપર છે. અને બીજું નીચે છે. તે. બે ક્ષુલ્લક પ્રતરોમાં જ આઠ રુચકાકાર પ્રદેશો છે, તે રુચકાકાર આઠ પ્રદેશોને અહીં અષ્ટપ્રદેશિકા રુચક કહેવામાં આવ્યા છે. આ રુચકને આધારે જ ૧૦ દિશાઓ બને છે. તે દસ દિશાઓનાં નામ નીચે પ્રમાણે કહ્યા છે–(૧) પૂર્વ, (૨) પૂર્વદક્ષિણ, (અગ્નિકોણ) (૩) દક્ષિણ, (૪) દક્ષિણપશ્ચિમ (નૈઋત્ય), (૫) (૫) પશ્ચિમ, (૬) પશ્ચિમોત્તર (વાયવ્ય), (૭) ઉત્તર, (૮) ઉત્તરપૂર્વ (ઈશાન) (૯) ઉર્ધ્વ અને (૧૦) અધઃ આ દસ દિશાઓનાં નીચે પ્રમાણે દસ નામ પણ કહ્યાં છે–(૧) ઐન્દ્રી, (૨) આગ્નેયી, (૩) યામી (૪) નૈર્ઋતી (૫) વારુણી, (૬) વાયવ્ય, (૭) સૌમ્ય, (૮) ઐશાની, (૯) વિમલા અને (૧૦) તમા.

ઉર્ધ્વ દિશા અંધકાર રહિત હોવાને કારણે નિર્મળ હોવાથી તેનું નામ વિમલા છે. અધોદિશા અંધકાર યુક્ત હોવાથી રાત્રિસમાન છે તે કારણે તેને "તમા" કહી છે. ॥ સૂત્ર ૨૦ ॥

"लवणस्स णं समुद्दस्स दसजोयणसहस्साइं" ઈત્યાદિ—(સૂ. ૨૧)

ટીકાર્થ—લવણસમુદ્રનું ગોતીર્થથી રહિત ક્ષેત્ર-સમક્ષેત્ર-દસ હજાર યોજનનું કહ્યું છે. ગાય આદિકોને તળાવ આદિ જળાશયોમાં ઉતરવાની જે ભૂમિ હોય છે તેને ગોતીર્થ કહે છે. આ ગોતીર્થથી રહિત જે ક્ષેત્ર છે તેને સમક્ષેત્ર કહે છે. પૂર્વની ૯૫ હજાર યોજન પ્રમાણ અને પશ્ચિમની ૯૫ હજાર યોજનપ્રમાણ ગોતીર્થરૂપ ભૂમિને છોડી દેતાં બાકીનું જે ૧૦ હજાર યોજનપ્રમાણ સમક્ષેત્ર છે તેને અહીં ગોતીર્થથી રહિત ક્ષેત્ર રૂપ કહ્યું છે. લવણસમુદ્રના મધ્યભાગમાંથી ઉત્પન્ન થતી ઉદકવેલા (પાણીની ભરતી) વિષ્કંભની અપેક્ષાએ દસ હજાર યોજનપ્રમાણ કહી છે, તથા તેની ઊંચાઇ ૧૬ હજાર યોજનની કહી છે. તથા પૂર્વાદિ દિશાઓમાં જે એક એક પાતાલ કલશ છે તેમનો ઉદ્વેગ (ઊંડાઇ) એક એક લાખ યોજનની કહી છે. એવાં ચાર પાતાળ કલશ છે. તેમનાં નામ વલયામુખ, કેયૂર, યૂપક અને ઈશ્વર છે. મૂલ ભાગમાં તેમનો વિષ્કંભ (વિસ્તાર) દસ હજાર યોજનનો છે. બન્ને બાજુના મૂળભાગથી એક એક પ્રદેશની વૃદ્ધિ થતાં થતાં તે પાતાળ કળશોના બરાબર મધ્યભાગનો વિસ્તાર એક એક લાખ યોજનનો થઈ જાય છે. એક એક પ્રદેશની જે વૃદ્ધિ છે તેનું નામ શ્રેણિવૃદ્ધિ છે અથવા—એક પ્રદેશ વાળ શ્રેણીના બહુમધ્યદેશભાગમાં—તદ્દન મધ્યભાગમાં—તે કળશોનો વિસ્તાર એક એક લાખ યોજનનો કહ્યો છે. આ રીતે તે મહાપાતાલ કલશોના મૂલભાગ અને મધ્યભાગના વિસ્તારનું કથન કરીને હવે સૂત્રકાર તે મહાપાતાલ કલશોના ઉપરિતન ભાગના વિષ્કંભનું પ્રમાણ પ્રકટ કરે છે—"उवरिं" ઈત્યાદિ—

તે મહાપાતાલ કળશોના મુખપ્રદેશોનો વિસ્તાર દસ દસહજાર યોજનનો કહ્યો છે. આપાતાળકળશોની જે ભીંતો છે તે સંપૂર્ણ રૂપે વજ્રમય છે અને તેની જાડાઇ એક સરખી છે. તે ભીંતોની જાડાઇ એક હજાર યોજનપ્રમાણ છે. આ પ્રમાણે

મહાપાતાલકળશો વિષે કથન કરીને હવે સૂત્રકાર ક્ષુદ્ર પાતાળકળશોનું વર્ણન કરે છે–" सव्वे वि णं खुद्दा पायाला " ઈત્યાદિ—

મહાપાતાલ કળશો કરતાં નાનાં જે પાતાળ કળશો છે તેમનો ઉદ્વેધ ( ઊંડાઇ ) એક એક હજાર યોજનની કહી છે. તે ક્ષુદ્રપાતાલ કળશોના મૂળભાગનો ( તળિયાનો ) વિસ્તાર ૧૦૦-૧૦૦ યોજનનો કહ્યો છે. તેની બન્ને તરફથી એક એક પ્રદેશની વૃદ્ધિ થતાં થતાં તેમના મધ્યભાગનો વિસ્તાર એક એક હજાર યોજનનો થાય છે. અથવા એક પ્રદેશિક શ્રેણિતા બિલકુલ મધ્ય ભાગમાં તે પ્રત્યેક ક્ષુદ્રપાતાળ કળશનો વિસ્તાર ૧૦૦૦ યોજનનો છે. તે કળશોના મુખપ્રદેશોનો વિસ્તાર ૧૦૦–૧૦૦ યોજનનો કહ્યો છે. આ ક્ષુદ્ર પાતાળ કળશોની ભીંતો સર્વત્ર એક સરખી જાડી છે અને એકલા વજ્રની જ બનેલી છે તેમની ભીંતોની જાડાઇ દસ યોજનની કહી છે. ॥ સૂત્ર ૨૧ ॥

## ધાતકી ખણ્ડગત મંદરપર્વતકે ઉદ્વેધ આદિકા નિરૂપણ

" धायइसंडगा णं मंदरा " ઇત્યાદિ—(સૂ. ૨૨)

ટીકાર્થ–ધાતકીખંડદ્વીપના પૂર્વ ભાગમાં એક મેરુ પર્વત છે અને પશ્ચિમભાગમાં પણ એક મેરુ પર્વત છે તે બન્ને પર્વતોનો ઉદ્વેધ–ભૂમિમાં રહેલો ભાગ–એક એક હજાર યોજનપ્રમાણ છે. એટલે કે આ બન્ને મેરુ પર્વતોનો એક એક હજાર યોજન પ્રમાણ ભાગ ભૂમિની અંદર રહેલો હોવાથી અદૃશ્ય છે જમીનની ઉપર તેમનો વિષ્કંભ દસ હજાર યોજન કરતાં કંઈક ન્યૂન છે, અને ઉપરિતન ભાગમાં તેનો વિષ્કંભ એક હજાર યોજનનો છે. પુષ્કરવરદ્વીપાર્ધના બે મન્દર ( મેરુ ) પર્વતોનું કથન પણ ધાતકી ખંડના મેરુ પર્વતોના કથન અનુસાર જ સમજવું એજ વાત " पुक्खरवरदीवद्धगाणं मंदरा " ઈત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરવામાં આવી છે. ॥ સૂ ૨૨ ॥

## જમ્બૂ દ્વીપગત ભરતાદિ દશક્ષેત્રકા નિરૂપણ

" सव्वे वि णं वट्टवेयड्ढपव्वया " ઇત્યાદિ—(સૂ. ૨૩)

ટીકાર્થ–વૃત્તવૈતાઢ્ય પર્વતોની કુલ સંખ્યા ૨૦ ની કહી છે, કારણ કે પાંચ હેમવતોમાં પાંચ શબ્દાપાતી છે, પાંચ ઐરણ્યવતોમાં પાંચ વિકટાપાતી છે પાંચહરિવર્ષોમાં પાંચ ગન્ધાપાતી છે, અને પાંચ રમ્યકક્ષેત્રોમાં પાંચ માલ્યવાન્ છે. વૈતાઢ્યોની આગળ જે " વૃત્ત " વિશેષણ લગાડવામાં આવ્યું છે તે દીર્ઘવૈતાઢ્યપર્વતોની નિવૃત્તિને માટે લગાડવામાં આવ્યું છે. ॥ સૂત્ર. ૨૩ ॥

" जंबुद्दीवे दीवे दस खेत्ता पण्णत्ता " ઈત્યાદિ—

ટીકાર્થ-જંબૂદ્વીપ નામના દ્વીપમાં ૧૦ ક્ષેત્ર કહ્યાં છે. તે ૧૦ ક્ષેત્રોનાં નામ નીચે પ્રમાણે છે-(૧) ભરત, (૨) ઐરવત (૩) હૈમવત, (૪) હૈરણ્યવત, (૫) હરિવર્ષ, (૬) રમ્યકવર્ષ, (૭) પૂર્વવિદેહ (૮) અપરવિદેહ, દેવગુરુ અને (૧૦) ઉત્તરકુરુ ॥ સૂત્ર ૨૪ ॥

" माणुसुत्तरेणं पव्वए मूले " ઇત્યાદિ—(સૂ. ૨૫)

માનુષોત્તર પર્વતના મૂળભાગનો વિસ્તાર એક હજાર બાવીશ યોજનનો કહ્યો છે. ॥ સૂત્ર ૨૫ ॥

सव्वे वि णं अंजणगपव्वया " ઇત્યાદિ—(સૂ. ૨૬)

નન્દીશ્વર પર્વતની પૂર્વ, પશ્ચિમ,ઉત્તર અને દક્ષિણરૂપ ચારે દિશાઓમાં ચાર શ્યામવર્ણના પર્વતની ચારે દિશાઓમાં ચાર ચાર અંજન પર્વતો કહેલા છે તે તે દરેક શ્યામવર્ણના પર્વતની ચારે દિશાઓમાં ચાર ચાર પુષ્કરિણીઓ (ગોળાકારની વાવો) છે. પૂર્વ દિશામાં જે અંજનપર્વત છે તેની ચારે દિશાઓમાં ચાર પુષ્કરિણીઓ છે તેમનાં નામ નીચે પ્રમાણે છે-(૧) નન્દોત્તરા (૨) નન્દા, (૩) આનન્દા અને (૪) નાન્દિવર્ધના. દક્ષિણ દિશામાં જે અંજનપર્વત છે તેની ચારે દિશાઓમાં ભદ્રા, વિશાલા, કુમુદા અને પુંડરિકિણી નામની ચાર પુષ્કરિણીઓ છે. પશ્ચિમ દિશોમાં જે અંજનપર્વત છે તેની ચારે દિશાઓમાં નન્દિષેણા, અમોઘા, ગોસ્તૂપા અને સુદર્શના નામની ચાર પુષ્કરિણીઓ છે. ઉત્તર દિશામાં જે અંજન પર્વત છે તેની ચારે દિશાઓમાં વિજ્યા, વૈજયન્તી, જયન્તી અને અપરાજિતા નામની ચાર પુષ્કરિણીઓ છે. આ રીતે ૧૬ પુષ્કરિણીઓ

છે. તે પ્રત્યેક પુષ્કરિણીમાં એક એક દધિમુખ પર્વત છે. આ રીતે કુલ ૧૬ દધિમુખ પર્વતો છે. નન્દીશ્વર પર્વતની વિદિશાઓમાં (ઇશાન, અગ્નિ આદિ ચાર ખૂણે) એક એક રતિકર પર્વત છે. આ રીતે ચારે વિદિશામાં કુલ ચાર રતિકર પર્વતો આવેલા છે.

ઉપર્યુક્ત ચારે અંજનક પર્વતોનો ઉદ્વેધ (જમીનની અંદર રહેલો ભાગ) એક હજાર યોજનપ્રમાણ છે મૂળમાં (તળેટીમાં) તેમનો વિષ્કંભ (વિસ્તાર) દસ હજાર યોજનનો છે અને ટોચ પરનો તેમનો વિસ્તાર એક હજાર યોજનનો છે. ઉપર્યુક્ત ૧૬ દધિમુખ પર્વતોમાંના પ્રત્યેક દધિમુખ પર્વતનો ઉદ્વેધ એક હજાર યોજનનો છે. અને મૂળથી મુખ સુધીનો તેમનો વિસ્તાર એક સરખો –દસ દસ હજાર યોજનનો છે. આ કારણે તે પ્રત્યેકના આકાર પલ્યંક (પલંગ) ના જેવો છે. પ્રત્યેક રતિકર પર્વત દસ હજાર યોજન ઉંચાઈવાળા છે— પ્રત્યેક રતિકર પર્વતનો ઉદ્વેધ એક હજાર ગવ્યૂત (બે હજાર કોસ) પ્રમાણ છે. તે સર્વત્ર સમપ્રમાણ છે–એટલે કે મૂળભાગથી ટોચ ભાગ પર્યન્તનો તેમનો વિસ્તાર ૧૦–૧૦ હજાર યોજનનો છે. તેમનો આકાર ઝાલરના જેવો છે. ॥ સૂત્ર ૨૬ ॥

## રૂચકવર કુણ્ડલવર પર્વતકે ઉદ્વેધ આદિકા નિરૂપણ

"रुयगवरेणं पव्वए दसजोयणसयाइं" ઇત્યાદિ--(સૂ ૨૭)

ટીકાર્થ–રુચકવર પર્વતનો ઉદ્વેધ (જમીનની અંદરનો અદૃશ્ય ભાગ) એક હજાર યોજનનો છે. મૂળભાગમાં તેનો વિષ્કંભ દસ હજાર યોજનનો અને ઉપરના ભાગમાં એક હજાર યોજનનો છે. એવું જ વર્ણન કુંડલવર પર્વતના વિષયમાં પણ સમજવું.

રુચક નામનો જે તેરમો દ્વીપ છે તેમાં રુચકવર પર્વત આવેલો છે તે ગોળ છે અને કોટના જેવા આકારનો છે કુંડલવર પર્વતનું વર્ણન પણ રુચકવર જેવું જ સમજવું. આ કુંડલવર પર્વત અગિયારમો જે દ્વીપ છે તેમાં આવેલો છે. તેનો આકાર પણ પ્રાકાર (કોટ)ના જેવો ગોળ છે. આ બન્ને પર્વતો (રુચકવર અને કુંડલવર પર્વતો) ગોળાકારના હોવાથી તેમને ચકવાલ પર્વતોકહ્યા છે ॥સૂ ૨૭॥

આ પ્રકારે ગણિતાનુયોગનું કથન કરીને હવે સૂત્રકાર સભેદ દ્રવ્યાનુયોગનું કથન કરે છે-"दसविहे दवियाणुओगे पण्णत्ते" ઇત્યાદિ—(સૂ ૨૮)

ટીકાર્થ–દ્રવ્યાનુયોગ દસ પ્રકારનો કહ્યો છે-(૧) દ્રવ્યાનુયોગ, (૨) માતૃકાનુયોગ (૩) એકાર્થિકાનુયોગ, (૪) કરણાનુયોગ, (૫) અર્પિતાનર્પિત, (૬ ભાવિતાભાવિત, (૭) બાહ્યાબાહ્ય, (૮) શાશ્વતાશાશ્વત, (૯) તથાજ્ઞાન અને (૧૦) અતથાજ્ઞાન.

ગણધરો દ્વારા કરાયેલા પ્રતિપાદનરૂપ વ્યાપારમાં તીર્થંકર ભગવાનો દ્વારા પ્રતિપાદિત અર્થની અપેક્ષાએ ન્યૂનતા પણ હોતી નથી, અધિકતા પણ હોતી નથી અને વિપરીત ભાવનો પણ સદ્‌ભાવ હોતો નથી. એટલે કે ભગવાને જે અર્થનું પ્રતિપાદન કર્યું હોય છે તેની સાથે સુસંગત અને સુમેળયુક્ત જ ગણધરોનું કથન હોય છે. તે પ્રકારના જિનેન્દ્ર ભગવાનોના કથન સાથેના સુમેળ યુક્ત એવા ગણધરોના કથનનું નામ અનુયોગ છે અનુયોગ અને વ્યાખ્યાન આ બન્ને શબ્દો એક અર્થવાળા છે. અનુયોગ શબ્દની વિસ્તૃત વ્યાખ્યા જાણવાને ઉત્સુક પાઠકોએ ઉપાસકદશાંગની અગારધર્મસંજીવની ટીકા વાંચી જવી.

આ અનુયોગના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે-(૧) ચરણકરણાનુયોગ, (૨) ધર્મકથાનુયોગ, (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ.

જીવાદિ દ્રવ્યવિષયક જે વિચાર કરવામાં આવે છે તેનું નામ દ્રવ્યાનુયોગ છે. તે દ્રવ્યાનુયેગના દ્રવ્યાનુયોગ, માતૃકાનુયોપ આદિ ઉપર્યુકત ૧૦ પ્રકારો કહ્યા છે.

દ્રવ્યાનુયોગ–જીવાદિમાં જે દ્રવ્યત્વનો વિચાર કરવામાં આવે છે તેને દ્રવ્યાનુયોગ કહે છે. જેમ કે-બાલત્વ આદિ પર્યાયોને જે પ્રાપ્ત કરે છે, તેનું નામ દ્રવ્ય છે, અથવા તે તે પર્યાયો દ્વારા જે પ્રાપ્ત કરાય છે તેનું નામ દ્રવ્ય છે, અથવા તે તે પર્યાયો દ્વારા જે પ્રાપ્ત કરાય છે તે દ્રવ્ય છે. એવું તે દ્રવ્ય ગુણ અને પર્યાયવાળા પદાર્થરૂપ હોય છે. એવો ગુણપર્યાયવાળો તે પદાર્થ જીવ છે. તેથી તે દ્રવ્યરૂપ છે, કારણ કે તેમાં સહભાવી જ્ઞાનાદિક ગુણોનો સદ્‌ભાવ હોય છે. જો જ્ઞાનાદિક ગુણોનો તેમાં અભાવ હોય તો તેમાં જીવત્વ જ

સંભવી શકે નહીં. એ જ પ્રમાણે ક્રમભાવી પર્યાયોનો પણ તેમાં સદ્ભાવ હોય છે. જીવમાં માનુષત્વ, બાલત્વ આદિ પર્યાયોના સદ્ભાવની પ્રતીતિ તો અવશ્ય થતાં જ હોય છે. આ રીતે ગુણ અને પર્યાયવાળો હોવાને લીધે જીવ દ્રવ્યરૂપ છે, ઈત્યાદિ રૂપ જે વિચારણા છે તેનું નામ જ દ્રવ્યાનુયોગ છે.

માતૃકાનુયોગ–પ્રવચનપુરુષની ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ જે પદત્રયી છે તેનું નામ માતૃકા છે. આ માતૃકાનો જે અનુયોગ ( વ્યાખ્યાન ) છે, તેનું નામ જ માતૃકાનુયોગ છે. જેમ કે–એવી વિચારણા કરવી કે જીવદ્રવ્ય ઉત્પાદવાળું છે, કારણ કે બાલત્વ આદિ પર્યાયોનો પ્રતિક્ષણ તેમાં ઉત્પાદ થતો રહે છે. જો એવું ન હોત તો વૃદ્ધત્વ આદિ અવસ્થાઓની તેમાં પ્રાપ્તિ ન થવાનો પ્રસંગ પ્રાપ્ત થાત. એજ પ્રમાણે જીવદ્રવ્ય વ્યયવાળુ પણ છે, કારણ કે તેમાં પ્રતિક્ષણ બાલ્યાદિ અવસ્થાઓનો વ્યય થતો રહે છે. જો આ પર્યાયોનો તેમાં વ્યય થતો ન હોત તો તેમાં તેનો નિત્ય રૂપે સદ્ભાવ રહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાત. એજ પ્રમાણે જીવદ્રવ્ય ધ્રૌવ્ય સ્વભાવ વાળું પણ છે જો તે આ સ્વભાવવાળું ન હોત તો ઉત્પાદ સ્વભાવવાળું જ હોવાને કારણે તે 'અકૃતાભ્યાગમ અને કૃત વિપ્રણાશ' આ દોષોની પ્રાપ્તિના પ્રસંગવાળું થઇ જાત, અને તે પ્રકારની પરિસ્થિતિમાં તેમાં પૂર્વદૃષ્ટ ભાવોનું સ્મરણ કરવાની અભિલાષા આદિનો અભાવ હોવાનો પ્રસંગ પ્રાપ્ત થાત. તે કારણે જેટલાં ઐહિક અને પારલૌકિક કૃત્યો છે તે બધાંનો ઉચ્છેદ થવાનો પણ પ્રસંગ પ્રાપ્ત થાત. આ પ્રકારે તેમના ઉચ્છેદનો પ્રસંગ ત્યારે જ પ્રાપ્ત નહીં થાય કે જ્યારે જીવને દ્રવ્યરૂપે ધ્રૌવ્યરૂપ માનવામાં આવશે તેથી જ જીવદ્રવ્યને ધ્રૌવ્યસ્વભાવવાળું પણ માનવું જ પડશે. આ રીતે જે કારણે જીવ વ્યય અને ધ્રૌવ્ય ગુણથી યુક્ત છે એજ કારણે તે દ્રવ્યરૂપ છે. આ પ્રકારની જે વિચારણા થાય છે તેનું નમ માતૃકાનુયોગ છે.

એકાર્થિકાનુયોગ–જે શબ્દોનો અર્થ સમાન હોય છે, તે શબ્દોને એકાર્થિક શબ્દો કહે છે. આ શબ્દોને અનુલક્ષીને જે અનુયોગ ( વ્યાખ્યાન ) થાય છે. તેને એકાર્થિકાનુયોગ કહે છે. જેમ કે–જીવ, પ્રાણી, ભૂત અને સત્ત્વ, આ ચારે શબ્દો એક જીવના જ વાચક છે, આ પ્રકારની વિચારણાનું નામ એકાર્થિકાનુયોગ છે. અથવા એકાર્થિક શબ્દોનો જે અનુયોગ છે તેનું નામ એકાર્થિકાનુયોગ છે–

જેમ કે જીવને માટે વપરાતા ચારે સમાનાર્થી શબ્દોનો આ પ્રમાણે એકાર્થિકાનુયોગ કરી શકાય–પ્રાણ ધારણ કરનારો હોવાથી તે જીવરૂપ છે, ઉચ્છ્વાસ આદિ પ્રાણ જીવમાં ક્રિયમાણ હોય છે, તે કારણે પ્રાણીરૂપ છે, ત્રણે કાળમા તેનો સદ્‌ભાવ રહે છે–કદી તેનો વિચ્છેદ થતો નથી, તે કારણે તેને ભૂત પણ કહે છે. તેની સત્તા (વિદ્યમાનતા) કાયમ ટકી રહે છે, તે કારણે તેને સત્ત્વ પણ કહે છે.

કરણાનુયોગ–ક્રિયાસિદ્ધિમાં જે સાધકતમ (ઉત્કૃષ્ટ સાધકરૂપ) હોય છે તેમને કરણ કહે છે. તે કરણોનો જે અનુયોગ છે તેનું નામ કરણાનુયોગ છે. જેમ કે.... કર્તારૂપ જીવદ્રવ્યને જુદી જુદી ક્રિયાઓમાં કાળ. સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષકારરૂપ કરણો સાધકતમ નીવડે છે, કારણ કે તેમનુ ઉપાર્દન કર્યા વિના જીવ કોઈ પણ કાર્ય કરી શકતો નથી. આ કારણે જીવ ક્રિયાસિદ્ધિમાં તેઓ અત્યંત આવશ્યક હોવાથી તેમને કરણરૂપ કહ્યાં છે. અથવા–મૃત્તિકા (માટી)રૂપ દ્રવ્ય ઘટ (ઘડા)રૂપ પર્યાયે ઉત્પન્ન થવાને સમર્થ ત્યારે જ બની શકે છે કે જ્યારે તેને કુંભાર, ચક્ર (ચાકડો), ચીવર, દંડ આદિરૂપ કરણોનો યોગ મળે છે. તેથી તે વસ્તુઓને ઘટરૂપ દ્રવ્યનાં કરણરૂપ ગણી શકાય. આ પ્રકારનો જે અનુયોગ (વિચારણા) છે તેને કરણાનુયોગ કહે છે.

અર્પિતાનર્પિતરૂપ દ્રવ્યાનુયોગ–દ્રવ્યનું વિશેષિત અવિશેષિતરૂપે જે વ્યાખ્યાન છે તેનું નામ અર્પિતાનર્પિતરૂપ દ્રવ્યાનુયોગ છે. 'અર્પિત' શબ્દનો અર્થ વિશેષિત થાય છે અને 'અનર્પિત' શબ્દનો અર્થ અવિશેષિત થાય છે. જેમ કે—

જીવદ્રવ્યની અપેક્ષાએ એવો વિચાર કરવો કે "જીવદ્રવ્ય કેવું છે? સંસારી છે. જો તે સંસારી હોય તો કયા પ્રકારનું સંસારી છે–શું ત્રસરૂપ સંસારી છે કે સ્થાવરરૂપ સંસારી છે? જો તે ત્રસરૂપ સંસારી હોય તો શું દ્વીન્દ્રિયરૂપ છે કે ત્રીન્દ્રિયરૂપ છે, કે ચતુરિન્દ્રિયરૂપ છે, કે પંચેન્દ્રિ રૂપ ત્રસસંસારી છે? જો તે પંચેન્દ્રિયરૂપ ત્રસસંસારી હોય તો શું નરરૂપ પંચેન્દ્રિયસંસારી છે, કે કોઈ અન્ય પ્રકારનું પંચેન્દ્રિયસંસારી છે?" ઈત્યાદિ જે વિચારણા છે તે વિશેષિત કથન રૂપ છે, તથા 'જીવદ્રવ્ય' એવું જે કથન છે તે અવિશેષિત કથન છે.

ભાવિતાભાવિત-એક દ્રવ્યનું જે ભાવિત અભાવિતરૂપે વ્યાખ્યાન છે, તેનું નામ ભાવિતાભાવિતરૂપ દ્રવ્યાનુયોગ છે. અન્ય દ્રવ્યના સંસર્ગથી વાસિત (યુક્ત) થવું-તેના સંસર્ગની અસર થવી તેનું નામ ભાવિત છે, પરન્તુ અન્ય દ્રવ્યના સંસર્ગથી વાસિત ન થવું તેનું નામ અવાસિત છે. જીવદ્રવ્યને અનુલક્ષીને તેનો વિચાર આ પ્રમાણે કરવામાં આવ્યે છે-કોઇ દ્રવ્ય ભાવિતરૂપ હોય છે. તે પ્રશસ્ત ભાવોથી પણ ભાવિત (યુક્ત) થાય છે અને અપ્રશસ્ત ભાવોથી પણ ભાવિત થાયછે. સંયમી જીવ પ્રશસ્ત ભાવોથી ભાવિત થાય છે અને અસંયમી જીવ અપ્રશસ્ત ભાવોથી ભાવિત થાય છે પ્રશસ્ત અપ્રશસ્તભાવિતા પણ વમનીય અને અવમનીયના ભેદથી બે પ્રકારની હોય છે. વમનીયભાવિતા એવી હોય છે કે જેમાં સંસર્ગથી પ્રાપ્ત થયેલા ગુણો અથવા દોષોનું અન્યના સંસર્ગથી વમન (પરિત્યાગ) થઇ જાય છે. તેના કરતાં વિપરીત અવમનીયનું સ્વરૂપ હોય છે.

જે કોઇ પણ પ્રકારે-કોઈના પણ સસંર્ગથી-વાસિત થતું નથી, કોઈના પણ સંસર્ગની જેના ઉપર બિલકુલ અસર થતી નથી એવાં જીવદ્રવ્યને અભાવિત કહે છે. તે 'કોરડું' મગ આદિના જેવું હોય છે. જેમ કોરડું મગને ગમે તેટલો પલાળવામાં આવે છતાં પણ તે પોચો પડતો નથી એજ પ્રમાણે અભાવિત જીવદ્રવ્યને પણ સંસર્ગપ્રાપ્ત ગુણાદિ વડે વાસિત કરી શકાતું નથી. સંસર્ગ કે અસંસર્ગપ્રાપ્ત ગુણદોષોની તેના ઉપર કોઇ અસર થતી નથી. આ પ્રકારનો વિચાર ઘટાદિ દ્રવ્યના વિષયમાં પણ કરી લેવો જોઈએ.

બાહ્યાબાહ્ય દ્રવ્યાનુયોગ-બાહ્ય અને અબાહ્યરૂપે જે દ્રવ્યનો વિચાર કરવામાં આવે છે તેને બાહ્યાબાહ્ય દ્રવ્યાનુયોગ કહે છે. જેમ કે-જીવદ્રવ્ય ચૈતન્ય ધર્મની અપેક્ષાએ આકાશાસ્તિકાય આદિથી ભિન્ન હોવાને કારણે બાહ્ય છે તથા જીવ દ્રવ્ય અમૂર્તત્વ સ્વભાવની અપેક્ષાએ આકાશાસ્તિકાયના જેવું જ હોવાને કારણે અબાહ્ય છે. અથવા-ઘટાદિ દ્રવ્ય દૃષ્ટિગોચર થતું હોવાને કારણે બાહ્ય છે અને આધ્યાત્મિક હોવાને કારણે કર્મ, ચૈતન્ય આદિ અબાહ્ય છે, એવો બીજો પણ બાહ્ય અબાહ્યરૂપ દ્રવ્યાનુયોગ છે.

શાશ્વતાશાશ્વત દ્રવ્યાનુયોગ–આદિ અન્ત રહિત હોવાથી જીવદ્રવ્યાશાશ્વત છે અને અન્ય પર્યાયોરૂપે પરિણત થતું રહેતું હોવાને કારણે એજ જીવદ્રવ્ય અશાશ્વત છે. આ પ્રકારે એક જીવદ્રવ્ય સંબંધી શાશ્વતાશાશ્વત દ્રવ્યાનુયોગ છે.

તથાજ્ઞાનરૂપ દ્રવ્યાનુયોગ આ પ્રકારનો છે–વસ્તુ જેવી હોય એવું જ તેનું જ્ઞાન જે વિચારણામાં થાય છે, તે વિચારણાને તથાજ્ઞાનરૂપ દ્રવ્યાનુયોગ કહે છે. જેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવને તેના જ્ઞાન વડે જીવદ્રવ્ય જેવું હોય છે એવું જ દેખાય છે, કારણ કે તેનું જ જ્ઞાન અવિતથ હોય છે. તે તેની જ વિચારણા વડે જીવદ્રવ્યને યથાર્થ રૂપે જાણે છે તે જીવદ્રવ્યને યથાર્થ રૂપે જાણે છે તે વિચારણારૂપ તેના જ્ઞાનને તથાજ્ઞાનરૂપ દ્રવ્યાનુયોગ કહે છે. અથવા જેવી વસ્તુ હોય એવું જ યથાર્થ તેનું રૂપ જે વિચાર દ્વારા સમજાય છે, તે પ્રકારની વિચારણાને તથા જ્ઞાનરૂપ દ્રવ્યાનુયોગ કહે છે. જેમ કે ઘટનું ઘટરૂપે જે જ્ઞાન થાય છે તેનું નામ તથાજ્ઞાન છે, કારણ કે ઘટજ્ઞાનનો ઘટરૂપે જ પ્રતિભાસ થાય છે. અથવા દ્રવ્ય–પરિણામી છે એવું જે જ્ઞાન છે તેને તથા જ્ઞાન કહે છે, કારણ કે દ્રવ્યનો પરિણામી રૂપે જ પ્રતિભાસ થાય છે. આ પ્રકારનો આ તથાજ્ઞાન રૂપ દ્રવ્યાનુયોગ છે.

અતથાજ્ઞાન–જે વસ્તુ જેવી નથી એવી જે વિચાર દ્વારા પ્રતિભાસિત થાય છે એવા વિચારને અતથાજ્ઞાન કહે છે. જેમ કે મિથ્યાદૃષ્ટિ જીવનું દ્રવ્યવિષયક જે જ્ઞાન હોય છે તે અતથાજ્ઞાન જ હોય છે, કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવનું જ્ઞાન વિપરીત હોય છે. અથવા જે વસ્તુનું જેવું યથાર્થ સ્વરૂપ હોય તેવા સ્વરૂપ કરતાં વિપરીત ( અયથાર્થ ) સ્વરૂપ હોવાની પ્રતીતિ થવી તેનું નામ અતથાજ્ઞાન છે. જેમ કે–અલાતદ્રવ્ય ગોળ હોતું નથી, પરન્તુ તેને ચક્કર ચક્કર ફેરવવામાં આવે તો તે ગોળ લાગે છે, અને તે પ્રકારે તે જેવું છે તેનું દેખાતું નથી અથવા એકાન્તવાદીઓ દ્વારા વિપરીતરૂપે સ્વીકારવામાં આવતી જે વસ્તુઓ છે તેમને પણ અતથાજ્ઞાન કહે છે, કારણ કે એકાન્તવાદીઓ દ્વારા તેમને એકાન્ત (સંપૂર્ણ) રૂપે નિત્ય અથવા અનિત્ય માનવામાં આવેલ છે, પરન્તુ તે પરિણામીરૂપે પ્રતિ ભાસિત થાય છે. આ પ્રકારનો અતથાજ્ઞાનરૂપ દ્રવ્યાનુયોગ હોય છે. ॥ સૂત્ર૨૮ ॥

ગણિતાનુયોગને। આધાર લઈને હવે સૂત્રકાર ચમર આદિ અચ્ચુત પર્યન્તના ઈન્દ્રોના પર્વતોનું પ્રમાણ સહિત કથન કરે છે–

"चमरस्स णं असुरिंदस्स असुरकुमाररन्नो" ઇત્યાદિ—(સૂ. ૨૯)

શબ્દાર્થ–અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરનો જે તિગિચ્છકૂટ નામને। ઉત્પાત પર્વત છે તે મૂળમા ૧૦૨૨ યોજનપ્રમાણુ વિષ્કંભવાળા છે. અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરના લોકપાલ સોમ મહારાજનો સોમપ્રભ નામને। જે ઉત્પાત પર્વત છે તેની ઊંચાઈ દસ સે। (૧૦૦૦) યોજનની, અને તેને। ઉદ્વેધ (મૂળભાગ નીચેની ઊંડાઇ) દસ સે। ગવ્યૂત પ્રમાણ–૧૦૦૦ કોસની છે તેના મૂળભાગને। વિષ્કંભ એક હજાર યોજનને। કહ્યો છે. અસુરેન્દ્ર, અસુરરાજ ચમરના લોકપાલ યમ મહારાજના યમપ્રભ નામના ઉત્પાત પર્વતનું પ્રમાણ પણ સોમપ્રભ જેટલું જ છે. તેમના ત્રીજા લોકપાલ વરુણના વરુણપ્રભ નામના ઉત્પાત પર્વતનું પ્રમાણ પણ એટલું જ છે, અને ચોથા લોકપાલ વૈશ્રવણના વૈશ્રવણપ્રભ નામના ઉત્પાત પર્વતનું પ્રમાણ પણ સોમપ્રભ ઉત્પાત પર્વત જેટલું જ કહ્યું છે. ॥૧॥

વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલિને। જે સોમ મહારાજ નામને। લોકપાલ છે. તેના ઉત્પાતપર્વતનું પ્રમાણ પણ ચમરના લોકપાલ સોમ મહારાજના ઉત્પાત પર્વતના પ્રમાણ જેટલું જ છે. એજ પ્રમાણે તેમના બીજાં ત્રણે લોકપાલોના ઉત્પાતપર્વતોનું પ્રમાણ પણ ચમરના લોકપાલોના ઉત્પાતપર્વતોના પ્રમાણ જેટલું જ છે.

નાગકુમારેન્દ્ર, નાગકુમારરાજ ધરણને। જે ધરણપ્રભ નામને। ઉત્પાત પર્વત છે, તે એક હજાર યોજન ઊંચો છે, તેને। ઉદ્વેધ પણ એક હજાર યોજનને।

છે. અને તેના મૂળભાગતો વિષ્કંભ એક હજાર યોજનનો છો આ નાગકુમારેન્દ્ર, નાગકુમારરાજ ધરણુનો લોકપાલ કાલવાલ મહારાજના કાલપ્રભ નામના ઉત્પાત પર્વતની ઊંચાઈ પણુ એક હજાર યોજનની છે. શંખવાલ પર્યન્તના તેમના લોકપાલોના ઉત્પાતપર્વતોની ઊંચાઈ પણુ એટલી જ કહી છે.

ભૂતાનન્દના ઉત્પાત પર્વતનું તથા તેના લોકપાલોના ઉત્પાત પર્વતોનું પણુ એવું જ સમજવું. જેવું કથન ધરણુના ઉત્પાત પર્વત વિષે કરવામાં આવ્યું છે, એવું જ કથન સ્તનિતકુમાર પર્યન્તના ઇન્દ્રોના ઉત્પાત પર્વતોના વિષયમાં તથા તેમના લોકપાલોના ઉત્પાતપર્વતોના વિષયમાં પણુ સમજવું. જેવું ઈન્દ્રનું નામ છે એવું જ તે સૌના ઉત્પાત પર્વતનું નામ સમજવું. પરન્તુ તે નામની સાથે ' પ્રભ ' પદ લગાડવાથી ઉત્પાત પર્વતનું નામ બની જાય છે. ।૪।

દેવેન્દ્ર, દેવરાજ શક્રના ઉત્પાત પર્વતનું નામ શક્રપ્રભ છે. તે શક્રપ્રભ ઉત્પાત પર્વતની ઊંચાઇ દસ હજાર યોજનની, ઉદ્વેધ દસ હજાર ગવ્યૂતપ્રમાણુ અને તેના મૂળભાગનો વિષ્કંભ દસ હજાર યોજનનો છે,

દેવેન્દ્ર, દેવરાજ શક્રના લોકપાલ સોમ મહારાજના ઉત્પાત પર્વતનું વર્ણુન તથા તેમના બીજાં લોકપાલોના ઉત્પાત પર્વતોનું વર્ણુન પણુ શક્રના ઉત્પાત પર્વતના વર્ણુન જેવું જ સમજવું. શક્ર સિવાયના અચ્યુત પર્યન્તના જે ઈન્દ્રો છે, તેમના ઉત્પાત પર્વતોનું વર્ણુન પણુ શક્રના ઉત્પાત પર્વતના વર્ણુન જેવું જ સમજવું.

હવે ઉત્પાત પર્વતનો અર્થ સમજાવવામાં આવે છે–

તિર્યક્ લોકમાં જવા માટે જે પર્વત પર આવીને દેવ વૈક્રિય–શરીરની રચના કરે છે, અને જ્યાંથી તિર્યગ્લોકમાં આવે છે તે પર્વતનું નામ ઉત્પાત-પર્વત છે. ચમરાદિ પ્રત્યેક ઇન્દ્રના જૂદા જૂદા ઉત્પાત પર્વતો છે. દક્ષિણુ દિશાના અધિપતિ અસુરકુમારોનો ઇન્દ્ર અસુરરાજ ચમર છે. તેના ઉત્પાત પર્વતનું નામ તિગિચ્છિકૂટ છે. તિગિચ્છિ એટલે કેસર. તિગિચ્છિકૂટ પર્વત કેસરની પ્રધાનતા વાળો હોવાથી તેનું એવું નામ પડયું છે. ત્યાં કમલોની અધિકતાને લીધે કેસરની પ્રધાનતા સમજવી. આ ઉત્પાતપર્વત કયાં આવેલો છે તે હવે પ્રકટ કરવામાં આવે છે–

રુચકવર નામના ૧૩માં સમુદ્રથી દક્ષિણ દિશા તરફ અસંખ્યાત દ્વીપ-સમુદ્રોને પાર કરવાથી અરુણવરદ્વીપ અને અરુણવર સમુદ્ર આવે છે તે અરુણવર સમુદ્રની દક્ષિણ દિશામાં ૪૨ હજાર યોજન આગળ જતાં આ ઉત્પાત પર્વત આવે છે. આ તિગિચ્છિકૂટ પર્વત રત્નમય છે, અને પદ્મવર વેદિકા અને વનખંડથી પરિવેષ્ટિત (વીંટળાયેલો) છે. તેના મૂળભાગનો વિષ્કંભ ૧૦૨૨ યોજનનો છે.

ચમરને ચાર લોકપાલો છે. તેમનાં નામ સોમ, યમ, વરુણ અને વૈશ્રવણ છે. સોમ મહારાજના ઉત્પાત પર્વતનું નામ સોમપ્રભ છે. તે સોમપ્રભ પર્વતની ઊંચાઈ એક હજાર યોજનની છે, તેનો ઉદ્વેધ (જમીનની અંદર રહેલા અદૃશ્ય ભાગની ઊંડાઇ) એક હજાર ગવ્યૂત (કોસ) પ્રમાણ છે અને તેના મૂળભાગનો વિષ્કંભ પણ એક હજાર યોજનપ્રમાણ છે. આ પર્વત અરુણોદ સમુદ્રમાં આવેલો છે. યમ મહારાજના ઉત્પાત પર્વતનું નામ યમપ્રભ છે, વરુણ મહારાજના ઉત્પાત પર્વતનું નામ વરુણપ્રભ છે, અને વૈશ્રવણ લોકપાલના ઉત્પાત પર્વતનું નામ વૈશ્રવણપ્રભ છે. આ ત્રણે લોકપાલોના ઉત્પાત પર્વતોની ઊંચાઈ, ઉદ્વેધ, મૂળભાગનો વિષ્કંભ વગેરેનું પ્રમાણ સોમ મહારાજના ઉત્પાત પર્વતના પ્રમાણ જેટલું જ સમજવું. આ ત્રણે ઉત્પાતપર્વતો અરુણોદય સમુદ્રમાં જ આવેલા છે. ।૧।

બલિ ઉત્તરાર્ધનો અધિપતિ છે. તે અસુરકુમારોનો ઇન્દ્ર છે. તેના ઉત્પાત પર્વતનું નામ રુચકેન્દ્ર છે. આ રુચકેન્દ્ર ઉત્પાત પર્વતના મૂળભાગનો વિષ્કંભ ૧૦૨૨ યોજનનો છે, અને તે પર્વત અરુણવરસમુદ્રમાં આવેલો છે. કહ્યું પણ છે કે—'अरुणस्स उत्तरेणं" ઇત્યાદિ –

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–અરુણવર સમુદ્રના ઉત્તર દિશામાં ૪૨ હજાર યોજન આગળ જતાં રુચકેન્દ્ર નામનો શિલાનિચય (પર્વત) આવે છે. ત્યાં ચાર રાજધાનીઓ છે. વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિના જે સોમ મહારાજ નામના લોકપાલ છે તેમના ઉત્પાતપર્વતનું નામ સોમપ્રભ છે. તે સોમપ્રભ ઉત્પાત પર્વતનું વર્ણન ચમરના લોકપાલ સોમ મહારાજના ઉત્પાત પર્વતના વર્ણન જેવું જ સમજવું. બલિના બીજા ત્રણ લોકપાલોનાં નામ પણ ચમરના બીજા ત્રણ લોકપાલોનાં જેવાં જ છે. એટલે કે યમ, વરુણ અને વૈશ્રમણ જ છે. તે પ્રત્યેકના પણ અલગ અલગ ઉત્પાત પર્વતો છે. તે ઉત્પાતપર્વતોનું વર્ણન સોમપ્રભના ઉત્પાત પર્વતના વર્ણન પ્રમાણે સમજવું. ।૨।

નાગકુમારોના ઇન્દ્ર, નાગકુમારરાજ ધરણ દક્ષિણાર્ધનો અધિપતિ છે. તેના ઉત્પાત પર્વતનું નામ ધરણપ્રભ છે. તે પણ અરુણોદ સમુદ્રમાં આવેલો છે તેની ઊંચાઈ ૧૦૦૦ યોજન, ઉદ્વેધ ૧૦૦૦ ગવ્યૂત (બે કોશ) અને તેના મૂળભાગનો વિષ્કંભ એક હજાર યોજન છે. ધરણના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે–(૧) કાલપાલ, (૨) કોલપાલ, (૩) શૈલપાલ અને (૪) શંખપાલ તેમના

ઉત્પાત પર્વતોનાં નામ અનુક્રમે કાલપાલપ્રભ કોલપાલપ્રભ, શૈલપાલપ્રભ અને શંખપાલપ્રભ છે. તે ચારે ઉત્પાત પર્વતો અરુણોદ સમુદ્રમાં જ આવેલાં છે. તે પ્રત્યેક પર્વત પણ એક એક હજાર યોજન ઊંચો, એક એક હજાર ગવ્યૂત પ્રમાણ ઉદ્વેધવાળો અને મૂળભાગમાં એક એક હજાર યોજનના વિષ્કંભવાળો છે.

નાગકુમારેન્દ્ર, નાગકુમારરાજ ભૂતાનન્દ ઉત્તર દિશાનો અધિપતિ છે. તેનો જે ઉત્પાત પર્વત છે તેનું નામ ભૂતાનન્દપ્રભ છે. તે પણ અરુણોદ સમુદ્રમાં છે અને ઉત્તર દિશામાં આવેલો છે. ભૂતાનન્દના લોકપાલોનાં નામ ધરણના લોકપાલોનાં નામ જેવાં જ છે. એટલે કે કાલપાલ, કોલપાલ, શંખપાલ અને શૈલપાલ છે. તે ચારે લોકપાલોના ઉત્પાત પર્વતોનાં નામ અનુક્રમે કાલપાલપ્રભ, કોલપાલપ્રભ, શંખપાલપ્રભ અને શૈલપાલપ્રભ છે. આ ચારે ઉત્પાત પર્વતો અરુણોદ સમુદ્રમાં આવેલા છે તેમનું પ્રમાણ પણ ધરણપ્રભ ઉત્પાતપર્વતના પ્રમાણ જેટલું જ કહ્યું છે.

સુપર્ણકુમારોથી સ્તનિતકુમારો પર્યન્તના જે ઈન્દ્રો છે તેમના ઉત્પાત પર્વતોનું પ્રમાણ તથા તેમના લોકપાલોનાં નામની પાછળ 'પ્રભ' પદ લગાડવાથી તેમના ઉત્પાતપર્વતોનાં નામ બની જશે.

આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે—

સુપર્ણકુમારોનો ઈન્દ્ર જે સુપર્ણકુમારરાજ વેણુદેવ છે, તે દક્ષિણાર્ધનો અધિપતિ છે. તેના ઉત્પાત પર્વતનું નામ વેણુદેવપ્રભ છે. તે વેણુદેવના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે–(૧) ચિત્ર (૨) વિચિત્ર (૩) ચિત્રપક્ષ અને (૪) વિચિત્રપક્ષ ઉત્તરનિકાયના સુપર્ણકુમારોના ઈન્દ્ર સુપર્ણકુમારરાજ વેણુદાલિક છે. તેમના ઉત્પાત પર્વતનું નામ વેણુદાલિપ્રભ છે. તેમના લોકપાલોનાં નામ ચિત્ર, વિચિત્રપક્ષ અને ચિત્રપક્ષ છે. તે લોકપાલોના ઉત્પાતપર્વતોનાં નામ અનુક્રમે ચિત્રપ્રભ, વિચિત્ર પ્રભ, વિચિત્રપક્ષપ્રભ અને ચિત્રપક્ષપ્રભ છે.

દક્ષિણાર્ધના વિદ્યુત્કુમારેન્દ્ર વિદ્યુત્કુમારરાજ હરિકાન્તના ઉત્પાત પર્વતનું નામ હરિકાન્તપ્રભ છે. તેના લોકપાલોનાં નામ પ્રભ, સુપ્રભ, પ્રભકાન્ત અને સુપ્રભકાન્ત છે. તે ચારે લોકપાલોના ઉત્પાતપર્વતોનાં નામ અનુક્રમે પ્રભપ્રભ, સુપ્રભપ્રભ, પ્રભકાન્તપ્રભ અને સુપ્રભકાન્તપ્રભ છે.

ઉત્તરાર્ધના વિદ્યુત્કુમારેન્દ્ર વિદ્યુત્કુમારરાજ હરિવર્ષના ઉત્પાત પર્વતનું નામ હરિષહપ્રભ છે. તેમના લોકપાલોનાં નામ પ્રભ, સુપ્રભ, સુપ્રભકાન્તપ્રભ અને પ્રભકાન્તપ્રભ છે.

દક્ષિણાર્ધના અગ્નિકુમારોના ઇન્દ્ર, અને અગ્નિકુમારોના રાજાનું નામ અગ્નિશિખ છે. તેમના ઉત્પાતપર્વતનું નામ અગ્નિશિખપ્રભ છે આ ઉત્પાત પર્વત અરુણદ્વીપમાં આવેલો છે અગ્નિશિખના લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે-(૧) તેજ, (૨) તેજશિખ, (૩) તેજસ્કાન્ત અને (૪) તેજપ્રભ. તેમના ઉત્પાતપર્વતો પણ અરુણદ્વીપમાં આવેલા છે. તે ઉત્પાત પર્વતોનાં નામ અનુક્રમે નીચે આપ્યા પ્રમાણે છે-(૧) તેજપ્રભ, (૨) તેજશિખપ્રભ, (૩) તેજસ્કાન્તપ્રભ અને (૪) તેજપ્રભપ્રભ.

ઉત્તરનિકાયના અગ્નિકુમારોના ઇન્દ્ર અને અગ્નિકુમારોના રાજાનું નામ અગ્નિમાણવકપ્રભ છે. તે ઉત્પાત પર્વત અરુણદ્વીપમાં આવેલો છે. તે અગ્નિમાણવકના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે-(૧) તેજ, (૨) તેજઃશિખ, (૩) તેજઃપ્રભ અને (૪) તેજસ્કાન્ત છે. તેમના ઉત્પાત પર્વતોનાં નામ તેજઃપ્રભ, તેજઃશિખપ્રભ, તેજઃપ્રભપ્રભ અને તેજસ્કાન્તપ્રભ છે.

દક્ષિણનિકાયના દ્વીપકુમારેન્દ્ર દ્વીપકુમારરાજ પૂર્ણના ઉત્પાત પર્વતનું નામ પૂર્ણપ્રભ છે. તે ઉત્પાતપર્વત અરુણદ્વીપમાં આવેલો છે. પૂર્ણના લોકપાલોનાં નામ, રૂપ, રૂપાંશ, રૂપકાન્ત અને રૂપપ્રભ છે. તેમના ઉત્પાતપર્વતોનાં નામ અનુક્રમે રૂપપ્રભ, રૂપાંશપ્રભ, રૂપકાન્તપ્રભ અને રૂપપ્રભપ્રભ છે તે ચારે ઉત્પાત પર્વતો અરુણદ્વીપમાં આવેલા છે.

ઉત્તરનિકાયના દ્વીપકુમારેન્દ્ર દ્વીપકુમારરાય વિશિષ્ટના ઉત્પાત પર્વતનું નામ વિશિષ્ટપ્રભ છે. તે ઉત્પાત પર્વત અરુણદ્વીપમાં આવેલો છે. તેના લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે-રૂપ, રૂપાંશ, રૂપપ્રભ અને રૂપકાન્ત. તેમના ઉત્પાત પર્વતોનાં નામ રૂપપ્રભ, રૂપાંશપ્રભ, રૂપપ્રભપ્રભ અને રૂપનન્તપ્રભ છે. તે ચારે ઉત્પાત પર્વતો પણ અરુણદ્વીપમાં આવેલા છે દક્ષિણનિકાયના ઉદધિકુમારોના ઇન્દ્ર અને ઉદધિકુમારરાજ જલકાન્તના ઉત્પાતપર્વતનું નામ જલકાન્તપ્રભ છે. તે ઉત્પાતપર્વત અરુણોદમાં આવેલો છે. જલકાન્તના ચાર લોકપાલોનાં નામ

નીચે પ્રમાણે છે-(૧) જલ, (૨) જલરય, (૩) જલકાન્ત અને (૪) જલપ્રભા તેમના ઉત્પાત પર્વતોના નામ અનુક્રમે જલપ્રભ, જલરયપ્રભ, જલકાન્તપ્રભ, અને જલપ્રભ પ્રભ છે. આ ઉત્પાત પર્વતો પણ અરુણોદમાં આવેલા છે ઉત્તરનિકાયના ઉદધિકુમારોના ઇન્દ્ર અને ઉદધિકુમારરાય જલપ્રભના ઉત્પાતપર્વતનું નામ જલપ્રભ- છે. તે ઉત્પાદ પર્વત અરુણોદમાં આવેલો છે. જલપ્રભના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે-(૧) જલ, (૨) જલરય, (૩) જલપ્રભ, અને (૪) જલકાન્ત. તેમના ઉત્પાતપર્વતોનાં નામ અનુક્રમે જલપ્રભ, જલરયપ્રભ, જલપ્રભપ્રભ અને જલકાન્તપ્રભ છે. આ ચાર ઉત્પાતપર્વતો અરુણોદમાં આવેલા છે.

દક્ષિણનિકાયના દિક્કુમારોના ઈન્દ્ર અને દિક્કુમારરાય અમિતગતિના ઉત્પાતપર્વતનું નામ અમિતગતિપ્રભ છે, આ ઉત્પાતપર્વત અરુણદ્વીપમાં આવેલો છે અમિતગતિના લોકપાલોનાં નામ (૧) ત્વરિતગતિ, (૨) ક્ષિપ્રગતિ, (૩) સિંહગતિ અને (૪) સિંહવિક્રમગતિ છે. તેમના ઉત્પાતપર્વતો અરુણદ્વીપમાં આવેલા છે. તેમના નામ અનુક્રમે ત્વસ્તિગતિપ્રભ, ક્ષિપ્રગતિપ્રભ, સિંહગતિપ્રભ અને સિંહવિક્રમગતિપ્રભ છે. ઉત્તરનિકાયના દિક્કુમારરાય અમિત- વાહનના ઉત્પાતપર્વતનું નામ અમિતવાહનપ્રભ છે. તેમના લોકપાલોનાં નામ (૧) ત્વરિતગતિ, (૨) ક્ષિપ્રગતિ, (૩) સિંહગતિ છે અને સિંહવિક્રમગતિ (૪) તેમના ઉત્પાતપર્વતોનાં નામ ક્રમશઃ નીચે પ્રમાણે છે-(૧) ત્વરિતગતિપ્રભ, (૨) ક્ષિપ્રગતિપ્રભ, (૩) સિંહગતિ પ્રભ અને (૪) સિંહવિક્રમગતિપ્રભ છે. ઉત્પાત પર્વતો અરુણદ્વીપમાં આવેલા છે.

દક્ષિણાર્ધના વાયુકુમારોના ઈન્દ્ર અને વાયુકુમારરાજ વેલમ્બના ઉત્પાત પર્વતનું નામ વેલમ્બપ્રભ છે. તેમના લોકપાલોનાં નામ (૧) કાલ, (૨) મહાકાલ, (૩) અંજન અને (૪) રિષ્ટ છે. આ ચારે લોકપાલોના ઉત્પાત પર્વ- તોનાં નામ અનુક્રમે કાલપ્રભ, મહાકાલપ્રભ, અંજનપ્રભ અને રિષ્ટપ્રભ છે. ઉત્ત

રાર્ધના વાયુકુમારેન્દ્ર વાયુકુમારરાજ પ્રભંજનના ઉત્પાત પર્વતનું નામ પ્રભંજન પ્રભ છે. તેમના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે-(૧) કાલ, (૨) મહાકાલપ્રભ, (૩) રિષ્ટ અને (૪) અંજન. તેમના ઉત્પાત પર્વતોનાં નામ અનુક્રમે કાલપ્રભ, મહાકાલપ્રભ, રિષ્ટપ્રભ અને અંજનપ્રભ છે.

દક્ષિણાર્ધના સ્તનિતકુમારેન્દ્ર સ્તનિતકુમારરાજ ઘોષના ઉત્પાતપર્વતનું નામ નીચે પ્રમાણે છે-(૧) આવર્ત્ત, (૨) વ્યાવર્ત્ત (૩) નન્દ્યાવર્ત્ત અને (૪) મહાનન્દ્યાવર્ત્ત. ઘોષનો ઉત્પાતપર્વત અરુણદ્વીપમાં આવેલો છે અને તેના લોકપાલોના ઉત્પાતપર્વતો પણ અરુણદ્વીપમાં જ છે. આવર્ત્ત આદિ લોકપાલોના ઉત્પાતપર્વતોનાં નામ અનુક્રમે આવર્ત્તપ્રભ, વ્યાવર્ત્તપ્રભ, નન્દ્યાવર્ત્તપ્રભ, અને મહાનન્દ્યાવર્ત્તપ્રભ છે. ઉત્તરાર્ધના સ્તનિતકુમારેન્દ્ર સ્તનિતકુમારરાજ મહાઘોષના ઉત્પાત પર્વતનું નામ મહાઘોષપ્રભ છે. તેમના લોકપાલોનાં નામ (૧) આવર્ત્ત, (૨) વ્યાવર્ત્ત, (૩) મહાનન્દ્યાવર્ત્ત અને (૪) નન્દ્યાવર્ત્ત છે. તેમના ઉત્પાત પર્વતોનાં નામ અનુક્રમે (૧) આવર્ત્તપ્રભ, (૨) વ્યાવર્ત્તપ્રભ, (૩) મહાનન્દ્યાવર્ત્તપ્રભ અને (૪) નન્દ્યાવર્ત્તપ્રભ છે. સ્તનિનકુમારનો ઉત્પાત પર્વત અરુણદ્વીપમાં આવેલો છે અને તેના લોકપાલોના ઉત્પાત પર્વતો પણ અરુણદ્વીપમાં જ છે.

આ ઉત્પાતપર્વતોનું સ્થાન દર્શાવતી ગાથાઓ નીચે પ્રમાણે છે—
"असुराणं नागाणं" ઇત્યાદિ—આ ગાથાઓનો અર્થ ઉપરના લખાણમાં સ્પષ્ટ થઇ ચુકયો છે.

આ રીતે ભવનપતિ દેવોના ૨૦ ઇન્દ્રો, તેમના ઉત્પાત પર્વતો, તેમના લોકપાલો અને તે લોકપાલોના ઉત્પાતપર્વતોનું કથન કરીને હવે સૂત્રકાર વૈમાનિકોનાઉત્પાત પર્વતોનું કથન કરે છે-

"**सक्कस्स**" ઇત્યાદિ—દેવેન્દ્ર દેવરાજ શક્રના ઉત્પાત પર્વતનું નામ શક્રપ્રભ છે. શક્ર દક્ષિણાર્ધનો અધિપતિ છે. તેના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે-(૧) સોમ, (૨) યમ, (૩) વરુણ અને (૪) વૈશ્રવણ. તે ચારે લોકપાલોના ઉત્પાત પર્વતોનાં નામ હવે ક્રમશઃ પ્રકટ કરવામાં આવે છે-(૧) સોમપ્રભ, (૨) યમપ્રભ, (૩) વરુણપ્રભ અને (૪) વૈશ્રવણપ્રભ. શક્રના ઉત્પાત પર્વતનું જે પ્રમાણ આ સૂત્રમાં આગળ પ્રકટ કરવામાં આવ્યું છે, એટલું જ તેના લોકપાલોના ઉત્પાત પર્વતોનું પ્રમાણ પણ સમજવું. કુંડલવર દ્વીપમાં જે કુંડલપર્વત છે તે કુંડલપર્વત પર દક્ષિણ દિશા તરફ શક્રેન્દ્રની ૧૬ રાજધાનીઓ છે. તેમાંની ચાર ચાર રાજધાનીઓની વચ્ચે શક્રના ચાર લોકપાલોના ઉત્પાત પર્વતોનાં ક્રમશઃ આવેલા છે. એમ સમજવું. ઉત્તર દિશાના અધિપતિ દેવેન્દ્ર દેવરાજ ઇશાનના ઉત્પાત પર્વતનું નામ ઇશાનપ્રભ છે. આ ઇશાનપ્રભ ઉત્પાતપર્વતનું પ્રમાણ શક્રના શક્રપ્રભ ઉત્પાત પર્વતના જેવું જ છે. દેવેન્દ્ર દેવરાજ ઈશાનના ચાર લોકપાલોનાં નામ નીચે પ્રમાણે છે-(૧) સોમ, (૨) યમ, (૩) વૈશ્રવણ અને (૪)

વરુણ. તે ચાર લોકપાલોના ઉત્પાતપર્વતોનાં નામ અનુક્રમે સોમપ્રભ, યમપ્રભ, વૈશ્રવણપ્રભ અને વરુણપ્રભ છે. કુંડલવર દ્વીપમાં કુંડલપર્વતની ઉત્તર દિશા તરફ ઇશાનેન્દ્રની જે ૧૬ રાજધાનીઓ આવેલી છે, તેમાં શક્રના લોકપાલોના ઉત્પાત પર્વતોની જેમ ઇશાનેન્દ્રના લોકપાલોના ઉત્પાત પર્વતો પણ આવેલા છે. તે ઉત્પાત પર્વતોનું પ્રમાણુ શક્રના ઉત્પાતપર્વતોના પ્રમાણુ જેવુંજ સમજવું.

સનત્કુમારથી લઇને અચ્યુત પર્યન્તના ઇન્દ્રોના અને તેમના લોકપાલોના ઉત્પાતપર્વતોનું પ્રમાણુ પણ શક્રના ઉત્પાત પર્વતના પ્રમાણુ જેવું જ સમજવું. એજ વાત સૂત્રકારે "सक्कस्स णं देविंदस्स देवरण्णो" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે.

આ કથનનું હવે વિશેષ સ્પષ્ટીકરણુ કરવામાં આવે છે—દાક્ષિણાત્ય ઇન્દ્રોનાં નામ સનત્કુમાર, બ્રહ્મ, અને મહાશુક્ર છે. તેમના ઉત્પાત પર્વતોનાં નામ ક્રમશઃ શક્રપ્રભ, સનત્કુમારપ્રભ, બ્રહ્મપ્રભ અને મહાશુક્રપ્રભ છે. શક્રના ઉત્પાત પર્વત અને લોકપાલોનાં નામ આગળ આપવામાં આવ્યાં છે. બાકીના ત્રણે દાક્ષિણાત્ય દેવન્દ્રોના લોકપાલોનાં નામ શક્રના લોકપાલોના જેવાં જ છે, અને તેમના ઉત્પાતપર્વતો પણ શક્રના લોકપાલોના ઉત્પાતપર્વતો જેવાં છે. ઉત્તર દિશામાં રહેતા દેવેન્દ્રોનાં નામ ઇશાન, માહેન્દ્ર, લાન્તક, સહસ્રાર, પ્રાણુત અને અચ્યુત છે. તેમના ઉત્પાતપર્વતોનાં નામ અનુક્રમે ઇશાનપ્રભ, માહેન્દ્રપ્રભ, લાન્તકપ્રભ, સહસ્રારપ્રભ, પ્રાણુતપ્રભ અને અચ્યુતપ્રભ છે. તેમના લોકપાલોના નામ શક્રેન્દ્રના લોકપાલોનાં નામ જેવાં જ છે. તે લોકપાલોના ઉત્પાત પર્વતોનાં નામ, પ્રમાણ વગેરે શક્રના લોકપાલોના ઉત્પાત પર્વતોના કથન અનુસાર જ સમજવું. એજ વાત સૂત્રકારે "सव्वेसिं पमाणमेगं" આ સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કરી છે.॥સૂત્ર.૨૯॥

## યોજન સહસ્ત્રાત્મક અવગાહનાકા નિરૂપણ

પૂર્વસૂત્રમાં હજાર યોજનના પ્રમાણવાળા ઉત્પાત પર્વતોની વાત કરવામાં આવી. હવે સૂત્રકાર હજારયોજનની અવગાહનાવાળાં જે શરીરો છે તેમનું નિરૂપણ કરે છે-" बायरवणस्सइकाइयाणं " ઇત્યાદિ—(સૂ ૩૦)

ટીકાર્થ—બાદર વનસ્પતિકાયિકોના શરીરની ઉત્કૃષ્ટ (અધિકમાં અધિક) અવગાહના એક હજાર યોજનની કહી છે. જળચર પંચેન્દ્રિય તિર્યંચ જીવોની શરીરાવગાહના વધારેમાં વધારે એક હજાર યોજનની કહી છે. ઉરઃપરિસર્પ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોની ઉત્કૃષ્ટ શરીરાવગાહના એક હજાર યોજનની કહી છે.

જે સ્થૂલ વનસ્પતિકાયિક જીવો છે તેમને બાદરવનસ્પતિકાયિક જીવો કહે છે. અહીં સૂક્ષ્મવનસ્પતિકાયિક જીવોની વ્યાવૃત્તિને નિમિત્ત (તેમનું ગ્રહણ કરવાનું ન હોવાથી) સ્થૂલ વિશેષણ લગાડવામાં આવ્યું છે, કારણ કે સૂક્ષ્મ વનસ્પતિકાયિકોની અવગાહના આંગળના અસંખ્યાતમાં ભાગપ્રમાણ જ કહી

આ શરીરાવગાહના પ્રમાણ ઉત્સેધાંગુલ પ્રમાણુનીઅપેક્ષાએ ગ્રહણ થયું છે–પ્રમાણાંગુલના પ્રમાણ વડે ગ્રહણ થયું નથી, કારણ કે "उस्सेहपमाणा उ मिणे देहं" "શરીરાવગાહનાનું પ્રમાણ ઉત્સેધના પ્રમાણ વડે માપવું જોઇએ," એવું કહેવામાં આવ્યું છે. જે પ્રદેશોમાં શરીર અવગાઢ હોય છે તે પ્રદેશોને શરીરાવગાહના કહે છે બાદરવનસ્પતિકાયિકોની આ ઉત્કૃષ્ટ શરીરાવગાહના તથાવિધ મહાનદ આદિમાં સ્થિત પદ્મનાલ( કમલનાલ )ની અપેક્ષાએ કહેવામાં આવી છે એમ સમજવું.

"जलचरपंचेन्द्रिय" આ કથન દ્વારા મત્સ્યોને જળચરજીવોરૂપે ગ્રહણ કરવામાં આવ્યાં છે. અહીં ગર્ભજ અને સંમૂર્ચ્છિમ, આ બન્ને પ્રકારના મત્સ્યો ગ્રહણ કરાયા છે, કારણ કે "मच्छजुयले सहस्सं" મત્સ્ય યુગલની શરીરાવગાહના ૧૦૦૦ યોજનની હોય છે," એવું શાસ્ત્રવાક્ય છે. આ મત્સ્યો સ્વયંભૂરમણસમુદ્રમાં જ હોય છે.

તથા અહીં જે ઉરઃપરિસર્પરૂપ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચની શરીરાવગાહનાની વાત કરવામાં આવી છે તે ગર્ભજના વિષયમાં જ કરવામાં આવી છે, એમ સમજવું. "उरगेसु गब्भजाएसु" કારણ કે એટલી બધી વિશાળ અવગાહનાનો સદ્ભાવ માત્ર ગર્ભજ ઉરગોમાં જ હોય છે. તે ગર્ભજ ઉરગો બાહ્યદ્વીપોમાં જલનિશ્રિત ( જળમાં રહેતા ) હોય છે. ॥ સૂત્ર ૩૦ ॥

આ પ્રકારના અર્થના પ્રરૂપક જિનેન્દ્ર ભગવાનો હોય છે, તેથી હવે સૂત્રકાર જિનેન્દ્ર ભગવાન સંબંધી સૂત્રનું કથન કરે છે–

"संभवाओ णं अरहाओ' ઈત્યાદિ—(સૂ. ૩૧)

ટીકાર્થ–સંભવનાથ અર્હંતને થઈ ગયાને ૧૦ લાખ સાગરોપમ કોટિ સમાપ્ત થઈ ગમા બાદ અભિનન્દન અર્હંત ઉત્પન્ન થયા હતા. ॥ સૂત્ર. ૩૧ ॥

## દશ પ્રકારકે અન્તકે સ્વરૂપકા નિરૂપણ

ઉપર્યુક્ત પ્રમાણવાળા અવગાહનાદિક પદાર્થોને તથા તે સિવાયના પણ અનેક પદાર્થોને જિનેન્દ્રોએ અનન્તરૂપે જોયાં છે. તેથી હવે સૂત્રકાર ૧૦ પ્રકારના અનન્તનું નિરૂપણ કરે છે–" दसविहे अणंतए पण्णत्ते " ઈત્યાદિ—(સૂ. ૩૨)

ટીકાર્થ–અનન્તના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે–(૧) નામાનન્તક (૨) સ્થાપનાનન્તક, (૩) દ્રવ્યાનન્તક, (૪) ગણુનાનન્તક, (૫) પ્રદેશાનન્તક, (૬) એકતઃઅનન્તક, (૭) દ્વિધાતઃઅનન્તક, (૮) દેશવિસ્તારાનન્તક, (૯) સર્વવિસ્તારાનન્તક અને (૧૦) શાશ્વતાનન્તક.

અનન્ત જ અનન્તકરૂપ છે. તેના ૧૦ પ્રકારોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

"અનન્તક" આ નામવાળી જે વર્ણાનુપૂર્વી છે તેનું નામ 'નામાનન્તક' છે. અથવા–જે સચેતન આદિ પદાર્થને "અનન્તક" એવી સંજ્ઞા વડે ઓળ-

ખવામાં આવે છે, તેને પણ નામાનન્તક કહે છે. અક્ષ આદિકોમાં જે આ અનન્તક છે," એવી સ્થાપના કરાય છે, તેને 'સ્થાપનાનન્તક' કહે છે. જીવદ્રવ્યો અથવા પુદ્ગલદ્રવ્યોમાં જે અનન્તતા છે તેને 'દ્રવ્યાનન્તક' કહે છે. સંખ્યારૂપ જે અનન્તતા છે તેનું નામ "ગણનાનન્તક" છે તે ગણનાનન્તક એવી સંખ્યા-વિશેષરૂપ હોય છે કે જેમાં અણુ આદિ સંખ્યાવિશેષ અવિવક્ષિત હોય છે. આકાશપ્રદેશોની જે અનન્તતા છે તેનું નામ "પ્રદેશાનન્તક" છે આ પ્રદેશા-નન્તકતા અલોકાકાશના પ્રદેશોની અપેક્ષાએ કહેવામાં આવી છે. અતીતાદ્ધા (ભૂતકાળ) અથવા અનાગતાદ્ધા (ભવિષ્યકાળ રૂપ 'એકતઃઅનન્તક' હોય છે. સર્વાદ્ધારૂપ 'દ્વિધાતઃઅનન્તક હોય છે. એક આકાશપ્રતર દેશવિસ્તારાનન્તકરૂપ હોય છે, અલોકાકાશની અપેક્ષાએ આ પ્રમાણે સમજવું જોઈએ. સર્વાકાશરૂપ જે અસ્તિકાય છે તે 'સર્વવિસ્તારાનન્તક'રૂપ છે. અક્ષય જે જીવાદિ દ્રવ્ય છે. તેને 'શાશ્વતાનન્તક'રૂપ સમજવું ॥ સૂત્ર ૩૨ ॥

## પૂર્વગતશ્રુતકા નિરૂપણ

"અનન્તના દસ પ્રકારો છે," આ બાબતનું પ્રતિપાદન કરનારું જે શ્રુત છે તેનું નામ પૂર્વગતશ્રુત છે. તેથી હવે સૂત્રકાર પૂર્વશ્રુતવિશેષનું કથન કરે છે–

"उप्पायपुव्वस्सणं दस वत्थू पण्णत्ता" ઈત્યાદિ—(સૂ. ૩૩)

ટીકાર્થ–૧૪ પૂર્વોમાંના પહેલા પૂર્વનું નામ ઉત્પાતપૂર્વ છે. તેની વસ્તુઓ (અધ્ય-યન વિશેષો) ૧૦ કહી છે. અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વ નામનું જે ચોથું પૂર્વ છે તેની ૧૦ ચૂલિકારૂપ વસ્તુઓ કહી છે. મૂળ વસ્તુઓની ઉપર જે ચૂલારૂપ વસ્તુઓ હોય છે, તેમને ચૂલિકાવસ્તુઓ કહે છે. ॥ સૂત્ર. ૩૩ ॥

પૂર્વગતશ્રુતમાં સાધુજનોને દસ પ્રકારની પ્રતિસેવના પ્રતિષિદ્ધ ગણાવી છે. –ન કરવા યોગ્ય કહી છે. હવે સૂત્રકાર તે પ્રતિસેવનાનું નિરૂપણ કરે છે–

"दसविहा पडिसेवणा पण्णत्ता" ઈત્યાદિ—(સૂ. ૩૪)

ટીકાર્થ–પ્રતિષિદ્ધ (નિષેધયુક્ત) પ્રાણાતિપાત આદિ વસ્તુનું જે સેવન કરાય છે તેનું નામ પ્રતિસેવના છે. આ પ્રતિસેવના ૧૦ પ્રકારની કહી છે—પ્રથમ પ્રતિસેવના દર્પનામની કહી છે, દર્પ એટલે અહંકાર—અહંકારને કારણે જે પ્રતિસેવના (આગમ વિરૂદ્ધની પ્રાણાતિપાત આદિની આસેવના) કરાય છે તેનું નામ દર્પપ્રતિસેવના છે.

પ્રમાદપ્રતિસેવના–પરિહાસ, વિકથા આદિ રૂપ પ્રમાદ હોય છે. કહ્યું પણ છે કે–"कंदप्पाइप्पमाओ" "કન્દર્પ આદિરૂપ પ્રમાદ છે" અથવા કરવા યોગ્ય કર્તવ્યમાં પ્રયત્નનો અભાવ હોવો તેનું નામ પ્રમાદ છે. આ પ્રમાદનો સદ્ભાવ હોય ત્યારે જે પ્રતિસેવના થાય છે તે પ્રતિસેવનાનું નામ પ્રમાદપ્રતિસેવના છે.

(૩) અનાભોગપ્રતિસેવના–અનાભોગ એટલે વિસ્મૃતિ. તે વિસ્મૃતિના સદ્ભાવમાં જે પ્રાણાતિપાત આદિનું સેવન કરાય છે તેને અનાભોગ પ્રતિસેવના કહે છે.

(૪) આતુરાપ્રતિસેવના–બીમારીનું નામ ગ્લાનાવસ્થા છે. બીમારીનો સદ્ભાવ હોય ત્યારે તેના ઉપચારને માટે જે પ્રતિસેવના થાય છે તેને આતુરપ્રતિસેવના કહે છે. અથવા–આતુર શબ્દ અહીં ભાવવાચક છે. એટલે પોતાની જ આતુરતાને કારણે જે પ્રતિસેવના થાય છે તેનું નામ આતુરપ્રતિસેવના છે. એટલે કે ક્ષુધા, પિપાસા આદિથી વ્યાકુળ થયેલો સાધુ જે પ્રતિસેવના કરે છે તેને આતુરપ્રતિસેવના કહે છે. કહ્યું પણ છે કે–"पढमबीउदद्दुओ वाहिओव जं सेवइ आउराएसा" સાધુ ક્ષુધાને કારણે. પિપાસને કારણે અથવા વ્યાધિથી યુક્ત થવાને કારણે જે પ્રતિસેવના (પ્રાણાતિપાત આદિનું સેવન કરે છે તેને આતુરાપ્રતિસેવના કહે છે.

(૫) આપત્તિ પ્રતિસેવના–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદથી ચાર પ્રકારની આપત્તિઓમાં જે પ્રતિસેવના થાય છે તેને આપત્તિપ્રતિસેવના કહે છે.

પ્રાસુક જળની દુર્લભતા હોવી તેનું નામ દ્રવ્યની અપેક્ષાએ આપત્તિ કહેવાય છે, માર્ગમાં રહેવું પડે તે ક્ષેત્રની અપેક્ષાએ આપત્તિ કહેવાય છે. દુર્ભિક્ષતા (દુષ્કાળ) રૂપ આપત્તિને કાળની અપેક્ષાએ આપત્તિ કહી શકાય અને ગ્લાનતા (બીમારી)ને ભાવની અપેક્ષાએ આપત્તિ ગણાય. કહ્યું પણ છે કે–" दव्वाइ अलंभे पुण चउव्विहा आवया होंति " દ્રવ્યાદિના અલાભ આદિરૂપ ચાર પ્રકારની આપત્તિ હોય છે."

(૬) શંકિતપ્રતિસેવના–આહારાદિની એષણીયતાના વિષયમાં અનેષણીયતા રૂપ સંદેહ હોવા છતાં તે આહારાદિની એષણીયતારૂપ સંદેહ હોવા છતાં તે આહારાદિનું સેવન કરવારૂપ જે પ્રતિસેવના છે તેને શંકિતપ્રતિસેવના કહે છે. કહ્યું પણ છે કે " जं संकेतं समावज्जे "

(૭) સહસાકારપ્રતિસેવના-અકસ્માત કરવો તેનું નામ સહસાકાર છે આ પ્રકારે અકસ્માત થવાનું કારણ વધુ પડતી ઉતાવળ અને સાવધાનીનો અભાવ હોય છે. અકસ્માત થાય એવી પ્રવૃત્તિ કરવી તેનું નામ સહસાકારપ્રતિસેવના છે. સહસાકારનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે–" पुव्वं अपासिऊणं " ઇત્યાદિ.

(૮) ભયપ્રતિસેવના–રાજા આદિના ભયથી જે માર્ગ આદિના પ્રદર્શનરૂપ પ્રતિસેવના થાય છે તેનું નામ ભયપ્રતિસેવના થાય છે. અથવા–સિંહ આદિના ભયથી જે જલ્દી જલ્દી ચાલવાનું થાય છે તેનું નામ ભયપ્રતિસેવના છે. કહ્યું પણ છે કે–" भयममिउगेण सीहमाईंवा "

(૯) પ્રદ્વેષપતિસેવના–ક્રોધાદિ કષાયને વશ થઇને જે પ્રતિસેવના થાય છે તેને પ્રદ્વેષ પ્રતિસેવના કહે છે. અહીં પ્રદ્વેષ પદ વડે ક્રોધ વિગેરે કષાયોને ગ્રહણ કરવામાં આવ્યા છે. કહ્યું પણ છે કે–" कोहाइओ पओसो ઈત્યાદિ.

(૧૦) વિમર્ષ પ્રતિસેવના–શિષ્ય વિગેરેની પરીક્ષા કરવા નિમિત્તે જે ક્ષોભક વચનોનું ઉચ્ચારણ થાય છે, તેને વિમર્શ કહે છે. આ પ્રકારના વિમર્શની પ્રતિસેવનાનું નામ વિમર્શ પ્રતિસેવના છે.

આ પ્રકારનાં વિમર્શ વચનો–પ્રતિક્ષોભક વચનો–" આ શિષ્ય ક્ષોભ પામે છે કે નહીં એ વાતની કસોટી કરવા માટે વપરાય છે. કહ્યું પણ છે કે– " बोमंसा सेहमाईणं " ॥ સૂ ૩૪ ॥

સાધુઓ દ્વારા કદાપિ પ્રતિસેવના થઈ જાય, તો તેમને અવશ્ય આલોચના કરવી પડે છે. તેથી હવે સૂત્રકાર આલોચનામાં પરિહરણીય (ત્યાગ કરવા યોગ્ય દોષોનું ૧૦ સ્થાનને અનુલક્ષીને કથન કરે છે-

दस आलोयणादोसा पण्णत्ता " ઈત્યાદિ—(સૂ. ૩૫)

ટીકાર્થ-ગુરુની સમીપે પોતાના દોષોને પ્રકટ કરવા તેનું નામ આલોચના છે. આ આલોચનામાં જે દોષો થાય છે તેને આલોચનાદોષો કહે છે. તે આલોચના દોષોના ૧૦ પ્રકાર કહ્યા છે-(૧) આકમ્પ્ય, (૨) અનુમાન્ય, (૩) યદ્દૃષ્ટ, (૪) બાદર, (૫) સૂક્ષ્મ, (૬) છન્ન, (૭) શબ્દાકુલક, (૮) બહુજન, (૯) અવ્યક્ત, અને (૧૦) તત્સેવી.

વૈયાવૃત્ય આદિ દ્વારા ગુરુને પોતાને અનુકૂળ કરીને જે આલોચના કરાય છે, તે આલોચનાને આકંપ્યદોષયુક્ત આલોચના કહે છે. અમુક આચાર્ય કઠોર દંડ (પ્રાયશ્ચિત્ત) દેનારા છે અને અમુક આચાર્ય મૃદુ દંડ દેનારા છે, આ પ્રકારનું અનુમાન કરીને મૃદુ દંડ દેનારા આચાર્યની સમીપે જે આલોચના કરાય છે તે આલોચનાને અનુમાન્ય દોષયુક્ત આલોચના કહે છે આલોચના કરનારનો જે દોષ આચાર્ય આદિની નજરે પડી ગયો હોય તે દોષની જ આલો· ચના, આચાર્ય આદિને ખુશ કરવા માટે કરવામાં આવે તો તે આલોચના યદ્દૃષ્ટ દોષ યુક્ત આલોચના કહેવાય છે. અહીં એવું બને છે કે આલોચના કર્ત્તા સાધુ ગુરુકર્મા હોવાને કારણે પોતાના જે દોષો ગુરુ આદિના જાણવામાં ન આવ્યા હોય તેની આલોચના કરતો નથી. જ્યારે આલોચનાકર્ત્તા પોતાના સ્થૂલ દોષોની જ આલોચના કરે છે ત્યારે તેની આલોચના બાદર દોષયુક્ત ગણાય છે. જ્યારે આલોચનાકર્ત્તા પોતાના સૂક્ષ્મ દોષોની જ આલોચના કરે છે ત્યારે તે આલોચનાને સૂક્ષ્મદોષયુક્ત આલોચના કહેવાય છે.

શંકા–જે સાધુ સૂક્ષ્મ અતિચારરૂપ દોષોની આલોચના કરતો હોય છે તે બાદર અતિચારોની આલોચના પણ કરી શકે છે. તો આપે 'સૂક્ષ્મદોષોની જ આલોચના કરે છે,' આ પ્રકારનું કથન શા માટે કર્યું છે?

ઉત્તર–"જે સૂક્ષ્મદોષોની આલોચના કરે છે તે બાદર અતિચારોની આલોચના પણ કરતો જ હશે," આ પ્રકારનો પોતાને વિષે આચાર્યનો અભિપ્રાય એવી માન્યતાથી જો સૂક્ષ્મદોષોની જ આલોચના કરાય તો બાદર-દોષનો સદ્ભાવ રહે છે.

જે સાધુ કૃત અતિચારોની આલોચના પોતે જ સાંભળી શકે એવી રીતે કરે છે-આચાર્ય આદિ સાંભળી ન શકે એવી રીતે કરે છે–તે આલોચનાને છન્નદોષયુક્ત આલોચના કહે છે. અન્ય અગીતાર્થ સાધુ આદિને પણ સંભળાય એવી રીતે મોટા અવાજે આલોચના કરવામાં આવે, તો તેને શબ્દાકુલક દોષયુક્ત આલોચના કહેવાય છે જ્યારે આલોચના કરનારના આચાર્યરૂપે અનેક માણસો હોય છે, ત્યારે તે આલોચના બહુજન દોષયુક્ત ગણાય છે જે આલોચના અગીતાર્થની સમીપે કરવામાં આવે છે, તે આલોચનાને અવ્યક્તદોષયુક્ત ગણાય છે. આલોચના કરવાને યોગ્ય દોષોનું સેવન કરનારા આચાર્યની સમીપે જે આલોચના કરવામાં આવે છે તે આલોચનાને તત્સેવીદોષયુક્ત આલોચના કહે છે. ।।સૂ. ૩૫।।

## આલોચના દેનેવાલે ઔર લેનેવાલેકે ગુણકા નિરૂપણ

પૂર્વસૂત્રમાં આલોચનાના દોષોનું કથન કરવામાં આવ્યું. હવે સૂત્રકાર આલોચના દેનાર અને આલોચના કરનારના ગુણોનું દસ સ્થાનને અનુલક્ષીને કથન કરે છે—"दसहिं ठाणेहिं संपन्ने अणगारे" ઇત્યાદિ—(સૂ ૩૬)

ટીકાર્થ–જે અણગાર નીચે દર્શાવેલાં ૧૦ સ્થાનોથી (ગુણોથી) યુક્ત હોય છે તે અણગાર જ આલોચના કરવાને અધિકારી ગણાય છે–(૧) જાતિસંપન્ન, (૨)

કુલસંપન્ન, (૩) વિનયસંપન્ન, (૪) જ્ઞાનસંપન્ન, (૫) દર્શનસંપન્ન, (૬) ચારિત્ર સંપન્ન, (૭) ક્ષાન્ત, (૮) દાન્ત. (૯) અમાયી અને (૧૦) અપશ્ચાદનુતાપી

માતાના વંશનું નામ જાતિ અને પિતાના વંશનું નામ કુળ છે. જે પુરુષ શુદ્ધમાતાના વંશવાળો અને શુદ્ધપિતાના વંશવાળો હોય છે એવો પુરુષ તો સામાન્ય રીતે અકૃત્યનું સેવન કરતો જ નથી. પરન્તુ ક્યારેક તેના દ્વારા જો અકૃત્યનું સેવન થઇ જાય છે તો તેનું અંતઃકરણ પશ્ચાત્તાપરૂપી અગ્નિ વડે તપ્ત થઈ જાય છે. એવો પુરુષ પોતાના દોષોની આલોચના અવશ્ય કરે જ છે. આ પ્રકારના જાતિસંપન્ન અને કુલસંપન્નરૂપ પહેલાં બે સ્થાનો સમજવા. કહ્યું પણ છે કે–" जाई कुलसंपण्णो " ઈત્યાદિ. આ પ્રકારે આઠમાં સ્થાનમાં જેવું પ્રતિ પાદન કરવામાં આવ્યું છે એવું જ પ્રતિપાદન અહીં પણ દાન્ત પર્યન્તના ગુણોવાળા અણગાર વિષે પણ કરવું જોઈએ. અહીં "પર્યન્ત" પદ વડે "વિનયસંપન્ન, જ્ઞાનસંપન્ન, દર્શનસંપન્ન ચારિત્રસંપન્ન અને ક્ષાન્ત" આટલાં પદોને ગ્રહણ કરવામાં આવ્યાં છે.

વિનયસંપન્ન–જે સાધુ વિનીત હોય છે, તે અનાયાસે જ ( કોઈ ન કહે તો પણ ) તે પોતાના બધા દોષોની આલોચના અવશ્ય કરી જ લે છે.

જે સાધુ જ્ઞાનસંપન્ન હોય છે સમ્યગ્જ્ઞાનથી યુક્ત હોય છે, તે દોષવિપાક વાળા–દોષોની શુદ્ધિ કરનારા-પ્રાયશ્ચિત્તને જાણીને અનાયાસ ભાવથી જ પોતાના દોષોની આલોચના કરે છે કહ્યું પણ છે કે—

" णाणेण उ संपण्णे " ઇત્યાદિ. આ કથનનો ભાવાર્થ સ્પષ્ટ છે.

દર્શનસંપન્ન—જે શિષ્ય શ્રદ્ધાસંપન્ન હોય છે તે એવો દૃઢ વિશ્વાસ ધરાવે છે કે "દોષ અનર્થકારી હોય છે." તે કારણે તે પોતાના દોષોની આલોચના કર્યા વિના રહેતો નથી.

ચારિત્રસંપન્ન–જે શિષ્ય ચારિત્રસંપન્ન હોય છે–ક્રિયાશાળી હોય છે–તે સામાન્ય રીતે ફરી એવા દોષનું સેવન કરતો નથી, અને કદાચ કોઈ કારણે દોષનું સેવન થઇ જાય તો તેની સમ્યક્ રીતે આલોચના કરે છે અને તેને જે પ્રાયશ્ચિત્ત આપવામાં આવ્યું હોય છે, તે પ્રાયશ્ચિત્ત યથાવિધિ કરે છે. કહ્યું પણ છે કે–" दोसा णत्थकर–त्तिय " ઇત્યાદિ—

ભાવાર્થ–" દોષ અનર્થકર છે," એવી પૂર્ણશ્રદ્ધાપૂર્વક દર્શનસંપન્ન શિષ્ય પોતાના દોષોની આલોચના કરે છે. જે શિષ્ય ચારિત્રસંપન્ન હોય છે તે ફરીથી અપરાધનું સેવન કરતો નથી.

ક્ષાન્ત–જે શિષ્ય ક્ષાન્ત–ક્ષમાશીલ–હોય છે તે આચાર્યના કઠોર વચનો સાંભળીને પણ રોષ ધારણ કરતો નથી. કહ્યું પણ છે કે–

"खंतो आयरिएहिं" ઈત્યાદિ.

દાન્ત-જે શિષ્ય દાન્ત (પોતાની ઇન્દ્રિયોનો નિગ્રહ કરનારો) હોય છે, તે તેને જે પ્રાયશ્ચિત્ત દેવામાં આવ્યું હોય છે તેનું સારી રીતે વહન કરે છે.

અમાયી-જે શિષ્ય અમાયી (માયા અથવા કપટથી રહિત) હોય છે, તે પોતાના દ્વારા સેવવામાં આવેલા દોષોને છુપાવતો નથી. તે પોતાના દોષોને ગુરુ સમીપે સ્પષ્ટ રૂપે પ્રકટ કરે છે અને તેને જે પ્રાયશ્ચિત્ત દેવામાં આવે તેનો શાન્તિથી સ્વીકાર કરે છે.

અપશ્ચાદનુતાપી જે શિષ્ય અપશ્ચાદનુતાપી હોય છે તે પોતાના દોષોની આલોચના કર્યા બાદ આલોચના કરવા માટે પશ્ચાત્તાપ કરતો નથી. કહ્યું પણ છે કે—"नो पलिउंचे अमायी" ઈત્યાદિ.

આ પ્રકારે ૧૦ ગુણોથી સંપન્ન આલોચકનું કથન કરીને હવે સૂત્રકાર આલોચના કરાવનારા પુરુષમાં જે દશ ગુણો હોવા જોઈએ તેમનું નિરૂપણ કરે છે. આ દસ ગુણોથી સંપન્ન હોય એના આચાર્ય આદિ પાસે જ પોતાના દોષોની આલોચના કરવી જોઈએ—

"दसहिं ठाणेहिं" ઈત્યાદિ—દસ સ્થાનોથી (ગુણોથી) યુક્ત હોય એવા અણગાર જ આલોચક દ્વારા પ્રકટ કરાતાં અપરાધોને શ્રવણ કરવાનો અધિકાર (યોગ્યતા) ધરાવે છે તે દસ ગુણો નીચે પ્રમાણે કહ્યાં છે—

(૧) જે ગુરુ આચારસંપન્ન હોય છે તેમની આગળ પોતાના દોષોની આલોચના કરી શકાય છે. જ્ઞાનાદિરૂપ પાંચ પ્રકારના આચારનું જ્ઞાન ધરાવનારા તથા તે આચારોનું સ્વયં સેવન કરનારા ગુરુને આચારસંપન્ન કહે છે.

(૨) અવધારણાસંપન્ન-જે આચાર્ય આલોચ્યમાન અતિચારોના પ્રકારનો નિર્ણય કરવાને સમર્થ હોય છે, તે આચાર્ય જ આલોચકની પાસે આલોચના કરાવવાને પાત્ર ગણાય છે કહ્યું પણ છે કે—

"आयारवमायारं" ઈત્યાદિ. અર્થ ઉપર પ્રમાણે જ છે.

આલોચના કરાવનાર આચાર્યમાં આ સિવાય નીચે પ્રમાણે પણ યોગ્યતા હોવી જોઈએ—(૩) વ્યવહારવાન્, (૪) અપવ્રીડક, (૫) પ્રકારક:, (૬) અપરિસ્રાવી, (૭) નિર્યાપક.

આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીતના ભેદથી વ્યવહાર પાંચ પ્રકારનો કહ્યો છે. જે આચાર્ય આ પાંચે પ્રકારના વ્યવહારનો જાણકાર હોય છે તેને વ્યવહારવાન્ કહે છે.

પોતાના દોષોને પ્રકટ કરનાર સાધુને મૃદુ વચન દ્વારા લજ્જા સંકોચ આદિથી રહિત કરાવવાને સમર્થ આચાર્યને અપવ્રીડક કહે છે. કહ્યું પણ છે કે—"ववहारवं ववहारं" ઈત્યાદિ. આ ગાથાનો અર્થ ઉપર સ્પષ્ટ થઈ ચુકયો છે આ કથનનો ભાવાર્થ એ છે કે—

જે આગમાદિ પાંચે પ્રકારના વ્યવહારનો જ્ઞાતા હોય છે, તેને વ્યવહા-

રવાન્ કહે છે પોતાના અતિચારોને છુપાવનારા સાધુ પાસે યુક્તિપ્રયુક્તિથી અતિચારો પ્રકટ કરાવનાર સાધુને અપવ્રીડક કહે છે.

આલોચના કરાવ્યા બાદ અતિચારોનું સેવન કરનાર સાધુની શુદ્ધિ કરાવનારને પ્રકારક કહે છે. કહ્યું પણ છે કે—" आलोइयम्मि सोहिं " ઇત્યાદિ

આલોચકના દોષોને અન્યની આગળ પ્રકટ નહીં કરનારને અપરિસ્રાવી કહે છે, કહ્યું પણ છે કે—" जो अन्नस्स उ दोसे " ઇત્યાદિ.

નિર્યાપક—જે યુક્તિપ્રયુક્તિ પૂર્વક—સમજાવી—પટાવીને—ભયંકરમાં ભયંકર પ્રાયશ્ચિત્તનું પણ શિષ્યની પાસે પાલન કરાવે છે, તેને નિર્યાપક કહે છે. કહ્યું પણ છે કે—" निज्जवओ तह कुणइ " ઇત્યાદિ.

(૮) અપાયદર્શી—દુર્ભિક્ષ, દુર્બલતા આદિને કારણે શિષ્યના મનને ડામાડોળ થયેલું અને પ્રાયશ્ચિત્તનું પાલન કરવામાં શિથિલ થયેલું જોઈને તેને તેના વિપાકનું ભાન કરાવનાર સાધુને અપાયદર્શી કહે છે. અપાયદર્શી આચાર્ય અતિચારોની આલોચના નહીં કરનાર શિષ્યને કહે છે કે " આલોચના નહીં કરવાથી દુર્લભબોધિકતા આદિરૂપ અનર્થની પ્રાપ્તિ થાય છે " કહ્યું પણ છે કે—

" दुब्भिक्खदुब्बलाई " ઇત્યાદિ.

જે ગુરુ પ્રાયશ્ચિત્ત દ્વારા પોતાના દોષોની શુદ્ધિ નહીં કરનારા શિષ્યોના આ લોક સંબંધી દુર્ભિક્ષ, દૌર્બલ્ય આદિ અપાયોને જાણે છે અને પરલોકમાં (પરભવમાં) તેમની દુર્લભબોધિકતાને પ્રકટ કરે છે, તે આચાર્યને અપાય-દર્શી કહે છે. (૯) પ્રિયધર્મા—જેમને ધર્મ પ્રિય હોય છે એવા ગુરુને પ્રિયધર્મા કહે છે.

(૧૦) દૃઢધર્મા—મોટામાં મોટું સંકટ આવી પડવા છતાં પણ પોતાના ગૃહીત ધર્મમાંથી ચલાયમાન થતા નથી એવા આચાર્યને દૃઢધર્મા કહે છે. આચારસંપન્નથી લઈને દૃઢધર્મા પર્યન્તના ગુણોથી યુક્ત હોય એવા આચાર્યને જ આલોચકના અતિચારોને શ્રવણ કરવાના અધિકારી ગણાય છે. ॥ સૂત્ર ૩૬ ॥

આલોચનાનું પ્રતિપાદન કરીને હવે સૂત્રકાર ૧૦ પ્રકારનાં પ્રાયશ્ચિત્તોનું કથન કરે છે—"दसविहे पायच्छित्ते पण्णत्ते" ઇત્યાદિ—(સૂ ૩૭)

ટીકાર્થ–પ્રાયશ્ચિત્તના દસ પ્રકાર કહ્યા છે. પ્રાયશ્ચિત્ત શબ્દ અપરાધ અને અપરાધની શુદ્ધિના અર્થમાં વપરાતો જોવામાં આવે છે અહીં આ શબ્દ અપરાધાર્થક છે. આ રીતે પ્રાયશ્ચિત્તના પ્રકારો એટલે અપરાધના જ પ્રકારો અહીં બતાવ્યા છે. તેના દસ પ્રકારો નીચે પ્રમાણે છે-(૧) આલોચનાર્હ જે અપરાધની માત્ર આલોચના દ્વારા જ શુદ્ધિ થઈ જાય છે તે અપરાધને આરાચનાર્હ કહે છે. અહીં "યાવત્" પદ દ્વારા (૨) પ્રતિક્રમણાર્હ, (૩) તદુભયાર્હ, (૪) વિવેકાર્હ, (૫) વ્યુત્સર્ગાર્હ, (૬) તપઃઅર્હ, (૭) છેદાર્હ અને મૂલાર્હ" આ આઠ પદોનો સંગ્રહ થયો છે. આઠમાં સ્થાનકમાં આ પ્રાયશ્ચિત્તોનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. જે પ્રાયશ્ચિત્ત મિથ્યાદુષ્કૃતને યોગ્ય હોય છે તેને પ્રતિક્રમણાર્હ કહે છે. જે પ્રાયશ્ચિત્ત આલોચના અને પ્રતિક્રમણ, આ બન્નેને યોગ્ય હોય છે તેને તદુભયાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

જે પ્રાયશ્ચિત્ત અશુદ્ધ ભક્ત (આહાર) આદિના ત્યાગરૂપ વિવેકને યોગ્ય હોય છે તેને વિવેકાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે. જે પ્રાયશ્ચિત્ત કાર્યોત્સર્ગરૂપ વ્યુત્સર્ગને પાત્ર હોય છે તેને વ્યુત્સર્ગાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે જે પ્રાયશ્ચિત્ત નિર્વિકૃતિક આદિરૂપ તપને યોગ્ય હોય છે તેને તપોર્હ પ્રાયશ્ચિત્ત કહે છે. જે પ્રાયશ્ચિત્ત પ્રવ્રજ્યા પર્યાયને ન્યૂન કરવાને યોગ્ય હોય છે તેને છેદાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે. મહાવ્રતોનું આરોપણુ કરવું તેનું નામ મૂલ છે. જે પ્રાયશ્ચિત્ત આ પ્રકારના મૂલને યોગ્ય હોય છે તેને મૂલાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.

નવમો પ્રકાર અનવસ્થાપ્યાર્હ–જે અપરાધનું સેવન કરવામાં આવે ત્યારે સાધુને અમુક સમય સુધી વ્રતોમાંથી અનવસ્થાપ્ય થવું પડે છે અને ત્યારબાદ તપ દ્વારા દોષની શુદ્ધિ થઈ ગયા બાદ તેને વ્રતમાં સ્થાપિત કરવામાં આવે છે, તે પ્રકારના પ્રાયશ્ચિત્તને પાત્ર બનનાર સાધુના તે અપરાધને અનવસ્થાપ્યાર્હ કહે છે.

દસમો પ્રકાર–પારાંચિકાર્હ–જે અતિચારનું સેવન કરવાથી સાધુને લિંગ, ક્ષેત્ર, કાળ અને તપથી બહિર્ભૂત કરી નાખવામા આવે છે-તેનો સાધુવેષ કઢાવી નાખવામાં આવે છે, તે પ્રકારના પ્રાયશ્ચિત્તને પારાંચિકાર્હ પ્રાયશ્ચિત્ત કહે છે.। સૂ૩૭।

જે પારાંચિક હોય છે તે ક્યારેક મિથ્યાત્વનો પણ અનુભવ કરી શકે છે. તેથી હવે સૂત્રકાર મિથ્યાત્વના પ્રકારોનું નિરૂપણ કરે છે.-

"दसविहे मिच्छत्ते पण्णत्ते" ઈત્યાદિ—(સૂ. ૩૮

ટીકાર્થ–વિપરીત જ્ઞાનને મિથ્યાત્વ કહે છે. તે મિથ્યાત્વના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે—

(૧) अधर्मे धर्मसंज्ञा"–પ્રાણાતિપાત આદિ અધર્મને જ ધર્મરૂપ માનવો તે મિથ્યાત્વનો પહેલો ભેદ છે. (૨) "धर्मे अधर्म संज्ञा" પ્રાણાતિપાત વિરમણ આદિરૂપ ધર્મમાં–આ પ્રકારના આપ્તવચન પ્રત્યે શ્રદ્ધા રાખવાને બદલે તેના કરતાં વિપરીત બાબતમાં શ્રદ્ધા રાખવી, આ મિથ્યાત્વનો બીજો ભેદ છે. આ પ્રકારનો વિચાર કરનારની બુદ્ધિને વિપરીત કહેવાનું કારણ એ છે કે તે ભગવાનને અનાપ્તરૂપે માને છે. આ પ્રકારની માન્યતાવાળા લોકો એવું કહે છે કે જેટલા પુરુષો છે તે બધાં રાગાદિથી યુક્ત હોય છે અને અસર્વજ્ઞ હોય છે, કારણ કે તેઓ પણ આપણી જ જેમ પુરુષો જ છે. આ પ્રકારની માન્યતા સ્વીકારવામાં આવે તો પુરુષરૂપ તીર્થંકરોને પણ રાગાદિથી યુક્ત અને અસર્વજ્ઞ માનવાનો પ્રસંગ ઉપસ્થિત થશે. તેથી આ પ્રકારના લોકો દ્વારા ઉપદિષ્ટ શાસ્ત્રમાં ધર્મતાનો સદ્ભાવ હોતો નથી. આ પ્રકારના કુતર્કથી પ્રેરાઈને જે લોકો તીર્થંકરોક્ત આગમમાં પણ અધર્મરૂપતા હોવાની શ્રદ્ધા રાખે છે એવા લોકોને આ બીજા પ્રકારના મિથ્યાત્વના ઉપાસકો કહી શકાય છે.

(૩) યથાર્થતત્ત્વ પ્રત્યે શ્રદ્ધા રાખવાને બદલે તેના કરતાં વિરૂદ્ધ અર્થ પ્રત્યે શ્રદ્ધા રાખનારી અને વિરૂદ્ધ જ્ઞાન વડે આચરિત થતા, મોક્ષપુરી, પ્રત્યે નહી લઈ જનાર હોવાને કારણે અમાર્ગરૂપ એવા ઉન્માર્ગને કુસંસ્કારને કારણે માર્ગરૂપ માનનારી જે બુદ્ધિ છે તેને મિથ્યાત્વના ત્રીજા ભેદ રૂપ કહી શકાય.

(૪) મોક્ષપુરીને પ્રાપ્ત કરાવનારા વાસ્તવિક માર્ગરૂપ રત્નત્રયમાં જે અમાર્ગની માન્યતા છે, તે મિથ્યાત્વના ચોથા ભેદરૂપ છે.

(૫) અજીવોમાં–આકાશ, પરમાણુ આદિકોમાં–જે જીવ માન્યતા છે તેને મિથ્યાત્વના પાંચમાં ભેદ રૂપ સમજવી.

(૬) જીવને અજીવ માનવા, તે મિથ્યાત્વનો છટ્ઠો ભેદ છે. કેટલાક લોકો પૃથ્વી આદિ જીવોને અજીવરૂપ માને છે તેઓ એવી દલીલ કરે છે કે

પૃથ્વીકાય આદિમાં શ્વાસ, ઉચ્છ્વાસ આદિ જીવધર્મો જોવામાં આવતા નથી. તેમાં આ ગુણોનો અભાવ હોવાથી તેમને તેઓ ઘટાદિની જેમ અજીવ જ માને છે. તેમની આ પ્રકારની માન્યતાને મિથ્યાત્વ જ ગણી શકાય. (૭) પૃથ્વી આદિ જીવનિકાયના વધથી નિવૃત્ત થયેલા ઔદ્દેશિક આદિ આહાર કરનારા એવા બ્રહ્મચર્યરહિત સાધુઓને સાધુ માનવા તે પણ મિથ્યાત્વ જ છે. આ મિથ્યાત્વનો સાતમો ભેદ છે. (૮) સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ તપને મોક્ષના સાધનરૂપ માનનારા સાધુઓને અસાધુરૂપ માનવા તે પણ મિથ્યાત્વ જ છે. આ મિથ્યાત્વનો નવમો ભેદ છે. (૯. જેઓ અમુક્ત છે-લોકવ્યવહારમાં નિરત છે-સકર્મક છે, તેમને મુક્ત માનવા તે પણ મિથ્યાત્વનો નવમો ભેદ છે. (૧૦) જેઓ સકલ કર્મો દ્વારા કૃત વિકારોથી રહિત છે અને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અને અનંત વીર્યથી યુક્ત છે એવાં સિદ્ધ પરમાત્માને અમુક્ત માનવા તે પણ મિથ્યાત્વ જ છે. આ મિથ્યાત્વનો દસમો ભેદ છે. ॥ સૂત્ર ૩૮ ॥

## વાસુદેવ સમ્બન્ધી વક્તવ્ય નિરૂપણ

આ પ્રકારે મિથ્યાત્વના સ્વરૂપનું જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેમાં તીર્થંકરો સાથે સંબંધ રાખનારી વાતનો ઉલ્લેખ થયો છે. તીર્થંકરોના મહાપુરુષત્વના સાધર્મ્યને લીધે હવે બે વાસુદેવોના વિષે દસ સ્થાન સાથે સુસંગત એવું થોડું કથન કરવામાં આવે છે-चंदप्पभेणं अरहा दस ' ઈત્યાદિ (સૂ ૩૯)

ટીકાર્થ-ચન્દ્રપ્રભ અર્હંત ૧૦ લાખ પૂર્વ સુધીના સર્વાયુષ્કનું પાલન કરીને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, યાવત્ સર્વદુઃખોથી રહિત થયા છે.

ધર્મનાથ અર્હંત ૧૦ લાખ વર્ષ સુધીના સર્વાયુષ્કનું પાલન કરીને સિદ્ધ યાવત્ સર્વદુઃખોથી રહિત થઈ ગયા છે.

નમિ અર્હન્ત ૧૦ લાખ વર્ષ સુધીના સર્વાયુષ્કનું પાલન કરીને સિદ્ધ યાવત્ સર્વદુઃખોથી રહિત થયા છે. પુરુષસિંહ વાસુદેવ ૧૦ લાખ વર્ષ સુધીના સર્વાયુષ્કનું પાલન કરીને છઠ્ઠી 'તમા' નામની પૃથ્વીમાં (નરકમાં) નૈરયિક રૂપે ઉત્પન્ન થયા છે. ।૪।

નેમિનાથ અર્હંત ૧૦ ધનુષપ્રમાણ ઊંચા હતા. ૧૦ હજાર વર્ષ સુધી સર્વાયુષ્કનું પાલન કરીને તેઓ સિદ્ધ (યાવત્) સર્વદુઃખોથી રહિત થઈ ગયા છે. કૃષ્ણ વાસુદેવ ૧૦ ધનુષપ્રમાણ ઊંચા હતા. ૧૦ સો (૧૦૦૦) વર્ષ પર્યન્ત સર્વાયુષ્કનું પાલન કરીને તેઓ ત્રીજા નરકમાં નારકની પર્યાયે ઉત્પન્ન થયા છે.

આ ૩૯માં સૂત્રનાં પહેલાં ચાર સૂત્રો આયુના વિષયમાં આપવામાં આવ્યા છે બાકીનાં બે સૂત્રોમાં ઊંચાઇ અને આયુનું કથન કરવામાં આવ્યું છે. "सिद्धे जावप्पहीणे" આ સૂત્રમાં જે "जाव (પર્યન્ત)" પદ વપરાયું છે. તેના દ્વારા "बुद्धे, मुत्ते, परिनिव्वुडे सव्वदुक्खप्पहीणे" આ ચાર પદોનો સંગ્રહ થયો છે. આ પદોનો અર્થ આગળ સ્પષ્ટ થઈ ચૂક્યો છે. ॥ સૂત્ર ૩૯ ॥

પૂર્વસૂત્રમાં એવું કથન કરવામાં આવ્યું છે કે કૃષ્ણવાસુદેવ નરકમાં ઉત્પન્ન થયા છે. ક્ષેત્રની દૃષ્ટિએ વિચારવામાં આવે તો ભવનવાસી દેવો પણ નારકોની સમીપના ક્ષેત્રમાં જ રહે છે. આ સંબંધને કારણે હવે સૂત્રકાર ભવનવાસી દેવોના દસ પ્રકારોનું કથન કરે છે—

"दसविहा भवणवासी देवा पण्णत्ता" ઇત્યાદિ—(સૂ. ૪૦)

## ભવનવાસી દેવકા નિરૂપણ

ટીકાર્થ—ભવનવાસી દેવો દસ પ્રકારના કહ્યા છે. (૧) અસુરકુમાર, (૨) નાગકુમાર, (૩) સુપર્ણકુમાર, (૪) વિદ્યુત્કુમાર, (૫) અગ્નિકુમાર, (૬) દ્વીપકુમાર, (૭) ઉદધિકુમાર, (૮) દિક્કુમાર, (૯) વાયુકુમાર અને (૧૦) સ્તનિતકુમાર. આ દસ પ્રકારના ભવનવાસી દેવોના ૧૦ ચૈત્યવૃક્ષો કહ્યાં છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે—(૧) અશ્વત્થ, (૨) સપ્તપર્ણ, (૩) શાલ્મલિ, (૪) ઉદુમ્બર, (૫) શિરીષ, (૬) દધિપર્ણ, (૭) વજ્જલ, (૮) પલાશ, (૯) વપ્રાતક અને (૧૦) કર્ણિકાર અહીં ચૈત્યવૃક્ષ પદ દ્વારા આવાસવૃક્ષ ગૃહીત થયાં છે. ॥ સૂત્ર ૪૦ ॥

ઉપર્યુક્ત ભવનવાસી દેવો સુખપૂર્વક રહે છે. તેથી હવે સૂત્રકાર સુખના દસ પ્રકારોનું નિરૂપણ કરે છે—"दसविहे सोक्खे पण्णत्ते" ઇત્યાદિ—(સૂ. ૪૧)

સુખના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે-(૧) આરોગ્ય, (નિરોગિતા) (૨) દીર્ઘઆયુ, (શુભચિરજીવિત) (૩) આઢયતા, સમૃદ્ધિ (સંપ્રન્નતા) (૪ ઈચ્છાનુકૂલ શબ્દરૂપ કામ (૫) શુભ ગન્ધરસસ્પર્શ ભોગ, (૬) તૃષ્ણાના અભાવરૂપ સંતોષ, (૭) આવશ્યકતા પ્રમાણે વસ્તુની પ્રાપ્તિ, (૮) શુભયોગ, (૯) પ્રવ્રજ્યા અને (૧૦) અનાબાધરૂપ મોક્ષસુખ. અહીં કામભોગ આ શબ્દો લુપ્તવિભક્તિવાળા છે. સંતોષને સુખ કહેવાનું કારણ એ છે કે તે સુખરૂપ હોય છે કહ્યું પણ છે કે–

" आरोग्गसारियं " ઈત્યાદિ.

આરોગ્યસારવાળા મનુષ્યભવને જ સુખરૂપ માનવામાં આવ્યો છે. સત્યસારવાળો જ ધર્મ માનવામાં આવ્યો છે. નિશ્ચયરૂપ સારવાળી વિદ્યાને જ વિદ્યા મનાય છે, સંતોષરૂપ સારવાળું સુખ મનાય છે. અથવા–" सन्तोषामृततृप्तानां " ઈત્યાદિ—સંતોષરૂપ અમૃતનું પાન કરીને તૃપ્ત થઈ ગયેલા શાન્ત ચિત્તવાળા મનુષ્યને જે સુખ પ્રાપ્ત થાય છે, એવા સુખની પ્રાપ્તિ ધનની લાલસામાં રઘવાયાની જેમ આમતેમ દોડતા માણસને કદી થતી નથી.

જે વસ્તુની જ્યારે જરૂર પડે ત્યારે તે વસ્તુની પ્રાપ્તિ થઈ જવી તેને પણ સુખના હેતુરૂપ હોવાને કારણે સુખરૂપ માનવામાં આવે છે. શુભભોગ–પ્રશસ્ત ભોગને શુભભોગ કહે છે. સાતાવેદનીય કર્મના ઉદયથી એવા શુભભોગની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારના ભોગ સુખદાયી હોવાને કારણે તેમને સુખરૂપ કહ્યા છે. સંસારરૂપ કાદવમાંથી બહાર નીકળવું–એટલે ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા અંગીકાર કરવી તેને પણ સુખરૂપ ગણવામાં આવેલ છે. અહીં જે " एव " શબ્દનો પ્રયોગ થયો છે તે નિશ્ચયાર્થ કરવામાં આવ્યો છે એટલે કે સંસારમાંથી નિષ્ક્રમ કરવા પ્રવ્રજ્યા જ સંસારસ્થ જીવોના સુખરૂપ હોય છે, કારણ કે તે નિષ્કંટક સ્વાધીન સુખરૂપ હોય છે. કહ્યું પણ છે કે

" दुवालसमासपरियाए समणे " ઈત્યાદિ—

એક વર્ષની દીક્ષા પર્યાયવાળો શ્રમણનિર્ગ્રંથ અનુત્તર દેવોની તેજોલેશ્યાનું પણ ઉલ્લંઘન કરી નાખે છે. વળી—' नैवास्ति राजराजस्य " ઇત્યાદિ—

આ લોકમાં લૌકિક વ્યવહારથી રહિત થયેલા સાધુને જે સુખની પ્રાપ્તિ થાય છે, એવા સુખની પ્રાપ્તિ કુબેરને પણ થતી નથી અને દેવરાજ ઇન્દ્રને પણ થતી નથી. આ સિવાયનું જે સુખ છે તે તો માત્ર દુઃખના પ્રતીકારરૂપ હોવાથી સુખની કલ્પના માત્રનું જ જનક હોય છે. કહ્યું પણ છે કે—" प्रतीकारं व्याधेः " ઇત્યાદિ—

વ્યાધિના પ્રતીકારને જ મનુષ્ય સુખરૂપ માને છે. દુઃખનો ઈલાજ કરતાં જ્યારે દુઃખ અલ્પ માત્રામાં બાકી રહી જાય છે, ત્યારે મનુષ્ય તેને જ સુખ માની લે છે.

સર્વોત્કૃષ્ટ સુખ તો મોક્ષસુખને જ કહી શકાય. કારણ કે મોક્ષની પ્રાપ્તિ કરનાર જીવને જન્મ, જરા, મરણ, ક્ષુધા, તૃષા આદિ રૂપ પીડા રહેતી જ નથી. મોક્ષસુખ તો અનાબાધ સુખ છે. કહ્યું પણ છે કે—

"न वि अत्थि माणुसाणं" ઇત્યાદિ-

જે સુખ સિદ્ધ જીવોને પ્રાપ્ત થાય છે, તે સુખ મનુષ્યોને પણ પ્રાપ્ત થતું નથી અને દેવોને પણ પ્રાપ્ત થતું નથી. ।। સૂ. ૪૧ ।।

પૂર્વસૂત્રમાં નિષ્ક્રમણસુખ (સંસાર ત્યાગરૂપ પ્રવ્રજ્યા સુખ) અને અનાબાધ સુખરૂપ મોક્ષસુખનું કથન કરવામાં આવ્યું છે. આ બન્નેમાંથી જે નિષ્ક્રમણ સુખ છે તે ચારિત્રસુખરૂપ છે. જો આ ચારિત્રસુખ અનુપહત (અખંડિત હોય છે. તો જ અનાબાધ સુખ પ્રાપ્ત થઇ શકે છે. તેથી હવે સૂત્રકાર ચારિત્રના અને ચારિ- ત્રના સાધનરૂપ ભક્તાદિ (આહારાદિ)ના તથા જ્ઞાનાદિના ઉપઘા-

## ઉપઘાત ઔર વિશોધિકે સ્વરૂપકા કથન

તનું તથા ઉપઘાતથી વિરૂદ્ધ એવી વિશુદ્ધિનું દસ સ્થાનો દ્વારા નિરૂપણ કરે છે.

"दसविहे उवघाए पण्णत्ते" ઈત્યાદિ—(સૂ. ૪૨)

ઉપઘાતના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે-(૧) ઉદ્ગમોપઘાત, (૨) ઉત્પાદનોપઘાત. ત્યારબાદના પરિહરણોપઘાત પર્યન્તના ઉપઘાતોનાં નામ પાંચમાં સ્થાનમાં કહ્યા પ્રમાણે સમજવા, (૬) જ્ઞાનોપઘાત, (૭) દર્શનોપઘાત, (૮) ચારિત્રોપઘાત (૯) અપ્રીતિકોપઘાત અને (૧૦) સંરક્ષણોપઘાત. વિશોધિ (વિશુદ્ધિ) ના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે-ઉદ્ગમવિશોધિ, ઉત્પાદનાવિશોધિ આદિ સંરક્ષણ વિશોધિ પર્યન્તની ૧૦ પ્રકારની વિશોધિ સમજવી.

ઉપઘાત એટલે અશુદ્ધતા, કારણ કે આ અશુદ્ધતા ચારિત્રનો ઉપઘાત (ખંડન) કરે છે. ઉપઘાતના દસે પ્રકારો હવે સમજાવવામાં આવે છે-

ઉદ્ગમોપઘાત—આધાકર્મ આદિ ૧૬ પ્રકારના ઉદ્ગમદોષોવાળા આહારાદિને ગ્રહણ કરવાથી ચારિત્રમાં જે અશુદ્ધતા આવી જાય છે તેનું નામ ઉદ્ગમોપઘાત છે. ધાત્રી આદિ ૧૬ પ્રકારના ઉત્પાદના દોષોને લીધે આહારાદિમાં જે અશુદ્ધતા આવી જાય છે તેનું નામ ઉત્પાદના ઉપઘાત છે. અહીં "યાવત્ (પર્યન્ત)" પદથી એષણોપઘાત અને પરિકર્મોપઘાત સૂત્રકારે "जहपचट्ठाणे जाव" આ સૂત્રપાઠ મૂકયો છે.

એષણોપઘાત—શંકિત આદિ ૧૦ પ્રકારના એષણાદોષો કહ્યા છે. આ દોષોને કારણે આહારાદિમા જે દોષો આવી જાય છે તે દોષોરૂપ અશુદ્ધિને એષણોપઘાત કહે છે.

પરિકર્મોપઘાત—વસ્ત્ર, પાત્ર આદિને ફાડવા, સીવવા, સાંધવા આદિ રૂપ ક્રિયાને પરિકર્મની અપેક્ષાએ જે અકલ્પનીયતા છે તેનું નામ પરિકર્મોપઘાત છે.

વસ્ત્રવિષયક પરિકર્મોપઘાત આ પ્રકારનો સમજવો–

"तिण्हुवरिफालियाणं वत्थं" ઇત્યાદિ—

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-જે સાધુ ઊર્ણાદિ (ઉનના બનાવેલા આદિ) પાંચ પ્રકારના વસ્ત્રોમાંના કોઇ પણ પ્રકારના ફાટેલ વસ્ત્રને ત્રણ કરતાં વધારે થિગડાં લગાવે છે, તે સાધુ આજ્ઞાદિની વિરાધના રૂપ દોષ કરે છે. પાત્રસંબંધી પરિકર્મોપઘાત આ પ્રકારનો કહ્યો છે–"अवलक्खणेगबंधे" ઇત્યાદિ

જે પાત્ર અપગત થઈ ગયું હોય–અપગત થઇ જવાને કારણે એક બન્ધનયુક્ત હોય, એવાં પાત્રને ૧ાા માસ કરતાં અધિક સમય સુધી રાખે છે. તે તીર્થંકરોની આજ્ઞાનો વિરાધક ગણાય છે. સુલક્ષણ પાત્ર એક બન્ધનથી યુક્ત હોય તો ૧ાા માસ કરતાં અધિક સમય સુધી તેનો ઉપયોગ કરનારો સાધુ આજ્ઞાવિરાધના આદિ દોષોને પાત્ર થતો નથી તથા સુલક્ષણ પાત્ર પણ જો બે અથવા ત્રણ બન્ધનો કરતાં અધિક બન્ધનવાળું હોય–ચાર આદિ બન્ધનવાળું હોય, તો તેનો ૧ાા માસ કરતાં અધિક સમય સુધી ઉપયોગ કરનાર સાધુ આજ્ઞાવિરાધના આદિ દોષોને પાત્ર બને છે, પરન્તુ ચાર બન્ધનો કરતાં ઓછાં બન્ધનોવાળા પાત્રનો ૧ાા માસ કરતાં અધિક સમય સુધી ઉપયોગ કરનાર સાધુ આજ્ઞાવિરાધના આદિ દોષોને પાત્ર થતો નથી.

વસતિ (નિવાસસ્થાન) સંબંધી પરિકર્મોપઘાત આ પ્રકારનો કહ્યો છે–

"दूमिय धूमिय वासिय" ઇત્યાદિ—

જે વસતિ (રહેઠાણ) ચૂના આદિ વડે ધોળીને સફેદ કરવામાં આવી હોય, ડાંસ, મચ્છર આદિ જીવોનો નાશ કરવાને માટે જેમાં ધુમાડો કરવામાં આવ્યો હોય, ધૂપ, ધૂપસળી આદિ સુગન્ધિદાર ચીજોને સળગાવીને જેને સુગન્ધ યુક્ત કરવામાં આવેલ હોય, દીવો આદિ સળગાવીને જેને પ્રકાશિત કરવામાં આવેલ હોય, ભૂત આદિને ભાત, અડદ આદિ રાંધીને નૈવેદ્ય ધરાવવામાં આવેલ હોય, છાણ આદિ લીંપીને જે વસતિને સાફ કરવામાં આવી હોય, જે વસતિમાં જળ છાંટીને ધૂળ માટી આદિને ઊડતાં અટકાવવામાં આવ્યાં હોય, પાવડા આદિ વડે જ્યાંથી કચરો સાફ કરવામાં આવ્યો હોય એવી વસતિ અથવા ઉપાશ્રય સાધુઓને માટે અકલ્પનીય ગણાય છે. એવા સ્થાનમાં ઉતરવાથી સાધુને વસતિસંબંધી પરિકર્મોપઘાતરૂપ અશુદ્ધિ લાગે છે.

પરિહરણોપઘાત–પરિહરણ એટલે આસેવન. અકલ્પનીયઉપધિ આદિનો ઉપયોગ કરવાને કારણે ચારિત્રમાં જે અશુદ્ધિ આવે છે તેનું નામ પરિહરણો·

પઘાત છે. જેમ કે એકલવિહારી સાધુ દ્વારા જે ઉપકરણોનું સેવન કરાયું હોય તે ઉપકરણોને અન્ય સાધુએ ગ્રહણ કરવા જોઇએ નહીં. છતાં એવા સાધુના ઉપકરણો કોઇ સાધુ ગ્રહણ કરે તો તેના ચારિત્રમાં પરિહરણોપઘાતરૂપ અશુદ્ધિ આવી જાય છે. પરન્તુ કોઈ સાધુ ગચ્છમાંથી નીકળી જઈને એકાકી વિહાર કરવા લાગ્યા હોય અને પોતાના કર્તવ્યના પાલનમાં પુરતો જાગૃત હોય, દૂધ આદિ વિકૃતિઓમાં પ્રતિબદ્ધ ન થયો હોય, એવો સાધુ ઘણા લાંબા સમય પછી પોતાના ગચ્છમાં પાછો આવી જાય તો તે સાધુનાં ઉપધિને ગ્રહણ કરવામાં કોઈ પણ પ્રકારની અકલ્પનીયતા કહી નથી. કહ્યું પણ છે કે–

"जग्गण अव्वपडिबज्झण" ઈત્યાદિ.

વસતિ (ઉપાશ્રય) સંબંધી પરિહરણોપઘાત આ પ્રકારનો છે–કોઈ સાધુ કોઈ વસતિમાં એક માસ પર્યન્તનો શેષકાળ વ્યતીત કરે અને ત્યાર બાદ પણ ત્યાંજ રહેવાનું ચાલુ રાખે તો તે વસતિ કાલાતિક્રાન્તદોષથી દૂષિત થાય છે.

વર્ષાકાળના ચાર માસ પૂરા થયા બાદ પણ જો સાધુ એજ વસતિમાં રહે-ત્યાંથી વિહાર ન કરે–તો તે વસતિ પણ કાલાતિક્રાન્ત દોષથી દૂષિત થાય છે. જો સાધુ કોઈ ઉપાશ્રયમાં વર્ષાકાળના ચાર માસ સુધી રહે અથવા શેષકાળના એક માસ સુધી રહે અને ત્યાર બાદ ત્યાંથી વિહાર કરીને ઉપર્યુક્ત સમય કરતાં બમણો સમય વ્યતીત થયા પહેલાં એજ સ્થાનમાં આવીને ઉતરે, તો વસતિ (ઉપાશ્રય) ઉપસ્થાન દોષથી દૂષિત થાય છે. કહ્યું પણ છે કે–"उउवासा समईया" ઈત્યાદિ—તથા–આહારનો પરિહરણોપઘાત પરિષ્ઠાપના કરનારને લાગે છે. કહ્યું પણ છે કે—"विहिगहियं विहिभुत्तं" ઈત્યાદિ—"निर्यूहणा" આ પદનો અર્થ ત્યાગ છે. ગુરુ દ્વારા શિષ્યને અશનાદિનું પરિષ્ઠાપન (પરઠવાની ક્રિયા) કરવાનું કામ સોંપાયું હોય. જો તે શિષ્ય તે અશનાદિનું વિધિ

પૂર્વક પરિષ્ઠાપન ન કરે, તો તે શિષ્યને પરિષ્ઠાપનીય અશન આદિની અવિધિ વિષયક પરિહરણોપઘાત લાગે છે.

જ્ઞાનોપઘાત–પ્રમાદને કારણે શ્રુતજ્ઞાનમાં જે અવિશુદ્ધતા આવી જાય છે તેનું નામ જ્ઞાનોપઘાત છે. દર્શનોપઘાત–શંકા આદિ દ્વારા સમ્યકત્વની જે વિરાધના થાય છે તેનું નામ દર્શનોપઘાત છે.

ચારિત્રોપઘાત–સમિતિ આદિ ભંગને કારણે ચારિત્રમાં જે અવિશુદ્ધતા આવી જાય છે, તેનું નામ ચારિત્રોપઘાત છે.

અપ્રીતિકોપઘાત–અપ્રીતિને કારણે જે વિનય આદિનો ઉપઘાત થાય છે, તેનું નામ અપ્રીતિકોપઘાત છે.

સંરક્ષણોપઘાત–શરીર આદિ પ્રત્યેની મૂર્ચ્છા (આસક્તિ)ને કારણે પરિગ્રહવિરતિનો જે ઉપયોગ થાય છે, તેનું નામ સંરક્ષણોપઘાત છે.

'વિશોધિ' આ પદ કલ્પનીયતાના અર્થમાં વપરાયું છે. આ કલ્પનીયતા રૂપ વિશોધિ ૧૦ પ્રકારની કહી છે.

ઉદ્દ્ગમદોષથી રહિત હોવાને કારણે જે આહારાદિમાં વિશુદ્ધતા હોય છે, તે વિશુદ્ધતાને ઉદ્દ્ગમ વિશોધિ કહે છે. ઉત્પાદના રહિત હોવાને કારણે જે આહાર પાણી આદિમાં વિશુદ્ધતા રહેલી હોય છે, તે આહારાદિને ઉત્પાદના વિશોધિયુક્ત કહે છે. અહીં "યાવત્" પદથી "એષણા વિશોધિ, પરિકર્મ વિશોધિ, પરિહરણ વિશોધિ, જ્ઞાન વિશોધિ, દર્શન વિશોધિ, ચારિત્ર વિશોધિ, અને અપ્રીતિક વિશોધિ," આટલી વિશોધિઓને ગ્રહણ કરવામાં આવી છે.

ભક્તપાન આદિકોમાં શંકિત આદિ દોષોનો અભાવ હોવો જોઈએ તેનું નામ એષણા વિશોધિ છે.

પરિકર્મવિશોધિ–શોભા વધારવાના ખ્યાલ વિના વસ્ત્રાદિકોનું જે પરિકર્મ કરવામાં આવે છે. તે પરિકર્મમાં અકલ્પનીયતા કહી છે. આ પ્રકારના પરિકર્મથી સંયમની વિશુદ્ધતા જળવાય છે, તેથી તેને પરિકર્મ વિશોધિ કહે છે.

પરિહરણ વિશોધિ–વસ્ત્રાદિકોની શાસ્ત્રાજ્ઞાનુસારની સેવના રૂપ જે વિશોધિ છે. તેને પરિહરણવિશોધિ કહે છે.

જ્ઞાનવિશોધિ–જ્ઞાનાચારની પરિપાલના દ્વારા જ્ઞાનની જે વિશુદ્ધિ જળવાય છે તેને જ્ઞાનવિશોધિ કહે છે.

દર્શનવિશોધિ–દર્શનાચારની પરિપાલના દ્વારા દર્શનની જે વિશુદ્ધિ જળવાય છે તેને દર્શનવિશોધિ કહે છે.

ચારિત્રવિશોધિ–ચારિત્રાચારના પરિપાલન દ્વારા ચારિત્રમાં જે વિશુદ્ધિ આવે છે તેને ચારિત્રવિશોધિ કહે છે.

અપ્રીતિકવિશોધિ–અપ્રીતિરૂપ અવિનય વિગેરે ન કરવાથી જે વિશુદ્ધિ આવે છે, તેને અપ્રીતિકવિશોધિ કહે છે.

સંરક્ષણવિશોધિ–સંયમના નિભાવને માટે ઉપધિ આદિના સંરક્ષણ વડે ચારિત્રમાં જે વિશોધિ આવે છે, તેને સંરક્ષણ વિશોધિ કહે છે. અથવા–ઉદ્ગમાદિ દોષોના પરિહારવાળી દશ પ્રકારની આ વિશોધિને ચિત્તવિષયવાળી સમજવી ॥ સૂત્ર ૪૨ ॥

## સંક્લેશ ઔર અસંકલેશકે સ્વરૂપકા કથન

આગલા સૂત્રમાં એવું કહેવામાં આવ્યું કે વિશોધિ ચિત્તવિષયવાળી હોય છે. આ વિશોધિથી વિપરીત એવો ઉપધિ આદિ વિષયક જે સંકલેશ છે. તેનું તથા સંકલેશથી વિપરીત એવા અસંકલેશનું હવે સૂત્રકાર દસ દસ સ્થાનોની અપેક્ષાએ નિરૂપણ કરે છે—

"दसविहे संकिलेसे पण्णत्ते" ઇત્યાદિ–(સૂ. ૪૩)

સૂત્રાર્થ–અસમાધિનું નામ સંકલેશ છે. તે સંકલેશના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે-(૧) ઉપધિ સંકલેશ, (૨) ઉપાશ્રય સંકલેશ, (૩) કષાય સંકેલશ, (૪) ભક્તપાન સંકલેશ, (૫) મનઃસંકલેશ, (૬) વાક્ સંકલેશ, (૭) કાય સંકલેશ, (૮) જ્ઞાન સંકલેશ, (૯) દર્શનસંકલેશ અને (૧૦) ચારિત્રસંકલેશ.

અસંકલેશના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે—

ઉપધિ અસંકલેશથી લઈને ચારિત્ર અસંકલેશ પર્યન્તના ઉપર્યુક્ત દસ પ્રકારો અહીં ગ્રહણ કરવા જોઇએ.

સંયમ અથવા શરીરની સ્થિરતાને માટે જરૂરી વસ્તુને ઉપધિ કહે છે. તે ઉપધિ વસ્ત્રાદિ રૂપ હોય છે. આ વસ્ત્રાદિ રૂપ ઉપધિ પ્રાપ્ત ન થવાને કારણે અથવા પ્રશસ્ત રૂપે તેની પ્રાપ્તિ ન થવાને કારણે ચિત્તમાં જે સંકલેશ રૂપ અસમાધિ થાય છે, તેને ઉપધિસંકલેશ કહે છે. ઉપાશ્રય વિષયક ચિત્તમાં જે અસમાધિ થાય છે તેને ઉપાશ્રય સંકેલશ કહે છે. કષાયરૂપ અથવા કષાયોથી જન્ય જે સંકલેશ થાય છે તેને કષાયસંકલેશ કહે છે.

આહારાદિની પ્રાપ્તિ ન થવાથી અથવા અપ્રશસ્ત આહારાદિની પ્રાપ્તિ થવાથી ચિત્તમાં જે સંકલેશ થાય છે તેને ભક્તપાન સંકલેશ કહે છે. મનનો અથવા મનમાં જે સંકલેશ થાય છે તેને મનઃસંકલેશ કહે છે. વચન દ્વારા જે સંકેલશ થાય છે તેને વાક્ સંકલેશ કહે છે. કાયવિષયક સંકલેશનું નામ કાય સંકલેશ છે. જ્ઞાનની જે અવિશુદ્ધિ છે તેને જ્ઞાનસંકલેશ કહે છે. દર્શનની જે અવિશુદ્ધિ છે તેને દર્શન સંકલેશ કહે છે. ચારિત્રની જે અવિશુદ્ધિ છે તેને ચારિત્ર સંકલેશ કહે છે. એજ પ્રમાણે અસંકલેશ રૂપ જે સમાધિ છે, તેના પણ દસ પ્રકાર પડે છે. તેમની વ્યાખ્યા ઉપધિ સંકલેશ આદિની વ્યાખ્યા કરતાં વિપરીત સમજવી. ॥ સૂત્ર. ૪૩ ॥

## દશ પ્રકારકે બલકા નિરૂપણ

અસંકલેશ યુક્ત જીવો વિશિષ્ટ વીર્યબલવાળા હોય છે. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લીધે હવે સૂત્રકાર દસ પ્રકારના બલનું નિરૂપણ કરે છે–

"दसविहे बले पण्णत्ते" ઈત્યાદિ—(સૂ. ૪૪)

સૂત્રાર્થ–સામર્થ્યને બળ કહે છે. તે બળના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે. (૧) શ્રોત્રેન્દ્રિય બળથી લઇને સ્પર્શેન્દ્રિયબળ પર્યન્તના પાંચ પ્રકારનાં બળ, (૬) જ્ઞાનબળ, (૭) દર્શનબળ, (૮) દર્શનબળ, (૮) ચારિત્રબળ, (૯) તપોબળ અને (૧૦) વીર્યબળ.

શ્રોત્રેન્દ્રિયમાં પોતાના વિષયને ગ્રહણ કરવાનું સામર્થ્ય હોય છે તેને શ્રોત્રેન્દ્રિયબળ કહે છે. અહીં "યાવત્ (પર્યન્ત)" પદથી "ચક્ષુરિન્દ્રિયબળ, ઘ્રાણેન્દ્રિયબળ અને રસનેન્દ્રિયબળ," આ ત્રણ પ્રકારનાં બળ ગ્રહણ કરવામાં આવ્યાં છે ચક્ષુઇન્દ્રિયની જે પોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિ છે, તેને ચક્ષુરિન્દ્રિયબળ કહે છે. ઘ્રાણેન્દ્રિયની જે પોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિ છે, તેને ઘ્રાણેન્દ્રિયબળ કહે છે. રસના ઇન્દ્રિયની જે પોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિ છે. તેને રસનેન્દ્રિયબળ કહે છે. સ્પર્શેન્દ્રિયની જે પોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિ છે. તેને સ્પર્શેન્દ્રિયબળ કહે છે.

જ્ઞાનમાં જે ભૂતકાલિન અને ભવિષ્યકાલિન વસ્તુઓને જાણવાની શક્તિ છે તેનું નામ જ્ઞાનબળ છે. અથવા-ચારિત્રના સાધન વડે મોક્ષ રૂપ સાધ્યને સાધવાનું જે સામર્થ્ય છે તેનું નામ જ્ઞાનબળ છે.

જિનેન્દ્ર ભગવાનના વચનોને પ્રમાણભૂત માનવા અને તે વચનોને પોતાની રુચિનો વિષય બનાવવો તેનું નામ દર્શનબળ છે. એટલે કે તર્કમાત્રથી ન સમજી શકાય એવાં અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં જિનેન્દ્ર ભગવાનોએ જે કહ્યું છે તેને જ પ્રમાણ માનવું તેનું નામ દર્શનબળ છે. જેનું અવલંબન લઇને જીવ દુષ્કર સાંસારિક પદાર્થોની આસક્તિનો પણ ત્યાગ કરીને અનંત, અવ્યાબાધ એવાં એકાન્તિક અને આત્યન્તિક આત્માના આનંદનો અનુભવ કરે છે. તેનું નામ ચારિત્રબળ છે.

અનશનાદિ તપની જે શક્તિ છે તેને તપોબળ કહે છે. તપના પ્રભાવથી જીવ અનેક જન્માન્તરોમાં ઉપાર્જિત કરેલાં, દુઃખના આદિ કારણ રૂપ, અને ગાઢ રૂપે બન્ધદશાને પામેલાં એવાં કર્મોનો નાશ કરી નાખે છે.

આત્મશક્તિ રૂપ જે બળ છે તેનું નામ વીર્યબળ છે. તેના પ્રભાવથી જીવ વિભિન્ન પ્રકારની ગમનાગમનાદિ રૂપ ક્રિયાઓમાં પ્રવૃત્ત થાય છે તથા તેના જ પ્રભાવથી જીવ સમસ્ત કર્મરૂપ મળને સાફ કરીને શાશ્વત, અમન્દ આનંદ સંદોહને પ્રાપ્ત કરે છે. ॥ સૂત્ર ૪૪ ॥

પૂર્વસૂત્ર ચારિત્રબલ વિષે કહેવામાં આવ્યું. આ ચારિત્રબળથી સંપન્ન હોય એવો જીવ સર્વદા સત્યભાષી હોય છે. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના લીધે હવે સૂત્રકાર સત્યના ૧૦ પ્રકારોનું અને તેના કરતાં વિપરીત એવાં મૃષા ( અસત્ય )ના દસ પ્રકારોનું કથન કરે છે—

**दसविहे सच्चे पण्णत्ते** " ઇત્યાદિ—(સૂ. ૪૫)

સત્ય દસ પ્રકારનું કહ્યું છે. જે પ્રાણીઓને માટે, પદાર્થોને માટે અથવા મુનિજનોને માટે હિતરૂપ હોય છે, તેનું નામ સત્ય છે. તેના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે—(૧) જનપદ સત્ય, (૨) સમ્મત સત્ય, (૩) સ્થાપનાસત્ય, નામસત્ય, (૫) રૂપસત્ય, (૬) પ્રતીત્યસત્ય, (૭) વ્યવહારસત્ય (૮) ભાવસત્ય, (૯) યોગસત્ય અને (૧૦) ઔપમ્યસત્ય.

હવે આ દસે પ્રકારના સત્યનો ભાવાર્થ સમજાવવામાં આવે છે-જે જે જનપદમાં જે વચન ઇષ્ટ અર્થની પ્રતિપત્તિનું જનક હોવાને કારણે વ્યવહારના હેતુરૂપ બનતું હોય છે અને એજ કારણે જેને સત્ય માનવામાં આવે છે, એવાં વચનને જનપદસત્ય સમજવું. જેમ કે કોંકણમાં પય (પાણી)ને "पिच्च" કહે છે. પાણીને "पिच्च" કહેવું તે જનપદસત્યના દૃષ્ટાંત રૂપ સમજવું. જે જે વચન સકળ લોકની સંમતિથી સત્યરૂપે પ્રસિદ્ધ થાય છે, તે વચનને સંમત સત્ય કહે છે. જેમ કે કુમુદ, કુવલય, ઉત્પલ, તામરસ વગેરે પંકમાં પેદા થાય છે. છતાં પણ સૂર્યોદય થાય ત્યારે જ વિકસવાના સ્વભાવવાળા અરવિંદને જ સકળલોકમાં પંકજને નામે ઓળખવામાં આવે છે-અન્ય ફૂલોને ( કુમુદાદિને ) પંકજ રૂપે ઓળખવામાં આવતાં નથી. અરવિંદ ( કમળ )ને પંકજ કહેવું તે લોકસમ્મત સત્ય છે.

સ્થાપના સત્ય સ્થાપના રૂપે જે સત્ય છે તેનું નામ સ્થાપના સત્ય છે. અંક આદિના વિન્યાસની દૃષ્ટિએ આ પ્રમાણે સ્થાપના સત્ય જોવામાં આવે છે.-'એક' સંખ્યાની જમણી બાજુએ ( બે શૂન્ય ) મૂકવાથી જે ૧૦૦ સંખ્યા માનવામાં આવે છે અને ૦૦૦ ( ત્રણ શૂન્ય ) મૂકવાથી જે ૧૦૦૦ ની સંખ્યા માનવામાં આવે છે તે સ્થાપના સત્યના દૃષ્ટાંત રૂપ છે એજ પ્રમાણે માટી આદિને માટે "આ એકમાષો છે, આ એક તોલો છે" ઇત્યાદિ રૂપ જે વ્યવહાર થાય છે તે મુદ્રાવિન્યાસરૂપ સ્થાપના સત્ય છે.

નામસત્ય-નામની અપેક્ષાએ જ ( નહીં કે ગુણની અપેક્ષાએ ) જે સત્ય છે તેને નામસત્ય કહે છે. જેમ કે કુળની વૃદ્ધિ નહીં કરનારને પણ 'કુલ-વર્દ્ધન' એવી સંજ્ઞા દ્વારા ઓળખવામાં આવે છે ધન વિનાના આદમીનું નામ "ધનપાલ" હોય છે. આ નામસત્યનાં દૃષ્ટાન્તો છે.

રૂપસત્ય-જે રૂપની અપેક્ષાએ સત્ય હોય છે તેને રૂપસત્ય કહે છે જેમ કે કોઈ વ્યક્તિ દંભને ખાતર પ્રવ્રજિત થાય, છતાં પણ તેનો વેષ જોઈને તેને પ્રવ્રજિત જ કહેવામાં આવે છે. આ રૂપસત્યના દષ્ટાન્તરૂપ છે.

પ્રતીત્યસત્ય શું વસ્ત્વન્તર (અન્ય વસ્તુનો)નો આશ્રય લઇને જે સત્ય રૂપ મનાય છે તેને પ્રતીત્ય સત્ય કહે છે. જેમ કે અનામિકા નામની જે આંગળી છે તે ટચલી આંગળી કરતાં મોટી છે અને વચલી આંગળી કરતાં નાની છે.

વ્યવહાર સત્ય-લોકવ્યવહારની અપેક્ષાએ જે વચન સત્ય ગણાય છે તે વચનને વ્યવહાર સત્ય કહે છે. તેનાં દૃષ્ટાંતો નીચે પ્રમાણે છે-"પહાડ સળગી રહ્યો છે, ઘર ચૂવે છે, ઘેટું રુવાટી વિનાનું છે," ઇત્યાદિ વાકયો વ્યવહાર સત્યના દૃષ્ટાંતરૂપ છે. ખરી રીતે પહાડ બળતો નથી, પણ તૃણાદિ પદાર્થ બળતાં હોય છે. છતાં તૃણાદિની સાથે પહાડને અભેદ માનીને "પહાડ બળે છે," એવો લોકમાં વ્યવહાર થાય છે. ઘર ચૂતું નથી, પણ પાણી ચૂવે છે. છતાં પણ ઘર અને જલમાં અભેદ માનીને "ઘર ચૂવે છે," એવું લોકો કહે કહે છે. કાતરવા લાયક રુવાંટીનો અભાવ હોય અને સૂક્ષ્મ રુવાંટીનો સદ્ભાવ હોય ત્યારે "ઘેટું રુવાંટી વિનાનું છે," એવું લોકો કહે છે.

ભાવસત્ય-વર્ણ આદિનું નામ ભાવ છે. કોઇ પણ વસ્તુમાં જે રંગની અધિકતા હોય તે પ્રકારનો તે વસ્તુનો રંગ કહેવો. તે ભાવસત્ય છે. જેમ કે "બલાકા શુકલવર્ણની છે." ખરી રીતે બલાકામાં પાંચે વર્ણોનો સદ્ભાવ હોય છે, પરન્તુ તેમાં શુકલવર્ણ અધિક હોય છે-તેથી શુકલવર્ણની પ્રચુરતાને લીધે "બલાકા શુકલ છે," એવો વ્યવહાર થાય છે. આ પ્રકારે વર્ણની અધિકતાની અપેક્ષાએ જે વ્યવહાર થાય છે. તેને ભાવસત્ય કહે છે.

યોગસત્ય-સંબંધરૂપ યોગની અપેક્ષાએ જે સત્ય છે તેને યોગસત્ય કહે છે. જેમ કે જે પોતાની પાસે દંડ રાખે છે તેને દંડાવાળો અને છત્રી રાખે છે તેને છત્રીવાળો કહે છે; ભલે ક્યારેક તેની પાસે, દંડો અથવા છત્રી ન હોય, તોપણ તેમને માટે 'દંડાવાળા, છત્રીવાળા,' ઈત્યાદિ જે વ્યવહાર થાય છે તે યોગસત્ય રૂપ સમજવો.

ઔપમ્યસત્ય-ઉપમાની અપેક્ષાએ જે સત્ય છે તેનું નામ ઔપમ્યસત્ય છે. જેમ કે લોકોમાં એવું કથન થાય છે કે "આ તળાવ તો સમુદ્ર જેવું છે"

એજ પ્રમાણે મૃષાવચન પણ ૧૦ પ્રકારનાં કહ્યાં છે-

અસત્ય વચનને મૃષાવચન કહે છે. તેના ૧૦ પ્રકારો નીચે પ્રમાણે છે- (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા, (૪) લોભ, (૫) પ્રેમ, (૬) દ્વેષ, (૭) હાસ, (૮) ભય, (૯) આખ્યાયિકા અને (૧૦) ઉપઘાત નિશ્રિત.

અહીં પ્રત્યેક શબ્દની સાથે 'મૃષા'ને યોગ કરવો જોઇએ જેમ કે ક્રોધમૃષા ઈત્યાદિ.

ક્રોધને કારણે જે અસત્ય બોલાય છે તેને ક્રોધમૃષા કહે છે. જેમ કે કોઈ વાર ક્રોધને કારણે પિતા પુત્રને કહે છે કે "તું મારો પુત્ર નથી.

માનમૃષા-માનને કારણે જે અસત્ય બોલાય છે તેને માનમૃષા કહે છે. જેમ કે કોઇ અપંડિત માનના આવેશમાં આવીને બોલી જાય છે કે "હું ઘણો મોટો પંડિત છું."

માયામૃષા-માયા (કપટ)ને કારણે જે અસત્ય બોલવામાં આવે છે તેને માયામૃષા કહે છે. જેમ કે કોઇ માણુસ કોઈને ત્યાં પોતાનાં ઘરેણાં આદિ થાપણુ મૂકી ગયો હોય, તે પચાવી પાડવાના હેતુપૂર્વક "તે ઘરેણાં આદિ ચોર ચોરી ગયાં અથવા ઘરમાં આગ લાગવાથી નાશ પામ્યાં", એવું અસત્ય બોલવું તેનું નામ માયામૃષા છે.

લોભમૃષા-લોભને કારણે જે અસત્ય બોલાય છે તેને 'લોભમૃષા' કહે છે જેમ કે કોઇ વેપારી પોતે ચાર રૂપીયે ખરીદેલી વસ્તુ પાંચ રૂપીયે ખરીદે છે, એવું જે અસત્ય કથન ગ્રાહક પાસે કરે છે તેને લોભમૃષા કહે છે.

પ્રેમમૃષા-પોતાના પ્રેમ પ્રકટ કરવાને માટે જે અસત્ય વચન બોલાય છે તેનું નામ પ્રીતિમૃષા છે. જેમ કે પ્રેમના આવેશમાં કોઇ માણુસ કોઈને એવું કહી નાખે કે "હું આપનો સેવક છું," આ પ્રેમમૃષાનો દાખલો થયો

દ્વેષમૃષા-દ્વેષને કારણે અસત્ય બોલાય છે તેને દ્વેષમૃષા કહે છે. જેમ કે કોઈ ગુણવાન વિરોધીને માટે એવું કહેવું કે "આ માણુસ તો તદ્દન મૂર્ખ છે."

હાસમૃષા-મજાકમાં જે અસત્ય વચન બોલવામાં આવે છે. તેને હાસ-મૃષા કહે છે. જેમ કે કોઈની મજાક કરવા માટે તેની કોઈ વસ્તુ સંતાડી

દેવામાં આવે. જ્યારે તે માણસ એવું પૂછે કે "શું તમે મારી આ વસ્તુ લીધી છે?" ત્યારે એવો જવાબ આપવામાં આવે કે "મેં તે વસ્તુ લીધી નથી" તો આ પ્રકારના અસત્ય વચનને હાસમૃષા કહે છે.

ભયમૃષા—ભયને કારણે જે અસત્ય બોલવામાં આવે છે. તેને ભયમૃષા કહે છે. જેમ કે રાજ્યના પોલીસો દ્વારા પકડવામાં આવેલો ચોર સજાના ભયથી જૂઠું બોલે છે.

આખ્યાયિકામૃષા—કથા કહેતી વખતે અથવા કોઈ પ્રસંગનું વર્ણન કરતી વખતે જે મીઠું મરચું ભભરાવીને અતિશયોક્તિભરી વાત કરવામાં આવે છે તેનું નામ આખ્યાયિકામૃષા છે. જેમ કે "ત્યાં હાથીઓના ગંડસ્થળમાંથી એટલો બધો મદ ઝર્યો કે મદની નદી વહેવા લાગી."

ઉપઘાતનિશ્રિતમૃષા—પ્રાણીવધનો આશ્રય લઈને જે અસત્ય બોલાય છે તેને ઉપઘાતનિશ્રિતમૃષા કહે છે. જેમ કે અઘાતકને ઘાતક કહેવો તે આ પ્રકારનું મૃષાવચન ગણાય છે. આ પ્રકારના અભ્યાખ્યાન વચનને ઉપઘાતનિશ્રિતમૃષા કહે છે.

એજ પ્રમાણે સત્યમૃષા (સત્યાનૃતાત્મ) વચન પણ ૧૦ પ્રકાર કહ્યા છે.

(૧) ઉત્પન્નમિશ્રક, (૨) વિગતમિશ્રક, (૩) ઉત્પન્નવિગતમિશ્રક, (૪) જીવમિશ્રક, (૫) અજીવમિશ્રક, (૬) જીવાજીવમિશ્રક, (૮) અનન્તમિશ્રક, (૯) અદ્ધામિશ્રક અને (૧૦) અદ્ધાદ્ધામિશ્રક.

ઉત્પન્નમિશ્રક—ઉત્પન્ન વિષયક જે સત્યમૃષારૂપ વચન છે તેને ઉત્પન્નમિશ્રક કહે છે. જેમ કે કોઇને બીજે દિવસે ૧૦૦ રૂપીયા દેવાનો વાયદો કર્યો હોય, પરન્તુ ૫૦ રૂપીયા દેવામાં આવે, તો તે પ્રકારનો વાયદો કરનારના વચનને ઉત્પન્નમિશ્રક કહે છે, કારણ કે વાયદા પ્રમાણેની પૂરી રકમ ન દેવાને કારણે તેમાં સત્યનો અંશ જળવાયો છે. આ વચનોમાં સત્ય અને મૃષા બન્ને સંમિલિત હોવાને કારણે આ પ્રકારનાં વચનોને ઉત્પન્ન વિષયની અપેક્ષાએ સત્યમૃષામિશ્રક કહે છે. તથા કોઇ નગરમાં ૧૦ બાળકો ઉત્પન્ન થયાનું કથન કરવામાં આવે, તો તેમાં પણ ન્યૂનાધિકતા સંભવી શકે છે. તેથી આ પ્રકારનાં વચનને પણ સત્યમૃષામિશ્રક કહી શકાય છે

વિગતમિશ્ર –વિગત વિષય સંબંધી જે સત્યમૃષા વચન છે, તેને વિગત મિશ્રક વચન કહે છે. જેમ કે કોઇ ગામમાં ૧૦ કરતાં ઓછાં કે વધારે માણસો કોઈ દિવસ મરી ગયા હોય છતાં, તે ગામમાં તે દિવસે ૧૦ માણસો મરી ગયા, એવું કથન કરવું તેને વિગતમિશ્રક વચન કહે છે.

ઉત્પન્નવિગતમિશ્રક–ઉત્પન્ન વિષયક અને વિગત વિષયક જે સત્યમૃષા વચન છે તેને ઉત્પન્નવિગતમિશ્રક કહે છે. જેમ કે કોઈ નગરમાં ૧૦ થી અધિક કે ઓછાં બાળકોનો જન્મ થયો હોય અને ૧૦ થી ન્યૂન અથવા અધિક માણસોનું મૃત્યું થયું હોય છતાં એવું કહેવું કે "આજે આ ગામમાં ૧૦ બાળકોનો જન્મ થયો છે અને ૧૦ માણસોનાં મરણ થયાં છે"

જીવમિશ્રક–જીવવિષયક જે સત્યમૃષા વચન છે તેને જીવમિશ્રક વચન કહે છે. જેમ કે–ઘણાં જીવિત અને થોડા મૃત (અજીવિત) શંખ, શંખનક આદિનો એક મોટો ઢગલો જોઈને કોઇ એવું કહે કે–"અરે, આ જીવરાશિ ઘણી મોટી છે," તો આ પ્રકારનાં વચનને જીવમિશ્રક વચન કહે છે, કારણ કે શંખાદિકોની મહારાશિમાં જીવિત શંખાદિ વધારે હોવાથી તેણે આ પ્રકારનો શબ્દપ્રયોગ કર્યો છે. તે મહારાશિમાં જીવન્ત શંખાદિ અધિક હોવાને કારણે સત્યતા પણ છે અને થોડા અજીવન્ત શંખાદિને કારણે મૃષાપનનો પણ સદ્ભાવ છે.

જીવાજીવમિશ્રક–જીવ અને અજીવ વિષયક જે સત્યમૃષા વચન છે તેને જીવાજીવમિશ્રક કહે છે. જેમ કે ઉપર્યુક્ત જીવન્ત અને અજીવન્ત શંખ–શંખ નક આદિ રાશિમાં આટલાં મૃત છે એવું નિશ્ચય પૂર્વક પ્રકટ કરવું.

અનન્તમિશ્રક–અનન્ત વિષયક જે સત્યમૃષા વચન છે તેને અનન્તમિશ્રક કહે છે. જેમ કે મૂલક (મૂળા) આદિ અનન્ત કાયને, તેના પીળાં પીળાં પાન સાથે અથવા કોઈ અન્ય વનસ્પતિ સાથે મિશ્રિત થયેલ જોઈને એવું કહેવું કે 'આ બધાં અનન્તકાયિક છે,' આ પ્રકારના કથનને અનન્તમિશ્રક કહે છે.

પરીતમિશ્રક-પરીત વિષયક જે સત્યમૃષા વચન છે તેને પરીતમિશ્રક કહે છે. જેમ કે પ્રત્યેક વનસ્પતિના સમૂહને અનન્તકાયિકના અંશથી યુક્ત જોઇને કોઈ એવું કહે કે આ બધી પ્રત્યેક વનસ્પતિ છે, તો તે કથનને પરીતમિશ્રક કહેવાય

અદ્ધામિશ્રક-રાત્રિ અથવા દિવસ રૂપ કાળને અહીં "અદ્ધા" પદથી ગ્રહણ કરવામાં આવેલ છે. આ અદ્ધારૂપ કાળવિષયક જે સત્યમૃષા વચન છે. તેને અદ્ધામિશ્રક કહે છે. જેમ કે દિવસ પૂરો થવાની તૈયારીમાં હોય ત્યારે કોઈની પાસે કોઈ કામની ઝડપ લાવવા માટે એવું જે કહેવામાં આવે છે કે "તમે ઉતાવળ કરો, રાત પડી ગઈ છે" અથવા રાત્રિ પૂરી થવાની તૈયારી હોય ત્યારે એવું જે કહેવામાં આવે છે કે "તમે જલ્દી ઊઠો, સૂર્યોદય થઈ ગયો છે," આ પ્રકારના વચનને અદ્ધામિશ્રક કહે છે.

અદ્ધાદ્ધ મિશ્રક-રાત્રિ અથવા દિવસનો જે એક દેશ (વિભાગ) હોય છે તેનું નામ "અદ્ધાદ્ધા" છે. તે અદ્ધાદ્ધા વિષયક જે સત્યમૃષારૂપ વચન છે. તેને અદ્ધાદ્ધામિશ્રક કહે છે. જેમ કે પહેલો પ્રહર પૂરો થવાની તૈયારી હોય ત્યારે કામમાં ઉતાવળ કરાવવા માટે કોઇને એવું કહેવામાં આવે કે "તમે ઉતાવળ કરો, બીજો પ્રહર શરૂ થઈ ગયો," આ પ્રકારના સત્યમૃષા વચનને અદ્ધાદ્ધામિશ્રક કહે છે. ॥ સૂત્ર ૪૫ ॥

## દૃષ્ટિવાદકે નામકા નિરૂપણ

આગલા સૂત્રમાં ભાષાનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

હવે સમસ્ત ભાષણીય અર્થમાં વ્યાપક જે સત્યભાષારૂપ દૃષ્ટિવાદ છે તેનું કથન પર્યાયની અપેક્ષાએ દશવિધ રૂપે કરે છે—

"दिट्ठिवायस्स णं दसनामधेज्जा पण्णत्ता" ઈત્યાદિ—(સૂ. ૪૬)

દૃષ્ટિવાદના નીચે પ્રમાણે દસ નામ કહ્યાં છે-(૧) દૃષ્ટિવાદ, (૨) હેતુવાદ, (૩) ભૂતવાદ, (૪) તત્ત્વવાદ, (૫) સમ્યગ્વાદ, (૬) ધર્મવાદ (૭) ભાષાવિચય,

(૮) પૂર્વગત, (૯) અનુયોગગત અને (૧૦) સર્વપ્રાણ, ભૂત, જીવ, સત્ત્વસુખાવહ.

દર્શનોનું નામ દૃષ્ટિ છે. અને મત પ્રકટ કરવો અથવા કહેવું તેનું નામ વાદ છે. આ રીતે દૃષ્ટિઓનો જે વાદ છે તેનું નામ દૃષ્ટિવાદ છે. અથવા– " दिट्टिवायस्स " આ પદની સંસ્કૃત છાયા " दृष्टिपातस्य " પણ થાય છે. આ સંસ્કૃત છાયાની અપેક્ષાએ તેનો અર્થ આ પ્રમાણે થાય છે–જેમાં સમસ્ત નય રૂપ દૃષ્ટિઓનો પાત થાય છે તેને દૃષ્ટિપાત કહે છે. હવે તેના દશ નામોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–અહીં દૃષ્ટિવાદ આદિ નામોની સાથે જે ' इति ' તથા " वा " પદ આવ્યાં છે, તે વિકલ્પના અર્થમાં આવ્યાં છે, દૃષ્ટિવાદનો અર્થ તો ઉપર સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

હેતુવાદ–જિજ્ઞાસાના વિષયભૂત જે અર્થ જનતા છે, તેનું નામ હેતુ છે. એવો તે હેતુ અનુમાનના ઉત્પાદક લિંગ ( લક્ષણ )રૂપ હોય છે. અથવા ઉપચારની અપેક્ષાએ અનુમાનરૂપ જ હોય છે. આ હેતુનું જે કથન કરે છે, તેને હેતુવાદ કહે છે.

ભૂતવાદ–વાસ્તવિક જે પદાર્થો છે તેમને ભૂત કહે છે. તે ભૂતોનો જે વાદ છે તેને ભૂતવાદ કહે છે.

તત્ત્વવાદ–જીવાદિક તત્ત્વોનો જે વાદ છે તેને તત્ત્વવાદ કહે છે. અથવા " तच्चावाएइवा " આ પદની સંસ્કૃત છાયા " તથ્યવાદ " પણ થાય છે. આ તથ્યવાદનો અર્થ સત્યવાદ થાય છે.

(૫) સમ્યગ્વાદ–અવિપરીત વાદને સમ્યગ્વાદ કહે છે.

(૬) ધર્મવાદ–ધર્મોનો ( વસ્તુની પર્યાયોનો અથવા શ્રુતચારિત્રરૂપ ધર્મનો જે વાદ છે તેનું નામ ધર્મવાદ છે.

(૭) ભાષાવિચય–સત્યાદિકરૂપ ભાષાઓનો જે વિચય ( નિર્ણય ) છે તેનું નામ ભાષાવિચય છે. અથવા–" भासाविचएइवा " આ પદની સંસ્કૃત છાયા " ભાષાવિજય " પણ થાય છે.

ભાષાવિજય એટલે વાણીનો વિજય અથવા વાણીની સમૃદ્ધિ જેમાં છે એવી ભાષાના કથનનું નામ ભાષાવિજય છે.

બધાં શ્રુતો કરતાં જેની રચના પહેલાં કરાઈ છે, તે શ્રુતનું નામ પૂર્વ છે. ઉત્પાદપૂર્વ આદિ એવાં ૧૪ પૂર્વ છે. તેમાં આ પ્રકારનું લક્ષણ હોવાથી તેમને પૂર્વગત કહે છે. એટલે કે ઉત્પાદ આદિ ૧૪ પૂર્વનો જે શાસ્ત્રગ્રન્થમાં સમાવેશ થાય છે તે શાસ્ત્રગ્રંથનું નામ પૂર્વગત છે.

અનુયોગગત–અનુયોગ બે પ્રકારનો છે (૧) મૂલ પ્રથમાનુયોગ, અને (૨) ગંડિકાનુયોગ. ધર્મના પ્રણયનકર્તા (પ્રવર્તક) હોવાથી તીર્થંકરોને મૂળરૂપ કહી શકાય, તેમના સમ્યકત્વપ્રાપ્તિરૂપ પૂર્વભવાદિ સંબંધી જે અનુયોગ છે તેનું નામ પ્રથમાનુયોગ છે. અનુયોગ શબ્દ વ્યાખ્યાનનો વાચક છે. શેરડીના પતીકાનું નામ ગંડિકા છે આ ગંડિકા જેવી જે એકાધિકારવાળી ગ્રંથપદ્ધતિ છે. તેનું નામ ગંડિકા છે. એવી તે ગંડિકા ઈક્ષ્વાકુ આદિ વંશોમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોની નિર્વાહપ્રાપ્તિના અથવા અનુત્તર વિમાનમાં તેમના ગમનના વર્ણનરૂપ હોય છે. આ ગંડિકાનો જે વ્યાખ્યાનગ્રંથ છે તેનું નામ ગંડિકાનુયોગ છે. આ પ્રકારે આ બે પ્રકારના અનુયોગમાં જેનો સમાવેશ થાય છે. તેને અનુયોગગત કહે છે. જો કે પૂર્વગત અને અનુયોગગત આ બન્ને નામ દૃષ્ટિવાદના અંશરૂપ છે, છતાં પણ તેમના પૂર્વગત અને અનુયોગગત એવાં જે બે નામ આપવામાં આવ્યાં છે તે અવયવમાં અવયવીનો ઉપયોગ કરીને દૃષ્ટિવાદ રૂપે કહેવામાં આવેલ છે,

"સર્વપ્રાણભૂતજીવ સત્ત્વ સુખાવહ" એવું જે તેનું નામ આપવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે તે સંયમનું પ્રતિપાદક અને નિર્વાણના હેતુ રૂપ હોવાથી સમસ્ત પ્રાણાદિકોને માટે સુખાવહ (સુખદાયક) છે પ્રાણ પદ દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોનું વાચક છે, ભૂત પદ વનસ્પતિકાયોનું વાચક છે, જીવ પદ પંચેન્દ્રિયોનું વાચક છે અને પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય અને વાયુકાયનું વાચક 'સત્ત્વ' પદ છે, એમ સમજવું. ॥ સૂત્ર ૪૬ ॥

१ 'तज्जायदोसे०' इन्द्रवज्रा छन्दः ।

અશસ્ત્રરૂપ હોવાથી દૃષ્ટિવાદ પ્રાણાદિકોને માટે સુખાવહ છે. તેથી ૪૬માં સૂત્રમાં તેને ૧૦ નામોવાળો કહ્યો છે. પરન્તુ અશસ્ત્રથી વિપરીત જે શસ્ત્ર છે તે પ્રાણાદિકોને માટે દુઃખાવહ હોય છે. તેથી હવે સૂત્રકાર શસ્ત્રના દસ પ્રકારોનું નિરૂપણ કરે છે—"दसविहे सत्थे पण्णत्ते" ઇત્યાદિ—(સૂ. ૪૭)

શસ્ત્રના દસ પ્રકારો કહ્યા છે-(૧) અગ્નિશસ્ત્ર, (૨) વિષશસ્ત્ર, (૩) લવણુ-શસ્ત્ર, (૪) સ્નેહશસ્ત્ર, (૫) ક્ષારશસ્ત્ર, (૬) અમ્લશસ્ત્ર, (૭) દુષ્પ્રયુક્તમનઃશસ્ત્ર, (૮) દુષ્પ્રયુક્ત કાયચેષ્ટાશસ્ત્ર અને (૧૦) અવિરતિશસ્ત્ર.

દોષના પણ નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે-(૧) તજ્જાતદોષ, (૨) મતિભંગદોષ, (૩) પ્રશાસ્તૃદોષ, (૪) પરિહારદોષ, (૫) સ્વલક્ષણદોષ, (૬) કારણુદોષ, (૭) હેતુદોષ, (૮) સંક્રમણુદોષ, (૯) નિગ્રહદોષ અને (૧૦) વસ્તુદોષ.

વિશેષદોષના પણ દસ પ્રકાર કહ્યા છે-(૧) વસ્તુદોષ, (૨) તજ્જાદોષ ઇત્યાદિ.

" शस्यते-हिंस्यते-प्राणिवियोजनं-क्रियते-अनेनेति शस्त्रम् "

આ વ્યુત્પત્તિ પ્રમાણે જેના દ્વારા પ્રાણીઓના પ્રાણોનું વિયોજન કરવામાં આવે છે-જીવોની હત્યા કરવામાં આવે છે, તેનું નામ શસ્ત્ર છે. તે શસ્ત્રના ઉપર મુજબ દસ પ્રકાર પડે છે. તે દરેક પ્રકારના શસ્ત્રનો અર્થ સ્પષ્ટ કરવામાં આવે છે-શસ્ત્ર હિંસક સાધનરૂપ હોય છે. તેના દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ બે ભેદ પડે છે. દ્રવ્યની અપેક્ષાએ અગ્નિને શસ્ત્ર કહેવામાં આવેલ છે. આ અગ્નિશસ્ત્ર વિજાતીય અગ્નિની અપેક્ષાએ સ્વકાયશસ્ત્ર રૂપ છે, અને પૃથ્વી આદિ કાયની અપેક્ષાએ પરકાયશસ્ત્રરૂપ છે, અને અયોગોલકમાં ( લોખંડના ગોળામાં ) પ્રવિષ્ટ અગ્નિ ઉભયકાય શસ્ત્રરૂપ છે.

વિષશસ્ત્ર-સ્થાવર અને જંગમના ભેદથી વિષ બે પ્રકારનું કહ્યુ છે. આ શબ્દની સાથે પણ " શસ્ત્ર " પદને યોજવામાં આવ્યું છે. આગળ પણ આ પ્રમાણે જ દરેક શબ્દની સાથે " શસ્ત્ર " પદ યોજવાનું છે.

લવણુશસ્ત્ર-સિંધાલુણ આદિને લવણુ કહે છે. તે પણ દ્રવ્યની અપેક્ષાએ શસ્ત્રરૂપ છે, કારણુ કે તે પણ પ્રાણીઓના પ્રાણોનો નાશ કરવાને સમર્થ હોય છે.

સ્નેહશસ્ત્ર-અહીં " સ્નેહ " પદ વડે તેલ, ઘી આદિ પદાર્થોને ગ્રહણુ કરવામાં આવ્યા છે.

ક્ષારશસ્ત્ર-ક્ષારથી ભસ્મ આદિ પદાર્થો ગ્રહણુ કરવા જોઇએ.

અમ્લશસ્ત્ર-' અમ્લ ' પદ વડે અહી કાંજી ( આથો લાવીને બનાવેલા પદાર્થો ) આદિ પદાર્થો ગ્રહણુ કરાયા છે

અગ્નિથી લઇને અમ્લ પર્યન્તના શસ્ત્રો દ્રવ્યશસ્ત્રરૂપ છે. ભાવની અપેક્ષાએ દુષ્પ્રયુક્ત મન, વચન અને કાય શસ્ત્રરૂપ છે, કારણુ કે અકુશલ મન, વચન કાયની પ્રવૃત્તિને ભાવશસ્ત્રરૂપ કહેવાય છે. વિરતિનો અભાવ પણ ભાવશાસ્ત્ર રૂપ છે. કારણુ કે-અવિરતિ રૂપ પરિણામ હિંસા વિગેરે પાપોનું વિધાયક હોય છે. હિંસા આદિ પાપોનું વિધાયક હોય છે.

હવે સૂત્રકાર દોષના દસ પ્રકારનું સ્પષ્ટીકરણુ કરે છે—

દોષ, દૂષણ દુર્ગુણ, આ ત્રણે શબ્દો એક જ અર્થના વાચક છે.

તજ્જાત દોષ–આ બધાં દોષો ગુરુ અને શિષ્યના અથવા વાદી અને પ્રતિવાદીના વાદનો આશ્રય લઈને થતાં હોય છે. તેથી ગુરુ આદિકોમાં કુળ, જાતિ આદિની અપેક્ષાએ જે દોષવત્તા હોય છે તેનું નામ તજ્જાત દોષ છે. અથવા પ્રતિવાદી દ્વારા ઉત્પન્ન થયેલા ક્ષોભને કારણે વાદીના મુખ પર જે અચંબાનો ભાવ પ્રકટ થાય છે અથવા તેની જવાબ આપવાની શક્તિનો જ લોપ થઈ થઇ જાય છે તેનું નામ તજ્જાતદોષ છે.

મતિભંગ–બુદ્ધિના વિનાશનું નામ મતિભંગ છે. આ મતિભંગને લીધે જે વિસ્મૃતિ આદિ દોષ ઉત્પન્ન થઈ જાય છે, તેને મતિભંગ દોષ કહે છે.

પ્રશાસ્તૃદોષ–વાદી અને પ્રતિવાદીના વાદનો જે નિર્ણાયક હોય છે તેને 'પ્રાશાસ્તા' કહે છે. તે જો દોષયુક્ત હોય અથવા ઉપેક્ષક હોય તો તેના દ્વારા પ્રતિવાદીને વિજય પ્રદાન કરાવવારૂપ જે દોષ થાય છે તેને પ્રશાસ્તૃદોષ કહે છે. અથવા તે નિર્ણાયક દ્વારા તેને પ્રમેયનું સ્મરણ કરાવી દેવા રૂપ જે દોષ થાય છે તેને પ્રશાસ્તૃદોષ કહે છે.

પરિહારદોષ–જે વસ્તુનું સેવન કરવાનો શાસ્ત્રોએ નિષેધ કર્યો હોય અથવા લોકરૂઢિ દ્વારા જેના સેવનનો નિષેધ હોય એવી વસ્તુનું સેવન કરવું તેનું નામ પરિહારદોષ છે. અથવા વાદિ દ્વારા અપાયેલ દૂષણનો જે અસમ્યક પરિહાર છે તેનું નામ પરિહાર દોષ છે. જેમ કે–શબ્દને નિત્ય માનનારા મીમાંસકની માન્યતામાં કોઇ બૌદ્ધ મતવાદીએ આ પ્રમાણે દૂષણ (દોષ) બતાવ્યો–"ઘટની જેમ કૃતક હોવાથી શબ્દ અનિત્ય છે." ત્યારે મીમાંસક મતવાદીએ તેને આ પ્રમાણે કહ્યું–"હે બૌદ્ધમતવાદી ! તમે શબ્દમાં અનિત્યતાનું પ્રતિપાદન કરવાને માટે "કૃતકત્વાત્" આ હેતુનો ઉપન્યાસ કરી રહ્યા છો, તો હું તમને પૂછું છું કે તે કૃતકતા શબ્દમાં શું ઘટગત આવી છે કે શબ્દગત આવી છે? એટલે કે ઘટગત કૃતકતાને આધારે શબ્દને તમે અનિત્ય સિદ્ધ કરો છો કે શબ્દગત

કૃતકતાને આધારે તેની અનિત્યતા સિદ્ધ કરો છો ? જો ઘટગત કૃતકતાને આધારે તમે શબ્દમાં અનિત્યતા સિદ્ધ કરવા માગતા હો, તો તે શબ્દમાં નહીં આવી શકવાને કારણે હેતુ અસિદ્ધ થઇ જાય છે, અને જો શબ્દગત કૃતકતાનો આધાર લઇને તમે તેમાં અનિત્યતા સિદ્ધ કરતા હો, તો તે અનિત્યની સાથે વ્યપ્તિ ઉપલબ્ધ થતી નથી. તેથી "कृतकत्वात्" કૃતકતા રૂપ આ હેતુ અસાધારણ નૈકાન્તિક છે. મીમાંસક દ્વારા આ પ્રકારનો જે પરિહાર કરવામાં આવ્યો છે તે સમ્યક્ પરિહાર રૂપ નથી, કારણ કે આ પરિહાર રૂપ કથન વડે સર્વાનુ-માન ઉચ્છેદનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. આ વાતનું પ્રતિપાદન કરી શકાય–સાધનરૂપ ધર્મમાત્રથી જ સાધ્યરૂપ ધર્મિમાત્રનો નિશ્ચય કરવો તેનું નામ જ અનુમાન છે. અને તે "पर्वतोऽयं अग्निमान् धूमत्वात् महानसवत्" ઇત્યાદિ રૂપ હોય છે. આ વિષયને અનુલક્ષીને કોઈ એવો પ્રશ્ન પણ પૂછી શકે છે કે "આપે અગ્નિનું અસ્તિત્વ સિદ્ધ કરવાને માટે જે ધૂમ (ધુમાડા) રૂપ હેતુ દીધો છે તે શું પર્વતાદિ એક પ્રદેશમાં રહેલો હેતુ દીધો છે કે મહાનસગત ધૂમને હેતુ રૂપે પ્રયુક્ત કર્યો છે? જો પર્વતાદિ પ્રદેશગત ધૂમને અગ્નિનું અસ્તિત્વ સિદ્ધ કરવાને માટે અહીં પ્રકટ કરવામાં હોય તો તે અગ્નિ વ્યાપ્ત હોઈ શકે નહીં. તેથી તે અસાધારણ નૈકાન્તિક હેત્વાભાસરૂપ બની જાય છે, અને જો મહાનસગત ધૂમને અગ્નિનું પર્વતમાં અસ્તિત્વ સિદ્ધ કરવા માટે અહીં દેવામાં આવ્યો હોય, તો તે પર્વતના એકદેશમાં રહેતો નથી–તે તો મહાનસમાં જ રહે છે. આ રીતે આ હેતુ અસિદ્ધ થઇ જાય છે. આ પૂર્વોક્ત પ્રકારે પણ મીમાંસક દ્વારા કરવામાં આવેલા પરિહાર વડે આ રીતે સમસ્ત અનુમાનના ઉચ્છેદ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. તેથી આ પ્રકારનો મીમાંસક દ્વારા કરાયેલો પરિહાર અસમ્યક પરિહાર રૂપ હોવાને કારણે પરિહારદોષરૂપ છે.

દ્વન્દ્વને અન્તે અને દ્વન્દ્વને પ્રારંભે પ્રયુક્ત શબ્દ પ્રત્યેકની સાથે સંબધિત હોય છે, આ નિયમ અનુસાર સ્વલક્ષણ દોષ, કરણદોષ અને હેતુદોષ, આ ત્રણ દોષ છે જેના દ્વારા અનેક વસ્ત્વન્તરમાંથી વસ્તુને જુદી પાડી શકાય છે તેનું નામ લક્ષણ છે. એવું પોતાનું જે લક્ષણ છે, તેનું નામ સ્વલક્ષણ છે, જેમકે

જીવનું લક્ષણ ઉપયોગ છે. અને પ્રમાણનું લક્ષણ સ્વ અને પર પદાર્થોનું અવભાસન કરનારું જ્ઞાન છે આ લક્ષણના નીચે પ્રમાણે બે દોષ કહ્યા છે—

(૧) અવ્યાપ્તિ અને (૨) અતિવ્યાપ્તિ. જે લક્ષણ પોતાના પૂરા લક્ષ્યમાં રહેતું નથી, પણ લક્ષ્યના એક દેશમા રહે છે, તે અવ્યાપ્તિ દોષવાળું ગણાય છે. જેમ કે કોઇએ પદાર્થનું આ પ્રકારનું લક્ષણ બતાવ્યું–" જેની સન્નિધાનતાથી (સમીપમાં હોવાથી) અને અસન્નિધાનતાથી જ્ઞાનમાં પ્રતિભાસભેદ થાય છે, તે પદાર્થ છે." આ પ્રકારનું લક્ષણ અવ્યાપ્તિદોષથી દૂષિત થઇ જાય છે. કારણ કે ઇન્દ્રિય પ્રત્યક્ષરૂપ જ્ઞાનમાં તો પદાર્થની સન્નિધાનતા અને અસનિધાનતાથી એવો પ્રતિભાસભેદ થઈ જાય છે, પરન્તુ જે યોગિજ્ઞાન છે તેમાં એવું થતું નથી. તેથી પદાર્થનું આ લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું ગણાય છે, કારણ કે પૂર્ણ લક્ષ્યમાં તેની વૃત્તિ (વ્યાપ્તિ) નથી, પણ લક્ષ્યના એક દેશમાં જ તેની વૃત્તિ છે. જે સદોષ હોય તેને લક્ષણ રૂપ ગણી શકાય નહીં.

સ્વલક્ષણની અતિવ્યાપ્તિ ત્યાં થાય છે કે જ્યાં લક્ષણ પોતાના લક્ષ્યમાં રહેવા છતાં પણ અલક્ષ્યમાં રહે છે. જેમ કે....

અર્થોપલબ્ધિ હેતુ–પદાર્થોની જ્ઞપ્તિ (જ્ઞાન) કરાવવામાં કારણભૂત હોય છે–તેનું નામ પ્રમાણ છે. અહીં પ્રમાણ લક્ષ્ય છે અને અર્થોપલબ્ધિહેતુ તે લક્ષણ છે. અહીં અર્થોપલબ્ધિના હેતુરૂપ ચક્ષુ, દધિ (દહીં) ઓદન (ભાત) આદિ અનંત વસ્તુઓ પણ હોઈ શકે છે. તેથી પ્રમાણના લક્ષણની વાત ચાલી રહી હોવા છતાં પણ અપ્રમાણભૂત દધિ આદિ વસ્તુઓની વાતમાં પડી જવાથી અહીં અતિવ્યાપ્તિ દોષનો પ્રસંગ ઉપસ્થિત થઇ જાય છે. જો દધિ આદિને પણ પ્રમાણ માનવામાં આવે તો પ્રમાણોની અનંતતા થઈ જવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેથી પ્રમાણની સંખ્યામાં અવરોધ આવી જાય છે. તેથી આ લક્ષણ ઉપક્ષ્યમાં રહેવાને કારણે સદોષ છે.

અથવા સ્વ શબ્દ વડે દાર્ષ્ટાન્તિક અર્થ લેવામાં આવ્યો છે. તેથી દાર્ષ્ટાન્તિક રૂપ અર્થ જેના દ્વારા લક્ષ્ય થાય છે તે સ્વલક્ષણ છે. એવું તે સ્વલક્ષણ દૃષ્ટાન્તરૂપ હોય છે, આ દૃષ્ટાન્તનો જે સાધ્યવિકલતારૂપ દોષ છે તેનું નામ સ્વલક્ષણદોષ છે. જેમ કે–કોઇએ એવું કહ્યું કે " शब्दो नित्यो मूर्तत्वात् घट-

વત્" "ઘટની જેમ મૂર્ત હોવાથી શબ્દ નિત્ય છે." અહીં દૃષ્ટાન્તમાં સાધ્ય જે નિત્ય છે તે રહેલું નથી, તેથી તેને સાધ્યવિકલતારૂપ દૃષ્ટાન્તદોષ કહી શકાય–

કારણદોષ–"करोतीति कारणम्" આ વ્યુત્પત્તિ અનુસાર "જે કરે છે. તે કારણ છે" એવું તે કારણ પરોક્ષ અર્થનો નિર્ણય કરાવવામાં ઉપપત્તિ માત્ર રૂપ હોય છે. જેમ કે...."જ્ઞાનમાં અવરોધ કરનારાં કારણોના અભાવની પ્રકર્ષતાને લીધે સિદ્ધ નિરૂપમ સુખવાળા હોય છે." આ પ્રમાણે કોઇએ કહ્યું છે. પરંતુ આ પરોક્ષ અર્થનો નિર્ણય કરાવનારૂં એવું કોઇ દૃષ્ટાન્ત નથી કે જે સાધ્ય અને સાધનધર્મથી યુક્ત હોય અને સકળ લોકમાં પ્રસિદ્ધ હોય તેથી આ પ્રકારના કથનને માત્ર ઉપપત્તિ રૂપ જ સમજવું જોઈએ. કારણનો જે દોષ છે તેનું નામ કારણદોષ છે. તે કારણદોષ સાધ્ય વિકલતારૂપ હોય છે. જેમ કે–કોઇએ એવું કહ્યું છે કે "વેદના કારણ (વેદની રચના કરનાર પુરુષરૂપ કારણ સાંભળવામાં આવતાં નથી, તેથી વેદો અપૌરુષેય છે–એટલે કે કોઈ પણ પુરુષ દ્વારા તેમની રચના થઈ નથી." અહીં વેદનાં કારણોની અશ્રૂયમાણતા તેના અપૌરુષેયને લીધે નથી, પરન્તુ અન્ય કારણોને લીધે પણ હોઇ શકે છે. તેથી આ પ્રકારના કથનમાં સાધ્યવિકલતારૂપ કારણદોષનો સદ્ભાવ રહેલો છે.

હેતુદોષ–સાધ્યના સદ્ભાવમાં હેતુનો સદ્ભાવ હોવો અને સાધ્યના અભાવમાં હેતુનો અભાવ હોવો, આ પ્રકારના અવિનાભાવ સંબંધવાળો હેતુ હોય છે. એટલે કે સાધ્યની સાથે અન્યથાનુપપત્તિ રૂપ નિયમથી જે બંધાયેલો છે. તેનું નામ હેતુ છે. દૃષ્ટાન્તના સદ્ભાવમાં કારણને હેતુરૂપે કહેવામાં આવે છે. હેતુના ત્રણ દોષ કહ્યા છે–(૧) અસિદ્ધ, (૨) વિરૂદ્ધ અને (૩) અનૈકાન્તિક. અહીં આ ત્રણને જ હેતુદોષ રૂપ સમજવા જોઈએ.

અસિદ્ધરૂપ હેતુદોષનું સ્વરૂપ આ પ્રકારનું છે–

"अनित्यः शब्दः चाक्षुषत्वात् घटवत्" ચાક્ષુષ (ચક્ષુઇન્દ્રિયના વિષયરૂપ હોવાથી) હોવાથી ઘટની જેમ શબ્દ અનિત્ય છે. અહીં 'ચક્ષુષત્વ' હેતુદોષ રૂપ છે. કારણ કે શબ્દમાં ચક્ષુઇન્દ્રિય દ્વારા ગ્રાહ્યતા) હોતી નથી તેથી પક્ષમાં સાધનનો અભાવ હોવો તેનું નામ જ અસિદ્ધદોષ છે.

વિરૂદ્ધરૂપ હેતુદોષનું સ્વરૂપ આ પ્રકારનું છે–

"शब्दो नित्यः कृतकत्वात् धटवत्" "શબ્દ ઘટની જેમ કૃતક હોવાથી નિત્ય છે" આ કથનમાં કૃતકત્વ રૂપ હેતુ પોતાના સાધ્ય–નિત્યથી વિરૂદ્ધ એવાં અનિત્યની સાથે વ્યાપ્ત હોવાને કારણે અનિત્યનો સાધક થાય છે–નિત્યનો સાધક થતો નથી.

અનૈકાન્તિક હેતુદોષ–"शब्दो नित्यः प्रमेयत्वात् आकाशवत्" "પ્રમેય હોવાથી શબ્દ આકાશની જેમ નિત્ય છે." આ કથનમાં પ્રમેયત્વરૂપ હેતુ જે પ્રકારે નિત્યની સાથે–આકાશમાં–રહે છે એજ પ્રમાણે તે અનિત્ય ઘટ, પટ વગેરેમાં પણ રહે છે. આ કારણે આ હેતુ પક્ષમાં (સપક્ષમાં) રહેવા છતાં વિપક્ષની સાથે પણ રહેવાને કારણે અનૈકાન્તિક છે,

સંક્રમણદોષ–પ્રસ્તુત પ્રમેયમાં અપ્રસ્તુત પ્રમેયનો જે પ્રવેશ છે–તેનું પ્રમેયાન્તરમાં જે કથન છે તેને સંક્રમણદોષ કહે છે. અથવા પ્રતિવાદીના મત સાથે પોતાના મતને પણ મળતો કરી નાખવો એટલે કે પ્રતિવાદીના મતનું સમર્થન કરવું તેને સંક્રામણદોષ કહે છે.

નિગ્રહદોષ–છલ દ્વારા અથવા વિતંડાવાદ દ્વારા પ્રતિવાદીને પરાજિત કરવો તેનું નામ નિગ્રહ છે. આ નિગ્રહરૂપ જે દોષ છે તેને નિગ્રહદોષ કહે છે.

વસ્તુદોષ–સાધ્ય અને સાધનરૂપ ધર્મ જ્યાં રહે છે, તેને વસ્તુ કહે છે. એવી તે વસ્તુરૂપ પક્ષ હોય છે. તે પક્ષનો જે દોષ છે–તેનું નામ વસ્તુદોષ છે. જેમ કે શ્રવણ વિષયાગોચર શબ્દ છે", અહીં પક્ષરૂપ શબ્દમાં શ્રવણ વિષયક અગોચરતા પ્રત્યક્ષ રૂપે જ નિરસ્ત છે, કારણ કે તેને તો તેના વિષય રૂપ જ માનવામાં આવેલ છે.

તજ્જાત આદિ જે સામાન્ય દોષોનું કથન કરવામાં આવ્યું છે તેમનું જ વિશેષ દોષો રૂપે કથન કરવાને માટે હવે સૂત્રકાર "दसविहे विसेसे" ઇત્યાદિ સૂત્રોનું કથન કરે છે—'વિશેષ' પદ અહીં "વિશેષ દોષોનું" વાચક છે. વિશેષદોષના પણ વસ્તુદોષ, તજ્જાતદોષ આદિ ૧૦ પ્રકારોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–

વસ્તુદોષ-વસ્તુ એટલે પક્ષ. પક્ષનો જે દોષ છે તેને વસ્તુદોષ કહે છે. જાતિ આદિના અભિધાન (નિર્દેશ)પૂર્વક જે અવહેલના થાય છે, તે તજ્જાત દોષરૂપ છે. સામાન્ય દોષો કરતાં આ દોષમાં અધિકતા હોવાને કારણે આ પ્રકારના વસ્તુદોષને વિશેષદોષરૂપ કહ્યો છે.

અથવા-" वस्तुदोषे तज्जातदोषे " આ પ્રકારની સાતમી વિભક્તિવાળી સંસ્કૃત છાયા અહીં કરવી જોઈએ. આ સંસ્કૃત છાયાની અપેક્ષાએ અહીં આ પ્રમાણે અર્થ થાય છે-

વસ્તુદોષના વિષયમાં જે વિશેષ ભેદ છે તે અનેક પ્રકારનો છે. જેમ કે—" शब्दः श्रवणविषयागोचरः " ' શબ્દ શ્રવણેન્દ્રિયનો વિષય નથી " અહીં શબ્દરૂપ પક્ષમાં શ્રવણેન્દ્રિય અગોચરતા પ્રત્યક્ષ રૂપે નિરસ્ત છે. તેથી શ્રવણે-ન્દ્રિયાગોચરતા વિશિષ્ટ શબ્દરૂપ પ્રત્યક્ષ વડે બાધિત છે.

અનુમાન વડે બાધિત પક્ષ આ પ્રકારનો છે-" शब्दो नित्यः " અહીં શબ્દમાં નિત્યતા અનુમાન વડે બાધિત છે. તેથી નિત્યત્વ વિશિષ્ટ શબ્દરૂપ પક્ષ અનુમાન નિરસ્ત છે.

પ્રતીતિ નિરસ્ત પક્ષ આ પ્રકારનો છે–" शशीन चन्द्रः " સ્વવચન નિરસ્ત પક્ષ આ પ્રકારનો છે-यदहं ब्रवीमि तदनृतम् " હું જે કહું છું તે જૂઠું કહું છું"

લોકરૂઢિ નિરસ્ત પક્ષ આ પ્રકારનો છે-" नरकपालपवित्रम् " અહીં નરક-પાલ રૂપ પક્ષ પવિત્રતા લોકરૂઢિની અપેક્ષાએ નિરસ્ત (બાધિત) છે.

એજ પ્રમાણે તજ્જાતદોષના જન્મ, મર્મ, કર્મ આદિ દ્વારા અનેક ભેદ પડે છે. તજ્જાત દોષનો જે જન્મની અપેક્ષાએ ભેદ પડે છે તેનું સ્વરૂપ આ પ્રકારનું છે–" कच्छुल्लयाए घोडीए " ઇત્યાદિ—

કંડૂયન રોગવાળી ઘોડી સાથે ગર્દભનો સંયોગ થવાથી જે સંતાન ઉત્પન્ન થાય છે તેની આકૃતિમાં ઘણો તફાવત હોય છે. તેથી તેનો તે આકાર

મહાજનોની વચ્ચે અવશ્ય પ્રકટ થઈ જાય છે. એટલે કે વર્ણસંકરતા છાની રહી શકતી નથી. એજ પ્રકારે મર્મ અને કર્મની અપેક્ષાએ તજ્જાત દોષના વિષયમાં સામાન્ય દોષ કરતાં શી વિશેષતા છે તે પાઠકે પોતાની જાતે જ સમજી લેવું આ સૂત્રમાં વિશેષદોષના વસ્તુદોષ, તજ્જાતદોષ આદિ ૧૦ પ્રકાર છે. વસ્તુદોષ અને તજ્જાતદોષનું નિરૂપણ કરવામાં આવ્યું. બાકીનાં આઠ ભેદ નીચે પ્રમાણે છે—(૩) મતિભંગદોષ, (૪) પ્રશાસ્તૃદોષ, (૫) પરિહારદોષ, (૬) સ્વલક્ષણદોષ, (૭) કારણદોષ, (૮) હેતુદોષ, (૯) સંક્રામણદોષ અને (૧૦) નિગ્રહદોષ. અથવા–“दोसे” પદની સંસ્કૃત છાયા “दोषे” પણ થાય છે. “दोषे” પદ સાતમી વિભક્તિનું પદ છે. અહીં જાતની અપેક્ષાએ એક વચન વપરાયું છે, એમ સમજવું. તેથી અહીં “दोषे” આ પદ “दोषेषु” આ બહુવચનાન્ત પદનું વાચક સમજવું. મતિભંગ આદિ દોષોના વિષયમાં પણ અનેક પ્રકારના ભેદ પડે છે. પાઠકોએ તે ભેદોની અનેક પ્રકારતા પોતાની જાતે જ ઉદ્ભાવિત કરી લેવી.

જેનો એક જ અર્થ થતો હોય એવા શબ્દને એકાર્થિક કહે છે. એકાર્થિક શબ્દો એક જ અર્થના વાચક હોય છે. એવો એકાર્થિકરૂપ જે દોષ તે તેનું નામ એકાર્થિકદોષ છે. જેમ કે “घटमानय” ‘ઘડો લાવો’ આમ કહેવાને બદલે એવું કહેવું કે “घटं, कुम्भं, कलशं, आनय” “ઘડો, કુંભ, કળશ, લાવો” આ વાક્યમાં એક જ અર્થવાળા અનેક શબ્દોનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે, એજ દોષ છે.

કારણદોષ–આ દોષનું નિરૂપણ આ સૂત્રમાં જ આગળ કરવામાં આવી ગયેલ છે. પૂર્વોક્ત વ્યાખ્યાત સામાન્ય કારણ દોષ કરતાં અહીં વિશેષ કારણ દોષ ગ્રહણ થવો જોઈએ.

પ્રત્યુત્પન્નદોષ–આ દોષ વર્તમાનકાલિક હોય છે. તેથી ભૂતકાલિન આદિ દોષ સામાન્યની અપેક્ષાએ તેને વિશેષદોષરૂપ સમજવો જોઈએ. અથવા અહીં “प्रत्युत्पन्नं” આ પ્રકારની સાતમી વિભક્તિવાળી સંસ્કૃત છાયા કરવામાં આવે તો તેનો અર્થ એવો થાય છે કે જે સર્વથા અવિગત હોય છે તેમાં અકૃતા.

અભવ્ય જીવોમાં જે મિથ્યાત્વ આદિ દોષોનો સદ્ભાવ હોય છે તે નિત્ય દોષરૂપ હોય છે, કારણ કે તેમનું તે મિથ્યાત્વ અનાદિ અનંતરૂપ હોય છે. તેથી આ દોષને દોષસામાન્ય કરતાં અધિકદોષરૂપ ગણી શકાય છે અથવા-

જો તેની સંસ્કૃત છાયા સાતમી વિભક્તિવાળું 'નિત્યે' પદ લેવામાં આવે તો તેનો અર્થ આ પ્રમાણે થાય છે—

જો પદાર્થ સર્વથા નિત્ય હોય છે. એવી માન્યતા સ્વીકારવામાં આવે તો તેમાં બાલ્યાવસ્થા, આદિ અવસ્થાઓનો અભાવ હોવા રૂપ દોષની સદ્ભાવના રહે છે. આ નિત્યદોષ સામાન્યની અપેક્ષાએ વિશેષ દોષ રૂપ છે.

અધિકદોષ-આ દોષ ત્યારે થાય છે કે જ્યારે વાદ કરતી વખતે અન્યને સમજાવવાને માટે દૃષ્ટાન્ત નિગમન આદિનો પ્રયોગ કરવામાં આવે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે-વાદમાં પ્રતિજ્ઞા હેતુ એ બેને જ અનુમાનના અંગ રૂપ માનવામાં આવેલ છે-ઉદાહરણ આદિને અનુમાનના અંગરૂપ માનવામાં આવતાં નથી. તેથી તે બે સિવાયના ઉદાહરણાદિકના પ્રયોગને અધિકદોષરૂપ માનવામાં આવેલ છે, કારણ કે પ્રતિજ્ઞા હેતુ વડે જ વક્તવ્યતાના અર્થનો બોધ થઈ જાય છે. તેથી દૃષ્ટાન્ત આદિની વાદમાં આવશ્યકતા રહેતી નથી. છતાં પણ તેનો જો પ્રયોગ કરવામાં આવે તો તેને દોષરૂપ માનવામાં આવે છે. કહ્યું પણ છે કે—"जिणवयणं सिद्धं चेव" ઇત્યાદિ

જિનેન્દ્ર ભગવાનોનાં વચનોમાં સ્વતઃપ્રમાણતા છે. છતાં પણ ક્યારેક તેમનાં વચનોની સત્યતાને સિદ્ધ કરવાને માટે ઉદાહરણાદિનો પ્રયોગ કરવામાં આવે છે અને શ્રોતાજનોને આ વાત સમજાવવા માટે હેતુનો પણ પ્રયોગ કરવામાં આવે છે, અને પાંચ અવયવોનો પણ પ્રયોગ કરવામાં આવે છે. આ પ્રકારનો જે દોષ છે તે દોષસામાન્ય કરતાં વિશેષદોષરૂપ ગણાય છે. અથવા-

"अधिके" અધિક પદની સાતમી વિભક્તિવાળી સંસ્કૃત છાયા લેવામાં આવે, તો તે સંસ્કૃત છાયાનો અર્થ આ પ્રમાણે થાય છે—

અધિક દૃષ્ટાન્ત આદિનો પ્રયોગ કરવામાં આવે ત્યારે વાદીમાં જે દોષ બતાવવામાં આવે છે તે દોષનું નામ અધિક દૃષ્ટાન્ત આદિ વિષયકદોષ છે, અને તે દોષને સામાન્યદોષરૂપ જ ગણવામાં આવે છે. અહીં 'अ' કારનો પ્રશ્લેષ થયો છે. તેથી "अहीय" આ પદ લુપ્તવિભક્તિવાળું પદ છે. 'अहमें' આ પદમાં અકારનો લોપ થઈ ગયો છે. પહેલેથી ગણવામાં આવે તો આ દોષને આઠમાં પ્રકારનો દોષ ગણી શકાય.

આત્માની સાથે કૃતપદને અધ્યાહાર રાખવું જોઇએ. આ રીતે આત્મા દ્વારા કરાયેલા દોષને પણ સામાન્યદોષરૂપ ગણવાને બદલે વિશેષદોષરૂપ જ સમજવો જોઈએ. પરના દ્વારા કરાયેલો પરોપનીતદોષ પણ સામાન્ય રૂપ ગણી શકાય નહીં. પરોપનીતદોષને વિશેષદોષ રૂપ જ ગણવો જોઇએ. આ પ્રકારના ૧૦ વિશેષદોષોનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે. ॥ સૂત્ર ૪૭ ॥

## વાગ્ (વાણી—વચન) યોગકા નિરૂપણ

વિશેષાદિક જે ભાવોનું ઉપરના સૂત્રમાં નિરૂપણ કરવામાં આવ્યું છે, તે ભાવો અનુયોગગમ્ય (વ્યાખ્યાન દ્વારા સમજી શકાય એવાં) હોય છે અર્થ અને વચનનો આશ્રય લઈને અનુયોગ થાય છે. તે "अहिंसा संजमो तवो" ઇત્યાદિ રૂપ હોય છે; કારણ કે આ કથન દ્વારા અહિંસા આદિના સ્વરૂપનું ભેદ કથન થયું છે. વાણીનો આધાર લઇને જે અનુયોગ થાય છે તે એજ અહિંસા આદિ પદાર્થોના શબ્દાશ્રિત વિચારરૂપ હોય છે. તેથી હવે સૂત્રકાર વચનનો આધાર લઈને અનુયોગના દસ પ્રકારોનું નિરૂપણ કરે છે—

"दसविहे सुद्धवायाणुओगे पण्णत्ते" ઈત્યાદિ—(સૂ. ૪૮)

સૂત્રાર્થ—વાકયાર્થની અપેક્ષાથી રહિત એવો સૂત્રના વ્યાખ્યાનરૂપ અનુયોગ દસ પ્રકારનો કહ્યો છે. તે પ્રકારો નીચે પ્રમાણે છે—(૧) ચકાર, (૨) માકાર, (૩) અપિકાર, (૪) સેકાર, (૫) સાયંકાર, (૬) એકત્વ, (૭) પૃથક્ત્વ, (૮) સંયૂથ, (૯) સંક્રામિત અને (૧૦) ભિન્ન.

વાકયાર્થની અપેક્ષાથી રહિત હોવું, એવો શુદ્ધ શબ્દનો અર્થ છે અને વાચા શબ્દનો અર્થ વચન છે. તે વચનને અહીં સૂત્રરૂપ લેવામાં આવ્યું છે. અનુયોગ શબ્દનો અર્થ વચન થાય છે. તે વચનને અહીં સૂત્રરૂપ ગણવામાં આવેલ છે. અથવા–અનુયોગ શબ્દ અહીં વ્યાખ્યાનના અર્થમાં પ્રયુક્ત થયો છે. આ રીતે વાકયાર્થની જેમાં અપેક્ષાએ (આવશ્યકતા) રહેતી નથી એવા સૂત્રનું જે વ્યાખ્યાન છે તેને અનુયોગ–શુદ્ધ વાચાનુયોગ–કહે છે. તેના ચકાર આદિ જે દસ ભેદ પ્રકટ કરવામાં આવ્યા છે, તેમનો અર્થ હવે સ્પષ્ટ કરવામાં આવે છે–

ચકાર અનુયોગ–ચકારનો જે અનુયોગ છે તેનું નામ ચકાર અનુયોગ છે. જેમ કે "च" આ પદનો પ્રયોગ આટલા અર્થમાં થાય છે–સમાહાર દ્વન્દ્વમાં ઈતરેતરયોગદ્વન્દ્વમાં, સમુચ્ચયમાં, અન્વાચયમાં, અવધારણમાં, પાદ પૂરણમાં અને અધિક વચન આદિમાં.

"कारग्रहणे केवलग्रहणं वर्णग्रहणे सवर्णग्रहणं"

વ્યાકરણના આ નિયમ અનુસાર જે શબ્દની સાથે "કાર"નું ગ્રહણ થાય છે તે શબ્દ દ્વારા કેવળ એજ શબ્દનું ગ્રહણ થાય છે, અને જે શબ્દની સાથે વર્ણનું ગ્રહણ થાય છે. તે શબ્દ વડે તેના સવર્ણ વર્ણોનું ગ્રહણ થાય છે. અહીં ચકાર વડે 'ચ'નું ગ્રહણ થયું છે. "संज्ञा परिभाषाम्" આ શબ્દમાં "संज्ञा च परिभाषा च" આ પ્રકારનો દ્વન્દ્વસમાસ બન્યો છે. અહીં 'च' પદના પ્રયોગ દ્વારા સમાહારદ્વન્દ્વસમાસ બનાવવામાં આવ્યો છે. "धवश्च खदिरश्च" "धवखदिरौ" અહી ચકાર ઈતરેતરયોગ દ્વન્દ્વસમાસના અર્થમાં પ્રયુક્ત થયો છે.

इत्थीओ सयणाणि य" અહીં ચકાર સમુચ્ચયના અર્થમાં પ્રયુક્ત થયો સ્ત્રીઓમાં અને શયનોમાં તેના દ્વારા અપરિભોગ્યતાનું તુલ્યરૂપે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

"भिक्षामट ग्लानसेवां च कुरु" "ભિક્ષા લાવો અને ગ્લાનની (બીમારની) સેવા કરો" આ સૂત્રમાં "च" પદનો પ્રયોગ અન્વયાર્થે થયો છે. (એક કાર્ય કરવાનું કહેવું તેનું નાપ અન્વય છે.) એજ પ્રમાણે અવધારણ આદિ અર્થમાં પણ ચકારનો પ્રયોગ કેવી રીતે થાય છે તે સમજી લેવું જોઈએ. મૂળ સૂત્રમાં

"चकार" આ પદનો પ્રયોગ થયો છે. તેમાં જે અનુસ્વારનો પ્રયોગ થયો છે તે અલાક્ષણિક છે. જેમ કે આ પ્રકારનો પ્રયોગ નીચેના સૂત્રપાઠમાં પણ થયો છે–"सुंके सणिंचरे" પછીના પદોમાં પણ મૂળસૂત્રમાં જે અનુસ્વાર વપરાયો છે. તેના વિષે પણ આ પ્રકારનું સ્પષ્ટીકરણ સમજી લેવું.

(૨) માકાર અનુયોગ–"માકાર" પદમાં मा" શબ્દ નિષેધાર્થે વપરાયો "मा" પદને "कार" પ્રત્યય લગાડવાથી "माकार" માકાર પદ બન્યું છે. તેનો જે અનુયોગ છે તેનું નામ માકાર અનુયોગ છે. જેમ કે–"समणं वा माहणं वा" આ સૂત્રપાઠમાં "માહણ" પદમાં "મા" પદનો પ્રયોગ નિષેધાર્થે થયેલો છે.

અથવા "मंकार" આ પદની સંસ્કૃત છાયા "मकार" પણ થાય છે. આ સંસ્કૃત છાયાની અપેક્ષાએ અહીં નીચે પ્રમાણે અર્થ થાય છે–"મકારનો જે અનુયોગ છે તેને મકારઅનુયોગ કહે છે." જેમ કે "जेणामेव समणे भगवं महावीरे तेणामेव" આ સૂત્રપાઠમાં "जेणामेव" પદમાં અને "तेणामेव" પદમાં 'મકાર'નો આર્ષ થવાને લીધે "जेणेव....तेणेव" ને બદલે "जेणामेव.... तेणामेव" થયું છે. તો માત્ર 'जेणेव तेणेव" આ પદોના પ્રયોગથી જ વિવક્ષિત અર્થની પ્રતીતિ થઇ જાય છે.

અપિકાર અનુયોગ–'अपिं' પદને "कार" પ્રત્યય લગાડવાથી 'અપિકાર' પદ બન્યું છે. पिंकार" આ પદ અકારનો લોપ થવાથી અને અનુસ્વારનું આગમાન થવાથી ' अपिकार " માંથી બન્યું છે. અપિ શબ્દનો જે અનુયોગ છે, તેનું નામ અપિકાર અનુયોગ છે. ' અપિ ' શબ્દ પ્રયોગ સંભાવનાના અર્થમાં, પ્રશ્નાર્થમં, શંકાના અર્થમાં, ગર્હાના અર્થમાં અને સમુચ્ચયના અર્થમાં થાય છે તથા "युक्तपदार्थे च कामचारक्रियासु च" આ કથન અનુસાર યુક્ત પદાર્થમાં અને કામચારમાં (રુચિ અનુસાર કાર્ય કરવાનું કહેવામાં પણ 'અપિ' શબ્દનો પ્રયોગ થાય છે.

"अपि स्तुयाज्जिनमिति" "હું ધારું છું કે આપે જિનેન્દ્રની સ્તુતિ કરી લીધી હશે" અહીં અપિ પદ સંભાવનાર્થે વપરાયું છે "अवि स्तुहि" તમારી ઇચ્છા હોય તો તમે સ્તુતિ કરો," આ વાકયમાં અપિ પદ કામચાર ક્રિયામાં પ્રયુક્ત થયું છે.

“धिग्देवदत्तम् अपि स्तुयात् अधर्मिणम्” દેવદત્તને ધિક્કાર હો, કારણ કે તેણે અધમીંની સ્તુતિ કરી છે. આ વાકયમાં ગર્હાના અર્થમાં અપિ પદ વપરાયું છે.

“अपि सिञ्च-अपि स्तुहि” “તમે પાણીનું સિંચન કરો અને સ્તુતિ કરો”–આ વાકયમાં અપિ પદ સમુચ્ચયના અર્થમાં વપરાયું છે. એજ પ્રમાણે ‘अपि’ પદનો અન્ય અર્થોમાં પણ જાતે જ પ્રયોગ કરી લઇએ તેનો અર્થ સમજી લેવો જોઇએ —

સેકાર અનુરોગ–“से” પદ સંસ્કૃત શબ્દ “अथ”નું વાચક પ્રાકૃત ભાષાનું પદ છે. તેને “કાર પ્રત્યય લગાડવાથી ‘સેકાર’ પદ બને છે. તે સેકારનો જે અનુયોગ–વ્યાખ્યાન–છે તેને સેકાર અનુયોગ કહે છે. ‘अथ’ના અર્થમાં ‘से’ પદનો પ્રયોગ નીચેના સૂત્રપાઠમાં થયો છે—

“से भिक्खु वा” ‘अथ’ પદ નીચેના અર્થ દર્શાવે છે—સંશય, અધિકાર, મંગળ, વિકલ્પ, અનન્તર પ્રશ્ન, કાત્સ્ન્ય આરંભ અને સમુચ્ચયના “से भिक्खु वा” આ સૂત્રાંશમાં ‘से’ પદ આનન્તર્યના અર્થમાં વપરાયું છે. મૂળ સૂત્રમાં “सेयंकारे” આ પ્રકારનો પાઠ છે. તેમાં ‘यं’ આર્ષ હોવાથી આવ્યું છે. કયારેક ‘से’ પદ ‘असौ’ આ સંસ્કૃત પદના અર્થમાં પણ વપરાય છે અથવા “सेयकार” છાયા “श्रेयस्कार” પણ થાય છે. તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે–“श्रेयसः करणम् श्रेयस्कारः” એટલે કે ‘શ્રેયનું–કલ્યાણનું–ઉચ્ચારણ કરવું. તેનો અનુયોગ આ પ્રમાણે સમજવો–“सेयं मे अहिज्जिउं अज्झयणं धम्म पण्णत्ती” અહીં ‘શ્રેય’ શબ્દ એવું પ્રકટ કરે છે કે ધર્મપ્રજ્ઞપ્તિનું અધ્યયન મારે માટે અધિકમાં અધિકરૂપે પ્રશસ્ય–કલ્યાણકારક છે. અથવા “सेयंकार”ની સંસ્કૃત છાયા “सेयकारः” પણ થાય છે. આ સંસ્કૃત છાયાની અપેક્ષાએ “સેય” પદ ભવિષ્યકાલિક અર્થના સંબંધમાં પ્રયુક્ત થશે. અને તેને ‘કાર’ પ્રત્ય લાગવાથી ‘સેયકાર’ શબ્દ બનશે. આ સેયકારનો જે અનુયોગ થશે તે પણ સેયકાર હશે. જેમ કે–“सेयकाले अकम्मं वा विभवइ” અહીં ‘સેય’ શબ્દ ભવિષ્યકાલિન અર્થનો વાચક છે. અહીં અનુસ્વાર પ્રાકૃત

પદને કારણે થયો છે. તથા "સાયङ્कાર"માં 'સાય' તે પદ નિપાત છે, અને તેનો અર્થ 'સત્ય' થાય છે તેને 'કાર' પ્રત્યય લગાવવાથી 'સાયંકાર' પદ બન્યું છે. અથવા–"करणं कारः" કરવું તેનું નામ કાર છે. સત્યનું જે કાર છે અથવા જે સત્ય કરવામાં આવે છે તેનું નામ સાયંકાર છે. આ સાયંકારનો જે અનુ-યોગ છે. તેને પણ સાયંકાર કહે છે. તેનો અનુયોગ આ પ્રકારનો સમજવો– 'સત્ય' પદ શબ્દ તથા વચનમાં, સદ્ભાવમાં અને પ્રશ્નમાં પ્રયુક્ત થાય છે. ચકાર આદિ જે નિપાત છે તેઓ ઉપલક્ષણપરક છે. તેથી ચકાર આદિના અનુયોગની અનુસાર જ બાકીના નિપાતોનો અનુયોગ પણ પાઠકોએ પોતાની બુદ્ધિથી સમજી લેવો જોઇએ.

એકત્વ અનુયોગ–એક વચનનું નામ એકત્વ છે. તેના અનુયોગનું નામ એકત્વ અનુયોગ છે. જેમ કે....सम्यग्दर्शनज्ञानचारित्रतपांसि मोक्षमार्गः" આ સૂત્રપાઠમાં "मोक्षमार्गः" 'મોક્ષમાર્ગ' આ પદ એક વચનમાં વપરાયું છે. તે પદનો આ રીતે એક વચનમાં પ્રયોગ થવાનું કારણ એ છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ, આ ચારેને અલગ અલગ રૂપે મુક્તિના માર્ગરૂપ સમજવાના નથી, પરન્તુ એક જ આત્મામાં સમુદિત થયેલ આ ચારે વસ્તુ જ મુક્તિના માર્ગરૂપ છે. આ રીતે આ એક વચનવાળા શબ્દનો પ્રયોગ સમુદિત સમ્યગ્દર્શન આદિકોમાં મુક્તિમાર્ગનું સમર્થન કરે છે, એવો અહીં અર્થ ગ્રહણ કરવો જોઈએ. એજ પ્રમાણે...

"शक्ति र्निपुणता लोक" ઇત્યાદિ—

આ સૂત્રપાઠમાં "हेतुः" પદ એક વચનમાં વપરાયું છે. અહીં તેનો એક વચનમાં પ્રયોગ કરીને એ વાત પ્રકટ કરવામાં આવી છે કે શક્તિ આદિ ગુણો અલગ અલગ રૂપે જુદી જુદી વ્યક્તિઓમાં રહેલા હોય તો તે વ્યક્તિ-ઓને કવિ બનાવવામાં કારણભૂત બનતા નથી, પરન્તુ એક જ વ્યક્તિમાં આદિ ગુણોનો સમુદિત રૂપે સદ્ભાવ હોય તો તે વ્યક્તિમાં કવિત્વ શક્તિ ખીલી ઉઠે છે. આ પ્રકારનું એકત્વ અનુયોગનું સ્વરૂપ છે.

પૃથક્ત્વ અનુયોગ–પૃથક્ત્વ એટલે અલગતા અથવા ભેદ. આ ભેદ દ્વિવચન અને બહુવચનનો વાચક છે. આ પૃથક્ત્વનો જે અનુયોગ છે તેનું નામ પૃથક્ત્વ અનુયોગ છે. તેનો અનુયોગ આ પ્રકારનો સમજવો—

"धम्मत्थिकाए धम्मत्थिकायदेसे, धम्मत्थिकायप्पदेसा"

આ સૂત્રપાઠમાં જે બહુવચનનો ઉપયોગ થયો છે, તે ધર્માસ્તિકાયના પ્રદેશોમાં અસંખ્યાતતા પ્રકટ કરવા માટે થયો છે, કારણ કે સિદ્ધાન્તના કથન અનુસાર ધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્યાત જ કહ્યા છે—

સંખ્યાત પણ કહ્યા નથી અને અનંત પણ કહ્યા નથી. તેથી બહુવચનમાં તે પ્રદેશોને અસંખ્યાત જ કહ્યા છે.

સંયૂથ અનુયોગ-સાથે ઉપયોગમાં આવતા શબ્દસમૂહને સંયૂથ કહે છે એટલે કે-અનેક પદોના સમુચિત સમૂહને સંયૂથ કહે છે. તે સંયૂથ સમાસરૂપ હોય છે. તે સંયૂથનો જે અનુયોગ છે તેનું નામ સંયૂથ અનુયોગ છે જેમ કે.... "सम्यग्दर्शनशुद्धम्" આ એક સંયૂથ છે. તેનો અનુયોગ "सम्यग्दर्शन, सम्यग्दर्शनाय, सम्यग्दर्शनात् वा" ઇત્યાદિ અનેક પ્રકારે થાય છે.

સંક્રામિત અનુયોગ-જુદી જુદી વિભક્તિયોનાં રૂપમાં અથવા જુદાં જુદાં વચનાદિકોનાં રૂપમાં શબ્દને બદલવો-શબ્દનો જુદી જુદી વિભક્તિયોમાં કે વચનમાં પ્રયોગ કરવો તેનું નામ સંક્રામિત છે. સંક્રામિતનો જે અનુયોગ થાય છે તેનું નામ સંક્રામિત અનુયોગ છે. જેમ કે "साहूणं वंदणेणं नासइ पावं असंकिया भावा" આ વાક્યમાં "साहूणं" આ પદ છટ્ઠી વિભક્તિમાં વપરાયું છે. પરન્તુ પાંચમી વિભક્તિમાં તેને ફેરવી નાખીને "साधुभ्य" પદ બનાવવામાં આવ્યું છે. આ પદનો અર્થ આ પ્રમાણે થાય છે-સાધુઓના સંબંધથી અશંક્તિ (શંકારહિત, નિઃસંદિગ્ધ) ભાવ ઉત્પન્ન થાય છે.

આ વિભક્તિ વિપરિણામરૂપ સંક્રામિત અનુયોગ થયો. વિભક્તિના વિપરિણામરૂપ સંક્રામિત અનુયોગનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—"अच्छंदा जे न भुंजंति, न से चाइ त्ति वुच्चइ" અહીં "से" પદ એક વચનમાં વપરાયું છે. પરન્તુ તેને બહુવચનમાં વિપરિણમિત કરવામાં આવ્યું છે. તેથી આ સૂત્રનો અર્થ આ પ્રમાણે થાય છે-જેઓ પોતાની ઇચ્છા પ્રમાણે ખાય છે અને પીવે છે, તેમને ત્યાગી કહી શકાતા નથી. આ રીતે અહીં વચનના વિપરિણામરૂપ આ અનુયોગ થયો છે.

ભિન્નઅનુયોગ-ભિન્ન એટલે વિસદૃશ (અસમાન) આ પ્રકારનું વૈસાદૃશ્ય (ભિન્નતા) ક્રમભેદને લીધે અને કાળભેદને લીધે ઉત્પન્ન થાય છે. આ ભિન્ન રૂપ વૈસાદૃશ્યનો જે અનુયોગ છે તેનું નામ ભિન્ન અનુયોગ છે જેમ કે....

" तिविहं तिविहेणं " આવું સામાન્યરૂપે કહીને પુનઃ " तिविहेणं " ત્રિવિધનું વિવરણ મનથી, વચનથી અને કાયથી કરવામાં આવ્યું છે. એટલે કે હું હિંસાદિક પાપકૃત્ય મનથી કરીશ નહીં, મનથી કરાવીશ નહીં અને પાપકૃત્ય કરનારની અનુમોદના કરીશ નહીં. એજ પ્રમાણે વચન અને કાયની સાથે પણ કૃત, કારિત અને અનુમોદનાની અપેક્ષાએ પણ એવો જ સંબંધ સમજીને એવું જ કથન કરી શકાય છે. પરન્તુ જો તેનું વર્ણન અનુક્રમે કરવામાં આવશે, ત્યારે તેનો અર્થ આ પ્રમાણે થશે-હું મનથી પાપકર્મ નહીં કરૂં, વચનથી નહીં કરાવું અને કાયથી કરનારની અનુમોદના નહીં કરૂં, વચનથી નહીં કરાવું એટલે કે " तिविहं तिविहेणं " આ પદનું ક્રમશઃ વિવરણ કરતા ત્રિવિધનું ત્રિવિધની સાથે વિવરણ થશે. એક તરફ મન, વચન અને કાયરૂપ ત્રિવિધ છે અને બીજી તરફ કૃત, કારિત અને અનુમોદનારૂપ ત્રિવિધ છે, તેથી યથાસંખ્ય મન, વચન આદિનો કૃત કારિત આદિની સાથે સંબંધ થઇ જશે, પરન્તુ એવો સંબંધ ઈષ્ટ નથી, કારણ કે આ પ્રકારનો સંબંધ સિદ્ધાંતની માન્યતા અનુસાર તો મનની સાથે કૃત, કારિત અને અનુમોદનાનો સંબંધ માનવો જોઈએ, વચનની સાથે પણ કૃત, કારિત અને અનુમોદનાનો સંબંધ માનવો જોઈએ અને કાયાની સાથે પણ કૃત, કારિત અને અનુમોદનાનો સંબંધ માનવો જોઇએ. આ રીતે મન, વચન અને કાય, આ ત્રણેમાંથી પ્રત્યેકની સાથે કરણ, કારણ અને અનુમોદનાનો નિષેધ છે, તે ક્રમભિન્નનો અનુયોગ છે. જ્યાં ભૂતકાળનો નિર્દેશ કરવાનો હોય, ત્યાં વર્તમાન આદિ કાળનો નિર્દેશ કરાય તો કાળભિન્નતા આવી જાય છે. જેમ કે " सक्के देविंदे देवराया वंदइ नमंसइ " ઋષભસ્વામીના વર્ણનમાં આ પ્રકારનું વર્ણન કરવામાં ભૂતકાલીન પ્રસંગનું વર્ણન હોવાથી સૂત્રકારે ભૂતકાળના ક્રિયાપદોનો પ્રયોગ કરવો જોઇતો હતો, પરન્તુ એ પ્રમાણે ન કરતાં જે વર્તમાનકાલિક ક્રિયાપદોનો પ્રયોગ કર્યો છે, તેને જ કાલભિન્નાનુયોગરૂપ ગણી શકાય. આ કાલભિન્નાનુયોગ એ વાતનું પણ સૂચન કરે છે કે ત્રણે કાળના તીર્થંકરોના વિષયમાં જ સમુદાચાર છે. આ સૂત્ર અને તેના ઉપર દોષસૂત્ર અર્થ ગૌરવથી યુક્ત હોવાને કારણે પ્રવચનની માન્યતામાં બાધા (વાંધો) ન આવે એવે રૂપે બીજી રીતે પણ વ્યાખ્યાત કરી લેવું જોઈએ ॥ સૂ. ૪૮ ॥

વચનાનુયોગ પછી અર્થાનુયોગની પ્રવૃત્તિ થાય છે. તેથી હવે સૂત્રકાર દાનરૂપ અર્થના ભેદોનું નિરૂપણ કરે છે—

"दसविहे दाणे पण्णत्ते" ઇત્યાદિ—(સૂ. ૪૯)

સૂત્રાર્થ–દાનના નીચે પ્રમાણે દસ પ્રકાર કહ્યા છે–(૧) અનુકંપાદાન, (૨) સંગ્રહ દાન, (૩) ભયદાન, (૪) કારુણ્યદાન, (૫) લજ્જાદાન, (૬) ગૌરવદાન, (૭) અધર્મદાન, (૮) ધર્મદાન, (૯) કરિષ્યતિદાન અને (૧૦) કૃતદાન.

બીજાનું હિત કરવા નિમિત્તે પ્રત્યુપકારની આશા વિના, પોતાની શક્તિ પ્રમાણે જે દ્રવ્ય આપવામાં આવે છે તેને દાન કહે છે. તેના અનુકંપાદાન આદિ ૧૦ પ્રકાર પડે છે. તે દરેકનો અર્થ સમજાવવામાં આવે છે—

અનુકંપાદાન—દયાથી પ્રેરાઈને આંધળા, લૂલા, લંગડા,બહેરા, બોબડા, દીન, અનાથ, આદિ વ્યક્તિઓને જે દાન આપવામાં આવે છે તેને અનુકંપાદાન કહે છે. અથવા અનુકંપાથી પ્રેરાઈને જે દાન દેવામાં આવે છે તેને પણ ઔપચારિક રીતે અનુકંપા જ કહે છે. કહ્યું પણ છે કે—

"कृपणानाथदरिद्रव्यसना" ઈત્યાદિ—

સંગ્રહદાન–વ્યસન આદિ અવસ્થામાં સહાયતા કરવી તેનું નામ સંગ્રહદાન છે. અથવા વ્યસન આદિ અવસ્થામાં અપાયેલા દાનને પણ ઔપચારિક રીતે સંગ્રહ કહે છે. કહ્યું પણ છે કે–"अभ्युदये च विपत्तौ" ઇત્યાદિ ।

ભયદાન–ભયને કારણે જે દાન દેવામાં આવે છે તેને ભયદાન કહે છે. અથવા ભયને કારણે અપાતાં દાનને પણ ઔપચારિક રીતે ભય કહેવાય છે. કહ્યું પણ છે કે–

"राजा रक्ष पुरोहित मधुमुख" ઇત્યાદિ.

ઉપરના સૂત્રમાં મધુમુખ એટલે દુર્જન, પિશુન એટલે ચાડીખોર અને ખલ એટલે દુષ્ટ અર્થ થાય છે.

કારુણ્યદાન–પુત્રાદિના વિયોગથી જનિત જે શોક છે તેનું નામ કારુણ્ય છે. આ કારુણ્યને લીધે જે દાન દેવામાં આવે છે તેનું નામ કારુણ્યદાન છે. અથવા–કારુણ્યથી પ્રેરિત થઇને જે દાન દેવામાં આવે છે તેને પણ ઉપચારની અપેક્ષાએ કારુણ્ય કહે છે. મૂળસૂત્રમાં "इति" પદ સ્વરૂપના પ્રદર્શન માટે "च" પદ સમુચ્ચય અર્થમાં વપરાયું છે.

લજ્જાદાન-લજ્જાથી પ્રેરાઈને જે દાન દેવામાં આવે છે તેને લજ્જાદાન કહે

છે. કહ્યું પણ છે કે—" अभ्यर्थितः परेण तु " ઈત્યાદિ.

ગૌરવદાન—જે દાન અહંકારથી પ્રેરાઈને આપવામાં આવે છે. તે દાનને ગૌરવદાન કહે છે. નટોને, નર્તકોને, મુષ્ટિયુદ્ધ કરનારા મલ્લોને, બંધુજનોને અને મિત્રને જે દાન દેવામાં આવે છે તે દાનને ગૌરવદાન કહે છે. કહ્યું પણ છે કે—" नटनर्त्तमौष्टिकेभ्यो " ઈત્યાદિ.

અધર્મદાન—પાપની વૃદ્ધિ કરવાને માટે જે દાન દેવામાં આવે છે તેને અધર્મ દાન કહે છે. એટલે કે હિંસાને નિમિત્તે, પરસ્ત્રી પ્રત્યેની આસક્તિને કારણે —ઈત્યાદિ પાપપ્રવૃત્તિને માટે-જે દાન દેવામાં આવે છે તેને અધર્મદાન કહે છે. અથવા તે પ્રકારનું દાન અધર્મના હેતુરૂપ હોવાથી ઉપચારની અપેક્ષાએ તે દાનને પણ અધર્મ કહે છે. કહ્યું પણ છે કે—" हिंसाऽनृतचौर्योद्यत " ઈત્યાદિ.

ધર્મદાન—જે દાન આપવામાં ધર્મ કારણરૂપ હોય છે અથવા ધર્મને નિમિત્તે જે દાન દેવામાં આવે છે તેને ધર્મદાન કહે છે. અથવા ધર્મને નિમિત્તે જે દાન દેવામાં આવે છે તેને પણ ઔપચારિક રૂપે ધર્મ કહે છે. કહ્યું પણ છે કે—

" समतृणमणिमुक्तेभ्यो " ઈત્યાદિ—

તૃણ, મણિ અને મોતિને સમાન ગણનારા સુપાત્રને જે દાન દેવામાં આવે છે. તે દાન, ધર્મને માટે જ થયું ગણાય છે. અને તે દાન દાતાને અક્ષય, અતુલ અને અનંત સુખદાયક નિવડે છે,

કરિષ્યતિદાન-જો હુ અમુક માણસને ધન આપીશ તો તે કોઈ પ્રકારે મારા ઉપકારનો બદલો વાળી દેશે. આ રીતે પ્રત્યુપકારની આશાથી પ્રેરાઈને જે દાન દેવામાં આવે છે તેનું નામ " કરિષ્યતિ દાન " છે,

कृतदान—આ માણસે મારું કાર્ય કર્યું છે—અથવા મારા ઉપર ઘણા ઉપકારો કર્યા છે, આ પ્રકારની ભાવનાથી પ્રેરાઈને જે દાન દેવામાં આવે છે તે દાનને કૃતદાન કહે છે. કહ્યું પણ છે કે—" शतशः कृतोपकारो " ઈત્યાદિ—

" આ માણસે મારા સેંકડો ઉપકારો કર્યા છે, તથા તેણે મને હજારો રૂપીઆની મદદ કરી છે, તેથી મારે પણ તેના ઉપકારનો બદલો વાળવા માટે તેને કંઈક આપવું જોઈએ. " આ પ્રકારની ભાવનાથી જે દાન અપાય છે તેને કૃતદાન કહેવામાં આવે છે. ॥ સૂત્ર ૪૯ ॥

ઉપરના સૂત્રમાં દાનની વાત કરવામાં આવી છે. તેનાથી જીવની શુભઅશુભ ગતિ થાય છે. અને અધર્મદાનથી જીવની અશુભગતિ થાય છે. તેથી હવે સૂત્રકાર ગતિના પ્રકારોનું નિરૂપણ કરે છે—

दसविहा गई पण्णत्ता" ઈત્યાદિ—(સૂ. ૫૦)

ટીકાર્થ–ગતિના નીચે પ્રમાણે દસ પ્રકાર કહ્યા છે-(૧) નરકગતિ, (૨) નરકવિગ્રહ ગતિ, (૩) તિર્યંગ્ગતિ, (૪) તિર્યગ્વિગ્રહગતિ, એજ પ્રમાણે મનુષ્ય ગતિથી લઇને (૯) સિદ્ધિગતિ અને (૧૦) સિદ્ધિવિગ્રહગતિ પર્યન્તના પ્રકારો સમજવા.

ગમન અથવા પર્યાય વિશેષનું નામ ગતિ આદિ ૧૦ પ્રકાર છે. હવે તે પ્રકારોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

નરકગતિ–નારકોની જે ગતિ છે તેને નિરયગતિ અથવા નરકગતિ કહે છે, કારણ કે આ ગતિ નારકો દ્વારા પ્રાપ્ત કરાય છે અથવા નરકગતિ નામકર્મના ઉદયથી જન્ય જે નારક રૂપ પર્યાય છે તેનું નામ નિરયગતિ છે.

નિરયવિગ્રહગતિ–નારકોની ક્ષેત્રવિભાગના અતિક્રમણપૂર્વક જે ગતિ (ગમન ક્રિયા) છે, તેનું નામ નિરયવિગ્રહગતિ છે. અથવા–નારકોની જે વિહાયોગતિ કર્મજન્ય સ્થિતિ નિવૃત્તિરૂપ ઋજુગતિ અથવા વક્રગતિ છે તેને નિરયવિગ્રહ ગતિ કહે છે. એજ પ્રમાણે તિર્યગ્ગતિ અને તિર્યગ્વિગ્રહગતિના વિષયમાં પણ સમજવું. સૂત્રમાંના 'યાવત્' પદથી અહીં (૫) મનુજગતિ, (૬) મનુજવિગ્રહ ગતિ, (૭) દેવગતિ અને (૮) દેવવિગ્રહગતિ, આ ચાર ગતિઓને ગ્રહણ કરવામાં આવી છે. નરકગતિ અને નરકવિગ્રહગતિના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન મનુજગતિ આદિના વિષયમાં પણ સમજી લેવું.

જે ગતિમાં જીવ કૃતકૃત્ય થઈ જાય છે તે ગતિનું નામ સિદ્ધગતિ છે. કર્મોનો સંપૂર્ણરૂપે ક્ષય કરીને થયેલા જીવોનું જ સિદ્ધગતિમાં ગમન થાય છે. આ સિદ્ધગતિ લોકના અગ્રભાગરૂપ છે. તથા–આકાશવિભાગનું અતિક્રમણ કરીને લોકાન્તમાં જે તેમની ગતિ થાય છે તેનું નામ સિદ્ધિવિગ્રહગતિ છે વિગ્રહગતિ જો કે વક્રગતિરૂપ હોય છે, પરન્તુ સિદ્ધજીવોમા વિગ્રહગતિ–મોડ (વળાંકવાળી) ગતિ–હોતી નથી. તેથી તેના સાહચર્યથી નારકાદિકોમાં પણ એવી ગતિનો સદ્ભાવ કહ્યો નથી. અથવા પ્રથમ પદો દ્વારા કોઇ પણ જાતની વિશેષતા વિના ઋજુગતિની વાત કરવામાં આવી છે અને બીજાં દ્વારા વક્રગતિની વાત કરવામાં આવી છે. આ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો "सिद्धिगति" આ પદ દ્વારા તો સામાન્યગતિની વાત કરવામાં આવી છે અને "सिद्धिविग्गहगइं" 'સિદ્ધિ-વિગ્રહગતિ' આ પદ દ્વારા સિદ્ધયવિગ્રહગતિની વાત કરવામાં આવી છે, કારણ

કે તેની છાયા "सिद्ध्यविग्रहगति" આ પ્રકારની થાય છે. સિદ્ધિમાં–લોકના અગ્રભાગમાં–અવિગ્રહગતિથી (મોડ વિનાની ગતિથી) જે સિદ્ધ જીવોનું ગમન છે તેનું નામ સિદ્ધ્યવિગ્રહગતિ છે. તેના દ્વારા વિશેષગતિ પ્રકટ કરવામાં આવી છે આ રીતે સામાન્ય અને વિશેષની અપેક્ષાએ જ બન્ને પદો વચ્ચે ભેદ સમજવો જોઈએ. ॥ સૂત્ર ૫૦ ॥

## દશ પ્રકારકે મુણ્ડકે સ્વરૂપકા કથન

મુંડિત જીવો જ સિદ્ધિગતિમાં જાય છે. આ પ્રકારના પૂર્વસૂત્ર સાથેના સંબંધને અનુલક્ષીને મુંડો (મુંડિતો)ના પ્રકારોનું સૂત્રકાર કથન કરે છે—

"दसमुंडा पण्णत्ता" ઇત્યાદિ—(સૂ. ૫૧)

મુંડ દસ પ્રકારના કહ્યા છે—(૧) થી (૫) શ્રોત્રેન્દ્રિયમુંડથી લઇને સ્પર્શેન્દ્રિય મુંડ પર્યન્તના પાંચ પ્રકારો, (૬ થી ૯) ક્રોધમુંડથી લઇને લોભમુંડ પર્યન્તના ચાર પ્રકારો અને (૧૦) શિરોમુંડ. જે દૂર કરે છે તેનું નામ મુંડ છે. હવે આ દસે પ્રકારના મુંડોનો ભાવાર્થ સ્પષ્ટ કરવામાં આવે છે.—

શ્રોત્રેન્દ્રિયમુંડ–જે માણસ શ્રોત્રેન્દ્રિયના વિષયને દૂર કરી નાખે છે, એટલે કે શ્રોત્રેન્દ્રિયના વિષયમાં રાગદ્વેષનો ત્યાગ કરી નાખે છે તેને શ્રોત્રેન્દ્રિય મુંડ કહે છે.

સૂત્રમાં વપરાયેલા 'યાવત્" પદ વડે અહીં ચક્ષુરિન્દ્રિયમુંડ ઘ્રાણેન્દ્રિય-મુંડ અને રસનેન્દ્રિયમુંડ ગ્રહણ કરવામાં આવેલ છે. પાંચમો પ્રકાર સ્પર્શેન્દ્રિય મુંડ છે. આ દરેક ઇન્દ્રિયના વિષયમાં રાગદ્વેષનો ત્યાગ કરનાર વ્યક્તિઓને માટે આ પદો વપરાયાં છે.

(૬) ક્રોધમુંડ–ક્રોધને દૂર કરનાર વ્યક્તિને ક્રોધમુંડ કહે છે. (૭) માન-મુંડ–માનનો પરિત્યાગ કરનારને માનમુંડ કહે છે. (૮) માયામુંડ–માયા (કપટ) નો ત્યાગ કરનારને માયામુંડ કહે છે. (૯) લોભમુંડ–લોભનો ત્યાગ કરનારને લોભમુંડ કહે છે. (૧૦) શિરોમુંડ–પોતાના હાથે જ મસ્તકના વાળનું લુંચન કરે છે તેને શિરોમુંડ કહે છે. ॥ સૂત્ર ૫૧ ॥

ઉપરના સૂત્રમાં મુંડના ૧૦ પ્રકાર કહ્યા. દસનો આંકડો સંખ્યારૂપ ગણાય છે. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના સંબંધને લીધે હવે સૂત્રકાર સંખ્યાના દસ પ્રકારો પ્રકટ કરે છે—"दसविहे संखाणे पण्णत्ते"—(સૂ. ૫૨)

સંખ્યા (ગણતરી કરવાની પદ્ધતિ) દસ પ્રકારની કહી છે–(૧) પરિકર્મ (૨) વ્યવહાર, (૩) રજ્જુ, (૪) રાશિ, (૫) કલાસવર્ણ, (૬) યાવત્તાવત્, (૭) વર્ગ, (૮) ઘન, (૯) વર્ગવર્ગ અને (૧૦) કલ્પ.

ગણુતરી કરવાની પદ્ધતિનું નામ સંખ્યા છે તેના પરિકર્મ આદિ ૧૦ પ્રકારોનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

પરિકર્મ–સંકલિત (સરવાળા) આદિ રૂપે અનેક પ્રકારનું પરિકર્મ કહ્યું છે. આ પરિકર્મ ગણિતશાસ્ત્રમાં જાણીતું હોવાથી અહીં તેનું વધુ સ્પષ્ટીકરણ કર્યું નથી. આ પરિકર્મ દ્વારા જે સંખ્યેયની ગણુતરી કરાય છે તેનું નામ પણ પરિકર્મ છે.

વ્યવહાર–તે પાટી ગણિત રૂપે પ્રખ્યાત છે, અને તે શ્રેણિ વ્યવહાર આદિ રૂપે અનેક પ્રકારનો છે. આ વ્યવહારથી જે સંખ્યેયની ગણુતરી કરાય છે તેને પણ વ્યવહાર કહે છે. એજ પ્રમાણે પછીના આઠ ભેદોમાં પણ સમજવું.

રજ્જુ–રજ્જુ વડે ક્ષેત્રની જે ગણુતરી કરાય છે તેનું નામ રજ્જુ છે. ક્ષેત્રફળને લગતા ગણિતને (ગણુતરીને) રજ્જુગણિત કહે છે.

રાશિગણિત–ધાન્યાદિના જથ્થાનું પ્રમાણ બતાવનાર જે ગણિત છે તેને રાશિગણિત કહે છે. આ પ્રકારે જે ગણુતરી કરવાની પદ્ધતિ છે તેનું નામ રાશિ વ્યવહાર પણ છે.

સંખ્યાનકલા સવર્ણ જે ગણુતરીમાં અંશોને સમાન બનાવીને ગણુતરી કરવામાં આવે છે તે ગણુતરીનું નામ 'સંખ્યાનકલાસવર્ણ' છે.

યાવત્તાવત્ ગણિત–"जावं तावंति वा गुणाकारो त्ति वा एगट्ठम्" આ કથન અનુસાર ગુણાકારને 'યાવત્તાવત્" કહે છે. આ શબ્દ લોકમાં 'પ્રત્યુત્પન્ન' આ નામથી પણ રૂઢ છે. અથવા–કોઈ પ્રકારે–યથેષ્ટ ગુણાકાર આદિ વડે યથેષ્ટ

સંકલિત (સંખ્યા) લાવી દેવી તેનું નામ "યાવત્તાવત્" સંખ્યા છે. તેનું નીચે પ્રમાણે ઉદાહરણ આપવામાં આવ્યું છે—

"गच्छो वाञ्छाभ्यस्तो" ઇત્યાદિ—

આ સૂત્રપાઠનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–અહીં 'गच्छ" આ પદ ૧૦ નું વાચક છે અને "वाञ्छा" પદ ૮ નું વાચક છે ગચ્છને વાંછા (૧૦ ને ૮ વડે) ગુણવાથી ૮૦ આવે છે. ત્યારબાદ ૮૦ માં વાંછા (આઠ) ઉમેરવાથી ૮૮ આવે છે. હવે તે ૮૮ ને ગચ્છ (૧૦) વડે ગુણતા ૮૮૦ આવે છે. તે ગુણાકારને (૮૮૦) ને બમણી વાંછા (૨ × ૮ = ૧૬) વડે ભાગવાથી ૫૫ આવી જાય છે. આ રીતે સંકલિત ૫૫ થયો આ પદ્ધતિનું બીજું નામ સંકલિત પાટી ગણિત છે.

વર્ગ ગણિત : કોઈ પણ રકમને એજ રકમ વડે ગુણવાથી તેનો વર્ગ આવે છે જેમ કે બેનો વર્ગ ૪ અને ૩નો વર્ગ ૯ થાય છે.

"सदृशद्विराशिघातः" આ સૂત્રપાઠ દ્વારા વર્ગનું ઉપર કહ્યા મુજબનું લક્ષણ પ્રકટ કરવામાં આવ્યું છે.

ઘનગણિત : કોઇ પણ સંખ્યાનો ત્રણ વાર ગુણાકાર કરવાથી તેનો ઘન આવે છે. જેમ કે ૨ નો ઘન ૨ × ૨ × ૨ = ૮ થાય છે "समत्रिराशिहति" આ સૂત્રપાઠ દ્વારા ઘનનું આ લક્ષણ પ્રકટ કર્યું છે.

વર્ગવર્ગ–વર્ગના વર્ગનું નામ વર્ગવર્ગ (ચતુર્ઘાત) છે. જેમ કે બેનો વર્ગ ૪ અને ચારનો વર્ગ ૧૬ થાય છે. તેથી બેનો વર્ગવર્ગ ૧૬ થાય છે. ત્રણનો વર્ગવર્ગ ૮૧ થાય છે.

કલ્પગણિત–કરવતી વડે લાકડાને કાપવું તેનું નામ 'કલ્પ' છે તે કલ્પ-વિષયક જે સંખ્યા છે તેનું નામ પણ કલ્પ છે. આ ગણિત પાટીને (આ પ્રકારની ગણિત પાટીને) ગણિતમાં 'ક્રાકચવ્યવહાર' કહે છે.

અહીં ગણિતના (ગણતરીના) દસ પ્રકારનું સંક્ષિપ્તમાં વિવરણ કરવામાં આવ્યું છે, આ વિષયની વધુ માહિતી મેળવવા માટે ગણિતશાસ્ત્રનું અવલોકન કરવું જોઇએ. ॥ સૂ. ૫૨ ॥

સંખ્યાનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર પ્રત્યાખ્યાનસંખ્યાનું ( પ્રત્યાખ્યાનના પ્રકારોનું ) નિરૂપણ કરે છે—

"दसविहे पच्चक्खाणे पण्णत्ते" ઈત્યાદિ—(સૂ. ૫૩)

ટીકાર્થ—પ્રત્યાખ્યાનના નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે-(૧) અનાગત, (૨) અતિક્રાન્ત, (૩) કોટીસહિત, (૪) નિયંત્રિત, (૫) સાકાર, (૬) અનાકાર, (૭) પરિમાણકૃત, (૮) નિરવશેષ, (૯) સંકેત અને (૧૦) અદ્ધાપ્રત્યાખ્યાન.

પ્રતિકૂળ રૂપે મર્યાદા અનુસાર ગુર્વાદિકની સમીપે કથન કરવું તેનું નામ પ્રત્યાખ્યાન છે. તેને નિવર્તન પણ કહે છે. તેના દસ પ્રકારો કહ્યા છે હવે આ પ્રકારોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

અનાગત પ્રત્યાખ્યાન—ભવિષ્યમાં જે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય હોય તે પ્રત્યાખ્યાન વર્તમાનકાળે જ કરી લેવામાં આવે, તો તેને અનાગત પ્રત્યાખ્યાન કહે છે. આ પ્રત્યાખાનમાં પ્રત્યાખ્યાન કરનાર વ્યક્તિ એવો વિચાર કરે છે કે પર્યુષણાદિ કાળમાં આચાર્ય આદિની વૈયાવચ્ચ કરવાની હોવાથી પ્રત્યાખ્યાનમાં અંતરાય નડી શકે છે તેથી આ પ્રત્યાખ્યાન રૂપ તપ પર્યુષણ પહેલાં જ કરી લેવું જોઈએ આ પ્રકારના વિચારથી પ્રેરાઇને વ્યક્તિ અમુક નિશ્ચિત સમય કરતાં અગાઉના સમયે જે પ્રત્યાખ્યાન ધારણ કરે છે તેને અનાગત પ્રત્યાખ્યાન કહે છે. કહ્યું પણ છે કે—"होही पज्जोसवणा" ઈત્યાદિ—

અતિક્રાન્ત પ્રત્યાખ્યાન—વર્તમાનકાળે કરવા યોગ્ય પ્રત્યાખ્યાન ભવિષ્યમાં કરવામાં આવે—કાળ અતિક્રાન્ત ( વ્યતીત ) થયા બાદ કરવામાં આવે, તો તે પ્રત્યાખ્યાનને અતિક્રાન્ત પ્રત્યાખ્યાન કહે છે. પર્યુષણાદિકાળમાં આચાર્યઆદિનું વૈયાવચ્ચ કરવાનું હોય છે. તે કારણે પ્રત્યાખ્યાનમાં અન્તરાય નડવાનો સંભવ રહે છે. આ પ્રકારનો વિચાર કરીને પર્યુષણાદિકાળે ધારણ કરવા યોગ્ય પ્રત્યાખ્યાનને પર્યુષણ વ્યતીત થઇ ગયા બાદ ધારણ કરવામાં આવે, તો તે પ્રત્યાખ્યાનને અતિક્રાન્ત પ્રત્યાખ્યાન કહે છે. કહ્યું પણ છે કે—

"पज्जोसवणाए तवं" ઈત્યાદિ

કોટિસહિત પ્રત્યાખ્યાન—એક તપસ્યા પૂરી થયા બાદ તુરત જ બીજી તપસ્યાનો પ્રારંભ કરવો તેનું નામ કોટિસહિત પ્રત્યાખ્યાન છે. જેમ કે કોઇ તપસ્વીએ પહેલાં ચતુર્થાદિની ( એક ઉપવાસ આદિની ) તપસ્યા કરી. તે તપસ્યાની સમાપ્તિ થતાં જ તેણે દ્વિતીય ચતુર્થાદિની તપસ્યાનો પ્રારંભ કરી દીધો. તો તેણે કોટિસહિત પ્રત્યાખ્યાન કર્યા ગણાય. અહીં પહેલાં તપસ્યાનો જે અન્ત છે તેને એક કોટિ કહેવાય છે અને બીજી તપસ્યાના આરંભને બીજી કોટિ કહેવાય છે આ પ્રમાણે

પહેલી કોટિ અને બીજી કોટિથી યુક્ત જે ઉપવાસ (ચતુર્થ ભક્ત) આદિ કરવામાં આવે છે, તેનું નામ કોટિસહિત પ્રત્યાખ્યાન છે. કહ્યું પણ છે કે—

"पट्ठवणओ उ दिवसे" ઇત્યાદિ.

નિયંત્રિત પ્રત્યાખ્યાન-માંદગી આદિ વિઘ્નો આવી પડે છતાં પણ જેટલા માટે કોઈ તપસ્યા આદિ કરવાના પ્રત્યાખ્યાન કર્યા હોય તેટલા કાળ સુધી તે તપ અને પ્રાયાખ્યાન કર્યા હોય તેટલા કાળ સુધી તે તપ અને પ્રત્યાખ્યાનનો ભંગ ન થવા દેવો તેનું નામ નિયંત્રિત પ્રત્યાખ્યાન છે. એટલે કે ગમે તેવું વિઘ્ન આવી પડે તો પણ ધારણ કરેલા તપ અને પ્રત્યાખ્યાનનો ત્યાગ ન કરનારના પ્રત્યાખ્યાનને નિયંત્રિત પ્રત્યાખ્યાન કહે છે. કહ્યું પણ છે કે–"मासे मासे य तवो" ઇત્યાદિ–

"જ્યાં સુધી મારા શ્વાસોચ્છ્વાસ ચાલુ રહે ત્યાં સુધી કોઇ પણ અવસ્થામાં (કોઈ બીમારી આવી પડે અથવા ગમે તેવું વિઘ્ન આવી પડે છતાં પણ) અમુક અમુક મહિનાના અમુક અમુક દિવસોમાં હું આટલી તપસ્યા તો અવશ્ય કરીશ જ" આ પ્રકારના નિયમપૂર્વક જે મુનિજનો તપસ્યા કરે છે અથવા કોઇ પણ પ્રકારના પ્રત્યાખ્યાન ધારણ કરે છે, તો તે પ્રત્યાખ્યાનને નિયંત્રિત પ્રત્યાખ્યાન કહે છે.

સાકાર પ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાનના અપવાદના હેતુભૂત જે અનાભોગ આદિ છે. તેમને અહીં આકાર શબ્દથી ગ્રહણ કરવામાં આવેલ છે. આ આકારોસહિત જે પ્રત્યાખ્યાન છે તેને સાકાર પ્રત્યાખ્યાન કહે છે.

અનાકાર પ્રત્યાખ્યાન–પ્રત્યાખ્યાન લેનારને જેમાં મહત્તર (પર્યાય જ્યેષ્ઠ) પરિષ્ઠાપનીય આદિ આકાર હોતા નથી, એવાં તે પ્રત્યાખ્યાનનું નામ અનાકાર પ્રત્યાખ્યાન છે.

મુખમાં આંગળી આદિ નાખવાની સંભાવનાથી આ પ્રત્યાખ્યાનમાં અનાભોગ અને સહસાકાર નામના બે આકાર તો હોય છે જ. છટ્ઠ આદિ તપમાં અને સંથારામાં મોટાઓનો આગાર હોતો નથી.

પરિમાણ કૃત પ્રત્યાખ્યાન-જે પ્રત્યાખ્યાનમાં આહારાદિની દત્તિઓની, કોળીઆઓની, ઘરોની અને ભિક્ષા આદિકોની મર્યાદા નક્કી કરવામાં આવી હોય છે, તે પ્રત્યાખ્યાનને પરિમાણકૃત પ્રત્યાખ્યાન કહે છે. કહ્યું પણ છે કે–

"दत्तीहिं व कवलेहिं व" ઇત્યાદિ.

નિરવશેષ પ્રત્યાખ્યાન–જે પ્રત્યાખ્યાનમાં ચારે પ્રકારના આહારના ન્યૂનાતિન્યૂન અંશનો પણ પરિત્યાગ કરવામાં આવે છે–એટલે કે ચતુર્વિધ આહારનો પ્રત્યાખ્યાનમાં સંપૂર્ણતઃ પરિત્યાગ કરવામાં આવે છે, તે પ્રત્યાખ્યાનને નિરવશેષ પ્રત્યાખ્યાન કહે છે. કહ્યું પણ છે કે—

"सव्वं असणं सव्वं च पाणगं" ઇત્યાદિ—

આ ગાથામાં વપરાયેલા "સર્વભાવ" પદ દ્વારા એ સૂચિત થાય છે કે નિરવશેષ પ્રત્યાખ્યાનમાં ચારે પ્રકારના આહારનો મન વચન અને કાયાથી પરિત્યાગ કરવો પડે છે તથા ચૌવિહાર તપસ્યા કરવી પડે છે.

સંકેત પ્રત્યાખ્યાન-'કેત' એટલે "ચિહ્ન" જે પ્રત્યાખ્યાન અંગુષ્ઠ, મુષ્ટિ, ગ્રન્થિ, ગૃહ આદિ રૂપ ચિહ્નથી યુક્ત હોય છે તે પ્રત્યાખ્યાનનું નામ સંકેત પ્રત્યાખ્યાન છે. કહ્યું પણ છે કે—"अंगुट्ठ मुट्ठि गंठी घर" ઇત્યાદિ. સ્વેદ એટલે પરસેવો. સ્તિબુ એટલે જળબિન્દુ, તથા જ્યોતિષ્ક એટલે દીપનો પ્રકાશ. આ પ્રત્યાખ્યાન અભિગ્રહ વિષયક હોય છે.

અદ્ધા પ્રત્યાખ્યાન-પૌરુષી (પ્રહર) આદિરૂપ કાળને અનુલક્ષીને જે પ્રત્યાખ્યાન થાય છે તે પ્રત્યાખ્યાનને અદ્ધા પ્રત્યાખ્યાન કહે છે. કહ્યું પણ છે કે-

"अद्धा पच्चक्खाणं" ઈત્યાદિ. આ પ્રમાણે દસ પ્રકારના જ પ્રત્યાખ્યાન હોય છે. આ દસ પ્રકારના અધિક પ્રકારના પ્રત્યાખ્યાન હોતા નથી. અહીં "तु" પદ અવધારણાર્થે વપરાયું છે. ॥ સૂત્ર ૫૩ ॥

ટીકાર્થ-આગલા સૂત્રમાં દસ પ્રકાર કરતાં પ્રત્યાખ્યાનોનું નિરૂપણ કરવામાં આવ્યું. પ્રત્યાખ્યાન સાધુસામાચારી રૂપ હોવાથી હવે સૂત્રકાર દસ પ્રકારની સાધુ સામાચારીનું કથન કરે છે-"दसविहा सामाचारी पण्णत्ता" ઈત્યાદિ-(સૂ. ૫૪)

## દશ પ્રકારકી સામાચારીકા નિરૂપણ

સામાચારી દસ પ્રકારની કહી છે. શિષ્યજનો દ્વારા આચરિત જે ક્રિયા કલાપ છે તેનું નામ સમાચાર છે તે સમાચારયુક્ત ક્રિયાનું નામ સામાચારી છે. તેના નીચે પ્રમાણે દશ પ્રકાર કહ્યા છે-(૧) ઈચ્છા (ઇચ્છાકાર) (૨) મિથ્યા (મિથ્યા કાર), (૩) તથાકાર, (૪) આવશ્યક, (૫) નૈષેધિકી, (૬) આપ્રચ્છના, (૭) પ્રતિપૃચ્છા, (૮) છન્દના, (૯) નિમંત્રણા અને ઉપસંપત્ ત્રીજા પ્રકારની સામાચરીમાં જેમતથાની સાથે કાર શબ્દ જોડવામાં આવ્યો છે, એજ પ્રમાણે ઇચ્છા અને મિથ્યા પદ સાથે પણ કાર શબ્દ લગાડવો જોઇએ, કારણ કે ઈચ્છા, મિથ્યા અને તથા, આ ત્રણે પદોનો દ્વન્દ્વસમાસ બન્યો છે. એવો નિયમ છે કે દ્વન્દ્વ સમાસમાં જે શબ્દ આદિ કે અન્તમાં આવે છે, તે શબ્દને સમાસના દરેક શબ્દોની સાથે લગાડવો પડે છે આ નિયમ પ્રમાણે ઈચ્છાકાર, મિથ્યાકાર અને તથાકાર પદો બને છે.

ઈચ્છાકાર-જે સામાચારીમાં જબર્દસ્તી (જોર તલબી) કર્યા વિના જાતે જ ઈચ્છા કરાય છે તે સામાચારીનું નામ ઇચ્છાકાર છે.

મિથ્યાકાર—“ મેં આ જે અતિચાર (પાપ) કર્યા છે, તે મારા અતિચાર મિથ્યા હો,” આ પ્રકારની જે વિચારધારા મનમાં ઉત્પન્ન થાય છે તેનું નામ મિથ્યાકાર સામાચારી છે. જ્યારે કોઈ અકૃત્યનું (ન કરવા યોગ્ય પાપકર્મનું) સેવન થઈ જાય છે ત્યારે આ મિથ્યાકાર કરવામાં આવે છે. અકૃત્યનું સેવન થઈ જાય ત્યારે તે ભવ્ય જીવ એવો વિચાર કરે છે કે મેં આ જે કાર્ય કર્યું છે તે ભગવાન દ્વારા અનુક્ત હોવાને કારણે—એવું કરવાનો નિષેધ હોવાને કારણે- મિથ્યારૂપ છે. છતાં પણ અજ્ઞાન, પ્રમાદ આદિને કારણે તે અકૃત્યનું મારા દ્વારા સેવન થઈ ગયું છે. તેથી મારું આ દુષ્યકૃત્ય મિથ્યા હો. આ પ્રકારે અસત્ક્રિયામાંથી અકલ્પનીય કાર્યમાંથી—જે નિવૃત્તિ થાય છે તેનું નામ મિથ્યાકાર છે.

તથાકાર—ગુરુજનો દ્વારા જ્યારે સૂત્રનું વ્યાખ્યાન આદિ કરાતું હોય, ત્યારે તેમના કથન સામે કોઇ પણ પ્રકરની દલીલ અથવા વિતર્ક કર્યા વિના એવું કહેવું કે “હે ભગવન્! આપ જે કહો છો તે યથાર્થ જ છે,” તેનું નામ તથાકાર છે. એટલે કે કોઇ પણ પ્રકારનો વિર્તક કર્યા વિના જ ગુરુની આજ્ઞાનો સ્વીકાર કરવો તેનું નામ ‘તથાકાર’ છે.

આવશ્યકી—જ્ઞાન આદિને નિમિત્તે જો ઉપાશ્રયની બહાર જવું પડે તેમ હોય તો ગુરુને એવી વિનંતિ કરવી કે “આ કાર્ય આવશ્યક છે, તેથી હું જઉં છું,” તેનું નામ “આવશ્યકી” છે.

નૈષેધિકી—ઉપાશ્રયની બહાર ગયેલો સાધુ પોતાના બહારનું કાર્ય પૂરૂં કરીને જ્યારે ઉપાશ્રયમાં પાછો ફરે, ત્યારે તેણે બીજા સાધુઓનો ઉદ્વેગ આદિ દોષોની નિવૃત્તિને માટે પોતે ઉપાશ્રયમાં આવી જવાની સૂચના આપવી પડે છે અને હવે તેને બહારનું કોઇ કામ બાકી રહ્યું નથી એવું જે કહેવું પડે છે તેનું નામ નૈષેધિકી છે.

આપ્રચ્છના—“હે ભગવન્! હું આ કાર્ય કરું છું,’ આ પ્રકારે ગુરુની અનુજ્ઞા લઇને કામ કરવું તેનું નામ આપ્રચ્છના છે.

પ્રતિપૃચ્છા—કોઈ કાર્ય કરવા માટે ગુરુની આજ્ઞા માગવામાં આવી હોય અને ગુરુ દ્વારા તે માટે આજ્ઞા દેવામાં ન આવી હોય તો થોડી વાર થોભી

જઈને ફરીથી ગુરુને એવું કહેવું કે "હે ભગવન્! આ કાર્ય આવશ્યક છે અને આ કારણોને લીધે તે કરવા યોગ્ય છે. તો આપ મને અનુજ્ઞા આપો તો હું તે કાર્ય કરું" આ પ્રકારે કાર્ય કરતી વખતે ગુરુને જે ફરીથી પૂછવામાં આવે છે તેનું નામ પ્રતિપૃચ્છા છે અથવા-ગ્રામાન્તરમાં જવાની ગુરુએ આજ્ઞા ફરમાવી છે. એજ પ્રમાણે પ્રત્યેક કાર્યવિષયક પ્રતિપૃચ્છનાના વિષયમાં પણ સમજવું.

છન્દના-સાધુ પોતાને માટે જે આહાર વહોરી લાવ્યા હોય તેના ઉપભોગને માટે ગુરુની આજ્ઞા પ્રાપ્ત કરીને અન્ય સાધુજનોને તે સાધુ એવી વિનંતિ કરે છે કે "આપ કૃપા કરીને ગ્રહણ કરો" આ પ્રકારના સાધુના આચારનું નામ છન્દના છે.

નિમંત્રણા-"આ પદાર્થ લાવીને હું આપને આપીશ," આ પ્રકારે પદાર્થની પ્રાપ્તિ થયા પહેલાં જ સાધુજનોને જે આમંત્રણ કરી દેવામાં આવે છે તેનું નામ નિમંત્રણા છે કહ્યું પણ છે કે—

"पुव्वगाहिएणं छंदण" ઈત્યાદિ

ઉપસમ્પત્-"હું તો આપનો જ છું," ઇત્યાદિ કથન દ્વારા બીજાની સત્તા (પ્રભાવ)નો સ્વીકાર કરવો તેનું નામ ઉપસમ્પત્ છે. અથવા જ્ઞાન, દર્શનચારિત્ર આદિને માટે ગુરુની સેવા કરવી તેનું નામ ઉપસમ્પત્ છે.

સાધુ સામાચારીનું આ પ્રકારના ક્રમે જે નિરૂપણ કરવામાં આવ્યું છે તેનું કારણ નીચે પ્રમાણે છે—

અન્યને કોઇ પણ પ્રકારે પોતાના તરફથી બાધા (મુશ્કેલી) ન રહે, એવું વિનયમૂળવાળા ધર્મનું લક્ષણ ગણાય છે. અહીં ઇચ્છાકારનો ઉપન્યાસ (નિર્દેશ) સૌથી પહેલાં કરવાનું કારણ એ છે કે-જ્યારે કોઈ પણ વસ્તુને ગ્રહણ કરવાની ઇચ્છા ન હોય છતાં પણ જો તે વસ્તુને બળજબરીથી કે ખોટા દબાણથી ગ્રહણ કરાવવામાં આવે, તો ગ્રહણકર્તાને ક્લેશ થાય છે. પરંતુ જ્યારે કોઈ પણ પ્રકારના દબાણ-વિના-પોતાની જ ઈચ્છાથી કોઈ વસ્તુ અથવા ક્રિયાને ગ્રહણ કરવામાં આવે છે ત્યારે જીવ ઉત્સાહપૂર્વક તેને ગ્રહણ કરે છે. આ રીતે ઈચ્છાકાર સામાચારીનો સદ્ભાવ હોય તો જીવ પોતાની હાર્દિક ઇચ્છા અને ઉમળકાથી ધાર્મિક પ્રવૃત્તિ કર્યા કરે છે. માટે ઈચ્છાકારનો ઉપન્યાસ સૌથી પહેલા કરવામાં આવ્યો છે. ઈચ્છાકાર પૂર્વક કરાતી ક્રિયાઓમાં કોઈ અતિચાર (દોષ) લાગી જાય, તો

જીવ પોતાની ભૂલ સુધારી લેવાને માટે 'તે દુશ્કૃત્ય મિથ્યા હો,' એવી ઉત્કટ ઈચ્છા પ્રકટ કરે છે. તેથી મિથ્યાકારને બીજો નંબર આપવામાં આવ્યો છે. ઈચ્છાકાર અને મિથ્યાદુષ્કૃત, એ બન્ને ગુરુના વચનનો સ્વીકાર કરવાથી જ સંભવી શકે છે. "આપની વાત યથાર્થ છે," આ પ્રકારે તથાકાર કરવાથી જ ગુરુના વચનોની સંપૂર્ણતઃ સ્વીકૃતિ થાય છે. તેથી જ મિથ્યાકારનો ઉપન્યાસ કર્યા બાદ તથાકારનો ઉપન્યાસ કરવામાં આવ્યો છે. ગુરુની અનુજ્ઞા સ્વીકારીને શિષ્ય જ્યારે ઉપાશ્રયની બહાર જાય ત્યારે પણ તેણે ગુરુની આજ્ઞા અવશ્ય લેવી જ જોઈએ એ વાત પ્રકટ કરવા માટે તથાકારનું કથન કર્યા પછી તુરત જ ગુરુપૃચ્છારૂપ આવશ્યકીનું કથન કરવામાં આવ્યું છે. ઉપાશ્રયની બહારનું પોતાનું કાર્ય પતાવીને શિષ્ય જ્યારે ઉપાશ્રયમાં પાછો ફરે ત્યારે નૈષધિકીપૂર્વક જ ઉપાશ્રયમાં પ્રવેશ કરે, એ વાતને સૂચિત કરવાને માટે આવશ્યકીનું કથન કરીને નૈષેધિકીનું-કથન કરવામાં આવ્યું છે. શિષ્ય જે કોઈ કાર્ય કરે તે ગુરુને પૂછયા વિના ન કરે, પરન્તુ ગુરુની આજ્ઞા લઈને કરે, તે પ્રકટ કરવાને માટે નૈષેધિકીનું કથન કર્યા બાદ આપૃચ્છનાનું કથન કરવામાં આવ્યું છે. આપૃચ્છનાનું કથન કરવાનું કારણ એ છે કે કોઇ કાર્ય કરવા માટે ગુરુદેવ અનુમતિ ન આપે, અને શિષ્યને એમ લાગતું હોય કે તે કાર્ય કરવું આવશ્યક છે, તો તેણે ફરીથી ગુરુની અનુમતિ માગવી જોઇએ, તે કાર્ય કેવી રીતે આવશ્યક છે તે ગુરુને સમજાવવું જોઈએ જો ગુરુદેવ તે કાર્ય કરવાની અનુમતિ પ્રદાન કરે તો જ તે કાર્ય કરવું જોઈએ. આ રીતે આપૃચ્છના બાદ જ પ્રતિપૃચ્છનાનો પ્રસંગ ઉપસ્થિત થતો હોવાથી તેનું કથન આપૃચ્છનાનું કથન કર્યા બાદ કરવામાં આવ્યું છે.

ગુરુની આજ્ઞા પ્રાપ્ત કરીને આહારાદિ સામગ્રી લાવ્યા બાદ તે આહારાદિ સામગ્રીનો ઉપભોગ કરવા માટે સાંભોગિક સાધુઓને આમંત્રિત કરવા જોઇએ. એજ વાત પ્રકટ કરવાને માટે પ્રતિપૃચ્છનાનું કથન કર્યા બાદ છંદનાનું કથન કરવામાં આવ્યું છે. ગ્રહણ કરવામાં આવેલા આહારાદિના વિષયમાં જ આમંત્રણ

-છન્દના-સંભવી શકે છે. પરન્તુ અગૃહીત આહારાદિના વિષયમાં નિમંત્રણાનો સદ્ભાવ રહે છે. તેથી છન્દનાનું કથન કર્યા બાદ નિમંત્રણાનું કથન કરવામાં આવ્યું છે-ઈચ્છાકારથી લઈને નિમંત્રણા પર્યન્તની સામાચારી ગુરુની સમીપતા વિના જાણી શકાતી નથી, તે કારણે સૌથી છેલ્લું ઉપસમ્પત્નું કથન કરવામાં આવ્યું છે. ॥ સૂ. ૫૪ ॥

## મહાવીર ભગવાનકે દશ મહાસ્વપ્નોંકા નિરૂપણ

આગલા સૂત્રમાં સાધુસામાચારીની પ્રરૂપણા કરવામાં આવી છે. તે સાધુસામાચારીના પ્રરૂપક મહાવીર પ્રભુ હતા. તેથી સૂત્રકાર તે મહાવીર પ્રભુને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે જે ૧૦ સ્વપ્નો આવ્યાં હતાં તે પ્રકટ કરે છે—

"समणे भगवं महावीरे छउमत्थकालियाए" ઇત્યાદિ—(સૂ. ૫૫)

ટીકાર્થ-પોતાની છદ્મસ્થાવસ્થાની છેલ્લી રાત્રીના છેલ્લા પ્રહરમાં શ્રમણ ભગવાન મહાવીરે આ દસ મહાસ્વપ્નો જોયાં હતાં અને તે સ્વપ્નો દેખીને તેઓ પ્રતિબુદ્ધ થયા હતા—પહેલા સ્વપ્નામાં તેમણે એક બહુ જ વિશાળ કાય, તાડના જેવો ઊંચો અને ક્રોધથી લાલપીળો થઇ રહેલો-અથવા અભિમાનથી ભરેલો-પિશાચ જોયો અને તેમણે તે પિશાચને પોતાના બળથી પરાસ્ત (પરાજિત) થતો જોયો. બીજા મહાસ્વપ્નમાં તેમણે સફેદ વર્ણની બન્ને પાંખોવાળો નરકોયલ દેખ્યો ત્રીજા સ્વપ્નમાં તેમણે એક એવા નરજાતિના કોયલને જોયો કે જેની બન્ને પાંખો વિવિધ વર્ણોથી યુક્ત હતી. ચોથા મહાસ્વપ્નમાં તેમણે બે સુંદર માળાઓ દેખી. (૫) પાંચમાં મહાસ્વપ્નમાં તેમણે એક સફેદ રંગની ગાયોનું ધણ જોયું (૬) છટ્ઠા મહાસ્વપ્નમાં તેમણે દિશાઓ અને વિદિશાઓમાં વિકસિત કમળોથી યુક્ત એવું પદ્મસરોવર દેખ્યું. (૭) સાતમાં મહાસ્વપ્નમાં તેમણે એક વિશાળ સમુદ્ર જોયો કે જે ઉર્મિઓ (વિશાળ મોજાંઓ) અને વીચિઓ (મંદમંદ તરંગો)થી યુક્ત હતો. (૮) આઠમાં મહાસ્વપ્નમાં તેજથી જાજ્વલ્યમાન સૂર્યને જોયો. (૯) નવમાં મહાસ્વપ્નમાં તેમણે માનુષોત્તર પર્વત જોયો. તે માનુષોત્તર પર્વત પિંગલ વર્ણવાળા મણિની અને નીલવર્ણવાળા વૈડૂર્યમણિની કાન્તિ જેવી કાન્તિવાળા પોતાના આંતરડા વડે વેષ્ટિત અને પરિવેષ્ટિત (વારંવાર વીંટળાતો) થઈ રહ્યો હતો. (૧૦) દસમાં મહાસ્વપ્નમાં તેમણે પોતાને સૌથી શ્રેષ્ઠ સિંહાસન પર બેઠેલાં જોયાં. આ પ્રકારના આ દસ મહાસ્વપ્નોને દેખીને તેઓ પ્રતિબુદ્ધ થઇ ગયા. ॥ સૂ. ૫૫ ॥

મહાવીર પ્રભુએ જે ઉપર્યુક્ત દસ મહાસ્વપ્ન દેખ્યાં, તે મહાસ્વપ્નોનું ફલ હવે સૂત્રકાર પ્રકટ કરે છે—

"जन्नं समणे भगवं महावीरे एगं महं" ઇત્યાદિ—(સૂ. ૫૬)

ટીકાર્થ—શ્રમણ ભગવાન મહાવીરે જે પહેલા મહાસ્વપ્નમાં એક ભયંકર, મહાકાય તાડ જેવા ઊંચા અને ક્રોધી રાક્ષસને પોતાના દ્વારા પરાજિત થયેલો જોયો, તેનું તેમને આ પ્રકારનું ફલ મળ્યું—તેમણે સમસ્ત કર્મોમાં મુખ્ય એવાં મોહનીય કર્મનો જડમૂળમાંથી ઉચ્છેદ (વિનાશ) કરી નાખ્યો. તેમણે બીજા મહાસ્વપ્નમાં શુક્લવર્ણની પાંખોવાળા નરકોયલના જે દર્શન કર્યા તેના ફલસ્વરૂપે તેમણે શુકલધ્યાન ધર્યું. ત્રીજા મહાસ્વપ્નમાં તેમણે વિવિધ વર્ણોથી યુક્ત પાંખોવાળા નરકોયલના જે દર્શન કર્યાં તેના ફલસ્વરૂપે તેમણે ગણિપિટકનું કથન કર્યું, પ્રજ્ઞાપન કર્યું, પ્રરૂપણા કરી, ઇત્યાદિ અહીં ગ્રહણ થવું જોઇએ આ ગણિપિટકના આચારાંગથી લઇને દૃષ્ટિવાદ પર્યન્તના બાર અંગો છે. તેમાં સ્વસિદ્ધાન્ત અને પર સિદ્ધાન્તનું તથા સ્યાદ્વાદયુકત દાદશાંગનું સામાન્ય રૂપે કથન કરવામાં આવ્યું છે પ્રજ્ઞાપન કરવામાં આવ્યું છે,—એટલે કે વચન પર્યાયપૂર્વક અથવા નામાદિરૂપે કથન કરવામાં આવ્યું છે, પ્રરૂપણા કરવામાં આવી છે એટલે કે અર્થની પ્રરૂપણા પૂર્વક પ્રત્યેક સૂત્રનું કથન કરવામાં આવ્યું છે—તે સૂત્રનિર્દિષ્ટ પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું છે એટલે અન્ય જીવો પ્રત્યે અનુકંપાથી પ્રેરાઈને અથવા ભવ્ય જીવોનું કલ્યાણ થાય એવી ભાવનાથી પ્રેરાઈને અતિશયરૂપે તેને પ્રકટ કરવામાં આવેલ છે અને સમસ્ત નયો (માન્યતાઓ) અને યુક્તિઓ દ્વારા તેનું ઉપદર્શન કરવામાં આવ્યું છે—ત્રીજા મહાસ્વપ્નના ફલસ્વરૂપે મહાવીર પ્રભુને આ બાર અંગવાળા ગણિપિટકનું કથન આદિ કરવાની શક્તિ પ્રાપ્ત થઇ. ચોથા મહાસ્વપ્નમાં તેમણે જે બે સુંદર માળાઓ દેખી તેના ફળ સ્વરૂપે તેમણે અગારધર્મની અને અનગારધર્મની પ્રરૂપણા કરી. પાંચમાં મહાસ્વપ્ન તેમણે જે સફેદ વર્ણની ગાયોનો સમૂહ જોયો તેના ફલસ્વરૂપે તેમણે સાધુ, સાધ્વી, શ્રાવકો અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. છટ્ઠા મહાસ્વપ્નમાં તેમણે ચારે દિશાઓ અને વિદિશાઓમાં વિકસિત કમળોથી યુક્ત એવું જે પદ્મસરોવર દેખ્યું તેના ફલસ્વરૂપે તેમણે ભવનવાસી વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકરૂપ ચાર પ્રકારના દેવોની પ્રજ્ઞાપના કરી. સાતમાં મહાસ્વપ્નમાં તેમણે તરંગ પરંપરાઓથી યુક્ત મહાસાગરને પોતાના દ્વારા જે તરી જવાતો દેખ્યો, તેના ફલ સ્વરૂપે તેમણે અનાદિ અનંત અને દેવગતિરૂપ ચારગતિવાળા (નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિરૂપ

ચાર ગતિવાળા ) આ સંસાર કાનનને અથવા તો આ સંસારસાગરને પાર કરીને સિદ્ધિગતિ પ્રાપ્ત કરી. આઠમાં મહાસ્વપ્નમાં તેમણે જે તેજથી દેદીપ્યમાન સૂર્યને જોયો, તેના ફલસ્વરૂપે તેમને અનંત ( અંતરહિત ), અનુત્તર (સર્વોત્કૃષ્ટ–અનુપમ) નિર્વ્યાઘાત, નિરાવરણુ, કૃત્સ્ન અને પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયાં કેવળજ્ઞાન અને કેવળદર્શન એક વાર પ્રાપ્ત થયા બાદ કાયમને માટે ટકી રહે છે–કદી તેમનો અન્ત આવતો નથી, તેથી તેમને અનંત વિશેષણ લગાડયું છે. બીજા કોઈ પણ જ્ઞાન કરતાં તે પ્રધાન–સર્વોત્કૃષ્ટ હોય છે તેથી તેને અનુત્તર વિશેષણ લગાડયું છે. આ કેવળજ્ઞાન અને કેવળદર્શન વ્યાઘાત રહિત હોય છે તેથી તેમને નિર્વ્યાઘાત વિશેષણ લગાડયું છે, જ્ઞાનાવરણ આદિ આવરણોથી રહિત હોવાને કારણે તેને નિરાવરણ વિશેષણ લગાડયું છે, સંપૂર્ણ હોવાને કારણે તેમને 'કૃત્સ્ન' વિશેષણ લગાડયુ છે અને સર્વથા સંપૂર્ણ હોવાને કારણે "પ્રતિપૂર્ણ વિશેષણ લગાડવામાં આવ્યુ છે. ભગવાન મહાવીરે નવમા મહા-સ્વપ્નમાં પિંગલમણિ અને નીલ વૈડૂર્યમણિ જેવી પ્રભાવાળા પોતાના આંતરડા વડે માનુષોત્તર પર્વતને આવેષ્ટિત અને પરિવેષ્ઠિત થતો જોયો. આ મહા-સ્વપ્નના ફલસ્વરૂપે દેવલોકમાં, મનુષ્યલોકમાં અને અસુરલોકમાં તેમની એવી ઉત્કૃષ્ટ કીર્તિ ગવાવા લાગી, એવો ઉત્કૃષ્ટ યશ ગવાવા લાગ્યો, એવા ઉત્કૃષ્ટ શબ્દ અને એવી ઉત્કૃષ્ટ પ્રશંસા ગવાવા લાગી કે શ્રમણ ભગવાન મહાવીર સર્વજ્ઞ છે, સર્વદર્શી છે અને સઘળા સંશયોનો નાશ કરનારા છે. તેઓ એવી ભાષા બોલનારા છે કે સઘળા જીવો તેમની વાણીને સરળતાથી સમજી શકે છે. તેઓ છકાયના જીવોનું રક્ષણ કરનારા છે, સુર, અસુર અને મનુષ્યો પણ તેમના ચરણયુંગલની સેવા કરે છે. તેઓ સકળ સંયમીજનોના શિરોભૂષણરૂપ છે. સમસ્ત દિશાઓમાં યશનો ફેલાવો થવો તેનું નામ 'કીર્તિ' છે, એક જ દિશામાં યશનો ફેલાવો થવો તેનું નામ 'વર્ણ' છે અધો દિશામાં જ જે વ્યાપ્ત થાય છે તેનું નામ 'શબ્દ' છે અને ફક્ત અમુક જ સ્થાનમાં જે ગુણ કીર્તન થાય છે તેનું નામ 'શ્લોક' છે. દસમાં સ્વપ્નમાં તેમણે મન્દર પર્વતની ચૂલિકા ( શિખર ) ઉપર રહેલા શ્રેષ્ઠ સિંહાસન ઉપર પોતાને વિરાજમાન થયેલા દેખ્યા હતા. આ મહાસ્વપ્નના ફલસ્વરૂપે તેમણે દેવો, મનુષ્યો અને અસુરોથી સંપન્ન પરિષદમાં કેવલિપ્રજ્ઞપ્તિનું પોતાના પહેલાં થઈ ગયેલા તીર્થંકરોક્ત ધર્મનું કથન કર્યું, પ્રજ્ઞાપન કર્યું, ઇત્યાદિ પૂર્વોક્ત સૂત્રપાઠ અહીં પણ ગ્રહણ કરવો જોઈએ. આ રીતે "ઉપદર્શન કરવા" પર્યન્તનો સૂત્રપાઠ અહીં ગ્રહણ કરવો જોઈએ. આ પ્રકારનું દસ મહાસ્વપ્નોનું ફલ સમજવું. ।। સૂત્ર ૫૬ ।।

જ્યારે મહાવીર પ્રભુએ ઉપર્યુક્ત દસ મહાસ્વપ્નાં દેખ્યાં, ત્યારે તેઓ સરાગ સમ્યગ્દર્શનથી યુક્ત હતા. તેથી હવે સૂત્રકાર સમ્યગ્દર્શનના દસ પ્રકારોનું કથન કરે છે–"दसविहे सरागसम्मदंसणे पण्णत्ते" ઈત્યાદિ–(સૂ ૫૭)

ટીકાર્થ–સરાગ સમ્યગ્દર્શનનો અર્થ આ પ્રમાણે કહ્યો છે–જે જીવનો મોહ ઉપ-શાન્ત પણ ન હોય અને ક્ષીણ પણ ન હોય એવા જીવનું જે સમ્યગ્દર્શન હોય છે તેનું નામ સરાગ સમ્યગ્દર્શનતા છે. અથવા રાગસહિતનું જે સમ્યગ્દર્શન છે તેને સમ્યગ્દર્શન કહે છે. તે સરાગસમ્યગ્દર્શનના નીચે પ્રમાણે દસ પ્રકાર કહ્યા છે—(૧) નિસર્ગરુચિ, (૨) ઉપદેશરુચિ, (૩) આજ્ઞારુચિ, (૪) સૂત્રરુચિ, (૫) બીજરુચિ, (૬) અભિગમરુચિ, (૭) વિસ્તારરુચિ, (૮) ક્રિયારુચિ (૯) સંક્ષેપરુચિ અને (૧૦) ધર્મરુચિ. હવે આ દસે પ્રકારોનો અર્થ સ્પષ્ટ કરવામાં આવે છે—

નિસર્ગરુચિ–કુદરતી રીતે જ તત્ત્વવિષયક જે રુચિ (અભિલાષા) થાય છે તેનું નામ નિસર્ગરુચિ છે.

ઉપદેશરુચિ–તીર્થંકર, ગણધર, આદિ આપ્તપુરુષોનાં વચનોને લીધે જે રુચિ થાય છે તે રુચિનું નામ ઉપદેશરુચિ છે.

આજ્ઞારુચિ–તીર્થંકરોનાં વચનો રૂપ આજ્ઞાને લીધે જે રુચિ થાય છે તે રુચિને આજ્ઞારુચિ કહે છે.

સૂત્રરુચિ–આગમન લીધે જે રુચિ થાય છે તે રુચિને સૂત્રરુચિ કહે છે.

બીજરુચિ–અનેક અર્થનું અભિધાયક જે એક વચન છે તેનું નામ બીજ છે. આ બીજને લીધે જે રુચિ થાય છે તેનું નામ બીજરુચિ છે.

અભિગમરુચિ–જ્ઞાનને અભિગમ કહે છે. તે જ્ઞાનને લીધે જે રુચિ થાય છે તેને અભિગમરુચિ કહે છે.

વિસ્તાર–ધર્માસ્તિકાય આદિ પદાર્થોનું જે સર્વનય અને પ્રમાણોથી વિસ્તાર પૂર્વકજ્ઞાન થાય છે તેનું નામ વિસ્તાર છે. તે વિસ્તારને લીધે જે રુચિ થાય છે તેનું નામ વિસ્તારરુચિ છે.

ક્રિયારુચિ–પ્રતિલેખના, પ્રમાર્જના આદિ ક્રિયાઓ પ્રત્યે જ રુચિ હોય છે. તેને ક્રિયારુચિ કહે છે.

સંક્ષેપરુચિ–જિનોક્ત તત્ત્વોનો સંગ્રહ કરવાની જે રુચિ હોય છે તેનું નામ સંક્ષેપરુચિ છે.

ધર્મરુચિ–શ્રુતચારિત્રરૂપ ધર્મ પ્રત્યેની રુચિનું નામ ધર્મરુચિ છે. અથવા

" दसविहे सरागसम्मदंसणे " ઇત્યાદિ—

આ સૂત્રની વ્યાખ્યા આ પ્રમાણે પણ કરી શકાય છે-' સરાગસમ્યગ્દર્શન ' આ પદથી સરાગસમ્યગ્દર્શનવાળા પુરુષને ગ્રહણ કરવામા આવે તો તે સરાગસમ્યગ્દર્શનવાળા પુરુષના પણ નિસર્ગરુચિવાળો ઇત્યાદિ દસ પ્રકાર પડે છે. જેમાં મોહ ઉપશાન્ત થયો નથી પણ ક્ષીણ જ થયો છે એવા સમ્યગ્દર્શનને સરાગ સમ્યગ્દર્શન કહે છે. એવા સરાગસમ્યગ્દર્શનવાળા પુરુષના નીચે પ્રમાણે દસ પ્રકાર પડે છે—

(૧) નિસર્ગરુચિવાળો-જે પુરુષમાં તત્ત્વાભિલાષારૂપ રુચિનો સ્વભાવથી જ નૈસર્ગિક રીતે જ સદ્ભાવ હોય છે-જાતિસ્મરણ આદિ રૂપ સ્વમતિ દ્વારા જ્ઞાત જીવ, અજીવ આદિ પદાર્થોમાં જે રુચિયુક્ત હોય છે. એવા પુરુષને નિસર્ગ રુચિથી યુક્ત સરાગસમ્યગ્દર્શનવાળો કહે છે. કહ્યું પણ છે કે—

" जो जिणदिट्ठे भावे " ઇત્યાદિ—

જે પુરુષ એવી શ્રદ્ધા રાખે છે કે જીવાદિક પદાર્થોનું જેવું સ્વરૂપ જિનેન્દ્ર દેવોએ કહ્યું છે એવું જ સ્વરૂપ છે. કોઇ બીજા પ્રકારનું તેમનું સ્વરૂપ હોઈ શકે જ નહીં. આ પ્રકારની રુચિનું નામ નિસર્ગરુચિ છે. આ પ્રકારની રુચિનો જે પુરુષમાં સદ્ભાવ હોય છે તે પુરુષને નિસર્ગરુચિવાળો કહે છે.

ઉપદેશરુચિ- તીર્થંકર, ગણધર, ગુરુ આદિ આપ્તપુરુષોનાં વચનો સાંભળીને જે પુરુષમાં જીવાદિક પદાર્થો પ્રત્યે રુચિ ઉત્પન્ન થાય છે તે પુરુષને ઉપદેશ-રુચિવાળો કહે છે. એટલે કે જીવ તીર્થંકર પ્રરૂપિત જીવાદિક પદાર્થો પ્રત્યે તીર્થંકર ગણધર ગુરુ આદિના ઉપદેશથી શ્રદ્ધાભાવવાળો થાય છે તે જીવને ઉપદેશરૂચિવાળો કહે છે. કહ્યું પણ છે—" एए चेव उ भावे " ઈત્યાદિ

આજ્ઞારૂચિ-સર્વજ્ઞોના વચનરૂપ આજ્ઞાપ્રત્યે જેને રૂચિ હોય છે. એવા પુરુષને આજ્ઞારૂચિવાળો સમ્યગ્દૃષ્ટિ કહે છે. એવા આજ્ઞારુચિવાળા જીવના રાગદ્વેષ અને મિથ્યાજ્ઞાન ક્ષીણ થઈ ગયા હોય છે અને તે કદાગ્રહથી રહિત હોવાને કારણે આચાર્યાદિકોના ઉપદેશ દ્વારા જ-આજ્ઞારૂપ ઉપદેશ દ્વારા જ-માષ, તુષ આદિ પ્રત્યક્ષ પદાર્થોની જેમ જીવાદિક પદાર્થો પ્રત્યે પણ શ્રદ્ધા રાખતો થાય છે. કહ્યું પણ છે કે—" रागो दोसो मोहो " ઈત્યાદિ.

સૂત્રરુચિ-આગમ દ્વારા જે જીવમાં જિનોક્ત તત્ત્વો પ્રત્યે રુચિ ઉત્પન્ન થાય છે તે જીવને સૂત્રરુચિવાળો કહે છે. એટલે કે જે જીવો બાર અંગરૂપ સૂત્રને આધારે જ સમ્યકત્વની પ્રાપ્તિ કરે છે એવા જીવને સૂત્રરુચિરૂપ સમ્ય-કત્વવાળો કહે છે. કહ્યું પણ છે કે—" जो सुत्तमहिज्जंतो " ઇત્યાદિ.

એટલે કે અંગપ્રવિષ્ટ શ્રુતનું અથવા અંગ બાહ્યરૂપ શ્રુતનું અધ્યયન કરીને જે જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી લે છે તે જીવને સૂત્રરુચિવાળો કહે છે.

બીજરુચિ—અનેક અર્થના બોધક એક પદ દ્વારા પણ જે જીવમાં જીવાદિક પદાર્થો પ્રત્યે રુચિ ઉત્પન્ન થઈ જાય છે, તે જીવને બીજરુચિ સમ્યકૃત્વવાળો કહે છે.—

આ કથનનું તાત્પર્ય એ છે કે જે જીવ માત્ર એક જ જીવાદિ પદના જ્ઞાન દ્વારા અનેક તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા રાખતો થાય છે, તે જીવને બીજરુચિ સમ્યકૃત્વવાળો કહે છે કહ્યું પણ છે કે—" एग पए णे गाइं " ઇત્યાદિ.

જે રીતે તેલનું એક જ ટીપું પાણીમાં નાખવામાં આવે, તો તે પાણીમાં સર્વત્ર ફેલાઇ જાય છે, એજ પ્રમાણે જે જીવ આગમના એક જ પદને જાણીને અન્ય પદોને—બાકીના સમસ્ત વિષયને જાણી લે છે અથવા બાકીના સમસ્ત જિનોક્ત પદાર્થો વિષે પણ શ્રદ્ધાભાવયુક્ત બની જાય છે, એવા જીવને બીજ રુચિવાળો જીવ કહે છે.

અભિગમરુચિ—અભિગમ એટલે જ્ઞાન. જે જીવ પહેલાં આચારાંગ આદિ રૂપ શ્રુતાંગના અર્થનો જ્ઞાતા થાય છે અને ત્યાર બાદ જિનોક્ત તત્ત્વો પ્રત્યે શ્રદ્ધાભાવયુક્ત થાય છે, એવા જીવને અભિગમરુચિ સમ્યકત્વવાળો જીવ કહે છે. કહ્યું પણ છે કે—" सो होई अभिगम रूई " ઇત્યાદિ—

આ સૂત્રપાઠનો અર્થ સ્પષ્ટ છે,

વિસ્તારરુચિ—સર્વનય અને પ્રમાણોનો આધાર લઇને જ ધર્માસ્તિકાય આદિ પદાર્થોનો જ્ઞાતા થાય છે, એવા જીવને વિસ્તારરુચિ સમ્યકૃત્વવાળો કહે છે. કહ્યું પણ છે કે—" दव्वाणसव्वमावा " ઇત્યાદિ.

ક્રિયારુચિ—પ્રતિલેખના આદિ ક્રિયાઓ પ્રત્યે જે જીવને રુચિ હોય છે એટલે કે પ્રતિલેખના આદિ ક્રિયાઓ પ્રત્યે જે જીવને શ્રદ્ધા હોય છે તે જીવને ક્રિયારુચિ સમ્યકત્વવાળો કહે છે. કહ્યું પણ છે કે—

" पडिलेहणाइकरणे " ઇત્યાદિ.

સંક્ષેપરુચિ—સંક્ષેપમાં જેમને રુચિ હોય છે, એટલે કે કપિલાદિ પ્રણીત પરતીર્થિકોના દર્શનને જે જાણતો નથી, તથા જિનપ્રવચનોનો પણ જે જ્ઞાતા હોતો નથી એવો જીવ ચિલાતિ—પુત્રની જેમ કેવળ ઉપશમ આદિ પદત્રય વડે જિનોક્ત તત્ત્વ પ્રત્યે અભિરુચિવાળો બની જાય છે. તેથી એવા જીવને સંક્ષેપ રુચિ સમ્યકૃત્વવાળો જીવ કહે છે. કહ્યું પણ છે કે—

" अणभिग्गहियकुदिट्ठी " ઇત્યાદિ.

ધર્મરુચિ—જેને શ્રુતચારિત્રરૂપ ધર્મ પ્રત્યે શ્રદ્ધા હોય છે—એટલે કે જિનેન્દ્ર દેવ દ્વારા પ્રરૂપિત અસ્તિકાયધર્મ, શ્રુતધર્મ અને ચારિત્રધર્મ પ્રત્યે જે જીવ શ્રદ્ધા-

વાળો હોય છે એવા જીવને ધર્મરુચિ સમ્યક્ત્વવાળો કહે છે. કહ્યું પણ છે કે–
"जो अत्थिकायधम्मं" ઇત્યાદિ. ॥ સૂત્ર ૫૭ ॥
ટીકાર્થ–સરાગ સમ્મદૃષ્ટિ જીવ દસે પ્રકારની સંજ્ઞાઓને ક્રમશઃ નાશ કરે છે, તેથીહવે સૂત્રકાર સંજ્ઞાઓના દસ પ્રકારોનું નિરૂપણ કરે છે—
"दस सण्णाओ पण्णत्ताओ" ઈત્યાદિ—(સૂત્ર ૫૮)

## દશ પ્રકારકી સંજ્ઞાઓંકા નિરૂપણ

સંજ્ઞાના નીચે પ્રમાણે દસ પ્રકારો કહ્યા છે–(૧) આહારસંજ્ઞા, (૨) ભય સંજ્ઞા, (૩) મૈથુનસંજ્ઞા, (૪) પરિગ્રહસંજ્ઞા, (૫) ક્રોધસંજ્ઞા, (૬) માનસંજ્ઞા, (૭) માયાસંજ્ઞા, (૮) લોભસંજ્ઞા (૯) લોકસંજ્ઞા અને (૧૦) ઓઘસંજ્ઞા.

જેના દ્વારા જીવ આહારાદિ અભિલાષાવાળો બને છે, તેનું નામ સંજ્ઞા છે. તે વિચિત્ર પ્રકારની ક્રિયારૂપ હોય છે, વેદનીય અને મોહનીય કર્મના ઉદયાધીન હોય છે, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના ક્ષયોપશમાધીન હોય છે અને આહારાદિપ્રાપ્ત કરવાના પ્રયોજનવાળી હોય છે. આ સંજ્ઞા અનેક પ્રકારની હોય છે, તેથી અહીં બહુવચનનો પ્રયોગ કરાયો છે. આ અનેક પ્રકારનો તેના દસ પ્રકારોમાં સમાવેશ થઇ જતો હોવાને કારણે અહીં તેના દસ પ્રકારો કહેવામાં આવ્યા છે.

આહારની અભિલાષા થવી તેનું નામ આહારસંજ્ઞા છે. તૈજસશરીર નામ કર્મના ઉદયથી જીવમાં અને અસાતાવેદનીય કર્મના ઉદયથી જીવમાં આ સંજ્ઞા ઉદ્ભવે છે.

ભયસંજ્ઞા ત્રાસરૂપ હોય છે. મૈથુનસંજ્ઞા–આ સંજ્ઞાં સ્ત્રી આદિ વેદના ઉદય રૂપ હોય છે અને પરિગ્રહસંજ્ઞા મૂર્ચ્છારૂપ ( પદાર્થ પ્રત્યેની આસક્તિરૂપ ) હોય છે. ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા, આ ત્રણે સંજ્ઞાઓ મોહનીય કર્મના ઉદયથી જન્ય હોય છે.

ક્રોધસંજ્ઞા અપ્રીતિરૂપ હોય છે, માનસંજ્ઞા ગર્વરૂપ હોય છે, માયાસંજ્ઞા

કપટરૂપ હોય છે અને લોભસંજ્ઞા ગૃદ્ધિ (લાલચ)રૂપ હોય છે. ક્રોધાદિ ચારે સંજ્ઞાઓ મોહનીયકર્મના ઉદયથી જન્ય હોય છે.

લોકસંજ્ઞા-પોતાની સ્વચ્છંદ મતિથી કોઇ પણ કલ્પના કરવારૂપ લોકસંજ્ઞા હોય છે. જેમ કે એવી કલ્પના કરવી કે અપુત્ર માનવીની પરલોકમાં સદ્‌ગતિ થતી નથી, કૂતરાઓ યક્ષ છે, બ્રાહ્મણો દેવો છે, કાગડાઓ પિતામહ છે, પાંખોની હવાથી મયૂરોને (માદા પક્ષીઓને) ગર્ભ રહે છે, ઇત્યાદિ જે કલ્પના કરવામાં આવે છે તેને લોકસંજ્ઞા કહે છે.

આ સંજ્ઞા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અને મોહનીય કર્મના ઉદયથી જન્ય હોય છે.

ઓઘસંજ્ઞા-આ સંજ્ઞા અવ્યકત ઉપયોગરૂપ હોય છે, અને વેલાઓ પાસે રહેલી વસ્તુઓનો આધાર લઈને ઊંચા વધે છે, તે લક્ષણ અને બીજાં લક્ષણો વડે આ સંજ્ઞાનું અનુમાન કરી શકાય છે. આ જ્ઞાનાવરણીય કર્મના અલ્પક્ષયોપશમથી જન્ય હોય છે.

આ સૂત્રમાં "યાવત્" પદથી ભયસંજ્ઞા આદિને ગ્રહણ કરવાની છે અને બીજા યાવત્ પદથી માનસંજ્ઞા માયાસંજ્ઞા વિગેરે સંજ્ઞાઓ સમજવાની છે. તે બધી સંજ્ઞાઓનાં નામ ઉપર આપી દેવામાં આવ્યા છે. અહીં સામાન્ય જીવ પદને આશ્રિત કરીને આ સંજ્ઞાઓનું કથન કરવામાં આવ્યું છે-પંચેન્દ્રિય જીવોને આશ્રિત કરીને આ સંજ્ઞાઓનું વિવેચન કરવામાં આવ્યું નથી. એકેન્દ્રિય આદિ જીવોમાં તો તે સંજ્ઞાઓ યથોકત ક્રિયાપ્રયુકત કર્મોદય આદિની પરિણતિ રૂપ જ હોય છે, એમ સમજવું.

આ રીતે સામાન્ય રૂપે સંજ્ઞાના ભેદોનું કથન કરીને હવે સૂત્રકાર ૨૪ દંડકોમાંના પ્રત્યેક દંડકના જીવને અનુલક્ષીને આ સંજ્ઞાઓનું કથન કરે છે— "नेरइयाणं" ઇત્યાદિ-આ સૂત્ર દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે ઉપર્યુકત દસે પ્રકારની સંજ્ઞાઓનો નારકોમાં સદ્‌ભાવ હોય છે. આ સંજ્ઞાઓનો એકલાં નારકોમાં જ સદ્‌ભાવ હોય છે, એવું નથી પરન્તુ નારકોથી લઈને વૈમાનિકો પર્યન્તના સમસ્ત જીવોમાં પણ આ સંજ્ઞાઓનો સદ્‌ભાવ હોય છે. એજ વાત સૂત્રકારે "एवं निरंतरं जाव वेमाणियाणं" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે. ॥ સૂ. ૫૮ ॥

આગલા સૂત્રમાં એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે આહારસંજ્ઞા આદિ દસે સંજ્ઞાઓનો નારકથી લઈને વૈમાનિકો પર્યન્તના જીવોમાં સદ્‌ભાવ

હોય છે. ઉપર્યુક્ત ૨૪ દંડકના જે જીવો છે તેમાંના વૈમાનિક દેવો સુખ-વેદનાનુભવી (સાતાવેદનીયનો અનુભવ કરનારા) હોય છે. અને નારકો દુઃખ વેદનાનુભવી (અસાતા વેદનાનો અનુભવ કરનારા) હોય છે. તેથી હવે સૂત્રકાર નારક જીવોની દુઃખવેદનાઓનું નિરૂપણ કરે છે—

"नेरइयाणं दसविहं वेयणं" ઈત્યાદિ—(સૂ. ૫૯)

## નૈરયિકોંકી દુઃખવેદનાકા નિરૂપણ

ટીકાર્થ—નારકો દસ પ્રકારની વેદનાઓનું વેદન કરે છે. તે વેદનાઓ નીચે પ્રમાણે કહી છે—

(૧) શીતવેદના, (૨) ઉષ્ણુવેદના, (૩) ક્ષુધાવેદના, (૪) પિપાસાવેદના, (૫) કંડૂવેદના, (૬) પરતંત્રતાવેદના, (૭) ભયવેદના, (૮) શોકવેદના, (૯) જરા વેદના અને (૧૦) વ્યાધિવેદન.

વેદના એટલે પીડા. નારક જીવો શીતવેદના આદિ દસ વેદનાઓનું વેદન કરે છે.

શીત સ્પર્શ વડે જનિત જે વેદના છે. તેનું નામ શીતવેદના છે, ઉષ્ણુ સ્પર્શ વડે જનિત જે વેદના છે. તેનું નામ ઉષ્ણુવેદના છે. ભૂખને કારણે જીવ જે વેદનાનો અનુભવ કરે છે તે વેદનાનું નામ ક્ષુધાવેદના અને પ્યાસ (તૃષા)ને કારણે જે વેદના અનુભવે છે તેને પિપાસાવેદના કહે છે. ખજવાળરૂપ વેદનાનું નામ કંડૂવેદના છે "परज्झ" આ ગામઠી શબ્દ છે અને તે પરતંત્રતાનું વાચક છે. નારક જીવને પરતંત્રતારૂપવેદના, ભયરૂપવેદના, (દૈન્ય) રૂપ વેદના, જરા (વૃદ્ધત્વ)રૂપ વેદના અને તાવ આદિ વ્યાધિયો રૂપ વેદના પણ ભોગવવી પડે છે. ॥ સૂત્ર ૫૯ ॥

વેદનારૂપ પદાર્થો અમૂર્ત હોય છે. એવાં અમૂર્ત પદાર્થોને જિનેન્દ્ર ભગવાનો જ જાણી શકે છે-છદ્મસ્થ જીવો તેમને જાણી-દેખી શકતા નથી. એજ વાતને સૂત્રકાર હવે પ્રકટ કરે છે—

"दस ठाणाइं छउमत्थेणं सव्वभावेणं" ઈત્યાદિ—(સૂ ૬૦)

ટીકાર્થ–નીચેનાં દસ સ્થાનોને છદ્મસ્થ સર્વભાવ ( પ્રત્યક્ષરૂપે ) જાણુતો પણ નથી અને દેખતો પણ નથી-(૧ થી ૮) ધર્માસ્તિકાયથી લઇને વાત પર્યન્તના આઠ પદાર્થો (૮) અમુક વ્યક્તિ જિન ( કેવળી ) થશે કે નહી. (૯) અને અમુક વ્યક્તિ સમસ્ત દુઃખોનો અન્ત કરશે કે નહીં કરે. ૧૦

પરન્તુ જેમને કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થઈ ગયું છે એવાં અર્હંત જિનેન્દ્ર ભગવાન ઉપર્યુકત દસે સ્થાનોને જાણે છે અને દેખે છે.

આ સૂત્રમાં અવધિજ્ઞાનથી રહિત મુનિને છદ્મસ્થ પદ દ્વારા ગ્રહણ કરવામાં આવેલ છે. એવો છદ્મસ્થ મુનિ ધર્માસ્તિકાય આદિ દસ સ્થાનોને જાણુતો–દેખતો નથી. સૂત્રમાં ધર્માસ્તિકાયની પછી જે, 'યાવત્ ( પર્યન્ત ) પદ વપરાયું છે તેના દ્વારા નીચેનાં છ સ્થાનોને ગ્રહણ કરવામાં આવ્યાં છે–અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અશરીર પ્રતિબદ્ધજીવ, પરમાણુપુદ્ગલ, શબ્દ અને ગંધ. આ રીતે છદ્મસ્થજીવ ધર્માસ્તિકાયથી લઇને શબ્દ પર્યન્તના સાત અમૂર્ત પદાર્થોને સાક્ષાત્ રૂપે જાણુતો નથી, તથા (૮) છદ્મસ્થ જીવ વાયુને પણ સર્વભાવે–સાક્ષાત્રૂપે જાણુતો નથી અને દેખતો નથી. (૯) આ માણસ જિન (કેવલી) થશે કે નહીં, આ વાત પણ તે સ્પષ્ટ રૂપે જાણી દેખી શકતો નથી. (૧૦) અમુક માણસ સમસ્ત દુઃખોનો –શારીરિક અને માનસિક દુઃખોનો નાશકર્તા થશે કે નહીં, એ વાતને પણ છદ્મસ્થ સાધૂ સાક્ષાત્ રૂપે જાણુતો નથી અને દેખતો નથી. પરંતુ તે છદ્મસ્થ જીવ શ્રુતજ્ઞાનના પ્રભાવથી આ દસે સ્થાનોને સામાન્યરૂપે તો જાણે જ છે. અહીં એવું સમજવું જોઈએ કે અવધિજ્ઞાની જો કે છદ્મસ્થ જ હોય છે,

પરન્તુ એવા છદ્મસ્થની વાત અહીં કરવામાં આવી નથી, કારણ કે અવધિજ્ઞાની રૂપ છદ્મસ્થ પરમાણુપુદ્ગલને, શબ્દને, ગંધને અને વાયુને સાક્ષાત્ રૂપે જાણે છે.

શંકા—અહીં સૂત્રમાં "સર્વભાવે (સાક્ષાત્રૂપે)" પદ આવ્યું છે. જો તે પદનો અર્થ "સર્વ પર્યાયની અપેક્ષાએ" એવો માનવામાં આવે તો એ વાત પણ સ્પષ્ટ થઈ જાય છે કે અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની પણ પરમાણુ આદિ પુદ્ગલોને સર્વભાવે (સર્વ પર્યાયની અપેક્ષાએ) જાણતો નથી. આ પ્રકારે વિચાર કરવામાં આવે તો અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાનીને પણ છદ્મસ્થ જીવ તરીકે ગ્રહણ કરવાનો નિષેધ આપ શા કારણે કરો છો? તેમને પણ છદ્મસ્થ જીવો જ કહેવામાં શો વાંધો આવે છે?

ઉત્તર—જો તેમને પણ છદ્મસ્થ માની લેવામાં આવે, તો એવું માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે કે છદ્મસ્થ જીવ અશરીર પ્રતિબદ્ધ જીવને સર્વ પર્યાયની અપેક્ષાએ જાણતો અને દેખતો નથી, પરન્તુ તે શરીર—પ્રતિબદ્ધજીવને તો સર્વ પર્યાયની અપેક્ષાએ જાણે છે અને દેખે છે. જો આ પ્રકારનો અર્થ સ્વીકારવામાં આવે તો પણ આપની જે માન્યતા છે તે સિદ્ધ થતી નથી કારણ કે અવધિ-અને....મનઃપર્યવજ્ઞાનીરૂપ છદ્મસ્થ જીવ (સાધુ) શરીર પ્રતિબદ્ધ જીવને સર્વપર્યાયની અપેક્ષાએ જાણતો અને દેખતો નથી. તેથી "સર્વભાવ" પદનો અર્થ "સાક્ષાત્કારરૂપે (સ્પષ્ટરૂપે)" જ થવો જોઇએ નહીં. અવધિજ્ઞાની અને મનઃ પર્યવજ્ઞાની પુદ્ગલાદિકોને સાક્ષાત્ રૂપે (સ્પષ્ટરૂપે) તો જાણતા જ નથી. તેથી છદ્મસ્થ પદ દ્વારા અહીં અવધિજ્ઞાન આદિ જ્ઞાનોથી રહિત જીવ જ ગ્રહણ થવો જોઈએ. જો છદ્મસ્થ તેમને સાક્ષાત્ રૂપે જાણતો નથી, તો તેમને સાક્ષાત્ રૂપે કોણ જાણે છે? આ પ્રશ્નનો જવાબ "एयाणि चेव" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે અર્હંત જિન કેવલી આ પુદ્ગલાદિ દસે સ્થાનોને સાક્ષાત્ રૂપે જાણી શકે છે અને દેખી શકે છે. ॥ સૂ. ૧૦ ॥

## જિનપ્રણીત પરોક્ષાર્થ પ્રદર્શક શ્રુતવિશેષકા નિરૂપણ

આગલા સૂત્રમાં એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે સર્વજ્ઞ જિન (કેવળજ્ઞાની) દસ પ્રકારનાં ઉપર્યુક્તભાવોને સાક્ષાત્ રૂપે જાણે છે અને દેખે છે.

તે સર્વજ્ઞ જિનેન્દ્રોએ જે પરોક્ષાર્થ પ્રકાશક શ્રુતવિશેષોની રચના કરી છે, તેમને સૂત્રકાર દશાધ્યયનરૂપ દસ સ્થાનો દ્વારા પ્રકટ કરે છે—

"दस दसाओ पण्णत्ताओ" ઈત્યાદિ—(સૂ. ૬૧)

ટીકાર્થ–'દશા' આ પદ દ્વારા અહીં અમુક શાસ્ત્રવિશેષોને ગ્રહણ કરવામાં આવેલા છે, કારણ કે તેઓ દસ અધ્યયનોથી યુકત છે અને દશા (અવસ્થાઓ)નું પ્રતિપાદન કરે છે. તે દસ શાસ્ત્રોનાં નામ નીચે પ્રમાણે છે–(૧) કર્મવિપાકદશા, (૨) ઉપાસકદશા, (૩) અન્તકૃદ્દશા, (૪) અનુત્તરોપપાતિકદશા, (૫) આચારદશા, (૬)પ્રશ્નવ્યાકરણદશા, (૭) બન્ધદશા, દ્વિગૃદ્ધિદશા, (૯) દીર્ઘદશા અને (૧૦) સંક્ષેપિકદશા.

અશુભ કર્મના ફલનું પ્રતિપાદન કરનારી જે દશાઓ છે તેમને કર્મવિપાકદશા કહે છે. અહીં "કર્મવિપાકદશા" પદ દ્વારા દુઃખવિપાકરૂપ પ્રથમ શ્રુતસ્કંધ જ ગ્રહણ કરવામાં આવ્યો છે, કારણ કે તેમાં તેના અધ્યયનો જ કહેવામાં આવ્યા છે.

ઉપાસકદશા–શ્રમણોપાસક શ્રાવકોને માટે અહીં ઉપાસક શબ્દનો પ્રયોગ થયો છે તે શ્રમણોપાસકો દ્વારા કરવા યોગ્ય અનુષ્ઠાનો (ક્રિયાઓ)નું પ્રતિપાદન કરનાર જે દશા છે–જે શાસ્ત્ર છે તેનું નામ શ્રમણોપાસકદશા છે

અન્તકૃતદશા–આયુષ્યના અન્તકાળે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને ધર્મદેશના દીધા વિના જ જેમણે કર્મોનો અને કર્મોના ફલસ્વરૂપ સંસારનો અન્ત કરી દીધો છે, તેમને અન્તકૃત કહે છે. તેમના ચરિત્રનું પ્રતિપાદન કરનારી જે દશાઓ છે તેમનું નામ અન્તકૃતદશા છે.

અનુત્તરોપપાતિકદશા–જે ઉપપાત કરતાં વધારે સારો ઉત્પાત બીજો કોઇ હોતો નથી, તે ઉપપાતને અનુત્તરોપપાત કહે છે. એવો તે ઉપપાત સર્વાર્થસિદ્ધ આદિ પાંચ અનુત્તર વિમાનોમાં થાય છે. જેમણે આ અનુત્તર ઉપપાત પ્રાપ્ત કર્યો છે એવાં જીવોને અનુત્તરોપપાત્તિક કહે છે. એવા જીવો સંબંધીકથાનું પ્રતિપાદન કરનારી જે દશાઓ છે તેમને અનુત્તરોપપાતિક દશાઓ કહે છે.

આચારદશા–જ્ઞાનાચાર આદિના ભેદોથી આચાર પાંચ પ્રકારના કહ્યા છે.

આ આચારોનું પ્રતિપાદન કરનારી જે દશાઓ છે તેમને આચારદશા કહે છે. તેનું બીજું નામ દશાશ્રુતસ્કન્ધ પણ છે

પ્રશ્નવ્યાકરણદશા–પ્રશ્ન અને ઉત્તર, આ બન્નેનું કથન કરનારી જે દશાઓ છે, તેમને પ્રશ્નવ્યાકરણદશા કહે છે.

બન્ધદશા–બન્ધ, મોક્ષ આદિની પ્રતિપાદક જે દશાઓ છે તેમને બન્ધ દશા કહે છે. આ સૂત્રનું 'બન્ધદશા' નામ આપવાનું કારણ એ છે કે તે સૂત્રના પહેલાઅધ્યયનનું નામ બંધ અધ્યયન છે.

દ્વિગૃદ્ધિદશા–વાત, વિવાત આદિ દસ અધ્યયનોથી એ સૂત્રયુક્ત છે.

દીર્ઘદશા–આ સૂત્રમાં ચન્દ્ર અને સૂર્ય વિષયક અધ્યયનો છે

સંક્ષેપિકદશા–આ સૂત્ર ક્ષુદ્રિકા વિમાન પ્રવિભક્તિ આદિ દસ અધ્યયનોથી યુક્ત છે.

ઉપર્યુક્ત ૧૦ દશાઓ (સૂત્રો)માંથી બન્ધદશા, દ્વિગૃદ્ધિદશા, દીર્ઘદશા અને સંક્ષેપિકદશા, આ ચાર દશાઓ(સૂત્રગ્રન્થો) વિચ્છિન્ન થઈ ગયેલ છે. આ પ્રકારે દશ દશાઓ (સૂત્રો)નાં નામોનું કથન કરીને હવે સૂત્રકાર તે પ્રત્યેક દશાના દસ દસ અધ્યયનોનાં નામ પ્રકટ કરે છે—

"कम्मविवागदसाणं" ઈત્યાદિ—

કર્મવિપાકદશાના મૃગપુત્ર, ગોત્રાસાદિક વિગેરે દસ અધ્યયનો છે. આ નામો વાચનાન્તરની અપેક્ષાએ આપ્યાં છે. ઉપાસકદશાના આનંદ આદિ ગાથાપતિનું ચરિત્રનું નિરૂપણ કરનારા આનંદ આદિ નામના દસ અધ્યયનો છે.

અન્તકૃતદશાના "णमिमातंगे" ઈત્યાદિ નામના દસ અધ્યયનો છે. આ અધ્યયનો વાચનાન્તરની અપેક્ષાએ સમજવાના છે, અનુત્તરોપપાતિક દશાના તૃતીય વર્ગમાં ઋષિદાસ, ધન્ય આદિ દસ અધ્યયનો કહ્યાં છે. આ અધ્યયનો પણ વાચનાન્તરની અપેક્ષાએ કહ્યાં છે, એમ સમજવું. દશાશ્રુતસ્કન્ધરૂપ જે આચારદશા છે તેના દસ અધ્યયનો છે. તે અધ્યયનોમાં ૨૦ અસમાધિસ્થાનોનું અને ૨૧ શબલ આદિ દશાઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પ્રશ્નવ્યાકરણ

દશાના ઉપમા, સંખ્યા આદિ દસ અધ્યયન છે હાલમાં તે અધ્યયનો વિચ્છિન્ન થઈ ગયેલા હોવાથી અપ્રાપ્ય છે. પરન્તુ પ્રચલિત પ્રશ્નવ્યાકરણદશામાં પાંચ આસ્રવ દ્વાર અધ્યયનો અને પાંચ સંવર દ્વાર અધ્યયનો ઉપલબ્ધ છે. બન્ધ-દશાના બન્ધ, મોક્ષ આદિ દસ અધ્યયનો છે. આ અધ્યયનો વિચ્છિન્ન થઇ ગયા હોવાથી "બન્ધદશા" આ નામ સિવાયનું તેમાં પ્રતિપાદિત કોઇ પણ સાહિત્ય ઉપલબ્ધ નથી. વાત, વિવાત આદિ દસ અધ્યયનોયુકત દ્વિગૃદ્ધિદશા નામનું સૂત્ર પણ વિચ્છિન્ન થઈ ગયું છે અને તેનું નામ માત્ર જ રહી ગયું છે. ચન્દ્ર, સૂર્ય, શુક્ર આદિ દસ અધ્યયનોથી યુકત દીર્ઘદશા નામનું સૂત્ર પણ વિચ્છિન્ન થઈ ગયું છે; પરન્તુ તેના કેટલાક અધ્યયનો નિરયાવલિકા સૂત્રમાં જોવા મળે છે. જેમ કે-ચન્દ્ર, સૂર્ય, શુક્ર, બહુપુત્રિકા, આ ચ.ર અધ્યયનો પુષ્પિતા નામના ત્રીજા વર્ગમાં જોવા મળે છે, આઅને શ્રીદેવી નામનું અધ્યયન પુષ્પચૂલિકા નામના ચોથા વર્ગમાં જોવા મળે છે, પરન્તુ બાકીના અધ્યયનો અપ્રાપ્ય છે. ક્ષુદ્રિકા વિમાનપ્રવિભકિત, મહતી વિમાન પ્રવિભકિત, ઇત્યાદિ દસ અધ્ય યનોથી યુકત સંક્ષેપિકદશા નામનું સૂત્ર પણ વિચ્છિન્ન થઇ ગયેલું હોવાથી અપ્રાપ્ય ગણાય છે. ॥ સૂ. ૬૧ ॥

આગલા સૂત્રમાં શ્રુતની વાત કરી. શ્રુતનો કાળવિશેષમાં જ સદ્ભાવ હોય છે. તેથી હવે સૂત્રકાર કાળવિશેષનું કથન કરે છે.

"दस सागरकोडाकोडीओ कालो" ઇત્યાદિ—(સૂ ૬૨)

ટીકાર્થ-ઉત્સર્પિણીકાળનું દસ સાગરોપમ'કોટીકોટીનું પ્રમાણ કહ્યું છે. એટલું જ પ્રમાણ અવસર્પિણીકાળનું પણ સમજવું ॥ સૂ. ૬૨ ॥

## નારકાદિ જીવકે દ્રવ્યભેદકા નિરૂપણ

ઉપધિને આધારે જેમ કાળદ્રવ્યના ભેદ પડે છે, એજ પ્રમાણે ઉપધિને આધારે નારકાદિ જીવોના પણ ભેદ પડે છે. એજ વાત હવે સૂત્રકાર પ્રકટ કરે છે—

"दसविहा नेरइया पण्णत्ता"—(સૂ. ૬૩)

ટીકાર્થ-નારક જીવના નીચે પ્રમાણે દસ પ્રકાર કહ્યા છે—(૧) અનન્તરોપપન્ન, (૨) પરમ્પરોપપન્ન, (૩) અનન્તરાવગાઢ, (૪) પરામ્પરાવગાઢ, (૫) અનન્તરા હારક, (૬) પરમ્પરાહારક, (૭) અનન્તરપર્યાપ્ત, (૮) પરમ્પરપર્યાપ્ત, (૯) ચરમ અને (૧૦) અચરમ,

જે નારકો સદ્યોજાત-આ સમયે જ નારક રૂપે ઉત્પન્ન થયેલા છે તેમને અનન્તરોપપન્ન નારકો કહે છે અન્તર એટલે સમયનું વ્યવધાન જેને લાગુ પડયું હોતું નથી તેને અનન્તર કહે છે. એવું અનન્તર વર્તમાન સમયરૂપ હોય છે. તેથી આ વર્તમાન સમયમાં જ જેઓ ઉત્પન્ન થાય છે તેમને અનન્તરોપપન્ન

કહે છે. એટલે કે જે નારકોને ઉત્પન્ન થયા બાદ એક પણ સમય વ્યતીત થઇ ગયો નથી-જેઓ બરાબર આ સમયે જ ત્યાં ઉત્પન્ન થયા છે, એવા નારકોને અનન્તરોપપન્નક નારકો કહે છે.

પરમ્પરોપપન્ન-જે નારકોને નારક રૂપે ઉત્પન્ન થયાને બે આદિ સમય વ્યતીત થઈ ગયા છે તે નારકોને પરમ્પરોપપન્ન કહે છે. આ બન્ને કાળકૃત ભેદો છે.

અનન્તરાવગાઢ-જે નારકો અવ્યવહિત ક્ષેત્રપ્રદેશોમાં અવગાહનાવાળા છે, તે નારકોને અનન્તરાવગાઢ કહે છે. અથવા-પ્રથમ સમયમાં જે નારકો ક્ષેત્રપ્રદેશોમાં અવગાઢ છે તે નારકોને અનન્તરાવગાઢ છે કહે છે.

પરમ્પરાવગાઢ-જે નારકોને પરમ્પરાવગાઢ (અવગાહનાવાળા) છે, તે નારકોને પરમ્પરાવગાઢ કહે છે. અથવા બે આદિ સમયના વ્યવધાનથી જે નારકો ક્ષેત્રપ્રદેશોમાં અવગાહનાવાળા છે, તે નારકોને પરમ્પરાવગાઢ કહે છે, ત્રીજો અને ચોથો ભેદ ક્ષેત્રની અપેક્ષાએ પાડવામાં આવ્યો છે.-

અનન્તરાહારક-જે નારકો જીવપ્રદેશોથી આક્રાન્ત અથવા જીવપ્રદેશોની સાથે સ્પૃષ્ટ એવાં અવ્યવહિત પુદ્ગલોનો આહાર કરે છે તે નારકોને અનન્તરાહારક કહે છે. અથવા જે નારકો પ્રથમ સમયમાં પુદ્ગલોનો આહાર કરે છે, તે નારકોને અનન્તરાહારક કહે છે.

પરમ્પરાહારક-પૂર્વ વ્યવહિત થયેલાં જીવપ્રદેશાગત પુદ્ગલોનો જે નારકો આહાર કરે છે તે નારકોને પરમ્પરાહારક કહે છે. અથવા બે આદિ સમયના વ્યવધાન બાદ બે આદિ સમય વ્યતીત થઈ ગયા બાદ-જીવપ્રદેશાગત પુદ્ગલોનો જે નારકો આહાર કરે છે, તે નારકોને પરમ્પરાહારક કહે છે. આ બન્ને ભેદો દ્રવ્યકૃત ભેદો છે.

અનન્તર પર્યાપ્ત જે નારકોને પર્યાપ્ત થવામાં કોઈ પણ વ્યવધાન (સમયનું અંતર) પડતું નથી એવા પ્રથમ સમયમાં પર્યાપ્ત બનેલા નારક જીવોને અનન્તર પર્યાપ્ત કહે છે.

પરમ્પરપર્યાપ્ત-જે નારકો બે આદિ સમય વ્યતીત થયા બાદ પર્યાપ્ત થાય છે તેમને પરમ્પરપર્યાપ્ત કહે છે. આ બન્ને ભેદ ભાવકૃત છે.

ચરમ નારક-જે નારકો નરકગતિમાંથી નીકળ્યા બાદ ફરી નરકગતિમાં જતા નથી તેમને ચરમ નારકો કહે છે.

અચરમનારક-જે નારકો નરકમાંથી નીકળીને ફરી નરકગતિમાં ઉત્પન્ન થવાના હોય છે તેમને અચરમનારકો કહે છે. આ બન્ને ભેદ પણ ભાવકૃત છે, કારણ કે ચરમતા અને અચરમતા, આ બન્ને જીવની પર્યાયરૂપ હોય છે. આ પ્રકારે દંડકમાંથી પહેલા દંડકના જીવોના ભેદોનું કથન કરીને હવે બાકીના ૨૩ દંડકના ભેદોનું સૂત્રકાર કથન કરે તે-" एवं निरंतरं वेमाणियाणं " ઈત્યાદિ —આ સૂત્રપાઠ દ્વારા સૂત્રકારે એ વાત પ્રકટ કરી છે વૈમાનિકો પર્યન્તના બાકીના ૨૩ દંડકોના જીવોના પણ નારકોના જેવો જ દસ દસ પ્રકાર સમજવો.

આ પ્રકારે ૨૪ દંડકના નારકાદિ જીવોના ભેદોનું કથન કરીને હવે સૂત્રકાર નારકોના નિવાસસ્થાનરૂપ જે નરકાવાસો છે તેમનું દસ સ્થાનકરૂપે કથન કરે છે-

" चउत्थीपणं " ઈત્યાદિ—

ચોથી પંકપ્રભા નામની નરકમાં દસ લાખ નિરયાવાસો કહ્યા છે. પહેલી રત્નપ્રભા નરકના નારકોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની કહી છે. ચોથી પંકપ્રભા પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ સાગરોપમની કહી છે.

પાંચમી ધૂમપ્રભા નરકમાં નારકોની જઘન્ય સ્થિતિ દસ સાગરોપમની કહી છે. અસુરકુમારોની જઘન્યસ્થિતિ દસ હજાર વર્ષની કહી છે. સ્તનિતકુમારો પર્યન્તના બાકીના ભવનપતિ દેવોની જઘન્ય સ્થિતિ પણ દસ હજાર વર્ષની કહી છે. બાદર વનસ્પતિકાયિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ હજાર વર્ષની કહી છે. વ્યન્તર દેવોની દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની કહી છે. બ્રહ્મલોક કલ્પના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની કહી છે અને લાન્તક કલ્પના દેવોની જઘન્ય સ્થિતિ દસ સાગરોપમની કહી છે. ॥ સૂત્ર ૬૩ ॥

આગલા સૂત્રમાં લાન્તક કલ્પના દેવોની જઘન્ય સ્થિતિ પ્રકટ કરવામાં આવી છે. તે લાન્તક આદિ કલ્પના દેવો પ્રાપ્ત ભદ્રવાળા-પ્રાપ્ત કલ્યાણવાળા હોય છે. તેથી હવે સૂત્રકાર ભદ્રકારી (કલ્યાણકારી) કર્મોનાં કારણોનું નિરૂપણ કરે છે—' दसहिं ठाणेहिं जीवा " ઈત્યાદિ—(સૂ. ૬૪)

ટીકાર્થ—જીવ દસ કારણોને લીધે આગમિષ્યદ્ ભદ્રતાને માટે-ભાવી કલ્યાણને માટે-કર્મ કરે છે. ભવિષ્યકાળમાં સુમાનુષત્વની પ્રાપ્તિ દ્વારા મોક્ષરૂપ અથવા સુદેવત્વરૂપ અને ત્યારબાદ સુમાનુષત્વની પ્રાપ્તિ દ્વારા મોક્ષરૂપ કલ્યાણની જેને પ્રાપ્તિ થવાની હોય છે, એવા જીવને "આગમિષ્યદ્ભદ્રજીવ" કહે છે, અને તેનો જે ભાવ છે તેનું નામ આગમિષ્યદ્ ભદ્રતા છે. આ ભદ્રતાને માટે-આ ભાવિકલ્યાણને માટે જીવ નિદાન આદિ બંધરહિત થઈને શુભ પ્રકૃતિ રૂપ કર્મ સારામાં સારી રીતે કરે છે. તે દસ કારણો નીચે પ્રમાણે છે—

(૧) અનિદાનતા-આનંદ રસથી મિશ્રિત, અને મોક્ષરૂપ ફલની પ્રાપ્તિ કરાવનારી એવી જ્ઞાનાદિની આરાધના રૂપલતા જેના દ્વારા છેદાઈ જાય છે તે પ્રાર્થના અથવા નિયાણાનું નામ નિદાન છે. જેમ કે જ્ઞાનાદિની આરાધના કરનારો કોઇ જીવ નિયાણું બાંધે કે મારા તપના પ્રભાવથી મને ચક્રવર્તી પદની પ્રાપ્તિ થાય અથવા દેવેન્દ્રોની સમૃદ્ધિની મને સંપ્રાપ્તિ થાય, તો આ પ્રકારના તેના નિદાન દ્વારા તે મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરવાને બદલે સંસારમાં અટવાયા કરે છે-

જે જીવમાં આ પ્રકારના નિદાનનો અભાવ હોય છે તે જીવને અનિદાનતાવાળો જીવ કહે છે. એટલે કે નિદાન રહિતતાના ભાવને અનિદાનતા કહે છે આ નિદાન રહિતતાપૂર્વક પ્રશસ્ત કર્મનું સેવન કરીને જીવ ભવિષ્યમાં ભદ્રતા-કલ્યાણની પ્રાપ્તિ કરે છે. આ રીતે અનિદાનતારૂપ કારણ પણ તેના ભાવિ કલ્યાણનું સાધક બને છે.

(૨) દૃષ્ટિસંપન્નતા-સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિ કહે છે. આ સમ્યગ્દૃષ્ટિથી યુક્ત જે જીવ હોય છે તેને દૃષ્ટિસંપન્ન કહે છે. આ દૃષ્ટિસંપન્નનો જે ભાવ છે તેનું નામ દૃષ્ટિસંપન્નતા છે. આ દૃષ્ટિસંપન્નતાને કારણે પણ જીવ પોતાની ભાવિ ભદ્રતાને નિમિત્તે શુભકર્મનું આચરણ કરે છે. આ રીતે દૃષ્ટિસંપન્નતા પણ ભાવિકલ્યાણ સાધવાનું કારણભૂત બને છે.

(૩) યોગવાહિકતા–જે જીવ સદા નિઃસ્પૃહતારૂપ સમાધિથી યુક્ત રહે છે તે જીવને યોગવાહી અથવા યોગવાહિક કહે છે. આ યોગવાહિકનો જે ભાવ છે તેનું નામ યોગવાહિકતા છે. એટલે કે સર્વત્ર અનુત્કંઠા ( અનુત્સુકતા અથવા નિઃસ્પૃહતા ) ભાવ રાખનારો જીવ યોગવાહિક કહેવાય છે. એવો જીવ પણ પોતાની યોગવાહિકતાને કારણે પોતાની ભાવિભદ્રતાને નિમિત્તે શુભકર્મમાં પ્રવૃત્ત થાય છે. આ રીતે યોગવાહિકતા પણ ભાવિ કલ્યાણની સાધક બને છે.

(૪) ક્ષાન્તિ ક્ષમણતા–શક્તિનો સદ્ભાવ હોવા છતાં પણ ક્ષમાભાવપૂર્વક અન્યના અપરાધોને સહન કરી લેનાર વ્યક્તિને ક્ષાન્તિક્ષમણતા કહે છે. આ ક્ષાન્તિક્ષમણતાને લીધે પણ જીવ આગામી કાળમાં પોતાનું કલ્યાણ થાય એવાં શુભ કર્મોનું સેવન કરે છે. આ પ્રકારે ક્ષાન્તિક્ષમણતા પણ ભાવિકલ્યાણની સાધક બને છે.

(૫) જિતેન્દ્રિયતા–જે જીવ ઇન્દ્રોયોને પોતાના કાબૂમાં રાખે છે તે જીવને જિતેન્દ્રિય કહે છે. જિતેન્દ્રિયનો જે ભાવ છે તેનું નામ જિતેન્દ્રિયતા છે. આ જિતેન્દ્રિયતાને કારણ પણ જીવ એવાં પ્રશસ્ત કર્મોમાં પ્રવૃત્ત થાય છે કે જેને લીધે તેને ભવિષ્યમાં ભદ્રતા (કલ્યાણ)ની પ્રાપ્તિ થાય છે. આ રીતે જિતેન્દ્રિયતા પણ ભાવિકલ્યાણની પ્રાપ્તિમાં કારણભૂત બને છે.

અમાયિકતા–સરલતા અથવા નિષ્કપટતા યુક્ત જીવને અમાયિકતાને કારણે પણ જીવ ભાવિભદ્રતાને યોગ્ય પ્રશસ્ત કર્મોમાં પ્રવૃત્ત થાય છે. આ રીતે અમાયિકતા પણ ભાવિકલ્યાણની પ્રાપ્તિ બને છે.

(૭) અપાર્શ્વસ્થતા–જે જીવ પાર્શ્વસ્થ હોતો નથી–એટલે કે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ આત્મપરિણતિમાં જે જીવ રમણ કરે છે તેને અપાર્શ્વસ્થ કહે છે. અથવા જે જીવ શય્યાતરના નિત્ય પિંડનો અભોજી હોય છે એવો જીવ પણ ભાવિ ભદ્રતાને યોગ્ય શુભ પ્રવૃત્તિરૂપ કર્મનું આચરણ કરવામાં પ્રવૃત્ત રહે છે. પાર્શ્વસ્થલક્ષણ આ પ્રમાણે કહ્યું છે—" सो पासत्थो दुविहो " ઇત્યાદિ--

જે જીવ ઉપર ઉપરથી જ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું પાલન કરે છે તેને પાર્શ્વસ્થ કહે છે.

(૮) સુશ્રામણ્યતા–જેમનું શ્રામણ્ય (ચારિત્ર) પાર્શ્વસ્થ આદિરૂપ દોષોના અભાવથી અને મૂળગુણ અને ઉત્તર ગુણોથી યુક્ત હોવાને કારણે સુંદર (પ્રશસ્ત) હોય છે એવા સાધુને સુશ્રમણ કહે છે. તે સાધુમાં રહેલા ગુણનું નામ સુશ્રામણ્યતા છે. આ સુશ્રામણ્યતાને કારણે પણ જીવ પોતાની આગામી ભદ્રતાને યોગ પ્રશસ્ત કર્મોમાં પ્રવૃત્ત થાય છે.

(૯) પ્રવચનવત્સલતા–દ્વાદશાંગીરૂપ આગમનું નામ પ્રવચન છે. અથવા તેના આધારરૂપ જે સંઘ છે તેનું નામ પ્રવચન છે. આ પ્રવચન પ્રત્યે વત્સલતા હોવી –તેના વિરૂદ્ધનો વ્યવહાર કરવાને બદલે તેના હિતકારી થવું તેનું નામ પ્રવચન વત્સલતા છે. તેને કારણે પણ જીવ પોતાના ભાવિકલ્યાણને યોગ્ય પ્રશસ્ત કર્મોનું આચરણ કરે છે.

(૧૦) પ્રવચનોદ્ભાવનતા–જે જીવ દ્વાદશાંગીરૂપ પ્રવચનની સઘળી વિશિષ્ટતાઓનું પ્રદર્શન કરે છે–તેની પ્રભાવના કરે છે–તે જીવના તે શુભ કાર્યને પ્રવચનોદ્ભાવન કહે છે. તે પ્રવચનોદ્ભાવનનો જે ભાવ છે તેનું નામ પ્રવચનોદ્ભાવનતા છે. એટલે કે પ્રવચનની પ્રભાવનાનું નામ પ્રવચનોદ્ભાવનતા છે. તેને કારણે પણ જીવ આગામી કાળમાં ભદ્રતા (કલ્યાણ) સાધવામાં કારણભૂત બને એવાં પ્રશસ્ત કર્મો કરવાને સદા તત્પર રહે છે. આ પ્રકારે અનિદાનતાથી લઇને પ્રવચનોદ્ભાવનતા સુધીના દસ કારણોને લીધે જીવ ભાવિભદ્રતા (કલ્યાણ)ને યોગ્ય શુભપ્રકૃતિ રૂપ કર્મના આચરણ માટે કટિબદ્ધ રહે છે, એવો આ સૂત્રનો આશય છે. ।સૂ. ૬૪।

ભાવિ ભદ્રતાના (કલ્યાણના કારણભૂત શુભ પ્રકૃતિરૂપ કર્મનું આચરણ કરતા સાધુઓએ કદી પણ આશંસાપ્રયોગ (ઇચ્છારૂપ મનોવ્યાપાર) કરવો જોઈએ નહી. હવે સૂત્રકાર આશંસાપ્રયોગના દસ પ્રકારોનું કથન કરે છે—

"दसविहे आसंसप्पओगे पण्णत्ते" ઈત્યાદિ—(સૂ ૬૫)

ટીકાર્થ-આશંસાપ્રયોગના દસ પ્રકાર કહ્યા છે-(૧) ઈહલોકાશંસાપ્રયોગ, (૨) પરલોકાશંસાપ્રયોગ,(૩)દ્વિધાતોલોકાશંસાપ્રયોગ, (૪)જીવિતાશંસાપ્રયોગ,(૫) મરણાશંસાપ્રયોગ, (૬) કામાશંસાપ્રયોગ, (૭) ભોગાશંસાપ્રયોગ, (૮) લાભાશંસા-પ્રયોગ, (૯) પૂજાશંસાપ્રયોગ અને (૧૦) સત્કારાશંસાપ્રયોગ.

ઇચ્છાને આશંસા કહે છે. કોઇ પણ વસ્તુની ઇચ્છા કરવી તેનું નામ આશંસાપ્રયોગ છે. અથવા વ્યાપારનું નામ આશંસાપ્રયોગ છે. હવે આ દસે પ્રકારના આશંસાપ્રયોગોનો ભાવાર્થ સ્પષ્ટ કરવામાં આવે છે—

ઈહલોકાશંસાપ્રયોગ-મારા આ તપના પ્રભાવથી મને આ લોકમાં ધન આદિ સમૃદ્ધિની પ્રાપ્તિ થાય, એ પ્રકારની અભિલાષા સેવવી તેનું નામ ઈહલોકા-શંસા પ્રયોગ છે.

પરલોકાશંસા પ્રયોગ-મારા આ તપના પ્રભાવથી મને પરભવમાં દેવ, ઈન્દ્ર, સામાનિક દેવ, ચક્રવર્તી આદિ પદની પ્રાપ્તિ થાય, આ પ્રકારની અભિલાષા સેવવી તેનું નામ પરલોકાશંસા પ્રયોગ છે.

દ્વિધાતોલોકાશંસાપ્રયોગ-મારા તપના પ્રભાવથી હું આ લોકમાં સમૃદ્ધિ આદિથી સંપન્ન બનું અને પરલોકમાં પણ દેવ, ઇન્દ્ર આદિ પદની પ્રાપ્તિ કરૂં, આ પ્રકારની બન્ને લોકસંબંધી અભિલાષા મેળવવી તેનું નામ દ્વિધાતોલોકાશંસા પ્રયોગછે,

જીવિતાશંસા પ્રયોગ-તપ આદિના પ્રભાવથી દીર્ઘાયુની પ્રાપ્તિ ઇચ્છવી તેનું નામ જીવિતાશંસા પ્રયોગ છે.

મરણાશંસાપ્રયોગ-રોગાદિથી કંટાળીને મરણ અભિલાષા કરવી તેનું નામ મરણાશંસા પ્રયોગ છે.

કામાશંસાપ્રયોગ-મનોહર શબ્દ સાંભળવાની અને સુંદરરૂપ નિહાળવાની અભિલાષા સેવવી તેનું નામ કામાશંસા પ્રયોગ છે.

ભોગાશંસાપ્રયોગ-મનોજ્ઞ ગન્ધ, રસ અને સ્પર્શને ભોગ કહે છે, આ ભોગવિષયક જે અભિલાષા થાય છે તેનું નામ ભોગાશંસાપ્રયોગ છે. એટલે કે

"મને મનોજ્ઞ ગન્ધ, રસ અને સ્પર્શ ભોગવવા મળે, આ પ્રકારની ઈચ્છાનું નામ ભોગાશંસાપ્રયોગ છે.

લાભાશંસાપ્રયોગ-લાભ એટલે પ્રાપ્તિ. પ્રાપ્તિવિષયક આશંસા કરવી તેનું નામ લાભાશંસાપ્રયોગ છે જેમ કે "મને કીર્તિ મળે, મને શ્રુતાદિનો લાભ મળે," આ પ્રકારની અભિલાષા સેવવી તેનું નામ લાભાશંસાપ્રયોગ છે.

પૂજાશંસાપ્રયોગ–સમસ્ત લોકો દ્વારા અભિવંદનીયતાનું નામ પૂજા છે. આ પૂજાવિષયક જે આશંસાપ્રયોગ છે તેનું નામ પૂજાશંસાપ્રયોગ છે. જેમ કે "બધાં લોકો મને વન્દે," આ પ્રકારની ઈચ્છા સેવવી તેનું નામ પૂજાશંસાપ્રયોગ છે

સત્કારાશંસાપ્રયોગ–વસ્ત્રાદિ પ્રદાનપૂર્વક સમ્માન કરવું તેનું નામ સત્કાર છે. "વસ્ત્રાદિ પ્રદાનપૂર્વક લોકો મારૂં સન્માન કરે." આ પ્રકારની અભિલાષા સેવવી તેનું નામ સત્કારાશંસાપ્રયોગ છે. ॥ સૂત્ર ૬૫ ॥

## દશ પ્રકારકે ધર્મકા નિરૂપણ

આ લોકમાં આશંસાપ્રયોગ પૂર્વક પણ કેટલાક લોકો ધર્મનું આચરણ કરે છે. તેથી હવે સૂત્રકાર દસ પ્રકારના ધર્મનું કથન કરે છે—

" दसविहे धम्मे पण्णत्ते " ઈત્યાદિ—(સૂ. ૬૬)

ટીકાર્થ–ધર્મ દસ પ્રકારના કહ્યા છે–(૧) ગ્રામધર્મ, (૨) નગરધર્મ, (૩) રાષ્ટ્રધર્મ, (૪) પાષંડધર્મ, (૫) કુળધર્મ, (૬) ગણધર્મ, (૭) સંઘધર્મ, (૮) શ્રુતધર્મ, (૯) ચારિત્રધર્મ અને (૧૦) અસ્તિકાયધર્મ.

અહીં ધર્મ શબ્દનો અર્થ વ્યવસ્થા થાય છે તેના ગ્રામધર્મ આદિ જે દસ પ્રકારો બતાવવામાં આવ્યા છે, તેનો આ પ્રમાણે અર્થ થાય છે–

ગ્રામધર્મ–લોકોના નિવાસસ્થાનરૂપ ધર્મ–વ્યવસ્થા–છે, તેનું નામ ગ્રામધર્મ છે પ્રત્યેક ગામનો વિશિષ્ટ પ્રકારનો ગ્રામધર્મ હોય છે.

નગરધર્મ–પુર અથવા શહેરને નગર કહે છે. આ નગરોમાં અથવા આ નગરજનોનું જે સમાચરણ છે–જે વ્યવસ્થા છે, તેનું નામ નગરધર્મ છે. સામાન્ય રીતે પ્રત્યેક નગરનો ધર્મ અથવા વ્યવસ્થા અલગ અલગ પ્રકારની હોય છે.

રાષ્ટ્રધર્મ—દેશને રાષ્ટ્ર કહે છે. આ રાષ્ટ્રનો જે ધર્મ (આચાર) હોય છે તેનું નામ રાષ્ટ્રધર્મ પણ પ્રત્યેક રાષ્ટ્રની અપેક્ષાએ વિચારવામાં આવે તો અલગ અલગ હોય છે.

પાષંડધર્મ—શ્રમણોને પાષંડ કહે છે. તે શ્રમણોનો જે ધર્મ છે તેને પાષંડધર્મ કહે છે.

કુળધર્મ—ઉગ્રાદિ જે કુળો હોય છે તેમના ધર્મને કુળધર્મ કહે છે. અથવા—સાધુઓના જે ગચ્છ હોય છે તેમને કુળ કહે છે. તે કુળોની જે સામાચારી છે તેનું નામ કુળધર્મ છે.

ગણધર્મ—મલ્લ આદિ જાતિઓના ગણનો જે ધર્મ છે તેનું નામ ગણધર્મ છે, અથવા સાધુઓના ગચ્છના સમુદાયને ગણ કહે છે. તે સમુદાયનો જે ધર્મ અથવા સામાચારી છે તેને ગણધર્મ કહે છે.

સંઘધર્મ—સમાન શીલવાળા જનોના સમૂહને સંઘ કહે છે. તે સંઘની જે વ્યવસ્થા છે તેને સંઘધર્મ કહે છે. અથવા—સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, આ ચારેનો સંઘ બને છે. તે સંઘનો જે ધર્મ છે તેને સંઘધર્મ કહે છે.

શ્રુતધર્મ—આચાર આદિનું નામ શ્રુત છે. આ શ્રુતરૂપ ધર્મ જ દુર્ગતિમાં પડતાં જીવોનો ઉદ્ધારક ગણાય છે. તે શ્રુતધર્મ આચારાંગ આદિ આગમરૂપ હોય છે.

ચારિત્રધર્મ—સંસારના કારણભૂત જે કર્મોનો નાશ કરનારું જે જિનપ્રણીત અનુષ્ઠાન છે, તેનું નામ ચારિત્રધર્મ છે. આ ચારિત્રધર્મ ચારિત્રાનુષ્ઠાનરૂપ સમજવો.

અસ્તિકાયધર્મ—પ્રદેશોને અસ્તિ કહે છે. અને સમુદાયને કાય કહે છે. પ્રદેશોના સમૂહને અસ્તિકાય કહે છે. તે પ્રદેશોનો સમુદાય જ ધર્મરૂપ છે. ધર્માસ્તિકાય આદિકોના ધર્મનું નામ જ અસ્તિકાયધર્મ છે. ॥ સૂ. ૯૬ ॥

ગ્રામધર્મ આદિ દસ પ્રકારના ધર્મોના નિર્માતા સ્થવિરોને જ ગણવામાં આવે છે, તેથી હવે સૂત્રકાર તે સ્થવિરોનું કથન કરે છે—

## દશ પ્રકારકે સ્થવિરોંકા નિરૂપણ

"दस थेरा पण्णत्ता" ઇત્યાદિ—(સૂ. ૬૭)

ટીકાર્થ–જેઓ દુર્વ્યવસ્થિતજનોને સન્માર્ગમાં સ્થાપિત કરે છે–અથવા કુમાર્ગે જતા જનોને જેઓ સન્માર્ગે સ્થિર કરે છે, તેમને સ્થવિર કહે છે તે સ્થવિરો વ્યવસ્થા કરવાના સ્વભાવવાળા અને બુદ્ધિશાળી હોય છે, તથા તેમની વાતને દરેક માણુસ માને છે. તેઓ પ્રભાવસંપન્ન હોય છે તે સ્થવિરોના નીચે પ્રમાણે દસ પ્રકાર કહ્યા છે–(૧) ગ્રામસ્થવિર, (૨) નગરસ્થવિર, (૩) રાષ્ટ્રસ્થવિર, (૪) પ્રશાસ્તૃસ્થવિર, (૫) કુલસ્થવિર, (૬) ગણુસ્થવિર, (૭) સંઘસ્થવિર, (૮) જાતિસ્થવિર, (૯) શ્રુતસ્થવિર અને (૧૦) પર્યાયસ્થવિર—

ગ્રામસ્થવિર–ગામની વ્યવસ્થા કરનાર વ્યક્તિને ગ્રામસ્થવિર કહે છે. નગરસ્થવિર–નગરની વ્યવસ્થા કરનારને નગરસ્થવિર કહે છે. દેશની વ્યવસ્થા કરનારને રાષ્ટ્રસ્થવિર કહે છે, ધર્મનો ઉપદેશ દેનારને અને લોકોને ધર્મમાં સ્થિર કરનારને પ્રશાસ્તૃસ્થવિર કહે છે. કુલસ્થવિર, ગણુસ્થવિર અને સંઘસ્થવિરની વ્યાખ્યા આગળ કહ્યા પ્રમાણે સમજવી ૬૦ વર્ષની જન્મપર્યાય જેણે વ્યતીત કરી નાખી છે એવી વ્યક્તિને જાતિસ્થવિર કહે છે. આચાર આદિ અંગોનો જે ધારક હોય છે તેને શ્રુતસ્થવિર કહે છે. જેણે ૨૦ વર્ષની દીક્ષા પર્યાય પાળી લીધી હોય એવી વ્યક્તિને પર્યાયસ્થવિર કહે છે. ॥ સૂત્ર ૬૭॥

## પુત્રકે ભેદોંકા નિરૂપણ

સ્થવિરો પોતાના આશ્રિતોનું પુત્રની જેમ પાલન કરે છે, તેથી હવે સૂત્રકાર પુત્રના ભેદોનું કથન કરે છે,—"दसपुत्ता पण्णता" ઈત્યાદિ—(સૂ. ૬૮)

ટીકાર્થ–પુત્ર દસ પ્રકારના કહ્યા છે—(૧) આત્મજ, (૨) ક્ષેત્રજ, (૩) દત્તક, (૪) વિનયિત, (૫) ઔરસ, (૬) મૌખર, (૭) શૌંડીર, (૮) સંવર્દ્ધિત, (૯) ઔપયાચિતક અને (૧૦) ધર્માન્તેવાસી.

જે સદાચારના પાલન વડે પોતાના પિતાની મર્યાદાને પવિત્ર રાખે છે, તેને પુત્ર કહેવાય છે. તેના આત્મજ આદિ દસ પ્રકારોનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—

આત્મજ—પિતાના શરીરથી (વીર્યથી) જે પુત્ર ઉત્પન્ન થાય છે તેને આત્મજ કહે છે. જેમ કે ઋષભનો પુત્ર ભરત.

ક્ષેત્રજ—જે પુત્ર સ્ત્રીથી ઉત્પન્ન થાય છે (પતિના સંસર્ગ વિના ઉત્પન્ન થાય છે) તેને ક્ષેત્રજ કહે છે. જેમ કે પાંડુ રાજાની પત્ની કુંતીએ ધર્માદિકો દ્વારા યુધિષ્ઠિર આદિનો જન્મ આપ્યો હતો.

દત્તકપુત્ર—કોઈ અન્ય વ્યક્તિના પુત્રને પોતાના પુત્ર રૂપે સ્વીકારવામાં આવે, તો તે પુત્રને દત્તક પુત્ર કહે છે જેમકે—બાહુબલિનો અનિલવેગ. અનિલવેગને બાહુબલિ પુત્રસમાન ગણાતો હતો, તેથી તેને તેનો દત્તકપુત્ર ગણ્યો છે. એજ પ્રમાણે બાકીના પુત્રપ્રકારોમાં પણ પુત્રતુલ્યતાને કારણે જ પુત્રતા સમજવી. શિષ્યને વિનયિતપુત્ર કહે છે. જેના પ્રત્યે દિલમાં પુત્રના જેવો પ્રેમ ઉભરાય છે—

જે પ્રેમની પ્રખરતાને કારણે હૃદયમાં પુત્રના જેવું સ્થાન જમાવે છે, તેને ઔરસપુત્ર કહે છે. મીઠી વાણી બોલવાને કારણે જે પોતાને પુત્ર રૂપે પ્રકટ કરે છે, તેને મૌખરપુત્ર કહે છે. કોઇ શૂરવીર પુરુષ દ્વારા યુદ્ધમાં પરાજિત થયેલો પુરુષ જો પોતાની જાતને તે શૂરવીરના પુત્ર રૂપે પ્રકટ કરતો હોય તો તેને શૌંડીરપુત્ર કહે છે.

અથવા—"विण्णए४, उरसे५, मोहरे३, सोंडीरे७" ચાર પદોને ગુણભેદની અપેક્ષાએ પુત્રવિષયક જ સમજવા જોઇએ "विण्णए" આ પદની સંસ્કૃત છાયા "विज्ञक" થાય છે. તે સંસ્કૃત છાયાની અપેક્ષાએ તેનો અર્થ 'વિદ્વાન' થાય છે. અભયકુમારની જેમ જે પુત્ર વિદ્વાન હોય છે તેને વિજ્ઞકપુત્ર કહેવામાં આવે છે. બાહુબલીની જેમ જે પુત્ર બળવાન હોય છે તેને તેની બલવત્તાને કારણે ઔરસપુત્ર કહેવામાં આવે છે. જે પુત્ર મધુરભાષી હોય છે તેને મૌખર પુત્ર કહેવામાં આવે છે. જેમ કે રામચન્દ્રજીને તેમનાં મધુરભાષા યુક્તતાના ગુણને

કારણે મૌખરપુત્ર કહી શકાય છે. શૌર્ય અથવા ગર્વથી યુક્ત પુત્રને શૌંડીર-પુત્ર કહેવામાં આવેલ છે.

સંવર્દ્ધિતપુત્ર–આહાર આદિ દઈને જેનું સંવર્ધન–પાલનપોષણ–કરવામાં આવે છે તેને સંવર્દ્ધિતપુત્ર કહે છે. જેમ કે અનાથપુત્ર.

ઔપયાચિતકપુત્ર–દેવતાની આરાધનાને કારણે જે પુત્રની પ્રાપ્તિ થાય છે તે પુત્રને ઔપયાચિતકપુત્ર કહે છે. જેમ કે સુલસાના છ પુત્રો. અથવા–"उववाइयए" આ પદની સંસ્કૃત છાયાની અપેક્ષા એ તેનો અર્થ આ પ્રમાણે થાય છે–સેવા જ જેનું પ્રયોજન હોય છે એવા સેવકને "આવપાતિકપુત્ર" કહે છે.

ધર્માન્તેવાસીપુત્ર-જે શિષ્ય ધર્મપ્રાપ્તિને નિમિત્તે જ ગુરુની પાસે રહે છે એવા ધર્મપ્રાપ્તિની જિજ્ઞાસાવાળા શિષ્યને ધર્માન્તેવાસીપુત્ર કહે છે. ॥ સૂત્ર ૬૮ ॥

## દશ પ્રકારકે અનુત્તરકા નિરૂપણ

આગલા સૂત્રના અન્તે જે ધર્માન્તેવાસિત્વની વાત કરવામાં આવી છે, તે ધર્માન્તેવાસિત્વનો કેવલિપદની પ્રાપ્તિ કરવાને માટે સ્વીકાર કરવામાં આવે છે. તથા જેઓ કેવલી હોય છે તેઓ અનુત્તર જ્ઞાનાદિથી યુક્ત હોય છે, તેથી હવે સૂત્રકાર કેવલીના દસ અનુત્તરોનું નિરૂપણ કરે છે–

"केवलिस्स णं दस अनुत्तरा पण्णत्ता" ઈત્યાદિ—(સૂ. ૬૯)

ટીકાર્થ–અનુત્તર એટલે સર્વોત્કૃષ્ટ વસ્તુ. કેવલીના નીચે પ્રમાણે દસ અનુત્તરો કહ્યા છે–(૧) અનુત્તરજ્ઞાન–જ્ઞાનાવરણીય કર્મના સર્વથા ક્ષયને લીધે તેમને અનુત્તર જ્ઞાનની પ્રાપ્તિ થાય છે કેવળીના કેવળજ્ઞાન કરતાં શ્રેષ્ઠ અન્ય કોઇ પણ જ્ઞાન હોતું નથી, માટે તેમના જ્ઞાનને અનુત્તર કહ્યું છે. (૨) અનુત્તરદર્શન–દર્શનાવરણીય કર્મનો સર્વથા નાશ થવાને લીધે અથવા દર્શન મોહનીય કર્મનો સર્વથા ક્ષય થવાને લીધે તેમને અનુત્તરદર્શનની પ્રાપ્તિ થાય છે. (૩) અનુત્તરચારિત્ર–ચારિત્ર

મોહનીયનો સર્વથા ક્ષય થવાથી તેઓ અનુત્તરચારિત્ર પ્રાપ્ત કરે છે. (૪) અનુત્તર તપ-તે શુકલ-ધ્યાન આદિ રૂપ હોય છે અને તે ચારિત્રમોહનીયના ક્ષયથી અને અનન્તવીર્યથી પ્રાપ્ત થાય છે. (૫) અનુત્તરવીર્ય-વીર્યાન્તરાય કર્મના ક્ષયથી તથા ચારિત્રમોહનીય કર્મના ક્ષયથી અનુત્તરવીર્ય પ્રાપ્તિ થાય છે (૬) અનુત્તરા ક્ષાન્તિ-સર્વોત્કૃષ્ટ ક્ષમા, (૭) અનુત્તરા મુકિત-સર્વોત્કૃષ્ટ નિર્લોભતા, (૮) અનુત્તર આર્જવ, (૯) અનુત્તર માર્દવ અને (૧૦) અનુત્તર લાઘવ. અનુત્તર ક્ષાન્તિ આદિની ઉત્પત્તિ પણ ચારિત્રમોહનીય કર્મના ક્ષયને લીધે થાય છે.

અનુત્તરનો ભાવાર્થ એ છે કે ઉપર્યુકત દસ વસ્તુઓ અન્ય છદ્મસ્થો કરતાં તેમનામાં વિશિષ્ટતમ-અસાધારણ હોય છે. જો કે તપ, ક્ષાન્તિ, મુકિત, આર્જવ, માર્દવ અને લાઘવ આ છએની ઉત્પત્તિ ચારિત્રમોહનીય કર્મના ક્ષયને કારણે જ થતી હોવાથી તેમને ચારિત્રના ભેદ રૂપ જ ગણવા જોઈએ, અને ચારિત્રની અપેક્ષાએ તેમનામાં એકત્વ જ ગણવું જોઈએ, છતાં પણ અહીં તેમની વચ્ચે સામાન્ય-વિશેષના ભેદની અપેક્ષાએ થોડો ભેદ હોવાને કારણે અહીં તેમનો ભિન્નભિન્નરૂપે નિર્દેશ કરવામાં આવ્યો છે. ॥ સૂ. ૬૯ ॥

દસ અનુત્તરોથી યુકત કેવલીઓનો મનુષ્યલોકમાં જ સદ્ભાવ હોય છે, તેથી હવે સૂત્રકાર મનુષ્યક્ષેત્રના, મનુષ્યક્ષેત્રસ્થિત મહાદ્રુમો (વૃક્ષો)ના અને તે દ્રુમનિવાસી દેવોના દસ દસ પ્રકારોનું કથન કરે છે—

“ समयखेत्तेणं दस कुराओ ” ઈત્યાદિ—(સૂ. ૭૦)

## મનુષ્ય ક્ષેત્રાદિકા નિરૂપણ

મનુષ્યક્ષેત્ર કે જેને અઢી દ્વીપ કહે છે તેને અહીં સમયક્ષેત્રરૂપે પ્રકટ કરવામાં આવેલ છે. તેમાં પાંચ દ્વીપો (એક આખો દ્વીપ અને ચાર અર્ધ. દ્વીપો આવેલા છે—

(૧) જમ્બૂદ્વીપ, (૨) પૂર્વાર્ધ ધાતકીખંડ, (૩) પશ્ચિમાર્ધ ધાતકીખંડ, (૪) પૂર્વાર્ધ પુષ્કરવરદ્વીપ. બીજો અને ત્રીજોદ્વીપ ધાતકી ખંડના બે રૂપ સમજવો. ચોથો અને પાંચમો દ્વીપ પુષ્કરવર દ્વીપના બે ભાગો રૂપ સમજવો.

આ પાંચ દ્વીપોમાં દસ કુરુ છે. તેમાંથી પાંચને દેવકુરુ અને પાંચને ઉત્તર કુરુ કહે છે. પાંચ દેવકુરુઓમાં અનુક્રમે નીચેનાં પાંચ મહાદ્રુમો છે- (૧) વિશાલાતિવિશાલ જંબૂ સુદર્શના, (૨) ધાતકીવૃક્ષ (૩) મહાધાતકીવૃક્ષ, (૪) પદ્મવૃક્ષ અને (૫) મહાપદ્મવૃક્ષ.

પાંચ ઉત્તરકુરુઓમાં અનુક્રમે (૧) અતિવિશાલકૂટ શાલ્મલિ આદિ મહાદ્રુમો છે. આ રીતે પાંચ ઉત્તરકુરૂઓમાં પાંચકૂટ શાલ્મલિ મહાદ્રુમો છે. પાંચ ઉત્તરકુરુ અને પાંચ દેવકુરુમાં મળીને કુલ દસ મહાદ્રુમો છે. આ દસ મહાદ્રુમોની ઉપર દસ

મહર્દ્ધિક, મહદ્યુતિક, મહાબલસંપન્ન, મહાપ્રભાવશાળી અને એક પલ્યોપમની સ્થિતિવાળા દસ દેવો વસે છે. તે દેવો વિશિષ્ટ વિમાન, પરિવાર આદિ ઋદ્ધિથી યુકત હોવાને કારણે તેમને મહર્દ્ધિક કહ્યા છે. તેઓ શરીરની વિશિષ્ટ કાન્તિ અને આભરણોની પ્રભાથી દેદીપ્યમાન હોય છે, તેથી તેમને મહાદ્યુતિક કહ્યા છે. તેઓ વિશિષ્ટ બળથી યુકત હોવાને કારણે તેમને મહાબલસંપન્ન કહ્યા છે. મહાકીર્તિ સંપન્ન હોવાને કારણે તેમને મહાપ્રભાવસંપન્ન કહ્યા છે અને વિશિષ્ટ સુખથી સંપન્ન હોવાને કારણે તેમને મહાસુખસંપન્ન કહ્યા છે.

હવે તે દસ દેવોનાં નામ પ્રકટ કરવામાં આવે છે—

સુદર્શના નામના જંબૂવૃક્ષ ઉપર અનાદૃત નામનો દેવ વસે છે. તે જંબૂદ્વીપનો અધિપતિ છે. ધાતકીવૃક્ષ ઉપર સુદર્શન નામનો દેવ વસે છે. મહાધાતકી વૃક્ષ ઉપર પ્રિયદર્શન નામનો દેવ વસે છે. પદ્મવૃક્ષ ઉપર પુંડરીક નામનો દેવ વસે છે અને મહાપદ્મવૃક્ષ ઉપર મહાપુંડરીક નામનો દેવ વસે છે. પાંચ કૂટ શાલ્મલિ મહાદ્રુમો ઉપર પાંચ ગરુડાવેણુ દેવો નિવાસ કરે છે. ॥ સૂત્ર ૭૦ ॥

## દુષ્ષમ સુષમાકે પરિજ્ઞાનકે પ્રકારકા નિરૂપણ

દુષ્ષમા અને સુષમા આ બે કાળો હોય છે. સમયક્ષેત્રમાં (મનુષ્યક્ષેત્રમાં)જ હોય છે. તેથી હવે સૂત્રકાર દુષ્ષમા અને સુષમાકાળના લક્ષણો પ્રકટ કરતાં દસ દસ સ્થાનોનું નિરૂપણ કરે છે -"दसहिं ठाणेहिं ओगाढं" ઈત્યાદિ—(સૂ ૭ ૧)

ટીકાર્થ—દુષ્ષમાકાળ શરૂ થઈ ગયો છે, તે જાણવાનાં લક્ષણો નીચે પ્રમાણે છે-(૧) આ કાળમાં સમયસર વરસાદ પડતો નથી (૨) કમોસમે વરસાદ પડે છે. (૩) અસાધુજનોની પૂજા થાય છે, (૪) સંતોની પૂજા થતી નથી, (૫) ગુરુજનો પ્રત્યે લોકોનો વિપરીત વર્તાવ રહે છે. (૬) અમનોજ્ઞ શબ્દોનો અનુભવ થાય છે. "યાવત્" પદ દ્વારા "अमनोज्ञानि रूपाणि, अमनोज्ञा गन्धाः, अमनोज्ञा रसाः" આ ત્રણે પદોને ગ્રહણ કરવામાં આવ્યાં છે-(૭) અમનોજ્ઞરૂપો જોવામાં આવે છે, (૮) અમનોજ્ઞ ગન્ધનો, (૯) અમનોજ્ઞ રસનો અને (૧૦) અમનોજ્ઞ સ્પર્શોનો અનુભવ થાય છે.

દુષ્ષમાકાળ કરતાં સુષમાકાળના લક્ષણો વિપરીત હોય છે. જેમ કે (૧) સુષમાકાળમાં સમયસર વરસાદ પડે છે. બાકીનાં લક્ષણો પણ દુષ્ષમાકાળના કરતાં વિપરીતરૂપે સમજવા જોઈએ. ॥ સૂ ૭૧ ॥

આગલા સૂત્રમાં કાળનું કથન કરવામાં આવ્યું. હવે સૂત્રકાર સુષમસુષમા કાળની વિશિષ્ટતાઓનું નિરૂપણ કરે છે—

"सुसमसुसमाएणं समाए" ઇત્યાદિ—(સૂ. ૭૨)

ટીકાર્થ–સુષમસુષમાકાળમાં લોકોને ઉપભોગરૂપે ઉપયોગમાં આવે એવાં દસ પ્રકારના વૃક્ષો વિપુલ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. તે વૃક્ષોનાં નામ નીચે પ્રમાણે કહ્યાં છે–

(૧) મત્તાંગકવૃક્ષ–"मत्त" આ પદ હર્ષનું વાચક છે. જે વૃક્ષ હર્ષના જનક હોય છે, વિશિષ્ટ બલ, વીર્ય અને કાન્તિ જનક હોય છે અને સ્વાદિષ્ટ રસ દેનારાં હોય છે, એવાં મત્તાંગક જાતિનાં કલ્પવૃક્ષો સુષમસુષમાકાળમાં થતાં હોય છે.

(૨) ભૃતાંગવૃક્ષો–આ વૃક્ષો પાત્રો આપે છે.

(૩) ત્રુટિતાંગવૃક્ષો–આ વૃક્ષો ચાર પ્રકારનાં વાદ્યો બનાવવા માટે ઉપયોગી થઇ પડે છે.

"અંગ" પદની આગળ "દીપ, જ્યોતિ અને ચિત્ર" આ પદો લગાડવાથી "દીપાંગ, જ્યોતિરંગ અને ચિત્રાંગ" આ ત્રણ પ્રકારનાં વૃક્ષોનાં નામ બને છે.

(૪) દીપાંગવૃક્ષો–જે વૃક્ષો દીપકની જેમ પ્રકાશ આપે છે, તે વૃક્ષોને દીપાંગવૃક્ષો કહે છે.

(૫) જ્યોતિરાંગવૃક્ષો–બાદરાગ્નિ જેવાં સૌમ્ય પ્રકાશવાળી અગ્નિ આપવામાં કારણભૂત બનતાં કલ્પવૃક્ષોને જ્યોતિરાંગવૃક્ષો કહે છે.

(૬) ચિત્રાંગવૃક્ષો–'ચિત્ર' આ પદ અહીં અનેક પ્રકારની માલાઓનું વાચક છે. જે વૃક્ષો અનેક પ્રકારની માલાઓ બનાવવામાં ઉપયોગી થઇ પડે છે, તે વૃક્ષોને ચિત્રાંગવૃક્ષો કહે છે.

(૭) ચિત્રરસ–મધુર આદિ અનેક પ્રકારના રસવાળી વસ્તુઓના કારણભૂત જે કલ્પવૃક્ષો હોય છે, તેમને ચિત્રરસવૃક્ષો કહે છે, આ વૃક્ષો મધુર આદિ સ્વાદ વાળાં અનેક પ્રકારનાં ભોજનોનાં પ્રદાતા હોય છે. કહ્યું પણ છે કે—

"दीवसिहाजोइसनामया य" ઈત્યાદિ.

(૮) મણ્યાંગવૃક્ષો–આ વૃક્ષો અનેક પ્રકારના મણિમય આભૂષણોના પ્રદાતા હોય છે. (૯) ગેહાકારવૃક્ષો–આ વૃક્ષો ૪૨ ખંડોવાળાં ભવનોના પ્રદાતા હોય છે.

(૧૦) અનગ્નજાતિનાંવૃક્ષો–આ વૃક્ષો વસ્ત્રોના પ્રદાતા હોય છે. કહ્યું પણ છે કે–

"मणियंगेसु य भूसणवराइं" ઈત્યાદિ.

આ ગાથાઓનો અર્થ ઉપર સ્પષ્ટ થઈ ગયો છે. ॥ સૂ. ૭૨ ॥

## દશ કુલકરોંકે નામકા નિરૂપણ

કાળનો અધિકાર ચાલી રહ્યો છે. તેથી હવે સૂત્રકાર કાળવિશેષમાં થઈ ગયેલા કુલકરોનાં નામોનું કથન કરે છે.

" जंबुद्दीवे दीवे भारहे वासे तीयाए " ઈત્યાદિ—(સૂ. ૭૩)

ટીકાર્થ—જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણી કાળમાં જે દસ કુલકરો થયા હતા, તેમનાં નામ આ પ્રમાણે હતાં-(૧) શતજ્વલ, (૨) શતાયુ, (૩) અનન્તસેન, (૪) અમિતસેન, (૬) ભીમસેન, (૭) મહાભીમસેન, (૮) દઢરથ, (૯) દશરથ અને (૧૦) શતરથ.

કુળની રચના કરનારા–કુળની મર્યાદા બાંધનારા, વિશિષ્ટ બુદ્ધિવાળા અને લોકવ્યવસ્થામાં નિપુણ એવાં જે પુરુષો થઈ ગયાં છે. તેમને કુલકર કહે છે. જેમ અતીત ઉત્સર્પિણી કાળમાં થયેલા દસ કુલકરોનાં નામ પ્રકટ કરવામાં આવ્યાં, એજ પ્રમાણે હવે આગામી ઉત્સર્પિણીકાળમાં થનારા કુલકરોનાં નામો પ્રકટ કરવામાં આવે છે–આગામી ઉત્સર્પિણી કાળમાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ ૧૦ કુલકરો થશે–(૧) સીમાંકર, (૨) સીમંધર, (૩) ક્ષેમકર, (૪) ક્ષેમંધર, (૫) વિમલવાહન, (૬) સંમુચિ, પ્રતિશ્રુત, (૮) દૃઢધનુ, (૯) દશધનુ અને (૧૦) શતધનુ. ॥ સૂ. ૭૩ ॥

## દશ પ્રકારકે વક્ષસ્કાર પર્વતકા નિરૂપણ

આગલા સૂત્રમાં જંબૂદ્વીપના કુલકરોનું કથન કરવામાં આવ્યું. હવે સૂત્રકાર જંબૂદ્વીપના ૧૦ વક્ષસ્કાર પર્વતોનું કથન કરે છે—

" जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स " ઈત્યાદિ—(સૂ. ૭૪)

ટીકાર્થ–જંબૂદ્વીપમાં આવેલા મન્દર પર્વતની પૂર્વ દિશામાં સીતા મહાનદીના બન્ને તટપર (ઉત્તર દક્ષિણ તટો પર) ૧૦ વક્ષસ્કાર પર્વતો (ગજદન્ત પર્વતો) આવેલા છે. તેમનાં નામ નીચે પ્રમાણે કહ્યાં છે-(૧) માલ્યવાન્, (૨) ચિત્રકૂટ, (૩) પદ્મકૂટ,

(૪) નલિનકૂટ, (૫) એકશૈલ, (૬) ત્રિકૂટ, (૭) શ્રવણકૂટ, (૮) અંજન, (૯) માતંજન અને (૧૦) સૌમનસ. એજ પ્રમાણે જંબૂદ્વીપસ્થ મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં આવેલી સીતોદા મહાનદીના બન્ને તટો પર (ઉત્તર દક્ષિણ તટો પર) પણ દસ વક્ષસ્કાર પર્વતો આવેલા છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે–(૧) વિદ્યુત્પ્રભ, (૨) અંકાવતી, (૩) પદ્માવતી, (૪) આશીવિષ, (૫) સુખાવહ, (૬) ચન્દ્રપર્વત, (૭) સૂરપર્વત, (૮) નાગપ્રર્વત, (૯) દેવપર્વત અને (૧૦) ગન્ધમાદન પર્વત. એજ પ્રમાણે ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં આવેલા વક્ષસ્કાર પર્વતોનું કથન કરવું જોઈએ. એજ પ્રમાણે પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ ૧૦–૧૦ વક્ષસ્કાર પર્વતો કહેવા જોઈએ. ॥ સૂત્ર ૭૪ ॥

## કલ્પકે સ્વરૂપકા નિરૂપણ

આગલા સૂત્રમાં પુષ્કરાર્ધ ક્ષેત્રનો ઉલ્લેખ થયો છે. આ રીતે ક્ષેત્રનો અધિકાર ચાલુ હોવાથી હવે સૂત્રકાર કલ્પોના દસ પ્રકારોનું કથન કરે છે—

"दस कप्पा इंदाहिट्ठिया पण्णत्ता" ઈત્યાદિ—(સૂ. ૭૫)

ટીકાર્થ–દસ કલ્પોને ઈન્દ્રો દ્વારા અધિષ્ઠિત–ઇન્દ્રોના નિવાસવાળાં કહ્યાં છે. એટલે કે ઈન્દ્ર, સામાનિક દેવો ત્રાયસ્ત્રિંશક દેવો આદિથી યુક્ત છે. તે દસ કલ્પોનાં નામ નીચે પ્રમાણે છે–(૧) સૌધર્મ, (૨) ઇશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લાન્તક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર (૯) પ્રાણત અને (૧૦) અચ્યુત. આનત આરણ, આ બે કલ્પો ઈન્દ્રોથી અનધિષ્ઠિત છે–એટલે કે તે બે કલ્પોમાં ઇન્દ્રોનો નિવાસ હોતો નથી. આ દશ કલ્પોમાં અનુક્રમે (૧) શક્ર, (૨) ઇશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મ, (૬) લાન્તક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) પ્રાણત અને (૧૦) અચ્યુત. નામના ઈન્દ્રો વસે છે. એજ વાતને સૂત્રકારે–"एएसु णं दससु कप्पेसु दस इंदा" આ સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કરી છે.

ઉપર્યુક્ત દસ કલ્પોના જે દસ ઈન્દ્રો કહ્યા છે તેમના ૧૦ પારિયાનિક વિમાન કહ્યાં છે. પોતપોતાના કલ્પમાંથી અન્ય સ્થળે ગમન કરવા માટે જે પાલક વિમાનો હોય છે તેમને પારિયાનિક કહે છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે. –(૧) શક્રના વિમાનનું નામ પાલક વિમાન છે. (૨) ઈશાનના વિમાનનું નામ પુષ્પક વિમાન છે. (૩) સનત્કુમારના વિમાનનું નામ સૌમનસ છે. (૪) માહેન્દ્ર

વિમાનનું નામ શ્રીવત્સ છે. (૫) બ્રહ્મના વિમાનનું નામ નંદ્યાવર્ત છે, (૬) લાન્તકના વિમાનનું નામ કામકમ છે, (૭) મહાશુકના વિમાનનું નામ પ્રીતિગમ છે. (૮) સહસ્રારના વિમાનનું નામ મનોરમ છે. (૯) પ્રાણતના વિમાનનું નામ વિમલવર છે. (૧૦) અચ્યુતના વિમાનનું નામ સર્વતોભદ્ર છે. ॥ સૂ ૭૫ ॥

## દશ પ્રકારકે પ્રતિમાકે સ્વરૂપકા નિરૂપણ

પાલક આદિ વિમાનમાં ઇન્દ્રો ગમન કરનારા હોય છે. પ્રતિમાદિ તપની આરાધના દ્વારા ઇન્દ્રપદની પણ પ્રાપ્તિ કરી શકે છે. તેથી હવે સૂત્રકાર પ્રતિમાના દસ પ્રકારોનું નિરૂપણ કરે છે-"दस दसमिया भिक्खुपडिमाओ" ઇત્યાદિ-(સૂ ૭૬)

ટીકાર્થ-દસ દસકવાળી (દસ દસ દિનના દસ સમૂહવાળી) ભિક્ષુપ્રતિમાનું (અભિગ્રહ વિશેષનું) ૧૦૦ રાતદિવસોમાં ૫૫૦ ભિક્ષાઓ વડે યથાસૂત્ર (સૂત્રમાં બતાવેલી વિધિ અનુસાર) આદિ રૂપે આરાધન કરાય છે. અભિગ્રહ વિશેષને પ્રતિમા કહે છે. તેની આરાધના કેવી રીતે થવી જોઈએ, તે વાત યથાસૂત્ર આદિ પદો દ્વારા પ્રકટ કરી છે. સૂત્રમાં 'યથાસૂત્ર' પદ પછી નીચેનો સૂત્રપાઠ ગ્રહણ કરવો જોઈએ. "अहाकप्पं, अहामग्गं, अहातच्चं, अहासम्मं कापणं, फासिया, पालिया, सोहिया, तीरिया, किट्टिया"

યથાકલ્પ પાલન કરવું એટલે કે સ્થવિરકલ્પ પ્રમાણે પાલન કરવું. જ્ઞાન, દર્શન, ચારિત્રતપરૂપ માર્ગનું અથવા ક્ષયોપશમ ભાવનું ઉલ્લંઘન કર્યા વિના જે આરાધના કરાય છે તેને યથામાર્ગ આરાધના કહે છે. તત્ત્વ અનુસાર આરાધના કરવી તેનું નામ યથાતત્ત્વ આરાધના છે. "યથાતથ્ય" આ પ્રકારની "अहातत्त्व"ની સંસ્કૃત છાયાની અપેક્ષાએ આ પદનો અર્થ આ પ્રમાણે થાય છે-સત્યના અનુસાર તેનું પાલન કરવું તેનું નામ યથાતથ્ય આરાધના છે. સમભાવ પૂર્વક-સમ્યક્રૂપે કર્મનિર્જરાની ભાવનાથી જે આરાધના કરાય છે તેનું નામ યથાસામ્ય' છે. "कापणं फासिया" આ પદનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-શરીરથી

સમુચિત કાળમાં આ પ્રતિમાને સવિધિ ગ્રહણ કરવી–એટલે કે મનોરથ માત્રથી જ તેનું પાલન કરી શકાતું નથી–'પાલિતા'' આ પદનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–અસાવધાનીથી આ ભિક્ષુપ્રતિમાનું પાલન કરવું જોઈએ નહીં, પરન્તુ ઉપયોગ પૂર્વક તેનું પાલન કરવું જોઇએ. 'શોધિતા'' આ પદનો ભાવાર્થ આ પ્રકારનો છે–પારણાને દિવસે ગુરુ આદિ દ્વારા આપવામાં આવેલા અવશિષ્ટ ભોજન વડે અથવા અતિચારરૂપ કીચડના પ્રક્ષાલન વડે વિશુદ્ધિ કરી લેવી જોઈએ. ''તીરિતા'' આ પદનો ભાવાર્થ આ પ્રકારનો છે–તેના પાલનની જેટલા સમયની અવધિ હોય તેટલા સમય પૂર્ણ થઈ ગયા બાદ પણ થોડો વધુ સમય તેમાં સ્થિર રહેવું ''કીર્તિતા'' આ પદનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–''મેં આ અભિગ્રહવિશેષ ધારણ કર્યો હતો–આ પ્રતિમાની આરાધના મેં શરૂ કરી હતી, અને હવે મેં આ પ્રતિમાની આરાધના કરી લીધી છે, તેથી હવે હું પૂર્ણરૂપે આરાધિત પ્રતિમા વાળો થઇ ચૂકયો છું,'' આ પ્રકારે પારણાને દિવસે ગુરુની સમક્ષ કહેવું તેનું નામ કીર્તિતા આરાધના છે. યથાસૂત્ર આદિ સમસ્ત પ્રકારે જ્યારે તે પ્રતિમાની આરાધના પૂરી થાય છે ત્યારે જ તેનું જિનાજ્ઞાનુસાર પાલન થયું ગણાય છે. આ પ્રતિમાની આરાધના કેવી રીતે થાય છે, તે હવે પ્રકટ કરવામાં આવે છે—

પ્રથમ દશકના (દસ દિવસોમાં) પ્રથમ દિવસે ભક્તની (આહારની) એક દત્તિ અને પાનની (પાણીની) એક દત્તિ લેવામાં આવે છે. બીજે દિવસે આહારની બે દત્તિ અને પાણીની બે દત્તિઓ લેવામાં આવે છે. ત્રીજે દિવસે આહારની ત્રણ દત્તિઓ અને પાનકની ત્રણ દત્તિઓ લેવામાં આવે છે. આ પ્રકારે પ્રતિદિન એક એક દત્તિની વૃદ્ધિ કરતાં કરતાં દસમે દિવસે આહારની દસ દત્તિઓ અને પાનકની દસ દતિઓ લેવામા આવે છે. આ પ્રકારે પ્રથમ દશકમાં આહારની કુલ ૫૫ દત્તિઓ લેવામાં આવે છે. સૂત્રમાં પાનકની કુલ ૫૫ દત્તિઓને ગણુતરીમાં લીધા વિના આહારપાનની ૫૫ દત્તિઓ કહેવામાં આવી છે. પહેલા દશક પ્રમાણે જ બીજાથી લઇને દસમા દશક સુધીના પ્રત્યેક દશકમાં પણ ૫૫–૫૫ દત્તિઓ જ લેવામાં આવે છે. આ રીતે દસે દશકની–કુલ ૧૦૦ દિવસની –૫૫૦ દત્તિઓ થાય છે. અહીં પણ પાનકની દત્તિઓની ગણુતરી કરવામાં આવી નથી તેમ સમજવું. અથવા–પ્રથમ દશકના દસે દિવસોમાં પ્રતિદિન આહારની એક એક દત્તિ અને પાનકની એક એક દત્તિ લેવામાં આવે છે. બીજા દશકના દસે દિવસોમાં પ્રતિદિન આહારની બબ્બે દત્તિઓ અને પાનકની બબ્બે દત્તિઓ લેવામાં આવે છે. આ પ્રકારે પ્રતિદશકમાં એક એક દત્તિની વૃદ્ધિ કરતાં કરતાં દસમાં દશકના પ્રત્યેક દિવસે આહારની ૧૦–૧૦ અને પાનકની દસ દસ દત્તિઓ લેવાય છે. આ પ્રકારે પણ ૧૦૦ દિવસમાં આહાર પાનની કુલ ૫૫૦ દત્તિઓ જ ગ્રહણ કરાય છે. આ ગણુતરીમાં પણ પાનકની દત્તિઓ ગણુતરીમાં લેવામાં આવી નથી, એમ સમજવું. ॥ સૂત્ર ૭૬ ॥

જીવ જ પ્રતિમા ધારણ કરી શકે છે. આ પ્રકારના પૂર્વસૂત્ર સાથેના સંબંધને લીધે સૂત્રકાર હવે જીવભેદોનું કથન કરે છે—

"दसविहा संसारसमावन्नगा जीवा पण्णत्ता" ઇત્યાદિ—(સૂ. ૭૦)

ટીકાર્થ–સંસાર સમાપન્નક જીવો દસ પ્રકારના કહ્યા છે-(૧)પ્રથમસમયૈકેન્દ્રિય, (૨) અપ્રથમસમયૈકેન્દ્રિય, (૩) પ્રથમસમયદ્વીન્દ્રિય, (૪) અપ્રથમસમયદ્વીન્દ્રિય, (૫) પ્રથમસમયત્રીન્દ્રિય. (૬) અપ્રથમસમયત્રીન્દ્રિય, (૭) પ્રથમસમયચતુરિન્દ્રિય, (૮) અપ્રથસમયચતુરિન્દ્રિય, (૯) પ્રથમસમયપંચેન્દ્રિય અને (૧૦) અપ્રથમ સમય પંચેન્દ્રિય.

એકેન્દ્રિય પર્યાયના પ્રથમ સમયમાં વર્તમાન જીવોને પ્રથમસમય એકેન્દ્રિય કહે છે. એકેન્દ્રિય પર્યાયના દ્વિતીય આદિ સમયોમાં વર્તમાન જીવોને અપ્રથમસમયૈકેન્દ્રિય કહે છે. એજ પ્રમાણે બાકીનાં પદોનો અર્થ સમજવો. "एवं जाव अपढमसमयपंचिंदिया" આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ થતાં દસે ભેદો ઉપર પ્રકટ કરવામાં આવ્યા છે. ।૧।

સમસ્ત જીવોના (સંસારી જીવોના અને સિદ્ધ જીવોના) નીચે પ્રમાણે ૧૦ પ્રકાર કહ્યા છે–પૃથ્વીકાયિકથી વનસ્પતિકાયિક પર્યન્તના પાંચ પ્રકારો (૬) દ્વીન્દ્રિય. (૭) ત્રીન્દ્રિય, (૮) ચતુરિન્દ્રિય, (૯) પંચેન્દ્રિય અને (૧૦) અનિન્દ્રિય. ।૨।

અથવા સમસ્ત જીવોના નીચે પ્રમાણે દસ પ્રકાર કહ્યા છે-પ્રથમ સમય સિદ્ધ અને (૧૦) અપ્રમથમસમયસિદ્ધ. ।૩।

બીજા ત્રણમાં "યાવત્ (પર્યન્ત)" પદ દ્વારા 'અપ્કાયિક, તેજસ્કાયિક વાયુકાયિક", આ ત્રણ પદોને ગ્રહણ કરવામાં આવ્યા છે.

બીજા ત્રણમાં 'અનિન્દ્રિય' પદ દ્વારા સિદ્ધ, અપર્યાપ્ત જીવો તથા ઇન્દ્રિયોપયોગવર્જિત હોવાને કારણે કેવલીને ગ્રહણ કરવામાં આવેલ છે. નૈરયિક પર્યાયના પ્રથમ સમયમાં વર્તમાન જીવને પ્રથમસમયનૈરયિક કહેવામાં આવ્યો છે. અને નૈરયિક પર્યાયના દ્વિતીયાદિ સમયોમાં વર્તમાન નૈરયિકોને અપ્રથમસમય નેરયિક કહેવાય છે. ત્રીજા ત્રણમાં "આદિ" પદ દ્વારા નીચેના પ્રકારો ગ્રહણ કરાયા છે–(૩) પ્રથમ સમય તિર્યંગ્યોનિક, (૪) અપ્રથમસમયતિર્યંગ્યોનિક, (૫) પ્રથમસમયમનુષ્ય, (૬) અપ્રથમ સમય મનુષ્ય અને (૭) પ્રથમસમય દેવ. આ બધાં પદોની વ્યાખ્યા પણ આગળના પદોની વ્યાખ્યાને આધારે નક્કી થઈ શકે છે. એજ પ્રમાણે પ્રથમ સમય સિદ્ધની વ્યાખ્યા પણ સમજી લેવી. ।સૂત્ર ૭૭।

સંસારી જીવોની વાત ચાલી રહી છે. તેથી હવે સૂત્રકાર સંસારીજીવોના પર્યાયવિશેષોનું કથન કરે છે. "वाससयाउयस्स णं पुरिसस्स" ઇત્યાદિ—(સૂ. ૭૮)

ટીકાર્થ-જેનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હોય એવા મનુષ્યની અવસ્થાઓ દસ કહી છે તે દસ અવસ્થાઓ નીચે પ્રમાણે સમજવી-(૧)બાલા, (૨) ક્રીડા, (૩) મન્દા, (૪) બલા, (૫) પ્રજ્ઞા, (૬) હાયની, (૭) પ્રપંચા, (૮) પ્રાગ્ભારા, (૯) મુહ્મુખી અને (૧૦) સ્વાપની.

અહીં "૧૦૦ વર્ષના આયુષ્યવાળો" આ શબ્દ ઉપલક્ષણરૂપ છે. જે કાળમાં જેનું જેટલું પૂર્ણ આયુ હોય એટલા આયુવાળા પુરુષને પણ "વર્ષ શતાયુષ્ક" પદ દ્વારા ગ્રહણ કરી શકાય છે, અને એવા પુરુષની પણ ઉપર પ્રમાણે દસ અવસ્થાઓ જ સમજવી. જો આ પ્રમાણે માનવામાં ન આવે, તો જે પુરુષનું એક કોટિપૂર્વનું આયુષ્ય હોય છે, તે પુરૂષની દસ અવસ્થાઓ તો તેના બાલ્ય કાલમાંજ આવી જશે. હવે આ દસ અવસ્થાઓનો ભાવાર્થ પ્રકટ કરવામાં આવે છે—

(૧) બાલાદશા–બાલ્યાવસ્થા અથવા બાલકદશાનું નામ બાલાદશા છે. ધર્મ અને ધર્મિમાં અભેદ માનીને આ દશાનું નામ "બાલાદશા કહેવામાં આવ્યું છે. કહ્યું પણ છે કે—"जायमेत्तस्स जंतुस्स" ઇત્યાદિ—

જાતમાત્ર (જન્મતા જ) જન્તુની જે પ્રાથમિક દશા છે તેને બાલદશા કહે છે. આ દશામાં તે સુખદુઃખનું ભાન સ્પષ્ટરૂપે કરી શકાતું નથી. જે માણસનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હોય છે, તે માણસની બાલાદશા દસ વર્ષની ઉંમર સુધીની સમજવી. એજ પ્રમાણે બીજી અવસ્થાઓ પણ દસ–દસ વર્ષપ્રમાણુ સમજવી. જે જીવોનું આયુષ્ય એક કોટિ પૂર્વનું હોય છે, તે જીવોના દસમાં ભાગનું આયુષ્યકાળને–આયુષ્કાળના શરૂઆતના દસમાં ભાગના કાળને–તેની બાલ્યાવસ્થા ગણવામાં આવે છે.

ક્રીડાવસ્થા–જે અવસ્થા ક્રીડાપ્રધાન હોય છે. તેને ક્રીડાવસ્થા કહે છે. કહ્યું પણ છે કે–" बिइयं च दसं पत्तो " ઈત્યાદિ—

દ્વિતીય અવસ્થા જેણે પ્રાપ્ત કરી છે એવો મનુષ્ય વિવિધ પ્રકારની ક્રીડાઓ કર્યા કરે છે, તેથી જ આ અવસ્થાને ક્રીડા અવસ્થા કહે છે. આ અવસ્થામાં માણસ કામભોગોની તીવ્ર અભિલાષાવાળો હોતો નથી.

(૩) મન્દા અવસ્થા–જે અવસ્થામાં પ્રશસ્ત બલબુદ્ધિના અભાવને લીધે, મનુષ્ય પ્રશસ્ત બલબુદ્ધિ વડે સાધ્ય એવાં કાર્યોને કરી શકવાને અસમર્થ હોય છે, પરન્તુ ભોગોની અનુભૂતિ કરવાને સમર્થ હોય છે, તે અવસ્થાનું નામ મન્દા અવસ્થા છે. કહ્યું પણ છે કે—"तइयं च दसं पत्तो" ઈત્યાદિ—

મન્દા અવસ્થા જેણે પ્રાપ્ત કરી છે એવો મનુષ્ય ભોગોને ભોગવવાને સમર્થ હોય છે. જો તેના ઘરમાં ભોગોને ભોગવવાની સગવડ હોય, તો તેમને ભોગવવાને તે અવશ્ય સમર્થ હોય છે.

(૪) બલા અવસ્થા–જે અવસ્થામાં માણસ શારીરિક બળથી યુક્ત હોય છે, તે અવસ્થાને બલના યોગને કારણે બલાઅવસ્થા કહે છે. કહ્યું પણ છે કે–

"चउत्थीय बला नाम"

ચોથી દશાનું નામ બલાવસ્થા છે. આ અવસ્થામાં જો માણસ નીરોગી હોય તો પોતાના બળનું પ્રદર્શન કરવાને સમર્થ હોય છે.

(૫) પ્રજ્ઞાદશા–જે અવસ્થામાં માણસ ઇચ્છિત અર્થની પ્રાપ્તિ કરાવનારી બુદ્ધિથી યુક્ત હોય છે અને પોતાના પરિવારની વૃદ્ધિ કરનારી બુદ્ધિથી સંપન્ન હોય છે, તે દશાને પ્રજ્ઞાના યોગથી પ્રજ્ઞાદશા કહે છે. કહ્યું છે કે—"पंचमिं च दसं पत्तो" ઈત્યાદિ

હાયની અવસ્થા–જે અવસ્થામાં માણસની ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ થવા માંડે છે, તે દશાનું નામ હાયનીદશા છે. આ અવસ્થાએ પહોંચેલા મનુષ્યની ઇન્દ્રિયો પોતપોતાના વિષયને ગ્રહણ કરવાને અસમર્થ થવા માંડે છે. કહ્યું પણ છે કે–"छट्टी उ हायणी नाम" ઈત્યાદિ.

છઠ્ઠીદશાનું નામ હાયની દશા છે. આ અવસ્થાએ પહોંચેલો મનુષ્ય કામ-ભોગોથી વિરક્ત થતો જાય છે અને તેની ઇન્દ્રિયોની શક્તિ પણ હ્રાસ થવા માંડે છે.

પ્રપંચદશા–આ સાતમી દશ વૃદ્ધા અવસ્થાનાં ચિહ્નો પ્રકટ કરવા માંડે છે. અથવા કફની વૃદ્ધિ થવાને લીધે ઉધરસ, દમ આદિ રોગો આ અવસ્થાએ પહોંચેલા મનુષ્યને લાગુ પડે છે. અથવા આ અવસ્થાએ પહોંચેલા માણસનું આરોગ્ય બગડે છે. કહ્યું પણ છે કે–"सत्तमिं च दसं पत्तो" ઈત્યાદિ.

સાતમી અવસ્થાએ પહોંચેલો માણસ ચીકણો ચીકણો કફ કાઢ્યા કરે છે. અને વારંવાર ઉધરસ ખાધા કરે છે.

પ્રાગ્ભારા-જે અવસ્થામાં માણસનું શરીર ટટ્ટાર રહેવાને બદલે ઝુકવા માંડે છે-પીઠ કમાનના જેવી થઈ જાય છે, તે અવસ્થાનું નામ નામ પ્રાગ્ભારા અવસ્થા છે. કહ્યું પણ છે કે-" संकुचियवली चम्मो " ઇત્યાદિ—

પ્રાગ્ભારાવસ્થાએ પહોંચેલા મનુષ્યના શરીર પર કરચલીઓ પડી જાય છે. તેની ચામડી લૂખી (રૂક્ષ) થઇ જાય છે અને તેની પત્ની પણ તેના તરફ સ્નેહ બતાવતી નથી.

મુહ્મુખી અવસ્થા-જરાથી ગૃહીત થયેલા-વૃદ્ધાવસ્થાએ પહોંચેલા શરીર વાળો પુરુષ જે અવસ્થાએ શરીર ત્યાગની જાણે કે તૈયારી કરી રહ્યો હોય એવું લાગે છે-અથવા આ શરીર હવે વહેલામાં વહેલી તકે છૂટી જાય એવી ઉત્કંઠા જે અવસ્થામાં વૃદ્ધિ પામતી જાય છે, તે અવસ્થાનું નામ મુહ્મુખીદશા છે. કહ્યું પણ છે કે-" नवमी मुंमुही नाम " ઇત્યાદિ.

જે અવસ્થાએ પહોંચેલો જીવ પોતાના શરીરરૂપ ઘરને વિનષ્ટ થઇ રહેલું જોઇને તેમાં અનિચ્છાએ પણ રહે છે-લાચારીથી તે શરીરને છોડી શકતો નથી, તે અવસ્થાનું નામ મુહ્મુખી અવસ્થા છે.

(૧૦) સ્વાપનીદશા-જે અવસ્થામાં માણસને બહુ જ ઊંઘ આવે છે એવી નિદ્રાકારિણીદશાનું નામ સ્વાપની દશા છે કહ્યું પણ છે કે--

" हीण भिन्नस्सरो दीणो " ઇત્યાદિ---

આ અવસ્થાએ પહોંચેલો મનુષ્ય હીન અને લડખડાતા (થોથરાતા) અવાજવાળો થઈ જાય છે, દીન થઈ જાય છે, તેનું ચિત્ત પણ ઠેકાણે રહેતું નથી. તે કમજોર બની જાય છે. આ પ્રકારની દશાને લીધે દુઃખી થતો તે મનુષ્ય પોતાના મૃત્યુની પ્રતીક્ષા કરતો થકો પોતાનું શેષ જીવન વ્યતીત કરે છે. ॥ સૂત્ર ૭૮ ॥

## વનસ્પતિકી અવસ્થાકા નિરૂપણ

આગલા સૂત્રમાં પુરુષોની દસ દશાઓનું નિરૂપણ કરવામાં આવ્યું. હવે સૂત્રકાર પુરુષસમાન ધર્મવાળી વનસ્પતિઓની દશ દશાઓનું નિરૂપણ કરે છે–

"दसतणवणस्सइकाइया पण्णत्ता' ઈત્યાદિ--(સૂ. ૭૯)

ટીકાર્થ–બાદર હોવાને લીધે તૃણના જેવા બાદર વનસ્પતિકાયિકના દસ પ્રકાર કહ્યા છે–(૧) મૂલ, (૨) કન્દ (યાવત્) (૮) પુષ્પ, (૯) ફલ અને (૧૦) બીજ. અહીં યાવત્ પદ દ્વારા નીચેનાં પદો ગ્રહણ કરવામાં આવ્યા છે–(૩) સ્કન્દ (થડ), (૪) ત્વક્ (છાલ), (૫) શાખા, (૬) પ્રવાલ, (૭) પત્ર.

જેના આધારે ઝાડ કે છોડ જમીન ઉપર ઊભાં રહે છે. તેનું નામ મૂળ છે.

સ્કન્દ–થડનો જે ભાગ જમીનમાં રહેલો હોય છે તેને સ્કન્દ કહે છે.

પ્રવાલ–અંકુરો અથવા કુમળાં પર્ણોને પ્રવાલ કહે છે. શાખા એટલે થડથી નીકળતી ડાળી છે. પુષ્પ, ફલ અને બીજ શબ્દો જાણીતા છે. ॥ સૂ. ૭૯ ॥

## વિધાધર શ્રેણિયોંકે વિષ્કમ્ભમાનકા નિરૂપણ

હવે સૂત્રકાર દસ સ્થાનકોના અનુરોધની અપેક્ષાએ વિદ્યાધર શ્રેણીઓનું કથન કરે છે—"सव्वओऽविणं विज्जाहरसेढीओ" ઈત્યાદિ—(સૂ. ૮૦)

ટીકાર્થ–દીર્ઘવૈતાઢ્ય પર્વત પર આવેલી વિદ્યાધરનાં નગરોની શ્રેણીઓને અહીં વિદ્યાધર શ્રેણીઓ કહી છે. આ વિદ્યાધરશ્રેણીઓ બધી દિશાઓમાં આવેલી છે. આ વિદ્યાધર નગરની શ્રેણીઓનો વિષ્કંભ (વિસ્તાર) ૧૦–૧૦ યોજનનો કહ્યો છે. આભિયોગિક શ્રેણીઓ (આભિયોગિક દેવોનાં નગરોની શ્રેણીઓ)નો વિષ્કંભ પણ એટલોજ સમજવો. દરેક દીર્ઘવૈતાઢ્ય પર્વતની ઉંચાઇ ૨૫ યોજનની અને તેના મૂળ ભાગનો વિસ્તાર ૫૦ યોજનનો કહ્યો છે. આ દીર્ઘવૈતાઢ્ય પર ભૂમિતલથી

૧૦ યોજનપ્રમાણુ ઊંચે ગયા બાદ, દક્ષિણમાં અને ઉત્તરમાં, દસ યોજનના પ્રમાણવાળી વિદ્યાધરશ્રેણીઓ આવે છે. ભરતક્ષેત્રમાં જે દીર્ઘવૈતાઢ્ય પર્વત છે. તેના ઉપર દક્ષિણમાં ૫૦ વિદ્યાધરશ્રેણીઓ અને ઉત્તરમાં પણ ૫૦ વિદ્યાધર શ્રેણીઓ છે. ઐરવતક્ષેત્રમાં જે દીર્ઘવૈતાઢ્ય પર્વતો છે, તે પર્વતો ઉપર દક્ષિણમાં ૬૦ અને ઉત્તરમાં ૫૦ વિદ્યાધર શ્રેણીઓ છે. વિજયોમાં આવેલા જે દીર્ઘ વૈતાઢ્ય પર્વતો છે, તે પર્વતો પર દક્ષિણમાં ૫૦ અને ઉત્તરમાં પણ ૫૦ વિદ્યાધર શ્રેણીઓ છે વિદ્યાધરશ્રેણીઓથી ૧૦ યોજન ઊંચે જવાથી વિદ્યાધર શ્રેણીઓના જેવી જ આભિયોગિક દેવોની શ્રેણીઓ આવે છે. આભિયોગિક શ્રેણીઓની ઉપરના ભાગમાં દીર્ઘવૈતાઢ્ય પર્વતોનો જેટલો ભાગ બાકી રહે છે તેટલા ભાગનો વિસ્તાર ૧૦ યોજનનો અને ઊંચાઈ પાંચ યોજનની છે.

ઉપર જે આભિયોગિક દેવોની વાત કરી તે દેવો શક્રાદિકોના સોમ, યમ, વરુણ, વૈશ્રવણ આદિ લોકપાલોને આધીન હોય છે, અને તેઓ વ્યન્તર દેવરૂપ હોય છે, તે દેવો લોકપાલોની આજ્ઞા પ્રમાણે વર્તતા હોય છે, તે કારણુ તેમને આભિયોગિક દેવો કહે છે. ।। સૂત્ર ૮૦ ।।

## દેશવાસ વિશેષકા નિરૂપણ

આ આભિયોગિકશ્રેણીઓ દેવાવાસરૂપ હોવાથી સૂત્રકાર હવે દસ સ્થાનોની અપેક્ષાએ દેવાવાસવિશેષોનું કથન કરે છે.

“ गेविज्जगविमाणाणं दस जोयणसयाइं ” ઈત્યાદિ—(સૂ. ૮૧)

ટીકાર્થ–ગ્રૈવેયક વિમાનો દસસો યોજનપ્રમાણુ એટલે કે એક હજાર યોજનપ્રમાણુ ઊંચાં છે. ।। સૂત્ર ૮૧ ।।

## તેજોનિસર્ગકા નિરૂપણ

ગ્રૈવેયક વિમાનોમાં દેવો નિવાસ કરે છે. દેવો મહદ્ધિંક હોય છે, તેથી હવે સૂત્રકાર તેમની મહદ્ધિંકતાનું કથન કરવાને માટે અને મુનિજનોની મહદ્ધિંકતાનું પણ વર્ણન કરવાને માટે તેજોલેશ્યાના પ્રકારોનું નિરૂપણુ કરે છે–

"दसहिं ठाणेहिं सह तेयसा भासं कुज्जा" ઈત્યાદિ—(સૂ ૮૨)

ટીકાર્થ–નીચેનાં દસ કારણોને લીધે તેજોલેશ્યાવાળો સાધુ, તેજોલેશ્યાથી યુક્ત ઉપસર્ગકારી જીવને, પોતાની તેજોલેશ્યા વડે બાળીને ભસ્મ કરી નાખે છે—

(૧) જો કોઈ તેજોલેશ્યાવાળો ઉપસર્ગકારી મનુષ્ય કોઈ બીજા તેજોલેશ્યાવાળા તપસ્વી જનની અથવા માહણની (મા હણોર, એવો ઉપદેશ આપનારની) ખૂબ જ આશાતના કરે છે અને આશાતનાયુક્ત થયેલો છે શ્રમણ અથવા માહણ જ્યારે અત્યન્ત કુપિત થઈ જાય છે, ત્યારે તે ક્રોધને કારણે તે આશાતનાકારક ઉપર તેજોલેશ્યા છોડે છે, અને તેજોલેશ્યા ફેંકીને તે શ્રમણ તે ઉપસર્ગકારીને પીડિત કરે છે અને તેને બાળીને ભસ્મ કરી નાખે છે. આશાતનાકારી કરતાં વધારે બલિષ્ઠ તેજોલેશ્યાથી યુક્ત હોવાને કારણે તેજોલેશ્યાવાળો શ્રમણ આશાતનાકારીને બાળીને ભસ્મ કરી નાખે છે. અહીં "એવકાર" ભિન્ન ક્રમાર્થમાં પ્રયુક્ત થએલ છે. એજ પ્રમાણે આગળ પણ સમજવું. એજ પ્રમાણે બીજા અને ત્રીજા કારણો વિષે પણ સમજવું. બીજું સ્થાન આ પ્રમાણે છે–શ્રમણ અથવા માહણ પ્રત્યે લાગણી ધરાવનારો કોઇ દેવ હોય, તો તે દેવ આશાતનાકારીને તેની તેજોલેશ્યા વડે ભસ્મસાત્ કરી નાખે છે. ત્રીજું સ્થાન (કારણ) નીચે પ્રમાણે છે–તે શ્રમણ અથવા માહણ અથવા તેમના પ્રત્યે લાગણી ધરાવનારો કોઇ દેવ, એ બન્ને જો તે આશાતનાકારીનો નાશ કરવાને કૃતનિશ્ચયી બને, તો તેઓ તે આશાતનાકારીનો નાશ કરી શકે છે. આ પ્રકારના દ્વિતીય અને તૃતીય સ્થાન સમજવા

ચોથું સ્થાન (કારણ) આ પ્રમાણે છે–કોઈ તેજોલેશ્યાવાળો ઉપસર્ગકારી, કોઇ પ્રબળ તેજોલેશ્યાવાળા કોઈ શ્રમણ અથવા માહણની અશાતના કરે છે, તો તે અશાતનાકારી પ્રત્યે અત્યન્ત કોપાયમાન થયેલો તે તેજોલેશ્યાવાળો શ્રમણ અથવા માહણ તે અશાતનાકારી તેજોલેશ્યાવાળી વ્યક્તિની ઉપર પોતાની તેજોલેશ્યા છોડી દે છે. તે કારણે તે અશાતનાકારી વ્યક્તિના શરીર ઉપર, દાઝી ગયો હોય એવાં ફોલ્લા થઇ જાય છે. જ્યારે તે ફોલ્લા ફૂટે છે ત્યારે તે અશાતનાકારી વ્યક્તિ મરી જાય છે. આ રીતે તેજોલેશ્યાને કારણ શરીર ઉપર ઉત્પન્ન થયેલા ફોલ્લાં ફૂટવાથી તે અશાતનાકારી, તેજોલેશ્યાવાળો ઉપદ્રવકારી જીવ ભસ્મસાત્ થઇ જાય છે. એજ પ્રમાણે પાંચમું અને છઠ્ઠું સ્થાન પણ સમજવું. પાંચમા સ્થાનમાં શ્રમણ અથવા માહણ પ્રત્યે લાગણી ધરાવતા દેવ

દ્વારા તેજોલેશ્યા છોડવામાં આવે છે એમ સમજવું. તે દેવે તે અશાતનાકારી તેજોલેશ્યાવાળા ઉપસર્ગકારી પુરુષના શરીર પર ફોલ્લા ઉત્પન્ન થાય છે અને તે ફોલ્લા ફૂટે ત્યારે તે અશાતનાકારી ઉપસર્ગકારી જીવનો નાશ થઈ જાય છે.

છટ્ઠું કારણ આ પ્રમાણે સમજવું.શું અહીં શ્રમણ અથવા માહણ અને તેના તરફ લાગણી ધરાવતો દેવ, આ બન્ને દ્વારા તેજોલેશ્યા છોડવામાં આવે છે, એમ સમજવું. બાકીનું કથન–ફોલ્લા ફૂટવાથી અશાતનાકારીના મૃત્યુ થવા સુધીનું કથન–આગલા કથન પ્રમાણે જ સમજવું. સાતમું કારણ આ પ્રમાણે સમજવું કોઈ પણ તેજોલેશ્યાવાળો પુરુષ જ્યારે કોઇ શ્રમણ અથવા માહણની ખૂબજ અશાતના કરે છે, ત્યારે કોપાયમાન થયેલો તે શ્રમણ અથવા માહણ તેની ઉપર તેજોલેશ્યા છોડે છે. ત્યારે તે અશાતનાકારી પુરુષના શરીર ઉપર ફોલ્લા થઈ જાય છે તે ફોલ્લા જ્યારે ફૂટે છે ત્યારે તેમની જગ્યાએ બીજાં નાનાં નાનાં ફોલ્લા થઇ જાય છે. તે નાનાં નાનાં ફોલ્લા જ્યારે ફૂટે છે, ત્યારે તે અશાતનાકારી તેજોલેશ્યાવાળો પુરુષ મરી જાય છે. એજ પ્રમાણે આઠમું અને નવમું કારણ પણ સમજવું. આઠમાં સ્થાનમાં પોતે જેના પ્રત્યે લાગણી ધરાવે છે એવા શ્રમણ અથવા માહણની અશાતના થવાથી કુપિત થયેલો દેવ તેજો-લેશ્યા છોડે છે, એમ સમજવું. નવમાં કારણમાં જેની અશાતના કરવામાં આવી છે એવા શ્રમણ અથવા માહણની અને તેના પ્રત્યે લાગણી ધરાવનારા દેવ, આ બન્ને કુપિત થઈને ઉપદ્રવકારી ઉપર તેજોલેશ્યા છોડે છે, એમ સમજવું. બાકીનું કથન સાતમાં કારણમાં બતાવ્યા પ્રમાણે જ સમજવું. એજ વાત સૂત્ર-કારે "एए तिन्नि वि आलावगा भाणियव्वा" આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે. આ રીતે આઠમાં અને નવમાં સ્થાનમાં બાકીનું બધું કથન સાતમાં સ્થાન પ્રમાણે જ સમજવું. હવે દસમું કારણ બતાવવામાં આવે છે—

કોઈ તેજોલેશ્યાવાળો ઉપસર્ગકારી મનુષ્ય, વીતરાગ, શ્રમણ અથવા માહણની અશાતના કરે છે, અને તેને બાળીને ભસ્મ કરી નાખવા માટે તેના ઉપર તેજોલેશ્યા છોડે છે. તેના દ્વારા છોડવામાં આવેલી તે તેજોલેશ્યા તે વીત-

રાગ શ્રમણુ અથવા માહણુના ઉપર પોતાનો પ્રભાવ બિલકુલ પાડી શકતી નથી, તે તેજોલેશ્યા માત્ર તેમની સમીપમાં જ આવે છે, સમીપમાં આવી ગયેલી તે વીતરાગ શ્રમણુ અથવા માહણુની પ્રદક્ષિણા કરીને પાછી ફરી જાય છે.

તે વીતરાગ શ્રમણુ અથવા માહણુના પ્રબલતર તેજથી પ્રતિહત થઈને આ રીતે પાછી ફરેલી તે તેજોલેશ્યા તે પ્રક્ષેપ્તાની (તેજોલેશ્યા છોડનાર ઉપદ્રવકારી માણુસની) તરફ પાછી ફરેલી તેજોલેશ્યા તે પ્રક્ષેપ્તાના શરીરને જ બાળી દે છે. આ રીતે તેજોલેશ્યા છોડનાર ઉપદ્રવકારી જીવ જ બળીને ભસ્મ થઇ જાય છે. વીતરાગનો એવો કોઈ પ્રભાવ હોય છે કે તેમના તરફ છોડવામાં આવેલી તેજોલેશ્યા પ્રબલતર તેજથી પ્રતિહત થઇને તે તેજોલેશ્યા છોડનાર પુરુષના શરીરનો જ નાશ કરી નાખે છે. આ વિષયનું પ્રતિપાદન કરવા માટે ગોશાલકનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. આ ગોશાલક શ્રમણુ ભગવાન મહાવીરનો અવિનીત શિષ્ય હતો તેને મંખલિપુત્ર પણુ કહેવામાં આવે છે, કારણુ કે ચિત્રફલક વેચનારનો અથવા ચિત્રફલકની મદદથી લોકોને ચિત્રો બતાવીને પોતાની આજીવિકા ચલાવનારનો પુત્ર હતો. તે ગોશાલકે ભગવાન મહાવીર ઉપર તેજોલેશ્યા છોડી હતી, પરન્તુ તે તેજોલેશ્યા ભગવાન મહાવીરને ઇજા કરી શકી ન હતી; ઊલટા તેમના તેજથી પ્રતિહત થઈને તે તેજોલેશ્યા પાછી ફરી હતી. અને પાછી ફરેલી તે તેજોલેશ્યાએ ગોશાલકનાં જ પ્રાણુ હરી લીધાં હતાં, ગોશાલકની વિસ્તૃત કથા ભગવતી સૂત્રના ૧૫ માં શતકમાં આપવામાં આવી છે, તો જિજ્ઞાસુ પાઠકોએ ત્યાંથી તે વાંચી લેવી. આ પ્રકારનું દશમું કારણુ સમજવું. ॥ સૂ ૮૨ ॥

સકલ સુર, અસુર અને મનુષ્ય જેમના ચરણુયુગલની સેવા કરવાને તત્પર રહે છે, જેઓ ત્રિભુવનના ગુરુ છે, જેના અમિત પ્રભાવથી આસપાસના ૧૦૦-૧૦૦ યોજનપ્રમાણુ એટલે કે (ચારે દિશાઓમાં પચીસ પચીસ યોજન) ક્ષેત્રમાં મહામારી આદિ ઉપસર્ગો થતાં નથી, તથા જેઓ અમિત અનેક પ્રકારની લબ્ધિઓથી સંપન્ન હોય છે, અને જેમના પ્રભાવથી પ્રભાવિત થઇને હજારો શિષ્યોનો સમુદાય જેમની આસપાસ ઘેરાયેલો રહે છે, એવા સમર્થ અને દેવો, દેવેન્દ્રો અને રાજેન્દ્રોના સ્વામીતુલ્ય શ્રમણુ ભગવાન મહાવીર ઉપર તેમના શિષ્ય ગોશાલકે જે ઉપસર્ગ કર્યો તે એક પ્રકારનું આશ્ચર્ય લાગે છે. તથા હવે સૂત્રકાર દસ પ્રકારના આશ્ચર્યો પ્રકટ કરે છે—"दस अच्छेरगा पण्णत्ता" ઇત્યાદિ—(સૂ. ૮૩)

ટીકાર્થ—અચ્છેરાં (આશ્ચર્યો) દસ કહ્યાં છે. જેમ કે—(૧) ઉપસર્ગ, (૨) ગર્ભહરણ, (૩) સ્ત્રી તીર્થ, (૪) અભાવિતા પરિષદ, (૫) કૃષ્ણની અપરકંકા, (૬) ચન્દ્ર સૂર્યનું અવતરણ, (૭) હરિવંશ કુલોત્પત્તિ, (૮) ચમરોત્પાત, (૯) અષ્ટશત સિદ્ધ અને (૧૦) અસંયત પૂજા.

'આશ્ચર્ય' આ પદ અદ્‌ભુતના અર્થમાં વપરાયું છે. 'આશ્ચર્ય' પદમાં જે "આ" ઉપસર્ગ છે તે વિસ્મયાર્થનો વાચક છે જે વસ્તુ લોકોમાં વિસ્મયનો ભાવ ઉત્પન્ન કરે છે. તેને આશ્ચર્ય રૂપ માનવામાં આવે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે જે વાત પહેલાં કદી ન બની હોય એવી અપૂર્વ વાતને આશ્ચર્ય રૂપ માનવામાં આવે છે. તેના ઉપર મુજબ દસ પ્રકાર કહ્યા છે. હવે આ દસે પ્રકારના આશ્ચર્યોનું વધુ સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

(૧) ઉપસર્ગ—જે ત્રાસ દ્વારા મનુષ્યને પોતાના ધર્મમાંથી ચલાયમાન કરવામાં આવે છે, તે ત્રાસને ઉપસર્ગ કહે છે. દેવો, મનુષ્યો અને અસુરોદ્વારા આ પ્રકારના ઉપસર્ગો કરવામાં આવે છે. ધર્મની આરાધના કરનાર જીવને ધર્મના માર્ગેથી ચલાયમાન કરવા માટે જે વિઘ્નો ઉપસ્થિત કરવામાં આવે છે, તેમને ઉપસર્ગ કહે છે. કેવલીઓને આવા ઉપસર્ગો સહન કરવા પડતા નથી. છતાં પણ શ્રમણ ભગવાન મહાવીરને તેમની કેવલી અવસ્થામાં આ પ્રકારના ઉપસર્ગો સહન કરવા પડયાં હતાં, તે વાત આશ્ચર્ય જનક લાગે છે. આવું પૂર્વે કદી બન્યું ન હોવાને કારણે આ ઘટનાને આશ્ચર્ય જનક ગણવામાં આવી છે.

(૨) ગર્ભાપહાર—એક સ્ત્રીના ઉદરમાં રહેલા જીવને બીજી સ્ત્રીના ઉદરમાં મૂકી દેવો તેનું નામ ગર્ભાપહાર છે. કોઈ પણ તીર્થંકરની બાબતમાં ગર્ભાપહરણની ઘટના બની નથી, માત્ર ભગવાન મહાવીરની બાબતમાં જ આ ઘટના બની હતી, તે કારણે તે અપૂર્વ બનાવને પણ આશ્ચર્ય રૂપ ગણવામાં આવે છે.

(૩) સ્ત્રીતીર્થ-તીર્થંકર રૂપે ઉત્પન્ન થયેલી સ્ત્રીનું જે તીર્થ છે-જે સંઘ છે, તેનું નામ સ્ત્રીતીર્થ છે. સામાન્ય રીતે તો પુરુષસિંહ, પુરુષવર ગન્ધહસ્તી અને અપ્રતિહત પ્રભાવવાળા પુરુષો જ તીર્થની પ્રવૃત્તિ કરે છે. પરન્તુ આ અવસર્પિણી કાળમાં મિથિલાપતિ કુંભકની મલ્લી નામની પુત્રીએ ૧૯માં તીર્થંકર થઈને તીર્થની પ્રવૃત્તિ કરી હતી. સ્ત્રી તીર્થંકર બને, એ બનાવ અભૂતપૂર્વ હોવાથી, આ બનાવને આશ્ચર્ય રૂપ ગણવામાં આવે છે.

(૪) અભાવિતા પરિષદ-તીર્થંકરની દેશના કદી ખાલી જતી નથી. છતાં તીર્થંકરની દેશના સાભળવા છતાં જો કોઈ પણ વ્યક્તિ વિરતિ ગ્રહણ ન કરે તો તેમની તે પરિષદને અભાવિતા પરિષદ કહે છે. ભગવાન મહાવીરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ તેમના પ્રથમ સમવસરણમાં તેમની દેશના સાંભળવા માટે એકત્ર થયેલા જીવોમાંથી કોઈ પણ જીવે વિરતિનો સ્વીકાર કર્યો ન હતો. આવી ઘટના અભૂતપૂર્વ હોવાને કારણે અહીં આશ્ચર્ય રૂપે બતાવવામાં આવી છે.

(૫) કૃષ્ણની અપરકંકા-એક વાસુદેવ બીજા વાસુદેવનાક્ષેત્રમાં કદી જતો નથી. પરન્તુ નવમાં કૃષ્ણ નામના વાસુદેવ કપિલ વાસુદેવના ક્ષેત્રમાં આવેલી અપરકંકા નામની રાજધાનીમાં ગયા હતા. આ બનાવ પણ અભૂતપૂર્વ હોવાને કારણે તેને અહીં આશ્ચર્ય રૂપ બતાવવામાં આવ્યો છે.

(૬) ચન્દ્રસૂર્યનું અવતરણ- ચન્દ્રમા અને સૂર્યનું પોતપોતાના વિમાન સહિત ભગવાનને વંદણા કરવા માટે ભગવાનના સમવસરણમાં જે આગમન થયું હતું, તેને છટ્ઠા આશ્ચર્ય રૂપે પ્રકટ કરવામાં આવેલ છે.

(૭) હરિવંશકુલોત્પત્તિ-હરિ નામના યુગલિક પુરુષ વિશેષના પુત્ર પૌત્રાદિ રૂપ કુળની જે ઉત્પત્તિ થઈ તેને સાતમું આશ્ચર્ય ગણવામાં આવે છે. યુગલિક પુરુષની નજર સમક્ષ તેની વંશપરમ્પરા ચાલુ રહેતી નથી, કારણ કે સંતાનની ઉત્પત્તિ થતાં જ માતા-પિતાનું મૃત્યુ થઈ જાય છે, એવી સિદ્ધાંતની માન્યતા છે. હરિવંશકુલોત્પત્તિના વિષયમાં આ પ્રકારની કથા સંભળાય છે-ભરત ક્ષેત્રની અપેક્ષાએ ત્રીજા હરિવર્ષ ક્ષેત્રમાં યુગલિકો જ વસે છે. તેથી તેને યુગલિકક્ષેત્ર કહે છે. આ હરિવર્ષ ક્ષેત્રમાં વસતા હરિ નામના કોઈ યુગલિક પુરુષને તેના

પૂર્વ ભવનો દુશ્મન એવો કોઈ વ્યન્તર દેવ ઉપાડી ગયો હતો. તેણે તેને ભરતક્ષેત્રમાં મૂકી દીધો હતો. પૂર્વભવના પુણ્યપ્રભાવથી ત્યાં તેને રાજ્યની પ્રાપ્તિ થઇ. ત્યાં તેણે કોઈ સ્ત્રી સાથે લગ્ન કર્યાં, અને તેને પુત્ર પૌત્રાદિ રૂપ પરિવારની પ્રાપ્તિ થઇ તેણે આ પરિવાર રૂપ કુળથી યુક્ત થઇને લાંબા સમય સુધી રાજ્ય કર્યું. આ રીતે એક યુગલિક પુરુષની કુળપરમ્પરા ચાલુ થવાનો જે બનાવ બન્યો, તે અભૂતપૂર્વ હોવાને કારણે તેને અહીં આશ્ચર્ય રૂપે પ્રકટ કરવામાં આવેલ છે. તે હરિના વંશને અહીં હરિવંશને નામે પ્રકટ કરવામાં આવ્યો છે.

(૮) ચમરોત્પાત–અસુરકુમાર રાજ ચમરે સૌધર્મકલ્પમાં જઈને જે ઉત્પાત મચાવ્યો તેને અહીં આઠમાં આશ્ચર્ય રૂપ ગણાવ્યો છે. આ વિષયનું આ કથા દ્વારા સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે–દક્ષિણ દિશામાં અસુરકુમાર રાય ચમરની ચમરચંચા નામની રાજધાની છે. તેમાં કોઇ જીવ અસુરકુમારેન્દ્ર ચમર રૂપે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતાંની સાથે જ તેણે અવધિજ્ઞાનથી ઉર્ધ્વ દિશામાં જોયું તો પોતાના જ મસ્તક પર સૌધર્મકલ્પસ્થિત શક્રના બે ચરણ જોયા. તે જોઈને તેનું હૃદય માત્સર્યરૂપ અગ્નિથી પ્રજ્વલિત થયું. તેણે શક્રનો તિરસ્કાર કરવાનો નિશ્ચય કર્યો ત્યારબાદ તિર્યગ્લોકમાં આવેલી સુંસમાર નામની નગરીના ઉદ્યાનમાં જઇને તેણે છદ્મસ્થ મુનિનું રૂપ ધારણ કરીને એક રાત્રિની પ્રતિમા ધારણ કરી. આ પ્રકારે પ્રતિમા ધારણ કરીને વિચરતા એવા તેણે ભક્તિથી વિહ્વલ ચિત્તવાળી દશામાં ભગવાન મહાવીરને નમસ્કાર કરીને આ પ્રમાણે પ્રાર્થના કરી–"હે ભગવાન! પ્રબળ વેરીથી પરાજિત થયેલા એવાં મને, સમસ્ત આપત્તિઓનું પ્રશમન કરવાને સમર્થ એવાં આપના ચરણયુગલનું શરણ હો." આ પ્રમાણે કહીને તેણે પોતાની વૈક્રિયશક્તિથી એક લાખ યોજનપ્રમાણના મહા ભયંકર શરીરની રચના કરી. ત્યાર બાદ પરિઘરત્ન રૂપ પ્રહરણને ચારે તરફ ઘુમાવતો ઘુમાવતો અને પોતાની ગર્જનાઓ અને પડકારોથી દેવોને ભયભીત કરતો કરતો તે સૌધર્માવતંસક વિમાનની વેદિકામાં જઈ પહોંચ્યો. ત્યાં જઇને તેણે દુર્વચનો દ્વારા શક્રનો તિરસ્કાર કર્યો. તેથી કોપાયમાન થયેલા શક્રે મરીચિમાલા (તેજસ્વી કિરણો) થી યુક્ત કુલિશ (વજ્ર)નો તેના ઉપર પ્રહાર કર્યો. તે કુલિશના પ્રહારથી ભયભીત

થયેલો ચમર ત્યાંથી ભાગ્યો અને સુધર્મા દેવલોકનો ઈન્દ્ર (શક્ર) તેની પાછળ પાછળ પડયો ચમરેન્દ્ર ભાગીને ભગવાન મહાવીરને શરણે આવ્યો. શક્રે પોતાના અવધિજ્ઞાનથી એ વાત જાણી લીધી કે ચમરે ભગવાન મહાવીરનું શરણ સ્વીકાર્યું છે. તેથી ભગવાનની આશાતના થવાના ભયથી તે ત્યાં આવ્યો અને તેણે પોતાનું વજ્ર પાછું ખેંચી લીધું. તેણે ચમરને આ પ્રમાણે કહ્યું-"તું ભગવાનને શરણે આવી ગયો છે, તેથી હું તને જતો કરૂં છું. હવે તારે મારો ભય રાખવાની જરૂર રહેતી નથી," આ બનાવને આશ્ચર્ય રૂપ કહેવાનું કારણ એ છે કે આ પહેલાં કદી પણ કોઈ ચમર ઉર્ધ્વલોકમાં ગયો હોય એવું બન્યું નથી. આ ચમરેન્દ્રનો ઉત્પાત આશ્ચર્યજનક અને અભૂતપૂર્વ હોવાથી તેને અહીં આઠમાં આશ્ચર્યરૂપ ગણાવ્યો છે.

(૯) અષ્ટશતસિદ્ધ- એક જ સમયમાં ૧૦૮ સિદ્ધો થયાનો જે બનાવ ભગવાન ઋષભદેવના તીર્થમાં બન્યો હતો, તે બનાવ પણ અભૂતપૂર્વ હોવાને કારણે આશ્ચર્યરૂપ ગણાય છે. ભગવાન ઋષભદેવના ઉત્કૃષ્ટ અવગાહના ધારી ૧૦૮ મુનિઓ એક જ સમયે સિદ્ધ થયા હતા.

(૧૦) અસંયત પૂજા- પુરાણા કાળમાં આરંભ અને પરિગ્રહથી યુક્ત જીવોને પૂજાને યોગ્ય ગણવામાં આવતા નહીં. સંયમી જનોને જ પૂજાને પાત્ર ગણવામાં આવતા હતાં. પરન્તુ આ અવસર્પિણી કાળમાં તો એના કરતાં ઊલટી જ વાત જોવામાં આવે છે. તેથી તેને પણ આશ્ચર્ય રૂપ ગણવામાં આવે છે.

ઉપર ગણાવેલા દસ બનાવો અનંત કાળમાં કદી પણ બન્યા નથી, આ અવસર્પિણી કાળમાં જ આ પ્રકારના આશ્ચર્ય જનક બનાવો બન્યા છે. એજ વાત સૂત્રકારે "दस वि अणंतेणं कालेणं" આ સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કરી છે.।।સૂત્ર ૮૩"

## રત્નપ્રભા પૃથ્વીકે સંબંધકા કથન

આગલા સૂત્રમાં આઠમાં આશ્ચર્ય રૂપે ચમરોત્પાતનું કથન કરવામાં આવ્યું છે. આ ઉત્પાત રત્નપ્રભા પૃથ્વીમાંથી થયો હતો. પૂર્વસૂત્ર સાથે આ પ્રકારના પ્રબંધને લીધે હવે સૂત્રકાર રત્નપ્રભા પૃથ્વી વિષે થોડું કથન કરે છે. "इमीसे रयणप्पभाए" ઈત્યાદિ

આ રત્નપ્રભા પૃથ્વીનો આયમ (લંબાઈ) અને વિષ્કંભ (પહોળાઈ) એક રાજુપ્રમાણ છે, તથા તેની ઊંડાઈ ૧ લાખ ૮૦ હજાર યોજનની છે. તેના ત્રણ કાંડ છે. સૌથી ઉપરનો કાંડ ખરકાંડ છે. તેની ઊંડાઈ ૧૬ હજાર યોજન પ્રમાણ છે. તેની નીચે બીજો પંકબહુલ કાંડ છે તે ૮૪ હજાર યોજન પ્રમાણ ઊંડો છે. તેની નીચે ત્રીજો જલબહુલ કાંડ છે, તે ૮૦ હજાર યોજન પ્રમાણ છે.

સૌથી ઉપરનો ખરકાંડ રત્નાત્મક ૧૬ કાંડોવાળો છે. તે પ્રત્યેક કાંડની ઊંડાઈ ૧૦૦૦–૧૦૦૦ યોજન પ્રમાણુ કહી છે. એજ વાતને સૂત્રકારે અહીં "इमीसेणं" ઈત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે. સઘળી નારક પૃથ્વીઓની અપેક્ષાએ સમીપવર્તી એવી આ રત્નપ્રભા પૃથ્વીના ખરકાંડ સંબંધી જે ૧૫ કાંડો છે, તેમાંનો સૌથી પહેલો કાંડ રત્નકાંડ છે. તે દસસો (૧૦૦૦) યોજન પ્રમાણુ ઊંડો છે એ જ પ્રમાણે વજ્રકાંડથી લઈને રિષ્ટકાંડ પર્યન્તના બાકીના કાંડો પણ ૧૦૦૦–૧૦૦૦ યોજનપ્રમાણુ ઊંડાં છે. એજ વાત સૂત્રકારે "जहा रयणे तहा सोलस वि भाणियव्वा" આ સૂત્રપાઠ દ્વારા વ્યકત કરી છે. ।।સૂત્ર ૮૪।।

## રત્નપ્રભાકે આધેયભૂત દ્વીપાદિકા નિરૂપણ

આગલા સૂત્રમાં રત્નપ્રભા પૃથ્વીની વાત કરી. હવે સૂત્રકાર તેના આધેયભૂત દ્વીપાદિકોનું કથન કરે છે.

"सव्वेवि णं दीवसमुद्दा दस जोयणसयाइं" ઈત્યાદિ—

ટીકાર્થ—સમસ્ત દ્વીપો અને સમુદ્રોની ગંભીરતા (ઊંડાણુ) તીર્થંકરાદિકોએ ૧૦-૧૦ સો યોજનની એટલે કે ૧૦૦૦–૧૦૦૦ યોજનની કહી છે. દ્વીપોનું ગાંભીર્ય તો જંબુદ્વીપસ્થ પશ્ચિમ વિદેહ ક્ષેત્રમાં જગતીની સમીપમાં હોય છે—અન્યત્ર નહીં. છતાં પણુ અધોદિશામાં એક હજાર યોજનપર્યન્તના પ્રદેશ માટે તે તે દ્વીપના નામનો વ્યપદેશ (વહેપાર) ચાલે છે તે કારણે સમસ્ત દ્વીપોનું ગાંભીર્ય ૧૦૦૦–૧૦૦૦ યોજનનું કહ્યું છે. એજ અર્થ અન્યત્ર પણુ કહેવામાં આવ્યો છે—"उव्वेहोउंडत्तंत्ति भणियं होइ दीवाणं उडत्तणाभावेऽवि अहोदिसि सहस्सजाव दीवव्ववदेसो जंबुद्दीवे उ पच्छिमविदेहे जगई पच्चासत्तीए उडंत्तणमवि अत्थित्ति"

ગહરાઇ (ઊંડાણ)ને ઉદ્વેધ કહે છે. આ ઊંડાણુનો દ્વીપોમાં સદ્ભાવ હોતો નથી. પરન્તુ અધોદિશામાં એક હજાર યોજન સુધીના ભાગ માટે તે દ્વીપના નામનો વ્યવહાર થાય છે. જંબૂદ્વીપમાં તો પશ્ચિમ વિદેહમાં જગતીની પાંસે ગહરાઈ પણુ હોય છે. ।।૧।। તથા સઘળાં મહાહ્રદની—હિમવત્ આદિ પર્વતો પર આવેલાં પદ્માદિક હ્રદની—ગહરાઇ (ઊંડાઇ) દસ યોજનની કહી છે. એમ સમજવું. ।૨। તથા જેટલા સલિલ કુંડો (ગંગાદિ નદીઓના કુંડો) છે—પ્રપાતકુંડ અને પ્રભવકુંડો છે—તેઓ પણુ ૧૦ યોજનપ્રમાણુ ઊંડા છે ।૩। તથા શીતા અને શીતોદા નામની જે મહાનદીઓ છે, તેઓ સમુદ્રપવેશ સ્થાને ૧૦–૧૦ યોજનપ્રમાણુ ઊંડી છે. ।૪। ।। સૂત્ર ૮૫।।

## જ્ઞાનકે વૃદ્ધિ કરનેવાલે નક્ષત્રોંકા નિરૂપણ

દ્વીપો અને સમુદ્રોનો અધિકાર ચાલી રહ્યો છે, તેથી હવે સૂત્રકાર તેમાં દેખાતાં નક્ષત્રોનાં નામ કહે છે. "कत्तियाणक्खत्ते सव्व बाहिराओ" ઇત્યાદિ—

ટીકાર્થ—સૂર્યનાં મંડળ ૧૮૪છે. ચન્દ્રનાં મંડળ ૧૫ છે. નક્ષત્રોનાં મંડળ આઠ છે. તેમાંનું જે કૃત્તિકા નક્ષત્ર છે તે સર્વ બાહ્યમંડલોમાંના—ચન્દ્રના સંચરણના માર્ગમાંના ૧૫ મંડલોમાંના દસમાં ચંદ્રમંડલમાં અને સર્વ આભ્યન્તર મંડલોમાંના છટ્ઠા ચન્દ્રમંડલમાં ભ્રમણ કરે છે. ।૧। તથા અનુરાધા નામનું જે નક્ષત્ર છે તે સર્વ આભ્યન્તર ચન્દ્રમંડલોમાંના દશમાં ચન્દ્રમંડલમાં અને સર્વ બાહ્ય ચન્દ્રમંડલોમાંના છટ્ઠા ચન્દ્રમંડલમાં ભ્રમણ કરે છે. ।। સૂ. ૮૬ ।।

પૂર્વસૂત્રમાં નક્ષત્રોનો અધિકાર ચાલી રહ્યો હતો. હવે સૂત્રકાર જ્ઞાનની વૃદ્ધિ કરનારાં દસ નક્ષત્રોનું કથન કરે છે. "दस णक्खत्ता णाणस्स" ઇત્યાદિ.

ટીકાર્થ—મૃગશીર્ષ આદિ ૧૦ નક્ષત્રો શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરનારા હોય છે. તે ૧૦ નક્ષત્રોનાં નામ નીચે પ્રમાણે છે—(૧) મૃગશીર્ષ, (૨) આર્દ્રા, (૩) પુષ્ય, (૪–૫–૬) પૂર્વા , (૭) મૂલ, (૮) અશ્લેષા, (૯) હસ્ત અને (૧૦) ચિત્રા, આ કથનનું તાત્પર્ય એ છે કે જ્યારે ચન્દ્ર આ ૧૦ નક્ષત્રોમાંથી કોઈ પણ નક્ષત્રથી યુક્ત હોય, ત્યારે શ્રુતજ્ઞાનનો અભ્યાસ, વાચના આદિ કરવામાં આવે તો જ્ઞાનની વૃદ્ધિ અવશ્ય થાય છે; કારણ કે કાળવિશેષ પણ ક્ષયોપશમમાં કારણભૂત બને છે. કહ્યું પણ છે કે—"उदयक्खयखओवसमो" ઇત્યાદિ—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવને પ્રાપ્ત કરીને કર્મનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ થતાં હોય છે. ।। સૂ. ૮૭ ।।

## કુલકોટી સૂત્રકા નિરૂપણ

પૂર્વસૂત્રમાં શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરનારાં દસ નક્ષત્રોનાં નામ પ્રકટ કરવામાં આવ્યાં. હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરવા માગે છે કે શ્રુતજ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમથી જ શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થાય છે. તેથી તેઓ કર્મના કારણભૂત કુલકોટિઓનું કથન કરે છે. " चउप्पयथलयरपंचिंदिय " (ઇત્યાદિ સૂ. ૮૮)

ટીકાર્થ—જેને ચાર પગ હોય છે, તેને ચતુષ્પદ કહે છે. જે પ્રાણીઓ જમીન પર જ હલનચલન કરે છે તેમને સ્થલચર કહે છે. જે જીવોને પાંચ ઇન્દ્રિયો હોય છે, તેમને પંચેન્દ્રિય કહે છે. તે ચતુષ્પદ પંચેન્દ્રિય તિર્યંચોની જે ઉત્પત્તિસ્થાનરૂપ યોનિઓ છે, તે ચાર લાખ કહી છે. આ યોનિઓમાંથી ઉત્પન્ન થયેલી ચતુષ્પદ સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચોની કુલ-કોટિની સંખ્યા ૧૦ લાખ છે, કારણ કે એક યોનિમાં અનેક કુલ હોય છે.

જેમ કે ગોબર (છાણુ) રૂપ એક યોનિમાં વિચિત્ર આકારના કૃમી આદિ ઉત્પન્ન થાય છે. તેથી તેમની કુલકોટિ સંખ્યા ૧૦ લાખ કહી છે. સૂત્રમાં "जाइजोणीपमुहकुलकोडिसयसहस्सा" પાઠ આપવામાં આવવો જોઇતો હતો, પણ એવો પાઠ આપવાને બદલે "जाइ कुलकोडिजोणीपमुहसयसहस्सा" આ પ્રકારનો પાઠ આપવામાં આવ્યો છે. કારણુ કે તેમાં "जोणीपमुह" શબ્દનો–પ્રાકૃત હોવાથી–પરનિપાત થયો છે. એ જ પ્રમાણે જે "उरःपरिसर्प-स्थलचरपंचेन्द्रियतिर्यग्योनिकम्‌"આ સૂત્રપાઠ આવ્યો છે તેનું કથન પણ સમજવું. છાતીની મદદથી સરકતા જીવોને ઉરઃપરિસર્પ કહે છે. ॥ સૂત્ર ૮૮ ॥

## ચયાદિકા નિરૂપણ

કર્મપુદ્ગલોના ચયાદિનો સદ્ભાવ હોય, તો જ પંચેન્દ્રિય તિર્યગ્યોનિક આદિ જીવોની ઉત્પત્તિ સંભવી શકે છે, તેથી હવે સૂત્રકાર ચય, ઉપચય આદિનું નિરૂપણુ કરે છે. "जीवाणं दसट्ठाणनिव्वत्तिए पोग्गले" ઇત્યાદિ—(સૂ ૮૯)

ટીકાર્થ–સિદ્ધ સિવાયના જીવોએ કષાયાદિ પરિણામોને આધીન થઈને પ્રથમસમયૈકેન્દ્રિય આદિ રૂપ ૧૦ પર્યાયો દ્વારા નિષ્પાદિત કર્મવર્ગણારૂપ પુદ્ગલોને પાપકર્મરૂપે–ઘાતિયા કર્મ રૂપે અથવા સર્વ કર્મ રૂપે ભૂતકાળમાં ગ્રહણ કર્યાં છે, વર્તમાનમાં ગ્રહણુ કરે છે અને ભવિષ્યમાં પણ ગ્રહણ કરશે. આ પ્રકારના આ કથન દ્વારા સૂત્રકારે પાપકર્મરૂપે એકત્ર થયેલાં પુદ્ગલોની સાથે જીવોને ત્રૈકાલિક અન્વય રૂપ સંબંધ પ્રગટ કર્યો છે. તે દસ સ્થાન નીચે પ્રમાણે છે પ્રથમ સમયૈકેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલથી લઈને અપ્રથમ સમય પંચેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલ પર્યન્તના દસ સ્થાનો અહીં ગ્રહણુ કરવા જોઈએ. હવે સૂત્રકાર આ દસે સ્થાનોનો અર્થ સ્પષ્ટ કરે છે.

એકેન્દ્રિય પર્યાયના પ્રથમ સમયમાં વર્તમાન જે જીવ છે તેનું નામ પ્રથમ સમયૈકેન્દ્રિય છે. આ એકેન્દ્રિય જીવો દ્વારા નિષ્પાદિત જે પુદ્ગલો છે તેમને પ્રથમ સમયૈકેન્દ્રિય નિષ્પાદિત પુદ્ગલો કહે છે. અહીં "પર્યન્ત" પદ દ્વારા નીચેનાં આઠ સ્થાનો ગ્રહણુ થયાં છે.

(૨) અપ્રથમ સમયૈકેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલો, (૩) પ્રથમ સમયદ્વીન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલો, (૪) અપ્રથમસમયદ્વીન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલો, (૫) પ્રથમ

સમય ત્રીન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલો, (૬) અપ્રથમ સમય ત્રીન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલો, (૭) પ્રથમ સમય ચતુરિન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલો, (૮) અપ્રથમ સમય ચતુરિન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલો, (૯) પ્રથમ સમય પંચેન્દ્રિય નિર્વર્ત્તિત પુદ્ગલો.

દસમું સ્થાન–અપ્રથમસમયપંચેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલો–આ સ્થાનનું નામ તો આગળ આપવામાં આવ્યું જ છે.

એકેન્દ્રિય પર્યાયના આદિ સમયોમાં વર્તમાન જે જીવો છે તેમનું નામ અપ્રથમ સમયૈકેન્દ્રિયો છે એવાં તે એકેન્દ્રિય જીવો દ્વારા નિષ્પાદિત જે પુદ્ગલો છે તેમને અપ્રથમ સમયૈકેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલો કહે છે. એજ પ્રમાણે પ્રથમ સમય દ્વીન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોથી લઇને અપ્રથમ સમય પંચેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલો પર્યન્તના આઠે પદોનો અર્થ પણ સમજવો. જેવી રીતે જીવો પ્રથમ સમય એકેન્દ્રિય નિર્વર્તિતથી લઇને અપ્રથમ સમય પંચેન્દ્રિય નિર્વર્તિત પર્યન્તના પુદ્ગલોનો ત્રણે કાળમાં ચય (સંગ્રહ) કરે છે, એ જ પ્રમાણે તેઓ ત્રણ કાળમાં તેમનો ઉપચય પણ કરે છે, બન્ધ પણ કરે છે, ઉદીરણા પણ કરે છે, વેદન પણ કરે છે અને નિર્જરા પણ કરે છે. એ જ વાતને સૂત્રકારે નીચેના સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કરી છે.

"एवं चिण उवचिणं" ઇત્યાદિ. આ સૂત્રપાઠ દ્વારા એવું સૂચન કરવામાં આવ્યું છે કે જે પ્રકારે ચયસૂત્રનું કથન કરવામાં આવ્યું છે, એ જ પ્રકારે ઉપચયાદિ સૂત્રોનું પણ કથન કરવું જોઈએ.

ચય, ઉપચય આદિ વચ્ચે આ પ્રકારનો તફાવત છે–કષાયાદિ પરિણામોથી યુક્ત જીવ દ્વારા કર્મપુદ્ગલોને ગ્રહણ કરવાની જે ક્રિયા થાય છે તેને ચય કહે છે. ગૃહીત કર્મપુદ્ગલોનો જ્ઞાનાવરણીય આદિ રૂપે જે નિષેક થાય છે, તેનું નામ ઉપચય છે. કર્મપુદ્ગલોનું જે નિબિડ (ગાઢ) રૂપે બન્ધન છે તેનું નામ બન્ધ છે. ઉદયમાં આવવાનો સમય પરિપક્વ થયા પહેલાં પ્રયત્ન વિશેષ દ્વારા કર્મફલોને ઉદયાવલિકામાં જે પ્રવેશ કરાવવામાં આવે છે તેનું નામ ઉદીરણા છે. ઉદયાવલિકામાં પ્રવિષ્ટ કર્મપુદ્ગલોના ફલરૂપ સુખદુઃખાદિનું જે અનુભવન કરવામાં આવે છે તેનું નામ વેદન છે. ઉદયાવલિકામાં પ્રવેશિત કર્મપુદ્ગલોના

ફલરૂપ સુખદુઃખાદિના વેદન દ્વારા કર્મપુદ્ગલોનું જીવપ્રદેશોથી અલગ થવા રૂપ જે કાર્ય થાય છે તેનું નામ નિર્જરા છે.

આ પ્રકારે પુદ્ગલોના ચયાદિનું કથન કરીને હવે સૂત્રકાર સ્કન્ધ આદિનું કથન કરે છે "दसपएसिया" ઇત્યાદિ–જે દસ નિરંશ અવયવ છે તેમને દસ પ્રદેશ કહે છે. એવાં દસ પ્રદેશોવાળા સ્કન્ધને દસ પ્રદેશિક સ્કન્ધ કહે છે. સ્કન્ધ પરમાણુ રૂપ પુદ્ગલોના સમુદાય રૂપ હોય છે. આ દસ પ્રદેશિક સ્કન્ધોને દ્રવ્યની અપેક્ષાએ અનંત કહ્યા છે. તથા દસ પ્રદેશાવગાઢ (દસ પ્રદેશોની અવગાહનાવાળા) સ્કન્ધને ક્ષેત્રાંત વિશેષ રૂપ પ્રદેશોમાં આશ્રિત પુદ્ગલ ક્ષેત્રની અપેક્ષાએ અનંત કહ્યા છે. તથા દસ સમય સુધીની સ્થિતિવાળાં પુદ્ગલોને કાળની અપેક્ષાએ અનંત કહ્યા છે.

એ જ પ્રમાણે પાંચ વર્ણો, બે ગન્ધો, પાંચ રસો અને પાંચ સ્પર્શોના ભેદોથી યુક્ત પુદ્ગલો પણ અનંત કહ્યાં છે. એજ વાતને સૂત્રકારે "दसगुण कालकाः पुद्गलाः अनन्ताः प्रज्ञप्ताः" થી લઈને "दसगुणरूक्षाः पुद्गला अनन्ताः प्रज्ञप्ताः" આ સૂત્રપાઠ પર્યન્તના સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કરી છે.

કોઈ એક પુદ્ગલમાં જેટલી કાળાશ હોય તેના કરતાં દસગણી કાળાશવાળા પુદ્ગલને અહીં "દસગુણ કાલક" દસગણું કાળું કહ્યું છે. એવાં દશ ગણી કાળાશવાળાં પુદ્ગલો પણ અનંત કહ્યાં છે આ ક્રમ અનુસાર દશ ગણી રૂક્ષતા વાળાં પુદ્ગલો સુધીના પુદ્ગલોનું કથન પણ અહીં કરવું જોઇએ.

"आदौ मध्यावसाने च मङ्गलं भाषितं बुधैः" આ કથન અનુસાર શાસ્ત્રના પ્રારંભે, અન્તે અને મધ્યભાગે મંગળ આચરણીય હોય છે. સૂત્રકારે મંગલાર્થક "અનન્ત" પદનો પ્રયોગ કરીને આ શિષ્ટાચારનું પાલન કર્યું છે, એમ સમજવું. ॥ સૂત્ર ૮૯ ॥ ॥ દસમું સ્થાન સમાપ્ત ॥

## શાસ્ત્ર પ્રશસ્તિ

વિક્રમ સંવત ૨૦૦૭ના ચૈત્ર સુદ દસમને બુધવારે, પુષ્ય નક્ષત્ર જ્યારે ચાલતું હતું ત્યારે સૌરાષ્ટ્રના મેન્દડાં નામના મધુમતિ નદીના કિનારે વસેલા ગામની પૌષધશાળામાં, સ્થાનાંગ સૂત્રની આ સુધા નામની ટીકા સમાપ્ત થઈ હતી. પૂર્વાહ્ન કાળે (દિવસના પૂર્વાર્ધમાં) આ ટીકા લખવાનું કામ પૂરું થયું હતું. આ ટીકા ભવ્ય જીવોને ઘણી સુંદર લાગી છે. આ મેન્દડા ગામમાં શ્રાવકોનાં ઘણાં ઘર છે.

મેન્દડા ગામનો જૈનસંઘ ભક્તિભાવથી યુક્ત અને કરુણાનો સાગર છે, શુદ્ધ સ્થાનકવાસી ધર્મનું પાલન કરવામાં લીન છે. સમ્યક્ત્વ ભાવથી પૂર્ણ અને તત્ત્વાતત્ત્વનો વિવેક કરવામાં નિપુણ, અને સમસ્ત જીવોનો ઉપકારક છે. એવો આ મહાન શ્રી જૈનસંઘ સદા વિજયશીલ બની રહે, એવી મારી શુભેચ્છા વ્યક્ત કરું છું.

આ ગામના પ્રત્યેક ઘરમાં એવાં શ્રાવક શ્રાવિકાઓ વસે છે કે જેઓ દેવ, ગુરુ અને ધર્મમાર્ગ પ્રત્યે ભક્તિભાવથી યુક્ત અને સદાચારનું પાલન કરવાની રુચિવાળાં છે.

।। શાસ્ત્ર પ્રશસ્તિ સમાપ્ત ।।